ગ્રંથ અને ગ્રંથકાર

[પુસ્તક ૯મું]

૧૯૩૭-૧૯૪૧

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી · અમદાવાદ

શ્રીમંત મહારાજાશ્રી સયાજીરાવ ગાયકવાડ ગ્રંથમાળાનો પરિચય

વડોદરાના શ્રીમંત મહારાજા સાહેબ શ્રી સયાજીરાવ ગાયકવાડ સેનાખાસ-ખેલ સમશેરબહાદુર સન ૧૮૯૨માં અમદાવાદમાં પધાર્યા તે પ્રસંગે તેમણે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને રૂા. ૫૦૦૦ બક્ષિસ કર્યા છે. માટે સોસાયટીએ તેમને પોતાના મુરબ્બી (પેટ્રન) ઠરાવ્યા છે; અને તે રકમ તેમના નામથી જુદી રાખી તેનું વ્યાજ તેમને નામે ગ્રંથો રચાવવામાં, ગ્રંથો છપાવી પ્રસિદ્ધ કરવામાં અને ઉત્તેજન દાખલ ગ્રંથો ખરીદ કરવામાં વાપરવાનો ઠરાવ કર્યો છે; તે પ્રમાણે આજ સુધીમાં નીચે પ્રમાણે પુસ્તકો 'શ્રીમંત મહારાજાશ્રી સયાજીરાવ ગાયકવાડ ગ્રંથમાળા' તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે:

	પુસ્તકનું નામ	કર્ત્તા	કીમત
૧	ગ્રીસ દેશનો ઇતિહાસ	રા. સા. મહીપતરામ રૂપરામ	૦-૧૪-૦
૨	વિધવાવપન અનાચાર	અનુ૦ ચુનીલાલ બાપુજી મોદી	૦–૪–૦
૩	હિંદનાં મહારાણી અને તેમનું કુટુંબ	જગજીવન ભવાનીશંકર કાપડિયા	૦–૨–૦
૪	ભાલણસુત ઉદ્ધવ-કૃત રામાયણ	રા. સા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા અને નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રી	૧-૧૨-૦
૫	કર્તવ્ય	અનુ૦ કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી	૧–૮–૦
૬	બર્નિયરનો પ્રવાસ	મણિલાલ છબારામ ભટ્ટ	૧–૦–૦
૭	ઔષધિકોષ ભા. ૧લો.	ચમનરાય શિવશંકર વૈષ્ણવ	૧–૮–૦
૮	અકસ્માત વખતે મદદ અને ઇલાજ	ડૉ. નીલકંઠરાય ડાહ્યાભાઇ છત્રપતિ	૦–૪–૦
૯	હેન્રી ફૉસેટનું જીવનચરિત્ર	જીવાભાઇ રેવાભાઇ પટેલ	૦-૧૨-૦
૧૦	હિંદની ઉદ્યોગસ્થિતિ	કેશવલાલ મોતીલાલ પરીખ	૦–૬–૦
૧૧	મરાઠી સત્તાનો ઉદય	કરીમઅલી રહીમભાઇ નાનજિયાણી	૦-૧૦ ૦
૧૨	દક્ષિણનો પૂર્વસમયનો ઇતિહાસ	નવનીધરાય નારણભાઇ મહેતા	૦-૧૦-૦
૧૩	હિન્દુસ્તાનનો અર્વાચીન ઇતિહાસ ભા. ૩જો (બ્રિટિશ રિયાસત–પૂર્વાર્ધ)	અનુ૦ ચંપકલાલ લાલભાઈ	૧–૮–૦

	પુસ્તકનું નામ	કર્ત્તા	કીમત
૧૪	હિન્દુસ્તાનનો અર્વાચીન ઇતિહાસ ભા. ૧લો (મુસલમાન રિયાસત–પૂર્વાર્ધ)	અનુ૦ સૂર્યરાય સોમેશ્વર દેવાશ્રયી	૧–૦–૦
૧૫	હિન્દુસ્તાનનો અર્વાચીન ઇતિહાસ ભા. ૧લો (મુસલમાન રિયાસત-ઉત્તરાર્ધ)	અનુ૦ સૂર્યરાય સોમેશ્વર દેવાશ્રયી	૧–૦–૦
૧૬	મરાઠી રિયાસત–પૂર્વાર્ધ	અનુ૦ જીવણલાલ અમરશી મહેતા	૧–૦–૦
૧૭	,, –ઉત્તરાર્ધ	અનુ૦ જીવણલાલ અમરશી મહેતા	૧–૦–૦
૧૮	રોમનો ઇતિહાસ	આત્મારામ મોતીરામ દીવાનજી	૦-૧૨-૦
૧૯	મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ	અનુ૦ જયંતીલાલ મ. આચાર્ય	૧–૦–૦
૨૦	ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ–વિભાગ પહેલો	દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી	૧–૦–૦
૨૧	,, ,, વિભાગ ૨જો	દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી	૧–૦–૦

પ્રસ્તુત પુસ્તક સદરહુ ગ્રંથમાળાનું ૨૨મું પ્રકાશન છે.

ગુ. વ. સોસાયટી
અમદાવાદ

જેઠાલાલ જી. ગાંધી
આસિ. સેક્રેટરી

ભૂમિકા

સને ૧૯૩૭ સુધીમાં 'ગ્રંથ અને ગ્રંથકાર'ના આઠ ભાગ પ્રસિદ્ધ થઇ ચૂક્યા હતા. એ પછી એના વિશેષ ભાગ પ્રસિદ્ધ કરવાનું હાથ ધરી શકાયું નહોતું. સને ૧૯૪૨માં નવમો ભાગ પ્રસિદ્ધ કરી તેમાં સને ૧૯૩૬થી ૧૯૪૧ સુધીનાં પાંચ વર્ષના ગ્રંથોની સમીક્ષા અને આઠ ભાગમાં રહી ગયેલા ગ્રંથકારોનાં ચરિત્ર આપવાની યોજના કરવામાં આવી અને તે કામ શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ અને શ્રી બચુભાઇ પો. રાવતને સોંપવામાં આવ્યું હતું. પૂર્વના ભાગોમાં ગ્રંથ અને ગ્રંથકારો ઉપરાંત કોઇ ઉપયોગી વિષય ઉપર નિબંધ અથવા તો મહત્ત્વના કોઇ નિબંધના પ્રકાશનની વ્યવસ્થા કરવામાં આવતી હતી. તે રીતે આ નવમા ભાગમાં ગ્રંથસ્વામિત્વના કાયદાનો સાર અને જોડણીના નિયમોનું વિવરણ આપવાનો નિર્ધાર કરી તે કાર્ય અનુક્રમે શ્રી પ્રભુદાસ બા. પટવારી અને પં૦ કેશવરામ કા. શાસ્ત્રીને સોંપવામાં આવ્યું હતું. અનુકૂળ સંજોગોને અભાવે શ્રી પટવારીનો નિબંધ તૈયાર થઇ શક્યો નથી; એટલે અહીં પં૦ કેશવરામ શાસ્ત્રીનો, ગુજરાત વિદ્યાપીઠના જોડણીના નિયમોનું વિવરણ આપતો 'ગુજરાતી શબ્દોની વ્યવહારુ જોડણી' એ નામનો શ્રમપૂર્વક લખાયેલો લેખ, નમૂનાના આશરે ૧૦,૦૦૦ શબ્દો સાથે આપવામાં આવ્યો છે. કોઇકોઇ શબ્દની પં૦ શાસ્ત્રીને ઠીક ન લાગતી જોડણી સુધારવામાં આવી છે; પણ આવા શબ્દો જૂજ છે. આ આખો નિબંધ એક દિશાસૂચન પૂરતો જ લેખકે તૈયાર કર્યો છે. એનાથી સંસ્થાની નીતિ બદલાઇ છે એમ કોઇ ન માને.

'ગ્રંથ અને ગ્રંથકાર'ની ઉપયોગિતા વિશે વિશેષ કહેવાનું નથી. એનું પ્રકાશન દર વર્ષે થવાને બદલે દર પાંચ વર્ષે થતું રહે એ સગવડભરેલું પણ છે. દર વર્ષે છાપવાથી 'ગ્રંથકાર' વિભાગ ટૂંકો થતો જાય. ગ્રંથોની સમીક્ષાનો તો પ્રશ્ન બહુ નથી, કેમકે અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા દર વર્ષે રીતસર સમીક્ષા કરાવી છપાવે છે. એનું પાંચ વર્ષે દોહન, અને વિદેહ તેમજ વિદ્યમાન ગ્રંથકારોનાં ચરિત્ર, એટલાથી ગ્રંથપૂર બરોબર થઇ રહે.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સ્વ. આસિસ્ટંટ સેક્રેટરી સદ્‌ગત હીરાલાલ ત્રિભુવનદાસ પારેખે શુભ ઉદ્દેશથી આ પુસ્તકમાળાનો આરંભ કરેલો. અનિવાર્ય સંજોગોને લીધે તે પ્રબંધ અટકી પડ્યો હતો; પરંતુ કારોબારી સમિતિએ તેની ઉપયોગિતા લક્ષ્યમાં લઇને તે ફરી ચાલુ કરવાની વ્યવસ્થા કરી છે એ બરોબર યોગ્ય થયું છે.

વિદ્યાબહેન ર. નીલકંઠ
ઑન સેક્રેટરી,
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

અમદાવાદ
તા. ૧–૮–'૪૪

પ્રસ્તાવના

બે વર્ષ ઉપર પ્રસિદ્ધ કરવા ધારેલો 'ગ્રંથ અને ગ્રંથકાર'નો આ નવમો ભાગ આ વર્ષ પણ અડધું પસાર થતાં પ્રસિદ્ધ થાય છે અને એ રીતે સને ૧૯૩૭ થી ૧૯૪૧નાં સાહિત્યની સમીક્ષા ૧૯૪૪માં બહાર પડે છે. આ વિલંબ ન ઇચ્છવા યોગ્ય છે. આ ગ્રંથના લેખન કરતાં વધુ તો છાપખાનાની અગવડને કારણે આ વિલંબ થયો છે. ભવિષ્યના 'ગ્રંથ અને ગ્રંથકાર'ના ભાગો માટે સાહિત્ય-સમીક્ષા વિભાગનું કામ કોઈ પણ લેખકોને અગાઉથી ત્રણ કે પાંચ વર્ષ માટે નક્કી કરી સોંપી દેવું જોઇએ કે જેથી વર્ષ પૂરું થતાં સમીક્ષા બહુ વિલંબમાં ન પડે.

આ નવમા ભાગનું મુદ્રણ દોઢ બે વર્ષથી શરૂ થયેલું, પણ છાપખાનાંઓમાં માણસોની હાડમારીએ કામ સરળતાથી નીકળી શકતું નહોતું; અને એ અગવડોમાં ત્રણ જુદાંજુદાં છાપખાનાંનો આશ્રય લઈ આ કામ પૂરું કર્યું છે.

આ વિભાગમાં પ્રસિદ્ધ થતી સાહિત્ય-સમીક્ષા વસ્તુતઃ સમીક્ષા નથી; તે માત્ર દૃષ્ટિપાત છે, કારણ કે પાંચ વર્ષના સાહિત્યને વિશેષ વિસ્તારથી વિવેચવાનો આમાં અવકાશ નહોતો. આ દૃષ્ટિપાતને પણ સાહિત્યના પ્રવાહનાં વિભાગશઃ બલાબલ સમજી શકાય એવી રીતે બનતા પ્રમાણમાં વિશદ કર્યો છે.

ગ્રંથકાર–ચરિતાવલી માટે જે નામો બહાર પાડેલાં અને જેની માહિતી જાહેર તથા ખાનગી રીતે મેળવવામાં આવેલી તે બધી જ આ ગ્રંથ માટે ઉપયોગમાં લઈ શકાઈ નથી. ઘણી જીવનરેખાઓ લખાઈ આવવા છતાં હજી બાકી રાખવી પડી છે. કેટલાક વિદેહ સુપ્રસિદ્ધ ગ્રંથકારો કે જેમની જીવન-રેખાઓ આજ સુધીના ગ્રંથોમાં અનિવાર્યરીતે આવવી જોઈતી હતી પરંતુ આવી શકેલી નહિ, તે બધીને આ ગ્રંથમાં તો સંક્ષેપ કે વિસ્તારની દૃષ્ટિ છોડીને પણ સમાવી લેવાનો સંકલ્પ કરેલો; કારણ, વખત જતાં જીવન-રેખાનાં સાધનો ઘસાતાં જવાનો સંભવ હોય છે. એવી કેટલીક જીવન-રેખાઓ આ ગ્રંથમાં લીધી છે; પરંતુ ધારેલી બધી રેખાઓ આવી શકી નથી. કેટલાક ગ્રંથકારો સંબંધમાં માહિતી મેળવવા યત્ન કર્યા છતાં મળી

શકી નહિ અને કેટલીક બહુ અધૂરી મળી શકી. તે બાકી રાખીને બની શકે તેટલી જીવનરેખાઓ સમાવી છે. જેનો સમાવેશ કર્યો છે તેમાં પણ અપૂર્ણતા અને ત્રુટિઓ છે. ગ્રંથકારની મહત્તા કે સાહિત્યસેવાના પ્રમાણમાં સંક્ષેપ-વિસ્તારનો નિયમ જાળવી શકાયો નથીઃ માત્ર જે કાંઇ ઉપલબ્ધ થયું તે ઉપર જ આધાર રાખવો પડ્યો છે; અને જેમ બને તેમ વેળાસર આવી જીવન-રેખાઓ વધુ પ્રમાણમાં ગ્રંથારૂઢ થવા પામે એ દૃષ્ટિપૂર્વક એકંદર ૧૧૭ ગ્રંથકારોની જીવન-રેખાઓ એકત્ર કરી આપી છે.

ચુનીલાલ વર્ધમાન શાહ
બચુભાઇ રાવત

સાહિત્યસમીક્ષા અને ગ્રંથકારચરિતાવલી ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠે પ્રસિદ્ધ કરેલા જોડણીના નિયમોનું વિવરણ આપતો 'ગુજરાતી શબ્દોની વ્યવહારુ જોડણી' એ નામનો લેખ આપણા નિત્યના ઉપયોગના આશરે દસ હજાર શબ્દોની સૂચી સાથે આ ભાગમાં દાખલ કરવામાં આવ્યો છે. વિવરણમાં જોડણીના નિયમોની યથાશક્ય મીમાંસા કરવામાં આવી છે. નિયમોમાંના ગ્રાહ્ય તત્ત્વને બની શકે તેટલી વિશદતાથી બતાવી, ક્વચિત્ અનાવશ્યક કે ત્યાગ કરવા જેવા તેમ બદલવા જેવા નિયમો વિશે પણ સૂચન કરવામાં આવ્યું છે. તેમ જોડણીના નિયમોનું પાલન જ્યાં જ્યાં શિથિલ જણાયું છે તેના તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું છે.

દાયકાઓ થયાં ગુજરાતી જોડણી નક્કી કરવાના પ્રયત્નોને અંતે ગુજરાત વિદ્યાપીઠે વ્યવહારુ નિયમો તૈયાર કરી એકવાક્યતા કરવાનું પ્રશસ્ય કાર્ય કર્યું છે; જોડણીકોશની નવી નવી આવૃત્તિઓમાં સુધારાવધારાને પણ અવકાશ રાખ્યો છે. અત્યાર સુધીના પ્રયત્નોમાં વિસંવાદનાં તત્ત્વો રહેવામાં પ્રધાન કારણ ક્યાં બળો જોડણી નક્કી કરવામાં નિયામક છે તેનો નિર્ણય કરવામાં રહેલો મતભેદ છે. કોઇ નરી વ્યુત્પત્તિને બળે જોડણી નક્કી કરવા પ્રયત્ન કરે, તો કોઇ વ્યુત્પત્તિ અને ઉચ્ચારણ એ બેઉને લઇ નક્કી કરવા પ્રયત્ન કરે. ભાષાનું જીવંત સ્વરૂપ માત્ર વ્યુત્પત્તિને અધીન નથી હોતું. એમાં ઉચ્ચારણનું તત્ત્વ પ્રધાન ભાગ ભજવતું હોય છે, અને વ્યુત્પત્તિ તો એના અંગમાં સમાવિષ્ટ હોય છે. બહુકે વ્યુત્પત્તિ ઉચ્ચારણને જ અધીન હોય છે. આમાં સ્વાભાવિક, વ્યાપક અને શિષ્ટ ઉચ્ચારણ ઉપર આધાર રાખવામાં આવે તો જોડણીનું સ્વાભાવિક રૂપ મેળવી શકવામાં સુવિધા થાય.

જોડણીમાં પ્રધાન વિસંવાદ હ્રસ્વ-દીર્ઘ ઇ-ઉ નો છે. અમુક એક ચોક્કસ તત્ત્વ શોધી કાઢવામાં ન આવે ત્યાંસુધી મુશ્કેલી રહે જ. એ તત્ત્વ છે 'સ્વરભાર'નું. જીવતી ભાષામાં આ તત્ત્વ પકડવું બહુ અઘરું નથી, અને આપણે નિર્ણય પણ તદ્‌ભવ શબ્દોમાંના ઇ-ઉનો કરવાનો હોય છે, યા તત્સમ શબ્દો ગુજરાતીમાં આવ્યા પછી ગુજરાતી લેખાશમાં આવી ગયા હોય તેવાઓના ઇ-ઉ નો. આ અને એવી બીજી વાતો તરફ પાદટીપોમાં ધ્યાન ખેંચવામાં આવ્યું છે. વાચકને વિવરણ સમજવામાં વિઘ્ન ન આવે એ હેતુથી જ પાદટીપોમાં તેની વાતો અલગ બતાવવામાં આવી છે. વિવરણમાં તો નિયમોનું સ્પષ્ટીકરણ મુખ્યત્વે અપાયું છે.

વિવરણ પછી આપવામાં આવેલી શબ્દસૂચીમાં ગુજરાત વિદ્યાપીઠના જોડણીકોશને પ્રાયઃ અનુસરી જોડણી આપવામાં આવી છે. કોઈ શબ્દની છપાયેલી જોડણી નિયમથી વિરુદ્ધ હોય તો સુધારી લેવામાં આવી છે. વિવરણમાં બતાવ્યા મુજબ સુધારવા જેવી સ્પષ્ટ ભૂલો પણ સુધારી લેવામાં આવી છે. વિકલ્પોમાંના આવશ્યક રાખ્યા, યા વિવરણમાં બતાવ્યા મુજબ થોડે સ્થળે નિયમપ્રાપ્ત વધુ દાખલ કરી, નકામા લાગતા વિકલ્પો દૂર કરવામાં આવ્યા છે.

આપણા નિત્યના વ્યવહારના શબ્દોની જોડણી કેવી હોવી જોઇએ, એ બતાવવાનો આ પ્રયત્ન એના ગ્રાહકોને માર્ગદર્શક થઈ પડશે, તો પ્રયત્નનું સાર્થક્ય છે.

કેશવરામ કાશીરામ શાસ્ત્રી

અનુક્રમણિકા

પાંચ વર્ષના સાહિત્ય ઉપર દૃષ્ટિપાત ૧

ઉપર્યુક્ત 'દૃષ્ટિપાત'ની વિષયસૂચિ ૧૨૪

ગુજરાતી શબ્દોની વ્યવહારુ જોડણી ૧–૨૮

[ગુજરાત વિદ્યાપીઠના નિયમોનું વિવરણ]

આપણા નિત્યના શબ્દોની જોડણી ૨૯–૧૦૨

શુદ્ધિપત્ર ૧૦૩–૧૦૪

ગ્રંથકારચરિતાવલિ ૧

વિદેહ ગ્રંથકારો (વર્ણાનુક્રમે)

અકબરઅલી નૂરાની ૧

(કાજી) અનવરમિયાં ૧

અનંતપ્રસાદ ત્રીકમલાલ વૈષ્ણવ ૩

આશારામ દલીચંદ શાહ ૪

ઈબ્રાહીમ લાખાણી ૬

કીલાભાઇ ઘનશ્યામ ભટ્ટ ૭

કૃષ્ણરાવ ભોળાનાથ દ્વિવેટિયા ૭

કેખુશરો નવરોજજી કાબરાજી ૯

કેશવજી વિશ્વનાથ ત્રિવેદી ૧૦

ગજેન્દ્રરાય ગુલાબરાય બુચ ૧૧

પંડિત ગટુલાલજી ૧૨

ગણપતરામ અનુપરામ ત્રવાડી ૧૩

ગણેશજી જેઠાભાઈ દુખળા ૧૫

ગોપાલજી કલ્યાણજી દ્વેલવાડાકર ૧૬

ગંગાશંકર મણિશંકર વૈષ્ણવ ૧૮

છોટાલાલ ચંદ્રશંકર શાસ્ત્રી ૧૮

જગજીવન કાલિદાસ પાઠક ૧૯

જહાંગીરજી નસરવાનજી પટેલ ('ગુલફામ') ૨૦

જાફરઅલી મિસ્ત્રી ('અસીર') ૨૨

જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ ૨૩

જેહાંગીર બહેરામજી મરઝબાન ૨૫

ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ ૨૬

ત્રિભુવન પ્રેમશંકર ત્રિવેદી ૨૮

ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર ૩૦

(ડૉ.) ત્રિભુવનદાસ મોતીચંદ શાહ ૩૨
(રા. સા.) દલપતરામ પ્રાણજીવન ખખ્ખર ૩૩
દામોદર ખુશાલદાસ બોટાદકર ૩૫
દુર્લભ શ્યામ ધ્રુવ ૩૬
દેવશંકર વૈકુંઠજી ભટ્ટ ૩૮
દોલતરામ કૃપારામ પંડ્યા ૩૯
નથુરામ સુંદરજી શુકલ ૪૦
નલિનકાન્ત નરસિંહરાવ દિવેટિયા ૪૧
નારાયણ મોરેશ્વર ખરે ૪૧
નારાયણ વિસનજી ઠક્કુર ૪૨
નારાયણશંકર દેવશંકર વૈદ્યશાસ્ત્રી ૪૫
પીરોઝશા જહાંગીર મરઝબાન ('પીજમ') ૪૬
પીંગળશી પાતાભાઈ નરેલા ૪૭
પુરુષોત્તમ વિશ્રામ માવજી ૪૮
પૃથુલાલ હરિકૃષ્ણ શુકલ ૫૧
બહેચરલાલ ત્રીકમજી પટેલ ('વિહારી') ૫૨
બહેરામજી મલબારી ૫૪
(જૈનાચાર્ય શ્રીમદ્) બુદ્ધિસાગરજી ૫૫
(કવિ) બુલાખીરામ ચકુભાઈ ૫૭
(ડૉ.) ભગવાનલાલ ઇંદ્રજી ૫૮
(કવિ) ભવાનીશંકર નરસિંહરામ ૬૦
ભાઈશંકર નાનાભાઈ ભટ્ટ ૬૨
ભોગીલાલ ત્રીકમલાલ વકીલ ૬૩
મગનલાલ વખતચંદ શેઠ ૬૪
મણિશંકર ગોવિંદજી વૈદ્યશાસ્ત્રી ૬૬
મણિશંકર રત્નજી ભટ્ટ ('કાન્ત') ૬૬
મધુવચરામ બળવચરામ હીરા ૬૯
મહમદઅલી ભોજાણી ૭૨
માધવરાવ બાબારાવ દિવેટિયા ૭૩
મૂલચંદ્ર તુલસીદાસ તેલીવાળા ૭૪
રતિપતિરામ ઉદ્યમરામ પંડ્યા ૭૬
રણછોડજી અમરજી દીવાન ૭૭

રૂપશંકર ઉદયશંકર ઓઝા ('સંચિત્') ૭૮
વલીમોહમ્મદ મોમીન ૮૧
વલ્લભદાસ પોપટભાઇ શેઠ ૮૩
વાઘજી આશારામ ઓઝા ૮૨
શ્રી વિજયકેસર સૂરિ ૮૪
વિનાયક નંદશંકર મહેતા ૮૫
વિશ્વનાથ સદારામ પાઠક ૮૭
શંકરલાલ મગનલાલ પંડ્યા ('મણિકાન્ત') ૮૯
સત્યેન્દ્રરાવ ભીમરાવ દિવેટિયા ૯૦
સૂર્યરામ સોમેશ્વર દેવાશ્રયી ૯૧
સોરાબજી શાપુરજી બંગાલી ૯૧
હરિલાલ માધવજી ભટ્ટ ૯૨
હરિશંકર માધવજી ભટ્ટ ૯૩
હાજીમહમ્મદ અલારખિયા શિવજી ૯૪
હીરાલાલ વ્રજભૂખણદાસ શ્રોફ ૯૮

વિદ્યમાન ગ્રંથકારો (વર્ણાનુક્રમે)

(સૈયદ) અબ્દુઝકર બીન સૈયદ હકીમ અબુ હબીબ નદવી ૧૦૦
અબ્દુલસત્તારખાન પઠાણ (ભક્ત સત્તારશાહ) ૧૦૧
અમૃતલાલ નાનકેશ્વર ભટ્ટ ૧૦૨
ઈશ્વરલાલ મૂળચંદ વીમાવાળા ૧૦૩
કરસનદાસ નરસિંહ માણેક ૧૦૪
કુંવરજી આણંદજી શાહ ૧૦૫
ગિરિજાશંકર મયારામ ભટ્ટ ('ગિરીશ') ૧૦૬
ગુલાબદાસ હરજીવનદાસ બ્રોકર ૧૦૭
હાજી ગુલામઅલી હાજી ઈસ્માઈલ ('રહીમાની') ૧૦૮
ગોવિંદભાઇ હરિભાઇ પટેલ ૧૦૮
જગજીવનદાસ ત્રીકમજી કોઠારી ('ઓલિમ્પસ જોશી') ૧૦૯
જગજીવનદાસ દયાળજી મોદી ૧૧૦
જગજીવનદાસ માવજીભાઈ કપાસી ૧૧૨
જયંતકુમાર મણિશંકર ભટ્ટ ૧૧૩
જયન્તી ધોલાભાઇ દલાલ ૧૧૪
જુગતરામ ચીમનલાલ દવે ૧૧૫

જ્યોત્સ્ના શુકલ ૧૧૬
ઝીણાભાઈ રતનજી દેસાઈ ('સ્નેહરશ્મિ') ૧૧૮
દુલાભાઇ ભાયાભાઇ કાગ ૧૨૦
દેવકૃષ્ણ પીતાંબર જોષી ૧૨૧
પ્રહ્લાદ જેઠાલાલ પારેખ ૧૨૧
બચુભાઈ પ્રભાશંકર શુકલ ૧૨૨
ભાસ્કરરાવ ગજાનન વિદ્વાંસ ૧૨૩
મંગળજી હરજીવન ઓઝા ૧૨૪
(સર) મનુભાઈ નંદશંકર મહેતા ૧૨૫
(ડૉ.) મહાદેવપ્રસાદ ભોગીલાલ કંથારિયા ૧૨૬
મુકુન્દરાય વિજયશંકર પટ્ટણી–'પારાશર્ય' ૧૨૭
મુરલીધર રામશંકર ઠાકુર ૧૨૮
મૂળજી દુલ્લભજી વેદ ૧૨૯
મૂળશંકર હરિનંદ મૂલાણી ૧૩૦
મોહનલાલ તુલસીદાસ મહેતા ('સોપાન') ૧૩૨
યુસુફ અબ્દુલગની માંડવિયા ૧૩૩
રણછોડદાસ વૃંદાવનદાસ પટવારી ૧૩૫
રામનારાયણ નાગરદાસ પાઠક ૧૩૬
લક્ષ્મીનારાયણ રણછોડલાલ વ્યાસ ('સ્વપ્નસ્થ') ૧૩૬
શંકરલાલ ગંગાશંકર શાસ્ત્રી ૧૩૭
સાકરચંદ માણેકચંદ ઘડિયાળી ૧૩૮
સાકરલાલ મગનલાલ કાપડિયા ('મધુકર') ૧૩૯
સારાભાઈ મણિલાલ નવાબ ૧૪૦
હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદી ૧૪૧
હરદાન પીંગળશી નરેલા ૧૪૩
હરિલાલ મૂળશંકર મૂળાણી ૧૪૪
હરિશ્ચંદ્ર ભગવતીશંકર ભટ્ટ ૧૪૫
હરિહર પ્રાણશંકર ભટ્ટ ૧૪૬
હાશિમ યુસુફ ભરચા ('ઝાર' રાંદેરી) ૧૪૭
હીરાચંદ કસ્તૂરચંદ ઝવેરી ૧૪૮

પાંચ વર્ષના સાહિત્ય ઉપર દૃષ્ટિપાત

[ઈ. સ. ૧૯૩૭ થી ઈ. સ. ૧૯૪૧]

પાંચ વર્ષનો કાળ

સાહિત્યના પ્રવાહને અવલોકવા માટે શક, સંવત્ કે સનના ૩૫૪ કે ૩૬૫ દિવસોથી પરિમિત થતા એક વર્ષનો હિસાબ ગણીને છૂટો પાડેલો પાંચ વર્ષના કાળનો એક ખંડ ઘણો નાનો લાગે એમાં નવાઈ નથી. કોઈ પણ કાળખંડના સાહિત્યપ્રવાહને તેની પૂર્વેનાં કે પછીનાં ઝરણોથી જુદો પાડીને તે ઉપર દૃષ્ટિપાત કરવા માટે એ પ્રવાહથી ઘણે દૂર ગયા પછી જ તેની ઝાંખી સમગ્રપણે કરી શકાય અને તેની વિશિષ્ટતાનો સાક્ષાત્કાર પણ કરી શકાય. વર્તમાનમાં વહી રહેલા પ્રવાહને અવલોકતો ને વર્તમાનમાં જ વિચરતો માનવી તેનાં સ્થૂળ પરિમાણોને કે સૂક્ષ્મ ગુણોને નોંધી શકે કિંવા નિર્માણ થતી જતી નવતાનાં ચિહ્નોને માત્ર પિછાણી શકે; પણ સમગ્ર દર્શન કરવા માટેનાં તેનાં સાધનો મર્યાદિત હોય છે, તેની દૃષ્ટિની દોડ કાળથી પરિમિત બને છે. એટલે સને ૧૯૩૭ થી ૧૯૪૧ સુધીનાં પાંચ વર્ષના ગુજરાતી સાહિત્યના પ્રવાહ ઉપરનો દૃષ્ટિપાત વર્તમાન પ્રવાહના જ એક ખંડના દર્શન કરતાં વધારે ગુણોથી યુક્ત કદાચ ન પણ બને.

પાંચ વર્ષના સાહિત્યના પ્રવાહ ઉપર દૃષ્ટિપાત કરવામાં એ સાહિત્યની સમીક્ષા કરવાનો આશય રાખ્યો નથી. જે જુદાંજુદાં ઝરણાંનો એ પ્રવાહ બનેલો છે તે ઝરણાંનાં બિંદુએ બિંદુનો સરવાળો કરી આપવાનો પણ કશો અર્થ નથી. એ પ્રવાહ હજી ચાલુ છે. કોઈ કાળે વૃષ્ટિની ન્યૂનાધિકતાથી ઝરણાંમાં અને પરિણામે ચાલુ પ્રવાહમાં ઓછાં-વધુ જળ વહ્યાં હશે, પરંતુ આ દૃષ્ટિપાતનો આશય એ છે કે એ ઝરણાંએ પોતાની દિશામાં કાંઈ ફેરફાર કર્યો છે કે નહિ, તે તીરવેગે સીધાં વહે છે કે સર્પાકારે વહે છે, તેના વેગમાં વધારોઘટાડો થયો છે કે નહિ, સતત વહેતાં ઝરણાં અધવચ્ અટકીને સુકાવા લાગ્યાં છે કે વહેતા પ્રવાહમાં આત્મસાત્ થયા કરે છે, તેઓ કોઈ નવીન દિશા પકડીને નવા પ્રદેશોનાં દ્રવ્યોને સમાવી લે છે કે નહિ, નવીન દિશાભિમુખ થયેલાં ઝરણાં પાછાં ફરી જૂની દિશાએ વળે છે કે કેમ, એ બધું આ પાંચ વર્ષમાં કેટલા પ્રમાણમાં નિષ્પન્ન થયું છે તેનો ખ્યાલ વાચકો સ્વયમેવ મેળવી શકે.

જુદાજુદા સાહિત્યપ્રવાહો પરનો આ દૃષ્ટિપાત છે—સમીક્ષા નથી; એટલે સાહિત્યની જુદીજુદી શાખાઓમાંની કૃતિઓની વિશિષ્ટતા, ગુણવત્તા કે નવીનતા પૂરતી સંક્ષિપ્ત નોંધ કિંવા ઊણપોનો સહજ ઉલ્લેખ કરીને જ નિયત વિસ્તારમર્યાદાને સાચવી લીધી છે. કૃતિની કલાત્મકતાની ન્યૂનાધિકતાનું સૂચન આવશ્યક લાગ્યું ત્યાં માત્ર કર્યું છે, પરન્તુ તેથી વિશેષ ઊંડાણુમાં જવાનું આ દૃષ્ટિપાત માટે શક્ય નથી. આ જ કારણે પાંચ વર્ષમાં જે જે પુસ્તકોની નવી આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ છે તેમાં જો કાંઈ નોંધપાત્ર નવીનતા ન હોય તો આ વર્ષપંચકના સર્જનનું ફળ તે નહિ હોવાને કારણે તેની નોંધ લીધી નથી. સામયિકોમાં થતાં સાહિત્યનાં અવલોકનો અને સ્વીકારનોંધો, ખાસ કરીને ગુજરાત સાહિત્ય સભા તરફથી કરાવવામાં આવતી વાર્ષિક સમીક્ષા જે કાર્ય કરે છે તે જ કાર્ય આ દૃષ્ટિપાત દ્વારા બજાવવાનો હેતુ મૂળથી જ રાખ્યો નથી. 'ગ્રંથ અને ગ્રંથકાર'ના આઠમા ગ્રંથમાં એક વર્ષમાં પ્રસિદ્ધ થએલાં પુસ્તકોની યાદી સરકારી ગેઝેટમાંની યાદી ઉપરથી તારવીને આપી છે, તેથી કાંઈક વિશેષ અર્થસૂચક અને ઉપયોગી નોંધવાળું આ વાઙ્મયદર્શન બને એટલો માત્ર તેનો આશય છે. કહેવાની જરૂર નથી કે વાઙ્મયદર્શન માટે મૂળ પુસ્તકોમાંનાં ઘણાંખરાં તપાસી લીધા પછી ગુ. સા. સભાની વાર્ષિક સમીક્ષાઓ અને સામયિકોની અવલોકનનોંધો મને કેટલાક પ્રમાણમાં માર્ગદર્શક બની છે.

કવિતા

જૂનાં છંદ, પદ અને દેશીઓવાળા કવિતાસાહિત્યમાંથી ઊતરેલી દલપતશૈલી અને નર્મદશૈલી, એ શૈલીઓ સાથે અનુસંધાન ધરાવતી 'કાન્ત' અને નરસિંહરાવની શૈલી, ફારસી કવિતાના સંપર્કથી જન્મેલી બાલાશંકર અને 'કલાપી'ની શૈલી, અંગ્રેજી બ્લેંક વર્સના પ્રભાવે પ્રકટાવેલી કવિ નાનાલાલની ડોલનશૈલી, શબ્દાળુતામાં સરી જતી કવિતાને વિચાર તથા અર્થમાં સઘન બનાવતી બ. ક. ઠાકોરની શૈલીઃ એ બધી શૈલીઓની કવિતા આ પાંચ વર્ષમાં કવિતા-સાહિત્યમાં ઉમેરાઈ છે. દલપતની પૂર્વે લખાતાં પદો ને દેશીઓ, દોહા, સોરઠા ને મુક્તકો, એનો વારસો આજે લખાતી કવિતામાં ઊતરતો રહ્યો છે. દલપત—નર્મદ શૈલી સંમિશ્રિત થઈને સરલ કવિતામાં સારી પેઠે જળવાઈ રહી છે. 'કાન્ત' અને નરસિંહરાવની શૈલી જીવંત છે પરન્તુ મુખ્યત્વે ખંડકાવ્યોમાં. બાલાશંકર અને 'કલાપી'ની શૈલી મુસ્લિમ કવિઓની ગઝલો-

માં દેખા દે છે, પરન્તુ તે શૈલીની પૂરી ગુણવત્તા તેમાં ઊતરશે કે કેમ એ પ્રશ્ન છે. એ શૈલીની કવિતાનો એક ભાગ દલપત શૈલીમાં અને બીજો ભાગ નવી પેઢીની અર્થઘન કવિતામાં સમાઈ જશે એમ લાગે છે. ડોલન-શૈલી કવિ નાનાલાલની કૃતિઓમાં જ પરિબદ્ધ રહી છે. અર્થઘન કવિતાનો વિસ્તાર વધી રહ્યો છે. અર્થઘનતાને નામે ક્લિષ્ટતા અને દુર્બોધતા જેવાં ભય-સ્થાનો સાથે આથડી ન પડાય, 'અગેય વૃત્તો' પ્રતિના પક્ષપાતને કારણે ગેયતાથી કેવળ વિમુખતામાં જ સરી ન જવાય, પ્રવાહિતાને નામે છંદો-લયની અવગણના ન થાય, એવી ચોકીદારી પોતાનો પ્રભાવ દાખવી રહી છે, અને તેથી કવિતાના બધા બાહ્યાંતર ગુણોને પોતામાં સમાવી લેવાની તેની અભિલાષા સ્પુટ થઈ રહી છે. છતાં સરલતા, ગેયતા, લાલિત્ય અને ભાવથી નીતરતી કવિતાઓ વધુ અંશે લોકપ્રિય બને છે એ વસ્તુસ્થિતિ છે. પ્રસિદ્ધ થયેલા કવિતાગ્રંથોની સંખ્યા ઉપરથી જ જો કવિતા માટેના જનતા-ના રસનું પ્રમાણ કાઢવું હોય તો કહી શકાય કે નવી પેઢીની કવિતા હજી પાંગળી છે, પરન્તુ તે પ્રગતિમાન તો જરૂર છે. દલપતશૈલીની અને નવી પેઢીની કવિતાની સંમિશ્ર ગુણવત્તામાંથી જન્મેલી કવિતા જ કદાચ નવતર પેઢીની લોકપ્રિય કવિતા બનશે એમ લાગે છે.

પાંચ વર્ષમાં પ્રસિદ્ધ થયેલા પ્રત્યેક કવિતાસંગ્રહમાંની બધી કવિતાઓ ઉપર કોઈ એક જ શૈલીની છાપ મારવાનું શક્ય નથી. પોતાની પહેલાંની પેઢી-ઓના કવિતાપ્રયોગોની સરસતા-નીરસતા પારખીને નવા કવિઓ કવિતા-રચના કરી રહ્યા છે અને જૂના કવિઓ નવીનતાને અપનાવી રહ્યા છે. દલ-પત શૈલીની સરલતાને તેઓ વાંછે છે, પરન્તુ તેની શબ્દાળુતાને વર્જવા માગે છે. અર્થઘનતા તેમને ઇષ્ટ છે, પરન્તુ ક્લિષ્ટતા કે દુર્બોધતા નહિ. પદ્યરચનાના નવા પ્રયોગો તેઓ કરે છે, પરન્તુ છંદોલય અને પ્રવાહિતા ખંડિત ન થાય તો સારું એવી તેમની મનોભાવના રહ્યા કરે છે. રસનિષ્ઠા, પ્રસાદપૂર્ણતા અને વાસ્તવિક ભાવનિરૂપણ, એ કવિતા માટે ઉપાદેય તત્ત્વો છે તેની સમજદારી સાથે તેઓ પોતાના કવિતાસર્જનમાં આગળ વધે છે, જોકે તેમની બધી કવિતાઓ એ સર્વ ગુણોથી ઉપેત નથી પણ હોતી. છેલ્લાં પાંચ વર્ષમાં બધી શૈલીની કવિતાઓના નવા લેખકો અને કેટલાક જૂના લેખકો પણ, કોઈ ન્યૂન તો કોઈ અધિક અંશે, આ દૃષ્ટિ ધરાવતા લાગ્યા છે.

કવિતાના વિષયોમાં પણ બધી પેઢીઓનું પ્રતિનિધિત્વ ઊતરેલું જોવામાં આવે છે. ભક્તિ, ઉપદેશ, તત્ત્વદર્શન, સૃષ્ટિસૌંદર્ય, પ્રેમ, વીરતા, કટાક્ષ, રાષ્ટ્રીય-ત્વ, સામ્યવાદ અને વિરાટ્થી માંડીને ક્ષુદ્ર વસ્તુઓ સુધીના પદાર્થોને તથા

જન્મથી માંડીને મૃત્યુ સુધીના માનવજીવનના પ્રસંગોને અને પ્રાસંગિક ભાવોને આજની કવિતા પોતામાં સમાવી લે છે. જૂની પેઢીની સર્વાનુભવ-રસિકતા ઓછી થઇને સ્વાનુભવરસિકતા નવી કવિતામાં વધી છે. સ્થૂળ અભ્યાસ કરતાં કવિના નિજસંવેદનમાંથી કવિતાના અંકુરો ફૂટીને વિશાળતા ધારણ કરતા વધુ પ્રમાણમાં જોવામાં આવે છે. આ સંવેદનોની મર્યાદાને કારણે કવિતા-માં પાંડિત્ય ઓછું તો સજીવતા વિશેષ જોવા મળે છે.

શૈલીક્રમે આ પાંચ વર્ષની કવિતા ઉપર દૃષ્ટિપાત કરતાં છેલ્લી અર્થઘન શૈલી, 'કાન્ત'–નરસિંહરાવની શૈલી, બાલાશંકર–'કલાપી'ની શૈલી, દલપત–નર્મદની શૈલી, જૂના કવિઓની શૈલી, એવો ક્રમ સ્વીકારી શકાય; પરન્તુ બહુધા જુદી-જુદી શૈલીઓનું સંમિશ્રણ એ કવિતાઓમાં થયેલું છે, એટલે અનુકૂળતા ખાતર અને વહેવારુ દૃષ્ટિએ નવીન પેઢી, મધ્યમ પેઢી અને જૂની પેઢી એ ત્રણ પેઢીઓમાં જ એ બધી શૈલીને વહેંચી દેવી એ યોગ્ય છે.

નવીન પેઢી

કવિતાસંગ્રહો

'શેષનાં કાવ્યો' (રામનારાયણ પાઠક) જાણે શૈલીમાં અને પદ્યપ્રકારો-માં બધી પેઢીઓનું પ્રતિનિધિત્વ દાખવી રહ્યાં છે. તેમાં દુહા, રાસ, ગરબા, ગીત, સૉનેટ, મુક્તક, ભજન, પ્રતિકાવ્ય ઇત્યાદિ સંગ્રહેલાં છે. શાંત, કરુણ, શૃંગાર, અને હાસ્યરસની વાનગીઓ તેમાં મળે છે. તેમની કવિતામાં ભાવ-નિરૂપણ હૃદયના સંવેદનપૂર્વક ઊતરે છે, એટલે તેમાંની વિચારપ્રધાનતા કે અર્થપ્રધાનતાની પાછળ તત્ત્વાભિજ્ઞ માનસ અને આર્દ્ર હૃદય દેખાયા વિના રહેતાં નથી. ક્લિષ્ટતાથી એમની કવિતા સામાન્ય રીતે મુક્ત હોય છે, પરન્તુ વિશદાર્થદર્શક ભાષા પ્રતિનો તેમનો પક્ષપાત તેમને અર્થને ભોગે શબ્દાળુ-તામાં કે સરલતામાં સરી પડવા દેતો નથી. છંદો પર તેમનું પ્રભુત્વ છે, છતાં તેમાં ક્વચિત્ જે શિથિલતા જોવા મળે છે તે કવિતાના રસની જાળવણી માટેના યથાર્થ શબ્દોની ગૂંથણીને કારણે આવેલી જણાય છે. તેમની કલ્પના-નો વિહાર અને ઊર્મિનું જોમ સ્વસ્થતા અને શિષ્ટતાના કિનારા નથી છોડતું.

'પારિજાત' (પૂજાલાલ દલવાડી): પ્રકૃતિપ્રેમ અને શાંત ચિંતન માટે તલસી રહેલું હૃદય આ સ્વાનુભવરસિક કવિતાસંગ્રહમાં ધબકી રહેલું છે. એમનું ચિંતન અને સંવેદન જે અર્થગૌરવ માગે તે પૂરું પાડવાને તેમને સંસ્કૃત શબ્દોનો પ્રયોગ વધુ કરવો પડે છે, પરન્તુ તે યથાર્થ ભાવની છાપ પાડીને જ વિરમે છે. પૃથ્વી છંદનો ઉપયોગ તેમણે સફળતાપૂર્વક કર્યો છે છતાં તે તેમની મર્યાદા પણ બને છે.

'ગોરસી' (ઇંદુલાલ ગાંધી)ની કવિતાઓમાં કવિનો પ્રકૃતિસૌંદર્યનો અનુરાગ, જીવનનું વાસ્તવદર્શન તેમ જ ભાવનામયતા અને કલ્પનાની અભિનવ તરંગલીલા અનુભવવા મળે છે. કલ્પનાની સુરેખતા જ્યાં ઊઘડતી નથી ત્યાં કવિતા દુર્બોધ બને છે ખરી.

'આરાધના' (મનસુખલાલ ઝવેરી)માં 'કુરુક્ષેત્ર' કાવ્યમાળા સારી પેઠે આકર્ષક બની છે અને પૌરાણિક ખંડકાવ્યોના લેખનમાં કવિની કલમ સફળતા સાધવા કેટલી શક્તિમાન છે તે બતાવી આપે છે. તેમની કવિતાશૈલી ચિંતનપ્રધાન–વિચારપ્રધાન છે. કેટલીક વાર કલ્પનાને બદલે તર્કપરંપરા ઊડે છે ત્યારે કવિતાગુણ મર્યાદિત બને છે. ભાષાની શિષ્ટતા વિચારની અભિવ્યક્તિને ઘણી વાર દિપાવે છે, કોઇ વાર અઘરી બનાવે છે.

'વસુધા' (સુંદરમ્) એ અનેક પ્રકારની કવિતારીતિની સરસ હથોટી બતાવનારો કવિતાસંગ્રહ છે. ગીત, લોકગીત, રાસ, સૉનેટ ઇત્યાદિ પદ્યદેહના વૈવિધ્ય સાથે શાન્ત, શૃંગાર, વિનોદ કે રૌદ્ર એવું રસવૈવિધ્ય પણ એ કવિતાઓમાં રહેલું છે. જૂની વસ્તુઓ અને પાત્રોનાં નવાં મૂલ્યાંકનો કરવાને કવિની દૃષ્ટિ ચોગમ ફરતી રહે છે. અર્થ અને ભાવમાં બધી કવિતાઓ સરખી મૂલ્યવાન નથી, પરંતુ એકંદરે કવિની પ્રતિભાનો વૈભવ તેમાં જોવા મળે છે. કવિતાઓનો મોટો ભાગ કવિતાના અંતિમ બિંદુમાં ભાવ કે ચમત્કૃતિની પરાકાષ્ઠાનો અનુભવ કરાવે છે.

'ઇંદ્રધનુ' (સુંદરજી બેટાઈ)માં બે પ્રકારની કવિતાઓ સંગ્રહેલી છેઃ અર્થપ્રધાન અને ભાવપ્રધાન. અર્થપ્રધાન કવિતામાં પૃથ્વીવૃત્તનો ઉપયોગ વિશેષ કરેલો છે અને ભાવપ્રધાનમાં ગીતો વગેરેનો, અને તેમાં તેમની કવિતા અર્થપ્રધાન કરતાં વધુ દીપી નીકળે છે.

'નિશીથ' (ઉમાશંકર જોષી)ની કવિતાઓ પ્રકૃતિ અને માનવજીવનનાં અનેક ક્ષેત્રોમાં ઘૂમી વળે છે. જીવનની વિષમતા ઉપર તે કોપ ઠાલવે છે અને ઊંડાં તાત્ત્વિક ચિંતનોમાં તે શાંત રસના સીકર ઉડાવતી વહે છે. તેજસ્વી પ્રતિભા અને હૃદયની આર્દ્રતા કવિતાના રસ અને ભાવ દ્વારા સ્ફુટ થાય છે. કાંઈક વધુપડતી સંસ્કૃત શબ્દાવલિથી અને કાંઇક છંદોલયની અવગણનાપૂર્વકની છંદવૃત્તની રચનાથી કેટલીક કવિતા માત્ર વાચનક્ષમ બને છે, જ્યારે ગેય કવિતા શ્રવણમધુરતા અને અર્થાભિવ્યક્તિમાં સરખી ઊતરે છે.

'જનની' (રતુભાઇ દેસાઇ) સરલ અને સુરેખ કવિતામાં માતૃપ્રેમનો પ્રકર્ષ દાખવે છે. કવિતાવિષય પાછળ કવિની સહૃદયતાનો ગુણ હોવાથી અભિપ્રેત ભાવ, વાચકના હૃદયમાં ઉપજાવવામાં તેનો શાન્ત પ્રવાહ સફળ બને છે.

'અજંપાની માધુરી' ('સ્વપ્નસ્થ': ભાનુભાઇ વ્યાસ)–સ્થૂલ વસ્તુઓ અને પ્રસંગોમાં હૃદ્‌ગત ભાવોને વ્યક્ત કરવા લેખકની ઊર્મિ કવિતાનું ઘડતર કરે છે. એ ભાવોના પ્રવાહમાં કવિનું માનવતાથી ભરપૂર હૃદય દુઃખ, નિઃશ્વાસ અજંપો, વિષાદ, નિરાશા અને તૃષાનાં ઘેરાં ચિંતનોની તરંગમાળાની વચ્ચે તરતું રહે છે. એ તરંગમાળા જ કવિને મન 'માધુરી' છે. ભાવ મૂર્ત કરવામાં વાણીનું સામર્થ્ય કોઇ વાર ઊણું લાગે છે.

'કેડી' ('બાદરાયણ': ભાનુશંકર વ્યાસ)માં અપાયેલી સોએક કવિતાઓ લેખકની દસેક વર્ષના ગાળામાં લખાયેલી કવિતાઓ છે. તે કાળની પ્રારંભિક કૃતિઓ પર નરસિંહરાવ અને નાનાલાલની શૈલીની અસર છે અને પાછળની કૃતિઓમાં નૂતન કવિતાની અર્થઘનતા ઊતરી છે. મુખ્યત્વે તેમનાં સૉનેટોમાં એ અસર દેખાઈ આવે છે. તેમણે કેટલાંક ગીતો પણ લખેલાં છે. ઊર્મિનું સંવેદન આલેખતાં તેમની વાણી વિશેષ ભાવપૂર્ણ બને છે, તેથી ઊલટું તેમની સર્વાનુભવરસિક કવિતા શિથિલ બને છે. કવિતામાં જીવન-દૃષ્ટિ હમેશાં તરતી રહે છે.

'બારી બહાર' (પ્રહ્‌લાદ પારેખ): જીવનમાં જોવામાં આવતાં દૃશ્યો અને પ્રસંગોને, હૃદયે સંઘરેલા ભાવો અને અનુભવેલી ઊર્મિઓને સરલ કવિતામાં ગાઈ લેવાની શૈલી એમાંની કવિતાને વરી છે. બંગાળી કવિતા અને મુખ્યત્વે કવિ ટાગોરની કવિતાના વાચને જગાડેલી મૂર્છના કવિહૃદયને સારી પેઠે સ્પર્શી છે. પ્રકૃતિ, પ્રણય અને માનવહૃદયની સપાટીને કવિતા જેટલી સ્પર્શે છે તેટલી તેના ઊંડાણને સ્પર્શતી નથી.

'પ્રતીક્ષા' (રમણીક આરાલવાળા): એમની કવિતામાં હૃદયના સુકોમળ ભાવો વધારે સાહજિક સ્વરૂપે ઊતરે છે. શ્રમજીવીઓના જીવનના સંવેદને તેમની કવિતાઓમાં ઊતરીને તેમને માનવ પ્રતિની સહૃદયતા ગાતા કર્યા છે, તે જ રીતે કુટુંબપ્રેમની અને ખાસ કરીને માતૃપ્રેમની તેમની કવિતાઓ વધુ ભાવયુક્ત બની છે. પ્રકૃતિશોભા અને પ્રણયચેતના પણ તેમની કેટલીક કવિતાઓમાં વણાઈ છે. અર્થઘનતા તેમની કવિતાને ઇષ્ટ છે અને દુર્બોધતા અનિષ્ટ છે, એટલે અર્થવૈભવની સાથે તેમની કવિતામાં સરલતા હોય છે.

'સંસૃતિ' ('પારાશર્ય': મુકુન્દરાય પટ્ટણી)માં લેખકે પોતાની છંદોબદ્ધ ને ગીતરચનાઓ સંગ્રહી છે. કેટલાંક મુક્તકો પણ છે. કવિતા અર્થઘનતાને બદલે શબ્દાડંબરયુક્ત વધારે બની છે અને તેથી કાવ્યતત્ત્વ કે ઊર્મિ-સંભાર શિથિલ રહે છે.

'સાંધ્યગીત' (કોલકઃ મગનલાલ લાલભાઇ દેસાઇ): છંદોબદ્ધ અને

ગીતકાવ્યો એઉનો આ સંગ્રહ લેખકની શરૂઆતની કવિતારચના દર્શાવે છે, તોપણ તેમની શક્તિનો પરિચય તેમાંથી મળી આવે છે. હાસ્યરસિક, કટાક્ષયુક્ત અને કથાપ્રાસંગિક કાવ્યો પણ તે સારી રીતે લખી શકે છે. કૃત્રિમ ઊર્મિલતા કે સામાન્ય વક્તવ્યને પદ્યદેહ આપવાની રીતિ તેમની કવિતાની મર્યાદા બને છે. તેમનો બીજો કાવ્યસંગ્રહ 'સ્વાતિ' પ્રથમ સંગ્રહ કરતાં ગુણદૃષ્ટિએ આગળ વધેલો છે. પ્રકૃતિ, વિનોદ, વર્તમાન યુદ્ધ, જીવનકલહ, ઇત્યાદિ અનેક વિષયોને તેમણે પોતાની કવિતાઓમાં ઉતાર્યા છે.

'કુમારનાં કાવ્યો' (મહેંદ્રકુમાર મોતીલાલ દેસાઈ)માં છંદોરચના ઠીક છે, પરન્તુ અર્થઘનતાને નામે અર્થાડંબર વિશેષ છે. દલપતશૈલીમાં જેવું શબ્દાળુતાનું દૂષણ ખૂંચે છે તેવું જ આ અર્થઘનતાનું દૂષણ છે એમ લાગે છે. આ કવિતાઓમાં વિશેષાંશે અનુકરણશીલતા તરી આવે છે.

'દીપશિખા' (અમીદાસ કાણુકિયા)ની શૈલી 'કાન્ત' અને નરસિંહરાવની કવિતાશૈલી તરફ વધુ ઢળે છે, એટલે તેમાં પ્રચંડ ઊર્મિ કે ચંચળ તરંગોનું દર્શન થતું નથી પરન્તુ અર્થ અને ભાવનો પ્રવાહ શાન્ત-સંયત રીતે વહી રહે છે. પ્રકૃતિ અને માનવજીવનનું દર્શન મોટા ભાગની કવિતાઓમાં નિરૂપાયું છે.

'ઉષામાં ઊગેલાં' (ચંપકલાલ વ્યાસ) કાવ્યોમાં સૉનેટ, ખંડકાવ્ય, મુક્તકો વગેરે સંગ્રહેલાં છે અને કવિના જીવનનો ઉષઃકાળ દર્શાવનારાં છે; તેમની પ્રયોગદશાનાં એ કાવ્યો છે.

'કાવ્યસંહિતા' (અનામી)માં પણ ગીત, રાસ, ખંડકાવ્ય, સૉનેટ, મુક્તક વગેરે છે. એમની કવિતાઓનો એ પહેલો જ ફાલ છે. આશાસ્પદતા તેમાંથી સ્ફુરે છે, અને અર્થઘન કવિતાનું પ્રતિનિધિત્વ પ્રકટાવવા તે મથે છે. વાચ્યતાનું તત્ત્વ વિશેષ હોવાને કારણે કવિતા ભારેખમ જેવી લાગે છે.

'અર્ચન' (પ્રબોધ અને 'પારાશર્ય') એ બે મિત્રોની કવિતાનો સંયુક્ત સંગ્રહ છે અને અર્થઘન કવિતાની કેડીએ પ્રયાણ કરવાનો ઉમંગ દાખવે છે.

'મહાયુદ્ધ' (પ્રજારામ રાવળ અને ગોવિંદ સ્વામી)માં વિશ્વપ્રેમના આદર્શો વ્યક્ત કરતી કવિતા છે. છંદોવિધાન સુંદર છે અને કલ્પના વિકાસ પામતી સ્થિતિમાં પણ સુરેખ જણાય આવે છે.

'સફરનું સખ્ય' નામના સંયુક્ત પ્રકાશનના પહેલા ખંડ 'સખ્ય અને બીજાં કાવ્યો' (હરિશ્ચંદ્ર ભટ્ટ) માંની કવિતા, કલ્પના અને ઊર્મિ છતાં જ્યારે વિચાર ગદ્યની પેઠે પદ્યમાં વહે છે ત્યારે કવિતા જેવી રૂક્ષ લાગે તેવી-માર્દવ વગરની, અર્થભારે લચી પડતી જણાય છે. પ્રણયકાવ્યોમાં કવિતાનું લાલિત્ય

કેટલાક પ્રમાણમાં પ્રકટે છે. સંગ્રહ લેખકના લેખન-સામર્થ્યને તો બતાવી આપે છે. એ પ્રકાશનના બીજા ખંડ 'સફર અને બીજાં કાવ્યો' (મુરલી ઠાકુર) માંનાં ગેય કાવ્યોમાં હૃદયના અને છંદોબદ્ધ કાવ્યોમાં બુદ્ધિના આવિર્ભાવો પ્રકટે છે, પરન્તુ બેઉના આવિર્ભાવો પૂરતું ઊંડાણ નથી દાખવતા. આશાની કાંઈક ઝાંખી કરાવતી પ્રયોગદશાની એ કવિતાઓ છે.

'ક્રેસુડો અને સોનેરૂ' (હરિશ્ચન્દ્ર ભટ્ટ) માં થોડી અંગ્રેજી ઉપરથી કરાયેલી અનુવાદ-કૃતિઓ છે અને બીજાં મૌલિક કાવ્યો છે. નૂતન શૈલી લેખકને સારી રીતે ફાવી હોય તે દર્શાવતી કવિતાઓ આ સંગ્રહમાં વિશેષ છે. કેટલાંક સુરેખ ઊર્મિગીતો પણ છે. સુકોમળ ભાવનાં નિદર્શક વર્ણનોમાં લેખક ઘણે સ્થળે ઊંચું કવિત્વ દાખવી શકે છે.

'ખંડેર, ઝરખો, સૌભાગ્ય' (ભગીરથ મહેતા) નામના કવિતાસંગ્રહમાં લેખકની છંદોલેખનની શક્તિનું દર્શન થાય છે. કવિતાતત્ત્વનું દર્શન મોળું છે.

'ચિત્રલેખા' (રમણ વકીલ): પ્રણય, પ્રકૃતિ અને જીવનને સ્પર્શતાં છંદોબદ્ધ અને ગેય કાવ્યોનો આ સંગ્રહ સુરેખ સરળ ભાષા અને સ્પષ્ટ અર્થનું દર્શન કરાવતી કવિતાઓ આપે છે. થોડી હળવી કવિતાઓ પણ તેમાં છે. ઊર્મિ અને કલ્પના તેજસ્વી ન હોવાને કારણે તેમાં મોળાપ લાગ્યા કરે છે.

'કોણ માથાં મૂલવે' (લ. દ્વા. નથેગાંધી)માંનાં કાવ્યો દેશ માટેની સમર્પણની ભાવના, ઉદ્દામ આવેગ, સંસ્કારી ભાષા અને શુદ્ધ છંદોરચનાથી યુક્ત છે.

'રમલ' (સં. વિપિન ચીનાઇ) એ જુદાજુદા નવીન કવિતાલેખકોની વાનગીનો સંગ્રહ છે; કેટલીકમાં કેવળ અનુકરણવૃત્તિનું જ દર્શન થાય છે.

'પ્રભાત નર્મદા' ('પતીલ') અત્યંત સંવેદનશીલ માનસમાંથી ઊછળાતી ઊર્મિઓ આ કવિતાસંગ્રહમાં અવલોકી શકાય છે અને બાલાશંકર-'કલાપી'-'સાગર'ની મસ્તી તેમની ગઝલોમાં અને છંદોમાં ઊતરી હોવાનો ભાસ થાય છે, પરન્તુ તેમાં વાસ્તવિક ઊર્મિ કરતાં ઊર્મિલતા વિશેષ છે. આળા હૃદયના પુત્કાર અને વિષાદનો પ્રતિધ્વનિ તેમાંથી પ્રકટે છે. 'પતીલ' નવીન પેઢીના કવિ છે, પરન્તુ અર્થઘનતા કરતાં ભાવુકતા તેમને વધુ સદે છે. તેમના નવા છંદઃપ્રયોગો કવિતાપ્રવાહને માટે યોજાયા હોય તેમ જણાતું નથી.

ખંડકાવ્યો

કવિતાસંગ્રહોના પ્રમાણમાં ખંડકાવ્યો બહુ જ ઓછાં લખાયાં છે. નવીન પેઢીની કવિતામાં સ્વાનુભવરસિકતા જેટલી ઊતરી છે તેટલી સર્વાનુભવરસિકતા નથી ઊતરી; અને મહાકાવ્યો તથા ખંડકાવ્યોના આલેખનમાં

સર્વાનુભવરસિકતાનો કવિનો ગુણ જ આવશ્યક હોય છે. આપણે ત્યાં જણાતી ખંડકાવ્યોની દુર્લભતા સર્વાનુભવરસિકતાની ઊણપને આભારી છે.

'રતન' (ચંદ્રવદન મહેતા) એ નવીન પેઢીની કવિતામાં લખાયેલું પ્રથમ પંક્તિનું ખંડકાવ્ય છે, ને ભગિનીસ્નેહની મંગળ ગાથા સમું છે. વસ્તુ આછું હોવા છતાં ૧૬૦૦ પંક્તિઓનું એ લાંબું કાવ્ય વાતાવરણ અને પાત્રમાનસને સુંદર તથા ભાવભરી રીતે રજૂ કરે છે. એ કાવ્ય પૃથ્વી છંદની એક સિદ્ધિ સમું બન્યું છે. વસ્તુવિષય જોકે જૂનો છે, પરન્તુ કવિની સહૃદયતા તેને અભિનવતા અર્પે છે.

'અચલા' (સ્વપ્નસ્થ) એ ૪૦૦ પંક્તિઓનું ખંડકાવ્ય છે. નિષ્ફળ નીવડેલા પ્રણયનું વિલાયેલું સ્વપ્ન તેમાં સરલ પ્રવાહી શૈલીમાં ગવાયું છે, ઊર્મિપ્રાબલ્યથી ભરપૂર છે.

'તપોવન', 'મદાલસા' અને 'આપદ્ધર્મ' (ગોવિંદ હ. પટેલ)માંના પહેલામાં 'સાવિત્રી અને યમ' તથા 'યજ્ઞશિખા' એ બે ખંડકાવ્યો છે. બીજું બોધપ્રધાન સંવાદકાવ્ય છે. લેખક નરસિંહરાવ અને 'કાન્ત'ની શૈલીએ પૌરાણિક તથા ઐતિહાસિક પ્રસંગોને કાવ્યમાં ગૂંથે છે, પણ વર્ણનનો વિસ્તાર કાવ્યની સમગ્ર અસરને કાંઈક ઝાંખી કરે છે. કાવ્યનો ધ્વનિ જીવનને સ્પર્શીને બોધ-પ્રધાન બને છે એટલે અંશે રસનિષ્પત્તિ ઊણી રહે છે. ત્રીજું પ્રવાહી અને રસમય શૈલીમાં લખાયેલું છે અને પહેલાં બે કરતાં ઉચ્ચ કોટિમાં આવે તેવું છે. શૈલી સ્વસ્થ અને છંદોરચના તથા છંદોવિધાન સુંદર છે.

'કથાકુંજ' (ચંદ્રકાન્ત ઓઝા)માં મોટે ભાગે પૌરાણિક કથાકાવ્યો છેઃ કુન્તીની પરાસ્તતા, હરિશ્ચંદ્રની કસોટી, કચ-દેવયાની, અને વર્તમાન કાળે બનેલી વઢવાણની શાન્તાના મૃત્યુની કરુણ ઘટના; એમાંની છેલ્લી કથા વિશેષ આકર્ષક બની છે. અસાધારણ આત્મબળ અને લાગણી તેમાં વણાયાં છે. બીજાં કાવ્યો સામાન્ય કોટિનાં છે. મુખ્ય અને ગૌણ બધાય પ્રસંગો એક-સરખી અભિનવતા ન બતાવે ત્યારે કથાકાવ્યો અને ખંડકાવ્યો ઇષ્ટ ફળ-દાયી બની શકતાં નથી.

'કુરુક્ષેત્ર' (કવિશ્રી નાનાલાલ) એ કોઈ પણ પેઢીની કવિતાનો નમૂનો દર્શાવતું મહાકાવ્ય નથી-સ્વકીય ડોલનશૈલીનું અનેરું મહાકાવ્ય છે. ૧૯૨૬ થી કવિશ્રીએ તેનું લેખન શરૂ કરેલું અને ૧૯૩૯માં તે પૂરું થયું. ચૌદ વર્ષમાં એના કાંડો ક્રમસર નહિ પણ છૂટક છૂટક બહાર પડ્યા છે, એટલે એનું એકંદર મૂલ્ય કોઈ એક જ વિવેચકની કલમે હજી અંકાયું નથી. કવિની ડોલન-શૈલીની, ઉપમા-અલંકારોની, દિવ્યતા તથા ભવ્યતાને આવરી લેનારી કલ્પ-

નાની અને તેજીલી વાણીની વિશેષતા તથા મર્યાદા સર્વવિદિત છે. મહાભારતની મહાકવિતા પોતાની શૈલીએ ગાવાની સ્વપ્રતિજ્ઞા કવિએ આ મહાકાવ્યમાં પૂર્ણ કરી બતાવી છે. ડોલનશૈલી પ્રારંભમાં ગુજરાતને જેટલી આકર્ષી શકી હતી તેટલી હવે તે આકર્ષતી નથી. એટલે આ મહાકાવ્ય જોકે પૂરતું આકર્ષણ નહિ કરે, તોપણ મહાકાવ્યના અનેક ગુણો અને સમૃદ્ધિથી ભરપૂર તેની રચના બની છે અને તેની પાછળ કવિએ લીધેલો શ્રમ, ટકાવેલી ધીરજ ને પકડી રાખેલી ખંતનો ખ્યાલ તે પરથી આવ્યા વિના રહેતો નથી.

મુક્તક-સંચયો

કવિતામાં વણાયેલાં વિચારમુક્તકો અર્થાત્ સુભાષિતો પ્રાચીન કાળથી સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ધરાવી રહેલાં છે. પૂર્વે દુહા-સોરઠામાં જે ચાટૂક્તિઓ ગૂંથાતી તે પરિપાટી હવે ઓછી થઈ છે. આ પાંચ વર્ષમાં આ પ્રકારની કવિતારચના બહુ જૂજ થઈ છે.

'પાંખડી' (જેઠાલાલ ત્રિવેદી)માં સંસ્કૃત સુભાષિતોની શૈલીનાં અને ક્વચિત્ નવીનતાથી ઓપતાં વિચારમુક્તકો છંદોમાં ઉતારેલાં છે.

'શતદલ' (ઇંદુલાલ ગાંધી)ને મુક્તકો કહેવામાં આવ્યાં છે કારણ કે તેમાં મુક્તકના જેવો ધ્વનિ છે. વસ્તુતઃ તેમાં દીર્ઘ ધ્વનિકાવ્યો પણ છે.

'ચિનગારી' (તુરાબ)માં આલંકારિક, કલ્પનાપ્રધાન અને ભવ્ય સ્ફુટ વિચારો સંગ્રહેલા છે પરન્તુ તે પદ્ય નહિ-ગદ્ય મુક્તકો લેખાય તેવાં છે.

'ભાવના' (મનોરમા મંગળજી ઓઝા)માં અંતરાત્માના નાદે પ્રેરેલા મનોભાવો કાવ્યોચિત ગદ્યમાં ગૂંથેલા છે. ભાવનાઓ જીવનનાં અનેક પાસાંઓને સ્પર્શે છે અને પવિત્ર વિચારોનો પ્રતિધ્વનિ પાડે છે.

ભાષાંતરો

'ગુલે પોલાંડ' (ઉમાશંકર જોષી) એ મિત્સ્કિયેવિચના 'ક્રીમિયન સૉનેટ્સ'નું ભાષાંતર છે. કુદરતનાં રમ્ય દૃશ્યો અને કાવ્યનું કરુણ વાતાવરણ હૃદયને હલમલાવે તેવું છે. સંસ્કૃત સમાસો અને સંસ્કૃત કવિતાની સૂત્રરૂપાત્મક ઉક્તિઓ તેમાં થોડા શબ્દો દ્વારા વિશેષ અર્થસંભાર ભરે છે, તેથી શબ્દાળુતા દૂર રહે છે, પરન્તુ અર્થબોધ માટે તો તેનું પુનઃપુનઃ વાચન કરવું પડે છે. એમાં આપેલો 'સૉનેટ' વિશેનો નિબંધ અનેક દૃષ્ટિઓની વિચારણાપૂર્વક લખાયેલો છે.

'રાસપંચાધ્યાયી' (અમૃતલાલ ના. ભટ્ટ) એ ભાગવતમાંથી સમશ્લોકી અનુવાદ રૂપે ઉતારેલું એક ખંડકાવ્ય છે. મૂળ પ્રતિની તેની એકનિષ્ઠતા અને અર્થબોધની ઉત્કટતા એ આ ભાષાંતરની વિશિષ્ટતા છે.

'ગીતાધ્વનિ' (કિશોરલાલ મશરુવાળા): ગીતાનું આ સમશ્લોકી ભાષાંતર નવી આવૃત્તિમાં કેવળ નવા સમું બન્યું છે, અને મૂળને લક્ષ્ય કરીને શબ્દાળુતા વિના સરલતા કેવી રીતે આવી શકે તેનો એક સરસ નમૂનો તે પૂરો પાડે છે.

મધ્યમ પેઢી

કવિતાસંગ્રહો

'કલ્યાણિકા' (કવિ ખબરદાર)માં ઈશ્વરવિષયક વિરલ દિવ્ય અનુભવોનું પ્રકટીકરણ ભજનોના ઢાળમાં એક ભક્તની ઊર્મિથી કરવામાં આવેલું છે. ઈશ્વરના સ્પર્શ માટે પાંચ પગથિયાં નિરૂપીને સરલ વાણીમાં ભક્ત હૃદયના ભાવો દર્શાવ્યા છે.

'રાષ્ટ્રિકા' (કવિ ખબરદાર) એ રાષ્ટ્રોત્થાનને પ્રેરનારાં કાવ્યોનો સંગ્રહ છે. દેશપ્રીતિ, ઉત્સાહ, શૌર્ય, આશા અને સ્વાર્પણની ભાવના એ કાવ્યોમાં ધબકે છે. ઊર્મિ જગાડવામાં તેનાં ગાન–નાદ પણ હિસ્સો આપે છે.

'લોલિંગરાજ' (કવિ નાનાલાલ) એ ભૈરવનાથના બાવાનું રાસડાના ઢાળમાં ઉતારેલું એક સરસ શબ્દચિત્ર છે.

'સોહાગણ' (કવિ નાનાલાલ): પ્રૌઢાવસ્થામાં જૂના પ્રેમનાં સંસ્મરણો દ્વારા નવસંવનનનો અનુભવ કરતા કવિનો મનોહર લલકાર આ કાવ્યમાં ઊતરીને પ્રેમભાવનાની નિર્મળતાને જગાડે છે. એવી જ બીજી છંદોબદ્ધ કાવ્યકૃતિ 'પાનેતર'માં કવિએ લગ્નવિધિમાં આવતા આચારોને સ્ત્રીમુખની નિર્મળ સ્નેહનીતરતી વાણીમાં ગૂંથીને દાંપત્યભાવોને રેલાવ્યા છે.

'એકતારો' (ઝવેરચંદ મેઘાણી)માંનાં ગીતો, કાવ્યો અને ભજનોમાંનાં કેટલાંક પ્રસંગલક્ષી હોવા છતાં તેમાં જે પ્રાણવાન ઊર્મિતત્ત્વ રહેલું છે તેણે કરીને તે આકર્ષક બની રહે છે. કેટલાંકની ગેયતા અને કેટલાંકની ભાવનૂતનતાને કારણે તે સ્મરણમાં જડાઈ જાય તેવાં છે. કલ્પના અને સહૃદયતાની આરપાર વહેતી વાણી ચોટ લગાડનારી બને છે. દેશ્ય શબ્દો અને સંસ્કૃત શબ્દોનો અણમેળ કોઈ વાર ખૂંચે છે ખરો.

'તેજછાયા' (જયમનગૌરી પાઠકજી): છંદ, ગીત અને રાસ એ ત્રણે પ્રકારની કવિતાઓના આ સંગ્રહમાં ભાવદર્શન સ્વચ્છ છે, પણ ઊર્મિ સપાટી પર જ વહે છે અને કલ્પના મર્યાદિત ઉડ્ડયન કરે છે. પ્રેમ, પ્રકૃતિ અને જીવનના કોઈ કોઈ પ્રસંગો કવિતાના વિષયો છે.

'હંસમાનસ' (કવિ હંસરાજ): ઉત્સાહ, કરુણા, રાષ્ટ્રપ્રેમ તથા જીવનબોધને આવરી લેતી કવિતાઓનો આ સંગ્રહ સ્પષ્ટ ને સરલ વેગભરી ભાષાને

કારણે કવિતાપ્રેમી સામાન્ય જનતાને ગમી જાય તેવો છે. જીવનદૃષ્ટિનું ઊંડાણ કે ઉચ્ચ પ્રતિભાની ન્યૂનતા હોવા છતાં છંદઃપ્રભુત્વ દર્શાવતી એ કવિતાવાણીમાં શ્રવણસુખદતાનો ગુણ રહેલો છે.

'વનવનનાં ફૂલ' (નાગરદાસ અ. પંડ્યા): પ્રૌઢતાભરી સંસ્કૃત શૈલીમાં લખાયેલાં ખંડકાવ્યો, ઊર્મિગીતો અને મુક્તકોનો આ સંગ્રહ છે. કથનશૈલી સ્પષ્ટ અને કથાનકો રસપૂર્ણ છે. ચેતનયુક્ત તરલતા ઓછી છે.

'તંબૂરાનો તાર' (મોરારજી કામદાર): બોધપ્રધાન કવિતા, ફારસી ગઝલો, ભજનો, દુહા વગેરેના આ સંગ્રહ ઉપર દલપત શૈલીની સ્પષ્ટ અસર છે.

'ઊર્મિ' (સ્વાશ્રયી લેખકમંડળ–લાઠી): ઊર્મિકાવ્યો, દેશભક્તિનાં કાવ્યો કટાક્ષકાવ્યો, ખંડકાવ્યો, રાસો, બાલકાવ્યો વગેરેનો આ સંગ્રહ જુદાજુદા કવિતા–લેખકોની વાનગી પીરસે છે. બધાં કાવ્યોમાં સમાન ગુણવત્તા નથી અને શૈલીઓની પણ વિવિધતા છે.

'બુલબુલનાં કાવ્યો' (કાન્તિપ્રસાદ વોરા)માં ખંડકાવ્યો, પ્રણયગીતો, ઊર્મિગીતો, રાસો, વંદનગીતો, દેશગીતો, હાસ્યગીતો એવી વિવિધતા છે, પરન્તુ બધાં સામાન્ય કોટિનાં અને 'કાન્ત'–નરસિંહરાવનાં અનુકરણ જેવાં છે.

'રસધારા' અને 'પારસિકા' જેહાંગીર માણેકજી દેસાઇ): પદ્યદૃષ્ટિએ લગભગ નિર્દોષ અને સુઘડ એવી આ સંગ્રહોમાંની કવિતા ગદ્યમાં કહેવા જેવી વસ્તુઓને ગદ્યાળુ શૈલીએ પદ્યનો અવતાર આપે છે. શૈલીમાં કવિ દલપતરામ અને કવિ ખબરદારનું અનુકરણ મોટે ભાગે છે અને કવિ ખબરદારની પેઠે તે નવા છંદઃપ્રયોગો પણ કરે છે. 'પારસિકા'માં જરથોસ્તી ધર્મની સમીક્ષા, ધાર્મિક ઉદ્બોધન, પ્રસિદ્ધ પુરુષોની કથાઓ અને ઈરાની ઇતિહાસનું વિહંગાવલોકન છે.

'ત્રિવેણી' (પુષ્પા રમણલાલ વકીલ): છંદોબદ્ધ કવિતા, રાસો અને મુખ્યત્વે બાળગીતો : એવી ત્રિવિધતા 'ત્રિવેણી'માં રહી છે. રાસોમાં પ્રેમાનંદ, નરસિંહ અને નાનાલાલની પ્રેરણા છે. ગીત–રાસ કરતાં છંદોબદ્ધ પ્રણયકાવ્યોમાં ભાવરૂપે કાવ્યતત્ત્વ વિશેષ પ્રકાશે છે.

'પરિમલ' (રમણીકલાલ દલાલ): કેટલાંક પરભાષાનો આધાર લઈને લખેલાં અને કેટલાંક મૌલિક એવાં કાવ્યોનો આ સંગ્રહ છે. અંગ્રેજીને આધારે લખાયેલાં કાવ્યોમાં શબ્દયોજનામાં કેટલીક કૃત્રિમતા લાગે છે તો મૌલિક કાવ્યોમાં શબ્દસૌષ્ઠવ ઠીક જળવાય છે. છંદોરચના શુદ્ધ છે. પ્રકૃતિ, જીવન અને પ્રણય એ વિષયો મોટા ભાગની કવિતાને સ્પર્શે છે.

'કાવ્યપૂર્વા' (ઉપેન્દ્રરાય નાનાલાલ વોરા): વાણી કે વિચારમાં અભિ-

નવતા વિનાની, વૃત્તો અને ગીતોમાં લખાયેલી સામાન્ય કોટિની કવિતા અને ભક્તિનાં પદોનો એ સંગ્રહ છે.

'રૂપલેખા' (ભગવાનલાલ માંકડ): ગરબી, ભજનો અને રાગ-રાગિણી-ઓમાં લખેલી એમાંની કવિતા શુદ્ધ-સરલ ભાષામાં વહે છે અને વિશુદ્ધ હૃદયભાવો, આસ્તિકતા તથા અધ્યાત્મનો રંગ તેને લાગેલો છે.

'પંકજ-પરિમલ' (કમળાબહેન ઠક્કર)માં સારાં ભાવગીતો રાગ-રાગિણીઓમાં લખાયેલાં છે. ભક્તિ અને હૃદયવિશુદ્ધિ એમાંનાં ગીતોનો મુખ્ય ધ્વનિ છે. નવા યુગનો ધબકાર નથી.

'બોધબાવની' અને 'મનુની ગઝલો' (મનુ હ. દવે)માંના પહેલા પુસ્તકમાં વ્યાવહારિક તથા નૈતિક શિક્ષણસૂત્રો દલપત શૈલીએ મનહર છંદમાં ગૂંથ્યાં છે અને બીજામાં સામાન્ય ગઝલોનો સંગ્રહ છે. બેઉમાં કાવ્યતત્ત્વ ઓછું છે.

'કુંપળ' (સ્વ. તરુણેન્દ્ર મજુમદાર): અકાળે અવસાન પામેલા જુવાન કવિની પ્રયોગદશાની સામાન્ય કવિતાઓનો એ સંગ્રહ છે.

'કાગવાણી: ભા. ૧-૨' (કવિ દુલા ભગત): ભાટો અને ચારણોની લાક્ષણિક કવિતાશૈલીમાં નૂતન રાષ્ટ્રભાવોને અનેરી સ્વાભાવિકતાથી વણી લેતી કવિતાઓના આ સંગ્રહો કેવળ માર્મિક અને સુંદર વિચારોથી જ નહિ પણ ઝડઝમક, લોકઢાળો અને વેગભર્યા છંદોલયથી સમાજને ડોલાવવાનું સામર્થ્ય બતાવી આપે છે. તળપદી વાણી અને તળપદા અલંકારો આ શૈલીની એવી વિશેષતાઓ છે કે જે સમાજના બધા થરોને પહોંચી વળે તેમ છે.

'કારાણી કાવ્યકુંજ: ભાગ-૨' (દુલેરાય કારાણી)માં કચ્છી ઇતિહાસનાં કથાગીતો, નીતિબોધના ચાબખા અને વતનપ્રેમ પ્રતિનો ભક્તિભાવ દર્શાવતી સામાન્ય કવિતાઓ વગેરે સંગ્રહ્યું છે.

'લલિત કાવ્યસંગ્રહ' (લલિતાશંકર વ્યાસ) એ નર્મદના ઉત્તર કાળના સમકાલીન કવિ લલિતાશંકર વ્યાસની કવિતાઓનો સંગ્રહ છે. ઘણીખરી કવિતાઓ પ્રાસંગિક સ્વરૂપની છે અને કેટલાંક દૃશ્ય નાટકોનાં ગીતો આપેલાં છે. આછા કાવ્યતત્ત્વવાળી એ કવિતાઓ છે અને ગેયતા તેનો મુખ્ય ગુણ છે. દલપત-નર્મદ યુગની કવિતાઓનું સ્વરૂપ તે દાખવે છે.

'ઉત્ક્રાન્તિકાળ યાને વર્ણધર્મસમીક્ષા' (વિદ્યારામ વસનજી ત્રિવેદી) એ પદ્યમાં સનાતન હિંદુ ધર્મની સમીક્ષાનું પુસ્તક છે. ધાર્મિક જીવન ગાળવા માટેનો બોધ અને ઉદ્બોધન એ તેમાંનું મુખ્ય તત્ત્વ છે. કવિતાનો પ્રકાર કેવળ સામાન્ય છે.

'શ્રી કૃષ્ણમહારાજ કાવ્ય' (રાજકવિ પિંગળશીભાઈ પાતાભાઇ અને

હરદાન પિંગળશીભાઇ): પ્રસંગલક્ષી કાવ્યોનો એ સંગ્રહ છે. લોકકવિતા અને દલપતશૈલી એઉનું તેમાં મિશ્રણ છે. રાજાઓ અને કવિઓને ઉત્કૃષ્ટ જીવન-પંથે વાળવાનો તેમાં બોધ છે. મુખ્યત્વે તો માત્ર કાનને ગમે તેવી એ કવિતાઓ છે.

'પદ્યમંધ' (નગીનદાસ પુરુષોત્તમદાસ સંઘવી): લેખકની સર્વ પ્રકારની કવિતાઓનો આશરે ૭૦૦ પાનાંનો આ ગ્રંથ છે. કવિતાઓમાં પ્રેમાનંદ, દયારામ અને દલપતરામની છાપ છે. ધર્મ, નીતિ તથા વર્તમાન સામાજિક સ્થિતિ વિશેની બોધક તથા કટાક્ષાત્મક કવિતાઓ વિશેષ છે.

ભાષાંતરો

'રઘુવંશ' (નાગરદાસ અ. પંડ્યા)નું સમશ્લોકી ભાષાંતર આ પહેલું જ છે, અને સમશ્લોકિતા ઉતારવાની કઠીનતાને જો બાદ કરીએ તો એમાં પ્રસાદગુણ પણ ઠીક જળવાયો છે.

'મેઘદૂત' (ત્રિભુવન વ્યાસ) એ સમશ્લોકી નથી, પરન્તુ તેનો ઝૂલણા છંદ જેવો ગેય છે તેવી જ સરલ શિષ્ટ વાણી ભાષાંતરકારની છે, એટલે સમ-શ્લોકી ભાષાંતરોની ક્લિષ્ટતા તેમાં ઊતરી નથી, અને સરલતા તથા સુગેય-તા તેને મળી છે. મૂળ પ્રતિ એકનિષ્ઠ રહેવા સાથે ભાષાંતરને સુગમ્ય બનાવ-વાનો તેમનો પ્રયત્ન સફળ થયો છે.

'શ્રીમદ્ ભગવદ્ગીતા' (રણછોડલાલ કેશવલાલ પરીખ)નું આ ભાષાં-તર હરિગીત છંદમાં છે. તે સરલ છે પરન્તુ ભાષાની અભિવ્યક્તિમાં શિથિલ છે.

'સુવર્ણમોહિની' (દિવાળીબહેન ભટ્ટ) એ મંદાક્રાન્તા વૃત્તમાં વિલિ-યમ મોરીસના Atalanta's Raceનું ભાષાંતર છે. ભાષા સંસ્કારી છે.

કટાક્ષ-કાવ્યો

'પ્રભાતનો તપસ્વી' અને 'કુક્કુટદીક્ષા' ('મોટાલાલ' : કવિ અરદે-શર ફરામજી ખબરદાર) એ બેઉ અનુક્રમે કવિશ્રી નાનાલાલનાં ડોલનશૈલીનાં કાવ્યો 'ગુજરાતનો તપસ્વી' અને 'બ્રહ્મદીક્ષા'નાં પ્રતિકાવ્યો છે. કવિ નાનાલાલને અપદ્યાગદ્યથી પાછા વાળવાને એ પ્રતિકાવ્યો જન્મ્યાં હતાં. કવિ નાનાલાલ પોતાની ડોલનશૈલીથી પાછા વળતા નથી, પરન્તુ ડોલન-શૈલી પ્રતિના કટાક્ષ રૂપે એ બેઉ કાવ્યો સારી પેઠે આકર્ષણ કરી શકેલાં.

'કટાક્ષકાવ્યો' (દેવકૃષ્ણ પી. જોશી): જુદાજુદા કવિઓના કવિતા-સંગ્રહોમાં પ્રતિકાવ્યો, કટાક્ષ કવિતાઓ અને કટાક્ષ રૂપ મુક્તકો નાનામોટા પ્રમાણમાં સંગ્રહાયેલાં આમાં મળે છે, પરન્તુ કટાક્ષને અનુલક્ષીને લખાયેલી કવિતાઓનો કોઇ ખાસ સંગ્રહ પ્રસિદ્ધ થયો નથી. 'કટાક્ષ' શબ્દમાં જે અર્થ

રહેલો છે તેની દૃષ્ટિએ કવિએ આમાં સંગ્રહેલાં સ્વરચિત કાવ્યો શિથિલ છે. તેમાં સ્થૂળ રમૂજ અને ટોળ માત્ર છે : સાચો કટાક્ષ ક્વચિત્ જ જોવા મળે છે. આવી કવિતા રંજનાત્મક બને, પરન્તુ કટાક્ષના રંજનથી એ રંજન જુદું હોય છે.

મુક્તક-સંગ્રહો

'દુહાની રમઝટ' (ગોકુળદાસ રાયચુરા અને ગઢવી મેરૂભા) : સંસ્કૃત કવિતામાં અનુષ્ટુપ્ છે એવો ગુજરાતી કવિતામાં દુહો-સોરઠો છે. આમાંનો દુહા-સોરઠાનો સંગ્રહ એ તળપદી વાણીનાં સુભાષિત મુક્તકોનો સંગ્રહ છે. એમાંનાં કેટલાંક મુક્તકો પ્રાકૃત-અપભ્રંશ સુભાષિતોની છાયા જેવાં છે અને કેટલાંક શામળ-દલપતના સમયનાં છે.

'સોનેરી શિખામણ' (પુરુષોત્તમરાય ભટ્ટ) એ પણ દુહા સુભાષિતોનો સામાન્ય સંગ્રહ છે.

સંપાદિત કાવ્ય-સંગ્રહો

અર્વાચીન કાવ્યોમાંથી ચૂંટણી કરીને તૈયાર કરવામાં આવેલા કાવ્ય-સંગ્રહો થોડા છે. 'હૃદયત્રિપુટી અને બીજાં કાવ્યો' તથા 'ગ્રામમાતા અને બીજાં કાવ્યો' એ બેઉ સંગ્રહો શ્રી. નવલરામ ત્રિવેદીએ 'કલાપી'ની કવિતાઓમાંથી વીણણી કરીને તૈયાર કરેલા છે. 'ગ્રામ ભજનમંડળી' (જુગતરામ દવે) એ ગામડાંના વિકાસ માટે સંપાદિત કરવામાં આવેલું લોકસાહિત્ય છે. 'મૂળદાસકૃત કાવ્યવાણી' (મહંત ઓધવદાસજી) એ મહાત્મા મૂળદાસનાં ભજનો વગેરેનો સંપાદિત કરવામાં આવેલો સંગ્રહ છે.

ભક્તિનાં કાવ્યોના સંગ્રહો

આ પેઢીની ભક્તિની કવિતા જૂની અને મધ્યમ પેઢીના મિશ્રણ જેવી છે, પરન્તુ ભાષા, શૈલી અને આકાર મુખ્યત્વે મધ્યમ પેઢીનો છે. ભક્તિનાં કાવ્યોનો એક ભાગ તો પ્રકીર્ણ કવિતાઓના સંગ્રહોમાં જ આવી જાય છે, પરન્તુ આ પ્રકારની કવિતાના ખાસ સંગ્રહો જ અહીં જુદા નોંધ્યા છે.

આ પ્રકારના કાવ્યસંગ્રહોમાં 'રંગ અવધૂત' (પાંડુરંગ વિઠ્ઠલ વળામે)ની રચનાઓ વિશેષે કરીને આકર્ષણ કરે છે. મરાઠી અને ગુજરાતી બેઉ ભાષાઓમાં તેમણે કવિતાઓ લખી છે. તેમની ગુજરાતી કવિતા મરાઠીની લાક્ષણિકતાથી મુક્ત નથી, છતાં સરલ અને શુદ્ધ છે. 'ગુરુ લીલામૃત'માં ૧૬૦૦૦ દોહરામાં દત્તાત્રેયનું ચરિત્ર, જ્ઞાનકાંડ, કર્મકાંડ, ઉપાસનાકાંડ, દત્ત-કથન વગેરે ખંડો આપેલા છે. 'સંગીતગીતા' એ ગીતાનો પદ્યાનુવાદ કાવ્ય-દૃષ્ટિએ શિથિલ પણ ગેય દૃષ્ટિએ વિશિષ્ટ છે. 'ઊભો અવધૂત'માં તેમનાં

ભજનો છે. તેમાં હિંદુ ધર્મની ઉદાર ધર્મભાવના, ઊંડી લાગણી, જ્ઞાન અને અનુભવ પ્રકટ થાય છે. 'પત્રગીતા'માં ગીતાના ઉત્તમ ૧૬ શ્લોકોનું ઓવી છંદમાં વ્યાખ્યાન દ્વારા રહસ્ય સમજાવ્યું છે. 'રંગસ્તવન'માં અવધૂતના અનુયાયીઓએ રચેલાં સ્તવનો છે. સંતોની પ્રાચીન પ્રણાલિકા મધ્યમ પેઢીની કવિતા દ્વારા ચાલુ રહી છે એમ આ બધાં પુસ્તકો સૂચવી રહ્યાં છે.

'કીર્તન કુસુમમાળા' (જેઠાલાલ મોજીલાલ)માં કવિએ રચેલાં ભક્તિ-ભાવનાં કીર્તનો છે.

'ડાકપુર યાત્રા' (કાશીભાઇ પટેલ) માં ડાકોરની યાત્રા નિમિત્તે ભક્તિના આર્દ્રભાવો વહાવેલા છે.

'સ્તવનાદિ સંગ્રહ' (શાહ જશભાઇ પ્રેમચંદ): જૈનોના સ્નાત્રપૂજા આદિ વખતે ગાવા યોગ્ય સ્તવનોના આ સંગ્રહમાં વિશેષતા એ છે કે તે ભક્તિની કવિતા છે, પરન્તુ તેનું બધું ય 'કવિતાપણું' નાટકી–ફિલ્મી તર્જોમાં જ સમાઈ રહેલું છે. પ્રભુસ્તુતિની આધુનિક કાવ્યકલાની તુચ્છતાનું દર્શન તેમાં કરી શકાય છે.

રાસસંગ્રહો

કવિ નાનાલાલ, કવિ ખબરદાર અને કવિ બોટાદકરના રાસોએ ગેય કવિતાના રસજ્ઞોમાં જે રસ ઉપજાવ્યો છે તે રસ રાસોમાંનું વાણીલાલિત્ય કે રાગ–ઢાળ જ નથી, તેમાંના અર્થગૌરવે અને લલિતભાવદર્શક ધ્રુવપદોએ પણ મોટો ભાગ ભજવ્યો છે. તેમનાં અનુસરણ અને અનુકરણ કરીને ઘણા નવાજૂના કવિઓએ રાસો લખ્યા છે, પરન્તુ તેમાંના બહુ જ થોડા રાસોને જનતાએ ઝીલ્યા છે. જે રાસો ઝિલાયા છે તેમાં ય અર્થગૌરવ અને લલિત ભાવ જ મુખ્યત્વે કરીને આકર્ષણનું કારણ બન્યા છે. નીચે એ રાસસંગ્રહોનાં નામ તારવીને આપ્યાં છે અને જે જે સંગ્રહોમાં નોંધપાત્ર વિશેષતા જણાઇ છે તે દર્શાવી છે.

'નહાના નહાના રાસ ભાગ ૩' (કવિ નાનાલાલ), 'રાસચંદ્રિકા'–કેટલાક નવા અને બીજા જૂના રાસો (કવિ ખબરદાર), 'આકાશનાં ફૂલ' અને 'મુક્તિના રાસ'–દેશદાઝવાળાં સામાન્ય રાસ-ગીતો (જ્યોત્સ્ના શુક્લ), 'રાસવિલાસ' (ખંડેરાવ પવાર), 'રાસપદ્મ' અને 'રાસકૌમુદી' (મૂળજીભાઇ શાહ), 'રાસપાંખડી'–કુટુંબપ્રેમ, સ્વદેશપ્રેમ, પ્રકૃતિપ્રેમનાં રાસ-ગીત ('વિવિત્સુ': ચીમનલાલ ગાંધી), 'શરત્પૂર્ણિમા', 'રાસમાલિકા'–જુદાજુદા લેખકોના રાસોની તારવણી, અને 'રાસ જ્યોત' (ધૈર્યચંદ્ર બુદ્ધ), 'રાસરંજના' (જગુભાઇ રાવળ અને વાડીલાલ શાહ), 'ગીતમાધુરી' (મનુ દેસાઇ), 'રાસગંગા' (ચંદ્રકાન્ત ઓઝા), 'સૂર્યમુખી' (સુંદરલાલ પરીખ), 'અમર ગીતાંજલિ' (કવિ લાલજી નાનજી), 'રાસપૂર્ણિમા' (જમિયતરામ અધ્વર્યુ),

'ગીતરજની' અને 'રાસકલિકા' (બાલકૃષ્ણ ભટ્ટ), 'રાસબત્રીસી' (ચંદુલાલ શાહ), 'રસિકાના રાસ' (કેશવલાલ ચ. પટેલ), 'રાસજ્યોતિ' (ધનિષ્ઠા મજમુદાર).

જૂની પેઢી

જૂની પેઢીની શૈલીએ આજે બહુ જ ઓછી કવિતા લખાય છે. જેઓ લખે છે તેમાંનો એક ભાગ પ્રાચીન ભક્તિસંપ્રદાયો સાથે સંપર્ક રાખનારા ભક્ત કવિઓનો છે, અને બીજો ભાગ વિષયાનુરૂપત્વે કરીને કોઈકોઈ જ વાર જૂની શૈલીને પોતાની કોઇકોઇ કવિતારચના માટે પસંદ કરે છે. એવી કવિતાઓ નવીન અને મધ્યમ પેઢીના કવિતાસંગ્રહોમાં સમાઈ જાય છે. જૂની પેઢીની કવિતાનો વર્તમાન કાળે થતો સમુદ્ધાર એ આ પેઢીની કવિતાઓના વર્તમાન કાળે થતા સંગ્રહોનો એક ત્રીજો વિભાગ છે. એકંદરે જોઇએ તો આ પેઢીની નવી કવિતા તેજસ્વી લાગતી નથી, તેને બદલે એ પેઢીની કવિતાનો અભ્યાસ વધુ તેજસ્વી જણાય છે અને એના અભ્યાસીઓનાં સંપાદન-સંશોધનકાર્યો વધારે નોંધપાત્ર બને તેવાં છે.

'રાસ સહસ્રપદી' અને 'હારમાળા' (સં. કેશવરામ કા. શાસ્ત્રી): નરસિંહ મહેતા કૃત આ બેઉ કાવ્યોનાં આ સમર્થ સંશોધનો છે અને તેમાં પ્રાચીન પદ્યરચનાના અંકોડા મળી રહે છે. મળી શકેલી હસ્તપ્રતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. 'ઉષાહરણ' (સં. ભોગીલાલ સાંડેસરા): પાઠ સંશોધનની ચીવટાઇ અને વિદ્વત્તાભર્યો ઉપોદ્ઘાત એ તેની વિશેષતાઓ છે. 'કુંવરબાઇનું મામેરું' (સં. મગનલાલ દેસાઇ): અભ્યાસીઓ અને એ જૂના કાવ્યના રસિકો માટે તે ખાસ તૈયાર કરવામાં આવેલું છે.

'ભજનસંગ્રહ' (સં. પં. બેચરદાસ): કબીર, નાનક, નરસિંહ, દયારામ નિષ્કુલાનંદ, મુક્તાનંદ, સૂરદાસ અને કેટલાક જૈન ભક્તોનાં ગીત-પદ-ભજનોનો આ સંગ્રહ છે. તેમાંની ચૂંટણી સરસ છે, પરન્તુ વિશિષ્ટ દૃષ્ટિ તો તે તે કવિઓની ભાષાના અને તેમણે કરેલા શબ્દપ્રયોગોના અભ્યાસની છે.

'ગવરી કીર્તનમાળા' (સં. મસ્ત): ૧૭૫ વર્ષ પહેલાં થઇ ગયેલાં ગવરીબાઇનાં વૈરાગ્યનાં પદોનો આ સંગ્રહ છે. કીર્તનો કેવળ સામાન્ય પ્રકારનાં છે.

'નિરાંતકાવ્ય' (સં. નટવરલાલ લલ્લુરામ પંડ્યા): વડોદરાની નિરાંત પંથની ગાદીના મહંતની પ્રેરણાથી એ પંથમાં થઈ ગયેલા ભક્તો અને કવિઓએ રચેલાં પદો-ભજનોનો આ સંગ્રહ થવા પામ્યો છે. જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની ભાવના અને પદોની વાણી એ બધું ય તળપદું છે. 'રવિભાણ સંપ્રદાયની વાણી' (પ્ર. મંછારામ મોતીરામ): ખંભાળિયા તથા શેરખીમાં

સંપ્રદાયની ગાદી સ્થાપનાર ભાણુ સાહેબ, તેમના શિષ્ય રવિ સાહેબ, ખીમદાસજી અને બીજા સંતોની પદ્યવાણીનો આ સંગ્રહ છે. ભાણુ સાહેબ ૧૮મા શતકના ઉત્તરાર્ધમાં થઇ ગયા. નરસિંહ મહેતા પછી જેટલા પદપ્રકારો થોડ્યા છે તેનાં અનુકરણો આમાંનાં પદોમાં દેખાવ દે છે. 'પ્રેમરસવાણી' (મહારાજ નારાયણદાસજી)માં ભજનોનો સંગ્રહ છે, જેમાં ઉપનિષદ્ કાળથી માંડીને ૧૮–૧૯મી સદી સુધીના સંતોની વાણીની અસર દેખાય છે.

નાટક

નાટકનું સાહિત્ય ગુજરાતી ભાષામાં બહુ દૂબળું રહેલું મનાતું આવ્યું છે, પણ તે દેખાય છે એટલું દૂબળું નથી. તે દૂબળું દેખાય છે તેનું કારણ એ છે કે ભજવવાનાં નાટકો પૂરેપૂરાં છાપીને પ્રસિદ્ધ કરવામાં આવતાં નથી; માત્ર ગાયનો અને સારની પુસ્તિકાઓ છાપીને નાટક જોનારાઓ માટે એ નાટકોને અનામત રાખવામાં આવે છે. એ ખરું કે રંગભૂમિની રચના, પાત્રોનાં કાર્ય તથા ગતિ, ભાવોની ઉત્કટતા તથા શિથિલતા એ બધા દૃષ્ટિના વિષયો છે અને તેથી એ નાટકો દર્શનપ્રધાન હોઈ વાચનક્ષમ ઓછાં બને છે. દૃશ્ય, કાર્ય, ગતિ, ભાવ ઇત્યાદિ દૃષ્ટિના વિષયોને વાચનક્ષમ બનાવી શકાય, પણ દૃશ્ય નાટકોના સંચાલકો એ તકલિફ લેતા નથી. કદાચ તેઓ એમ માનતા હશે કે નાટક વાંચનારાઓ તેનો પ્રયોગ જોવા માટે નહિ આવે. વર્ષોથી આ જ પદ્ધતિ દૃશ્ય નાટક ભજવનારાઓ પકડી રહ્યા છે. જૂની મોરબી અને વાંકાનેર નાટક કંપનીઓ પૂરાં નાટકો છપાવી પ્રસિદ્ધ કરતી, બાલીવાલાની નાટક કંપનીનાં કેટલાંક ઉર્દૂ નાટકો ગુજરાતી લિપિમાં છપાયેલાં હતાં, અને ઘણાં મરાઠી નાટકો પણ પૂરેપૂરાં પ્રસિદ્ધ થયેલાં જોવામાં આવે છે; પરન્તુ ગુજરાતી નાટક કંપનીઓએ એ પદ્ધતિ વર્ષોથી તોડી છે તે પાછી જોડી નથી. રંગભૂમિની રચના, કાર્ય, ગતિ, ભાવાદિને દૃશ્ય ને શ્રાવ્ય સ્વરૂપે જ રજૂ કરવા ઉપર તેમને પોતાની સફળતાનો વિશ્વાસ હશે, લેખનમાં તે રજૂ કરવામાં તેમને કદાચ સફળતા માટે વિશ્વાસ નહિ હોય; પણ કેટલાંક દૃશ્ય નાટકો વાચ્યસ્વરૂપે પણ રસદાયક થવાની ગુણવત્તાવાળાં હોય છે. પૂરાં નાટકો પ્રસિદ્ધ કરવાની પ્રથાથી તેમને આર્થિક હાનિ થવાનો ભય કાંઇક વધુપડતો લાગે છે. નાટકસાહિત્યની દૂબળી અવસ્થા એ નાટકો પુસ્તકાકારે અપ્રસિદ્ધ રહેતાં હોવાથી વિશેષ દેખાય છે.

ઓલપટો પણ નાટકો તો છે જ, પરન્તુ તેમાં વાચ્ય ગુણ ઓછો અને

દૃશ્ય ગુણ વિશેષ હોય છે, છતાં જનતાના મન ઉપર નાટકનું દર્શન જેટલી પ્રબળ અસર પાડે છે તેટલી જ પ્રબળ અસર ઓલપટો પાડે છે, એટલે લોકમાનસ ઉપર સાહિત્યની સંસ્કારયુક્ત અસર પાડવાની દૃષ્ટિએ ઓલપટો નાટકના પ્રદેશમાં જ આવી જાય છે. કાંઈક વાચ્ય ગુણની ઓછપને લીધે અને કાંઇક મોટા ભાગનાં ઓલપટો હિંદી ભાષામાં હોવાને લીધે ગુજરાતી સાહિત્યમાં એ ઓલપટોની ગણત્રી કરવામાં આવતી નથી. સાહિત્યનાં પત્રો કે સાહિત્ય-વિવેચનના ગ્રંથો એની સમીક્ષાથી દૂર રહે છે. ઓલપટનાં વિવેચન-સમીક્ષાનું કાર્ય તે માટેનાં ખાસ પત્રો જ કરે છે; પરંતુ એ વિવેચનો ઓલપટોનાં ટેકનિક, પાત્રોના પોશાક, સંગીતની સરસતા-નીરસતા, પ્રસંગોની રજૂઆતને સ્પર્શતાં વિશેષ પ્રમાણમાં હોય છે. વસ્તુસંકલના, સંવાદની યથાર્થતા, ભાવનિરૂપણની દૃષ્ટિએ વાણીનો સુસંવાદ ઇત્યાદિ સાહિત્યસ્પર્શી અંગોને એવાં વિવેચનોમાં કોઈક જ વાર છણવામાં આવે છે. આવી છણાવટ જરૂરી લાગે છે, કારણ કે વર્તમાન નાટક સાહિત્યનું એ એક મહત્ત્વનું અંગ બની ગયું છે.

આ પાંચ વર્ષના ગુજરાતી નાટક સાહિત્યમાં એકાંકી નાટિકાઓનો જ ફાલ સૌથી મોટો છે; એક જ વસ્તુ પ્રતિ નિષ્ઠાવંત એવાં સંપૂર્ણ નાટકો ગણ્યાંગાંઠ્યાં છે. નાટિકાઓમાં ય સાંસારિક-સામાજિક પ્રશ્નોની છણાવટ કરતાં અને રસદૃષ્ટિએ હાસ્ય તથા કરુણને અંગભૂત બનાવતાં વસ્તુઓવાળી નાટિકાઓ વિશેષ છે. નવલિકાઓ અને નવલકથાઓનાં ભાષાંતરોના પ્રમાણમાં નાટક-નાટિકાઓનાં ભાષાંતર-અનુવાદોનું પ્રમાણ ઓછું છે.

નાટકો

'પુણ્યકથા' (કવિશ્રી નાનાલાલ) એ વૈરાગ્ય, સંયમ, તપસ્યાના મહિમાગીત સમું નાટક છે. ગીત-છંદના છંટકાવ સાથે અપદ્યાગદ્યમાં તે લખાયેલું છે. તેનાં પાત્રો ભાવનાની મૂર્તિ સમાં છે અને કાર્યવેગમાં મંદતા દાખવે છે. જીવનને પુણ્યવંતું બનાવવાનો સંદેશો તે આપે છે. 'મૃગતૃષ્ણા' (ખટાઉ વ. જોષી)-માં નાટકનું સળંગપણું બરાબર નથી એટલે છૂટાં છૂટાં દૃશ્યોનો સમૂહ તે બની ગયો છે. આધિભૌતિક સુખવાદને મૃગતૃષ્ણા રૂપે ઓળખાવીને એ નાટક બોધપ્રધાન બની રહે છે.

'ઈશ્વરનું ખૂન' ('દિવ્યાનંદ') એ નાટક સંસારત્યાગી ધર્મગુરુઓના વૈભવવિલાસો ઉપરની જનતાની ઘૃણાના પ્રત્યાઘાત રૂપે લખાયેલું છે; તેનો ધ્વનિ એ છે કે બધા વિલાસી ધર્મગુરુઓ પતિત નથી હોતા, કેટલાક સત્યપ્રેરણા પામ્યા હોય છે અને વ્યક્તિ તથા સમષ્ટિનો ઉદ્ધાર કરી શકે છે. એ જ

લેખકનું બીજું નાટક 'યોગી કોણ?' સાંસારિક નાટક છે, જેમાં એક વિષયી પુરુષની કુદૃષ્ટિનો ભોગ થઈ પડેલી પત્નીને તેનો ગુણવાન ને ઉદાર પતિ ક્ષમા આપે છે અને તેમના જીવનના માર્ગો ઇષ્ટ પરિવર્તન પામે છે. એઉ નાટકોની શૈલીમાં શિથિલતા છે, પરન્તુ પાત્રાલેખન આશારૂપદ છે.

'અંજની' (રમણલાલ વ. દેસાઈ) એ રંગભૂમિ પર ભજવવાની દૃષ્ટિએ લખાયેલું છતાં એક સુવાચ્ય નાટક બન્યું છે. વર્તમાન સમાજનું પ્રતિબિંબ ઝીલીને તેમાં એ સિદ્ધાંત પ્રતિપાદ્યો છે કે સમાજનું દુઃખ ધન અને સુખની વહેંચણી કરવાની અવ્યવસ્થામાં જ રહેલું છે. 'કાળચક્ર' (ગોવિંદભાઈ અમીન) એ પાત્રાલેખન અને પ્રસંગવિધાનમાં શિથિલ નાટક છે, પરન્તુ લેખકની દૃષ્ટિ સહૃદયતાયુક્ત છે અને તે આ નાટક દ્વારા કહે છે કે ગામડાના જીવન ઉપર ધસતું શહેરનું કાળચક્ર ગ્રામજનતાનો અધઃપાત કરે છે, અને એ રીતે નાટક કરુણરસપર્યવસાયી બને છે.

જેને ઐતિહાસિક કહી શકાય તેવાં નાટકો માત્ર બે છે. 'વૈશાલીની વનિતા' (પ્રહ્લાદ ચંદ્રશેખર દીવાનજી)માં ઈ. સ. પૂર્વેના ચોથા સૈકાનું ધાર્મિક, રાજકીય, સામાજિક અને આર્થિક વાતાવરણ તે કાળના ઊંડા અભ્યાસ પછી આલેખવામાં આવ્યું છે. પાત્રો ઐતિહાસિક ન હોવા છતાં વાતાવરણ સામાજિક ઇતિહાસ-લક્ષ્યને સાર્થક કરે છે. આખું નાટક ગદ્યમાં છે અને સુવાચ્ય છે, જોકે કલાદૃષ્ટિએ ઊતરતું છે. 'રાજનન્દિની' (કેશવ હ. શેઠ) એ રંગભૂમિ ઉપર ભજવવાની દૃષ્ટિએ લખાયેલું ગદ્ય–પદ્યયુક્ત ઐતિહાસિક નાટક છે. મહારાણી મીનળદેવીના લગ્નકાળથી માંડીને તેની સતીત્વની વિજયભાવના સુધીના પ્રસંગો તેમાં ગૂંથી લેવામાં આવ્યા છે. સંવાદો અને આડકથા પણ રંગભૂમિની દૃષ્ટિએ યોજાયાં છે.

'વહેમનાં વમળ' (કુલીનચંદ્ર દેસાઈ) એક સામાજિક નાટક છે અને 'યુગદર્શન' (મૂળજીભાઈ શાહ) એક રાષ્ટ્રીય નાટક છે. બેઉ નાટકો રંગભૂમિ માટે લખાયાં છે અને એમેટરોએ ભજવેલાં છે. નાટક સાહિત્યમાં તે ઊતરતું સ્થાન ધરાવે તેવાં છે. 'સ્ત્રીગીતા' (રામચંદ્ર ઠાકુર) એ શ્રી ચતુર્ભુજ ભાણકેશ્વર ભટ્ટે લખેલી વાર્તા બીજળી ગામડિયણનું નાટક રૂપે રૂપાંતર છે. અભણ અને સામાન્ય સ્ત્રીઓ માટે તેમાં બોધ રહેલો છે.

'નાગા બાવા' (ચંદ્રવદન મહેતા) એ દ્વિઅંકી નાટક છે, જેમાં ભિખારીઓની સૃષ્ટિનું વાસ્તવદર્શી તથા કલ્પનાપ્રધાન વસ્તુ સફળતાથી ગૂંથવામાં આવ્યું છે. આ ઉપરાંત તેમાં બે બાળનાટકો 'રમકડાંની દુકાન' અને 'સંતાકુકડી' તેમજ 'નર્મદ'ની ચરિત્રદર્શક નાટિકા પણ સંગ્રહી લેવામાં આવ્યાં

છે. નાટક અને નાટિકાઓ ભજવી શકાય તેવાં છે તે સાથે વાચનક્ષમ પણ ઓછાં નથી.

અનુવાદો

પાંચ વર્ષમાં ત્રણ જ નાટકો બીજી ભાષાઓમાંથી અનુવાદિત થઈને બહાર પડ્યાં છે, પણ એ ત્રણે નાટકો સારી કોટિનાં છે અને નાટક સાહિત્યમાં સારો ઉમેરો કરે છે. 'ઉપર બહાર' (અનુ. મૂળશંકર પાધ્યા) પ્રો. અત્રેએ લખેલા 'ધરા બાહેર'નો અનુવાદ છે. બહારથી સભ્ય અને ખાનદાન દેખાતા પુરુષો કેવા દુર્ગુણી અને દંભી હોય છે તે પ્રત્યેના કટાક્ષ સાથે નાટક કરુણ અને હાસ્યની જમાવટ કરે છે. નાટક ગદ્યમાં છે અને સંવાદકળા સુંદર હોવાથી સુવાચ્ય બન્યું છે. 'અલકા' (અનુ. માણેકલાલ ગો. જોષી) એ શરદબાબુના શોકપર્યવસાયી નાટકનો અનુવાદ છે. તેમાં સેવાપરાયણ સ્ત્રી દ્વારા દાઝડિયા જમીનદારનું હૃદયપરિવર્તન દર્શાવ્યું છે. 'સંભાવિત સુંદરલાલ' (અનુ. રત્નમણિરાવ ભીમરાવ) એ જેમ્સ બેરીના Admirable Crichtonનું રૂપાંતર છે. તેમાં સામાજિક જીવન અને માન્યતાઓ ઉપર કટાક્ષાત્મક રીતે દૃષ્ટિપાત કરવામાં આવ્યો છે. અનુવાદ સુવાચ્ય બન્યો છે.

નાટિકાઓ

એકાંકી નાટિકાઓના સંગ્રહો અને નાની છૂટી નાટિકાઓનો ફાલ પ્રમાણમાં મોટો છે. નાટિકાઓ મુખ્યત્વે સંસાર અને સમાજના પ્રશ્નોને સ્પર્શે છે અને કટાક્ષાત્મક તથા પ્રહસનરૂપાત્મક વિશેષાંશે છે. ચરિત્રાત્મક અને ઐતિહાસિક નાટિકાઓ જૂજ છે. એકંદરે જોતાં નાટકો કરતાં નાટિકાઓ કલાદૃષ્ટિએ વિશેષ ચઢિયાતી છે અને તેથી રંગભૂમિ પરના પ્રયોગોમાં તેમાંની ઘણીખરીને ઠીકઠીક સફળતા વરી છે.

'અંધકાર વચ્ચે' (ઈંદુલાલ ગાંધી) માં પાંચ નાટિકાઓ સંગ્રહી છે. વસ્તુ આછું-પાંખું અને ક્રિયાશીલતા સ્વલ્પ એવી આ નાટિકાઓ રસભર્યા સંવાદો જેવી બની છે. કવિહૃદય તેની પાછળ ધબકી રહ્યું છે એટલે કાવ્યાસ્વાદ મેળવી શકાય તેમ છે, પણ તેમાં દર્શનક્ષમતા નથી. એ જ લેખકનો બીજો નાટિકાસંગ્રહ 'અપ્સરા અને બીજાં નાટકો' પહેલા કરતાં કાંઇક ચઢે તેવા આયોજનવાળો છે. પાત્રોની મેળવણી તથા મુખ્ય પ્રશ્નને સ્પષ્ટ કરવાની દૃષ્ટિ વધારે લક્ષ્યાર્થી બની છે. તેમાં ય પાંચ નાટિકાઓ છે, અને માનવજીવન તથા માનવસંસારને સ્પર્શતા પ્રશ્નો વણેલા છે. રસપ્રધાનતા કરતાં ઉપદેશપ્રધાનતા વિશેષ છે.

'પરી અને રાજકુમાર તથા બીજાં નાનાં પાંચ નાટકો' (રમણલાલ

વ. દેસાઇ): એ નાટિકાઓમાં, રંગભૂમિ પર એમેટરો ભજવી શકે તેવી તખ્તાલાયકીની ગુણવત્તા અને રસપ્રધાનતા રહેલી છે. 'રાખનાં રમકડાં' (ભાસ્કર વહોરા) માં સાત નાટિકાઓનો સંગ્રહ છે. બર્નાર્ડ શૉ અને ઇબ્સિન જેવા પાશ્ચાત્ય નાટ્યલેખકોના વિચારો તથા નિરૂપણરીતિઓની તેમાં અસર રહેલી છે. સંસારનાં જુદાંજુદાં પાસાંઓની આસપાસ તેમાંનાં વસ્તુ પરિભ્રમણ કરે છે અને બુદ્ધિશાળી પાત્રો જ મુખ્ય ભાગ ભજવતાં હોવાથી તેમાં જેટલું વિચાર-પ્રાધાન્ય છે તેટલું ભાવ કે રસનું પ્રાધાન્ય નથી. સંવાદોમાં કોઇકોઇ સ્થળે ચમક દેખાય છે. કેટલાંક પાત્રો પશ્ચિમના વિચારોનાં દેશી સ્વાંગધારી પૂતળાં હોય તેવાં દેખાય છે. 'છેલ્લો ફાલ' (ધનસુખલાલ મહેતા) એ પણ અંગ્રેજી ઉપરથી ઉતારેલી બાર નાટિકાઓનો સંગ્રહ છે, પરન્તુ તેનાં ભાષાંતર રૂપાંતર ચોટદાર બન્યાં છે. 'રાજાની રાણી' (રમણીકલાલ દલાલ)માં મીરાં, જુલિયટ અને સ્વીડનની મહારાણી એ ત્રણે રાણીઓના જીવનવિષયક ઐતિહાસિક નાટિકાઓ છે.

'ન્યાતનાં નખરાં' (ગજેન્દ્રશંકર પંડ્યા) એ સામાજિક નાટિકામાં ધરાર-પટેલાઈનાં દૂષણોનો પરિચય કરાવવા ઉપરાંત ન્યાતસુધારો કરવા મથતા જુવાનિયાઓની પ્રવૃત્તિનું દર્શન કરાવ્યું છે, જોકે તેમાં નાટ્યતત્ત્વ ઓછું છે. 'એક જ પત્ની' (છોટુભાઇ ના. જોષી) એ સાધારણ કોટિની સાંસારિક નાટિકા છે. 'નવા યુગની સ્ત્રી' (શારદાપ્રસાદ વર્મા)માં ત્રણ નાટિકાઓનો સંગ્રહ છે, અને ત્રણેમાં સ્ત્રીત્વનાં જુદાંજુદાં પાસાંને સ્પર્શવામાં આવ્યાં છે. તેજસ્વી નારીત્વનો આદર્શ રજૂ કરવાનો તેમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે અને સ્ત્રીઓ તથા કુમારિકાઓ ભજવી શકે એ તેના લેખન માટેનું પ્રધાન દૃષ્ટિબિંદુ હોવાથી આત્યંતિક કરુણ અને શૃંગારને આવવા દીધા વિના બહુધા સ્ત્રીપાત્રોનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રકટ રીતે ધ્યેયને જ જ્યારે દૃષ્ટિબિંદુ બનાવવામાં આવે છે ત્યારે નાટિકાઓ રસનિષ્પત્તિમાં મોળી જ રહે છે. 'રેડિયમ અને બીજાં નાટકો' (ગોવિંદભાઈ અમીન)માંની નાટિકાઓ સંવાદો અને વાર્તાના મિશ્રણ જેવી બની છે. 'જવનિકા' (જયંતી દલાલ) માંની એકાંકી નાટિકા માટે વર્તમાન સંસારના કૂટ પ્રશ્નોએ જોઇતું વસ્તુ પૂરું પાડ્યું છે. કટાક્ષ, ઉપહાસ અને વેધક ઊર્મિલતા એ એમાંના સંવાદોના મુખ્ય ગુણો છે. બધી નાટિકાઓ ભજવી શકાય તેવી છે અને લેખકને નાટિકાલેખનનાં આવશ્યક તત્ત્વોની સારી પેઠે માહિતી પણ છે. પાત્રાલેખનમાં સબળતા અને સજીવતા છે.

'કલાનો નાદ' (કાલિદાસ ના. કવિ) એ એક રૂપક એકાંકી નાટિકા છે જેનો પ્રધાન સંદેશ એ છે કે 'સાચો કલાકાર જ્યારે કલાસેવા કરતો હોય છે ત્યારે આખા જગતના અસ્તિત્વને ભૂલી જાય છે અને જ્યારે કલાપૂજનમાં

લીન થઈને બેઠો હોય છે ત્યારે પડોશમાં લાગેલી આગ પણ તેને ક્ષુબ્ધ કરી શકતી નથી.' આમ ધૂનીપણાને મૂર્તિમંત કરવાના ધ્યેયને કારણે નાટિકા રસ-નિષ્પત્તિમાં મોળી પડે છે. 'વેણુનાદ' (ગોવિંદભાઈ અમીન) એ પાંચ એકાંકી નાટકોનો સંગ્રહ છે. કોઈ કૂટ પ્રશ્નોને સ્પર્શવાને બદલે પ્રાસંગિક ઘટનાઓને નાટકરૂપે વણીને તેમાંથી રસ વહાવવાનો યત્ન એ બધાં નાટકોમાં દેખાઈ આવે છે.

હાસ્ય અને કટાક્ષ વેરતી નાટિકાઓ આ પાંચ વર્ષમાં ઠીક પ્રમાણમાં બહાર પડી છે, અને તેના લેખનમાં સારા લેખકોએ ભાગ લીધો હોઈ નાટિકાઓનો એ ખૂણો ઠીકઠીક ખીલ્યો છે. 'રંગલીલા' (કલમ મંડળ) એ રજૂ થયું છે સળંગ નાટક રૂપે, પરન્તુ સૂરતના જુદાજુદા હાસ્યલેખકોની કૃતિઓમાંથી ચૂંટેલી વાનગીઓનો એ શંભુમેળો છે અને એકબીજી વાનગીઓને જોડી દેવાની કલ્પનામાં રમૂજ તથા આકર્ષણ રહેલાં છે. એક વસ્તુમાંથી બીજી વસ્તુમાં પ્રવેશ કરતાં જે વિષયાંતર થાય છે તેનો ભાસ ન થવા દેવાની હિકમત એમાં ધ્યાન ખેંચે તેવી છે. 'પ્રેમનું મોતી અને બીજાં નાટકો' (ચંદ્રવદન મહેતા)માં આઠ નાટિકાઓ સંગ્રહી છે, જેમાંની પાંચ કટાક્ષ અને ઉપહાસ દ્વારા વસ્તુની ચોટ દાખવે છેઃ 'દેડકાંની પાંચશેરી', 'ધારાસભા', 'ઘટમાળ', 'લગનગાળો' અને 'ત્રિયારાજ'. 'કલ્યાણ' એ સંગીત-નાટક છે. બધી નાટિકાઓ તખ્તાલાયક છે અને કેટલીક તો સફળતાપૂર્વક ભજવાઈ પણ છે. 'ચાર એકાંકી નાટકો' માંનું એક 'દુર્ગા' (ઉમાશંકર જોષી) ગંભીર છે અને બીજાં ત્રણ પ્રહસનો છેઃ 'દેડકાંની પાંચશેરી' (ચંદ્રવદન મહેતા), 'ગૃહશાંતિ' (ઉમાશંકર જોષી) અને 'ભગવદજ્જુકીય' (સુંદરમ્). એમાં 'ગૃહશાંતિ' અંગ્રેજીમાંથી અને 'ભગવદજ્જુકીય' સંસ્કૃતમાંથી ઉતારેલાં છે. 'હિમાલય સ્વરૂપ અને બીજાં નાટકો' (હંસા મહેતા) એ અંગ્રેજીમાં જેને 'સ્કિટ' કહે છે તે પ્રકારનાં પ્રહસનોનો સંગ્રહ છે. તેમાંનું એક 'આંખે પાટા' કરુણાની ગાઢ છાયાથી વીંટાયેલી કટાક્ષાત્મક નાટિકા છે. બાકીનાં બધાં પ્રહસનોમાં વર્તમાન સામાજિક–સાંસારિક જીવનમાંથી ચૂંટેલી વિષમતાઓને કટાક્ષ સાથેની હળવી શૈલીથી રજૂ કરી છે. વિધવાને 'ગંગાસ્વરૂપ' કહેવામાં આવે છે તેમ 'વિધુર'ને શા માટે 'હિમાલયસ્વરૂપ' ન કહેવામાં આવે એવો કટાક્ષ મુખ્ય પ્રહસનમાં કર્યો છે અને એ જ એની પરાકાષ્ઠા બને છે. 'શકુંતલાની સાન્નિધ્યમાં' (પદ્માવતી દેસાઈ અને 'ભરત ફકીર') એ પ્રહસનમાં ભૂતકાળને વર્તમાન કાળની તુલનામાં ખડો કર્યો છે, તેથી હાસ્યનું વાતાવરણ જામે છે. નાટિકા ભજવવા યોગ્ય છે. 'ભીલકુમારી' (પદ્માવતી દેસાઈ) એ પ્રહસનમાં નાનાલાલની આડંબરી શૈલીના સંવાદો યોજાયા છે. 'સંવાદો' (વ્યોમેશચંદ્ર પાઠકકૃત, સં. જયમનગૌરી પાઠકજી)

માં સાહિત્ય, નીતિ તથા સમાજમાંના અનિષ્ટ અંશો પ્રત્યે કટાક્ષ કરીને તે દ્વારા રમૂજ આપવાનો ઉદ્દેશ રાખેલો છે.

નવલિકા

પાંચ વર્ષની ગુજરાતી નવલિકાઓનો એકંદર ફાલ સમૃદ્ધ કહી શકાય તેવો છે, પરન્તુ વર્ષાનુવર્ષ એ ફાલ પ્રમાણમાં ઊતરતો જતો જણાય છે. ૧૯૩૭ માં નવલિકાઓના ૩૦ સંગ્રહો બહાર પડ્યા હતા, જ્યારે પાંચ વર્ષમાં આશરે ૭૫ સંગ્રહો અને થોડી છૂટી કથાઓ પ્રસિદ્ધ થઈ છે. કેટલાક નિષ્ણાત નવલિકા-લેખકોએ નવલિકાલેખન બંધ કરીને સાહિત્યરચનાના બીજા પ્રદેશોમાં વિહરવા માંડયું છે તેથી તેમનો નવલિકાઓનો પ્રવાહ લગભગ બંધ પડ્યો છે. પાંચ વર્ષ દરમિયાન થોડા નવા લેખકો આ ક્ષેત્રને સાંપડ્યા છે, જેમાં ગણ્યાગાંઠ્યા લેખકો એ ક્ષેત્રને દિપાવે તેવા પણ છે, છતાં કોઈ નૂતન તેજસ્વી શૈલી એ ક્ષેત્રમાં પ્રકટી નથી. બૃહન્નવલિકાઓ અથવા નાની નવલકથાઓ અને વાસ્તવદર્શી તથા આદર્શલક્ષી નવલિકાઓની સાથેસાથે ભાવકથાઓ, રસકથાઓ, રેખાચિત્રો, પ્રસંગચિત્રો ઇત્યાદિ અનેક પ્રકારની રચનાઓ ઘણા લેખકોએ પોતપોતાના સંગ્રહોમાં એકઠી કરીને આપી છે, એટલે કોઇ એક સંગ્રહ અમુક એક જ પ્રકારની નવલિકાઓનો સંગ્રહ બની રહે એવાં પુસ્તકો તો ગણ્યાંગાંઠ્યાં જ છે અને બાકીના બધા સંગ્રહો રસ, ભાવ કે વસ્તુની પ્રકીર્ણતા દર્શાવી રહે છે. વસ્તુનિષ્ઠ, રસનિષ્ઠ અને ભાવનિષ્ઠ કથાઓ ઘણા સંગ્રહોમાં સાથેસાથે મુકાઈ છે, એટલે એ સંગ્રહોનું વર્ગીકરણ શક્ય બને તેમ નથી; છતાં એકંદર પ્રવાહ ઉપરથી એટલું કહી શકાય તેમ છે કે આ લેખકોમાં વાસ્તવદર્શિતા વધારે આવી છે અને માનવસમાજ તથા વર્તમાન સંસારના પ્રશ્નોની છણાવટ તરફ તેમનું ધ્યાન વધુ ખેંચાયેલું રહ્યું છે. માનવજીવનના સ્થાયી ભાવોને સ્પર્શતી નવલિકાઓ અને ઐતિહાસિક વસ્તુઓને વિશદ કરતી નવલિકાઓ બહુ જૂજ લખાઈ છે. કલાદૃષ્ટિએ ઊતરતા વર્ગની નવલિકાઓનું પ્રમાણ મોટું છે અને તે વસ્તુકથન વડે માત્ર મનોરંજનનું કાર્ય યથાશક્તિ કરે છે. અનુવાદોમાં શૈલીની અને વસ્તુઓની અભિનવતા વધુ સાંપડે છે અને કેટલાક સંગ્રહો તો એવા છે કે જેની વાર્તાઓની કોટિમાં શોભે એવી વાર્તાઓ આપણે ત્યાં બહુ જૂજ જોવામાં આવે છે.

'મલ્લિકા અને બીજી વાતો' ('ધૂમકેતુ')માં 'મલ્લિકા' એક નવલકથા

છે અને બાકીની ૧૧ નવલિકાઓ છે. એ નવલકથાની વસ્તુ [illegible] તેનું પાત્રાલેખન વિશેષ સુઘડ રીતે થયું છે અને કથાનાં મુખ્ય તેમ જ પાત્રો સમાન તેજસ્વી રંગે રંગાવાને લીધે તથા એ પાત્રોને સ્પર્શતા વસ્તુનું કથન એકબીજાથી છૂટું પડી જવાને લીધે, એકબીજાથી સાંકળેલી નવલિકાઓ જેવું સ્વરૂપ એ નવલકથા પામી છે. કથાનાં પાત્રો તેજદાર વ્યક્તિત્વનાં સ્વામી છે અને તેથી તે તેજ પ્રસાર્યા વિના રહેતાં નથી. આ સંગ્રહમાંની નવલિકાઓ શ્રી 'ધૂમકેતુ'ના 'તણખા'મંડળોનો અવશેષ હોય તેવી તેજસ્વી અને માનવતાનું મંગળ દર્શન કરાવનારી છે. ત્યારપછી તેમણે આપેલી 'ત્રિભેટો'માંની નવલિકાઓ તેમની પહેલાંની નવલિકાઓ જેટલી ઊંચી ટોચે ગયેલી નથી. શૈલી એ જ છે, જીવનવિષયક કલ્પનાઓ એટલી જ દિગંતગામી છે, પરન્તુ એ વિચારસંભારમાં વધારે ઘટ્ટ બની છે અને તે કારણે રસનિષ્પત્તિમાં ઊણી જણાય છે. લેખક જીવનલક્ષ્યને નથી ચૂક્યા પરન્તુ તેમનાં પાત્રો ભાવનાઘેલાં વધુ બન્યાં છે અને તેટલા પ્રમાણમાં તે વાસ્તવિકતાથી દૂર પડેલાં લાગે છે.

'પિયાસી' ('સુંદરમ્')માંની નવલિકાઓમાં વસ્તુઓનું વૈવિધ્ય હોવા છતાં એક પ્રકારની ધ્યેયની એકસૂત્રતા રહેલી છે. દરેક કથાના મૂળમાં છૂપી પિયાસ–ઝંખના છે. નારીને સંતાનની, શ્રમજીવીને ધનની; સૌંદર્ય માણનારને સ્થૂળ સુખની, બેકારને ધંધાની, માસ્તરને પત્નીની, સ્ત્રીને પરાક્રમી સહચારીની, જીવનથી થાકેલા ડોસાને પરમાત્માની અને દંભથી ભરેલા સમાજને સહૃદયતાની ઝંખના પીડી રહી છે. જીવનના બાહ્ય અને આભ્યંતર પ્રવાહોને વણીને કથાવસ્તુ સર્જવું અને તેને સચોટ રીતે ગૂંથવું એ કળા લેખકે હસ્તગત કરી છે, અને કથાનો ધ્વનિ અણછતો રહેતો નથી. એ જ લેખકની 'બોલકી અને નાગરિકા'માંની નવલિકાઓ વર્તમાન સમાજ અને સંસારની કેટલીક ગંદકીઓનું દર્શન કરાવે છે. એ ગંદકીઓના દર્શનથી હીણી માનવતા પ્રતિ જુગુપ્સા ઉપજે છે, પરન્તુ બધી નવલિકાઓનો ધ્વનિ એકસરખી રીતે જુગુપ્સા પ્રેરીને મંગલ ધ્વનિ પ્રકટાવતો નથી. 'બોલકી' કથામાં જે ધ્વનિ છે તેવો ધ્વનિ બીજી નવલિકાઓમાંથી પ્રકટતો નથી; સંસારની આ બીભત્સતા છુપાવી રાખવા જેવી નથી હોતી, પરન્તુ તે પ્રકટ કરવાની શૈલીની ઊણપને લીધે આમાંની નવલિકાઓ સામે ઠીકઠીક વિરોધ પણ ઊઠ્યો હતો.

'અખંડ જ્યોત' ('સોપાન')માં બે લાંબી પ્રેમકથાઓ છે. પ્રત્યેકમાં એક એક યુગલની કથા દ્વારા લગ્નજીવનમાં પ્રેમનું સ્વરૂપ, જીવનમાં નિર્મળ રસ

તથા કર્તવ્યભાવના અને પ્રેમનો નિભાવ કરવામાં વેઠવી પડતી હાડમારીનો ખ્યાલ મળે છે. જેવી એ હેતુપ્રધાન મોટી કથાઓ છે તેવી જ તેમની નવલિકાઓનો સંગ્રહ 'ઝાંઝવાનાં જળ' છે. એ નવલિકાઓ માટે લેખકે વર્તમાન સંસારજીવનમાંથી પ્રેરણા મેળવી છે અને તેમાં લગ્નવ્યવસ્થા, માનવની વૈવિધ્યની વાસના, સ્ત્રીઓની આર્થિક સમાનતા તથા સ્વતંત્રતા, ત્યક્તા સ્ત્રીઓનો પ્રશ્ન, જાતીય આકર્ષણનું અદમ્ય બળ, નિર્બંધ પ્રેમ, એ બધા કૂટ પ્રશ્નોની છણાવટ કરી છે. હેતુપ્રધાનતાને લીધે રસદૃષ્ટિએ કથાઓ મોળી પડે છે. એમનો ત્રીજો સંગ્રહ 'અંતરની વ્યથા'માં પાંચ સત્યાગ્રહી સૈનિકોની આપવીતીઓ આપે છે. સત્યાગ્રહીઓમાં ભળેલાઓનો એક ભાગ નવીનતા, આરામ કે સમાધાન શોધનારાઓનો હતો એમ તે કથાઓ બતાવે છે અને તે ઉપરાંત મવાલી, હિંસાવાદી, ધર્મરુચિવાન, પરદેશી ખ્રિસ્તી, અજ્ઞાન બેડૂત એવા બધા માનવીઓ ઉપર સત્યાગ્રહે કરેલી અસરનો ખ્યાલ આપે છે. 'ત્રણ પગલાં' એ તેમના એક વધુ નવલિકાસંગ્રહમાં સત્તર કલ્પિત તથા સત્ય કથાઓ આપી છે. સામાજિક જીવનનાં દૂષણો, જુવાન માનસની પ્રણયવિકળતા અને વર્તમાન જીવનના પ્રશ્નોને લેખકે યોગ્ય સંયમથી છણ્યા છે. નવલિકાઓનો મોટો ભાગ જોકે રસલક્ષી કરતાં હેતુલક્ષી વિશેષ છે પણ તેમાં પ્રચારવેડાનું દૂષણ નથી.

'લતા અને બીજી વાતો' (ગુલાબદાસ બ્રોકર) માં સંસારને ડહોળી નાખનારાં અનેક બળોનું સૂક્ષ્મ નિરીક્ષણ છે. મોટા ભાગની નવલિકાઓમાં જાતીય આકર્ષણનું પૃથક્કરણ કરેલું છે અને તેનાં કરુણ પરિણામો દર્શાવ્યાં છે. તેમના બીજા નવલિકાસંગ્રહ 'વસુંધરા અને બીજી વાતો' માં વર્તમાન જીવનના પ્રશ્નો, પ્રસંગો તથા આંદોલનોને કળા રૂપે વણી લેવામાં આવ્યાં છે. કથાનો ધ્વનિ કથાંતે સુરેખ પ્રકટી નીકળે છે. મધ્યમ વર્ગનાં અને વર્તમાન કેળવણીના રંગે રંગાયેલાં પાત્રોની એ વાર્તાઓ હોઈને વર્તમાન જીવનના વાસ્તવિક ગુણદોષોને તે છતા કરે છે. કથાશૈલી સ્વસ્થ છે અને રસનિષ્પત્તિને પોષે છે.

'સુખદુઃખનાં સાથી', 'જીવો દાંડ' અને 'જિન્દગીના ખેલ' (પન્નાલાલ પટેલ) એ ત્રણે સંગ્રહોમાં લેખકની દૃષ્ટિ ગામડાના સમાજને, તેની વિચારસૃષ્ટિને અને તેના જીવનવહેણને પચાવીને એ સમાજના વિવિધ પ્રસંગોને કથા રૂપે રજૂ કરે છે. માનવપ્રકૃતિને રજૂ કરવાની ચોટ લેખકને હસ્તગત થઈ છે અને જ્યારે કથાનો ધ્વનિ અર્ધપ્રકટ રહે છે ત્યારે રસનિષ્પત્તિમાં કથા વધારે સફળ બને છે. પાત્રાલેખનની, વાતાવરણના આલેખનની અને સંક્ષિપ્ત વાર્તાલાપ દ્વારા વાર્તાને ઉઘાડ આપવાની કલા લેખકની નૈસર્ગિક દૃષ્ટિના ગુણ રૂપે

પ્રકટી છે અને તેથી જ થોડા વખતમાં તેમની કથાઓ મોખરે આવીને ઊભી રહેવા પામી છે. ત્રણે સંગ્રહોની મળીને ૩૧ ટૂંકી વાર્તાઓ તેમણે આપી છે.

'છાયા' અને 'પલ્લવ' (દુર્ગેશ શુકલ): સામાન્ય લોકજીવન, અને વિશેષે કરીને શ્રમજીવીઓથી માંડીને ભિક્ષુકો સુધીના નીચલા થરના લોકોના જીવન ઉપર લેખકની દૃષ્ટિ આ બેઉ સંગ્રહોની કથાઓમાં ફરી વળે છે, અને જુદા જુદા માનસની પાત્રસૃષ્ટિ રજૂ કરે છે. લેખકની સહૃદયતા તરી આવે છે. કથાની કલામાં જોઈતી ચોટ નથી આવતી કારણ કે પ્રસંગચિત્રોના અને પાત્રોના આલેખનમાં જે સબળતા અને સંક્ષેપ જોઈએ તે લેખકને સિદ્ધ થયાં નથી. લેખકનો લોકજીવનનો પરિચય પાત્રોની બોલીની રજૂઆત દ્વારા પ્રકટ થઈ રહે છે.

'પીપળાનાં પાન' અને 'ફૂલપાંદડી' (નાગરદાસ અ. પંડ્યા) એ બેઉ વાર્તા-સંગ્રહોમાં સુવાચ્ય, પ્રેરક અને બોધક ધ્વનિયુક્ત વાર્તાઓ આપવામાં આવી છે. લેખકની દૃષ્ટિ પવિત્ર જીવનને અભિમુખ રહે છે. વાતાવરણની જમાવટની અને પાત્રાલેખનની કલામાં જે દીર્ઘસૂત્રિતા છે તે કથાઓને રસનાં બિંદુરૂપ બનતી અટકાવે છે. બેઉ સંગ્રહોમાંની મોટા ભાગની કથાઓ મૌલિક છે, જીવનમાં જોયેલી–અનુભવેલી ઘટનાઓ હોય એમ પણ જણાઈ આવે છે.

'શૌર્યનાં તેજ' (મનુભાઈ જોધાણી): 'સૌરાષ્ટ્રની રસધાર'ની ચોટદાર શૈલીએ લખાયેલી વીર જીવનની, અદ્‌ભુત પ્રતિજ્ઞાઓની અને વિરલ સ્વાર્પણની કથાઓનો આ સંગ્રહ છે. એ જ લેખકના 'જનપદ'ના ત્રણ ભાગોમાં ગામડાંનાં વસવાયાં, વેરાગીઓ, ધંધાદારીઓ અને ઇતર તળપદાં પાત્રોનાં રેખાચિત્રો સરળ વાણીમાં આલેખ્યાં છે અને તે સરસ ઊપડ્યાં છે.

'ચા-ઘર : ભાગ ૧, ૨ (જોધાણી, 'ધૂમકેતુ', ગુણવંતરાય આચાર્ય, મનુભાઈ જોધાણી, અનંતરાય રાવળ, મધુસૂદન મોદી અને ધીરજલાલ ધ. શાહ): ચાહ પીવા સાથે મળનારા સાત લેખક મિત્રો એકએક નવલિકા લખે અને એવાં નવલિકાસપ્તકો વખતોવખત બહાર પડે એવી યોજના આ બેઉ ભાગોમાં દેખાઈ રહી છે. પ્રથમ ભાગ મુખ્યત્વે સંસાર–સમાજને સ્પર્શતી નવલિકાઓનો છે, બીજો વિભાગ ઐતિહાસિક નવલિકાઓનો છે. પ્રત્યેક લેખકે પોતપોતાને ફાવે તેવાં જ વસ્તુઓ તથા ઐતિહાસિક નવલિકાઓ માટેના પ્રસંગો પસંદ કર્યાં છે. સઘળી કથાઓ ગુણદૃષ્ટિએ તથા કલાદૃષ્ટિએ સમાન કોટિની નથી, છતાં બેઉ સંગ્રહો મૌલિક નવલિકાઓના છે અને ખાસ કરીને બીજો ભાગ ઐતિહાસિક નવલિકાઓની ઊણપને કારણે આદરણીય બને છે.

'શ્રાવણી મેળો' (ઉમાશંકર જોષી) માંની નવલિકાઓ મોટે ભાગે વાસ્તવદર્શી છે અને વર્તમાન સંસાર તથા સમાજને સ્પર્શે છે. શહેર અને ગામ-

ડાંનાં પાત્રોનાં માનસ અને તેમની વિચારસરણીમાંથી વાર્તાવસ્તુ પ્રકટે છે, વાતાવરણ જામે છે, પ્રસંગો ખડા થાય છે અને ઘણે ભાગે ચોટદાર પરાકાષ્ઠામાં કથાનો અંત આવે છે. વાતાવરણની જમાવટ અને પાત્રમાનસનું ઘડતર એ બેઉ બાબતમાં આ નવલિકાઓ ઊંચી સિદ્ધિનું દર્શન કરાવે છે. અભિનવ ઘટનાઓની ગૂંથણી જે નવલિકાઓમાં નથી તેઓનો પણ રસનિર્વાહ એ બે વસ્તુઓથી થાય છે અને સજીવ છાપ પડે છે.

'પુરાતન જ્યોત' (ઝવેરચંદ મેઘાણી): લેખકના 'મોરડી સંતો'ના ચરિત્રકથાગુચ્છની પૂર્તિરૂપે આ સંગ્રહમાં ત્રણ સંતોની કથાઓ આપી છે, જેમાંની 'સંત દેવીદાસ' એક નાની નવલકથા જેટલો વિસ્તાર રોકે છે. સંતોની પરંપરાગત ભક્તિજ્યોત જીવનના અંધકારની વચ્ચે પ્રકાશ આપીને લોકોને માર્ગ દર્શાવે છે એ એમાંની કથાઓનું કથયિતવ્ય છે.

'જીવનનાં વહેણો' (રસિકલાલ છો. પરીખ)માં મોટે ભાગે વર્તમાન જીવનને સ્પર્શતી વાર્તાઓ છે. સામાજિક આદર્શો, માન્યતાઓ અને આચારની તુલના કરીને વર્તમાન જીવનની દૃષ્ટિ ઘડવા માટે એ કથાઓ અને તેમાંની ચિંતનાત્મક ચર્ચાઓ વિચારની સામગ્રી પૂરી પાડે છે. ચિંતન કે કથાતત્ત્વ બતાવતી કૃતિઓમાં તેમની પાત્રયોજના યથાયોગ્ય છે, પરન્તુ તેમાં રસતત્ત્વ ગૌણ બની જાય છે અને પ્રશ્નોની આલોચના પ્રધાનતા પામે છે. વર્તમાન જીવનને નહિ પણ ભૂતકાળને સ્પર્શતી એમાંની ત્રણ કથાઓ અને એક નાટિકા ભૂતકાળના પ્રતિનિર્માણ દ્વારા કાંઈક અંશે વર્તમાનને અજવાળે છે.

'છેલ્લો કાલ' (ધનસુખલાલ મહેતા)માંની ઓગણીસે કથાઓ વર્તમાન જીવન, વર્તમાન પાત્રો અને પ્રસંગોમાંથી ઉપજાવેલી છે. વસ્તુગૂંથણીમાં રોમાંચક પલટો આણવાની કલા અને વર્ણન તથા સંવાદ દ્વારા વિશદ પાત્રાલેખન વડે કથાઓ રસભરિત બની છે. મુંબઈના અને શહેરી જીવનના અનેક ઊજળા તથા અંધારા ખૂણાઓમાં લેખકની દૃષ્ટિ કથાવસ્તુઓ માટે ફરી વળી છે.

'પગદીવાની પછીતેથી' (જયંતી દલાલ) એ વાસ્તવિક સૃષ્ટિનાં એવાં રેખા ચિત્રો અને પ્રસંગચિત્રો છે કે જેમને નવલિકાઓની કોટિમાં મૂકી શકાય. તેના પહેલા વિભાગ 'પગથિયા-વસ્તી'માં શહેરના ફૂટપાથ ઉપર ભટકીને કે વસીને જીવન ગાળનારાંઓનાં સજીવ ચિત્રો છે અને બીજાં 'પડદા ઊપડે છે ત્યારે' એ વિભાગમાં નાટકની રંગભૂમિની સૃષ્ટિનાં ચિત્રો આલેખ્યાં છે. નાટકની ચમકતી ભજવણીમાં ભાગ લેનારા કલાકારોનાં પડદા પાછળનાં જીવન અને વિચારો કેવાં તરેહવાર હોય છે તેનું ચોટદાર આકલન એ વિભાગ કરી બતાવે છે.

'કથાપરી', 'કથામણિ', કથાકલગી' અને 'કથાકલાપ' (કથાપરી કાર્યાલય) એ ચાર કથાગુચ્છોમાં જુદાજુદા લેખકોએ લખેલી મૌલિક અને અનુવાદિત કથાઓ સંગ્રહવામાં આવી છે. ભાવકથા, રૂપકથા, સંસારકથા, જાસૂસી કથા અને હાસ્યકથા એમ સર્વ પ્રકારની કથાઓની વાનગી તેમાંથી મળી રહે છે. જીવનમાં શાંતિ મળે, એખલાસ વધે, અને કડવાશ-વિખવાદનો હ્રાસ થાય એ ધ્યેય કથાઓની પસંદગી કરવામાં દૃષ્ટિ સમીપે રાખવામાં આવ્યું છે.

'અ. સૌ. વિધવા' (બાબુભાઇ પ્રા. વૈદ્ય) એ એક મોટી અને બીજી નાની વાર્તાઓનો સંગ્રહ છે, તેમાં 'અ. સૌ. વિધવા' હિંદુ સંસારની રસપૂર્ણ, કરુણ અને આનંદપર્યવસાયી બનતી નાની નવલકથા સમી છે. બીજી વાર્તાઓમાં ચોટદાર રજૂઆતની ખામી જોવામાં આવે છે, છતાં કેટલીક ઠીકઠીક રસનિષ્પત્તિ અને ચમત્કારદર્શન કરાવે છે.

'ઑપરેશન કોનું અને બીજી વાતો' (ડૉ. પ્રાણજીવનદાસ મહેતા) એ કલામાં ઊતરતી પરન્તુ સહૃદય માનવતાને સ્પુરાવતી કથાઓ છે. ડૉકટરના જીવનના ખૂણામાં તે ઠીકઠીક પ્રકાશ ફેંકે છે. નવલિકાઓના વિષયવૈવિધ્યમાં એ કથાઓ નવી વાનગી જેવી છે.

'ઊંધાં ચશ્મા' (લલિતમોહન ગાંધી): સમાજના ખૂણાઓ શોધીશોધીને આ સંગ્રહમાંની ૧૪ નવલિકાઓ માટેના વિષયો પસંદ કરવામાં આવ્યા છે. નવલિકાની કલાના ખ્યાલપૂર્વક વિચારપ્રેરક બને એવી શૈલીએ વાર્તાવસ્તુઓની ગૂંથણી અને પાત્રયોજના કરવામાં આવેલી છે.

'પ્રકંપ' (હરિકૃષ્ણ વ્યાસ)માં મોટે ભાગે મૌલિક નવલિકાઓ છે અને મનોવિજ્ઞાનની દૃષ્ટિપૂર્વક પાત્રોના સુષુપ્ત માનસને કૂટ પ્રશ્ન રૂપ બનાવીને લખેલી છે. એ પ્રકારની વાર્તાઓ ગુજરાતીમાં થોડી જ લખાયેલી છે. આયોજન અને રસનિરૂપણમાં બધી વાર્તાઓ સમાન કોટિની નથી, પરન્તુ લેખકે ગ્રહણ કરેલા પ્રશ્નોમાં વૈવિધ્ય છે અને પાત્રો તથા પ્રશ્નોને રજૂ કરવાની હથોટી કલાયુક્ત છે.

'પાનદાની' (શંકરલાલ ગં. શાસ્ત્રી)માંની વાર્તાઓમાંની ઘણીખરી સંસારજીવનની સપાટીને સ્પર્શે છે અને થોડી તેનાં ઊંડાણ સુધી પહોંચે છે ને તે કલાદૃષ્ટિએ સારીરીતે સધાઈ છે. બધી વાર્તાઓનો ધ્વનિ તેમાંના માનવતાના ગુણોને સ્ફુટ કરી બતાવે છે.

'ઓટનાં પાણી' (ગુણવંતરાય આચાર્ય અને ગિરીશ રાવળ)માં પ્રથમ લેખકની ચાર અને બીજા લેખકની પાંચ એમ નવ વાર્તાઓનો સંગ્રહ છે. વિચારપ્રેરક અને મનોરંજક બેઉ વાર્તાપ્રકારો તેમાં એકત્ર થયા છે. સ્વ. ગિરીશ

રાવળનો જીવનપરિચય પણ સમાજ સામે ઝગડનાર એક યુવક પાત્રની નવલિકા જેવો છે.

'ગામધણી' (ચીમનલાલ મૂળજીભાઇ લુહાર) એ, એ નામની એક અને બીજી ત્રણ એમ ચાર લાંબી વાર્તાઓનો સંગ્રહ છે. વાર્તાઓ આર્ય સંસારની પવિત્ર ભાવનાઓને એક યા બીજી રીતે સ્ફુટ કરતા પ્રસંગોથી ભરેલી છે. કોઇ વાર વસ્તુમાં યોગાનુયોગયુક્ત ઘટનાઓથી કથા રોમાંચક અને રસિક બને છે, પરન્તુ વાસ્તવિકતાથી વેગળી રહે છે.

'ચરણુરજ' (નીરુ દેસાઇ) સ્ત્રીજીવનના અનેક પ્રશ્નો છેડતી અને મુખ્યત્વે કરીને સંસારમાં સ્ત્રીની પરાધીન દશા ઉપર કરુણા તથા કટાક્ષ વરસાવતી વાર્તાઓનો સંગ્રહ છે. પ્રસંગોની ગૂંથણી આકર્ષક છે, પરન્તુ જીવનનું દર્શન મર્યાદિત છે. સ્ત્રીજીવનને ઉત્ક્રાન્ત કરવાના ધ્યેયપૂર્વક બધી કથાઓ લખાઈ છે.

'પાંદડી' (શયદા) સમાજમાં દેખાઇ આવતાં વ્યક્તિઓનાં જીવનદર્દોને લેખકે આકર્ષક રીતે સોળ કથાઓમાં ગૂંથ્યાં છે. સામાન્ય ઘટનાઓને પણ રસિક શૈલીએ રજૂ કરી હોઇને કથાઓ મુખ્યત્વે મનોરંજક બને છે.

'એકાકી' (નર્મદાશંકર શુકલ)માંની ૫દરે વાર્તાઓમાં મુખ્ય પાત્રો ભર્યા-ભર્યા જગતમાં તનમનથી એકલતા અનુભવતાં હોઈ વાર્તાસંગ્રહનું નામ સાર્થક બન્યું છે. બધાં ય લાગણીપ્રધાન કરુણ કથાનકો છે અને લેખકની સર્જનશક્તિનો પરિચય કરાવે છે.

'લોહીનાં આંસુ' (ઘનશંકર ત્રિપાઠી) એ સામાજિક પ્રશ્નોની ચર્ચા કરતી અને પ્રસંગચિત્રોનું આલેખન કરતી બાર વાર્તાઓનો સંગ્રહ છે.

'પેટકોચી અને બીજી વાતો' (સુમન્તકુમાર મણિલાલ)માં મુખ્યત્વે સામાજિક અન્યાયો અને રહસ્યમય પ્રસંગોથી ગૂંથાયેલી વાર્તાઓ છે. પાત્રાલેખન અને વાસ્તવદર્શન ઠીક હોવા છતાં વિચારો અને ઉપદેશોના લપેડાથી કથાઓનું કલાતત્ત્વ મૂંઝાય છે.

'નંદિતા' (સુરેશ ગાંધી)માંની વાર્તાઓમાં જીવનમાંથી ભાવે નીતરતા પ્રસંગો વીણીને હૃદયને આર્દ્ર કરે તેવી રીતે આલેખવામાં આવ્યા છે, પરન્તુ બધા રસપ્રસંગો ય કલાવિધાનની અણઆવડતને લીધે યોગ્ય જમાવટ દાખવી શકતા નથી. કોઇ વાર્તાઓ સરસ ઉપાડ કરે છે, પરન્તુ આગળ વધતાં મોળી પડે છે અને અંતે પરાકાષ્ઠા આવતી નથી.

'આરાધના' (સરલાબહેન સુમતિચંદ્ર શાહ)માંની એકવીસ ટૂંકી વાર્તાઓમાંની કેટલીક મૌલિક અને કેટલીક અનુવાદિત છે. વાર્તાઓનો વિષય મોટે ભાગે હિંદુ સંસારનો છે. કથાઓ ધ્યેયલક્ષી છે અને ધ્યેય પવિત્ર છે

પણ રજૂઆત મોળી છે. અનુવાદિત કથાઓમાં લેખિકાની ભાવવાહી ભાષા નોંધવા યોગ્ય છે.

'રોહિણી' (નાગરદાસ પટેલ)માં જુદાજુદા રસની ૨૪ વાર્તાઓ સંગ્રહેલી છે. વાર્તાઓ નિર્દોષ, સાદી અને મનોરંજક છે.

'દશમી' (પ્રકાશમ્)માં ૧૦ વાર્તાઓ આપેલી છે. વાર્તાઓ કલાગુણમાં ઊતરતી છે પરન્તુ મનોરંજનનું કાર્ય કરે છે.

'દિગંત' (મોહિનીચંદ્ર)માં પણ દસ વાર્તાઓ છે. બધી વાર્તાઓ સામાજિક છે અને નીચલા થરનાં પાત્રોના જીવનકલહનાં ચિત્રો તેમાં મુખ્યત્વે તરી આવે છે. વાર્તાકલા અને કવિતાકલા વચ્ચેનો ભેદ અણપારખ્યો રહેવાથી કથાઓ વિરૂપ બની જવા પામી છે.

'ઉમા' (પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ) મધ્યમ વર્ગના સમાજના નારીજીવનના ભિન્ન-ભિન્ન પ્રશ્નો ચર્ચતી ચૌદ કથાઓનો સંગ્રહ છે. પ્રશ્નો માટેની ઘટનાઓ પણ સમાજજીવનમાંથી જ મળી આવી હોય તેવી છે. કલાત્મક સંક્ષિપ્તતાનો અભાવ અને ભાષાની કૃત્રિમતા શૈલીને બેડોળ બનાવે છે.

'દેવદાસી' (ડૉ. રઘુનાથ કદમ)માં દસ સુવાચ્ય સામાજિક વાર્તાઓ છે. બધી જ સાદી શૈલીની રસિક અને મનોરંજક વાર્તાઓ છે.

'સોરઠી ગાથા' ('મયૂર': મગનલાલ શામજી)માં સોરઠનાં શૌર્ય–વીર્યની દ્યોતક કથાઓ 'રસધાર'ની શૈલીનું અનુકરણ કરીને લખવામાં આવી છે.

'રણબંકા' (મગનલાલ બાપુજી બ્રહ્મભટ્ટ)માં ભૂતકાળના રાજપૂતોના શૌર્યની વાર્તાઓ આપી છે. વટ, ધૂન કે ગાંડપણ પાછળ ખપી ગયેલાઓને શૂરાઓ તરીકે ખિરદાવનારી કેટલીક કથાઓ ઇષ્ટ ન લેખાય. લેખનશૈલી સામાન્ય પ્રકારની છે.

'વીર શાર્દૂલ અને બીજી વાતો' (ગુલાબચંદ વલ્લભજી શેઠ)માં વીર શાર્દૂલ એ રાજપૂત કાળની વીરતા તથા પ્રેમની રોમાંચક લાંબી વાર્તા છે અને બીજી સાત મનોરંજક કથાઓ છે. શૈલી સામાન્ય પ્રકારની અને ભાષા સાદી છે.

'સિંધના સિંહો' (મગનલાલ દ. ખખ્ખર) સિંધના વીરો તથા રાજપુરુષોનાં જીવનની રોમાંચક ઘટનાઓવાળી કથાઓનો આ સંગ્રહ છે. ઇતિહાસની પછીત ઉપર રચાયેલી લોકકથાઓનો મોટે ભાગે આધાર લેવામાં આવેલો જણાય છે. લખાવટ સીધીસાદી અને લોકકથા પદ્ધતિની છે.

'ખાંડાના ખેલ' (તારાચંદ્ર પી. અડાલજા) એ શૂરવીરતા અને નૈતિક વીરતા દાખવનારાં ઐતિહાસિક કે દંતકથાનાં પાત્રોનાં તરેહવાર પરાક્રમોની

કથાઓ છે. લખાવટમાં ભાટ-ચારણની કથનશૈલીનું મિશ્રણ નાટકી શૈલીના દીર્ઘસૂત્રી સંવાદો સાથે થતું હોવાથી એકંદરે ચોટદાર સરસ જમાવટ થતી નથી, જોકે કેટલાક સરસ પ્રસંગો શોધી કાઢવામાં લેખકે સફળતા મેળવી છે.

'પાંખડીઓ' (ગિરીશ ભટ્ટ) સામાન્ય પ્રકારની સ્વતંત્ર અને સંયોજિત વાર્તાઓનો સંગ્રહ છે.

'મધુરજની' ('મૃદુલ') જાતીય પ્રશ્નોને છેડતી વાર્તાઓનો સંગ્રહ છે. આકર્ષક પ્રસંગોને મનોરંજક વાર્તારૂપે ગૂંથી લેવામાં આવ્યા છે.

'સંસારદર્શન' (બાલકૃષ્ણ જોષી અને રમાકાન્ત દ્વિવેદી)માં વાચકોને વિચાર કરતા બનાવે એવી ઘટનાઓ સમાજમાંથી વીણીવીણીને વાર્તા રૂપે ગૂંથી છે.

'રસમૂર્તિઓ' (રણજીત શેઠ) એ રસમૂર્તિ રૂપ કલાકારોના જીવનપ્રસંગોને આલેખી બતાવતી સુવાચ્ય કથાઓ છે. કથાપ્રસંગો આકર્ષક અને ધ્યેય પવિત્ર છે, માત્ર વસ્તુવિધાન અને પાત્રાલેખન મોળાં છે.

'રેતીનું ઘર' (જયચંદ્ર શેઠ)માંની વાર્તાઓ કાચીપાકી શૈલીએ લખાયેલી મુખ્યત્વે ભાવનાપ્રધાન વાર્તાઓ છે જેનું મૂળ સામાજિક સામાન્ય ઘટનાઓ છે.

'ધની વણકર અને બીજી વાતો' (ઉછરંગરાય ઓઝા) એમાં એકંદરે પાંચ વાર્તાઓ છે. મુખ્ય વાર્તામાં ગામડાના નિર્દોષ સરલ જીવન ઉપર શહેરી જીવનની વિલાસી અને હૃદયહીન નાગચૂડ કેમ ભેરવાય છે તેનું ચિત્ર આપવામાં આવ્યું છે. બીજી બે વાર્તાઓમાં દેશી રાજ્યોની હીન અંતઃસ્થિતિનું દર્શન કરાવનારી ઘટનાઓ છે. શૈલી દીર્ઘસૂત્રતાવાળી હોઇને કથાઓ આકર્ષક બનતી નથી.

'અભિષેક' તથા 'પ્રદક્ષિણા' (વિનોદરાય ભટ્ટ)એ જીવનમાં સામાન્ય રીતે બનતા બનાવો ઊંચકી લઇને રચાયેલી વાર્તાઓના સંગ્રહો છે. વાર્તાઓનો હેતુ ઉપદેશ આપવાનો અને ગમે તેવી રીતે ઘટનાઓને ગોઠવવાનો હોય એવી લેખકની સમજ જણાય છે. એ જ લેખકની સાત વાર્તાઓનો સંગ્રહ 'મેઘધનુષ' નામનો છે, જેમાં પાંચ વાસ્તવિક જીવનની કરુણ કથાઓ, એક પ્રાણીકથા અને એક વિનોદકથા છે.

'મારા મનની મોજ' (ચંદ્રકાન્ત ગૌરીશંકર ભટ્ટ) એ કેટલીક મૌલિક અને કેટલીક પરદેશી વાર્તાઓની અનુકૃતિ કરીને લખેલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ છે. મોટા ભાગની વાર્તાઓમાં ઊર્મિલતા, મનસ્વિતા અને તરંગશીલતા જોવામાં આવે છે. 'મારા મનની મોજ' એ નામ જ લેખકની વાસ્તવિકતાની મર્યાદા સૂચવનારું છે.

'વિચારવીચિ અને જીવનરસ' (સ્વાશ્રય લેખકમંડળ) એ જુદા-જુદા લેખકોએ લખેલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ છે અને જીવનની જુદીજુદી દિશાઓને સ્પર્શે છે.

સામાન્ય કોટિના બીજા વાર્તાસંગ્રહો અને છૂટક પ્રસિદ્ધ થયેલી વાર્તાઓમાંથી નોંધ લેવા યોગ્ય કેટલીક કૃતિઓને ગણાવી જઈએ. સૂરતની 'સ્ત્રી-શક્તિ ગ્રંથમાળા'માં 'સામાજિક વાતો', 'ગુણિયલ ગૃહિણી', 'સ્ત્રીસ્વાતંત્ર્ય', 'બાળવિધવા' અને 'સંસારદર્શન' એ વાર્તાસંગ્રહોમાં નારીજીવનના કૂટ પ્રશ્નો વણાયા છે. 'થેપડા અથવા એક પર બીજી' (નટવરલાલ તળાજિયા)માં બીજી સ્ત્રી પરણવાનો પ્રશ્ન કાંઈક રમૂજ સાથે સંવાદ દ્વારા છણવામાં આવ્યો છે. શ્રી. નાગરદાસ પટેલ તરફથી પ્રસિદ્ધ થયેલી વાર્તાઓ 'ભૂતિયો બંગલો', 'પ્રાયમસનો ભોગ', 'ખોવાતો ખેલાડી', 'સહેજ ગફલત' અને 'ગુનેહગાર દુનિયા' એ બધી અદ્‌ભુતતા અને ડિટેક્‌શનના ચમત્કારો વડે મનોરંજન આપનારી વાર્તાઓ છે, અને મોટે ભાગે અંગ્રેજી ઉપરથી લખાયેલી છે. રામકૃષ્ણ સેવાસમિતિ તરફથી પ્રસિદ્ધ થયેલી બે વાર્તાઓ 'જવલેણ ગાડું' (શ્રી. રાજગોપાલાચારી કૃત કથાનો અનુવાદ) મદ્યનિષેધ માટે, અને 'અણોજ્યે' (ચુનીલાલ વ. શાહ) હિંદુ-મુસ્લિમ ઐક્ય માટે બોધક તેમ જ પ્રેરક બને તેવી કૃતિઓ છે. 'પની અને બીજી વાતો' (ચંપકલાલ જોષી), 'આંખમાં કિરણ' (રતિલાલ શાહ), 'વામકુક્ષી' (ભીમાશંકર શર્મા), એ બધા કેવળ સામાન્ય કોટિના વાર્તાસંગ્રહો છે. 'ગામગોષ્ઠી' (વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી અને રાવજીભાઇ નાથાભાઇ પટેલ) પ્રૌઢશિક્ષણાર્થે લખાયેલી સરલ વાર્તાઓ છે. ગામડાંના અનેક પ્રશ્નોની ચર્ચા તેમાં સમાવેલી છે. 'પ્રવાહી હવા' અને 'આપઘાતનો ભેદ' (નાગરદાસ પટેલ) એ બેઉ મનોરંજક ટૂંકી વાર્તાઓના સંગ્રહો છે, જેમાંની મોટા ભાગની વાર્તાઓ માટેની પ્રેરણા અંગ્રેજીમાંથી મેળવેલી છે. 'ચંદ્રહાસ' (ઇશ્વરલાલ ખાનસાહેબ), 'અરુંધતી' (કૌમુદી દેસાઇ), 'ભીષ્મ' (વિક્રમરાય મજમુદાર) અને 'સાવિત્રી' (શાંતારામ મજમુદાર) એ પૌરાણિક પાત્રો તથા પ્રસંગોની ચરિત્ર રૂપ વાર્તાઓ છે. 'રજિયા બેગમ' (ઇશ્વરલાલ વીમાવાળા) એ ઐતિહાસિક લઘુ કથા વિદ્યાર્થીઓને રસ પડે એવી શૈલીથી લખવામાં આવી છે.

અનુવાદિત નવલિકાઓ

'સાવકી મા' (શરદબાબુ)માં ત્રણ કરુણરસિક વાર્તાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. સ્ત્રીની માંગલ્યમૂર્તિનું અને હિંદુ સંસારની નિષ્ઠુરતાનું વેધક દર્શન તેમાં જોવા મળે છે. 'દુર્ગા' એ નામથી શરદ બાબુની બીજી ત્રણ બૃહન્નવલિકાઓનો અનુવાદ થયો છે જેમાં પણ સ્ત્રીહૃદયના અભિનવ ભાવો, આઘાતો

ને સંઘર્ષોનો ચિતાર તથા તેનું રસભર્યું પૃથક્કરણ છે.

'શિકાર' (કિશનસિંહ ચાવડા) એ હિંદી ઉપરથી લખાયેલી શિકાર વિશેની રોમાંચક અદ્‌ભુત ઘટનાઓ છે. તેમાંનાં પાત્રો શિકારી માણસો જ નથી પણ પશુઓ પણ છે અને તેઓ કથારસની નિષ્પત્તિમાં સારો ભાગ ભજવે છે.

'જીવનસરિતા' (સં. ભારતી સાહિત્યસંઘ) એ પરદેશ અને પરપ્રાંતની જીવનસ્પર્શતી વાર્તાઓનું એક સરસ પુસ્તક છે. જર્મનો અને અમેરિકનો જેવા પરદેશીઓ, અફઘાનો તથા ચીનાઓ જેવા પાડોશીઓ અને મુસ્લિમો, કલાકારો, ગામડાંની ડોશીઓ જેવાં ઘરઆંગણનાં પાત્રોની આસપાસના સામાજિક વાતાવરણનું વૈવિધ્ય એ રજૂ કરે છે. ચૂંટણી પાછળ પણ વૈવિધ્યની દૃષ્ટિ રહેલી છે.

'અંજવાળી રાત' (સં. રવિશંકર રાવળ) એ ગુજરાતી, બંગાળી, મારવાડી, ઇરાની અને અંગ્રેજી પરીકથાના સાહિત્યમાંથી વીણી કાઢેલી સુંદર વાનગી છે, અને લોકકથાના સ્વરૂપમાં સરળ રીતે લખાયેલી છે.

'વનવનની વેલી' (શારદાપ્રસાદ વર્મા) મોટે ભાગે અંગ્રેજી ઉપરથી અવતારેલી ટૂંકી વાર્તાઓનો સગ્રંહ છે. વસ્તુવિધાન સામાન્ય પ્રકારનું છે.

'લાલ પડછાયા' (સુદામો) સમાજવાદી ક્રાન્તિની જ્વાળાનાં સૌમ્ય અને ભીષણ સ્વરૂપોને મૂર્ત કરતી વાર્તાઓ આપે છે. તે ઉપરાંત ચીન–જાપાનમાં પ્રસરેલા ક્રાન્તિના ઓળાની કથાઓ પણ છે. કથાઓને હિંદી વેશ પહેરાવવામાં લેખકે ઠીક સફળતા મેળવી છે. શૈલી વેગીલી અને પ્રચારકામી છે. એવી જ વેગીલી શૈલીમાં 'શહીદી' (ચંદ્રભાઈ ભટ્ટ) લખાયેલી છે, જેમાં બે ઇંગ્લાંડના, એક ચીનના અને બે રશિયાના શહીદોની પ્રેરક વાર્તાઓ આપી છે. 'શામાટે બંધન' (માણેકલાલ જોષી) એ રોમેનોફની બે લાંબી વાર્તાઓનો અનુવાદ છે. સામ્યવાદી રશિયન સંસારમાંનાં સ્ત્રીપુરુષોના જાતીય સંબંધની મીમાંસા એમાં કરવામાં આવી છે.

'મુક્તિદ્વાર' (રમણીકલાલ દલાલ)માં વર્તમાન જીવનને સ્પર્શતી દસ વાર્તાઓ સંગ્રહેલી છે. સબળી–નબળી બેઉ કોટિની વાર્તાઓ એમાં છે.

'ઉદ્‌બોધન' (પદ્માવતી દેસાઇ) એ એક અમેરિકન લેખકની સાદી નીતિબોધક કથાઓનો અનુવાદ છે.

'ભાભીની બંગડીઓ અને બીજી વાતો' (ગોપાળરાવ કુલકર્ણી) : સુપ્રસિદ્ધ મહારાષ્ટ્રીય લેખક યશવંત ગોપાળ જોષીની બાર મરાઠી વાર્તાઓનો આ અનુવાદગ્રંથ છે. લખાવટ ચોટદાર, રસિક અને ભાવપૂર્ણ છે તથા કથાવસ્તુઓનો ઉપાડ સરસ રીતે થાય છે.

'નગરલક્ષ્મી' (રમણલાલ સોની) કવિવર ટાગોરની કેટલીક રસભરિત અને ભાવપૂર્ણ પદ્યકથાઓનો ગદ્યાનુવાદ છે.

હાસ્ય-કથાઓ

'કલમ-ચાબૂક', 'હું રાજા હોઉં તો' અને 'અક્કલના ઈજારદાર' ('બેકાર') એ ત્રણે સંગ્રહો હાસ્ય ઉપજાવે તેવી કથાઓ, કટાક્ષચિત્રો ને પ્રસંગવર્ણનોના છે. લેખકની સર્વ પ્રકારની કૃતિઓ સ્થૂળ હાસ્ય ઉપજાવે છે. પહેલા સંગ્રહમાં શબ્દચાતુર્યથી નિષ્પન્ન થતા હાસ્યના પ્રસંગો અને કટાક્ષચિત્રો મોટે ભાગે છે. બીજામાં વિચિત્ર પાત્રો, વિચિત્ર પ્રસંગો અને જુદીજુદી બોલીઓનો ઉપયોગ કરીને નિર્દોષ ટીખળ ઉપજાવવામાં આવ્યાં છે. અતિશયોક્તિ અને કૃત્રિમતા હાસ્યને માટે સ્વાભાવિક લેખાય તેટલા પ્રમાણમાં છે. ત્રીજામાં વિચિત્ર વ્યવહારો અને પ્રસંગોમાંથી વર્ણનો દ્વારા અને કથાઓ દ્વારા હાસ્ય ઉત્પન્ન કરવામાં આવ્યું છે. ત્રણે સંગ્રહો ઉપરથી જોઈ શકાય છે કે હાસ્ય ઉપજાવનારા પ્રસંગો શોધવાની લેખકને દૃષ્ટિ છે, પરન્તુ બધામાં જે એક સામાન્ય તત્ત્વ જોવામાં આવે છે તે વાણીપ્રયોગો–બોલીની વિકૃતિઓ–દ્વારા હાસ્ય ઉપજાવવાનું છે. એવા પ્રસંગો શ્રોતાઓની વચ્ચે જેટલા રમૂજી બને તેટલા વાચન દ્વારા ન બની શકે. મોટે ભાગે પ્રસંગકથાઓ અને કટાક્ષચિત્રોના આ સંગ્રહો હોઈને તેમને કથાઓના વિભાગમાં ઉલ્લેખ્યા છે, નહિતો તેમાં બીજી પ્રકીર્ણતા યે સારી પેઠે છે.

'મસ્ત ફકીરનાં હાસ્યછાંટણાં' ('મસ્ત ફકીર')માં ૧૬ લેખો છે; તેમાં અર્ધ ઉપરાંત કથાઓ, શબ્દચિત્રો અને પ્રાસંગિક હાસ્યોત્પાદક કથાનકો છે. લેખો કરતાં કથાઓ વિશેષ રમૂજ આપે તેવી છે. લેખકની દૃષ્ટિ મુંબઈમાં વસતા મધ્યમ વર્ગના ગુજરાતીઓના જીવનમાં ફરી વળીને રમૂજ શોધી આપે છે.

'મારાં માસીબા' ('વિનોદ' : ચંદુલાલ હરિલાલ ગાંધી)માં લેખકે રમૂજી કથાઓ ઉપરાંત નિબંધાત્મક લેખો અને પ્રસંગચિત્રો પણ આપેલાં છે, પરન્તુ કથાઓ અને પ્રસંગચિત્રોમાં તેમની હાસ્યલેખનશૈલી વધુ સફળ થાય છે. લેખક પોતાને પણ રમૂજનો વિષય બનાવે છે. શૈલીમાં શિષ્ટતા અને સંયમ છે. તેમનો વિનોદ મોટે ભાગે સપાટી પરનો હોય છે–ઊંડો કે માર્મિક નથી હોતો.

'હાસ્યાંકુર' (હરિપ્રસાદ વ્યાસ)માંની હાસ્યકથાઓ ચાતુર્યયુક્ત વિનોદ અને શિષ્ટ હાસ્યરસ આપનારી છે. પાત્રોના સ્વભાવનાં સંઘર્ષણમાંથી વિનોદ ઉપજાવવાની કળા તેમણે ઠીકઠીક સંપાદન કરી છે.

'આનંદબત્રીસી' (જદુરાય બંધડિયા) એ ગલીપચી કરીને કે લેખક જાતે હસીને વાચકને હસાવવાને મથતા હોય તેવા પ્રકારનાં કથાનકોનો સંગ્રહ છે.

'હાસ્યનૈવેદ્ય' ('અગ્નિકુમાર': બળવંત સંઘવી): માનવસ્વભાવની વિચિત્રતા અને નિર્બળતા, પ્રસંગ તથા પાત્રો વચ્ચે રહેલી અસંગતિ, વાણી અને વર્તન તથા વ્યવહાર અને સિદ્ધાન્તની વચ્ચેનો વિરોધ, એ સર્વને હાસ્યનાં સાધનો બનાવીને આ સંગ્રહમાંના લેખો, કથાનકો અને પ્રસંગચિત્રો આલેખવામાં આવ્યાં છે. લેખકમાં દૃષ્ટિ છે પણ શૈલી કાચી છે.

'વાતોનાં વડાં' (બળદેવ મોલિયા) નિત્યજીવનનાં હળવાં પાસાં શોધી કટાક્ષ અને ટકોર સાથે નિર્દોષ રમૂજ ઉપજાવે છે. એની શૈલી ગંભીર છે, પણ વેધક દૃષ્ટિ વિષમતાઓને પકડી લઈને હાસ્ય ઉત્પન્ન કરે છે.

'પ્રભાતકિરણો' (રમણલાલ સોની)એ પ્રભાતકુમાર મુખોપાધ્યાયની પ્રધાનપણે હાસ્યરસની વાર્તાઓનો અનુવાદ છે. તેમાં હાવકો કટાક્ષ અને અતિશયોક્તિ છે, પરન્તુ અતિશયોક્તિ અપ્રતીતિકર નથી, એટલે તે શિષ્ટ વિનોદનું સાધન બને છે.

નવલકથા

પાંચ વર્ષનાં પ્રકાશનોમાં નવલકથાઓનો ફાળો સૌથી મોટો છે. સર્વ પ્રકારોની ભેગીને આશરે પોણા બસો નવલકથાઓ (નવી આવૃત્તિઓ બાદ કરતાં) પ્રસિદ્ધ થઈ છે, જેમાંનો ત્રીજો ભાગ ઇતર ભાષાઓમાંથી અનુવાદિત નવલકથાઓનો છે. તેની પહેલાંનાં પાંચ વર્ષ કરતાં આ વિભાગ વધારે સમૃદ્ધ થયો છે અને પહેલી હરોળમાં આવીને ઊભી રહે એવી નવલકથાઓનું પ્રમાણ પણ પહેલાં કરતાં મોટું છે. ઐતિહાસિક, સાંસારિક, સામાજિક, રાષ્ટ્રીય, મનોરંજક અને હાસ્યરસિક એટલા પ્રકારોમાં વર્ગણી કરીને જોઈએ તો વિવિધતા જણાઈ આવે છે, પરંતુ પ્રત્યેક પ્રકારમાં જો વિવિધતા શોધવા માગીએ તો તે મર્યાદિત બની જાય છે. અનુવાદિત નવલકથાઓમાં પણ જે કાંઈ વૈવિધ્ય છે તે અંગ્રેજીને આધારે લખાયેલી કથાઓને લીધે છે, બાકી તો શરદબાબુ અને બંકિમબાબુની નવલકથાઓના અનુવાદો ઘણા વધુ છે અને તેમાં નારીજીવનનાં જુદાંજુદાં પાસાંઓ જ જોવા મળે છે. અધ્યાત્મ, વિજ્ઞાન, ભૂગોળ, પ્રવાસ કે સાહસ વિષયની કોઈ સારી નવલકથા લખાઈ નથી. રાષ્ટ્રીય આંદોલને વ્યક્તિ–સમષ્ટિ પર જે અસર કરી છે તેના ફળ રૂપે થોડી નવલકથાઓ લખાઈ છે પણ એ આંદોલનની આડકતરી અસર તો ઐતિહાસિક, સામાજિક તથા સાંસારિક નવલકથાઓમાં પણ સારી પેઠે જોવા મળે છે. એકંદરે જોઈએ તો નવલકથાવિભાગ સંખ્યા તથા ગુણવત્તામાં ચઢતો જતો જોવામાં આવે છે.

ઐતિહાસિક

ઐતિહાસિક નવલકથાઓમાંની અર્ધી કેવળ ગુજરાત અને કાઠિયાવાડના અતિહાસિક બનાવો તથા ઇતિહાસપ્રસિદ્ધ વ્યક્તિઓને કથા દ્વારા રજૂ કરવા માટે લખાઈ છે. બાકીની નવલકથાઓ ભારતનો પુરાતન તથા નજીકનો ભૂતકાળ, માળવા–મેવાડનો પ્રાચીન તથા મધ્યકાળ, ઝાંઝીબારનો નજીકનો ભૂતકાળ અને રોમનો પ્રાચીન કાળઃ તે તે દેશ તથા તે તે કાળને સ્પર્શીને લખાઈ છે. પૂર્વેના કોઈ પણ પાંચ વર્ષના ગાળામાં ઐતિહાસિક નવલકથાઓ આટલી સંખ્યામાં અને આટલી વિવિધતાયુક્ત પ્રસિદ્ધ થઈ નથી.

'વિરાટ જાગે છે ત્યારે' (ગુણવંતરાય આચાર્ય)માં વનરાજની પાટણની સ્થાપનાનો ઇતિહાસ વણી લેવામાં આવ્યો છે. ગુજરાતના રાજકીય ઇતિહાસમાં વનરાજની રાજ્યસ્થાપનાની સફળતાનું રહસ્ય કાંઈ અનેરું જ તારવી આપવામાં આવ્યું છે. વનરાજની સાથે સંપર્ક રાખનારાં ઐતિહાસિક પાત્રો તેમાં આવે છે, પરંતુ તેમના સંબંધમાં પ્રચલિત ઐતિહાસિક માન્યતાઓને લેખકે બદલાવી છે અને ઐતિહાસિક માંડણી પર અર્વાચીન ભાવના ચોડી છે. કથારસનો નિભાવ ઠીક થાય છે અને તેજસ્વી શૈલી સરસ છાપ પાડે છે.

'જય સોમનાથ' (કનૈયાલાલ મુનશી)માં લેખકે મહમૂદ ગઝનવીએ ભીમદેવના કાળમાં સોરઠના સોમનાથ મહાદેવના મંદિર પર કરેલી ચઢાઈનો ઐતિહાસિક પ્રસંગ વણી લીધો છે અને તે દ્વારા ગુજરાતના વીરોનું વીરત્વ, મુત્સદ્દીઓનું વ્યૂહપટુત્વ, શૈવોની ધર્મશ્રદ્ધાળુતા અને ધર્માર્થે બલિદાન-તત્પરતા ઉત્કૃષ્ટ રીતે દાખવ્યાં છે. પાત્રોનાં તેજ અને મુખ્યત્વે કરીને નાયિકા ચૌલાદેવીનું ભાવનાશીલ જીવન આંજી નાંખે તેવાં છે. કાર્યના વેગ અને વાતાવરણ જમાવવાની કુશળતાથી લેખકે આ કથા દ્વારા ઉત્તમ ઇતિહાસ–રસ આપ્યો છે એમાં શંકા નથી.

'ચૌલાદેવી' (ધૂમકેતુ) એ પણ ભીમદેવના ઇતિહાસકાળની અને 'જય સોમનાથ'ની જ નાયિકાને મોખરે રાખતી નવલકથા છે. એનાં પાત્રો પણ તેજસ્વી છે, પરન્તુ એ તેજ પાથરનારી કલ્પનાઓમાં વાસ્તવિકતાની ખામી છે. કાર્યવેગ લાવવામાં આવ્યો છે પણ તે કૃત્રિમ લાગે છે. એમાંની ચૌલા રાષ્ટ્રોદ્ધારની ભાવનામૂર્તિ કરતાં એ મૂર્તિના બનાવટી બીબા જેવી વધુ લાગે છે. ઐતિહાસિક પાત્રો અને પ્રસંગોની એ નવલકથા છે અને એમાંના કેટલાક પ્રસંગો સરસ રીતે દીપી પણ નીકળે છે, પરન્તુ એ પ્રસંગોનાં જોડાણ વાસ્તવિક

નથી લાગતાં; છતાં તેમાં તેજસ્વી નારીત્વનું કાલ્પનિક દર્શન ઉત્કૃષ્ટ રીતે કરાવવામાં આવ્યું છે.

'સતી જસમા' (ભીમભાઈ વકતાણુકર) સિદ્ધરાજના સમયમાં થઈ ગયેલી મનાતી જસમાના રાસડા અને ગરબાને આધારે લખાયેલી એક આખ્યાયિકા છે. પાતિવ્રત્યની પૂનિતતા દર્શાવવાનો તેનો હેતુ છે. શૈલી કેવળ સામાન્ય કોટિની છે.

'સાન્તૂ મહેતા' (ધીરજલાલ ધ. શાહ) : સિદ્ધરાજના સમયમાં જે વીર મુત્સદ્દીઓ થઈ ગયા છે તેમાંના એકની આ ચરિત્રકથા ત્રણ ભાગમાં પૂરી થઈ છે. તે ચરિત્રકથા છે કારણ કે કથાનાયકના જીવનના બધા પ્રસંગો અનુક્રમે કથામાં વણી લેવામાં આવ્યા છે. સાન્તૂ મહેતાના વીર મુત્સદ્દી તરીકેના અનેક ગુણો તેથી પ્રકાશમાં આવે છે. પ્રસંગોની ગોઠવણી કલા-યુક્ત નથી તેથી કાર્યનો વેગ દાખવવામાં આવ્યા છતાં ઘણું નિરર્થક લંબાણ અને અનાવશ્યક સંવાદો વચ્ચેવચ્ચે વિરસતા આણે છે. પ્રત્યેક ભાગનો નોખોનોખો ધ્વનિ હોય અને એ ધ્વનિને વિશદ કરવા પૂરતા પ્રસંગોની ગૂંથણી હોય તો ચરિત્રકથાના ભાગો પણ એકએક રસપૂર્ણ ઐતિહાસિક નવલકથા બની શકે.

'રાજહત્યા' (ચુનીલાલ વ. શાહ)માં ગુર્જરેશ્વર અજયપાળની તેના સેવકે કરેલી હત્યાના કાર્યકારણભાવને વિશદ કરનારા પ્રસંગો તથા તદનુ-રૂપ પાત્રોની ગૂંથણી કરવામાં આવી છે. કથાનો પ્રવાહ ધીર-ગંભીર રીતે વહે છે. અજયપાળની ક્રૂરતાનો અતિરેક એક જૈન મુનિના વીરમૃત્યુ દ્વારા અને રાજહત્યા કરનારા સેવકની ભાવનાનો ચિતાર તેના પુત્રીપ્રેમ દ્વારા દર્શાવ્યો છે.

'ગુજરાતનો જય' (ઝવેરચંદ મેઘાણી) એ વાઘેલા વંશના રાજત્વના પ્રારંભકાળની નવલકથા છે. વીરધવલ અને લવણપ્રસાદ તથા જૈન મંત્રીઓ વસ્તુપાળ-તેજપાળના ઐતિહાસિક, રાજકારણીય અને સાંસારિક જીવન-પ્રસંગોને ગૂંથી લઈને તે લખાઈ છે. તેરમી સદીના ગુજરાતનું વાતાવરણ એમાં સરસ રીતે જામે છે.

'સોલંકીનો સૂર્યાસ્ત અથવા વાઘેલાનો ચંદ્રોદય' (જેઠાલાલ નારાયણ ત્રિવેદી) એ સોલંકી વંશના છેલ્લા રાજા ભોળા ભીમદેવના રાજત્વના ઉત્તરાર્ધની અને વાઘેલા વંશના વીસલદેવ તથા વીરધવલના ઉદયની કથા છે. પાત્રયોજનામાં શ્રી. મુનશીનું અનુસરણ જણાઈ આવે છે. ઐતિહાસિક પ્રસંગોની સાથે થોડી લોકકથાઓને પણ વણી લેવામાં આવી છે. 'ગુજરાતી' પત્રનું ૧૯૪૧ની સાલનું એ ભેટનું પુસ્તક છે.

'ગુજરાતના વેરની વસુલાત' (નર્મદાશંકર વ. ત્રિવેદી) એ 'ગુજરાતી' પત્રનું ૧૯૩૭નું ભેટપુસ્તક ગુજરાતના છેલ્લા રાજા કરણ વાઘેલાને લાગેલું કલંક ભૂંસવાને લખાયેલી ઐતિહાસિક નવલકથાનું છે. કરણને લંપટ આલેખવામાં ભાટ-ચારોટો અને 'કહાનડદે પ્રબંધે' અન્યાય કર્યો છે એવી માન્યતાપૂર્વક આ કથામાં કરણને ચારિત્ર્યશીલ આલેખીને ખીલજી વંશના બાદશાહોનાં એક પછી એક થયેલાં ખૂનોમાં ખુદ કરણે ભાગ ભજવીને વેરની વસૂલાત કરી હોવાનું કલ્પનારંગી પરન્તુ રસભર્યું ચિત્ર નિપજાવવામાં આવ્યું છે. કથા માટે ઐતિહાસિક આધારનું જે તરણું લેખકને મળ્યું છે તે એટલું જ છે કે કરણના સંબંધમાં પ્રાપ્ત થયેલાં તામ્રપત્રો કે શિલાલેખો પરથી કરણ સ્ત્રી-લંપટ નથી જણાતો, તો તેના ચારિત્ર્ય પરના કલંકને સ્થાન જ કેવી રીતે હોઇ શકે?

'અણહિલવાડનો યુવરાજ' (નૌતમકાન્ત સાહિત્યવિલાસી) એ ચાવડા વંશના ઇતિહાસમાંથી યોગરાજના જીવનને અવલંબીને મોટે ભાગે કલ્પના-સૃષ્ટિથી ગૂંથેલી નવલકથા છે. એ રીતે એ ઐતિહાસિકને બદલે ઇતિહાસા-ભાસી નવલકથા વધુ પ્રમાણમાં બને છે. પાત્રાલેખન કે પ્રસંગાવધાન પણ ચોટદાર નથી; જોકે ખટપટ અને કાવતરાંની વાતો ઠીકઠીક ગોઠવી દીધી છે.

'સોરઠપતિ' અને 'સોમનાથની સખાતે' (ગોકુળદાસ રાયચુરા) એ બેઉ નવલકથાઓ જૂનાગઢના ચુડાસમા રા'નવઘણના જીવનપ્રસંગોને વણી લે છે. ગુજરાતનો સોલંકી વંશનો ઇતિહાસ જેવો તેજસ્વી છે તેવો જ તેજસ્વી કાઠિયાવાડના ચુડાસમા વંશનો ઇતિહાસ છે. શ્રી. રાયચુરાએ આ વંશના ઇતિહાસની સાત નવલકથાઓ લખી છે તેમાંની આ બે છે. એકલા રા'નવઘણના ચરિત્રને જ ગૂંથી લેતી તેમની બીજી બે નવલકથાઓ 'નગાધિરાજ' અને 'કુલદીપક' છે. રા'નવઘણના વખતમાં જ મહમૂદ ગઝનવી સોમનાથ ઉપર ચઢાઈ લાવ્યો હતો અને રા'નવઘણ ગુર્જરેશ્વર ભીમદેવની મદદે સેના લઇને ગયો હતો એ પ્રસંગ અને તેને અનુકૂળ વીરત્વપૂર્ણ વાતાવરણ 'સોમનાથની સખાતે'માં આલેખવામાં આવ્યું છે. રા'નવઘણના ચરિત્રની ચારે કથાઓ એકબીજી સાથે સંકળાયેલી છે, એટલે સ્વતંત્ર નવલકથા તરીકે તે વાચનીય બની શકતી નથી. વાર્તાઓ વિગતોથી રસપૂર્ણ બને છે, પણ પાત્રોનાં આલેખન ઉઠાવદાર નથી થતાં.

'રા' ગંગાજળિયો' (ઝવેરચંદ મેઘાણી) એ જૂનાગઢનો છેલ્લો ચુડાસમા વંશનો રાજા રા'માંડલિક. તેના અસ્તકાળ અને ગુજરાતના સુલ્તાન મહમ્મદ બેગડાના ઉદયકાળનું ચિત્ર આ કથામાં સળંગરીતે આલેખવામાં આવ્યું છે.

વહેમો અને ચમત્કારોમાં માનતા તત્કાલીન સમાજનું માનસ તેમાં સરસ રીતે દાખવ્યું છે. માંડલિક મિત્રના ઘર પર કૂડી નજર નાખીને વિનિપાત પામે છે, નરસિંહ મહેતાને હાર લાવી આપવાનું ફરમાવી પજવે છે, એવા લોકકથાના પ્રસંગો તેમાં વણી લેવામાં આવ્યા છે.

'સમરાંગણ' (ઝવેરચંદ મેઘાણી): ગુજરાતની મુસ્લિમ સુલ્તાનીના અસ્ત-કાળની એ કથા છે અને જાણીતા ભૂચરમોરીના યુદ્ધની આસપાસ તાણા-વાણા ગૂંથીને તેનો કથાપટ નિર્માણ કરવામાં આવ્યો છે. સોરઠના રાજપૂત રાજાઓના આશ્રિત સુલ્તાન મુજફ્ફરના રક્ષણ ખાતર એ રાજાઓએ અકબરશાહની સેના સામે યુદ્ધ આદર્યું હતું, તેમાં કેટલાકોએ પાછળથી દગો દીધો હતો અને પરિણામે હારી જવાથી મુજફ્ફરને આપઘાત કરવો પડ્યો હતો એ રોમાંચક ઘટનાને આ કથા સરસ રીતે સજીવ કરી શકી છે.

'જગતના મંદિરમાં' (ગુણવંતરાય આચાર્ય) એ નવલકથા ઓખા-મંડળના વાઘેરોના સ્વાધીનતાના સંગ્રામને અભિનવ રંગે રંગી બતાવે છે. આ જ ઇતિહાસની એક-બે નવલકથાઓ પૂર્વે લખાયેલી છે, પણ આ કથા તેથી અનેક રીતે જુદી પડે છે. કથાના ઇષ્ટ ધ્વનિને પોષવાને માટે ઇતિહાસનાં આકરાં બંધનને લેખક સ્વીકારતા નથી, પરંતુ કથાકાળના વાતાવરણને સુરેખ રીતે સર્જવાની અને પાત્રોને જીવંત બનાવી મૂકવાની શૈલી તેમને વરી છે તે વાર્તારસનું સારીપેઠે પોષણ કરે છે. લેખક ઇતિહાસને વર્તમાનકાળની અપેક્ષાએ જોઇને તે દ્વારા ધ્યેયનિષ્ઠ કથાની રચના કરે છે એટલે કથારસ મળે છે, પરન્તુ ઐતિહાસિક નવલકથાનો લાક્ષણિક ઇતિહાસરસ નથી મળતો.

'ખાપરા-કોડિયાનાં પરાક્રમો' (કેશવલાલ સામલાકર): સાલપરનો 'ખાપરો' અને કોડીનારનો 'કોડિયો' એ લોકકથામાં જળવાયેલી ઐતિહાસિક વ્યક્તિઓ છે. એ ડુંગ-લુટારાનાં શૌર્ય તથા પરાક્રમોથી ભરપૂર આ કથા છે. તળપદી સોરઠી ભાષા વાતાવરણને જમાવવામાં ઠીક મદદગાર બને છે અને લખાવટ જૂની લઢણની હોવા છતાં કથારસ જાળવી રાખે છે.

'જેતીઓ સરદાર' (વસંત શુકલ) સૂરત જિલ્લામાં પાંત્રીસેક વર્ષ પર થઇ ગયેલા એક ભીલ બહારવટિયાની આ રોમાંચક ઐતિહાસિક નવલકથા છે. જેતિયો ક્રૂર હતો તેવો જ દયાળુ હતો. તેનાં અનેક પરાક્રમો આ કથામાં વણી લેવામાં આવ્યાં છે. છેવટે તે દગાથી પકડાઇને ફાંસીએ ચઢ્યો હતો.

'રક્તપિપાસુ રાજકુમારી' (જેઠાલાલ હ. મહેતા): પાલીતાણાના રાજ

ઊનડની પ્રિયતમા પાટલદેવી અને બીજી જશવંતકુમારી, એ બે વિરુદ્ધ સ્વભાવનાં પાત્રોના ઘર્ષણમાં આખી નવલકથા પૂરી થાય છે. કોઈ લોકકથા જ આધારભૂત હોય તેમ જણાય છે. શૈલી અતિ સામાન્ય છે.

'સમ્રાટ્ વિક્રમ અથવા અવંતીપતિ' (જેઠાલાલ ત્રિવેદી) : સુપ્રસિદ્ધ રાજા વિક્રમની કથા પ્રબંધ–વાર્તિકોની મેળવણી દ્વારા નિરૂપવાનો પ્રયત્ન આ નવલકથામાં કરવામાં આવ્યો છે. પ્રાચીન માળવાના વાતાવરણનું સર્જન કરવાને તાંત્રિકોની મેલી વિદ્યાના પ્રયોગો, સુવર્ણસિદ્ધિ, જ્યોતિષનો ચમત્કાર, વિષનો પ્રયોગ ઇત્યાદિને ઉપયોગમાં લેવામાં આવ્યાં છે. ચમત્કારોનો ઉકેલ કોઈ વાર વૈજ્ઞાનિક દૃષ્ટિએ કરવામાં આવ્યો છે અને કોઈ વાર અણઉકેલ્યો પણ રહે છે. કથાનો પટ પહોળો બન્યો છે પણ સચોટ નથી બન્યો. પાત્રો પ્રતિભાશાળી હોવા છતાં આલેખન ઝાંખું રહ્યું છે.

'અવન્તીનાથ' અને 'રૂપમતી' (સુનીલાલ વ. શાહ) એ બેઉ નવલકથાઓ જુદાજુદા સમયના માલવપ્રદેશની છે. 'અવન્તીનાથ'માં સુપ્રસિદ્ધ રાજા ભોજના જીવનનો કાળ આલેખાયો છે. 'રાજા ભોજ અને ગાંગો તઈલ' એ કહેવતની ઐતિહાસિક સિદ્ધતા, ચેદીના ગાંગેય અને કર્ણાટકના તઇલ રાજાના પુત્રો સાથેના યુદ્ધમાં ભોજની પહેલાંની જીત અને પછીની હાર છતાં સાત્વિક વિજય દર્શાવીને કરવામાં આવી છે. એકંદરે ભોજની વીરતા, વિદ્વત્તા, ઉદારતા તથા સંસ્કારનો, તેના જીવનના ઘડતરના પ્રયોગો દ્વારા સરસ રીતે પરિચય કરાવવામાં આવ્યો છે. કથાવેગ ધીરો છે પણ રસનિર્વાહ છેવટ સુધી થાય છે. 'રૂપમતી' એ ઐતિહાસિક પ્રેમકથા છે. માળવાના સુલ્તાન બાઝ બહાદુર અને રૂપમતીના પ્રેમાંકુરથી માંડીને બાઝના પ્રેમ પાછળ રૂપમતીના આત્મવિસર્જન સુધીની કથા અકબરના માળવાના રાજકારણ તથા બાઝ સાથેના યુદ્ધની કથા સાથે ગૂંથીને આપવામાં આવી છે.

'વીર દયાળદાસ' (નાગકુમાર મકાતી) : રાજસિંહના મંત્રી તરીકે ઔરંગઝેબ સામે અને મોગલ સલ્તનત સામે ઝૂઝનાર ટેકીલા જૈન યોદ્ધા દયાળદાસની આ નવલકથામાં શાહીવાદના પ્રતીક સામે સ્વતંત્રતાના પ્રતીકની અથડામણનું રસભરિત રીતે દર્શન કરાવવામાં આવ્યું છે. સંવાદો, વર્ણનો અને વાતાવરણની જમાવટમાં લેખકે સારી હથોટી બતાવી છે. લેખકની શૈલી હકીકતની શુષ્કતાને નિવારીને રસનિભાવ કરે છે.

'ડગમગતી શહેનશાહત યાને શેતરંજના દાવ' (અમૃતલાલ રતનજી ત્રિવેદી) : મોગલ સમ્રાટ જહાંગીરના જીવનનાં છેલ્લાં વર્ષોમાં જ્યારે મોગલ સામ્રાજ્ય નબળું પડતું જતું હતું તે સમયના બનાવોને એમાં ગૂંથેલા છે. જહાં-

ગીરના જીવતાં જ તેના પુત્રોના શરૂ થયેલા રાજકીય કાવાદાવા અને કપટ-જાળનો તે ખ્યાલ આપે છે.

'ગુરુસ્વામી' (દામોદર સાંગાણી) એ પાણીપતના યુદ્ધ પછીની પેશ-વાઇની ઐતિહાસિક ભૂમિકા પર લખાયેલી નવલકથા છે, એટલે વાતાવરણમાં ઐતિહાસિક તત્ત્વ ગૂંથાયું છે; પરંતુ કથાનો પટ પ્રેમત્રિકોણ અને રાજ્ય-ખટપટની વચ્ચે પથરાઇ રહે છે, એટલે રસનિષ્પત્તિમાં ઇતિહાસ કાંઈ તાત્ત્વિક ફાળો આપતો નથી; માત્ર 'ધર્મનો જય અને પાપનો ક્ષય' એ ધ્યેયને પ્રકટ કરે છે. કલાવિધાનમાં કચાશ છે.

'બંધન અને મુક્તિ' (દર્શક)નો વિષય ૧૮૫૭ના વિપ્લવયુદ્ધનું આલેખન છે, પરન્તુ ખરું યુદ્ધ તો કથાનાયકના હૃદયમાં મચેલું છે. પ્રેમ અને શિસ્ત, શિસ્ત અને માનવતાનાં પરસ્પર વિરુદ્ધ ખેંચાણો પાત્રો માટે ચાલ્યા કરે છે. યુદ્ધમાં ગૌરવાન્વિત માનવતા હારે છે, પરંતુ કથાની રસનિષ્પત્તિ જીતી જાય છે.

'હંગ' (રમણલાલ વ. દેસાઇ)માં એકાદ-બે ઐતિહાસિક પાત્રો છે, છતાં કંપની સરકારના રાજત્વનું વાતાવરણ કથાની ઐતિહાસિક પીઠિકા બને છે. હંગલોકોની સંસ્થાના ઉત્કાપાતોનો ઇતિહાસ, પ્રેમ–શૌર્ય, ધૈર્ય, ઔદાર્યને સ્ફુટ કરતી કથા દ્વારા રજૂ કરવાનો તેમાં સરસ પ્રયત્ન થયો છે.

'ભગવો નેજો' અને 'દરિયાલાલ' (ગુણવંતરાય આચાર્ય) એ બેઉ નવલકથાઓ પૂર્વ આફ્રિકામાં વસેલા ગુજરાતીઓનાં પરાક્રમોની કથાઓ છે. તેમાંની પહેલી, હિંદી સંસ્કૃતિનો ભગવો નેજો ફરકાવતી ગુજરાતી કોડીની વસાહત પર આવેલા એક તોફાની મામલાની કથા છે. બીજી, ઝાંઝીબારમાં ગોરી વસાહતો ગુલામોનો વેપાર કરતી હતી ત્યારે તેમાં સાથ આપતી એક ગુજરાતી પેઢીના નોકરે એ અમાનુષી વેપારથી ત્રાસીને મૂળ વતનીઓને સાથ દઈ ગુલામો થતા બચાવ્યા તથા તેમને લવીંગની ખેતીમાં વળગાડ્યા તેના પરાક્રમની કથા છે. બેઉ કથાઓ ઝડપી વસ્તુવિકાસ વાળી, સાહસપ્રચુર, ભયંકર ઘટનાઓથી રોમાંચક અને પ્રકૃતિસૌંદર્યની વચ્ચે મૂકેલાં ચેતનવંતાં પાત્રોથી સજીવ બની છે. પૂર્વ આફ્રિકાના પ્રદેશોનાં વર્ણનો કેટલાં વાસ્તવિક છે તે કહી શકાય તેમ નથી, પરન્તુ કથામાં ખૂંચે તેવી અવાસ્તવિકતા જણાતી નથી. 'જળસમાધિ' એ જ લેખકની ત્રીજી નવલકથા પણ હિંદના દરિયાઈ વાતાવરણને સ્પર્શીને લખાઈ છે. હિંદના કિનારાને પરદેશી ચાંચિયાઓથી રક્ષવામાં હિંદી ખલાસીઓએ બતાવેલી બહાદુરીને તે મોખરે મૂકે છે. ઇતિહાસ તથા લોકકથા બેઉનો આધાર લેખકે લીધો છે અને રસની જમાવટ ઠીક કરી છે.

'ક્ષિતિજ' (રમણલાલ વ. દેસાઇ) ના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એ બેઉ ખંડોમાં ગુપ્ત સામ્રાજ્યની પૂર્વેની નવલકથા છે. હિંદમાં નાગો અને ભાર-શિવોએ સ્થાપેલાં સામ્રાજ્યોનો સમય તે મૂર્તિમંત કરે છે. સામ્રાજ્યોની ઘડતર-ક્રિયાઓનું અને તે થતાં પૂર્વે જાગતા મનોભાવો તથા અભિલાષોનું દર્શન કરાવવાનો મુખ્ય હેતુ કથા પાછળ છે. માનવભૂમિનું અટકસ્થાન તે ક્ષિતિજ, ક્ષિતિજની પેલે પાર શું હશે તે જાણવાની જિજ્ઞાસા પ્રકટતાં માનવી આગળ વધે છે અને તેની ક્ષિતિજ વિસ્તરે છે; આમ ક્ષિતિજભૂમિ આદર્શોનું ધામ કલ્પીને અને આર્યોની ક્ષિતિજ એક પછી એક વિજય થતાં લંબાયે જ જાય છે તેનું દર્શન કરાવીને 'ક્ષિતિજ' નવલકથા રાજ્યસંસ્થા, સમાજસંસ્થા અને માનવજગતના તત્ત્વચિંતનમાં વાચકોને છૂટા મૂકે છે. કથા માત્ર ઇતિહાસનો પુટ પામી છે, વસ્તુતઃ તે નિજસંસ્કૃતિનું ઘડતર કરી રહેલા આર્યોની કથા છે. કથા રસનિષ્પત્તિમાં સારો ટકાવ કરે છે.

'કલિંગનું યુદ્ધ' (સુશીલ) એ, ચક્રવર્તી મહારાજા ખારવેલના કલિંગ દેશ પર હલ્લો કરી અશોકે જે ભારે કતલ ચલાવી હતી તેનું દર્શન કરાવતાં વિક્રમ સંવત પૂર્વેના બસો વર્ષનું સમયનું વાતાવરણ સર્જી આપે છે. અશોકને લેખકે વિકૃત સ્વરૂપમાં આલેખવાનો યત્ન કરતાં તેની ધર્મપ્રચાર-દૃષ્ટિને સામ્રાજ્યવાદી જણાવી છે. હકીકતે નવલકથા ઇતિહાસને વફાદાર રહે છે, દૃષ્ટિમાં ભેદ છે.

'તક્ષશીલાની રાજમાતા' (ઉછરંગરાય ઓઝા): સિકંદરે તક્ષશીલા વિદ્યાપીઠ પર કરેલી ચઢાઈ એ આ કથાનું વસ્તુ છે. વસ્તુ ઐતિહાસિક છે, પણ પાત્રાલેખન નબળું છે એટલે તે કાળનું વાતાવરણ મૂર્તિમંત બનતું નથી.

'ભારતી' (વાલજી દેસાઇ)એ મહાભારતની સંક્ષિપ્ત અને સારભૂત કથા છે.

'સ્થૂલિભદ્ર' ('જયભિક્ખુ') એ જૈન પુરાણાંતર્ગત એક ધર્મકથાનું નવલ-સ્વરૂપ છે. કથામાંના જૈન પારિભાષિક તત્ત્વને અળગું કરીને કથાને સામાન્ય માનવતત્ત્વથી ઓતપ્રોત બનાવવાની દૃષ્ટિ તેમાં તરી આવે છે. 'મહર્ષિ મેતારજ' એ એ જ લેખકની બીજી નવલકથા છે અને તે પણ જૈન પુરાણકથાનું નવીન શૈલી દ્વારા થયેલું નિરૂપણ છે. તેમાંનાં કેટલાંક પાત્રોનાં આલેખન પ્રથમ કથા કરતાં વધારે સુભગ થયાં છે. કવિતાની કક્ષાએ પહોંચતું રંગદર્શી આલેખન એ લેખકની શૈલીની વિશિષ્ટતા છે અને એ શૈલી જ્યાં સંયત રહે છે ત્યાં સરસ ઉઠાવ આપે છે.

'જીવનનું ઝેર' (હરજીવન સોમૈયા): રોમન સામ્રાજ્યમાંથી વસ્તુને શોધીને

તેનો સારી પેઠે અભ્યાસ કરીને લેખકે આ કથા લખી છે. પરદેશી વાતાવરણ, પરદેશી સંસ્કારવાળાં પાત્રો અને અત્યંત દૂરના ભૂતકાળનો સમય, એ બધાંને ન્યાય આપવા લેખકે સારી પેઠે મથન કર્યું હોય એમ જણાઇ આવે છે. નીરોની માતા એગ્રીપીનાની મહત્ત્વાકાંક્ષા જીવનને બદલે જીવનના ઝેર રૂપ કેવી રીતે બને છે તેનું તેમાં દર્શન કરાવ્યું છે. ઐતિહાસિક નવલકથાનાં તત્ત્વોથી આ પુસ્તક ભરચક છે. તેની માંડણી અને ખીલવણીની કલામાં કેટલીક ઊણપ લાગે છે.

'ગુલામ' (ચંદ્રભાઈ કા. ભટ્ટ): પ્રાચીન રોમમાં અસ્તિત્વ ધરાવતી ગુલામીની પ્રથા પર રચાયેલી આ કથા 'સ્પાર્ટેકસ' નામના અંગ્રેજી પુસ્તકમાંની માહિતીને આધારે લખાયેલો છે. સ્પાર્ટેકસનું પૌરુષ સરસ આલેખાયું છે. કથનશૈલીમાંની અતિશયોક્તિ કેટલીક વાર વાસ્તવિકતાને હણે છે, છતાં પરદેશના પ્રાચીન કાળના વાતાવરણને એક ગુજરાતી લેખક આલેખે છે એ જોતાં તેમાંની ઊણપને ક્ષંતવ્ય લેખી શકાય.

સાંસારિક

સાંસારિક નવલકથાઓમાંની ઘણીખરી પ્રેમ અને લગ્નની આસપાસ પરિક્રમણ કરતાં પરિણીત જીવનના વિધવિધ પ્રશ્નો ઉપસ્થિત કરીને તેની છણાવટ કરે છે. વર્તમાન કેળવણીએ, જગતમાં ઊઠેલાં નવવિચારનાં મોજાંએ, રાજકારણમાં, અર્થકારણમાં અને સમાજમાં પ્રસરતી જતી ક્રાન્તિકારી ભાવનાએ આર્ય સંસારમાં પણ જે ઝંઝા ઉત્પન્ન કરી છે તેનું પ્રતિબિંબ સાંસારિક નવલકથાઓમાં જોવા મળે છે. જૂના અને નવા વિચારોના ઘર્ષણમાંથી પસાર થતી ઘણી સાંસારિક કથાઓ કોઇ ને કોઇ નવીન ધ્વનિ રજૂ કરીને જનતાને વિચાર કરતી કરી મૂકવાનું કાર્ય કરે છે. જેવી રીતે નવો વળાક લેતો સંસાર આ નવલકથાઓમાં પ્રતિબિંબિત થતો જોવામાં આવે છે તેવી જ રીતે નવલકથાઓનાં પાત્રોના કલ્પિત છતાં વારતવિક સંસાર, જીવનમાં પણ કેટલેક અંશે પ્રતિબિંબિત થઇ રહ્યા છે. એકંદરે લગ્નજીવનની જૂની ભાવનાઓનું સ્થાન ધીરેધીરે નવીન ભાવનાઓ લેતી જાય છે, પરન્તુ નવલકથાઓમાં નવીન ભાવનાઓનો જે વેગ જોવા મળે છે તે વેગ હજી સાક્ષાત્ જીવનમાં આવ્યો નથી. કુમારિકાઓ, પરિણીતાઓ, ત્યક્તાઓ અને વિધવાઓ પ્રતિની સહાનુભૂતિ મોટા ભાગની નવલકથાઓનાં ઉભરાય છે, છતાં એ સહાનુભૂતિનો સાક્ષાત્કાર જીવનમાં બહુ જ ઓછો ઊતરેલો દેખાય છે. નવીન ધ્વનિ રજૂ કરવામાં પણ બધી સાંસારિક કથાઓ એકસરખી રીતે કામ કરતી નથી; કેટલીકમાં પ્રેમનાં ને સાંસારિક ક્રાન્તિનાં પોકળ ટાચલાંપણ

હોય છે, અને કોઈ કોઈ વાર તો લેખકોની ફાંટાબાજ કલ્પનાઓ પશ્ચિમની નવલકથાઓની દેખાદેખીથી વર્તમાન સંસારને વિમાર્ગે દોરતી હોય છે. ભારતીય મનોવિજ્ઞાનની અધૂરી સમજ હેઠળ પશ્ચિમના કોયડાઓને સંસારમાં ઉતારવાના કેટલાક પ્રયોગો હિંદના જીવનને માટે અવાસ્તવિક લેખાય તેવા હોય છે, પરંતુ પરિણીત જીવનમાં ઊહતાં ક્રાન્તિનાં મોજાંનું એ પણ એક સ્વરૂપ બની રહે છે એમ કહી શકાય. કેટલાક લેખકોના પ્રયોગદશાના નવલકથાલેખનના પ્રયાસોને બાદ કરીએ તો આ પ્રકારની નવલકથાઓનો કાલ મોળો લેખાય તેવો નથી અને કલાવિધાનમાં પણ ઉત્તરોત્તર વિકાસનું દર્શન કરાવે છે.

લગ્ન, પ્રેમ અને દાંપત્ય

'લગ્ન : ધર્મ કે કરાર ?' (સ્વ. ભોગીંદ્રરાવ દિવેટિયા) : આ પ્રશ્નશીર્ષક નવલકથામાં લેખકે પ્રશ્નને જ છણવાની દૃષ્ટિએ પાત્રયોજના અને ઘટના-પરંપરાને ગોઠવી છે એટલે તેનું કળાવિધાન નબળું છે; વિચારસરણી પણ અદ્યતન નથી. લેખકના જીવનસમયનાં યુવક-યુવતીઓનાં લગ્નવિષયક મંથનોનું દર્શન કરાવીને તેમણે લગ્નને ધાર્મિક સંસ્કારનું ગૌરવ આપ્યું છે અને બીજા પણ કેટલાક સામાજિક કોયડા છણ્યા છે.

'વેવિશાળ' (ઝવેરચંદ મેઘાણી)માં વાગ્દાન થયા પછી તે ફોક થતું નથી એવાં બંધનોવાળી ન્યાતનાં પાત્રોની આસપાસ કથાની ગૂંથણી કરવામાં આવી છે. મુંબઈમાં જતા ગામડિયા વણિકો ત્યાંના વાતાવરણથી ઘેરાયા પછી કેવું કૃત્રિમ, ભાવનાહીન અને મતલબી જીવન ગાળે છે, તથા ગામડામાં રહેલા એ જ ન્યાતના લોકો મુસ્કેલીમાં પણ પોતાની ટેકને ટકાવી રાખે છે તેનું સુરેખ દર્શન કરાવીને લેખક બેઉ પક્ષના સંસ્કારો વચ્ચેના અંતરમાંથી કથાવસ્તુ નિપજાવે છે, અને ગામડામાં દાંપત્યજીવનના તેમ જ કુટુંબજીવનના જે અવશેષો રહેલા છે તે જ શાશ્વત છે, શહેરોમાં કૃત્રિમતા પેઠી છે, એ રસભરિત રીતે બતાવી આપે છે. બેઉ પ્રકારના જીવન વચ્ચેનું અંતર એ આજનો મહત્ત્વનો સાંસારિક-સામાજિક પ્રશ્ન છે, એમાં શંકા નથી.

'પુત્રજન્મ' (ગુણવંતરાય આચાર્ય) માં વેવિશાળ ફોક નહિ કરવાની ટેકવાળાં માબાપ પ્રારંભમાં એક ભયંકર કજોડું નિપજાવે છે અને પછી ગુણવતી પત્ની અપંગ અને ગાંડા પતિને પોતાની પ્રેમભરી સારવારથી દેવ જેવો ડાહ્યો પુરુષ બનાવે છે એવી કથા આપીને આગળ જતાં એ પતિ-પત્ની વચ્ચે લેખક તૂટ પડાવીને એવો સિદ્ધાંત સ્થાપિત કરવા માગે છે કે પુરુષ પ્રતિ જે સ્ત્રીનો અસાધારણ સેવાભાવ ઉભરાય તે એ પુરુષની

માતા જ બને છે; કારણ કે પુરુષને અનેક પ્રકારની કષ્ટપરંપરામાં જે છેવટ સુધી વળગી રહે તેની પાછળ સ્ત્રીનો માતૃભાવ જ હોય–પત્નીભાવ કદાપિ ન હોય! આ કલ્પનાને આધારે એક વારના અપંગ પતિનો 'પુત્ર જન્મ' ઘટાવવામાં આવ્યો છે. આ કથાધ્વનિ વિલક્ષણ છે, પરંતુ લેખકની રજૂઆત મનોવેધક છે અને ઘટનાપરંપરા છેવટ સુધી રસ જાળવી રાખે છે. 'નિવેદિતા' નામક એમની બીજી સાંસારિક નવલકથા એક ત્યકતા સ્ત્રીની રોમાંચક જીવનકથા રજૂ કરે છે. અનેક અથડામણો વચ્ચેથી પસાર થઈને નાયિકા આદર્શ ગૃહિણી બને છે એ મુખ્ય વાત લેખકને કહેવી છે; તે સાથે તેની જોડે સંબંધ ધરાવતાં બીજાં પાત્રોની સૃષ્ટિ અને ઘટનાપરંપરા કથારસની જમાવટ સરસ રીતે કરે છે. પાત્રો અને પ્રસંગોનાં આલેખન કરવાની લેખકની કુશળતા કથામાંની કેટલી અસંગતતા કે દીર્ઘસૂત્રિતાને ઢાંકી દે છે.

'રંજન' (પ્રમોદ)માં ભણેલાં યુવક–યુવતીના વાગ્દાનનો પ્રશ્ન ગોઠવવામાં આવ્યો છે, પરંતુ તેમાં બોધપ્રધાનતા વિશેષ છે એટલે કથારસ અને પાત્રાલેખન મોળાં પડે છે.

'શોભના' (રમણલાલ વ. દેસાઈ) આજની કૉલેજોની કેળવણી લીધેલાં યુવક–યુવતીઓના જીવનરસની પોકળતા અને કરુણતાનો ખ્યાલ આપનારી નવલકથા છે. તેમાં પ્રેમનો ચતુષ્કોણ નિર્માણ કરીને લેખકે પરણેલાં યુવક–યુવતીના લગ્ન બહારના પ્રેમના તલસાટનો ચિતાર આપ્યો છે, અને એનો અંત જોકે અરોચક નથી આણ્યો છતાં તેમાં કરુણતા ખૂબ છવાઈ રહેલી છે. 'રસવૃત્તિ તરફ દોડતું ગુજરાતનું યૌવન કેટલું નિરર્થક બની ગયું છે' એ ધ્વનિ કથામાંથી ઊઠી રહે છે. એ જ લેખકની એક બીજી નવલકથા 'છાયાનટ'માં વર્તમાનકાળના કૉલેજિયનોના અભિલાષોનું વાતાવરણ જમાવવામાં આવ્યું છે અને તેમાં ય એમની ચંચળ દોડ તથા તરંગમય મનોદશા ઉપરનો કટાક્ષાત્મક ધ્વનિ છે. પાત્રાલેખન અને કલાવિધાનમાં બીજી કરતાં પહેલી નવલકથા ચઢિયાતી છે.

'કૉલેજિયન' (સ્વ. ભોગીંદ્રરાવ દિવેટિયા) એ પચ્ચીસ વર્ષ પૂર્વેના કૉલેજના વિદ્યાર્થીના જીવન અને વાતાવરણને મૂર્ત કરે છે અને સુખી દાંપત્ય માટે પતિપત્ની કેળવણીમાં પણ યોગ્ય કક્ષાનાં હોવાં જોઈએ એ ધ્વનિ ઉપજાવીને સ્ત્રીકેળવણીની આવશ્યકતા દર્શાવે છે. સ્વ. ભોગીંદ્રરાવે ૧૯૧૭ માં લખતાં અધૂરી મૂકેલી આ કથાને શ્રીમતી માલવિકા દિવેટિયાએ પૂરી કરીને પ્રસિદ્ધ કરી છે એથી કથા વર્તમાન વાતાવરણથી પાછળ રહીને કાંઈ વિશિષ્ટ સિદ્ધિ કરી આપતી નથી.

'વિકાસ' અને 'વિલોચના' (ચુનીલાલ વ. શાહ) એ બેઉ નવલકથાઓ વર્તમાન યુગની કેળવણી અને નવીન વિચારોનાં મોજાંમાં ઘસડાતાં જુવાન પાત્રોની કથાઓ છે. પ્રથમ કથામાં જીવનના 'વિકાસ'ની જુદીજુદી દિશાઓ જોનારાં જુદાંજુદાં પાત્રો પોતપોતાની રીતે આગળ વધ્યે જાય છે અને દરેકને તે તે દિશાની મર્યાદાનું ભાન થાય છે. આ ભાન થતાં પૂર્વે કેટલાક વિકાસ-પંથીઓનો કરુણ અંત આવે છે, કેટલાંક પાછાં પડે છે અને થોડાંને વિકાસનો સાચો ખ્યાલ આવે છે. આ કારણે જુદાજુદા પ્રકારનાં દાંપત્ય-જીવનનો ચિતાર તુલનાત્મક નીવડે છે અને મુખ્ય ધ્વનિને પોષતા પ્રસંગોમાં રસ પૂરે છે. બીજી નવલકથામાં કૉલેજિયન યુવતી અને તેના મર્યાદિત સુધરેલા વિચારના પિતાના વિચાર-ઘર્ષણમાંથી કથા પ્રારંભાય છે અને સ્વાતંત્ર્યને ઝંખતી કુમારિકા સ્વાતંત્ર્યનો કડવો સ્વાદ પામવાની સાથેસાથે દાંપત્યને સ્વાતંત્ર્યના નાશનું ઉપલક્ષણ માનવાની ભૂલમાંથી કેવી રીતે બચે છે તે દર્શાવનારા પ્રસંગો ગૂંથવામાં આવેલા છે. સ્ત્રીત્વની મૂલગામી ભાવનાને તે પુરસ્કારે છે. બેઉ કથાઓ વર્તમાન યુગના કેળવાયેલા માનસની રજૂઆત વૈજ્ઞાનિક રીતે કરતી હોઈ કેટલાક પ્રશ્નોની ગૂંચવણના ઉકેલમાં તે દિશાદર્શક બને તેમ છે.

'વળામણાં' અને 'મળેલા જીવ' (પન્નાલાલ પટેલ) એ બેઉ ગ્રામજીવન-ના તળપદા પ્રેમપ્રસંગોની ઉદાત્ત ભાવનાયુક્ત કથાઓ છે. નૈસર્ગિક વિશુદ્ધ પ્રેમનું આલેખન 'વળામણાં'ની નાયિકા દ્વારા લેખકે અદ્‌ભુત કુશળતાથી કર્યું છે. 'મળેલા જીવ' માં પણ જુદીજુદી ન્યાતનાં યુવકયુવતીની વચ્ચે જાગેલા પ્રેમની કથા છે; પણ 'વળામણાં'થી તે અનેક રીતે જુદી પડે છે. બેઉ કથાઓમાં ગામડાના નૈસર્ગિક સૌંદર્યની વચ્ચે પાત્રોને રજૂ કરવાની સુંદર કલા લેખકે હસ્તગત કરી હોય એમ જણાયા વિના રહેતું નથી.

'ખાંડાની ધાર' (રામનારાયણ ના. પાઠક):જુવાન હૃદયોમાનાં આકર્ષણો, સરલ જીવન જીવવાની અણઆવડત, મોહવશ થવાની ઉત્સુકતા અને જુવાનીની મૂર્ખાઈઓ વડે ખુવાર થતા જીવનનું નિરૂપણ કરતી આ નવલકથામાં પ્રણય-ત્રિકોણ મુખ્ય ભાગ ભજવે છે. પાત્રો જેટલે અંશે મનસ્વી છે તેટલે અંશે કથામાં વાસ્તવિકતાનું તત્ત્વ ઊણું રહે છે.

'વિભંગ કથા' (દુર્ગેશ શુકલ) : કામાંધોનો ઉપહાસ કરીને ઉદાત્ત પ્રેમનો ખ્યાલ આ નવલકથામાં પ્રણયત્રિકોણના નિર્માણ દ્વારા લેખકે આપ્યો છે. પ્રેમ અને મોહ વચ્ચેનો ભેદ તેથી વિશદ થવા પામ્યો છે. કલાવિધાન શિથિલ છતાં આશાસ્પદ છે.

'સ્વાર્પણ' અને 'સ્નેહત્રિપુટી' (ભદ્રકુમાર યાજ્ઞિક), 'સુહાસિની (બાપુરાવ જોષી), 'ક્ષિતીશ' (ઈંદુકુમાર શહેરાવાળા) એ ચારે નવલકથાઓમાં લગ્ન અને પ્રેમનાં વસ્તુઓ સંયોજવામાં આવ્યાં છે અને લેખકોના તે પ્રાયોગિક દશાના પ્રયત્નો છે. શ્રી. રમણલાલ દેસાઈની કથાઓનાં અનુકરણો માત્ર કરવામાં આવ્યાં છે. 'ક્ષિતીશ'ની તો ભાષા પણ કૃત્રિમ લાગે છે.

'લયલા' (શયદા) એ મુસ્લિમ સંસારની સુવાચ્ય અને રસભરી નવલકથા છે, અને કોઇ ખાસ સાંસારિક પ્રશ્નને છેડ્યા વિના મનોરંજન પૂરું પાડે છે.

'જીવનની જ્વાળાઓ' (રુદ્રદર્પ) એ આત્મકથા રૂપ નવલકથામાં લેખકે વર્તમાન સમાજમાંના મધ્યમ વર્ગના એક સંસારનું જ્વલંત રેખાચિત્ર સંયમ અને તટસ્થતાથી દોરી આપ્યું છે. અનેક પ્રકારનાં પાત્રોની સાંસારિક મૂંઝવણોનો સંભાર તેમાં ભર્યો છે. વસ્તુનો પ્રકાર સામાન્ય છે, પરન્તુ વસ્તુવિધાન અને પાત્રાલેખન કથામાં રસ પૂરે છે.

'જયશ્રી' (જયંત ન્યાલચંદ શાહ)માં ગુજરાતી સંસારને બંગાળી ઊર્મિલતાનાં કપડાં પહેરાવેલાં હોય તેમ લાગે છે. પ્રેમત્રિકોણમાંથી એક પાત્રના મૃત્યુ પછી બાકીનાં બેનું લગ્ન થાય છે, પણ પત્નીના વદન પર પવિત્રતાનું તેજ જોઈને વિચારવિવશ બનેલો પતિ યોગી બની જાય છે અને એ રીતે દિલનાં લગ્ન દેહલગ્નમાં પરિણમતાં નથી. લખાવટ સામાન્ય કોટિની છે.

'સુભગા' (સીતારામ શર્મા) : ઉપલા વર્ગના શિક્ષિત યુવતીઓના દંપતી-જીવનની આ કરુણ કથા પાત્રોના મનોવ્યાપારોનું વિશ્લેષણ કરીને લખવામાં આવી છે. વસ્તુ આછું હોવા છતાં ચર્ચાત્મક પ્રસંગગૂંથણી તેમાં રસ પૂરે છે.

'સુરેખા' (જેઠાલાલ ત્રિવેદી)માં સ્ત્રી-પુરુષના સંબંધમાં નૂતન યુગની ઉદારવૃત્તિ કેળવવાનો સૂચક ધ્વનિ રજુ કરતા લેખક પ્રેમત્રિકોણની વચ્ચે અસ્પૃશ્યતા, રેલસંકટ નિવારણ, આશ્રમજીવન, રાજકીય પ્રવૃત્તિ, ગ્રામજીવન, સંતતિનિયમન ઇત્યાદિને લગતા પ્રસંગો ગોઠવી દે છે. શૈલીમાં શ્રી. રમણલાલ દેસાઇને પગલે પગલે ચાલવાનો યત્ન પરખાઈ આવે છે.

'વર કે પર ?' (સુનીલાલ વ. શાહ) એ કથાનો ધ્વનિ કવિશ્રી નાનાલાલના 'આત્મા ઓળખે તે વર અને ન ઓળખે તે પર' એ સુપ્રસિદ્ધ વાક્યમાં સમાયેલો છે. નાની વયમાં પરણેલો પતિ કેવા સંયોગોમાં 'પર' બની જાય છે અને સ્ત્રીને ઠગવા આવેલો 'પર' પુરુષ કેવા સંયોગોમાં 'વર' બનવાને યોગ્ય બની જાય છે તે ઘટનાપરંપરાને આ કથામાં રસભરી રીતે મૂર્ત સ્વરૂપ આપવામાં આવ્યું છે.

'નિરંજના' (મૂળજીભાઇ શાહ) માં સુશિક્ષિત કન્યા એક પત્ની પરણેલા પતિને પરણવા અને શોક્ય બનવા તૈયાર થાય છે તે પ્રશ્ન ચર્ચવામાં આવ્યો છે. લેખનની કોટિ સામાન્ય છે. 'વસંતકુંજ' (ત્રિકમલાલ પરમાર) એ એક પર બીજી સ્ત્રી પરણવાના પ્રશ્ન ઉપર લખાયેલી સામાન્ય કોટિની નવલકથા છે.

'બંધન' (ઇંદુકુમાર શહેરાવાળા) પ્રેમ, અનિષ્ટ લગ્ન, છૂટા છેડા, પુનર્લગ્ન અને છેવટે પશ્ચાત્તાપ એવી વિચિત્ર તાવણીમાંથી પસાર થતાં નાયક-નાયિકાની કથા છે. વાતાવરણ અને ઘટનાઓ અવાસ્તવિક લાગ્યા કરે છે.

જીવનના પ્રશ્નો

પ્રેમ, લગ્ન અને દાંપત્યના વર્તુલની બહાર પણ સંસારનો વિશાળ સાગર પડ્યો છે, પરન્તુ એ સાગર ખેડવા માટે જે કુશળ હાથ જોઈએ તે થોડા છે એટલે તે પ્રકારની નવલકથાઓ કાંઈક ઓછી લખાઇ છે. આ પ્રકાર અનુવાદિત નવલકથાઓમાં કાંઈક વધુ સમૃદ્ધ દેખાય છે.

'પરાજય' અને 'અજિતા' (ધૂમકેતુ) એ બેઉ નવલકથાઓ માનવના સાંસારિક જીવનને તેના મૌલિક અર્થમાં વણે છે. તેનાં પાત્રો અમુક નવીન વિચારસરણી સાથે જ પ્રવેશ કરે છે અને પછી પોતાના અભિનવ વ્યક્તિત્વને ખીલવતાં વાચક ઉપર છાપ પાડતાં આગળ વધે છે. વસ્તુવિધાન અને વાતાવરણ કૌતુકમયતા જગવે છે અને પ્રતીતિજનકતાની ઊણપને કારણે અવાસ્તવિકતા તરતી લાગે છે, છતાં અદ્‌ભુત પુરુષત્વ અને તેજસ્વી નારીત્વની છાપ છાપવાનો હેતુ સાધવામાં નવલકથાઓ પાછી પડતી નથી. વાતાવરણ અદ્યતન સાંસારિક લાગે છે, પરન્તુ વસ્તુતઃ સંસારમાં એવાં તેજસ્વી કલ્પિત પાત્રો ઘડીને મૂકવાં કે જેમાંથી ભાવિ જનતા ચારિત્ર્યગઠન માટે પ્રેરણાનું પાન કરે એ તેમાંનો કેન્દ્રવર્તી ઉદ્દેશ છે.

'તુલસીક્યારો' (ઝવેરચંદ મેઘાણી) : જૂના યુગનો પિતા અને નવા યુગમાં ઊછરેલો તથા કૉલેજમાં પ્રોફેસર થયેલો પુત્ર એ બેઉની જીવન વિશેની વિચારસરણીમાં જે ભેદ રહેલો છે તે ભેદની સરાણે વર્તમાન જીવનના અનેક પ્રશ્નોને લેખકે ચઢાવ્યા છે અને બતાવ્યું છે કે આર્થિક વૈભવ, બુદ્ધિની ઉત્કટતા કે આધિભૌતિક સુખ એ જ જીવનને પોષતાં નથી, પરન્તુ ઉદાત્ત જીવનભાવનાઓ જ પ્રેરણાદાયક બનીને ઇષ્ટ માર્ગે ચાલવામાં મદદગાર બને છે. સ્વાર્થી મિત્રમંડળો, સુંવાળા સહચારના સાધકો, ક્રાન્તિની પોકળ ધૂન ચલાવનારાઓ, સ્ત્રી–પુરુષના સમાન હક્કના દંભી પુરસ્કર્તાઓ અને સ્વતંત્રતાને નામે સ્વચ્છંદને પોષનારાઓને લેખકે કથામાં સરસ રીતે આલેખ્યા છે અને તે બધાની પાછળ સળગતા સંસારની ભયાનક હોળીનું દર્શન કરાવ્યું છે.

કૌટુંબિક સંસ્કૃતિની ઉજ્જ્વલતા આજના વીંખાતા જતા કૌટુંબિક સંસારમાં પણ મંગલમયતા વર્તાવી શકે છે એવો કથાનો નિષ્કર્ષ છે.

'પારકાં જણ્યાં' (ઉમાશંકર જોષી) : ગ્રામજીવન છોડીને શહેરી જીવન ગાળનારને સ્થૂળ વૈભવ મળવા છતાં જીવનની સાચી સમૃદ્ધિ જેવા કોમળ માનસિક સંસ્કારોને ગુમાવવા પડે છે એ ધ્વનિ સ્ફુરાવનારી આ કથાનો પટ ત્રણ પેઢી સુધી પથરાય છે. પાત્રોનું આલેખન સુરેખ છે પણ કથાપટ પાતળો રહે છે.

'જગતા રે'જો' (સોપાન) : કર્મરત અને કર્મસંન્યાસી એવાં બે મુખ્ય પાત્રોનાં મનોમંથન અને આચરણોની ગૂંથણી આ કથાના બેઉ ભાગોમાં કરવામાં આવી છે. સંયોગો, અભ્યાસ, ચિંતન વગેરેને લીધે સેવાકાર્યરત સ્ત્રીપુરુષો પણ અપદિશામાં વહેવા લાગે છે અને નિવૃત્તિમાં આત્મશુદ્ધિ શોધનારાઓ પ્રવૃત્તિ તરફ આકર્ષાય છે એ કથાવસ્તુ છે. વસ્તુનો પાયો મનોવિજ્ઞાનની ભૂમિકા પર ચણ્યો છે, એટલે વિચારનાં વર્તુલોમાં વાર્તા વધુ વિહરે છે. પાત્રોનું આલેખન તેજસ્વી છે અને કથાવેગ શાન્ત-ધીરો છે.

'શોભા' (ઇન્દ્ર વસાવડા)માં વાસ્તવિક જીવનમાંથી ઉઠાવેલા વસ્તુની આસપાસ વિધવિધ પાત્રોની અને પ્રસંગોની ગૂંથણી કરવામાં આવી છે. જીવનના કોઈ અભિનવ પ્રશ્નોની છણાવટ તેમાં કેંદ્રસ્થ બનતી નથી. પણ શોભા અને બીજાં પાત્રોના જીવનપ્રસંગોનું આલેખન, કથાનું વાતાવરણ અને પાત્રોનાં વિચારમંથન તથા તરંગાવલિ રસ પૂર્યા કરે છે. પાત્રસર્જન સંવાદો દ્વારા કરવાની કલા લેખકે સફળતાપૂર્વક વાપરી છે. એ જ લેખકની બીજી નવલકથા 'ગંગાનાં નીર'માં, પ્રકૃતિના વિશાળ પટ ઉપર માનવની જીવનલીલા વિસ્તરી રહેલી જોવામાં આવે એ પ્રકારનું પાત્રો અને પ્રસંગોથી ખચિત વાતાવરણ જન્મે છે. સ્ત્રીપુરુષનાં આકર્ષણ અને વિધવાજીવનના પ્રશ્નો તેમાં છણાય છે અને જનતીય સ્ખલનો માટે યુવક-યુવતીઓને તિરસ્કારી ગુમાવવાં ન જોઈએ, પરન્તુ જીવનની ગંગાનાં નીર તેમને પણ પાવન કરે છે માટે તેમનો સારામાં સારો ઉપયોગ કરવો જોઈએ એ મુખ્ય ધ્વનિ તેમાંથી સ્ફુરી રહે છે.

'કલ્યાણને માર્ગે' (રમણીકલાલ દલાલ) એ સ્ત્રીજીવન, ગ્રામજીવન અને શહેરી જીવનમાં નવજીવનની ફૂંક મારીને અજ્ઞાનનાં આવરણ ફેડવાનાં સ્વપ્નો આલેખી બતાવે છે. દેશસેવા હૃદયવિશુદ્ધિથી જ મંગળમય બની શકે એ વિચાર કેંદ્રસ્થાને છે. પાત્રોમાં વાસ્તવિકતા છે એટલી વાસ્તવિકતા વાતાવરણમાં નથી; ગુજરાતી પાત્રોની કથા હોવા છતાં વાતાવરણ અગુજરાતી લાગે છે.

'દંભી દુનિયા' (તારાચંદ્ર આડાલજા) : શહેરી જીવનનાં દાંભિક પાસાંની રજૂઆત કરનારી આ નવલકથા છે. સાધુ, સમાજસેવક, ભક્ત, મિત્ર, પડોશી, કે સહચરીના ઓઢા નીચે વિકાર પોષવાને ખેલાતી ગૂઢ બાજીનું દર્શન કરાવીને આ કથા એવો ધ્વનિ સ્ફુરાવે છે કે આવા ગુપ્ત અનાચાર કરતાં ઉઘાડે છોગે ચાલતો જાતીય દુર્ગુણ વધારે ઠીક છે : એ સંદેશો કથાનાયક દ્વારા લેખકે સુણાવ્યો છે, તથા સમાજના નવસર્જનનો પ્રશ્ન છણી બતાવ્યો છે. પાત્રાલેખન, સંવાદો અને વાતાવરણ રસનાં પોષક બને છે.

'પ્રેમપાત્ર' (રમાકાંત ગૌતમ) નું હાર્દ એ છે કે સંયોગવશાત્ પાપમાં પડનાર વ્યક્તિઓ પ્રત્યે સમાજે ઉદાર થવાની જરૂર છે. લખાવટ સામાન્ય પ્રકારની છે.

'જન્મારો' (મોહનલાલ નથવાણી) : એક પરોપકારી અને બીજો વિલાસી એ બેઉમાંના કોનો જન્મારો સાર્થક છે એ પ્રશ્નની આસપાસ આ કથા ગૂંથવામાં આવી છે. અકસ્માતોની પરંપરા રસને બદલે કુતૂહલ જન્માવે છે. એ જ લેખકની બીજી નવલકથા 'આખર' પતનની અને દુઃપરિસ્થિતિની કરુણારસિક કથા છે. જીવનનું સમતોલ દર્શન તેમાં નથી, એક જ દિશાને લક્ષ્ય કરીને ઘટનાપ્રવાહ ચાલ્યા કરે છે અને લેખકની સહાનુભૂતિ પ્રકટ કરે છે.

'અજાણ્યે પંથે' (કુંદનલાલ શાહ)ના બેઉ ભાગો એ વિચાર રજૂ કરે છે કે નવીન સંસ્કૃતિમાં લગ્નજીવનને નિર્મૂળ કરવા મથતા વાયરા જનતાને સ્વતંત્રતાને બદલે પશુતા તરફ ખેંચી જાય છે. સંવાદો અને વસ્તુવિધાન પ્રયોગદશામાં હોવા છતાં આશાસ્પદ લાગે છે.

'રંભા' (જેઠાલાલ ત્રિવેદી) : હિંસા–અહિંસાવાદ, જીવનકલહ અને બલિદાનના રોમાંચક પ્રસંગોને વણી લેતી આ નવલકથા રસચમત્કૃતિ કે જીવનદર્શનનું ઊંડાણ દાખવી શકતી નથી.

'પ્રભાનો ભાઈ' (અમૃતલાલ ઓ. જોષી) : કુટુંબ જીવનની કટુતાને અંતે ભગિનીપ્રેમનો મીઠો સંચાર વર્ણવતી આ એક સીધી–સાદી કથા છે. તેમાં નવલકથાના કલાતત્ત્વની ખામી છે, પરન્તુ વાસ્તવિક જીવનને તે સારી રીતે સ્પર્શતી વહે છે.

'પૃથ્વીચંદ્ર અને ગુણસાગર' (મણિલાલ ન્યાલચંદ શાહ): શંખ રાજા અને કલાવતી રાણીની એક જૈન કથાને સીધા–સાદા ગદ્ય દ્વારા આ પુસ્તકમાં આલેખી છે. મુખ્ય કથાની આસપાસ પરંપરાવલંબી અનેક નાની વાર્તાઓ જૈન ધર્મની ભાવના પોષાય એવી રીતે આપી છે. આખી કથા ઉપદેશપ્રધાન છે અને પુરાતન કાળના સંસારનું ચિત્ર મધ્ય કાળના વાતાવરણમાં ઉતાર્યું હોય એવું લાગે છે.

'પૃથ્વીનો પહેલો પુત્ર' (હરજીવન સોમૈયા) : માનવસંસ્કૃતિના આદિકાળનાં પાત્રોનાં જીવન, પ્રણયાદિનું નિરૂપણ કરનારી આ એક નવીન પ્રકારની નવલકથા છે. તત્કાલીન પ્રાદેશિક વર્ણનો, પ્રવાસ, વસાહતો ઇત્યાદિનો ખ્યાલ એમાં સારી રીતે આપ્યો છે, પરંતુ એમાં મૂકેલાં પાત્રો તથા તત્કાલીન ઊર્મિ-સંવેદનો સુઘટિત બનતાં નથી. રોમાંચક પ્રસંગોની ગૂંથણી ઠીક થઇ હોવાથી વાર્તારસ જળવાયા કરે છે. 'ઉષા ઊગી' અને 'શામ્પુને ખોળે' એ બે ટૂંકી વાર્તાઓ તેમાં આવી છે તે પણ પુરાતન કાળને સ્પર્શે છે.

'રામકહાણી' (ગુણવંતરાય આચાર્ય) એ એક જુગારીના જીવનના ઇષ્ટ દિશામાં થયેલા પરિવર્તનની કથા છે. એ પરિવર્તન અકસ્માત ઉપર અવલંબી રહે છે એટલી કલાક્ષતિને બાદ કરીએ તો આખી કથા રસભરિત શૈલીએ રજૂ થયેલી અને ચમત્કારપૂર્ણ પ્રસંગોથી ભરપૂર હોઈ રસનિર્વાહ સારી રીતે કરે છે.

'માનવતાનાં મૂલ' (રામનારાયણ ના. પાઠક) એ કથા હરિજન પ્રશ્નને ગૂંથી લે છે. હરિજનસેવાના કાર્યનો અનુભવ લેખકને કથાનાં પાત્રોના આલેખનમાં સુરેખતા બતાવવા મદદગાર બન્યો હોય તેમ જણાય છે. પ્રચાર અને બોધ એ વાર્તાનું લક્ષ્ય છે.

જીવનના બહુવિધ પ્રશ્નોમાંનો વેશ્યાજીવનનો પ્રશ્ન પણ જુદાજુદા લેખકોએ પોતાની કથાઓમાં ચર્ચ્યો છે. 'ભસ્માંગના' (ગુણવંતરાય આચાર્ય)-માં લેખકે એ જીવનના દોઝખમાં ડોકિયું કર્યું છે અને પતિતાઓનો કૂટ પ્રશ્ન છણ્યો છે. કાર્યનો વેગ મંદ છે અને પાત્રો પૂરાં ખીલ્યાં નથી, તેથી કથા વિચારપ્રધાન અને ચર્ચાત્મક વધુ બની છે. '૩૫જીવિની' (શ્રીકાંત દલાલ) માંની નાયિકા પોતાના વેશ્યાવ્યવસાયના અસ્તિત્વ અને સાતત્યને સમાજમાં આવશ્યક માને છે અને કહે છે કે એ વ્યવસાયની પાછળ કોઈ સનાતન જાતીય પ્રશ્નનો ઉકેલ રહ્યો હોવો જોઇએ. કથામાં વેશ્યાજીવનને સમાજજીવનનો એક નૈસર્ગિક આવિષ્કાર માનવામાં આવ્યો છે, એટલે એ જીવનને જોવાનો એક વિશિષ્ટ દૃષ્ટિકોણ તેમાં રજૂ કરવામાં આવેલો મનાય; જો કે તે કેવળ નવો નથી. છતાં નાયિકા પોતાની પુત્રીને એ વ્યવસાયમાં પડવા દેવા ઇચ્છતી નથી એટલે વેશ્યાજીવન એ સમાજજીવનનું પૂરક અંગ હોય તોપણ વ્યક્તિગત દૃષ્ટિ એ જીવનને ઇષ્ટ અને ઉપકારક માનતી નથી એવો ધ્વનિ એકંદરે તેમાંથી સ્ફુરી રહ્યો છે. રસ અને કુતૂહલનો નિભાવ કથા સુંદર રીતે કરે છે 'રાત પડતી હતી' (નીરૂ દેસાઇ) એ વેશ્યાજીવનની નાની નવલકથા છે. અને રસ પણ ટકાવે છે, પરંતુ પાત્રો અને

સંવાદો અપ્રતીતિકર છે.. વેશ્યાજીવનના બળ્યા-ઝળ્યા અને કરુણ પાસાની તે રજૂઆત કરે છે. 'મારા વિના નહિ ચાલે' (ધનવંત ઓઝા) એ 'કાલ્પનિક છતાં તદ્દન વાસ્તવિક એવી શક્તિમાન અને વિકૃત માનસ ધરાવનારી નારીની જીવનકથા' છે. વેશ્યાસંસ્થાને આજની સામાજિક રચનાનાં અનિષ્ટો પોષે છે, અને સમાજના આર્થિક અનર્થોનો સ્વરૂપપલટો થઈને એ અનીતિનું સ્વરૂપ ધારણ કરે છે એ તેનો મુખ્ય ધ્વનિ છે. એક અંગ્રેજી કથાનો લેખકે આધાર લીધો છે.

સામાજિક

વર્તમાન સામાજિક તંત્રમાં ચાલી રહેલી વિષમતા અને તેમાં ઘર કરી રહેલા દોષોનું પૃથક્કરણ તથા વિવેચન કરવાની દૃષ્ટિથી લખાયેલી અને છેવટે સમાજસુધારાના માર્ગોનું રેખાંકન કરીને કે સૂચન કરીને વાચકોને તે વિશે વિચાર કરતા કરવાના હેતુપૂર્વક લખાયેલી સામાજિક નવલકથાઓની સંખ્યા નાની છે, પરંતુ તેમાં વિવિધતા આવેલી છે. રાષ્ટ્રીય માનસની જાગૃતિની જ એક શાખા રૂપે સામાજિક જાગૃતિ દેશમાં પ્રસરી છે અને તેનું પ્રતિબિંબ આ થોડી નવલકથાઓમાં પણ નિહાળી શકાય તેમ છે.

'પ્રાયશ્ચિત્ત' (સોપાન) એ બે ભાગની નવલકથા અસ્પૃશ્યતાનિવારણના પ્રશ્ન વિશે લોકલાગણી કેળવવાનું કાર્ય કરે છે. મુખ્યત્વે કરુણ રસમાં વહેતી એ એક ઉપદેશપ્રધાન કૃતિ છે અને કાર્યવેગ મંદ છે, પરન્તુ પાત્રાલેખન અને રસનિષ્પત્તિમાં તે ઊતરે તેવી કથા નથી. 'ઘર ભણી' (ઇંદ્ર વસાવડા) એ પણ અસ્પૃશ્યતાના ઝેરને સમાજના હૃદયમાંથી તિરોહિત કરી મૂકે એવા એક સુશીલ અસ્પૃશ્ય મનાતા નાયકની કથા છે.

'હૃદયવિભૂતિ' (રમણલાલ વ. દેસાઇ) એ લુટારા અને લવારિયાં જેવી ગુનાહીત જાતોના ઉપેક્ષિત જીવનનાં અનેક પાસાં ચૂંથી લેનારી કથા છે. ચોરીથી પેટ ભરનારાં એ જાતોનાં પાત્રોનાં જીવનચિત્રો આકર્ષક બન્યાં છે અને માનવજીવન પ્રત્યેની લેખકની પ્રેમાળ દૃષ્ટિ કથાની આરપાર ઊતરેલી છે. શહેરનાં, ગામડાંનાં અને ગામેગામ ભટકતી જાતોનાં પાત્રોનું સજીવ આલેખન લેખકના નિરીક્ષણ અને મર્મગામી અભ્યાસનો ખ્યાલ આપે છે.

'કોણ ગુન્હેગાર ?' (ગુણવંતરાય આચાર્ય) એ નવલકથામાં એવી પ્રશ્નચર્ચા સમાવી લીધી છે કે જેઓ પ્રચલિત નીતિ વિરુદ્ધ ગુન્હાઓ કરીને જેલમાં પુરાય છે તેઓ સાચા ગુન્હેગાર છે કે ગુનાહીત મનાતાં કૃત્યોને શક્ય બનાવનાર તથા ઉત્તેજનાર સમાજ ગુન્હેગાર છે ? એકંદરે સમાજના વિષમ તંત્ર સામેનું એ આરોપનામું છે તેમ જ એક વાર જેલમાં જનારને

જિંદગીભર ગુન્હેગાર માનનારા રાજ્યતંત્ર સમક્ષ ગુન્હેગાર જગતનું સબળા બચાવનામું છે. જેલજીવનની અમાનુષીય સૃષ્ટિનો તે રસભરી રીતે ખ્યાલ આપે છે. એ જ જીવનનો ત્યારપછીનો પડઘો 'અમે પિંજરનાં પંખી' (નીરૂ દેસાઈ) એ કથામાં પડતો જોઈ શકાય છે. એક જર્મન કથાની છાયા લઈને લખવામાં આવેલી એ કથામાં જેલજીવન ગાળી ચૂકેલા કેદીઓને જેલમાંથી છૂટ્યા પછી મદદ કરવા માંગતી સંસ્થાઓને જે મુશ્કેલીઓ વેઠવી પડે છે તેનો ખ્યાલ મળે છે.

'જગતનો તાત' (રામનારાયણ ના. પાઠક) એ સામાજિક વિષમતાની વચ્ચેના કરુણ ખેડૂતજીવનની કથા છે. ચરોતરના શ્રમજીવી બારૈયા ખેડૂતની આ કથા આપણા સભ્ય સમાજની ખેડૂત તરફની બેદરકારીનો ખ્યાલ આપે છે. 'દરિદ્રનારાયણ' (ગુણવંતરાય આચાર્ય) એ વર્તમાન સમાજમાં વ્યાપેલા વિષમ અર્થતંત્રમાં સુધારો કરવાના એક પ્રયોગનો પુરસ્કાર કરતી નવલકથા છે. મજૂરને રોટલો મળે, વચગાળાનો નફો ખાનારો વર્ગ અદૃશ્ય થાય, ગામનું ઉત્પન્ન ગામમાં વપરાય અને વધારે કમાવાનું સામાન્ય પ્રયોજન છોડી વધુમાં વધુ માણસોને રોજગારી મળે એવા હેતુથી એક ભાવનાશીલ યુવક અનેક યાતનાઓને અંતે એક નવો પ્રયોગ આદરી બતાવે છે તેની આ નવલકથા છે. અકસ્માતો અને અપ્રતીતિકર પ્રસંગો વિશેષ હોઈને કથાની વાસ્તવિકતા હણાય છે.

'આત્માનાં તેજ' (ધનશંકર ત્રિપાઠી) : જ્ઞાતિના માઠા રિવાજોને નાબૂદ કરવાના હેતુથી તે ઉપર કટાક્ષ કરવા અને તેનાં માઠાં પરિણામો દાખવવા આ કથા લખાઈ છે અને સામાજિક સુધારો એ તેનું ધ્યેય છે. એ જ હેતુથી લખાયેલી બીજી એક નવલકથા 'ઊછળતાં પૂર' (અંબાશંકર નાગરદાસ પંડ્યા) છે. કુરૂઢિઓ સામે નૂતન સમાજના બળવાનું તેમાં ચિત્રાલેખન છે. લખાવટ સામાન્ય પ્રકારની છે.

'કલંકશોભા' (અંબાલાલ શાહ) એ લેખકો અને પત્રકારોની સૃષ્ટિની નવલકથા છે. લેખકો પરસ્પર તેજોદ્વેષ દાખવે છે, વાડા બાંધે છે, તેમનો પત્રકારો સાથેનો સંબંધ કેવો હોય છે, એ પ્રકારની ભૂમિકા પર દર્શાવ્યું છે કે મનુષ્યો તરીકે સાહિત્યકારો કેવું વર્તન ચલાવી રહ્યા છે. કથાનું કલાવિધાન મોળું છે.

રાષ્ટ્રીય

રાષ્ટ્રજાગૃતિના જુવાળ પછી નવલકથાલેખનમાં જે નવીન દૃષ્ટિ આવી છે તેનું આછું દર્શન તો સર્વ પ્રકારની નવલકથાઓમાં થાય છે.

વર્તમાન રાષ્ટ્રીય પ્રશ્નોને યોગ્ય રીતે ઘટાવીને પ્રાચીન કે પુરાતન કાળની ઐતિહાસિક નવલકથાઓમાં પણ છણવામાં આવ્યા છે, તેવી જ રીતે રાષ્ટ્ર-જાગૃતિની અસર જેટલે અંશે લોકજીવનને થઈ છે તેટલે અંશે તે સંસાર અને સમાજને લગતી નવલકથાઓને પણ થઈ છે. તેથી વિશિષ્ટ રીતે જુદી પડતી જે નવલકથાઓ રાષ્ટ્રીય જાગૃતિને પોષે છે અને રાષ્ટ્રીય આંદોલનોને પોતામાં સારી પેઠે સમાવી લે છે, તે નવલકથાઓને જુદી ઉલ્લેખવાનું જ યોગ્ય લાગે છે.

'સોરઠ તારાં વહેતાં પાણી' (ઝવેરચંદ મેઘાણી) માં કાઠિયાવાડના શૌર્ય અને ખાનદાનીના અવશેષોનું તળપદું વાતાવરણ જમે છે અને તેમાં નવીન યુગની દૃષ્ટિના અંકુરો ફૂટતા દેખાડવામાં આવ્યા છે. સોરઠના જીવનની એ કથા છે, પાત્રો તેજસ્વી છે, અને રાષ્ટ્રમાનસનાં તેજ ભભૂકતાં બહાર આવે છે. આખી કથામાંના જુદાજુદા પ્રસંગો વાતાવરણ જમાવવાનું જ કાર્ય કરે છે. તળપદાં ઉપમા–અલંકારોથી સભર એવી લેખનશૈલી અનોખી ભાત પાડે છે અને છેવટ સુધી રસ પૂરો પાડે છે.

'ગ્રામલક્ષ્મી' (રમણલાલ વ. દેસાઈ) નવલકથા ચોથા ભાગમાં પૂરી થઈ છે. તેમાં ગ્રામસુધારણા, સમાજવાદી દૃષ્ટિ અને ગાંધીજીની વિચાર-સરણીનું મિશ્રણ છે. વર્તમાનયુગનાં જ પાત્રોની રાજકીય તથા સામાજિક આકાંક્ષાઓનું તે પ્રકટીકરણ કરે છે. ગ્રામોદ્ધાર માટે ગ્રામોદ્યોગોથી માંડીને દાંપત્ય સુધીના અનેક વિષયોને આવરી લેતા અનેક પ્રસંગોને વસ્તુમાં વણી લીધેલા છે તેથી વસ્તુ શિથિલ લાગે છે, પરન્તુ કલાવિધાન અને લેખકનાં વિચારરત્નો તેની વાચનક્ષમતાને સારી પેઠે નિભાવે છે. 'ગ્રામદેવતા' (મહીજીભાઈ પટેલ)માં ગ્રામોદ્ધાર માટે શહેરીઓ ગામડામાં જઈને સેવા કરવા ઇચ્છતા હોય ત્યારે જૂના મતના લોકોનો જે વિરોધ તેમને વેઠવો પડે છે તેનું દર્શન કરાવેલું છે, અને મજૂરો તથા ખેડૂતોમાં જાગૃતિ લાવવાની ગ્રામોદ્ધાર માટે સર્વોપરી આવશ્યકતા છે એમ દર્શાવ્યું છે. 'દિનેશ' (હિંમતલાલ ચુ. શાહ) માં ગ્રામોદ્ધાર માટે ગ્રામસફાઈ, કરજનિવારણ, પુસ્તકાલય-પ્રવૃત્તિ, વેરના ત્રાસનું નિવારણ, મોટર–હોટલના શહેરી ચેપથી મુક્તિ, ઇત્યાદિ પ્રશ્નોને સમાવી લેવામાં આવ્યા છે અને વસ્તુનો વેગ તથા લખાવટ સારાં છે.

'કલ્યાણયાત્રા' (દર્શક) : દેશની સેવા માટે વિદ્યાર્થી વયથી સ્વપ્નાં સેવી રહેલા એક યુવકની દેશકલ્યાણ તથા નિજકલ્યાણ માટેની યાત્રાની આ રોમાંચક તથા ભાવભરી કથા છે. યાત્રાકથાની આ પહેલી ટૂંક છે. ભાષા અને શૈલી ઠીકઠીક તેજસ્વી છે.

'ક્રાન્તિને કિનારે' (સનત વીણ) માં મજૂરપ્રવૃત્તિમાં વર્ગવિગ્રહની ઉપકારકતા દાખવીને તેના સાધન રૂપે હડતાળની કાર્યસાધકતા નિરૂપી છે. આખું વસ્તુ હડતાળની આસપાસ ફર્યા કરે છે. કથાવેગ મંદ છે. 'આવતી કાલ' (રામનારાયણ ના. પાઠક) માં પણ સમાજવાદી વિચારસરણી છે અને ખેડૂત–મજૂરની સૃષ્ટિ છે, પરન્તુ તેમાં ગ્રામોદ્યોગનો પુરસ્કાર કરવામાં આવ્યો છે. વસ્તુવિકાસ સુઘટિત રીતે થતો નથી એટલે કથા વાસ્તવિકતાથી વેગળી રહે છે. લખાવટ તેજસ્વી છે. 'આવતી કાલના ઘડવૈયા'-(જગન્નાથ દેસાઈ) માં લેખકે એક કલ્પિત નગરમાં વર્તમાન કાળના આર્થિક અને રાજકીય ક્રોયડાઓ જેવા કે ગરીબાઈ, ખેડૂતોની દુર્દશા, ગુલામી, સ્ત્રીની પરતંત્રતા વગેરેને કલ્પી લઈને પછી સામુદાયિક ક્રાન્તિ નિપજાવી શકાય એમ કલ્પના કરી છે અને તેને અનુરૂપ કથાની ગૂંથણી કરી છે લેખકે પ્રસંગોને ઠીક વર્ણવ્યા છે પરન્તુ વાતાવરણ અવાસ્તવિક જ રહે છે. છેવટનું સ્વાતંત્ર્યસિદ્ધિનું ધ્યેય પણ એટલું જ અવાસ્તવિક છે.

'રાજમુગુટ' (ધૂમકેતુ) ની નવી આવૃત્તિ એ આદિથી અંતસુધીનું નવું સંસ્કરણ છે. દેશી રજવાડાંની કુટિલતા, ગંદકી અને તંગ વાતાવરણની વચ્ચે તેજસ્વી પાત્રોનાં વિચાર અને કાર્યો દ્વારા તેમાં તેમની સુધારણા તથા ભાવિની વિચારણા તરી આવે છે. સડતું જીવન અને પ્રકાશ વહેતું રાષ્ટ્રમાનસ એઉ વચ્ચેનો ભેદ વિચારનો ખોરાક પૂરો પાડે છે. 'ખમ્મા બાપુ'-(ચંદ્રવદન મહેતા) માં પણ દેશી રજવાડાંનું ગંધાતું વાતાવરણ કટાક્ષ, ઉપહાસ અને તિરસ્કારના પ્રહાર સાથે આલેખવામાં આવ્યું છે. કથાવસ્તુ અને પાત્રો વચ્ચે ઘટતો મેળ જામતો નથી અને એક પછી એક બદબોથી ભરેલાં ચિત્રો આવ્યે જાય છે, પરંતુ લેખકની દૃષ્ટિ તેમાંથી સ્ફુટ થાય છે કે રાષ્ટ્રમાંથી એ બદબોનો નાશ થવો જોઈએ. 'એમાં શું ?' (અવિનાશ) એ દેશી રજવાડાના સડેલા સંસારની કથા છે. તરેહતરેહના વર્તમાન પ્રશ્નોની ચર્ચામાં ઘૂમીને લેખકે ક્રાન્તિનું ઉગ્ર ઝનૂન દાખવ્યું છે. વિચારસરણી યથાર્થ રીતે સ્પષ્ટ થતી નથી.

'જીવનનિર્માણ' (ચિરંતન) માં જમીનદારના દેશભક્ત પુત્રને નાયક કલ્પીને નવા રાષ્ટ્રીય વિચારોને કથામાં વણી લેવાનો એક પ્રયોગ કરવામાં આવ્યો છે. આત્મકલ્યાણ વિરુદ્ધ જનસેવા, સ્થાપિત હિતો વિરુદ્ધ સમાજ-વ્યવસ્થા ઇત્યાદિ પ્રશ્નો તેમાં મુખ્ય છે. 'ક્ષિતીશ' (ઇંદુકુમાર શહેરાવાળા) : જાગીરદારોની રાજશાહી અને ખટપટોથી ભરેલા વાતાવરણમાં એક પ્રજાસેવક યુવકની લોકજાગૃતિની કામગીરી અને છેવટે તેની કતેહ એ આ કથાનો

મુખ્ય ધ્વનિ છે. લેખનશૈલી તથા ઘટનાસંયોજન કૃત્રિમ તથા કાચાં છે.

મનોરંજક

કોઈ વિશિષ્ટ ધ્વનિ કે દૃષ્ટિ જે નવલકથાઓમાંથી સ્ફુરતાં નથી તેવી થોડી નવલકથાઓ મનોરંજકની વર્ગણામાં આવે છે. કેવળ મનોરંજન માટે જ લખાયેલી કલાયુક્ત નવલકથાઓની ઊણપ દેખાઈ આવે છે તેનું મુખ્ય કારણ એ છે કે કથાલેખકોમાં સાહિત્ય પ્રતિની જીવનાભિમુખ કલાદૃષ્ટિ વિશેષ ખીલી છે, અને તેથી કથાનું ધ્યેય કે આદર્શ તેમની દૃષ્ટિ સમીપે વધુ રહ્યા કરે છે.

'વિરાટનો ઝબ્બો' (ગુણવંતરાય આચાર્ય) : એક લેખક મિત્રની કીર્તિ અને તેનું નામ ચોરી લઈને બીજો માણસ સમાજમાં બહાર પડે છે, પણ પછી ખરો લેખક આવે છે અને દ્રોહ કરનાર ઉપર વેર લેવા માગે છે. છેવટે 'અવેરે વેર શમે' તેમ વેર પ્રેમથી શમે છે. પરદેશના મજૂરસંઘોની પ્રવૃત્તિ, તેમનો અસંતોષ અને અંતઃસ્થિતિના વાતાવરણની વચ્ચે 'વિરાટનો ઝબ્બો' ઓઢી ફરનાર લેખકની આ કથા છેવટ સુધી મનોરંજનનું કાર્ય કરે છે.

'કાઠિયાવાડી રાજરમત' (ઉછરંગરાય ઓઝા) : એક ખૂનના કિસ્સાની આસપાસ ખટપટના પ્રસંગો અને પાત્રોની ગૂંથણી કરીને એક મનોરંજક જાસૂસી કથા ઉપજાવવામાં આવી છે. પાત્રાલેખન સારું છે પરન્તુ વસ્તુ મંદ ગતિએ વહે છે. ભૂતકઢા ડિટેક્ટિવનું પાત્ર મુખ્ય છે.

'સંહાર' (અયુબખાન ખલીલ) એ કથા મનોરંજનનું કાર્ય કરે છે પરન્તુ તેનો પાયો કલ્પના નહિ, વિજ્ઞાન છે. લખાવટ સારી છે.

'મુક્તિ' (મધુકર)એ સારી લખાવટવાળી, મનોરંજક અને કાંઈક બોધક જાસૂસી કથા છે.

હાસ્યરસિક

હાસ્યરસને પ્રધાનપણે જમાવતી નાટિકાઓ અને નવલિકાઓને મુકાબલે તેવી નવલકથાઓ બહુ જૂજ લખાય છે અને પાંચ વર્ષમાં માત્ર ત્રણ જ કૃતિઓ એ પ્રકારની લખાઈ છે. 'સહચરીની શોધ' એ અતિશયોક્તિથી યુક્ત સ્થૂળ હાસ્યરસ ઉપજાવતી નવલકથા છે જેમાં કથાનાયકને બેવકૂફ બનાવીને વાચકોને હસાવવાનો યત્ન કરવામાં આવ્યો છે. ધ્વનિ રોચક નથી છતાં લેખકની શૈલી વેધક છે. 'તાત્યારાવનું તાવીજ' (સનત્કુમાર વીણ)માં અતિશયોક્તિને બદલે ચમત્કારિક ભૂમિકા લઈને હાસ્યરસ નિપજાવવામાં આવ્યો છે. અસહકાર યુગના એક કેદી તાત્યારાવનો બિલ્લો એ અલાદીનના જાદૂઈ ફાનસનો ટુકડો હતો એમ દર્શાવીને પછી વિલક્ષણ પ્રસંગોની પરંપરા

નિર્માણ કરવામાં આવી છે. નાયકની મરાઠી ગુજરાતી ભાષાની ખીચડી પણ રમૂજમાં કેટલોક હિસ્સો પૂરે છે. એકંદરે તો એનો હાસ્યરસ સ્થૂળ પ્રકારનો જ રહે છે. 'આશાવરી' (રમાકાન્ત ગૌતમ) માં એક પરિણીત યુગલનો પ્રેમ અને તેનું લગ્નજીવન લેખકે હાસ્યરસ બહેલાવવાના સભાન પ્રયત્નપૂર્વક આલેખ્યું છે. તેમાં માર્મિક વિનોદથી શરૂઆત થઈ છે પરન્તુ વચ્ચે કથા ફીસી પડી જાય છે અને કૃત્રિમ હાસ્યપ્રસંગોથી રસચમત્કૃતિ નીપજી શકતી નથી.

અનુવાદિત

અનુવાદિત નવલકથાઓમાં મોટો હિસ્સો બંગાળી નવલકથાઓએ આપ્યો છે અને તેમાં ય મુખ્યત્વે કરીને સ્વ. શરતચંદ્ર ચટ્ટોપાધ્યાયની નવલકથાઓએ આપ્યો છે. ત્યાર પછીનો હિસ્સો અંગ્રેજી નવલકથાઓનો આવે છે અને છેલ્લે હિંદી તથા મરાઠી નવલકથાઓનો આવે છે. કેવળ કનિષ્ઠ કોટિની મૌલિક ગુજરાતી નવલકથાઓ કે જેનો ઉલ્લેખ પણ કરવા જેટલું મહત્ત્વ આપી શકાય તેમ નથી, તે કરતાં અનુવાદિત નવલકથાઓની કોટિ ઊંચે આવે છે એમાં શક નથી. કેટલીક વાર વસ્તુવિષયક વિવિધતા મૌલિક નવલકથાઓથી પૂરી પડતી નથી તે અનુવાદિત નવલકથાઓ પૂરી પાડે છે. ભાષાંતર, અનુવાદ કે અનુકરણ વિશેના ઉલ્લેખો કેટલીક નવલકથાઓમાં કરવામાં આવતા નથી, તેથી બનવાજોગ છે કે એવી થોડી નવલકથાઓ મૌલિકની વર્ગણામાં આવી ગઈ હોય.

અંગ્રેજી

'વસુંધરાનાં વહાલાં દવલાં' (ઝવેરચંદ મેઘાણી): વિક્ટર હ્યુગોના 'ધ લાસ્ટ ડેઈઝ'ના આધારે લખાયેલી આ નવલકથામાં સમાજે હડધૂત કરેલા અને જીવને સાવકી માતા જેવું વર્તન રાખ્યું હોય તેવાં ધરતીનાં જનમાં દીન-દુઃખી મનુષ્યોનાં વીતકોનાં ચિત્રો આલેખાયાં છે. પાત્રાલેખન તેજસ્વી છે. એ જ લેખકે હોલ કેઈનના 'માસ્ટર ઑફ મેન' ઉપરથી કરેલું રૂપાંતર 'અપરાધી' છે, જેમાં સત્ય અને ન્યાય પ્રતિ એકનિષ્ઠ એવો જુવાન ન્યાયાધીશ પોતાના જ અપરાધ માટે પોતાની વિરુદ્ધ ચુકાદો આપીને કેદી બને છે. કથાનાયકનું મનોમંથન અને પાપનો એકરાર હૃદયંગમ છે. માનવજીવનના પ્રશ્ન વિષયની કથાઓમાં આ કથા મૂલ્યવાન ઉમેરા જેવી છે. 'બીડેલાં દ્વાર' એ એ જ લેખકે અપ્ટન સિંકલેરના 'લવ્ઝ પ્રિલ્યિમેઈજ'નું કરેલું રૂપાંતર છે. સંવનનથી માંડીને બાળકના પ્રસવ સુધીના એક આદર્શભક્ત યુવાન પતિના જીવનપ્રસંગો પરત્વેની હૃદયોર્મિનું આલેખન તેમાં કરેલું છે. સળંગ

નવલકથાને ઘટતું વસ્તુ નથી, પરન્તુ આપેલાં પ્રસંગચિત્રો રસભરિત અને રોમાંચક હોઈ વિચારનો ખોરાક પૂરો પાડે છે.

'ઘેરાતાં વાદળ' અને 'વહેતી ગંગા' (ગુણવંતરાય આચાર્ય) એ બેઉ નવલકથાઓ અપ્ટન સિંકલેરની કથાઓનો અનુવાદ છે. પહેલીમાં લગ્નજીવન, જાતીય આકર્ષણ અને સમાજમાન્ય પ્રતિષ્ઠાના જનતાના ખ્યાલો ઉપર ક્રાન્તિકારક વિચારો દર્શાવ્યા છે. બનાવો અને વાતાવરણ પરદેશી જ લાગે છે. બીજી નવલકથામાં સો વર્ષ પછીના ભાવિનું કલ્પનારંગ્યું કથાચિત્ર છે. તેનો આશય સમાજવાદના વિકાસનો ઇતિહાસ કથારૂપે રજૂ કરવાનો છે. 'કલંકિત' (મણિલાલ ભ. દેસાઇ) એ અપ્ટન સિંકલેરની કથા 'ડેમેજ્ડ ગુડ્ઝ' નો અનુવાદ છે. ઉપદંશ–ચાંદીનો ભયંકર રોગ પ્રગતિમાન યુગને કેટલો કલંકિત બનાવે છે તે તેમાં રોમાંચક રીતે દર્શાવ્યું છે.

'જેકિલ અને હાઇડ' (મગનભાઈ પ્રભુભાઈ દેસાઇ) : આર. એલ. સ્ટીવન્સનની એ જ નામની કથાનો આ અનુવાદ એક રૂપકકથા છે. માનવનાં દૈવી અને આસુરી પાસાંનું તેમાં પૃથક્કરણ છે. એ બેઉ જીવન એકીસાથે જીવનાર માણસ છેવટે કંટાળીને આપઘાત કરે છે. કથા હૃદયંગમ છે અને માનવજીવનની નૈસર્ગિકતા અને કૃત્રિમતાનાં યથાઘટિત દર્શન કરાવે છે.

'શયતાન' (માણેકલાલ ગોવિંદલાલ જોષી) એ ટૉલ્સટૉયની 'ડેવિલ' કથાનો અનુવાદ છે. તેમાં કામવાસના અને જાતીય આસક્તિના પ્રશ્નની ચર્ચા છે. નાયકના મનોમંથન દ્વારા તેમાં નીતિભાન કરાવ્યું છે.

'અહંકાર' (હરજીવન સોમૈયા) એ આનાતોલ ફ્રાંસની નવલકથા 'થેઇસ'-નો અનુવાદ છે. એક ખ્રિસ્તી પાદરી વેશ્યાનો ઉદ્ધાર કરવા મથે છે; તેથી વેશ્યાનો તો ઉદ્ધાર થાય છે, પરન્તુ અહંકાર તથા વાસનાથી આસક્ત પાદરીનું પતન થાય છે, માનસિક વિકૃતિ તેને દગો દે છે, તેનું સરસ આલેખન એ કથામાં છે. 'પતન અને પ્રાયશ્ચિત્ત' (વિશ્વનાથ ભટ્ટ) એ નેથેનિયલ હૉથૉર્નના 'ધ સ્કાર્લેટ લેટર'નો અનુવાદ છે. એ પણ એક ખ્રિસ્તી પાદરીના પતન અને તેથી થતા માનસિક ત્રાસની હૃદયદ્રાવક કથા છે. પાપના એકરાર દ્વારા પ્રાયશ્ચિત્ત કરવાથી તે શાંતિથી મરે છે.

'અમ્મા' (ભોગીલાલ ગાંધી) મૅક્સીમ ગોર્કીની કથા 'મધર'નું રૂપાંતર છે. કથાને બંગાળાની ભૂમિ પર ઉતારી છે. બીકણ ધરતી–અમ્મા ધીમેધીમે નમ્રત થઇ માથું ઊંચકી ક્રાન્તિ પોકારે છે. અમ્માનું વિરાટ સ્વરૂપ તે રશિયા. મૂળ કથાને આત્મસાત્ કરીને કથા ગુજરાતીમાં ઉતારી છે.

'ભીખો ચોટ્ટો' (રમણલાલ સોની) એ સોલેન એસ્કની કથા 'મોટ્કે

ધ થીફ'નું કથાવસ્તુ લઈને ગુજરાતનાં પાત્રો તથા વાતાવરણને અનુકૂળ રહી લખાયેલી નવલકથા છે. સમાજના નીચલા થરનાં પાત્રોની માનવતાને તે પ્રકટ કરે છે.

'ધરતી' (નીરૂ દેસાઈ) એ પર્લ બકની ચીનની નવલકથા 'ગુડ અર્થ'ને આધારે લખાઈ છે. સૂરત જિલ્લાના દુબળા જાતિના બેડૂતના ગરીબ સંસાર પર અને તેના માનસ ઉપર નવલકથા ઉતારી છે. બેડૂતજીવનની કરુણતાને તે સારી રીતે આલેખે છે.

'પશ્ચિમને સમરાંગણે' (હરજીવન સોમૈયા) એ 'ઑલ ક્વાએટ ઑન ધ વેસ્ટર્ન ફ્રંટ' એ જાણીતી અંગ્રેજી નવલકથાનો સરલ ભાષામાં કરવામાં આવેલો અનુવાદ છે. ગત યુરોપીય મહાયુદ્ધની ભીષણતા, અમલદારોની પશુતા અને સૈનિકોની મુગ્ધતાનું આલેખન યુદ્ધની ઐતિહાસિક પીઠિકારૂપ બને છે અને યુદ્ધોત્તર સમસ્યાઓનો ખ્યાલ આપે છે.

'અજબપતિ' (રમાકાન્ત ગૌતમ) એ 'ધી ઇનએવિટેબલ મિલ્યોનેર'નું રૂપાંતર છે. નાખી દેતાં ન ખૂટે તેટલું ધન કેવાકેવા અખતરાઓ કરાવીને એક ધનપતિના હૃદયમાં માણસાઈ પ્રકટાવે છે તેનો ચિતાર એ કથા આપે છે.

'માયાવી દુનિયા' (ચંદુલાલ વ્યાસ) એ દાણચોરીના કિસ્સાને કેંદ્રસ્થ રાખીને લખવામાં આવેલી સુવાચ્ય મનોરંજક ડિટેક્ટિવ નવલકથા છે. એ જ લેખકની બીજી નવલકથા 'પ્રમદાનું પતન' એ મિસિસ હેન્રી વૂડની જાણીતી નવલકથા 'ઇસ્ટલીન'નું સુવાચ્ય રૂપાંતર છે.

'ખજાનાની શોધમાં' (મૂળશંકર મો. ભટ્ટ) એ સ્ટીવન્સનના 'ટ્રેઝર આઇલેન્ડ'નો અનુવાદ છે.

'પિનાકિન્' (સુમનલાલ તલાટી) એ દોસ્તોયવસ્કીની જગપ્રસિદ્ધ નવલકથા 'ક્રાઇમ ઍન્ડ પનિશમેંટ'નો અનુવાદ છે.

'ચંદ્રલોકમાં' અને '૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા' (મૂળશંકર ભટ્ટ) એ બેઉ જુલે વર્નની જાણીતી ખગોળ-ભૂગોળવિષયક વૈજ્ઞાનિક નવલકથાઓના અનુવાદ છે.

'સુવર્ણા' (રમણીકલાલ જ. દલાલ) એ કઈ ભાષાની કઈ નવલકથાનો અનુવાદ કે રૂપાંતર છે તે નથી સમજાતું. બાળલગ્નમાંથી જન્મેલો સ્ત્રીજીવનનો કોયડો તે રજૂ કરે છે. બંગાળનું વાતાવરણ ગુજરાતમાં ઘટાવવાનો યત્ન કરવામાં આવેલો જણાય છે. વાર્તારસ ટકી રહે છે.

બંગાળી : શરદબાબુ

શરદબાબુની બંગાળી નવલકથાઓએ ગુજરાતી લેખકો તેમ જ વાચકોને

ખૂબ આકર્ષ્યા છે. આકર્ષણ કરવાયોગ્ય દૈવત અને નવીનતા પણ તેમાં છે. તેમની નવલકથાઓની વસ્તુસંકલના કરતાં પાત્રનિરૂપણ વધુ સચોટ હોય છે. તેમનાં પુરુષપાત્રો પ્રેમાળ પણ અક્રિય અને ઉદાસીન હોય છે, ત્યારે સ્ત્રીપાત્રો ખૂબ જ ત્યાગી અને ક્રિયાશીલ હોય છે. પાત્રોનાં માનસ આલેખવાની શરદબાબુની શૈલી હૃદયંગમ છે અને ગુજરાતી લેખકોનું એ શૈલીએ એટલું આકર્ષણ કર્યું છે કે કેટલાક લેખકો એ શૈલીનું અનુકરણ કરવા પણ લલચાયા છે. શરદબાબુની નવલકથાના અનુવાદો ગુજરાતીમાં ભલે ઊતર્યા, પણ ખેદ માત્ર એટલો છે કે એક એક કથાના બબ્બે–ત્રણત્રણ અનુવાદો જુદાજુદા લેખકોએ કર્યા છે અને જુદાજુદા પ્રકાશકોએ પ્રસિદ્ધ કર્યા છે. સાહિત્યદૃષ્ટિએ એ કથાઓની ઉપકારકતાને અવગણ્યા સિવાય કહેવું જોઈએ કે તેનો વેપારી દૃષ્ટિએ લાભ લેવાય તે ખૂંચે છે. છતાં બધાય અનુવાદોને વાચકોએ ઠીકઠીક અપનાવી લીધા છે તે એ કથાઓ પ્રતિના પક્ષપાતનું સૂચક ચિહ્ન બન્યા વિના રહેતું નથી. શરદબાબુની નવલકથાઓની નામાવલિ જ અહીં પૂરતી છે.

'શ્રીકાન્ત'ના ચાર ભાગ (રમણલાલ સોની અને 'સુશીલ'), 'વિપ્રદાસ' (૧ રમણલાલ સોની, ૨ ઉષા દલાલનો અનુવાદ 'સુવાસચંદ્ર'), 'દત્તા' (૧ ભોગીલાલ ગાંધી, ૨ માણેકલાલ જોષી), 'શુભદા' (૧ શાંતિલાલ શાહ અને હિમાંશુ ચક્રવર્તી, ૨ રમણલાલ સોની), 'શેષ પ્રશ્ન' (૧ માધવરાવ કર્ણિક, ૨ રમણલાલ સોનીનો અનુવાદ 'નવીના'), 'ચરિત્રહીન' (૧ માધવરાવ કર્ણિક, ૨ ભોગીલાલ ગાંધી), 'પથેર દાબી' (૧ દયાશંકર ભ. કવિ, ૨ બચુભાઇ શુક્લનો અનુવાદ 'અપૂર્વ ભારતી'), 'નવો વહુ' ('શેષેર પરિચય' : ૧ બચુભાઇ શુકલ, ૨ દયાશંકર ભ. કવિનો અનુવાદ 'રેણુની મા'), 'અનુરાધા' (બીજી ત્રણ નવલકથાઓ સાથે, ૧ રમણલાલ સોની, ૨ દયાશંકર ભ. કવિ તથા માણેકલાલ જોષી), 'બડી દીદી' (સુશીલ) એ કથાનો આ ત્રીજો અનુવાદ છે, 'અનુરાધા' નામક બેઉ પ્રકાશનોમાં એ કથા આવી જાય છે, 'ગૃહદાહ' (ભોગીલાલ ગાંધી), 'દેવદાસ' ('જયભિક્ખુ' અને રતિલાલ દીપચંદ દેસાઇ), એ પહેલાં પ્રસિદ્ધ થયેલા અનુવાદોને સાથે ગણતાં ત્રીજો અનુવાદ છે; 'ચાંદમુખ' (રમણલાલ સોની) એ ઉપરાંત એ જ કથાનો અનુવાદ 'વૃંદાવન' નામે બહાર પડ્યો છે.

બંગાળી: બંકિમબાબુ

શરદબાબુની નવલકથાઓએ ગુજરાતને જે ચટકો લગાડ્યો તેથી આકર્ષાઇને લેખકોએ બીજા જાણીતા બંગાળી લેખકોની નવલકથાઓ પણ

ગુજરાતીમાં ઉતારવા માંડી છે, તેમાં બંકિમબાબુની નવલકથાઓ સારા પ્રમાણમાં છે. એમની કેટલીક નવલકથાઓ પહેલાં અનુવાદિત થઇ ગયેલી તેના પણ નવા અનુવાદો પ્રસિદ્ધ થયા છે.

'ભૂમિગાતા–આનંદમઠ' (ઈશ્વરલાલ વીમાવાળા), 'દુર્ગેશનંદિની' (૧ સુશીલ, ૨ દયાશંકર ભ. કવિ), 'કપાલકુંડલા' (બચુભાઇ શુકલ), 'કૃષ્ણકાન્તનું વીલ' (૧ રમણલાલ ગાંધી, ૨ બચુભાઇ શુકલ), 'મનોરમા' (સુશીલ) 'રાજરાણી' (કાન્તાદેવી), 'રાધારાણી' (ચંદ્રકાન્ત મહેતા તથા કેશવલાલ પટેલ).

બંગાળી : ઇતર લેખકો

ઇતર બંગાળી લેખકોમાંના કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને સૌરીન્દ્ર-મોહન મુખોપાધ્યાયની નવલકથાઓ મુખ્ય છે. ટાગોરની નવલકથા 'નૌકા ડૂબી' (નગીનદાસ પારેખ) નો આ નવો અનુવાદ ગુજરાતીમાં ત્રીજો છે. 'લાવણ્ય' (ટાગોરની 'શેષેર કવિતા'નો અનુવાદ : બચુભાઇ શુકલ) માં પ્રેમની વ્યાપકતા અને લગ્નની મર્યાદિતતાનો સરસ ભાવ જમે છે. 'ચાર અધ્યાય અને માલંચ' (ટાગોર : બચુભાઈ શુકલ)માં બે કથાઓનો સમાવેશ કરેલો છે. ટાગોરની બે વધુ કથાઓ 'રાજર્ષિ' અને 'વહુરાણી' (અનુવાદક–બચુભાઈ શુકલ) સરસ અને સરળ અનુવાદો છે. સૌરીન્દ્રમોહનની 'મુક્ત પંખી' (મૃદુલ) એ નવલકથા તેમણે અંગ્રેજી નવલકથા The Woman who did ના આધારપૂર્વક લખેલી છે. તેમની બીજી નવલકથા 'ગૃહત્યાગ' ગુજરાતીમાં ઊતરી છે. વિભૂતિભૂષણ બંદોપાધ્યાયની 'પથેર પાંચાલી' (ઊર્મિલા) અને નિરુપમાદેવી કૃત 'બહેન' (દયાશંકર ભ. કવિ) એ રસિક સાંસારિક નવલકથાઓ છે. બંગાળીમાંથી ઊતરેલી બીજી નવલકથાઓ 'પ્રિયતમા' (મોહનલાલ ધામી), અને 'ઇલા' (ભગવાનલાલ સાહિત્યવિલાસી)છે. 'ઉપેંદ્રની આત્મકથા' (નગીનદાસ પારેખ) એ બંગાળના એક જાણીતા વિપ્લવવાદી ઉપેંદ્રનાથ બંદોપાધ્યાય જેમણે વિપ્લવના કાવતરા માટે કાળા પાણીની સજા પણ ભોગવી હતી તેમની રોમાંચક આત્મકથા છે. પુસ્તકમાં વિપ્લવવાદી પ્રવૃત્તિનો ઇતિહાસ પણ આપેલો છે. 'અનુરાગ' (કાન્તાદેવી) પૂર્ણશશીદેવીની સામાજિક નવલકથાના આ અનુવાદમાં નિરાશ થયેલા પ્રેમિકની આત્મકથા છે. ભાષામાં બંગાળી તત્ત્વ વિશેષ પ્રમાણમાં ઊતર્યું છે. 'ઘરની વહુ' (લાભુબહેન મહેતા) એ પ્રભાવતીદેવી સરસ્વતીની સાંસારિક કથાનો સુવાચ્ય અનુવાદ છે.

હિંદી

હિંદી નવલકથાઓમાંથી ગુજરાતી અનુવાદકોએ થોડી જ પસંદગી કરી

છે અને તે મુખ્યત્વે સ્વ. પ્રેમચંદજીની જ નવલકથાઓની. તેમની નવલકથા 'પ્રેમાશ્રમ' (કિશનસિંહ ચાવડા) માં જમીનદારો ખેડૂતોને શોષે છે તેનો ચિતાર મુખ્ય છે. 'નિર્મળા' (માણેકલાલ જોષી) માં કજોડાને અંગે ઉત્પન્ન થતી વિષાદમય સ્થિતિનું કરુણાંત આલેખન છે. 'ગોદાન' (માણેકલાલ જોષી) માં ઉચ્ચ સમાજના પ્રતિનિધિઓના જીવનને પડછે દુઃખમાં શૂરા અને શીલસંપન્ન ગરીબોનું જીવન સરસ રીતે આલેખી બતાવ્યું છે.

મરાઠી

'સુશીલાનો દેવ' (ગોપાળરાવ ભાગવત) એ વામન મલ્હાર જોષીની એક સારી નવલકથા છે. પ્રકૃતિધર્મ સમજીને કર્મયોગી થવું એ તેનો મથિતાર્થ છે. વાર્તારસ ઓછો છે કારણ કે ચિંતન તેમાં વિશેષ ભાગ રોકે છે. શ્રી. ખાંડેકરની નવલકથા 'દોન ધ્રુવ' (હરજીવન સોમૈયા) એ સત્યજીવન અને વાસ્તવજીવન વચ્ચેનું ઉત્તર-દક્ષિણ ધ્રુવ જેટલું અંતર બતાવતી નવલકથા છે. અનેક વર્તમાન જીવનના પ્રશ્નોની તેમાં ચર્ચા છે. ઈંદિરા સહસ્રબુદ્ધેની 'બાલુ તાઈ ધડા ઘે'નો અનુવાદ 'એ પત્ની કોની' (યજ્ઞેશ શુકલ)માં પ્રચલિત લગ્નવ્યવસ્થા સુકુમાર હૃદયોને છૂંદી નાંખે છે તેનું કરુણ આલેખન છે. મામા વરેરકર કૃત 'ઉમળાતી કળી' નો અનુવાદ 'ખીલતી કળી' (યજ્ઞેશ શુકલ)માં નવમતવાદ અને જૂનવાણી માનસ વચ્ચેનું સંઘર્ષણ નિરૂપવામાં આવ્યું છે.

ઉર્દૂ

કાઝી મુહમ્મદ અબ્દુલ ગફ્ફાર કૃત 'લયલાના પત્રો' (ઈમામુદ્દીન સદરુદ્દીન દરગાહવાળા) નો અનુવાદ એ પત્રરૂપે કહેવામાં આવેલી એક રૂપજીવિનીની આત્મકથા છે. કથારસ ઓછો છે અને નાયિકા પોતાના પેશાની નિંદાની સાથે સમાજ ઉપર અને ખાસ કરીને પુરુષવર્ગ ઉપર ધગધગતી વાણીમાં પ્રહાર કરે છે. સમાજની અતિશયોક્તિભરી કાળી બાજૂની તે રજૂઆત કરે છે. સાદીક હુસેન સિદ્દીકીની ઉર્દૂ નવલકથા ઉપરથી લખાયેલી કથા 'ક્રુઝેડ યુદ્ધ' (એમ. એચ. મોમીન) ઇ. સ. ના બારમા સૈકામાં ધર્મઝંડા હેઠળ મુસ્લિમો સામે ઈસાઇઓએ કરેલા યુદ્ધની વીર તથા કરુણ રસ રેલાવતી ઐતિહાસિક નવલકથા છે.

સંસ્કૃત

'વિક્રમચરિત્ર યાને કૌટિલ્યવિજય' (માણેકલાલ ન્યાલચંદ) : શુભશીલગણિ કૃત એ નામના સંસ્કૃત ગ્રંથ ઉપરથી અનુવાદ રૂપે આ નવલકથા લખવામાં આવી છે. સંવત ૧૪૯૯માં એ ખંડ અને બાર સર્ગોમાં એ ગ્રંથ લખાયેલો, તેનાં પ્રકરણો પાડીને નવીન શૈલીનું અનુકરણ કરીને

અનુવાદકે આ કથા લખી છે. ભર્તૃહરિના ભાઈ વિક્રમના રાજ્યારોહણને લગતી, વેતાળ અને વિક્રમના પરાક્રમપ્રસંગોને વણી લેતી આ કથા આજે તો સામાન્ય જનતા માટેની એક મનોરંજક જૂનવાણી કથા જેવી લાગે છે.

નિબંધો તથા લેખો

ચિંતન-મનનને યોગ્ય નિબંધો, નિબંધિકાઓ, લેખો, ભાષણો ને વિચાર-કંડિકાઓના સંગ્રહોને આ ખંડમાં સમાવ્યા છે; પરન્તુ પ્રાથમિક કે માધ્યમિક શાળાઓ માટે નિર્માણ થયેલા વિદ્યાર્થીઓને જ ઉપયોગી એવા સંગ્રહોને ગણનામાં લીધા નથી. ગંભીર અને અગંભીર બેઉ રીતે સાહિત્ય ચિંતનમનનને યોગ્ય બને છે, એટલે નર્મ શૈલીએ લખાયેલા ચિંતનપ્રધાન લેખસંગ્રહો પણ આ જ ખંડમાં આવે છે. મોટે ભાગે આ ખંડમાંના ગ્રંથો સંગ્રહરૂપ છે અને સંગ્રહ કરતી વખતે કેટલાક લેખકો બધા લેખોનું સ્વરૂપ સમાન પ્રકારનું છે કે નહિ તે જોવા થોભતા નથી, એટલે તેવા સંગ્રહોમાં કેટલીક સંકીર્ણતા આવી જાય છે; પરન્તુ જે સંગ્રહોનું પ્રધાન સ્વરૂપ ચિંતનક્ષમ લેખોનું જણાયું છે તે જ સંગ્રહોને અહીં લીધા છે. જે લેખસંગ્રહોનું લક્ષ્ય સાહિત્યવિવેચન પ્રધાનાંશે છે તેમનો સમાવેશ અહીં કર્યો નથી, તેમ જ જે લેખસંગ્રહોને ઇતર શીર્ષક હેઠળ વધારે બંધબેસતી રીતે લઈ શકાય તેમ જણાયું છે તે પણ અહીં લીધા નથી.

આ બધા સંગ્રહો પરનો એક જ દૃષ્ટિપાત કહી આપે છે કે નિબંધ-સાહિત્યમાં ગુજરાતી લેખકોનો ફાળો મધ્યમસરનો છે, પરંતુ સાહિત્ય, ભાષા, કલા, ઇતિહાસ, શિક્ષણ, સંસાર, સમાજ, રાષ્ટ્ર, વિજ્ઞાન, ધર્મ, તત્ત્વજ્ઞાન ઇત્યાદિ માનવજીવનને સ્પર્શતા અનેક વિષયો સંબંધે ચિંતનનો ખોરાક તેમણે પૂરો પાડ્યો છે. અનુવાદિત લેખોના કેટલાક સંગ્રહો પણ આ સાહિત્યમાં સારો ઉમેરો કરે છે. સંપાદિત સંગ્રહો આગલા જમાનાના લેખકોની કેટલીક સુંદર નિબંધકૃતિઓને જાળવી રાખીને અભ્યાસ માટે પ્રચારમાં મૂકવાનું કાર્ય કરે છે. ગુજરાતી ગદ્યશૈલીનો વિકાસ સાહિત્યના આ પ્રકારમાંથી વધારે સારી રીતે તારવી શકાય તેમ છે.

મૌલિક

સામાન્ય

'જીવન સંસ્કૃતિ' (કાકા કાલેલકર) એ સામાજિક અને સંસ્કૃતિ-વિષયક ચિંતનાત્મક નિબંધોનો એક મૂલ્યવાન સંગ્રહ છે. સંસ્કૃતિ, સમાજના પાયા, વર્ણ અને જ્ઞાતિ, સંસારસુધારો, ગામડાંના પ્રશ્નો, ગરીબાઈના પ્રશ્નો, શ્રમજીવીઓ, સમાજસેવાની પ્રવૃત્તિઓ, હરિજનસેવા, ઇત્યાદિ વિભાગોમાં એ નિબંધોને વહેંચી નાંખ્યા છે. દૃષ્ટિની સ્થિરતા, વિચારણાની વિશદતા, અભ્યાસ, ચિંતન અને સ્પષ્ટ દર્શન એ બધાંના સમન્વયથી ઉપજેલી ધીર-ગંભીર શૈલીએ લેખકના ગદ્યને સરસ અને પૂર્ણ ભાવવાહક બનાવ્યું છે. જીવન અને સમાજના ખૂણેખૂણામાં એ દૃષ્ટિ ફરી વળી છે અને વાચકની સ્વાભાવિક જિજ્ઞાસાઓ તથા પ્રશ્નો ઉપજાવીને તેનું નિરસન કરી વિષયનો સંપૂર્ણ ખ્યાલ આપવા મથી છે. એ જ લેખકનો બીજો લેખસંગ્રહ 'જીવનનો આનંદ' બીજી આવૃત્તિ પામ્યો છે જેમાં કેટલોક વધારો કરવામાં આવ્યો છે. એમાંના લેખો એવા જ પ્રભાવશાળી ગદ્યમાં કળા અને કુદરત વિશે લખાયા છે.

'મણિમહોત્સવના સાહિત્યબોલ' (કવિ શ્રી નાનાલાલ) એમાં લેખકના મણિમહોત્સવ પ્રસંગનાં ૧૬ ભાષણોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. શ્રોતાઓના વર્ગ અને ભાષણનું સ્થાન એ બેઉને લક્ષ્ય કરીને એ ભાષણો અપાયેલાં એટલે તેમાં કેટલીક પ્રાસંગિકતા છે. 'કવિધર્મ,' 'જગતકવિતાનાં કાવ્ય-શિખરો', 'નારીજીવનના કોયડા' એ વ્યાખ્યાનો તેમાંના સુંદર નમૂનાઓ છે.

'ગુજરાતની અસ્મિતા અને બીજા લેખો' (કનૈયાલાલ મુનશી) : ગુજરાતની સંસ્કૃતિની વિશિષ્ટતા દાખવનારો 'ગુજરાતની અસ્મિતા'નો નિબંધ અને એ જ લેખકના બીજા લેખોનો સંગ્રહ તેમના સુવર્ણમહોત્સવના સ્મારક રૂપે ગુજરાતી સાહિત્યપરિષદે પ્રસિદ્ધ કર્યો છે. તેમના ગદ્યનાં બળ અને ભભક તેમાં તરી આવે છે.

'સર્જન અને ચિંતન' (ધૂમકેતુ) માં ચોટદાર ભાષામાં લખાયેલા જીવન, સાહિત્ય તથા કળાવિષયક નિબંધો મુખ્ય છે અને ધર્મ તથા તત્ત્વજ્ઞાનને સ્પર્શતા લેખો પણ તેમાં છે. લેખકની દૃષ્ટિ જીવન અને જીવનવ્યાપાર સાથે સંબંધ ધરાવતાં ક્ષેત્રોમાંની ઊણપોને સત્વર પકડી પાડે છે અને તેની ઉપર પ્રહાર કરતાં તે કલમને તીખી પણ બનાવે છે. આ નિબંધો કેવળ અભ્યાસનું જ પરિણામ નથી પરન્તુ ચિંતન અને નિરીક્ષણ દ્વારા દૃઢીભૂત કરેલી ભાવનાઓને તે મૂર્ત કરે છે. એમના બીજા લેખસંગ્રહ 'જીવનચક્ર'માં

સાહિત્યવિષયક લેખો ઉપરાંત બીજી કેટલીક સામગ્રી પણ છે. નિબંધો ઉપરાંત વિચારમૌક્તિકો, પ્રસંગચિત્રો, વાર્તાઓ, પત્ર, ભાવના ઇત્યાદિની બનેલી એ સંકીર્ણ સામગ્રી છે.

'લલિતકળા અને બીજા સાહિત્યલેખો' (સ્વ. ચૈતન્યબાળા મજમૂદાર, સં. મંજુલાલ મજમૂદાર)માં લેખિકાના નિબંધો, ભાષણો તથા લેખો સંગ્રહેલા છે. અભ્યાસ, મનન અને ચિંતનમાંથી સ્ફુરેલા સામાન્ય કોટિના વિચારોનો પ્રવાહ તેમાં રેલાયેલો છે.

'નાજુક સવારી' (વિનોદકાન્ત : વિજયરાય વૈદ્ય) એ કિંચિત્ હળવી શૈલીએ લખાયેલી ૨૪ નિબંધિકાઓનો સંગ્રહ છે. વિષયોમાં વૈવિધ્ય છે. 'અભ્યાસ અર્થે કરાતી વિષય-ઘોડલો ઉપરની સવારી કહણ છતાં નાજુક છે' એ દૃષ્ટિબિંદુથી સંગ્રહનું નામ પાડવામાં આવ્યું છે. આ નાજુક કે હળવી શૈલીની નિબંધિકાઓ વિનોદ ઉપજાવે તેવી નથી, લેખક પોતે કોઈ વાર વક્રોક્તિદ્વારા પોતાની જાત પર થોડું હસી લે છે એટલું જ.

'બંધુ અંબુભાઈના પત્રો' (અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી) : લેખક એક જાણીતા વ્યાયામપ્રેમી છે. હાલની કેળવણીપ્રવૃત્તિની ઊણપો વ્યાયામપ્રવૃત્તિથી દૂર કરવાનો તેમનો આદર્શ એકલા શરીરવિકાસ પૂરતો જ નથી, પરન્તુ નૈતિક શિક્ષણ, ભારતીય સંસ્કૃતિનો પરિચય, રાષ્ટ્રીય ભાવના વગેરે બાબતો પર પણ પૂર્ણ લક્ષ આપીને પવિત્ર તથા આદર્શ અંતર ધરાવતા સશક્ત નાગરિકો નિપજાવવાનો છે : આ પત્રો એ દિશામાં માર્ગદર્શક નીવડે તેવા પ્રેરણાત્મક નિબંધો જેવા છે.

'પથિકનાં પુષ્પો-ગુચ્છ ૨-૩' (અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી): એ બેઉમાં નિબંધો, ચરિત્રલેખો, પત્રો, વાર્તાઓ, સંશોધનલેખો, સાહિત્યવિષયક લેખો વગેરે સંગ્રહેલા છે. બધા લેખોની પાછળ લેખકની ચિંતનશીલ પ્રકૃતિનું દર્શન થાય છે. ઇતિહાસ, ભૌતિકશાસ્ત્ર, અધ્યાત્મ, સાપેક્ષવાદ, માયાવાદ, સાહિત્ય, એવાએવા અનેક વિષયોને સ્પર્શતાં લેખક સપાટીથી ખૂબ ઊંડે ઊતરીને તારતમ્ય કાઢી બતાવે છે. 'પથિકના પત્રો-ગુચ્છ ૧-૨-૩'માં એ જ લેખકના પત્રોનો સંગ્રહ છે. પહેલા ગુચ્છમાં કિશોરો તથા યુવકોને સંબોધીને લખાયેલા કેટલાક જીવનવિષયક પ્રશ્નોના પત્રો છે; બીજામાં જાહેર કાર્યકર્તાઓને જીવનમાં તથા જાહેર પ્રવૃત્તિમાં ઉપયોગી થાય તેવા સૂચનાત્મક તથા નીતિ, સેવા, સાધના, રાષ્ટ્રોન્નતિ એવા ચર્ચાત્મક પત્રો છે; અને ત્રીજામાં એથી ય ઉચ્ચ કોટિએ પહોંચેલા જિજ્ઞાસુઓ તથા સાધકો પ્રતિ લખાયેલા પત્રો છે.

'ગ્રામોન્નતિ' (રમણલાલ વ. દેસાઈ) : આર્થિક અને સામાજિક દૃષ્ટિએ ગ્રામજીવનનું પુનર્વિધાન કરવા માટેના વહેવારુ વિચારો આ પુસ્તકમાંના લેખોમાં દર્શાવ્યા છે 'મારું ગામડું' (જયલાભાઈ મહેતા) તેમાં ખેડા જિલ્લાના માસરા ગામમાં ગ્રામોદ્ધાર પ્રવૃત્તિના પ્રયોગોની અનુભવપૂર્વક ચર્ચા કરવામાં આવેલી છે. ગ્રામસફાઈ, ખેતી, ઉદ્યોગ, ખોરાક, કેળવણી, વ્યસનો, વહેમો, વગેરે ઉપર પર્યેપક દૃષ્ટિ ફેરવીને લેખકે સમાજશાસ્ત્રની વહેવારુ વિચારણા કરી છે. 'ખેડૂતોની દુર્દશા' (રાવતભાઈ દેસાભાઈ ખુમાણ)માં કાઠિયાવાડના ખેડૂતોની દુર્દશાનો સચોટ ખ્યાલ આપ્યો છે. લેખકે ગામડાં જાતે ખૂંદીને માહિતી મેળવી છે અને ઝીણવટભરી આલોચના કરી છે. 'ખેડૂતોની સમસ્યા' (લાલજી પેંડસે)માં ખેડૂતવર્ગની વર્તમાન દુર્દશા, તેનાં કારણો, માંગણીઓ વગેરેની ચર્ચા ઐતિહાસિક દૃષ્ટિએ પ્રાંતવાર આંકડાઓ આપીને કરવામાં આવી છે. 'ગ્રામવિચારણા' (હરભાઇ ત્રિવેદી) : ગામડાંઓની પુનર્ઘટના ગ્રામ-કેળવણી દ્વારા જ શકય છે અને તેથી સાચા ગ્રામશિક્ષકો તથા ગ્રામસેવકોની અગત્ય છે એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. 'ચાર કૉલેજિયનો' (નયન-સુખલાલ હરિલાલ પંડ્યા) : ચાર જુદીજુદી દૃષ્ટિવાળા કૉલેજિયનોને ગામડું એ શું છે તે એક વૃદ્ધ અનુભવી સમજાવે છે, એ સમજૂતીનું એ પુસ્તક એક સંવાદાત્મક નિબંધિકાસમું છે. 'ગ્રામપંચાયતના કાયદા' (નરહરિ પરીખ) : ગ્રામપંચાયતોને સજીવન કરવા માટેના જરૂરી માર્ગોનું સૂચન અને કાયદા ઉપરનાં ટિપ્પણ એ આ પુસ્તિકાની વિશિષ્ટતા છે. 'ગ્રામપંચાયતના કાયદાને લગતા નિયમો' પણ આ જ પુસ્તિકાના એક પરિશિષ્ટરૂપ છે.

'વર્ધા શિક્ષણયોજના' (ઝકીરહુસેન કમિટી) અને 'વર્ધા કેળવણી પ્રયોગ' (નરહરિ પરીખ) એ બેઉ પુસ્તિકાઓ એ શકવર્તી શિક્ષણયોજનાનું રહસ્ય, વીગતો તથા વિશિષ્ટતાનો પરિચય કરાવે છે. 'કેળવણીનો કોયડો' (મહાત્મા ગાંધીજી) : અસહકાર યુગના ઇતિહાસથી માંડી વર્ધા શિક્ષણયોજના સુધીની વીગતો આ લેખસંગ્રહમાં સમાવેલી છે. વર્ધા શિક્ષણયોજનાની પૂર્વ પીઠિકા રૂપે એમાંના વિચારો મનન કરવા યોગ્ય છે. 'નવો આચાર–નવો વિચાર' (હરભાઇ ત્રિવેદી)માં જીવનના સર્વાંગીણ વિકાસને માટે શાસ્ત્રીય કેળવણીની વિચારણા છે અને કેળવણી વિશેના દૃષ્ટિપરિવર્તનને તે સ્પુટ કરે છે. 'સહ-શિક્ષણ' (રણજીતભાઇ એમ. પટેલ)માં અનેક દૃષ્ટિબિંદુથી વિદ્યાર્થી–વિદ્યાર્થિનીના એકત્ર શિક્ષણની પ્રથા તથા તેના લાભાલાભની ચર્ચા કરીને બધાં દૃષ્ટિબિંદુઓનો સમન્વય કરવામાં આવ્યો છે.

'વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળનાં ભાષણો અને લેખો–ભાગ ૨'

એ સંગ્રહમાં પુરતકાલયો અને વાચનપ્રવૃત્તિના વિસ્તાર વિશેની માહિતી તેમ જ વિચાર કે સૂચનો જુદાજુદા વિદ્વાન લેખકોના લેખોદ્વારા સારી પેઠે સમાવેલાં છે.

'જીવન અને વિજ્ઞાન' (રમણિક ત્રિવેદી અને ભાઈલાલ ઝોહારી)માં જીવનદૃષ્ટિએ સ્પર્શેલાં જ્ઞાન-વિજ્ઞાનનાં વિવિધ અંગોનું સરળ-સુવાચ્ય નિરૂપણ છે. 'જીવનપ્રવાહ' (ઈશ્વરભાઈ દેસાઈભાઈ પટેલ)માં જીવનની વિવિધ પ્રવૃત્તિઓ, સંસ્થાઓ, રચનાઓ તેમ જ માનવની વૃત્તિઓ વિશે લેખકે પોતાની રીતે વિચાર કરીને બોધ તારવ્યો છે. લેખક એક વિદ્યાર્થી છે અને એ કાચી દશાની મર્યાદા વિચારોમાં ઊતરી છે.

'યંત્રની મર્યાદા' (નરહરિ પરીખ) : વર્તમાન યંત્રમય બનેલા જીવનમાં યંત્રની મર્યાદાને તર્કશુદ્ધ વિચારસરણીથી તેમાં સમજાવેલી છે. યંત્રનો એકાન્ત નિષેધ નથી સૂચવ્યો, પરંતુ અર્થવિજ્ઞાન જીવનની માનસિક ભૂમિકાને સ્પર્શ્યા વિના જે વખતે દોડી રહ્યું છે તે વખતે આ નિબંધ પ્રચારદૃષ્ટિએ જ નહિ પણ તાત્ત્વિક દૃષ્ટિએ ઉપયોગી બને છે અને હસ્તકૌશલની ભૂમિકા રચી આપે છે.

'દેશી રાજ્યોનો પ્રશ્ન' (ગાંધીજી) : દેશી રાજ્યો અંગેના વિવિધ પ્રશ્નો સંબંધે સામાન્ય પ્રકારના અને ગુજરાત-કાઠિયાવાડનાં દેશી રાજ્યો સંબંધે પ્રાસંગિક એવા લેખો ગાંધીજીએ વખતોવખત લખેલા તેનો આ સંગ્રહ છે. દેશી રાજ્યોના રાજકારણ તથા પ્રજાજીવન અંગેના બળતા પ્રશ્નો સંબંધે ગાંધીજીની દોરવણી આ બધા લેખોમાં રહેલી છે, અને જેવી રીતે બ્રિતર ક્ષેત્રોના પ્રશ્નોને માટે ગાંધીજીની દૃષ્ટિ પ્રેરક બની રહે છે તેવી રીતે આ ક્ષેત્રમાં પણ એ દૃષ્ટિની પ્રેરકતા પૂરી પાડતી લેખસામગ્રી આ ગ્રંથમાં એકત્ર કરવામાં આવી છે.

'બારમા સાહિત્યસંમેલનનો અહેવાલ તથા નિબંધસંગ્રહ'માં સંમેલનના પ્રમુખ તથા વિભાગી પ્રમુખોનાં ભાષણો ઉપરાંત સાહિત્ય, ઇતિહાસ, કલા, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર, ધર્મ તથા તત્ત્વજ્ઞાન અને પત્રકારત્વ એ બધા વિભાગોમાં વંચાયેલા નિબંધોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. અભ્યાસ માટેની સારી સામગ્રી તે પૂરી પાડે છે.

'ફાર્બસ ગુજરાતી સભા મહોત્સવ ગ્રંથ' (સં. અંબાલાલ પુ. જાની) : આ સભાની ૭૫ વર્ષની હયાતીના ઉત્સવ નિમિત્તે પ્રસિદ્ધ કરવામાં આવેલા આ ગ્રંથમાં સંગ્રહેલા નિબંધો, લેખો તથા કાવ્યો વગેરેમાં મુખ્યત્વે ઇતિહાસ, પુરાતત્ત્વ, સાહિત્ય તથા સંસ્કૃતિવિષયક લેખો મૂલ્યવાન તથા આકર્ષક છે.

'કરાંચી સાહિત્યસંમેલનનો અહેવાલ અને નિબંધસંગ્રહ' (ગુજરાતી

સાહિત્યપરિષદ) : કરાંચીમાં મળેલું તેરમું સાહિત્યસંમેલન એ મહાગુજરાતનું પ્રથમ સાહિત્યસંમેલન હતું. તેના અહેવાલમાં સાહિત્યવિષયક ઉચ્ચ કોટિના લેખો અને ભાષણો ગણ્યાંગાંઠ્યાં છે. 'પરિષદ પ્રમુખોનાં ભાષણો' (ગુજરાતી સાહિત્યપરિષદ) એ પહેલી પરિષદથી માંડીને ૧૩ મા અધિવેશન સુધીના પ્રમુખોનાં અને વિભાગી પ્રમુખોનાં ભાષણોનો સંગ્રહ છે. સાહિત્યના અભ્યાસીઓ માટે એ એક મૂલ્યવાન ગ્રંથ બન્યો છે.

'મહાવીર જૈન વિદ્યાલયનો રજત મહોત્સવગ્રંથ'માં ગુજરાતી અને અંગ્રેજી લેખો સંગ્રહેલા છે અને જૈન તેમ જ જૈનેતર લેખકોએ તેમાં પોતાનો ફાળો આપ્યો છે. લેખોમાં વિષયવૈવિધ્ય છે અને કેટલાક નિબંધો સાહિત્યમાં ચિરંજીવી સ્થાન લે તેવા છે.

'હેમ સારસ્વત સત્ર' (ગુજરાતી સાહિત્યપરિષદ) : ૧૯૩૯માં પાટણમાં ગુ. સા. પરિષદે ઊજવેલા હેમ સારસ્વત સત્રનો અહેવાલ તથા તેમાં વંચાયેલા કિંવા તે નિમિત્તે લખાયેલા લેખોનો આ સંગ્રહ છે. લેખોનો એક ભાગ હેમચંદ્રના વ્યક્તિત્વનો અને વિભૂતિમત્ત્વનો ખ્યાલ આપે છે. બીજો ભાગ ગુજરાતની એ કાળની સંસ્કૃતિનો ખ્યાલ આપે છે. હેમચંદ્રના સાહિત્ય-નિર્માણને સ્પર્શતા લેખો બહુ થોડા છે.

વિનોદાત્મક

'સ્વૈરવિહાર–ભાગ ૨' (રામનારાયણ વિ. પાઠક) : 'સ્વૈરવિહારી' ને વિનોદ, કટાક્ષ કે ઉપહાસ માટે જોઇતી સામગ્રી તો સામાન્ય માનવજીવન કે વિશિષ્ટ જનહેર પ્રસંગો જ પૂરી પાડે છે, પરન્તુ તેમાંનું નર્મ તત્ત્વ વ્યાપક હોય છે એટલે તે ગ્રહણ કરવા માટે લેખકના તર્કપાટવને બરાબર અનુસરવું પડે છે, અને તો જ તેમાંના વિનોદને યથાર્થ સ્વરૂપે પામી શકાય છે. સત્યા-ગ્રહની લડત, લાઠીમાર, જેલનિવાસ વગેરે બનાવોએ તેમને ઠીક–ઠીક વિનોદ-વસ્તુઓ આપ્યાં છે. તે ઉપરાંત કવિતા, ભાષા અને વ્યુત્પત્તિમાં પણ તેમણે સ્વૈરવિહાર કરીને બુદ્ધિપ્રધાન વિનોદના સફળ પ્રયોગો કરી બતાવ્યા છે.

'રંગ તરંગ–ભાગ ૧થી ૪' (જ્યોતીંદ્ર હ. દવે)માંનો વિનોદ ભાગ્યે જ પ્રસંગ-લક્ષી હોય છે, પરન્તુ લેખક કાલ્પનિક પ્રસંગો નિપજાવે છે, સામાન્ય વસ્તુઓની લાક્ષણિક અસામાન્યતા નિરૂપે છે તથા અસામાન્ય વસ્તુઓની અસામાન્યતા લુપ્ત કરે છે અને પછી તર્કપરંપરાએ કરીને સુંદર વિનોદ નિપજાવે છે. તેમાંના વ્યંગ, કટાક્ષ તથા પ્રહાર સચોટ હોય છે અને નિર્દોષ હાસ્ય ઉપજાવ્યા વિના વિરમતા નથી. લેખકનો તર્કવિસ્તાર જીવનમાં કર્મનું પ્રાધાન્ય અમાન્ય કરીને કર્તાનું પ્રાધાન્ય સિદ્ધ કરી શકે છે, આળસને સદ્‌ગુણ ગણાવી શકે છે, ભાષણની

સરસતાને ઉઘાડી દેતા હાલરડાના ગુણની સમતુલામાં બેસાડી શકે છે, છતાં તે તર્કો હોય છે, તેની પાછળ ભૂમિકા હોય છે, કેવળ તરંગશીલતા નથી હોતી. નર્મ વિનોદ ઉપરાંત ઉગ્ર વિનોદ પણ લેખક નિપજાવી શકે છે છતાં તેનો નિર્દોષતાનો ગુણ ખંડિત થતો નથી એટલી વિશિષ્ટતા નોંધવા જેવી છે.

'પાનગોષ્ઠિ' (ધૂમકેતુ)માં હળવી શૈલીએ કટાક્ષપૂર્વક કરવામાં આવેલું જીવનનું દર્શન જોવા મળે છે. જીવનની ઊણપો ઉપર લેખકની દૃષ્ટિ જડાયેલી રહે છે અને એ ઊણપોને કટાક્ષો વેરીને હસી કાઢવા જતાં ગંભીર રોષમાં તથા વિષાદમાં પણ લેખક કેટલીક વાર ઊતરી પડે છે. તેમનો વિનોદ બુદ્ધિપ્રધાન છે અને તર્કપરંપરાએ કરીને જ્યારે તે એક વસ્તુમાંથી બીજી વસ્તુમાં સફાઈથી પલટો લે છે ત્યારે એ તર્કો નર્મ વિનોદની લહેર ઉપજાવી રહે છે.

'કેતકીનાં પુષ્પો' (નવલરામ ત્રિવેદી) દુનિયામાં અન્યાય કરનારા કે તે નિભાવી લેનારાઓને મધુરો ડંખ દઈને વાંચકોને મૃદુ કે મુક્ત હાસ્યના ભોક્તા બનાવે છે. તેમના કટાક્ષ કોઈ વાર વિનોદપ્રચુરને બદલે કટુતાપ્રચુર પણ બને છે. થોડી હળવી કવિતાઓ પણ તેમાં સંગ્રહેલી છે.

'રામરોટી' (નટવરલાલ પ્ર. ભુચ)માંનાં પ્રતિકાવ્યો, નિબંધો, વાર્તા, નાટક વગેરેમાં વસ્તુની વિકૃતિ દ્વારા નિપજાવાતા હાસ્યનો પ્રકાર છે. સાહિત્ય, શિક્ષણ, સમાજ ઉપર તે ટકોર કરે છે.

'વિચારવીચિ' (બળવંત ગો. સંઘવી)માં હળવી શૈલીમાં લખાયેલા પ્રયોગદર્શાના નિબંધો-લેખો સંગ્રહ્યા છે.

અનુવાદિત

'સ્વદેશી સમાજ' (નગીનદાસ પારેખ) એ કવિવર રવીંદ્રનાથ ટાગોરના ભારતીય સમાજવિષયક નિબંધો તથા ભાષણોનો સંગ્રહ છે. ભારતના વૈવિધ્યમાં એકતા નિહાળનારી પ્રધાન દૃષ્ટિ એ નિબંધોમાં ઓતપ્રોત થઈ રહેલી છે. 'હિંદુઓનું સમાજરચના શાસ્ત્ર' (લીલાધર જાદવ) એ ગોવિંદ મહાદેવ જોશીના મરાઠી પુસ્તકનો અનુવાદ છે. તેમાં હિંદુઓની સમાજરચનામાં તેમના પૂર્વજોનું ઊંડું જ્ઞાન તથા નિરીક્ષણ કેટલાં મર્મગામી હતાં તે પ્રતિપક્ષના પુરાવાઓ સાથે બતાવી આપ્યું છે. પરિશ્રમ તથા વિદ્વત્તા બેઉનો સુંદર સંયોગ તેમાં રહેલો છે.

'નીતિશાસ્ત્રપ્રવેશ' (ગોરધનદાસ અમીન) એ વામન મલ્હાર જોશીના મરાઠી ગ્રંથનો અનુવાદ છે. એમાં ધર્મ તથા નીતિ, નીતિશાસ્ત્ર તથા બીજાં શાસ્ત્રો વચ્ચેનો સંબંધ, કાર્યાકાર્યમીમાંસા વગેરે વિષયો પર મર્મગામી ચર્ચા

છે. પાશ્ચાત્ય ચિંતકો તથા તત્ત્વજ્ઞાનીઓના વિચારોને પચાવીને ગ્રંથ લખાયો છે એ ગ્રંથની વિશિષ્ટતા છે. 'નીતિશાસ્ત્ર' (પ્રહ્લાદભાઈ ધ્રુવ) એ પ્રો. મૂરે લખેલા 'એથિકસ'નો સુવાચ્ય ગુજરાતી અનુવાદ છે. ગંભીર તત્ત્વચર્ચા સાથે વ્યવહાર તથા નીતિના કૂટ પ્રશ્નો તેમાં છણ્યા છે.

'પ્લેટોનું આદર્શનગર' (પ્રાણજીવન પાઠક)માં પ્લેટોના 'રિપબ્લિક'નો સરળ અનુવાદ બે ભાગમાં આપ્યો છે. પ્લેટોનું ભાવનાવાદી તત્ત્વજ્ઞાન સંવાદ અને દૃષ્ટાંતો સાથે સુવાચ્ય બન્યું છે. 'પ્રાચીન ગ્રીક ફિલસૂફી' વિશેનો નિબંધ ગ્રીસના સાહિત્ય, સંસ્કૃતિ તથા રાજનીતિશાસ્ત્રનો ખ્યાલ આપે છે.

'મારી વ્યાપક કેળવણી' (ચંદુભાઇ રાવજીભાઇ પટેલ) : ટસ્કેજી સંસ્થાના સ્થાપક બૂકર ટી. વૉશિંગ્ટનની આત્મકથાના ઉત્તરાર્ધનો આ અનુવાદ છે. તેમાંના અનુભવો અને વિચારો 'કેળવણી'નો સાચો અર્થ સમજવાને તથા આસ કરીને 'પાયાની કેળવણી'નો વિચાર હિંદમાં જન્મ્યો છે ત્યારે સાચી કેળવણીનો મર્મ વ્યવહારમાં ઉતારવાને ઉપયોગી હોઇ એ આજન્મ કેળવણી-કારના વિચારો અભ્યાસને યોગ્ય છે.

'પશ્ચિમના દેશોની કેળવણી પુ. ૧' (ગોપાળ ગજ્જનન વિદ્વાંસ) : ડૉ. ગજ્જનન શ્રીપત ખેરે લખેલા મૂળ પુસ્તકનો આ અનુવાદ છે. અમેરિકા, રશિયા, ઇંગ્લાંડ, ફ્રાન્સ, જર્મની અને ઇટાલીની કેળવણીપદ્ધતિઓની હિંદી દૃષ્ટિએ આપવામાં આવેલી માહિતી તથા સમાલોચના તેમાં છે.

'આચાર્ય કૃપાલાનીના લેખો' એ ધર્મ, તત્ત્વજ્ઞાન, સત્યાગ્રહ અને રાજકારણના લેખો તથા ભાષણોનો અનુવાદિત સંગ્રહ છે. તેમાં આચાર્ય કૃપાલાનીજી તર્ક અને વિચારપૂર્વક ગાંધીજીની વિચારસરણીનું સમર્થ રીતે પ્રતિપાદન કરે છે.

'મધુકર' (વિનોબા ભાવે) : મૂળ મરાઠીમાં લખાયેલા ત્રેવીસ લેખોનો આ ગુજરાતી અનુવાદ છે. લેખક પોતાનાં મતો અને મૂલ્યાંકનો વાચક ઉપર આગ્રહયુક્ત તથા તર્કશુદ્ધ રીતે ઠસાવે છે. બધા લેખોના વિષયો વર્તમાન જીવનને સ્પર્શતા છે.

'આપણા દેશની સ્થિતિ' (સાકરલાલ યાજ્ઞિક) : સુપ્રસિદ્ધ દેશભક્ત ચીપલુણકરના તેજસ્વી નિબંધો જે દેશની દુર્દશા ઉપર પ્રકાશ પાડનારા તથા સ્વાતંત્ર્યદૃષ્ટિથી યુક્ત હોઇને જન્મ થયા હતા તે ૨૭ વર્ષો બાદ મુક્ત થતાં તેનો આ ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

'ગ્રામ્ય હિંદનો વિશેષ ઉત્કર્ષ' (ગોકળદાસ શાહ) : ગામડાંના લોકોનું ધાર્મિક, બૌદ્ધિક, શારીરિક, સામાજિક અને આર્થિક જીવન વધારે પૂર્ણ

કરવા સારુ તેમના સંપૂર્ણ વિકાસની સિદ્ધિ થાય તે માટે કાર્યકર્તાઓએ પાળવાના સિદ્ધાન્તો તેમાં આપ્યા છે અને વિવિધ ક્ષેત્રોમાં વિકાસ સાધવાની રીતિ સૂચવી છે. મૂળ લેખક ડૉ. હેચ દક્ષિણ હિંદના ગ્રામોદ્ધારકાર્યના પરિચયી હતા અને ગાયકવાડના કોસંબા કેન્દ્રની સ્થાપનામાં તેમનો હિસ્સો હતો.

'હિંદુસ્તાની ભાષા' ('ઝાર' રાંદેરી) એ વિષય પર પં. સુંદરલાલના એક ભાષણનું આ ભાષાંતર છે.

'ગ્રામીઝમ' (અનુ૦ મંજુલાલ દવે)માં શ્રી રામરાય મુનશીની ગામડાંને સ્વાયત્ત બનાવવાની યોજના રજૂ કરવામાં આવી છે અને એને વિસ્તારથી સમજાવવામાં આવી છે. ગાંધીજીની ગામડાંને સંપૂર્ણ બનાવવાની વિચાર-સરણી, ઉત્પાદનની માલિકીનો સામ્યવાદી સિદ્ધાંત, બ્રિટન-અમેરિકાનો બહુ-મતવાદ, અપરિગ્રહ અને સર્વધર્મસમભાવ, યંત્રોની શક્તિ તથા તેના લાભાલાભ ઇત્યાદિનું એવું મિશ્રણ એ યોજનામાં છે કે જે પ્રયોગની સરાણે ચડતાં કેટલી કાર્યસિદ્ધિ કરે તે પ્રશ્ન બને છે.

'કલાસૃષ્ટિ' (ઇંદુમતી મહેતા અને ભૂપતરાય મહેતા) : શ્રી સી. જિનરાજદાસના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ છે. કલાધામોમાં પ્રવાસ કરીને કલાકૃતિઓનો સાક્ષાત્ પરિચય કર્યા પછી સૌન્દર્યતત્ત્વની પિછાન કરાવનારા નિબંધોનો એ સંગ્રહ છે.

સંપાદિત

'નર્મદનું મંદિર : ગદ્ય વિભાગ' (વિશ્વનાથ ભટ્ટ) : કવિ નર્મદાશંકરની ગદ્યકૃતિઓમાંથી વીણણી કરીને નર્મદના ગદ્યનું પ્રતિનિધિત્વ દર્શાવી આપે એ પ્રકારનો આ સંગ્રહ છે. નર્મદની દેશદાઝ, ઉત્સાહ, અકળામણ, વિષાદ, અને ધર્મવિચારને સ્પષ્ટ કરે એ પ્રકારે નિબંધો, પત્રો, આત્મકથા, સાહિત્ય-વિચાર ઇત્યાદિ કાપી-કૂપીને સુઘટિત રીતે ઉતાર્યાં છે.

'નવલગ્રંથાવલિ' (નરહરિ પરીખ) : 'નવલગ્રંથાવલિ'નું તારણ કરીને આ સંગ્રહમાં વિશેષાંશે તેમનાં ગ્રંથવિવેચનો ઉતારવામાં આવ્યાં છે. અભ્યાસી-ઓને ઉપયોગી થાય એ દૃષ્ટિ આ તારણ પાછળ રહી છે.

'નિબંધમાળા' (વિશ્વનાથ ભટ્ટ) : છેલ્લાં ૭૫ વર્ષમાં લખાયેલા નિબંધો-માંથી ઉત્તમ અને પઠનીય નિબંધધન વીણી કાઢીને આ માળામાં ગૂંથવામાં આવ્યું છે. સાહિત્યવિવેચન અને સમાજવિવેચનને સંપાદકે દૃષ્ટિ સમીપે રાખ્યાં છે. ગુજરાતી ગદ્યશૈલીનો વિકાસ અને પૃથક્પૃથક્ કાળના વિચાર-ણીય પ્રશ્નોનું વૈવિધ્ય એ તેમાં મળી આવે છે.

'બુદ્ધિપ્રકાશ : લેખસંગ્રહ' (નવલરામ ત્રિવેદી તથા અનંતરાય રાવળ) :

૧૮૫૪ થી ૧૯૦૮ અને ૧૯૦૯ થી ૧૯૩૦ સુધીનાં 'બુદ્ધિપ્રકાશ'માં આવેલા લેખોમાંથી ભાષા, સાહિત્ય, વિવેચન, ઇતિહાસ, શિક્ષણ, જીવન, ધર્મ-તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનવિષયક લેખોનું તારણ બે વિભાગોમાં રજૂ કરવામાં આવ્યું છે. ગદ્યનો વિકાસક્રમ, વિચારોની દર્શનશૈલી અને 'બુદ્ધિપ્રકાશ'નું પ્રતિનિધિત્વ એ આ તારણમાંનાં અભ્યસનીય તત્ત્વો છે.

'સો ટકા સ્વદેશી' (નવજીવન પ્રેસ) : ખાદી પ્રવૃત્તિની પૂર્તિ રૂપે ૧૯૩૪-થી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવેલી તેને અંગે ગાંધીજી, મહાદેવ દેસાઈ, પ્યારેલાલ, સ્વામી આનંદ, વૈકુંઠરાય મહેતા, કુમારપ્પા, ચંદ્રશંકર શુકલ અને પ્રો. પૂરણે લખેલા લેખોનો આ સુંદર સંગ્રહ છે. કેટલાક લેખો ધ્યેયાત્મક અને કેટલાક પ્રયોગાત્મક છે. 'સ્વદેશી'નો સંપૂર્ણ અર્થ અને ખાદી તથા તે સિવાયના ગ્રામોદ્યોગોને વ્યવહારુ રીતે સફળ કરવાનાં મહત્ત્વનાં સૂચનો તથા પ્રેરણા એ લેખસંગ્રહમાંથી પ્રાપ્ત થાય છે.

'સ્વર્ગોનું દોહન' (સં. વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ) : સ્વ. અમૃતલાલ સુંદરજી પઢિયારના પ્રકીર્ણ, ઉદ્બોધક અને ઉપદેશક લેખસંગ્રહો 'સ્વર્ગો'ને નામે જાણીતા છે, તેમાંથી ધર્મથી માંડીને આયુર્વેદ સુધીના લેખોની વીણણી કરીને આ ગ્રંથ સ્વ. મોતીભાઈ અમીનના સ્મરણાર્થે શરૂ થયેલી ગ્રંથમાળામાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

સાહિત્ય–વિવેચન

સાહિત્ય–વિવેચનના પાંત્રીસેક ગ્રંથોનું આ પાંચ વર્ષમાં થયેલું પ્રકાશન મૌલિક ગુજરાતી સાહિત્યમાં નાનોસૂનો ઉમેરો ન ગણાય, પરંતુ એમાંનો લગભગ અર્ધો હિસ્સો તો એવાં પ્રકાશનોનો છે કે જેનું સર્જન આ પાંચ વર્ષમાં થયું નથી, માત્ર પ્રકાશન જ થયું છે. બધા ગ્રંથો સાહિત્યની મીમાંસાના, વિવેચનના તથા સમીક્ષાના લેખોના સંગ્રહો છે, અને તેમાં ઘણા ચિરંજીવી વિવેચનલેખો છે. સ્વ નરસિંહરાવ, સ્વ. કે. હ. ધ્રુવ તથા સ્વ. આનંદશંકર ધ્રુવના લેખોના સંગ્રહો એ ગઇ પેઢીનો ઉત્તમ વારસો છે અને એ વારસો નવા વિવેચકો તથા અભ્યાસીઓને આરોગતાં પચાવતાં ન ખૂટે એટલો વિવિધ તથા વિસ્તૃત છે.

વિવેચનનું સાહિત્ય એ કેવળ ગ્રંથસમીક્ષાનું સાહિત્ય નથી, પરંતુ સાહિત્યની કોઈ પણ શાખાનાં પ્રકાશનોનો તલસ્પર્શી અભ્યાસ, નિરીક્ષણ, તુલના અને કેન્દ્રવર્તી પ્રશ્નોની છણાવટ એ પણ વિવેચનનું સાહિત્ય છે. રસિકોને

સાહિત્યનાં મર્મગામી મૂલ્યાંકન કરી આપવામાં તથા તેનું આસ્વાદન કરાવવામાં વિવેચનનો મહત્ત્વનો હિસ્સો હોય છે, અને જીવનને સંસ્કારી કરવાના કાર્યમાં સાહિત્યની પ્રગતિ–પરાગતિનું માપ કાઢવામાં વિવેચન જ માનદંડ બની રહે છે. આ દૃષ્ટિએ જોતાં નવું ગુજરાતી વિવેચન-સાહિત્ય નિરાશા ઉપજાવે તેવું નથી. ગઈ પેઢીના વિવેચકોની કોટિમાં ઊભા રહે તેવા વિવેચકો ગુજરાતને મળી રહ્યા છે, જોકે હજી તેમણે નિષ્પન્ન વેલો ફાલ થોડો છે, ચિંતનનું ઊંડાણ ઓછું છે, વૈવિધ્ય પૂરતું નથી, પરન્તુ નવું વિવેચન આશાસ્પદ તો જરૂર છે.

'મનોમુકુર–ભાગ ૩, ૪' (સ્વ. નરસિંહરાવ દિવેટિયા) : વિવેચન, રસચર્ચા, ગ્રંથસમીક્ષા અને સાહિત્યવિષયક ઇતર લેખોના ચાર સંગ્રહગ્રંથોમાંના આ છેલ્લા બે ગ્રંથો પૂર્વેના બે ભાગો જેટલા મનનીય અને ચિંતનીય લેખોના મૂલ્યવાન ભંડાર સમા છે. તેમાંનું સાહિત્યવિવેચન પાંડિત્ય અને શાસ્ત્રીય ચોકસાઈ ઉપરાંત વેધક દૃષ્ટિ, સત્યનિષ્ઠા અને રસિકતાથી ઓતપ્રોત છે. સંગીતચર્ચા, કાવ્યચર્ચા, અલંકારચર્ચા, શબ્દચર્ચા કે ઇતર કોઇ વિષયની ચર્ચા અને મીમાંસામાં, તે પોતાની દૃષ્ટિને પુષ્ટ કરવાને ચર્ચાવિષયનાં બધાં પાસાં તપાસતાં પોતાના જ્ઞાનનો ભંડાર ઠાલવે છે, અને ત્યારે તેમની ચર્ચા બીજાઓ માટે અભ્યાસનો વિષય બની રહે છે. ગુ. વ. સોસાયટીએ ગુજરાતના સુપ્રસિદ્ધ વિદ્વાનોના લેખોના સંગ્રહો સંપાદિત કરાવીને પ્રસિદ્ધ કરવાનું જે કાર્ય કર્યું છે તેની ઉપયુક્તતા તેમાંના લેખોનું વૈવિધ્ય અને ઊંડું પાંડિત્ય બતાવી આપે છે. અત્યારના સાહિત્યવિષયક કૂટ પ્રશ્નોમાંના ઘણાખરાને માટે કાંઇ ને કાંઇ મતદર્શન કે દોરવણી આ સંગ્રહમાંથી સાંપડી રહે તેમ છે.

'સાહિત્ય અને વિવેચન–ભાગ ૧, ૨' (સ્વ. દી. બા. કેશવલાલ ધ્રુવ) : ગુ. વ. સોસાયટીના સાહિત્યવિષયક લેખ–ગુચ્છોનાં પ્રકાશનોમાં આ બે ભાગ પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. દી. બા. કેશવલાલ ધ્રુવનાં અન્વેષણો અને નવલ પ્રયોગોનો લાભ તેમના અનુવાદગ્રંથોને મળ્યો છે, પરન્તુ તેમના એ કાર્યો પાછળની દૃષ્ટિ તો તેમના સાહિત્યવિષયક લેખોમાંથી સાંપડે છે. પહેલા ભાગમાં તેમણે કરેલા કાવ્યાનુવાદોના પ્રયોગોના અને મુખ્યત્વે પ્રાચીન ઇતિહાસ તથા સંસ્કૃત સાહિત્યનાં જુદાંજુદાં અંગો સંબંધી સંશોધનાત્મક લેખો સંગ્રહેલા છે બીજા ભાગમાં ભાષાશાસ્ત્ર, ગુજરાતી ભાષા તથા સાહિત્ય, છંદઃશાસ્ત્ર તથા પ્રકીર્ણ એમ ચાર વિભાગોમાં લેખોને વર્ગીકૃત કરેલા છે. 'ગુજરાતી ભાષા અને સાહિત્ય' તથા 'પદ્યરચનાના પ્રકાર' એ બે સુપ્રસિદ્ધ લેખો એમાં રહેલા છે. સ્વ. ધ્રુવની સ્પષ્ટ વિચારણા, તલસ્પર્શી અન્વેષણ અને ભાષાભક્તિનું પ્રતિબિંબ તેમાં પડે છે.

'કાવ્યતત્ત્વવિચાર' અને 'સાહિત્યવિચાર' સ્વ. ડૉ. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ) એ બે લેખગુચ્છો પણ ગુ. વ. સોસાયટીનાં જ પ્રકાશનો છે. પહેલામાંના પ્રથમ વિભાગમાં સાહિત્યવિષયક ચર્ચાલેખો છે અને બીજા વિભાગમાં ગ્રંથાવલોકનોનો સંગ્રહ છે. પૂર્વ અને પશ્ચિમનો સમન્વય કરનારી એમની વિવેચનકલા તથા સાહિત્યચર્ચાની ચાલીસ વર્ષની પ્રસાદી તેમાં મળે છે. બીજા ગુચ્છમાં સાહિત્યવિષયક પ્રકીર્ણ લેખોનો સંગ્રહ છે. બેઉ ગુચ્છોમાં પદ્યસાહિત્ય, ગદ્યસાહિત્ય, કેળવણી, ગ્રંથવિવેચન, રસચર્ચા, સ્મરણબોધ, ખુલાસા, ઇત્યાદિ સાથે સંબંધ ધરાવતા નાનામોટા અનેક લેખોને કુશળતાપૂર્વક વર્ગીકૃત કરીને આપ્યા છે. પ્રત્યેક લેખમાં સ્વ. આનંદશંકરભાઈની સ્વસ્થ, સંયત અને સાત્વિક દૃષ્ટિનો ઓપ છે અને બહુશ્રુતતા તથા સાહિત્યરસિકતા વહે છે. અભ્યસનીય અને ચિરંજીવી તત્ત્વોવાળા લેખોને ગ્રંથારૂઢ કરવાનું આ કાર્ય ગુ. વ. સોસાયટી જેવી સાહિત્યસેવાવ્રતી સંસ્થા સિવાય બીજી કોઇથી કદાચ ન પૂરું થઇ શક્યું હોત.

'કાવ્યની શક્તિ' અને સાહિત્યવિમર્શ' (રામનારાયણ વિ. પાઠક): આગાંના પ્રથમ ગ્રંથમાં કાવ્ય વિષયની સાધક-બાધક ચર્ચાવાળા જુદાજુદા લેખોદ્વારા લેખકે પોતાનાં મંતવ્યોનું પ્રતિપાદન કર્યું છે. પુસ્તકોનાં વિવેચન-અવલોકનમાં એકસરખો વિસ્તાર કે એકસરખું ઊંડાણ નથી લાગતું છતાં તેમનું પ્રત્યેક કથયિતવ્ય તેમના કોઇ ને કોઇ મંતવ્યનું દર્શક હોય છે. બીજા સંગ્રહમાં વાર્તા, નાટક ઇત્યાદિ કાવ્યેતર વિષયક લેખો તથા 'યુગધર્મ' અને 'પ્રસ્થાન'માં તેમણે લખેલા સાહિત્યગ્રંથોનાં વિવેચન-અવલોકન સંગ્રહેલાં છે. એ લેખો પણ તેમનાં મંતવ્યોને સ્ફુટ કરી આપવામાં સફળ થાય છે અને વસ્તુનિષ્ઠતા મર્યાદિત રહેવા છતાં ચર્ચાપાત્ર મુદ્દાઓને ઘટતો સ્પર્શ કર્યા વિના રહેતા નથી. કાવ્ય અને કાવ્યેતર બેઉ વિષયો પરનાં તેમનાં મંતવ્યો અભ્યાસ, ચિંતન અને મનનના પરિપાકરૂપ હોય છે તે તેના સદૃષ્ટાંત પ્રતિપાદન ઉપરથી જાણ થાય છે.

'અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણ' (રામનારાયણ વિ. પાઠક) એ મુંબઈ યુનિવર્સિટીની ૧૯૩૭ની વ. મા. વ્યાખ્યાનમાળામાં અપાયેલાં ભાષણોનો સંગ્રહ છે. તેમાં દલપતરામથી માંડી મનસુખલાલ ઝવેરી સુધીના કવિઓની કવિતાશૈલીનું વિવેચન છે. એ પોણો સો વર્ષમાં ગુજરાતી કવિતાના સ્વરૂપમાં, રુચિમાં, છંદોરચનામાં, અલંકારો વગેરેમાં કેવો ફેરફાર થતો આવ્યો તેનું ઐતિહાસિક નિરૂપણ કરીને વર્તમાન યુગમાં વહેતી કવિતાની વિશિષ્ટતાનું તેમ જ ઊણપોનું પણ દર્શન કરાવ્યું છે. વ્યાખ્યાનોનો એકંદર

ઓક કવિતાની ચિંતનપ્રધાનતાને ઉત્તમ પદે સ્થાપનારો છે.

'ગુજરાતી કવિતાની રચનાકળા' (કવિ અરદેશર ફ. ખબરદાર) એ મુંબઇ યુનિવર્સિટીની ૧૯૩૯ની વ. મા. વ્યાખ્યાનમાળામાં અપાયેલાં ભાષણોનો સંગ્રહ છે. તેમાં કવિતાની નૈસર્ગિક ઉત્પત્તિથી માંડીને જુદી જુદી ભાષાઓમાં થયેલા કવિતાપ્રયોગોનું દર્શન કરાવીને અને ગુજરાતી કવિતાની રચનામાં છંદોવિધાન કવિતાના ભાવપ્રતિપાદનમાં કેટલો મહત્ત્વનો ફાળો આપે છે તે દર્શાવીને ચિંતનપ્રધાનતા કે વિચારપ્રધાનતા કવિતાની રસ-નિષ્પત્તિમાં ઊણપ લાવનારી બને છે એમ દર્શાવ્યું છે; આથી કરીને વ્યાખ્યાતાએ કવિતાના કલેવર સાથેના કાવ્યરસનિષ્પત્તિના સંબંધને વિસ્તારથી સ્પષ્ટ કર્યો છે અને નવીન છંદો, બ્લેંક વર્સ માટેની ઉચિત છંદોઘટના, છંદોરચનામાં આવશ્યક શબ્દસંગીતતત્ત્વ ઇત્યાદિ વિશે વિસ્તારથી પોતાના વિચારો જણાવ્યા છે. કવિતાના ઘટનાતંત્ર વિશેના વિસ્તૃત અભ્યાસ અને ઊંડા ચિંતનના ફળારૂપ એ વ્યાખ્યાનો છે. શ્રી. રા. વિ. પાઠકનાં વ્યાખ્યાનો અને શ્રી. ખબરદારનાં વ્યાખ્યાનો એ બેઉ કવિતાવિષય પરત્વેની બે જુદીજુદી વિચારશાખાઓનું દર્શન કરાવે છે.

'આપણી કવિતાસમૃદ્ધિ' (બળવંતરાય ક. ઠાકોર) ની નવી આવૃત્તિ જાણે એક નવું જ પુસ્તક બન્યું છે, કારણ કે જૂની આવૃત્તિ કરતાં તેમાં ઘણી નવી વાનગી અને નવી વિવેચના ઉમેરાઇ છે. એ કવિતાઓની પસંદગી કવિના વ્યક્તિત્વનું સ્પષ્ટ દર્શન કરાવવાના ધોરણે કરવામાં આવી નથી પરન્તુ વર્તમાન કવિતાવિષય પરત્વે 'સમૃદ્ધિ'કારને જે કાંઇ ગુણ-દોષ દૃષ્ટિએ કથયિતવ્ય છે તેને અનુકૂળ આવે એ પ્રકારની પસંદગી તેમણે કરી છે. પરિ-ણામે પસંદગી અને તે પરનું ગુણદોષદૃષ્ટિપૂર્વકનું વિવેચન એ બેઉ દ્વારા કેટલાક કવિઓને અન્યાય થયો છે. પરન્તુ કર્તાને એ મર્યાદા જ અભિ-પ્રેત હતી એમ લાગે છે. એકંદર રીતે જોઇએ તો કવિતારીતિ પરના કર્તાના ઘણાખરા અભિપ્રાયો—છંદ, અલંકાર, પ્રાસ, ગેયતા, શબ્દલાલિત્ય, ચિંતન-પ્રધાનતા ઇત્યાદિ વિશેના—તેમાંની કવિતાઓ પરત્વેનાં ટિપ્પણ આદિમાં સમાવિષ્ટ થઇ જાય છે.

'પ્રાચીન ગૂજરાતી સાહિત્યમાં વૃત્તરચના' (ભોગીલાલ સાંડેસરા) એ પુસ્તિકા એમ દર્શાવી આપવા માટે તૈયાર કરવામાં આવી છે કે ગુજરાતી ભાષાના આરંભકાળથી માંડીને દયારામ સુધીના સાહિત્યમાં અક્ષરમેળ વૃત્તોની રચના ન્યૂનાધિક અંશે થયા કરતી હતી. જૂની ગુજરાતી કવિતા સુગેય ઢાળો અને દેશીઓની અંદર જ બંધાઇ રહી હતી એવી એક માન્ય-

તાનું નિરસન કરવા લેખકે દૃષ્ટાંતો સાથે આ અભ્યાસપૂર્ણ નિબંધની રચના કરી છે.

'સાહિત્યસમીક્ષા' તથા 'વિવેચનમુકુર' (વિશ્વનાથ મ. ભટ્ટ) : વિવેચન-લેખોના એ બેઉ સંગ્રહોમાં લેખકનો તલસ્પર્શી અભ્યાસ, સમતોલ ન્યાય-દૃષ્ટિ, ઉચ્ચ અભિરુચિ, સૌંદર્યપરીક્ષક દૃષ્ટિ અને સતત જાગ્રત જવાબ-દારીનું ભાન પ્રકટ થતાં રહે છે. દલપત, નર્મદ, નરસિંહરાવ, બળ-વંતરાય, નંદશંકર, બોટાદકર વગેરે સાહિત્યકારોનાં સર્જનોની મુલવણીમાં તથા વાર્ષિક ગ્રંથસમીક્ષાઓમાં તે પૂરતા વિસ્તાર સાથે પોતાની દૃષ્ટિની છાપ ઉપસાવે છે અને એ દૃષ્ટિ પાછળ રહેલી વિદ્વાનોની અનુમતિ દ્વારા તેનું સમર્થન કરે છે. પ્રસંગોપાત્ત તે કટુભાષી પણ બને છે પરંતુ તેમ કર-વામાં વિવેચક તરીકેની શુદ્ધ કર્તવ્યનિષ્ઠા તેમને દોરતી હોય છે. સાહિત્યનાં સમદર્શી અને તલસ્પર્શી વિવેચનોમાં આ બેઉ ગ્રંથો પ્રથમ કોટિમાં આવે તેવા છે.

'જીવનભારતી' (કાકા કાલેલકર)માં લેખકના સાહિત્યવિષયક લેખો અને વ્યાખ્યાનોનો સંગ્રહ કરવામાં આવેલો છે. અભ્યાસ, ચિંતન અને વિશેષ તો પ્રત્યેક સાહિત્યકૃતિને જીવનદૃષ્ટિએ મુલવવાની તેમની વિવેચન-શૈલી આમાંના પ્રત્યેક લેખની વિશિષ્ટતા છે. સાહિત્યવિવેચનાની તત્ત્વ-ચર્ચા અને કેટલાંક ગુજરાતી પુસ્તકોનાં તેમણે લખેલાં પરિચય, પ્રસ્તાવના, સમીક્ષા વગેરે સંભાર તેમની બહુશ્રુતતા અને જીવનદર્શનનો સરસ રીતે પરિ-ચય કરાવે છે. આ લેખોમાં લેખકનું પાંડિત્ય દેખાઈ આવે છે, પરન્તુ પાંડિત્યનો વિનિયોગ તેના સભાન દર્શન માટે નહિ, કથયિતવ્યને મૂર્ત બનાવવા માટે કરવામાં આવ્યો છે, એટલે એ લલિત પ્રાસાદિક શૈલી ગદ્યની ચારુતામાં ઉમેરો કરે છે.

'વિવેચના' (વિષ્ણુપ્રસાદ ત્રિવેદી)માંનાં ગ્રંથવિવેચનો તેમ જ ગ્રંથકારો-ની સાહિત્યશૈલી વિશેનાં મતદર્શનો વેધક દૃષ્ટિથી સ્વારસ્યને તારવીને સુઘટિત સંક્ષેપમાં રજૂ કરાયેલાં છે. તેમાં દીર્ઘસૂત્રિતા નથી હોતી, વિશેષાંશે તાત્ત્વિકતા હોય છે. પરિણામે તેમાં વિવેચનનાં ચિરંજીવી તત્ત્વો સાંપડે છે. પરન્તુ એ વિવેચનોનો સાચો પ્રસાદ પૃથક્કરણશક્તિ કે ભાવગ્રાહક શક્તિવાળો અધિકારી વાચક જ પામી શકે તેવી લેખકની શૈલી છે.

'અખો : એક અધ્યયન' (ઉમાશંકર જોશી) : સંશોધન, અધ્યયન અને વિવેચન એ ત્રણે પ્રવૃત્તિઓનો સુમેળ આ ગ્રંથમાં સધાયો છે. અખાના જીવન અને સાહિત્યનું મૂલ્યાંકન સંશોધકની ઝીણી અને વિવેચકની ક્રાન્ત

દૃષ્ટિથી કરવામાં આવ્યું છે, અને કેટલીક પ્રચલિત માન્યતાઓને ઇતિહાસ દૃષ્ટિએ કસીને સુધારી કે નિવારી છે. અખાની એક તત્ત્વજ્ઞાની કવિ તરીકેની તેજસ્વી મૂર્તિનો સાક્ષાત્કાર તે કરાવે છે. અખાની સુપ્રસિદ્ધ 'અખે ગીતા'નું વિવેચન રસભર્યું છે. આપણા જૂના કવિઓના સાહિત્યિક જીવનના સ્વતંત્ર વિવેચનગ્રંથોને માટે આ ગ્રંથ એક નમૂનો પૂરો પાડે તેવો બન્યો છે.

'લોકસાહિત્ય' (ઝવેરચંદ મેઘાણી) : એ લોકગીતોનાં અંતરંગ અને બહિરંગની ચર્ચા કરનારા લેખોનો સંગ્રહ છે, જેમાં લેખકે સંપાદિત કરેલાં લોકસાહિત્યનાં જુદાંજુદાં પુસ્તકોની તેમણે લખેલી પ્રસ્તાવનાઓનો પણ સમાવેશ થાય છે. ભૂતકાળના જીવનને ભાવભરી વાણીમાં મૂર્ત કરનારા લોકસાહિત્યમાંની દૃષ્ટિને તે રસભરિત શૈલીએ પૃથક્કરણપૂર્વક રજૂ કરે છે અને તેમ કરતાં દેશના, પ્રાંતોના અને દુનિયાના દેશોના લોકસાહિત્ય સુધી ફરી વળે છે.

'જીવન અને સાહિત્ય–ભાગ ૨' (રમણલાલ વ. દેસાઈ) : સાહિત્યને જીવનદૃષ્ટિએ નિરીક્ષીને લેખકે પ્રાસંગિક વિવેચનો લખેલાં તેનો આ ગ્રંથમાં સંગ્રહ કર્યો છે. લેખકે જુદાંજુદાં સાહિત્યક્ષેત્રોમાં–નવલકથા, નવલિકા, નાટક, કવિતામાં સર્જક તરીકે વિહાર કર્યો છે, એટલે તેમનું સાહિત્ય-નિમજ્જન વિશાળ છે. એ વિશાળતા આ લેખોની અંદર પ્રતિબિંબિત થાય છે.

'સાહિત્યકલા', 'કાવ્યકલા' અને 'વિવેચન' (મોહનલાલ પાર્વતીશંકર દવે)-માંના પહેલા ગ્રંથમાં સાહિત્યવિષયક નિબંધોનો સંગ્રહ છે. સાહિત્ય સંબંધી તેમના વિચારોમાં અદ્યતનતા નથી, કારણ કે વીસેક વર્ષો પૂર્વે લખાયેલા લેખો મોટે ભાગે તેમાં છે. બીજા ગ્રંથમાં કાવ્ય અને કલાના સ્વરૂપના કેટલાક પ્રાથમિક સિદ્ધાંતોની વ્યાખ્યાઓ તથા દૃષ્ટાંતો છે. તેમાંના નિબંધોનું મૂલ્ય આજે ઓછું લાગે એ સ્વાભાવિક છે, પરન્તુ જ્યારે તે લખાયા હતા ત્યારે તત્કાલીન સામયિકોમાં કેટલાક લેખો આકર્ષક નીવડ્યા હતા. ત્રીજા ગ્રંથમાં જુદીજુદી સાહિત્યકૃતિઓ પરનાં પ્રાસંગિક વિવેચનો, કેટલાંક વ્યક્તિચિત્રો અને 'ગ્રંથવિવેચનનું સાહિત્ય' એ વિશેનો સરસ નિબંધ છે. સૂરતના ત્રણ નન્હા, કવિ ખબરદાર, રણછોડભાઈ ઉદયરામ ઇત્યાદિની જીવન-રેખાઓ પણ તેમાં છે. બધા લેખોમાં શૈલીની સમાનતા જળવાઈ નથી. કેટલાકમાં પ્રાસંગિકતા પણ છે. કેટલાંક વિવેચનો ઠીક લખાયેલાં છે.

'નવાં વિવેચનો' (નવલરામ ત્રિવેદી) : નવલકથાનો વિકાસ, ગુજરાતનું હાસ્ય, નર્મદ–કાન્ત–કલાપી–નાનાલાલનું સાહિત્યિક તથા વૈયક્તિક જીવન, આત્મલગ્નની ભાવના, સાહિત્યમાં નારીજીવન ઇત્યાદિ પંદર લેખોનો આ

સંગ્રહ છે. તેમાંના કેટલાક શુદ્ધ વિવેચનના છે તો કેટલાક સાહિત્યના કોઈ વિશિષ્ટ ક્ષેત્ર પરના ઐતિહાસિક દૃષ્ટિપાત કે નિબંધનું સ્વરૂપ ધારણ કરે છે. બધા લેખો સાહિત્યવિષયને જ સ્પર્શે છે અને માહિતીથી ભરપૂર છે. એ જ લેખકે સંપાદિત કરેલો 'જયંતી વ્યાખ્યાનો'નો ગ્રંથ ગુજરાત સાહિત્ય સભાએ ઊજવેલી જયંતીઓ પ્રસંગેનાં વ્યાખ્યાનોનો બનેલો છે. મીરાંબાઈ, અખો, પ્રેમાનંદ, મણિલાલ નભુભાઈ, ધીરો, દલપતરામ, નર્મદ, કવિ બાલ, ગોવર્ધનરામ અને કલાપી વિશેનાં વ્યાખ્યાનો તેમાં સમાવેલાં છે. તેમાંનાં કેટલાંક ઉત્તમ પ્રકારનાં છે. વ્યાખ્યાન તરીકેના શિથિલ અંશોને ગાળી કાઢીને અને ટિપ્પણ ઉમેરીને સંપાદકે વ્યાખ્યાનોની સુવાચ્યતા સાધી આપી છે.

'જૂઈ અને કેતકી' (વિજયરાય વૈદ્ય) : એ વિવેચનો, અવલોકનો તથા પુસ્તકોની ટૂંકી-મોટી નોંધોનો સંગ્રહ છે. વિવેચનોમાંનાં કોઈ રૂઢ તો કોઈ અરૂઢ શૈલીનાં પણ છે. ગ્રંથોનાં બધાં પાસાં સમભાવપૂર્વક અવલોકીને લખાયેલાં સ્વસ્થ વિવેચનો થોડાં છે. લેખકના ચિત્ત પર કોઈ નોંધપાત્ર વીગત છપાઈ જાય છે ત્યારે તે તેને ઝડપી લઈને ત્યાં ઊંડું અવગાહન કરે છે અને તે દ્વારા જે કાંઈ મળે તે તારવી આપે છે.

'સાહિત્યદ્રષ્ટાને' (શંકરલાલ ગ. શાસ્ત્રી)ના પ્રથમ ખંડમાં અભ્યાસ, અવલોકન અને ચિંતનના ફળરૂપ પત્રરૂપે લખેલા સાહિત્યવિષયક લેખો છે. વિદ્યાર્થિ-વર્ગને સંબોધીને એ પત્રો લખાયા છે. બીજા ખંડમાં પ્રેમાનંદ, શામળ, કૃષ્ણલાલ ઝવેરી, બળવંતરાય ઠાકોર, રમણલાલ દેસાઈ અને લલિતના પરિચયાત્મક લેખો છે. આ રેખાચિત્રોમાં સમતોલતા અને સ્વસ્થતાનો સુમેળ છે.

'મીઠી નજરે' (ધનસુખલાલ મહેતા)માં ચિત્રકલા, નૃત્ય અને અભિનયનાં વિવેચનો સંગ્રહ્યાં છે, તે લેખકની રસપરીક્ષક દૃષ્ટિનો પરિચય કરાવે છે.

'પરાગ' (વ્યોમેશચંદ્ર પાઠક) એ હળવી શૈલીમાં લખાયેલા વિવેચન-લેખો અને બીજા નિબંધોનો સંગ્રહ છે.

'ગુજરાતીઓએ હિંદી સાહિત્યમાં આપેલો ફાળો' (સ્વ. ડાહ્યાભાઈ દેરાસરી)માં પંદરમીથી ઓગણીસમી સદી સુધીમાં હિંદી લખનારા ગુજરાતી કવિઓની માહિતી આપવામાં આવી છે.

'સાહિત્ય અને પ્રગતિ' (ભારતી સાહિત્યસંઘ) : સાહિત્યમાં પ્રગતિશીલતા કઈ, તેનું કોઈ સ્પષ્ટ ધોરણ કિંવા વ્યાખ્યા નક્કી કરવાના હેતુપૂર્વક આ ગ્રંથના છ સંપાદકોએ મથન કરેલું અને પછી જુદાજુદા ગ્રંથકારોને પરિપત્ર મોકલીને 'સાહિત્ય અને પ્રગતિ' વિશેના તેમના વિચારો

જાણવા માંગેલા. આ ગ્રંથમાં એવા ત્રીસેક લેખકોના અભિપ્રાયો ઉતારવામાં આવ્યા છે. તે ઉપરાંત સંપાદકોએ સ્વદૃષ્ટિએ પ્રગતિશીલ એવી કથાઓ અને નિબંધો આપેલા છે. એક જ દૃષ્ટિપૂર્વક અનેક કલમોએ ફાળો આપીને નિપજાવેલો આ ગ્રંથ સાહિત્ય પ્રતિની દૃષ્ટિની નવીનતાને કારણે મૂલ્યવાન લેખાય તેવો છે.

'ગુજરાત સાહિત્યસભાની કાર્યવહી' (૧૯૩૭ થી ૧૯૪૦)માં પ્રત્યેક વર્ષના 'ગ્રંથસ્થ વાઙ્મય'ની સમીક્ષા ઉપરાંત સભામાં પ્રત્યેક વર્ષ દરમ્યાન અપાયેલાં વ્યાખ્યાનો સંગ્રહેલાં છે. સાહિત્યનાં વાર્ષિક વિવેચનોમાં આ કાર્યવહીના ગ્રંથોએ મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. પ્રત્યેક વર્ષે જુદાજુદા વિદ્વાન વિવેચકોને સમીક્ષાનું કાર્ય સોંપવામાં આવે છે અને તેથી સમીક્ષાને અંગે તે તે વિવેચકોનાં મંતવ્યો, અભ્યાસનો નિતાર અને ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતા-ન્યૂનતા વિશેના અભિપ્રાયો જાણવા મળે છે. આ રીતે આ પાંચ વર્ષમાં ડોલરરાય માંકડ (૧૯૩૬), અનંતરાય રાવળ (૧૯૩૭), મંજુલાલ મજમૂદાર (૧૯૩૮), વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તથા વ્રજરાય દેસાઇ (૧૯૩૯) અને રવિશંકર જોશી (૧૯૪૦) એ પાંચ – બધાએ જુદીજુદી કૉલેજોના ગુજરાતીના પ્રાધ્યાપકોએ આ સમીક્ષાઓ લખીને ગુજરાતી સાહિત્યના વિસ્તાર તથા ઊંડાણનાં સરવૈયાં સમભાવપૂર્વક આપ્યાં છે અને વાચકો તથા અભ્યાસીઓને સાહિત્યના રસાસ્વાદન માટે માર્ગદર્શન કરાવ્યું છે. પાંચ વર્ષમાં આશરે દોઢ હજાર ગ્રંથો એ સમીક્ષકોની દૃષ્ટિ હેઠળથી પસાર થઈ ગયા છે. આ વિશે એક નોંધવાયોગ્ય ત્રુટિ એ જણાય છે કે સમીક્ષકોને જે ગ્રંથો સમીક્ષા માટે મળે તેનું જ અવલોકન તે કરી શકે છે અને પરિણામે કેટલીક સારી કૃતિઓ સમીક્ષકની દૃષ્ટિ બહાર રહી જાય છે. સમીક્ષકે તેવી કૃતિઓની નોંધ રાખીને કોઇ પણ રીતે મેળવી-વાંચીને તેને ન્યાય આપ્યો હોય તો આ સમીક્ષાઓની એ પ્રકારની ઊણપ ટળી જાય. નાનાંનાનાં પાઠ્ય પુસ્તકો કે અભ્યાસનાં પુસ્તકોની ગાઇડો અને નોટો પણ કોઈકોઈ વાર સમીક્ષામાં આવી જાય છે. તેવી કૃતિઓનું શિક્ષણદૃષ્ટિએ મૂલ્ય હોઈ શકે–સાહિત્ય દૃષ્ટિએ નહિ, તેથી તેમને ગાળી નાંખવાથી સમીક્ષક ઉપરનો વૃથા ભાર દૂર થવા પામે અને તેટલાપૂરતી ગુણવત્તા સમીક્ષામાં ઉમેરાય. સમીક્ષા ઉપરાંત આ કાર્યવહીઓમાં સાહિત્ય સાથે સંબંધ ધરાવનારાં જે વ્યાખ્યાનો આપવામાં આવેલાં છે તેમાંનાં ઘણાંખરાં વિવેચન તથા નિબંધસાહિત્યમાં સારો ઉમેરો કરનારાં છે.

'આપણું વિવેચનસાહિત્ય' (હીરા મહેતા): એ વિવેચનસાહિત્ય

ઉપર વિવેચન કરનારો ગ્રંથ છે. કવિ નર્મદથી માંડીને મુનશી અને પાઠક સુધીના સાહિત્યકારોનાં કાવ્યાદિ કલાના તથા તેમના વિવેચનોના સિદ્ધાન્તો સંબંધી મંતવ્યોનું નિરૂપણ તેમાં કરેલું છે. સમકાલીન વિવેચકોને તેમાં બરાબર ન્યાય નથી મળ્યો. તેની મર્યાદા અને ઊણપો છતાં આ પ્રકારનો તો આ પહેલો જ ગ્રંથ છે એટલું નોંધવું જોઈએ.

જીવનચરિત્ર

જેને સાચા અર્થમાં જીવનચરિત્ર કહી શકાય તેવાં પુસ્તકો બહુ થોડાં લખાય છે, એટલે એ પ્રકારનું સાહિત્ય આપણે ત્યાં પૂરતું નથી અને પૂરું ખીલ્યું પણ નથી. પરદેશીય વીરો અને મહાનુભાવ વ્યક્તિઓનાં જીવનચરિત્રો ઇતર ભાષાઓમાંથી ઉતારવામાં આવેલાં છે, જેમાંનાં કેટલાંક સારી કોટિનાં છે; પરન્તુ જે સ્વદેશીય વીરો, નેતાઓ, વિદ્વાનો, મહાનુભાવો ઇત્યાદિનાં જીવન લખાયાં છે તેમાં અનેક પ્રકારના પ્રયોગો થયેલા છે. તેમાં એક પ્રકાર અણીશુદ્ધ જીવનકથાનો છે, બીજો આત્મકથાનો છે, ત્રીજો સ્મરણલેખોના સંગ્રહરૂપે જીવનવૃત્તાંત રજૂ કરવાનો છે, ચોથો સંક્ષિપ્ત જીવનરેખાઓ આંકી આપવાનો છે અને પાંચમો અહોભાવયુક્ત પ્રશસ્તિકથાઓનો છે. આ બધા પ્રકારોનાં સ્વદેશી અને વિદેશી મહાનુભાવોનાં મૌલિક તથા અનુવાદિત મળી પચાસેક નાનાં-મોટાં જીવનકથાનકો આ પાંચ વર્ષમાં નવાં પ્રસિદ્ધ થયાં છે. માહિતીની સુઘટિત ચાળવણી, સંશોધન માટેની ખંત, કથાનાયક અને તેનાં પરિચયી પાત્રોનું સજીવ આલેખન, પાત્રોનાં માનસનો વેધક અભ્યાસ અને જીવનપ્રસંગોની રજૂઆત માટેની ભૂમિકાનું યોગ્ય ચિત્રણ: એ બધા દ્વારા જીવનકથાનું લેખન અત્યંત શ્રમની અપેક્ષા રાખે છે; એવાં શ્રમસિદ્ધ મૌલિક જીવનચરિત્રો ઓછાં લખાયાં છે. અનુવાદ કે તારવણી દ્વારા તૈયાર કરેલી જીવનકથાઓ કે જીવનરેખાઓના સંગ્રહો વિશેષ પ્રમાણમાં થયા છે.

સ્વદેશ

'નર્મદ: અર્વાચીનોમાં આદ્ય' (કનૈયાલાલ મુનશી) : ગુજરાતની અસ્મિતાનો એક મહાન વિધાયક નર્મદ હતો એ ધ્યેયને લક્ષ્ય કરીને આ ચરિત્ર રસભરિત શૈલીથી લખાયેલું છે. નર્મદની માનવસહજ નિર્બળતાઓને પણ ધ્યેયસિદ્ધિને અર્થે છાવરવામાં આવી છે.

'હેમચંદ્રાચાર્ય' (ધૂમકેતુ) : સાંપ્રદાયિકતાથી રહિત માનવજીવનની કળાની અપેક્ષાપૂર્વક જૈનાચાર્ય શ્રી હેમચંદ્રનું જીવન આલેખનારું કદાચ આ પહેલું જ

પુસ્તક છે. ઐતિહાસિક, સામાજિક અને ધાર્મિક વાતાવરણની જે ભૂમિકા હેમચંદ્રને પ્રાપ્ત થઈ હતી તેના વિસ્તૃત પટ ઉપર લેખકે પાથરેલું એ જીવન વધારે દીપી નીકળે છે. હેમચંદ્રાચાર્યની કેટલીક અલૌકિક જીવનઘટનાઓ માનનારી જૈન સાંપ્રદાયિકતાને લેખકે વૈજ્ઞાનિક રીતે ઘટાવવાનો યત્ન કર્યો છે ત્યાં ચરિત્રનાયકની અતિમાનવતા દેખાય છે. 'હેમચંદ્રાચાર્યનું શિષ્યમંડળ' (ભોગીલાલ જ. સાંડેસરા) : એ એ જૈનાચાર્યના શિષ્યો સંબંધી પ્રાચીન ગ્રંથોમાંથી તારવેલી માહિતીની પુસ્તિકા છે.

'બાપુ' (ઘનશ્યામદાસ બીરલા) : લેખકે ગાંધીજી સાથેના પચીસ વર્ષના સંસર્ગ દરમિયાન એમની નજીકથી કરેલા અભ્યાસના ફળરૂપ આ પુસ્તક છે. ગાંધીજીના જીવનનાં પોતાને પરિચિત પાસાંઓનું બયાન સારગર્ભ શૈલીથી આપવામાં આવ્યું છે. લેખકે ગાંધીજીના વ્યક્તિત્વનું તારતમ્ય કાઢયું છે તેમાં લેખકની દૃષ્ટિની ઊણપોનું પણ પ્રતિબિંબ છે અને તેથી ગાંધીજી પ્રત્યેનો તેમનો અહોભાવ પણ કેટલેક અંશે ઊતર્યો છે. ગાંધીજીના જીવનનો પચીસ વર્ષનો ખંડ એ પુસ્તકમાં આલેખાયો છે. તેવો બીજો ખંડ–ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના એકવીસ વર્ષના જીવનને લગતો ખંડ 'ગાંધીજીની સાધના' (રાવજીભાઈ મણિભાઈ પટેલ)માં આલેખાયો છે. પ્રવાહી શૈલી, ચિંતનીય પ્રસંગકથાનકો અને ગાંધીજીનાં કેટલાક પત્રો એ બધું સારી પેઠે રસ નિભાવી રાખે છે.

'કવિવર રવીન્દ્રનાથ ઠાકુર' (કાન્તિલાલ મ. શાહ) : એ સ્વ. કવિવરના જીવન અને કવનનો પરિચયાત્મક ગ્રંથ છે એટલે તેમાં જેવી રીતે તેમના જીવનની માહિતી અપાઈ છે તેવી રીતે તેમના સાહિત્યની સૌરભનો પણ અહોભાવયુક્ત પરિચય આપ્યો છે. કાકા કાલેલકરનો પ્રસ્તાવનાલેખ ગ્રંથની દીપ્તિમાં ઉમેરો કરે તેવો છે.

'એ ખુદાઈ ખીદમતગાર' (મહાદેવ દેસાઈ) : સરહદ પ્રાંતની પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસભૂમિકાની વચ્ચે બે પઠાણ નરવીરો ખાન અબ્દુલ ગફારખાન (સરહદના ગાંધી) અને તેમના મોટા ભાઈ ડૉ. ખાનસાહેબ એ બેઉ વીરોની આ રોમહર્ષણ કથા છે. જીવનના નાનામોટા પ્રસંગોને તેમાં સરસ રીતે ગૂંથી લેવામાં આવ્યા છે.

'ભારતસેવક ગોખલે' (જુગતરામ દવે) : સ્વ. ગોપાલ કૃષ્ણ ગોખલેના જીવનપ્રસંગોના વિસ્તારની વિશેષતા કરતાં રજૂ કરેલા પ્રસંગોનું નિરૂપણ વધારે રસમય શૈલીથી કરવામાં આવ્યું છે, અને કથાનાયકનું દેશસેવામય માનસ દીપી નીકળે છે.

'નૌજવાન સુભાષ' (ગુણવંતરાય આચાર્ય) : એ હરિપુરાની રાષ્ટ્રીય

મહાસભાને પ્રસંગે લખાયેલી સુભાષબાબુની સંક્ષિપ્ત જીવનકથા છે અને તેજસ્વી શૈલીથી લખાયેલી છે. 'સુભાષચંદ્ર' (સંપાદક કકલભાઈ કોઠારી)માં સુભાષબાબુના વિચારો તેમનાં ભાષણો તથા પત્રોમાંથી તારવીને તેમના રાષ્ટ્રીય માનસનો પરિચય કરાવવામાં આવ્યો છે.

'કાઠિયાવાડના ઘડવૈયા' (નિરંજન વર્મા અને જયમલ પરમાર)માં વઢવાણના તેજસ્વી કર્મયોગી યુવાનો મોતીભાઈ દરજી, ચમનલાલ વૈષ્ણવ અને ફૂલચંદ શાહ એ ત્રણનાં જીવનચરિત્ર રસભરી અને પ્રેરણાત્મક શૈલીથી લખવામાં આવ્યાં છે.

'અમારા ગુરુદેવ' (સુશીલ) : જાણીતા સ્વ. જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિના જીવનનાં આ સંસ્મરણો છે, પરંતુ તેમાંથી એ મહાન ધર્મગુરુની મુખ્ય જીવનરેખાઓ, તેમનો વિદ્યાપ્રેમ, શિક્ષણ તથા સાહિત્ય પ્રત્યેનો તેમનો પક્ષપાત, તેમની ચારિત્ર્યવિશુદ્ધિ આદિ અનેક શક્તિઓનો પરિચય થાય છે. સાંપ્રદાયિકતાથી દૂર રહીને લેખકે એ પ્રભાવક પુરુષનો પરિચય રસભરિત શૈલીએ કરાવ્યો છે.

'શ્રીમદ્ રાજચંદ્ર જીવનકલા' (ગોવર્ધનભાઈ પટેલ) : એ શ્રીમદ્ રાજચંદ્રના આધ્યાત્મિક જીવનને અનન્ય ભક્તની દૃષ્ટિએ આલેખી બતાવનારું એક વિસ્તૃત જીવનચરિત્ર છે.

'ચંદ્રગુપ્ત મૌર્ય' (ગિરિજાશંકર વલ્લભજી આચાર્ય)માં સમ્રાટ્ ચંદ્રગુપ્ત મૌર્યના રાજત્વનો, તેનાં પરાક્રમોનો અને તાત્કાલીન પ્રજાજીવન તથા સંસ્થાઓનો પરિચય સંક્ષેપમાં આપેલો છે.

'સ્મરણયાત્રા' (કાકા કાલેલકર)માં લેખકે પોતાની બાળવયનાં સંભારણાં આલેખ્યાં છે. એ આત્મકથા નહિ હોવા છતાં લેખકે આત્મપરીક્ષણ કરીને પોતાની બાળવયની વિલક્ષણતાઓ, ત્રુટિઓ અને વિશિષ્ટતાઓ એવી રીતે આલેખી છે કે સહેજે કિશોરો અને કુમારોને માટે એક બોધક જીવનકથા બને. તેમાંની હાસ્યગંભીરતા વાચનને રોચક બનાવે તેવી છે.

'મારી હકીકત-ભાગ ૨' (કવિ નર્મદ) એ 'ઉત્તર નર્મદચરિત્ર' છે. નર્મદના વિસ્તૃત જીવનચરિત્ર માટે વિશિષ્ટ રેખાઓ પૂરી પાડે તેવી સંશોધિત માહિતી તેમાં સંગ્રહેલી છે.

'જીવનસંભારણાં' (શારદાબહેન મહેતા) : પચાસ વર્ષના જીવનપટ પર પથરાયેલાં આ સંસ્મરણો લેખિકાના વ્યક્તિત્વની આસપાસ પરિક્રમણ કરે છે, છતાં વસ્તુતઃ ગુજરાતની સ્ત્રીજાગૃતિની કથા કહી રહ્યાં હોય છે. કૌટુંબિક જીવનમાં રહીને પણ એક સંસ્કારી નારી નિજ વ્યક્તિત્વને સમષ્ટિને માટે

કેવી રીતે ઉપયોગી બનાવી શકે તેનું પ્રેરક દર્શન પણ આ સંસ્મૃતિઓનો સંગ્રહ કરાવે છે. નિરાડંબર, નિખાલસતા અને સંયમ એ એના લેખનના મુખ્ય ગુણો છે.

'મારી જીવનસ્મૃતિ તથા નોંધપોથી' (સં. પુષ્પલતા પંડ્યા) : નિબંધો, વાર્તાઓ, કવિતાઓના વિવિધ પ્રયોગો કરનાર સ્વ. કનુબહેન દવેનાં જીવન-સંસ્મરણોનો આ સંગ્રહ છે. તેમાં નિખાલસતા, ઊર્મિવશતા અને સારાં-માઠાં સંવેદનોની છાપ છે.

'દી. બા. રણછોડભાઈ ઉદયરામ શતાબ્દી સ્મારક ગ્રંથ' અનેક લેખકોના સહકારથી તૈયાર થયેલો છે. 'રણપિંગળ'ના લેખક, 'રાસમાળા'ના અનુવાદક, 'લલિતા દુઃખદર્શક' આદિ નાટકોના રચયિતા અને બીજા સંખ્યાબંધ ગ્રંથોના કર્તા દી. બા. રણછોડભાઈ ઉદયરામનું આંતર જીવન તેમના સાહિત્યાનુરાગથી જ પ્રકટ થાય છે. આ ગ્રંથમાં તેમના જીવનનાં અને તેમની કૃતિઓનાં સંસ્મરણો દ્વારા તે સમયના વાતાવરણની વચ્ચે તેમનું સાહિત્ય-રસિક વ્યક્તિત્વ ઊપસી આવતું જોઈ શકાય છે.

'ગિજુભાઈને સ્મરણાંજલિ' (સં. નાનાભાઈ ભટ્ટ તથા તારાબેન મોડક) : બાલશિક્ષણશાસ્ત્રી સ્વ. ગિજુભાઈના અવસાન પછી તેમનાં સગાં, સ્નેહીઓ, વિદ્યાર્થીઓ અને સહકાર્યકર્તાઓએ લખેલા ૬૦ સ્મરણલેખોનો આ સંગ્રહ છે. તેમાં ગિજુભાઈના જીવનકાર્યની, તેમના વાત્સલ્યની, તેમની પ્રયોગ-સાધનાની અને તેમના વ્યક્તિત્વની પિછાન આપતા લેખો મળી રહે છે. સમાન વાતોનું થોડું પુનરાવર્તન પણ થાય છે. સળંગ જીવનચરિત્ર માટેની સામગ્રીરૂપ આ સંગ્રહ બન્યો છે.

'પંડ્યાજીને સ્મરણાંજલિ' (સં. શંકરલાલ પરીખ)માં પ્રસિદ્ધ રાષ્ટ્ર-કાર્યકર્તા સ્વ. મોહનલાલ પંડ્યાની સંક્ષિપ્ત જીવનકથા સાથે તેમને આપવામાં આવેલી ભાવાંજલિઓ છે.

'દુર્લભ જીવન' (સં. શાન્તિલાલ વનમાળી શેઠ) : શ્રી દુર્લભજી ત્રિભુવનદાસ ઝવેરીના સ્મરણાર્થે જુદાજુદા લેખકોએ તેમને આપેલી અંજલિ, તેમના પરિચયનાં સંસ્મરણો અને તેમની વિવિધ પ્રવૃત્તિઓનું દર્શન આ પુસ્તક કરાવે છે. સ્થા. જૈન સમાજના એક સહૃદય દૃષ્ટિવાળા સજ્જન, ખંતીલા કાર્યકર, સંસ્કારી વ્યક્તિત્વવાળા એ હતા એવી છાપ આ પુસ્તકમાંની વીગતો પાડે છે.

'કવિચરિત ભાગ ૧-૨' (કેશવરામ કાશીરામ શાસ્ત્રી) : સંશોધકને છાજે તેવી ઝીણવટ અને નિષ્પક્ષપાતયુક્ત રીતે મધ્ય કાળના ગુજરાતી

કવિઓનાં જીવન સંબંધી મળી શકે તેટલી માહિતી આ બેઉ ભાગોમાં આપી છે. એ કાળની કવિતા, સાહિત્ય, વિચારસરણી તથા જીવનકળાના ઇતિહાસ માટેનું સુંદર પ્રાથમિક કાર્ય આ ગ્રંથોદ્વારા ઉપલબ્ધ થયું છે. પ્રથમ ગ્રંથમાં ૪૦ કવિઓનો અને બીજા ગ્રંથમાં ૬૨ કવિઓનો પરિચય આપ્યો છે. વિક્રમની અઢારમી સદીના પ્રારંભિક કાળના કવિઓ સુધી આ ચરિતો પહોંચ્યાં છે.

'સાહિત્યને ઓવારેથી' (શંકરલાલ ગંગાશંકર શાસ્ત્રી)માં વર્તમાન યુગના ચૌદ સાહિત્યરસિકોનાં રેખાચિત્રો છે. તેમાં સહાનુભૂતિભર્યું ગુણદર્શન છે, પરંતુ નરી પ્રશસ્તિ નથી એટલી તેની વિશેષતા છે. સાહિત્યકાર, સદ્‌ગૃહસ્થ, અભ્યાસી અને સંસ્કારપ્રેમી તરીકે એ ચરિત્રનાયકો કેવા દેખાય છે તે લેખકે સમભાવપૂર્વક દર્શાવ્યું છે.

'ગુરુને કાજે' (ઉમાશંકર હાકર) : ગુરુને માટે અને ગુરુની આજ્ઞાથી પુરાણ–ઇતિહાસમાં શિષ્યોએ કરેલાં સાહસોની અને તેમના ગુરુપ્રેમની આ કથાઓ છે. ચારિત્ર્યગઠનમાં પ્રેરક બને તેવી રીતે તે લખાઇ છે. શ્રીકૃષ્ણ, ઉપમન્યુ, કર્ણ, એકલવ્ય, કુમારપાળ, કબીર, શિવાજી વગેરેના શિષ્યત્વના પાસાને બધી કથાઓ સ્પર્શે છે.

'પ્રતાપી પૂર્વજો' (ડુંગરશી ધરમશી સંપટ) : વર્તમાન યુગના પ્રતાપી જૈન પુરુષોનાં જીવનકથાનકોનો આ સંગ્રહ છે. વિશેષતા એ છે કે એક જૈનેતર લેખકે શ્રમ અને સંશોધનપૂર્વક તે નિરૂપેલાં છે

'મહાન મુસાફરો' (મૂળશંકર ભટ્ટ)માં દક્ષિણાપથમાં વસાહત કરનાર આર્ય ઋષિ અગસ્ત્યથી માંડીને એવરેસ્ટનાં હિમશિખરો પર ચડાઇ માંડનાર સાહસવીરોની પ્રોત્સાહક જીવનકથાઓ આપવામાં આવી છે.

'ભારતના વૈજ્ઞાનિકો' (રેવાશંકર સોમપુરા)માં ચરક, સુશ્રુત, પતંજલિ, અગસ્ત્ય, વરાહમિહિર, નાગાર્જુન અને ભાસ્કરાચાર્ય એ ભારતના પ્રાચીન વૈજ્ઞાનિકો તથા અર્વાચીન વૈજ્ઞાનિકો જેવા કે ઝંડુ ભટ્ટ, ગજ્જર, જયકૃષ્ણ ઇંદ્રજી, જગદીશ બોઝ, પ્રફુલ્લચંદ્ર રૉય, રામન વગેરેનાં સંક્ષિપ્ત જીવનચરિત્રો અને તેમનાં મહત્ત્વનાં સંશોધનો સરસ શૈલીમાં આપ્યાં છે.

'મહાસભાના પ્રમુખો' (સોમાભાઇ પટેલ) : ઇ. સ. ૧૮૮૫ થી ૧૯૩૭ સુધીની રાષ્ટ્રીય મહાસભાઓના પ્રમુખોની સામાન્ય જીવનરેખાઓ અને તેમનાં ચિત્રો એમાં સંગ્રહેલાં છે.

'ગ્રંથ અને ગ્રંથકાર : ગ્રંથ ૮ મો' (ગુજરાત વર્નાક્યુલર સોસાયટી)માં વિદેહ અને વિદ્યમાન ૨૭ ગ્રંથકારોનાં સંક્ષિપ્ત ચરિત્ર આપેલાં છે. આઠે

ગ્રંથોમાં મળીને ૬૪૦ ગુજરાતી ગ્રંથકારોની જીવનનોંધો એ રીતે પ્રાપ્ત થઈ છે.

'રામચંદ્ર દત્ત' (ડાહ્યાભાઈ રા. મહેતા) એ રામકૃષ્ણ પરમહંસના એક તેજસ્વી શિષ્યની કથા છે. 'મા શારદા' (સ્વામી જયાનંદ) અને 'શ્રી માતાજી' (રત્નેશ્વર ભવાનીશંકર) એ બેઉ શ્રી રામકૃષ્ણ પરમહંસનાં-પૂર્વાશ્રમના ગદાધરનાં સહધર્મચારિણી શ્રી શારદામણિ દેવીનું સંક્ષિપ્ત જીવન આપે છે. 'શ્રી મહર્ષિ' (નિરંજનાનંદ સ્વામી) એ મદ્રાસના રમણ મહર્ષિની પ્રભાવદર્શિકા કથા છે. 'શ્રી નાથચરિતામૃત' (આનંદાશ્રમ-ખીલખા)માં શ્રી નથુરામ શર્માનો ધાર્મિક જીવનવિકાસ ક્રમબદ્ધ શૈલીએ આલેખ્યો છે.

'ઝાંસીની રાણી' (ખંડેરાવ પવાર) એ કથાનાયિકાનું વીરત્વ દાખવતી નાની પુસ્તિકા છે. 'વિમાની ગીતાબાઈ' (સ્ત્રીશક્તિ કાર્યાલય)માં એક મહારાષ્ટ્રીય સન્નારીએ પોતાના ઘર ઉપર થઈને દરરોજ ઊડતું વિમાન જોઈને વિમાની બનવાની મહત્ત્વાકાંક્ષા સેવેલી તે કેવા યત્નથી અને ખંતથી પૂરી કરી તેનો પ્રેરણાદાયક વૃત્તાંત છે. 'ધડરિયો નીડર' (રામચંદ્ર ઠાકુર) એ સ્વ. ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટની અને 'મૌ. મહમદઅલી' (ગરીબ) એ જાણીતા મુસ્લીમ રાષ્ટ્રીય નેતાની ગુણાનુરાગી નાની જીવનકથાઓ છે.

વિદેશ

'એક સત્યવીરની કથા' (ગાંધીજી)માં સત્યાગ્રહી સોક્રેટીસે પોતાનો ઘાત થયા પૂર્વે બચાવમાં આપેલાં ભાષણોની પ્લેટોએ લીધેલી નોંધનો સાર સચોટ અને માર્મિક વાણીમાં આપવામાં આવ્યો છે.

'મારું જીવન અને કાર્યક્ષેત્ર' (રમણલાલ વ. દેસાઈ) એ આત્મકથામાં સુપ્રસિદ્ધ અમેરિકન કોટચધિપતિ હેનરી ફોર્ડ પોતાના જીવનપ્રસંગો રજૂ કરીને જીવનકલાવિષયક કેટલાંક પ્રેરણાત્મક નક્કર સત્યો દર્શાવે છે. પુસ્તક સુવાચ્ય બન્યું છે.

'રૂપરાણી' (વજુ કોટક) : વીસમી સદીની પહેલી પચ્ચીસીમાં પોતાનાં નૃત્યો વડે જબરો ઊહાપોહ મચાવનારી કલારાજ્ઞી ઈસાડોરા ડિંકનની એ આત્મકથા છે. 'નૃત્યના હાવભાવમાંથી માનવીની પવિત્રતા અને સૌન્દર્યનું જ્ઞાન આપવા હું આવી છું' એવી જીવનભાવના સાથે નાયિકાનાં મનોમંથનો અને અનુભવોનો સમન્વય તેમાં વાચનીય બને છે. અનુવાદમાં કાંઈક શિથિલતા છે.

'બળવાખોર પિતાની તસ્વીર' (કકલભાઈ કોઠારી) આયર્લાંડના શહીદ જેમ્સ કોનોલીની પુત્રી નોરાએ લખેલી પોતાના પિતાની આ જીવનકથા છે. ટૂંકાં શબ્દચિત્રો ભાવવાહક બન્યાં છે. તેમાં લેખિકાનો પિતૃપ્રેમ ઓતપ્રોત

વણાયેા છે. કેાનેાલીનેા જીવનસંગ્રામ અને શ્રી ઇંદુલાલ યાજ્ઞિકનેા લેખ 'પ્રેરણા' એ શબ્દચિત્રેામાં રહેલી ચરિત્રકથાની ઊણપને પૂરી કરે છે.

'કમાલ પાશા' (રમણિકલાલ દલાલ): તુર્કીના રાષ્ટ્રવિધાયક મુસ્તફા કમાલની આ જીવનકથામાં તેના જીવનના પ્રસંગેાને ઐતિહાસિક તથા ભૌગેાલિક પરિસ્થિતિની પછીત પર રસભરિત રીતે આલેખવામાં આવ્યા છે. જીવનની રેામાંચકતા પૂરી રીતે ઊપસી આવે છે. એ જ વીર પુરુષનું બીજું જીવનચરિત્ર 'મુસ્તફા કમાલ' (કાન્તિલાલ શાહ) એ નામથી પ્રસિદ્ધ થયું છે. એ પણ સળંગ જીવનકથાનેા રસ પૂરું પાડતું એક સુવાચ્ય પુસ્તક છે.

'જંગીઝખાન' (રમણિકલાલ દલાલ): મેાંગેાલ વીર જંગીઝખાનનું આ જીવનચરિત્ર હેરેાલ્ડ લેમ્બના અંગ્રેજી પુસ્તકનેા અનુવાદ છે. જીવનચરિત્ર એક કથાની પેઠે રસપૂર્વક વાંચી જઈ શકાય તેટલું ઉત્કૃષ્ટ છે.

'વીરપૂજા' (મેાહનલાલ પાર્વતીશંકર દવે)માં જગતના ચાર મહાન ધર્મેાના પ્રતિનિધિઓ મહમદ પેગંબર, માર્ટિન લ્યુથર, મહારાજા અશેાક, અને દયાનંદ સરસ્વતીનાં ચરિત્રેા આપેલાં છે. આમાંનાં પહેલાં બે ચરિત્ર કાર્લાઇલના લેખેાને આધારે અને ત્રીજું વિન્સેન્ટ સ્મિથના લેખેાને આધારે લખાયેલું છે, પરિણામે તે તે લેખકેાની દૃષ્ટિઓ મુખ્યત્વે આ ચરિત્રેામાં ઊતરી છે.

'વિભૂતિમંદિર' (અશેાક હર્ષ)માં ન્યૂટન, માર્કેાની, ગેરીબાલ્ડી, કર્નલ બ્લેાનસન ઇત્યાદિ આઠ વિદેશીય અને લાલા હરદયાલ તથા ડેા. કેતકર એ બે સ્વદેશીય એમ એકંદરે દસ મહાનુભાવેાનાં સંક્ષિપ્ત ચરિત્રેા આપ્યાં છે. શૈલી તાજગીભરી છે અને કથાની પેઠે રસ પૂરેા પાડે છે.

'અમર મહાજનેા' (શારદાપ્રસાદ વર્મા)માં 'કમાલ આતાતુર્ક અને મુસેાલીની'નાં ચરિત્રેા આપવામાં આવ્યાં છે. જીવનની છૂટક છૂટક પણ પ્રેરક રેખાઓના આલેખનથી પણ સજીવ જીવનચિત્ર ઊપસી આવે છે તેના નમૂના રૂપ આ કથાઓ છે.

'વિજ્ઞાનના વિધાયકેા' (છેાટાલાલ પુરાણી)માં એરિસ્ટેાટલથી માંડીને લેાર્ડ કેલ્વિન સુધીના પંદર વિજ્ઞાનવિદેાની જીવનકથાઓ તેમનાં સંશેાધનેા તથા સિદ્ધાંતેાની માહિતી સાથે આપવામાં આવી છે. આજસુધીના વિજ્ઞાનના વિકાસનેા પણ તે ખ્યાલ આપે છે.

'કેમિલેા-કેવૂર' (વિદ્યારામ ત્રિવેદી): એ ઇટાલીનું સ્વતંત્ર રાષ્ટ્ર સર્જવામાં મહત્ત્વનેા ફાળેા આપનાર મુત્સદ્દી વીર હતેા, તેનું આ નાનું જીવનચરિત્ર છે. નૂતન પેાલાંડના સર્જક 'પિલ્સૂદ્રસ્કી'ની રેામાંચક જીવનકથા એ

નામે (હરિશ્ચંદ્ર ભટ્ટ) સરસ રીતે લખાઈ છે. રશિયન ક્રાન્તિના એક આત્માની જીવનકથા 'ટ્રોટ્સ્કી' (રતિલાલ મહેતા) રોમાંચક તથા સજીવ શૈલીએ લખાઇ છે. 'એડોલ્ફ હિટલર' (સી. એમ. શાહ) એ જર્મન સરમુખત્યાર હિટલરના જીવનની સંક્ષિપ્ત માહિતીવાળી પુસ્તિકા છે. 'માર્ટિન લ્યુથર' (વિદ્યારામ વસનજી)ની સંક્ષિપ્ત જીવનકથામાં ધર્મવિષયક નિબંધ જોડવામાં આવ્યો છે.

'યુરોપની ભીતરમાં' (ચંદ્રભાઇ ભટ્ટ): એ સુપ્રસિદ્ધ અંગ્રેજી પુસ્તક **Inside Europe**નું ભાષાંતર છે. એમાં જર્મની, ઇટાલી, ઇંગ્લાંડ, સ્પેન, રશિયા, આયર્લાંડ અને તુર્કીના ચૌદેક રાજપુરુષોનાં જીવન, કાર્ય અને ધ્યેય વિશેની માહિતી રેખાચિત્રોની શૈલીથી આપવામાં આવી છે.

ધર્મ અને તત્ત્વજ્ઞાન

ધર્મને જો સાંપ્રદાયિક દૃષ્ટિએ જોઇએ તો પૃથક્‌પૃથક્‌ ધર્મો અને સંપ્રદાયોનાં પરંપરાગત પુસ્તકો અને તેની નવીનવી આવૃત્તિઓ દર વર્ષે મોટા પ્રમાણમાં બહાર પડતી જ રહે છે. સાંપ્રદાયિક કે અસાંપ્રદાયિક જે ધર્મગ્રંથો તાત્ત્વિક છે, કાંઇક નવીનતાવાળા છે, વિશિષ્ટ દૃષ્ટિપૂર્વક અનુવાદિત કે સંપાદિત થયા છે તે ઉપર જ આ વિભાગમાં દૃષ્ટિપાત કર્યો છે.

આવાં પુસ્તકોનું આપણું મૌલિક ધન થોડું તથા અનુવાદિત-સંપાદિત ધન વિશેષ છે. એ બીજા પ્રકારનું ધન જ ગુજરાતી ધર્મતત્ત્વજ્ઞાનના સાહિત્યની નવીન સમૃદ્ધિરૂપ છે એમાં શંકા નથી. એ નવીન સમૃદ્ધિ વડે સાંપ્રદાયિક દૃષ્ટિનો હ્રાસ અને અસાંપ્રદાયિક-સમન્વયકાર દૃષ્ટિનો વિકાસ થતો જોઈ શકાય છે. ધર્મ તથા વિજ્ઞાનનો સુમેળ સાધતી દૃષ્ટિ ધર્મચિંતકોમાં વિશેષ ખીલતી જશે તેમતેમ એ સાહિત્ય સાંપ્રદાયિકતાનો કિનારો છોડીને ધર્મની વિશાળ ભાવના તરફ વહેવા લાગશે એવાં ચિહ્નો આ પાંચ વર્ષની એ વિષયની સાહિત્યસમૃદ્ધિ ઉપરથી તારવી શકાય છે. એ દૃષ્ટિ જેટલી પશ્ચિમમાં ખીલી છે તેટલી પૂર્વમાં ખીલી નથી, પણ જે કાંઇ અંશે ખીલી છે તેના પરિણામે પ્રાપ્ત થયેલું થોડું પણ મૌલિક અને અનુવાદિત સાહિત્ય ઉચ્ચ કોટિનું છે.

સામાન્ય ધર્મ

'વ્યાપક ધર્મભાવના' (ગાંધીજી) માં સમાજવ્યવસ્થા, કેળવણી, રાજકારણ, ગ્રામસેવા, તથા સ્વદેશીધર્મ એ બધાં સેવાક્ષેત્રોનો પાયો ધર્મભાવ-

નામાં રોપીને લખાયેલા લેખો સંગ્રહેલા છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સર્વધર્મસમભાવની ઉદાર દૃષ્ટિ ધારણ કરતાં એ લેખો શીખવે છે. ધર્માનુરાગી સાધકોની દૃષ્ટિને પવિત્ર અને ઉદાર બનાવવાનો ધર્મગુણ પણ તેમાં રહેલો છે.

'અધ્યાત્મજીવન' (રાજ) : જીવનને સંસ્કારી અને ઉન્નત બનાવે તેવી ગુણવત્તા આ ગ્રંથના લેખોમાં રહેલી છે. શ્રી. જિનરાજદાસના અંગ્રેજી લેખોનો એ સુવાચ્ય અનુવાદ છે અને જોકે તેમાંની મુખ્ય દૃષ્ટિ થિયોસોફિસ્ટ તત્ત્વજ્ઞાનની છે તોપણ થિયોસોફીનો સર્વધર્મસમન્વય ગુણ તેમાં ઊતર્યો હોઈને તેને સાંપ્રદાયિક લેખી શકાય તેમ નથી. શ્રી. જિનરાજદાસના જ બીજા પુસ્તક Mysticismનો અનુવાદ 'યોગજીવન' (ભૂપતરાય મહેતા) પવિત્ર આધ્યાત્મિક જીવનના માર્ગો દર્શાવે છે. સામાન્ય યૌગિક પ્રક્રિયાઓથી જ સાચા યોગી બનાતું નથી પરન્તુ માનસયોગની ઉચ્ચ ભૂમિકાએ પહોંચવાથી યોગજીવન જીવી શકાય છે એ આ ગ્રંથનો ધ્વનિ છે.

'માનવધર્મ' (જયંતીલાલ આચાર્ય) : એ રવીન્દ્રનાથ ટાગોરના એક વ્યાખ્યાનનો સુવાચ્ય અનુવાદ છે. ત્યાગ તથા તપસ્યામાં જ માનવતા રહેલી છે એ તેનો પ્રધાન સ્વર છે.

'હિંદી સંસ્કૃતિ અને અહિંસા' (ભારકરરાવ વિદ્વાંસ) શ્રી. ધર્માનંદ કોસંબીના એ નામના મરાઠી પુસ્તકનો અનુવાદ છે. વૈદિક, શ્રમણ, પૌરાણિક અને પાશ્ચાત્ય સંસ્કૃતિઓની ઇતિહાસરેખા દોરીને તેમાં ઉત્તરોત્તર વિકસતી રહેલી અહિંસાદૃષ્ટિનો ક્રમિક વિકાસ બૌદ્ધિક વિચારણાપૂર્વક રજૂ કરવામાં આવ્યો છે. વિષય ધર્મને સ્પર્શતો હોવા છતાં ઇતિહાસદૃષ્ટિ પ્રધાન છે.

'કલ્કી' (શ્રી. નગીનદાસ પારેખ) અને 'જગતનો આવતી કાલનો પુરુષ': એ બેઉનો પ્રધાન સૂર આંતરરાષ્ટ્રીય માનવજગત સમક્ષ ભાવી ધર્મનો અરીસો ધરવાનો છે. બેઉ પુસ્તકો ડૉ. રાધાકૃષ્ણનનાં વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનોના અનુવાદો છે. પ્રથમ પુસ્તક લેખકે સામાન્ય વાચકો માટે લખ્યું હતું, જેમાં તેમણે સંસ્કૃતિનાં અસંખ્ય અંગો પૈકી ધર્મ, કુટુંબવ્યવસ્થા, આર્થિક સંબંધ, રાજકારણ અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ એ પાંચેની આલોચના કરી ભાવી પુનર્ઘટનાની રૂપરેખા દોરી છે. બીજું પુસ્તક તેમણે ઑક્સફર્ડના વિદ્વાનો સમક્ષ વાંચવા માટેનાં વ્યાખ્યાનો રૂપે લખેલું હતું, જેમાં યુરોપીય કાર્યકુશળતા સાથે આર્યજીવનદૃષ્ટિનો યોગ કરીને આવતી કાલની નવીન સંસ્કૃતિની ભારતનું રેખાંકન કર્યું છે. સર્વધર્મસમભાવપૂર્વક ડૉ. રાધાકૃષ્ણને અનેક સંસ્કૃતિઓની આરપાર કરેલું ક્રાન્તદર્શન આ પુસ્તકોમાં જોવા મળે છે.

'પૂર્ણયોગ નવનીત ભા. ૧–૨', 'પૂર્ણયોગની ભૂમિકાઓ', 'યોગસાધનાના પાયા', 'યોગ પર દીપ્તિઓ' અને 'જ્ઞાનપ્રાપ્તિનું દ્વિતીય કરણ' (અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી) : એ પાંચે શ્રી. અરવિંદ ઘોષના યોગતત્ત્વજ્ઞાનને પ્રસન્નગંભીર શૈલીએ રજૂ કરનારાં નાનાં–મોટાં પુસ્તકો છે. કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ, આત્મસિદ્ધિ અને વિજ્ઞાનયોગ–એ પૂર્ણયોગનું નવનીત પ્રથમ બે ભાગમાં આપ્યું છે. બીજામાં અરવિંદ ઘોષના યોગતત્ત્વોની સંક્ષિપ્ત સમજૂતી અને સાધક માટેનું માર્ગદર્શન છે. ત્રીજા–ચોથા પુસ્તકમાં પણ યોગની સમજૂતી અને અભ્યાસ માટે ઉપયોગી ચર્ચા તથા માર્ગદર્શન રહેલું છે. પાંચમી પુસ્તિકા જેને 'ફોર્થ ડાઇમેન્શન્સ' કહે છે તે ચતુર્થ દિશામાન સમજાવ્યું છે જે ઇંદ્રિયાતીત હોઈ જ્ઞાનચક્ષુથી જ જોઇ–અનુભવી શકાય છે. ગુજરાતના તત્ત્વજિજ્ઞાસુઓમાં અરવિંદ ઘોષના તત્ત્વજ્ઞાન માટેની રુચિ વધતી જાય છે તેમાં આ લેખકના ગ્રંથોએ સારી પેઠે હિસ્સો આપ્યો છે.

'સ્વાધ્યાય' (ડૉ. હરિપ્રસાદ દેસાઇ)માં અનેક તત્ત્વજ્ઞોના તત્ત્વદર્શનના સ્વાધ્યાય–મનન–પરિશીલન કરીને તેમાંથી તારવેલી વૈજ્ઞાનિક જીવનદૃષ્ટિનો ખ્યાલ આપનારા સરસ લેખોનો સંગ્રહ કરવામાં આવેલો છે.

'એશિયાના મહાન ધર્મો' (ધીરજલાલ ચા. દેસાઇ) માં જુદાજુદા ધર્મોના સિદ્ધાંતોની તથા તેમના પ્રવર્તકોના જીવનની ટૂંકી હકીકત આપી છે. સર્વધર્મસમભાવને પુષ્ટ કરવાની દૃષ્ટિ તેમાં પથરાયેલી છે.

'કર્મનો નિયમ' (હરજીવન કાલિદાસ મહેતા)માં કર્મબંધન અને કર્મક્ષયની સમજૂતી એવી રીતે રજૂ કરી છે કે જેથી કર્મવાદનો બુદ્ધિમાન શ્રદ્ધાળુ નિષ્ક્રિય ન બને અને પુરુષાર્થને ત્યજી ન બેસે. પ્રારબ્ધ, સંચિત અને ક્રિયમાણ કર્મની ફિલસૂફી સુગમ્ય રીતે સમજાવી છે. 'કારણસંવાદ' (પં. શ્રી રત્નચંદ્રજી)માં પણ કાર્યકારણને નિષ્પન્નવતાં અદૃષ્ટ બળોને જૈન સાંપ્રદાયિક દૃષ્ટિએ પણ સુગમ્ય અને રોચક શૈલીએ સંવાદદ્વારા સમજાવેલાં છે.

'ઉચ્ચ જીવન' (નોશાકરી પીલ્લાં) : એ નીતિધર્મની દૃષ્ટિએ જીવનને ઉન્નત બનાવવાનો સંદેશો આપે છે. 'યોગામૃત' (જમિયતરામ આચાર્ય): એ જાતિ, ધર્મ, પ્રાંત કે સંપ્રદાયની સંકુચિત દૃષ્ટિને ટાળીને સત્યધર્મનો માર્ગ દર્શાવવાનો એક સામાન્ય પ્રયત્ન છે. 'વાતોમાં બોધ' (જયંતીલાલ મહેતા) : એ તત્ત્વજ્ઞાનને વાર્તાદ્વારા સુગમ્ય રૂપે રજૂ કરવાનો સરસ પ્રયત્ન છે અને 'એક વૃદ્ધની વિચારપોથી'માંથી તેની તારવણી કરવામાં આવી છે.

વેદાંત

'હિંદુ ધર્મનાં મૂળતત્ત્વો' (ડૉ. પ્રતાપરાય મોદી)માં ઉપનિષદો, ગીતા,

મનુસ્મૃતિ આદિ ધર્મગ્રંથોના જ્ઞાનનું અભ્યાસપૂર્વક કરેલું દોહન સુવાચ્ય શૈલીએ અર્થબોધક સરલ ભાષામાં ગૂંથવામાં આવ્યું છે.

'વેદધર્મ વ્યાખ્યાનમાળા' (પં. પુરુષોત્તમ ભટ્ટાચાર્ય)માં વેદોક્ત આર્ય-ધર્મનું પ્રતિષ્ઠાપન કરવા માટે આપવામાં આવેલાં ઉપદેશાત્મક વ્યાખ્યાનોનો સંગ્રહ કરેલો છે.

'શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત પ્રદીપ' (સ્વ. મગનલાલ ગણપતરામ શાસ્ત્રી) : લેખક શુદ્ધાદ્વૈત સિદ્ધાંતના સારા અભ્યાસી હતા. આ ગ્રંથમાં શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તનું નિરૂપણ અને પ્રતિપાદન ઇતર મતોની દોષગ્રસ્તતાના દર્શનપૂર્વક કરવામાં આવ્યું છે. આ નવી આવૃત્તિમાં ટિપ્પણો ઉમેરીને નવેસરથી સંશોધન કરવામાં આવ્યું છે.

'શ્રી પુષ્ટિમાર્ગીય કીર્તનપ્રકાર' (કેશવરામ કા. શાસ્ત્રી)માં કીર્તન-ભક્તિનું મહત્ત્વ અને જીવનમાં કીર્તનસંગીતનું સ્થાન એ બેઉનો સમન્વય કરવામાં આવ્યો છે.

'સ્વરૂપદર્શન' (દલપતરામ જગન્નાથ મહેતા)માં આત્મા, પરમાત્મા અને જગતની માયારૂપાત્મકતાનો પરિચય ગુરુશિષ્યસંવાદરૂપે કરી ગીતાના આધારે બોધતત્ત્વનું સમર્થન કર્યું છે. સંસારને મિથ્યા માનીને તેના ત્યાગમાં સનાતન સુખ દર્શાવ્યું છે.

'ભક્તિ તત્ત્વ' (સ્વામી જયાનંદ તથા જયંતીલાલ ઓઝા) : એ શ્રી રામકૃષ્ણ પરમહંસના ઉપદેશોના પરિશીલનને પરિણામે ઉદ્ભવેલું ભક્તિ-સંબંધી ચિંતનોનું વિવેચન છે.

'કૃષ્ણજંસી' (પ્રાણશંકર જોષી) સાધુ વસવાણીના અંગ્રેજી પુસ્તક ઉપરથી લખાયું છે. તેમાં નવયુગની દૃષ્ટિએ ગીતાનું રહસ્ય સમજાવ્યું છે અને રાષ્ટ્રચિંતન તથા ધર્મચિંતનનો સમન્વય કરવામાં આવ્યો છે.

'પ્રશ્નોપનિષદ' (મણિલાલ છગનલાલ ભટ્ટ) સદાશિવ શાસ્ત્રી ભીડેના મરાઠી પુસ્તકનો અનુવાદ છે.

'કલ્પનાસૃષ્ટિ અને બ્રહ્મકલ્પના,' 'અલૌકિક અમૃત,' તથા 'પરા અને અપરા' (મૂળજી રણછોડ વેદ) : એ વેદાંતના તે તે વિષયોની સમજૂતી આપનારી પુસ્તિકાઓ છે.

'યતીન્દ્રમતદીપિકા' અને 'તત્ત્વત્રય' (માધવલાલ દલસુખરામ કોઠારી): એ રામાનુજ સંપ્રદાયનાં બે મહત્ત્વનાં પુસ્તકો છે. પહેલું પુસ્તક પં. શ્રી-નિવાસદાસે લખેલું રામાનુજાચાર્યના સિદ્ધાન્તનું પ્રતિપાદન અને તેના પરની પં. વાસુદેવની ટીકાના ગુજરાતી અનુવાદનું છે. સ્વામિનારાયણ સંપ્રદાયને

અભિમત વિશિષ્ટાદ્વૈતની તત્ત્વચર્ચા તેમાં છે. બીજું પુસ્તક રામાનુજાચાર્યની શિષ્યપરંપરામાં થયેલા સાતમા આચાર્ય શ્રી લોકાચાર્યના મૂળ ગ્રંથના અનુવાદનો છે. ચિદ્, અચિદ્ અને ઈશ્વર એ ત્રણ તત્ત્વો તેમાં નિરૂપાયાં છે.

'સિદ્ધાન્તપ્રકાશ' (પ્રકાશક–મંછારામ મોતીરામ) : રવિભાણુ સંપ્રદાયના રવિસાહેબે લખેલા મૂળ સૂત્રાત્મક ગ્રંથ ઉપર એ સંપ્રદાયના ત્રણ સાધુઓએ લખેલું એ ભાષ્ય છે.

'કબીર સંપ્રદાય' (ક્રીશ્ચનસિંહ ચાવડા)માં કબીરનું જીવન, કવન, રહસ્યવાદ તથા તેના સિદ્ધાંતો, ગુજરાત પર તેની અસર ઇત્યાદિ દર્શાવેલાં છે. 'શ્રી સત્ય કબીર દિગ્વિજય' (મહંત રતનદાસજી સેવાદાસજી)માં સાંપ્રદાયિક દૃષ્ટિએ કબીરનું જીવન, તેમના ઉપદેશપ્રસંગો તથા ઉપદેશતત્ત્વ આપેલાં છે.

'જપજી' (મગનભાઈ દેસાઈ) : શીખના ધર્મના એ નામના પ્રાર્થનાપુસ્તકનો અનુષ્ટુપ છંદમાં કરવામાં આવેલો અનુવાદ છે, જેનું મહત્ત્વ તેમાંનો 'ગુરુ નાનક અને આપણી સંસ્કૃતિ' એ લેખ બતાવી આપે છે.

'તત્ત્વમીમાંસા' (ભૂપતરાય દવે) : એ સાધુ શાન્તિનાથના 'પ્રાચ્ય દર્શન સમીક્ષા'ના ઉપોદ્ઘાતનું ભાષાંતર છે. બધા ધાર્મિક અનુભવોને ભ્રમરૂપ દર્શાવતા શૂન્યવાદનું તે સમર્થન કરે છે.

'સદાચાર' (મૂળજી દુર્લભજી વેદ) : શ્રીમાન્ શંકરાચાર્યના કહેવાતા ૫૪ શ્લોકના 'સદાચાર' ગ્રંથ ઉપર શ્રી. હંસ સ્વામી (ઈ. સ. ૧૮૪૫–૯૫) એ લખેલી ઓવીબદ્ધ મરાઠી ટીકાનો આ ગુજરાતી અનુવાદ છે, તેમાં શૌચ, પ્રાણાયામ, જપ, તર્પણ, હોમ, અર્ચન વગેરે સદાચારનાં અંગોનું વેદાંતદૃષ્ટિએ આધ્યાત્મિક વિવરણ કરેલું છે.

જૈન

'મહાવીર કથા' (ગોપાલદાસ જીવાભાઈ) : આ લેખકે જૈન સૂત્રસાહિત્ય અને ગ્રંથસાહિત્યને સરલ ગુજરાતી ભાષામાં ઉતારવાના જે સ્તુત્ય પ્રયત્નો કર્યા છે તેને લીધે સાંપ્રદાયિકતાથી નિરાળું એવું જૈન તત્ત્વજ્ઞાનનું સુંદર સાહિત્ય ગુજરાતી ભાષાને મળ્યું છે. આ પુસ્તકમાં જૈન તીર્થંકર મહાવીર સ્વામીની પૂર્વકથા અને જીવનકથા, ઉપરાંત તેમની દૃષ્ટાંતકથાઓ અને સદુપદેશ પણ સમાવેલાં છે. જૈન સામગ્રીમાંથી જ તૈયાર કરેલું આ પુસ્તક તત્ત્વનિરૂપણમાં લેખકની સમદૃષ્ટિ, વિશાળતા અને અભ્યાસનિષ્ઠતા બતાવે છે. મહાવીરે ભારતને અહિંસાયોગનું એક સ્વતંત્ર દર્શન આપ્યું છે એ તેનો એકંદર ધ્વનિ છે. 'મહાવીર સ્વામીનો અંતિમ ઉપદેશ' એ એ જ

લેખકે ઉત્તરાધ્યયન સૂત્રનો કરેલો છાયાનુવાદ છે. 'સમીસાંજનો ઉપદેશ' એ દશવૈકાલિક સૂત્રનો છાયાનુવાદ છે. 'ભગવતીસાર' એ અત્યંત મોટા 'ભગવતી સૂત્ર'નો લોકોપયોગી દૃષ્ટિએ તારવી કાઢેલો સારસંગ્રહ છે. આ જ લેખકે જૈન ધર્મના સાહિત્યના અભ્યાસ અને અનુવાદરૂપે તૈયાર કરેલા બીજા ગ્રંથો 'પાપ, પુણ્ય અને સંયમ', હેમચંદ્રના 'યોગશાસ્ત્ર'નો અનુવાદ અને કુંદકુંદાચાર્યનાં 'ત્રણ રત્નો' સમય સાર, પ્રવચન સાર, તથા પંચાસ્તિકાયનો અનુવાદ છે.

'જૈનાગમ કથાકોષ' (જીવનલાલ છ. સંઘવી): જૈન સૂત્રગ્રંથોમાં આવતી ધાર્મિક કથાઓ અને ચરિત્રો સંક્ષિપ્ત સ્વરૂપે આ પુસ્તકમાં આપેલાં છે. કેટલીક કથાઓ દૃષ્ટાંતરૂપ હોઇને કલ્પિત અને કેટલીક પ્રાગૈતિહાસિક કાળની તથા ઉપદેશપ્રધાન છે.

ઇતિહાસ અને રાજતંત્ર

ઇતિહાસના સંશોધન તથા લેખનને છેલ્લાં થોડાં વર્ષથી જે વેગ મળ્યો છે તેથી આ વિભાગમાં પચાસેક પુસ્તકો દૃષ્ટિ સામે આવીને ઊભાં રહે છે. ઇતિહાસ બહુધા રાજકારણથી મર્યાદિત થઇને આપણી સામે આવે છે; તેથી સંશોધન, અભ્યાસ કે અનુવાદદ્વારા પ્રાચીન અને અર્વાચીન રાજકીય ઇતિહાસો કે ઐતિહાસિક નિબંધો વિશેષ લખાયા છે અને સંસાર, સમાજ, ધર્મ ઇત્યાદિના ઇતિહાસથી મોટે ભાગે એ પ્રકારનું સાહિત્ય વંચિત રહે છે. આ પ્રકારનાં એક્કેક-બબ્બે પુસ્તકો માત્ર જોવા મળે છે.

ગુજરાતના પ્રાચીન ઇતિહાસના સંશોધન તરફ લેખકોની દૃષ્ટિ જેટલી ગઇ છે તેટલી અર્વાચીન ઇતિહાસ તરફ ગઈ નથી; તેથી ઊલટું હિંદુસ્તાનના અર્વાચીન રાજકારણને સ્પર્શતા ઇતિહાસગ્રંથો જેટલા લખાયા છે તેટલા પ્રાચીન સંશોધનના ગ્રંથો લખાયા નથી. હિંદુસ્તાનના ઇતિહાસનું સંશોધન અંગ્રેજી ઇતિહાસગ્રંથોના લેખકોને આગવું સોંપીને આપણે જાણે તેના અનુવાદોથી જ સંતુષ્ટ રહેવાનું હોય એવી પરિસ્થિતિ વર્તે છે.

પરદેશને લગતા ઇતિહાસગ્રંથોમાં વર્તમાન જાગૃતિકાળની ઉષ્મા જોવામાં આવે છે. પરદેશના જૂના કાળના ઇતિહાસનાં એકાદ-બે પુસ્તકોને બાદ કરતાં બાકીનાં બધાં પુસ્તકોમાં રશિયા, જાપાન, જર્મની, ચીન કે બ્રિટનનાં વર્તમાન રાજકારણના તથા તેના પ્રત્યાઘાતોના પડઘા પડેલા છે.

ગુજરાત

'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ-ગ્રંથ ૧-૨' (દુર્ગાશંકર

કે. શાસ્ત્રી) : રાસમાળા, પ્રબંધચિંતામણિ અને બોમ્બે ગેઝેટિયરમાંથી સાંપડતા ગુજરાતના ઇતિહાસની ઊણપો દૂર કરવા માટે આ બધા ગ્રંથો ઉપયોગી બને છે. એ ઇતિહાસમાંની ઘણી વીગતોનાં નવાં મૂલ્યાંકનો લેખકે કર્યાં છે અને તે માટે બસ્સો જેટલા ગ્રંથોનો આધાર લઈને પુષ્કળ સંશોધન-પરિશીલન કર્યું છે. ગુજરાતના નવેસરથી લખાયેલા સળંગ ઇતિહાસની ઊણપ હજી મટી નથી, પરંતુ તે માટેની રાજપૂતકાળ પૂરતી સુંદર પ્રાથમિક સામગ્રી તરીકે આ ગ્રંથો મૂલ્યવાન બન્યા છે.

'પુરાતન દક્ષિણ ગુજરાત' (મણિભાઈ દ્વિવેદી) : દક્ષિણ ગુજરાતના જૂના ઇતિહાસ પર પ્રકાશ પાડતા છૂટક લેખોનો આ સંગ્રહ છે અને ગુજરાતના સળંગ ઇતિહાસના લેખન માટે આ પણ મૂલ્યવાન સામગ્રી છે. રાજકીય ઉપરાંત આર્થિક અને સામાજિક દૃષ્ટિએ પણ પોતાના વિષય ઉપર લેખકે ઠીક પ્રકાશ પાડ્યો છે.

'સરસ્વતી પુરાણ' (કનૈયાલાલ ભાઇશંકર દ્વવે) : આ તીર્થવર્ણનનો ગ્રંથ મુખ્યત્વે ઐતિહાસિક અને ભૌગોલિક દૃષ્ટિએ જે અગત્ય દર્શાવે છે તેને અનુરૂપ સંશોધનો તથા પ્રાચીન લેખોથી સંશોધકે તેને સમૃદ્ધ કર્યો છે. અર્બુદક, ચાવડાઓ, કર્ણ, મીનળ, સિદ્ધરાજ અને સહસ્રલિંગનો ઇતિહાસ આપવા ઉપરાંત સરસ્વતીને તીરે આવેલાં તીર્થસ્થાનોની પૌરાણિક તથા ભૌગોલિક માહિતી આપી છે.

'વાઘેલાઓનું ગૂજરાત' (ભોગીલાલ જ. સાંડેસરા)માં વાઘેલા વંશના રાજાઓના સમયના ગુજરાતની રાજકીય અને બીજી માહિતી સાંસ્કૃતિક દૃષ્ટિએ તારવી આપવામાં આવી છે.

'ગુજરાતના મુસલમાનો—ભાગ ૧' (કરીમ મહમદ માસ્તર) : એ મુંબઈ ગેઝેટિયરમાંથી કરવામાં આવેલો અનુવાદ છે, જેમાં અનુવાદકની નોંધો અને પરિશિષ્ટો એ વિશિષ્ટતા છે.

'મહમુદ બેગડો' (લોખંડવાલા) : એ ગુજરાતના સુલ્તાન મહમુદ બેગડાનાં પરાક્રમો તથા ઇતિહાસનું દર્શન કરાવનારું નાનું પુસ્તક છે.

'ઇડર સંસ્થાનના કેટલાક પુરાતન અવશેષો' (પીતાંબરદાસ ઇનામદાર): ગુજરાતના ઇતિહાસલેખનમાં મદદગાર અને તેવી રીતે ઇડર સંસ્થાનમાંના ઐતિહાસિક અવશેષોનું વર્ણન અને ચિત્રોની સમૃદ્ધિ તેમાં ભરેલી છે.

'હિમાંશુવિજયજીના લેખો' (સં. મુનિ વિદ્યાવિજયજી) : સ્વ. જૈન મુનિ હિમાંશુવિજયજી ગુજરાતનાં ઐતિહાસિક સ્થાનો અને અવશેષોના ઊંડા અભ્યાસી તથા સંશોધક હતા. એ સાહિત્યના વિદ્યાવ્યાસંગથી તેમજે ઇતિ-

હાસવિષયક અને સાહિત્યવિષયક તૈયાર કરેલા લેખોનો આ સંગ્રહ છે, અને વિશેષાંશે ગુજરાતના ઇતિહાસ માટેની જૈન સામગ્રી ઉપર તે પ્રકાશ પાડે છે.

'જીરાવલા પાર્શ્વનાથ' (લાલચંદ્ર ભગવાન ગાંધી) : પાવાગઢમાં વિ. સં. ૧૧૧૨માં પ્રતિષ્ઠિત થયેલી જીરાવલા પાર્શ્વનાથની પ્રતિમા ત્યારપછી કોઈ કાળે દટાઈ ગયેલી તે ૧૮૮૯માં ત્યાંથી શોધી બહાર કાઢીને વડોદરામાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલી, તે પ્રતિષ્ઠાપનાનો વૃત્તાંત તે જ વર્ષમાં જૈન મુનિ દીપવિજયજીએ દેશી ઢાળોમાં ઉતારેલો; એ વૃત્તાંત ઐતિહાસિક દૃષ્ટિએ મૂલ્યવાન હોઈને સંશોધકે આ પુસ્તકમાં જરૂરી નોંધો તથા ટિપ્પણો સાથે ઉતાર્યો છે.

'ગુજરાતમાં સંગીતનું પુનરુજ્જીવન' (સં. પુરુષોત્તમ ગાંધી) : આ પુસ્તકમાં સંગીતશાસ્ત્રવિષયક લેખો, શિક્ષણ તથા સંગીત વિશેના લેખો, કેટલાક જૂના સંગીતશાસ્ત્રીઓનાં જીવનવૃત્તાંત અને સંગીતશાસ્ત્રી ખરેખે ગુજરાતમાં આવીને સંગીતને આપેલું નવું જીવન ઇત્યાદિ માહિતી સંગ્રહેલી છે. એટલે સંગીતશિક્ષણ તથા સંગીતના ઇતિહાસ વિશેનું આ એક મિશ્ર પુસ્તક બન્યું છે. સંગીતવિષયક ઐતિહાસિક લેખોમાં એ વિષયના ઇતિહાસનું જ્ઞાન ઠીકઠીક મળી રહે છે.

'અર્વાચીન ઇતિહાસનું રેખાદર્શન–ભાગ ૩' (સં. હીરાલાલ ત્રિ. પારેખ) : રાજકીય ઇતિહાસથી ઇતર એવાં ક્ષેત્રોના ઇતિહાસગ્રંથોની જે ત્રુટિ છે તે ત્રુટિનું નિવારણ કરવા માટે ઉપલબ્ધ લેખસામગ્રી આ ભાગ હેઠળના ત્રણ ગ્રંથોમાં સંગ્રહેલી છે. કેળવણી, સમાજસુધારો, સ્ત્રીજીવન, રાજકારણ, સાહિત્ય ઇત્યાદિ ક્ષેત્રોમાં ત્રીસ વર્ષમાં થયેલી પ્રગતિસૂચક મહત્ત્વની ઘટનાઓની નોંધો આ ગ્રંથોમાં લેવાઈ છે. એકંદરે તો આ બધી કાચી માહિતી માત્ર છે પરન્તુ સળંગ ઇતિહાસના લેખન માટે તે ખૂબ જ ઉપયોગી થાય તેવી છે.

હિંદુસ્તાન

'પ્રાચીન ભારતવર્ષ' (ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ) : ઈ. સ. પૂર્વે ૯૦૦થી માંડીને ઈ. સ. ૧૦૦ સુધીનાં એક હજાર વર્ષનો ઇતિહાસ આ મોટા પાંચ ગ્રંથોમાં લેખકે સંપૂર્ણ કર્યો છે અને તે ૧૯૩૫ થી ૧૯૪૦ સુધીનાં વર્ષની અંદર જ પ્રસિદ્ધ કર્યો છે. પાંચ ગ્રંથનાં આશરે ૨૦૦૦ ઉપરાંત પૃષ્ઠ, પુષ્કળ આકૃતિઓ અને નકશાઓ, પ્રાચીન રાજવંશોનો ઇતિહાસ અને તે કાળની ભૌગોલિક, સામાજિક તથા આર્થિક સ્થિતિનો વૃત્તાંત : એ બધું આ ગ્રંથ પાછળ લેવાયેલા શ્રમનો સારી પેઠે ખ્યાલ આપે છે. આ ગ્રંથોમાં લેખકની

સંશોધનદૃષ્ટિ જેટલી તીવ્ર દેખાય છે તેટલી તીવ્ર ઐતિહાસિક દૃષ્ટિ નથી તેથી તેમણે કેટલાંક પ્રચલિત વિધાનોને અન્યથા નિરૂપ્યાં છે અને એ નિરૂપણ માટેના તેમના પુરાવાઓ તથા તેનાં પ્રતિપાદન અનૈતિહાસિક હોવાને કારણે તે વિશે ઠીક-ઠીક ઊહાપોહ જાગ્યો છે. આ ઊહાપોહ દરમિયાન ઉપસ્થિત કરવામાં આવેલી શંકાઓનું નિરસન કરવા તેમણે છેલ્લા ભાગમાં વિસ્તારથી પ્રયત્ન કર્યો છે. એકંદરે તો પ્રાચીન ઇતિહાસગ્રંથન માટેની સામગ્રીમાં ઉમેરો કરનારા આ ઇતિહાસના બધા ગ્રંથો ગણ્યા છે અને તેટલાપૂરતી તેની ઉપયોગિતા નોંધપાત્ર બને છે. ઇતિહાસવિષયક જૈન સામગ્રીનો જેટલો વિશાળ ઉપયોગ તેમણે કર્યો છે તેટલો ઉપયોગ આ કાળના બીજા ઇતિહાસગ્રંથોમાં આજસુધી થયો નથી, એ પણ તેની એક વિશેષતા છે.

'સ્વાધ્યાય–ખંડ ૨' (પ્રો. કેશવલાલ હિ. કામદાર) : અભ્યાસપૂર્ણ ઐતિહાસિક નિબંધોના આ બેઉ સંગ્રહો છે. 'સરસ્વતીચંદ્રનું રાજકારણ', 'ગુજરાતના સંસ્કારિત્વનું ઘડતર', 'સમયમૂર્તિ નર્મદ', 'ગુજરાતનો સોલંકી યુગ', 'દિગ્વિજયી જંગીસખાં', 'અકબર' એવા રાજકીય અને સામાજિક ઇતિહાસલેખો અને ઐતિહાસિક વ્યક્તિઓ વિશેનાં પુસ્તકોની લેખકે કરેલી સમાલોચના ઉપરાંત 'ઇતિહાસનું પરિશીલન' જેવા કેટલાક એવા નિબંધો છે કે જે લેખકની નિર્ભેળ ઇતિહાસદૃષ્ટિનો પરિચય કરાવે છે. લેખકનાં મંતવ્યોની પાછળ ઇતિહાસની એકનિષ્ઠ દૃષ્ટિ છે, એટલે હેમચંદ્ર, શિવાજી કે પ્રતાપ ઇત્યાદિને તે યુગબળોનાં ઘડનારાઓ લેખે છે અને વીરપૂજાના મિથ્યાડંબરને અનિષ્ટ માને છે. એમનાં મંતવ્યો ચિંતનીય છે.

'ઐતિહાસિક સંશોધન' (દુર્ગાશંકર કે. શાસ્ત્રી) : કેવળ રાજકીય ઇતિહાસ જ નહિ પણ દેશ, નગર, ધર્મ, સમાજ, જાતિ, વ્યક્તિ, વિદ્યા–શાસ્ત્ર, ઇત્યાદિ વિષયક ઐતિહાસિક સંશોધનલેખોનો આ સંગ્રહ છે અને તેને જુદા-જુદા ખંડોમાં વહેંચેલો છે. લેખકની ઇતિહાસરસિકતા ઉપરાંત સંશોધન માટેની ખંત તથા ચીવટનું તે દર્શન કરાવે છે. કેટલાક લેખો પ્રાસંગિક ચર્ચાને અંગે લખાયેલા હોવા છતાં તેનું મૂલ્ય ઇતિહાસદૃષ્ટિએ ઓછું નથી.

'ઋગ્વેદકાલીન જીવન અને સંસ્કૃતિ' (વિજયરાય વૈદ્ય) : એ જુદા જુદા સંશોધક–લેખકોના ઋગ્વેદકાલીન સંશોધનગ્રંથોના પરિશીલનપૂર્વક લખાયેલો ગ્રંથ અભ્યાસીઓને ઉપયોગી થાય તે પ્રકારનો છે. ગ્રંથનો મથિતાર્થ એ છે કે જગતની ઉત્તમ સંસ્કૃતિ મધ્ય એશિયામાં કે બીજે ક્યાંય નહિ પણ ભારતવર્ષમાં જ જન્મી હતી અને સપ્તસિંધુના આર્યો તે ભારતનાં જ સંતાનો હતાં. અવિનાશ દાસ અને અક્ષય મજમુદારની માન્યતાઓને જ લેખકે સત્ય રૂપે સ્વીકારી છે.

'ભારતમાં અંગ્રેજી રાજ્ય–ભાગ ૧-૨' (અનુ. ભારકરરાવ વિદ્વાંસ): પંડિત સુંદરલાલજીએ મૂળ હિંદીમાં લખેલા ગ્રંથનો આ અનુવાદ હિંદમાંના અંગ્રેજી રાજ્યની સમાલોચના છે. આ સમાલોચના પ્રચલિત ઇતિહાસગ્રંથો અને તેનાં તારતમ્યોથી સારી પેઠે જુદી પડે છે અને અંગ્રેજી રાજ્યના અપકારો તથા ઉપકારો ઉપર નિરીક્ષકની ઊંડી નજર નાંખે છે. સમાલોચનામાંના પ્રત્યેક મહત્ત્વના ધ્વનિ પાછળ બીજા ઇતિહાસકારોનાં વચનો આધારભૂત રહેલાં છે તે દર્શાવીને લેખકે પોતાનાં વિધાનો પ્રતિપાદ્યાં છે. પુસ્તકના પ્રારંભમાં જોડેલી આશરે દોઢસો પાનાંની પ્રસ્તાવના લેખકને દેશના વર્તમાન ઇતિહાસકાર તરીકે સ્થાપિત કરે તેવી ગુણવત્તા તેમાં રહેલી છે. આ કડક સમાલોચનાને કારણે જ પુસ્તકને સરકારે જપ્ત કરેલું પણ પાછળથી જપ્તી ઉઠાવી લેવામાં આવેલી.

'હિંદુસ્તાનની ગરીબાઈ' (ગોપાલદાસ જીવાભાઈ પટેલ)માં લેખકે દાદાભાઇ નવરોજીના પુસ્તક 'પોવર્ટી એન્ડ અનબ્રિટિશ રૂલ ઇન ઇંડિયા' એ પુસ્તકનો નિચોડ આપીને બ્રિટિશ કાલમાંના હિંદની ગરીબાઇનો ઇતિહાસ આપ્યો છે. એવી જ રીતનું બીજું પુસ્તક હિંદહિતૈષી પાદરી ડિગ્બીનું છે જેના નિચોડરૂપે એ જ લેખકે 'આબાદ હિંદુસ્તાન!' પુસ્તક તૈયાર કરેલું છે. એઉ પુસ્તકો હિંદના આર્થિક શોષણના ઇતિહાસગ્રંથો સમાં છે.

'સત્તાવન' (નગીનદાસ પારેખ): હિંદનો ૧૮૫૭નો કહેવાતો બળવો એ બળવો નહોતો પરન્તુ સ્વતંત્રતા માટેનો વિપ્લવ હતો એવું પ્રતિપાદન કેટલીક આધારભૂત સામગ્રીને આધારે આ પુસ્તકમાં કરવામાં આવેલું છે.

'ગુલામીની શૃંખલા' (ધનવંત ઓઝા) : વેદકાળની ભારતીય રાજ્યવ્યવસ્થાથી માંડીને ૧૯૩૫ના હિંદના રાજકીય શાસનસુધારાના કાયદા સુધીના રાજ્યબંધારણનો ઇતિહાસ આ પુસ્તકમાં આપેલો છે. તે સંક્ષિપ્ત છે પણ અભ્યાસીઓને ઉપયોગી થાય તેવો છે.

'મહારાષ્ટ્રીય ઇતિહાસનાં મુખ્ય વલણ' (અનુ. મ. મો. પોટા): આ વિષય પરનાં શ્રી ગોવિંદરાવ સરદેસાઇનાં છ વ્યાખ્યાનોનો આ ગુજરાતી અનુવાદ છે. મહારાષ્ટ્રનાં ઐતિહાસિક સંશોધનોનો પણ તે ઠીક ખ્યાલ આપે છે.

'હ્યુએનસંગ' (ડૉ. દેવેન્દ્ર મજમુદાર): આ જાણીતા ચીની યાત્રાળુની જીવનકથા અને સાહસકથા કરતાં વિશેષાંશે તેની આ સંક્ષિપ્ત પ્રવાસકથા છે. તેમાંથી હિંદની તત્કાલીન સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિના ઇતિહાસની રેખાઓ મળે છે.

'ચંદ્રગુપ્ત મૌર્ય' (ગિરિજાશંકર આચાર્ય) : એ સમ્રાટ્ ચંદ્રગુપ્તની સંક્ષિપ્ત

ચરિત્રકથા છે જે તત્કાલીન ઇતિહાસની ભૂમિકા પર આલેખાઈ છે.

'મારી સિંધયાત્રા' (જૈન મુનિ શ્રી વિદ્યાવિજયજી) : સિંધના પાટનગર કરાચીમાં બે ચાતુર્માસ કરીને અને મુખ્યત્વે ગુજરાતીઓથી વસેલાં ઇતર નગરોમાં પ્રવાસ કરીને સિંધના ઇતિહાસ, ભૂગોળ, સમાજ, સંસાર, સાહિત્ય ઇત્યાદિનું જે અવલોકન લેખકે કરેલું તેનું પ્રતિબિંબ આ મોટા ગ્રંથમાં પાડવામાં આવ્યું છે. યાત્રાગ્રંથ કરતાં વિશેષાંશે તે સિંધના વર્તમાન સામાજિક ઇતિહાસનો ગ્રંથ છે. લેખકે પોતાની જાહેર પ્રવૃત્તિની કથા પણ સાથે સાથે કહી છે પણ મુખ્ય દૃષ્ટિબિંદુ સિંધના જનસમાજની ઊણપો અને વિશેષતાઓથી ગુજરાતી વાચકોને પરિચિત કરવાનું છે.

સમાજ

'સ્ત્રીઓના વિકાસમાં નડતાં કાયદાનાં બંધન' (પ્રભુદાસ પટવારી) : એ પુસ્તકમાં દુનિયાની સ્ત્રીઓના વિકાસ માટેનાં મથનોનું તારતમ્ય રહેલું છે. વેદકાળથી ગાંડીને આજસુધીના નારીજગતના એ મથનનો સંક્ષિપ્ત ઇતિહાસ તેમાં આપેલો છે.

'ઉનેવાળ બ્રાહ્મણ જ્ઞાતિની તવારીખ' (દીનબંધુ) : જ્ઞાતિઓના ઇતિહાસો સમાજશાસ્ત્રનું એક મહત્ત્વનું પ્રકરણ છે. આ તવારીખને ઇતિહાસની વાસ્તવિક દૃષ્ટિ સાંપડી નથી પણ ઇતિહાસ લખવા માટેની કાચી સામગ્રી તેમાં આપેલી છે. ઊના, મચ્છુન્દ્રી તથા સ્થલકેશ્વરનાં પુરાણોક્ત માહાત્મ્ય દર્શાવ્યાં છે.

'વડોદરા રાજ્યની સામાજિક સેવા' (રમેશનાથ ધારેખાન) : વડોદરા રાજ્યની રાજકારણથી જુદી પડતી એવી બહુવિધ સામાજિક પ્રવૃત્તિઓનો આ ઇતિહાસ છે. રાજ્યની શિક્ષણપ્રવૃત્તિ, વૈદ્યકીય તથા આરોગ્યરક્ષણ, ગ્રામોન્નતિ, ઔદ્યોગિક પ્રવૃત્તિ, અંત્યજોન્નતિ, વ્યાયામપ્રચાર અને સાહિત્યોપાસનાનો પરિચય તેમાંથી મળે છે. બીજાં દેશી રાજ્યોને ઉદ્બોધક અને તેવી બીનતો તેમાં છે.

'વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ' (દુર્ગાશંકર શાસ્ત્રી) : આ પુસ્તકની નવી આવૃત્તિમાં પુષ્કળ ઉમેરો કરવામાં આવ્યો છે. ભક્તિમાર્ગનું સાંસ્કૃતિક દૃષ્ટિએ મૂલ્યાંકન, સ્વામિનારાયણ સંપ્રદાય, ભક્તિમાર્ગની પૌરાણિક કૃતિઓનો સાર, ગુજરાતમાં વૈષ્ણવ ધર્મનો ફેલાવો, ઇત્યાદિ નવાં પ્રકરણો લેખકના ઊંડા અભ્યાસના ફળારૂપ છે.

'જૈન કોન્ફરન્સની ચડતીપડતીનો ઇતિહાસ' (શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સ કાર્યાલય) : આ કોન્ફરન્સની બધી બેઠકોમાં થયેલી પ્રવૃત્તિ અને ઠરાવો તથા

પ્રમુખોનાં વ્યાખ્યાનોમાંથી કરેલી તારવણીદ્વારા આ પુસ્તક એ ક્ષેત્રના સામાજિક ઇતિહાસની સામગ્રી પૂરી પાડે છે.

રાજતંત્ર

'રાજ્ય અને રાજકારણ' (હરકાન્ત શુકલ) : રાજકારણના ક્ષેત્રમાં રાજ્યની કલ્પના અને ઉત્પત્તિથી માંડીને આજની દુનિયાના જુદાજુદા દેશોની રાજ્ય-પદ્ધતિઓનો ઇતિહાસ લેખકે ત્રણ ખંડોદ્વારા વિસ્તારથી આપ્યો છે. રાજ્યની ઉત્ક્રાન્તિ સાથે તેનું કાર્યક્ષેત્ર અને કર્તવ્યક્ષેત્ર કેવી રીતે વિસ્તરતું ગયું અને અનેક વાદો તથા સંસ્થાઓ જન્મતી ગઈ તેની સમજૂતી તે આપે છે. ઇતિહાસના અભ્યાસની દૃષ્ટિ તેમાં વણાઈ ગયેલી છે. એ જ લેખકનું 'હિંદનું ફેડરલ રાજ્યબંધારણ અને દેશી રાજ્યો' એ પુસ્તક ૧૯૩૫ના શાસનધારાની વિસ્તૃત સમજૂતી ઇતિહાસદૃષ્ટિએ આપે છે.

'એક વૃદ્ધની વિચારપોથીમાંથી' (પ્ર. જયંતીલાલ મોરારજી મહેતા): જે વૃદ્ધની આ વિચારપોથી છે તે સ્વ. પ્રભાશંકર દલપતરામ પટણી. રાજ્ય-બંધારણ, રાજનીતિ, નરેંદ્રમંડળ અને સાર્વભૌમ સત્તા, નરેંદ્રમંડળ (૧૯૩૦)માં પોતે દર્શાવેલા વિચારો, કેટલાંક સાદાં સત્યો અને રાજકારણ સંબંધે લખેલા બીજા લેખો, એ બધાનો આ સંગ્રહ છે. હિંદના રાજકારણના અને ખાસ કરીને દેશી રાજ્યોના બ્રિટન સાથેના કાયદેસરના સંબંધના ઇતિહાસના અભ્યાસીઓને માટે આ સરસ લેખસંગ્રહ છે.

'દેશી રાજ્યો અને ફેડરેશન' (ચુનીલાલ શામળજી ત્રિવેદી)માં લેખકે દેશી રાજ્યોના હિતની દૃષ્ટિએ ફેડરેશનની ચર્ચા કરેલી છે.

'આપણું સમવાયતંત્ર' (ત્રિભુવનદાસ મણિશંકર ત્રિવેદી)માં સમવાય-તંત્રના જુદાજુદા વિભાગોનું વિવરણ તથા તેના અમલથી નીપજતાં પરિ-ણામોનું દર્શન કરાવવામાં આવ્યું છે. બીજાં સમવાયતંત્રોની સાથે હિંદના સમવાયતંત્રના કાયદાની તુલના પણ કરી છે.

'હિંદુસ્તાનનો રાજકારભાર' (ચીમનલાલ મગનલાલ ડોકટર) : હિંદના વર્તમાન રાજ્યવહીવટનો તેમાં ખ્યાલ આપ્યો છે અને ૧૯૩૫ના બંધારણના કાયદાને હિંદના ભાવી બંધારણ રૂપે ખ્યાલમાં રાખીને સમજૂતી આપી છે.

'રાજકોટનો સત્યાગ્રહ' (રામનારાયણ ના. પાઠક) : રાજકોટનો સત્યાગ્રહ એ હિંદના સત્યાગ્રહનું એક ઐતિહાસિક પ્રકરણ છે. એ પ્રસંગનું તાદૃશ ચિત્ર આ પુસ્તકમાં રજૂ કરેલું છે.

પરદેશ

'રશિયા' (ઉછરંગરાય ઓઝા)માં ઈ. સ. ૧૯૧૬ થી ઝારના યુગ

સુધીના રશિયાનું વિહંગાવલોકન કરીને નીપજેલી ક્રાન્તિ સુધીનો ઇતિહાસ આલેખવામાં આવ્યો છે. 'રાતું રશિયા ૧-૨-૩' (ચંદ્રભાઈ ભટ્ટ)માં રશિયન ક્રાન્તિની રોમાંચક વીરગાથા કથારસપૂર્ણ શૈલીથી લખાઈ છે. 'સોવિએટ સમાજ' (નીરૂ દેસાઇ)માં રશિયાએ આદરેલા સમાજવાદના પ્રયોગનો ખ્યાલ આપવામાં આવ્યો છે. 'આઝાદીનું લાલ લશ્કર' (જસવંત સુતરિયા)માં સોવિયેટની રાજ્ય કરવાની રીત, તેના આદર્શો અને તેના લાલ લશ્કરની રચનાનો ખ્યાલ આપ્યો છે.

'સ્વતંત્ર જર્મની' (ઉછરંગરાય ઓઝા)માં જર્મનીએ પોતાની પ્રજા માટે મેળવેલા સ્વાતંત્ર્યનો ઇતિહાસ આપેલો છે. 'નાઝીરાજ' (ચંદ્રભાઈ ભટ્ટ)માં ત્યારપછી સ્થપાયેલા નાઝી રાજ્ય, તેના સૂત્રધારો, તેનાં રાહરસમો, ઉદ્દેશ વગેરેનું ચિત્રમય આલેખન ઉગ્ર વાણીમાં કરેલું છે.

'પ્રગતિશીલ જાપાન' (ત્રિભુવનદાસ પટેલ)માં લેખકે જાપાનનું ઉત્થાન તથા તેની પ્રગતિનો પ્રેરક ઇતિહાસ આપ્યો છે.

'મુસ્લીમ સમયનું સ્પેન' (ઇમામુદ્દીન દરગાહવાળા) : ઉર્દૂ ઉપરથી અનુવાદિત થયેલા આ પુસ્તકમાં સ્પેનના અરબ વિજેતાઓએ સ્પેનને સાહિત્ય, કલા, સંગીત, શિલ્પ, રાજ્યશાસન ઇત્યાદિ શીખવીને સંસ્કારેલું, તેનો વૃત્તાંત છે.

'સ્પેન : જગતક્રાન્તિની જ્વાળા' (ઇસ્માઈલ હીરાણી) : સ્પેનના આંતર-વિગ્રહરૂપે સ્પેન ઉપર થયેલું ફાસિઝમનું આક્રમણ એ જગતની પહેલી જ્વાળા હતી એમ દર્શાવતું આ વર્તમાનકાલીન ઇતિહાસનું પુસ્તક યુરોપના જુદાજુદા વાદો તથા તે વચ્ચેના વર્ષણનો સારી પેઠે ખ્યાલ આપે છે. વર્તમાન યુદ્ધની પૂર્વછાયા તેમાં જોવા મળે છે.

'ચીનનો અવાજ' (ચંદ્રશંકર શુકલ) : 'જોન ચાયનામેન' એ નામથી લેવેઝ ડિકિન્સને ચીનને ઇંગ્લાંડ તરફથી થતા અન્યાયોના પત્રો લખેલા તેનો આ અનુવાદ છે. ચીની પ્રજા, તેની સંસ્કૃતિ અને સ્વાતંત્ર્ય ઉપર સમભાવ જાગે એ રીતે પુસ્તક લખાયું છે.

'તવારીખની તેજછાયા' (વેણીલાલ મુચ) : પં. જવાહરલાલે માનવ-જનતની સાંસ્કૃતિક પ્રગતિની ઇતિહાસરેખા દોરીને પોતાની પુત્રીને પત્રો લખેલા તેનો આ અનુવાદ છે. તેમાં દેશદેશના ઇતિહાસનો પરિચય આપ-વામાં આવ્યો છે. સમયાનુક્રમ પ્રમાણે દુનિયાના દેશોને નજરમાં રાખીને એ ઇતિહાસકથા આલેખવામાં આવી છે.

'રંગદ્વેષનો દુર્ગ ભાગ ૧–૨' (પ્રાણશંકર જોષી)માં દક્ષિણ આફ્રિકાને સમૃદ્ધ કરનાર હિંદી પ્રજાને હાંકી કાઢનારા ગોરા વસાહતીઓના રંગદ્વેષનો ઇતિહાસ રજૂ કરવામાં આવ્યો છે.

'ટસ્કેજી અને તેના માણસો' એ બુકર ટી. વૉશિંગ્ટનની ટસ્કેજી સંસ્થાનું ધ્યેય, તેની કાર્યપદ્ધતિ તથા સિદ્ધિની માહિતી આપનારું પુસ્તક છે.

પ્રવાસ અને ભૂગોળ

ભૂગોળનાં પાઠ્ય પુસ્તકોને બાદ કરીએ તો ભૂગોળ વિજ્ઞાનને લગતાં પુસ્તકો બહુ જૂજ લખાય છે અને આ પાંચ વર્ષમાં તેવાં બે જ પુસ્તકો મળ્યાં છે પ્રવાસનાં પુસ્તકો પ્રમાણમાં ઠીક લખાય છે અને એમાં કેટલીક નવીનતા પણ હોય છે. પ્રવાસીઓને કે યાત્રાળુઓને મદદગાર થાય તેવાં માત્ર માહિતી એકત્ર કરીને–વિના પ્રવાસ કર્યે લખેલાં પુસ્તકો હવે ભાગ્યે જ બહાર પડે છે, અને તેને બદલે પ્રવાસ કરીને પ્રવાસના પ્રદેશની છાપ વાચકના ચિત્તમાં આપી શકે તેવાં પ્રવાસવર્ણનો, સૌંદર્યનિરીક્ષણ, સમાજદર્શન ઇત્યાદિ આપનારાં પુસ્તકો પહેલાં કરતાં વધુ લખાતાં થયાં છે. સાહિત્યદૃષ્ટિએ એવાં પુસ્તકો વાચકને લેખકના સહપ્રવાસીના જેવો આનંદ ઉપજાવે છે અને પ્રવાસ માટેનો રસ જગાડે છે. પોતાના જ દેશસંબંધી જ્ઞાનની ખોટ તેથી એક રીતે પૂરી પડે છે. જે દેશમાં લગભગ માણસો ધર્મનિમિત્તે યાત્રા કરે છે તે દેશના મુઠીભર લેખકો અને નિરીક્ષકો જ પોતાના ચિત્ત પરની છાપને અક્ષરોમાં ઉતારે છે એ વાત અસંતોષ ઉપજાવે તેવી છે, છતાં તેમાં ય સંતોષનું કિરણ એ છે કે સરસ પ્રવાસવર્ણનો પૂરા રસથી વંચાય છે અને તેને પરિણામે 'હિમાલયનો પ્રવાસ' પાંચમી, 'લોકમાતા' બીજી અને 'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં' બીજી આવૃત્તિ પામ્યાં છે.

'સ્મૃતિ અને દર્શન' (રતિલાલ ત્રિવેદી) : એ નદીઓ, પહાડો અને ગિરિનગરોના પ્રાકૃતિક સૌંદર્યથી ભરેલા પ્રદેશમાં કરેલા પ્રવાસનાં સંસ્મરણો અને બાહ્યાંતર દર્શનોનો ભાવવાહી વાણીમાં આપવામાં આવેલો પ્રસાદ છે. પ્રવાસવર્ણન કરતાં ય વિશેષાંશે તેમાં લેખકના અંતરમાં ઊઠેલી ભવ્ય-દિવ્ય છાપોનું રેખાંકન અને ચિંતન છે.

'પગદંડી' (ગૌરીશંકર જોષી : ધૂમકેતુ) : એ લેખકે કરેલા પ્રવાસની વર્ણનાત્મક અને ચિંતનાત્મક નિબંધિકાઓનો સંગ્રહ છે. લેખકમાં પ્રકૃતિ-સૌંદર્યની દૃષ્ટિ છે, સ્થાપત્ય-કલાનો પ્રેમ છે અને સમાજદર્શનનો શોખ

છે, એટલે લેખકના ગમા-અણગમાની રેખાઓ પણ એ વર્ણન-ચિંતનમાં આલેખાતી રહે છે. પ્રવાસના અનુભવોનું તત્ત્વ તેમાં વિશેષ છે, પરન્તુ એ અનુભવો એક ચુનંદા નિરીક્ષકના છે.

'દક્ષિણાયન' (ત્રિભુવનદાસ લુહાર : સુંદરમ્) : 'શિલ્પ-સ્થાપત્યના તથા જનનારાયણના સૌંદર્યભક્ત તથા ભાવભક્ત' તરીકે લેખકે દક્ષિણ હિંદનો -જોગના ઘોઘથી વિજયનગરમ્ સુધીનો પ્રવાસ કરેલો તેનો આ રસભર્યો વર્ણનગ્રંથ છે. પ્રવાસીની સાથેસાથે લેખકના હૃદ્‌ગત ભાવો, ઉચ્ચ સંસ્કારો અને સૌંદર્યદૃષ્ટિનો પ્રવાહ પણ રેલાતો રહે છે

'ભારતનો ભોમિયો' (હર્ષદરાય શુક્લ) : હિંદના પ્રવાસીને જરૂરી થઈ પડે તેવી માહિતી, ચિત્રો તથા નકશાઓ સાથેનું આ પુસ્તક છે. તેની વિશેષતા તેનાં રસભર્યાં વર્ણનોમાં રહેલી છે. ઇતિહાસ અને પ્રવાસ બેઉના રસિકોને તે સંતોષી શકે તેમ છે.

'ભારતદર્શન' (સારાભાઈ ભોગીલાલ ચોકસી) : લેખકે આબુથી કાશ્મીર, સરહદપ્રાંત, પંજાબ, યુક્તપ્રાંત, બંગાળ વગેરે પ્રાંતોમાં કરેલા પ્રવાસનું વર્ણન તેમાં આપેલું છે. પ્રવાસનાં સ્થાનોનાં સૌંદર્ય, વિશિષ્ટતા કે ઇતિહાસમાં ઊંડા ઊતરવા કરતાં લેખક પ્રસંગોપાત્ત સંસાર, ધર્મ, રાજકારણ અને બીજી બાબતોની ચર્ચામાં વધુ ઊતરે છે, તેથી વર્ણનને થોડું વૈવિધ્ય મળે છે પરન્તુ તે બંધબેસતું થતું નથી. એમને ચર્ચામાં પૂરતું ઊંડાણ નથી.

'ગિરિરાજ આબુ' (શંકરલાલ પરીખ) : પ્રવાસીઓને ઉપયોગી થઈ પડે તેવી આ આબુ માટેની ભોમિયાપોથી છે. તેમાં સારી પેઠે માહિતી અને ઇતિહાસ પણ આપેલ છે.

'કાઠિયાવાડથી કન્યાકુમારી' (દરબાર સુરગવાળા) : વડિયા દરબારે કાઠિયાવાડથી દક્ષિણમાં ૬૦૦૦ માઈલનો મોટર વડે પ્રવાસ કરેલો તેના સામાન્ય અનુભવો ને માહિતી એમાં આપેલાં છે.

'ઉદયપુર : મેવાડ' (નટવરલાલ બુચ) : એ એક નાના સરખા પ્રવાસનું અને દર્શનીય સ્થાનોની માહિતીનું રસિક અને રમૂજી વર્ણન છે.

'વડનગર' (કનૈયાલાલ ભા. દવે), 'ભરૂચ' (કાજી સૈયદ નૂરુદ્દીન હુસેન) અને 'આબુ અને આરાસુર' (મણિલાલ જ. દ્વિવેદી) : એ ત્રણે પુસ્તકો ત્રણે જાણીતાં સ્થાનોના પ્રાચીન સંક્ષિપ્ત ઇતિહાસ તથા ભૌગોલિક રચનાની સંક્ષેપમાં માહિતી પૂરી પાડે છે.

'ઈશ્વરની શોધમાં' (સ્વામી રામદાસ) : એસ. આઈ. રેલ્વેના કાન્હનગઢ

નજીક આવેલા રામનગર આશ્રમવાળા રામભક્ત સ્વામી રામદાસજીએ સંસાર છોડી દેશના જુદા જુદા ભાગોમાં પ્રવાસ કરેલો તેનું વર્ણન આ પુસ્તકમાં છે. મૂળ કાનડી ઉપરથી ગુજરાતી અનુવાદ કરવામાં આવેલો છે. શ્રદ્ધાળુ પ્રભુભક્તની દૃષ્ટિ તેમાં ઓતપ્રોત છે અને પ્રવાસના અનુભવો રસિક તથા બોધક છે.

'ગુજરાતનું પ્રાકૃતિક અને વ્યાપારી ભૂગોળ વિજ્ઞાન' (ભોગીલાલ ગિ. મહેતા)માં પ્રાકૃતિક અને આર્થિક દૃષ્ટિએ ગુજરાતની ભૂગોળ આપવામાં આવી છે. તેના લેખન પાછળ લેખકે ખૂબ શ્રમ લીધેલો દેખાઈ આવે છે અને પુસ્તકને સારી પેઠે માહિતીવાળું બનાવવામાં આવ્યું છે.

'ભૌગોલિક કોશ' (સ્વ. ડાહ્યાભાઈ દેરાસરી) : પ્રાચીન-મધ્યકાલીન ઇતિહાસમાં જાણીતાં સ્થાનોના પરિચયાત્મક એવા આ ગ્રંથના છૂટક ખંડો છે. માહિતી અદ્યતન નથી, પણ ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારનો આ પહેલો જ કોશ છે.

કોશ–વ્યાકરણ

વિદ્યાપીઠના 'સાર્થ જોડણીકોશ'ની ચારેક આવૃત્તિઓ થઈ ચૂકી છે, છતાં વ્યુત્પત્તિ, શબ્દમૂળ અને ઉદાહરણોથી યુક્ત સંપૂર્ણ શબ્દકોશની ત્રુટિ હજી ચાલુ જ રહી છે. શબ્દકોશને સર્વાંગસંપૂર્ણ રીતે તૈયાર કરવાની દૃષ્ટિથી થયેલા કાર્યારંભો પરિપૂર્ણતાએ પહોંચી શકયા નથી, જેના દાખલા ગુ. વ. સોસાયટીનો શબ્દકોશ અને 'ગોમંડળકોશ' છે. છેલ્લા કોશનો તો હજી એક જ ગ્રંથ બહાર પડ્યો છે. આ જોતાં વિદ્યાપીઠના કોશને જ સંપૂર્ણ કોશરૂપે વિકસાવી શકાય તો એ ત્રુટિનો અંત આવે.

પારિભાષિક શબ્દકોશોના પ્રયત્નો જુદીજુદી દિશાઓમાં થયા છે અને હજી થઈ રહ્યા છે. સર્વમાન્ય નહિ તો બહુમાન્ય વૈજ્ઞાનિક શબ્દકોશની ઊણપ સાલ્યા કરે છે. બ્રહ્મવિજ્ઞાન સાથે સંબંધ ધરાવતા બે કોશગ્રંથો આ પાંચ વર્ષમાં મળ્યા છે.

કોશ તથા વ્યાકરણના ગ્રંથો વિશેષાંશે તો આ સમય દરમિયાન રાષ્ટ્ર-ભાષાના અભ્યાસ તથા પ્રચારને અંગે જ પ્રસિદ્ધ થયા છે.

કોશગ્રંથો

'જોડણી માટે બિસ્માકોશ' (નવજીવન કાર્યાલય) : ગુજરાતી શબ્દોની શુદ્ધ જોડણી માટે આગ્રહ ધરાવનારાઓ પણ વહેવારુ મુશ્કેલીને કારણે એ

આગ્રહને નિભાવી શકતા નહોતા. તેઓને નાના કદનો આ ખિસ્સાકોશ મદદગાર બને તેવો છે. થોડા વખતમાં તેની બે આવૃત્તિઓ થઈ છે.

'રાષ્ટ્રભાષાનો ગુજરાતી કોશ' (મગનભાઈ દેસાઈ): રાષ્ટ્રભાષાનો પ્રચાર ગુજરાતમાં વધતો જાય છે તે વખતે આ કોશ વેળાસર બહાર પડ્યો છે. હિંદુસ્તાનીમાં આવતા ફારસી–અરબી શબ્દોના પર્યાયવાચક શબ્દો અર્થની સમજમાં સરલતા આણે છે.

'દાર્શનિક કોશ–ભાગ–૧–૨' (સ્વ. છોટાલાલ ન. ભટ્ટ): દર્શનશાસ્ત્રના અધ્યયનમાં ઉપયોગી બને તેવા મુખ્ય પારિભાષિક શબ્દોની સમજૂતી તેમાં આપી છે. ગ્રંથ હજી અધૂરો છે.

'બ્રહ્મવિદ્યાનો પારિભાષિક કોશ' (ભૂપતરાય મહેતા) : થિયોસોફીના અંગ્રેજી ગ્રંથોમાં યોજાતી પરિભાષાના શબ્દોના ગુજરાતી પર્યાયવાચક શબ્દો તેમાં આપેલા છે.

'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' (કેશવરામ શાસ્ત્રી) : પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોના નવ ભંડારોમાંનાં પુસ્તકોની આ સંકલિત યાદી સાહિત્ય, ઇતિહાસ તથા પુરાતત્ત્વના સંશોધકો અને અભ્યાસીઓને તેમના કાર્યમાં સરળતા કરી આપે તેવી છે.

વ્યાકરણાદિના ગ્રંથો

'ભાષાવિજ્ઞાન પ્રવેશિકા' (બચુભાઈ શુકલ)માં ઉચ્ચાર, ભાષા, વ્યાકરણ, શબ્દ અને લેખનવિજ્ઞાનની શાસ્ત્રીય બાજૂની વિચારણા દૃષ્ટાંતો સાથે કરવામાં આવી છે.

'ભારતીય ભાષાઓની સમીક્ષા' (કેશવરામ શાસ્ત્રી) : 'લિંગ્વિસ્ટિક સર્વે ઑફ ઇંડિયા'માં ગ્રિયર્સને ગુજરાતી ભાષાની જે માહિતી આપી છે તેનો આ અનુવાદ છે. અનુવાદક ભાષાશાસ્ત્રના ઊંડા અભ્યાસી છે એટલે તેમણે સ્થળે સ્થળે પોતા તરફથી ટીકા, વિવેચના અને સુધારા ઉમેરીને જૂની ભાષાના અભ્યાસીઓને માટે એક ઉપયોગી પુસ્તક તૈયાર કરી આપ્યું છે.

'હિંદુસ્તાની પ્રવેશિકા' (પરમેષ્ઠીદાસ જૈન અને વલ્લભદાસ અક્કડ): એ ગુજરાતી દ્વારા હિંદુસ્તાની ભાષાનું વ્યાકરણ અને શુદ્ધ લેખન શીખવા માટેનું પ્રારંભિક પુસ્તક છે. 'હિંદુસ્તાની પ્રારંભ' (સંતોકલાલ ભટ્ટ) એ હિંદુસ્તાનીના અભ્યાસ માટે વ્યાકરણના નિયમોની સમજૂતી તથા નાના કોશ સાથેનું પુસ્તક છે. 'એક માસમેં હિંદી' (હરિકૃષ્ણ વ્યાસ)માં શિક્ષકની નહિ પણ નિર્દેશકની ભૂમિકા સ્વીકારીને તથા શિક્ષણાર્થીને વિચાર તથા તર્કશક્તિને માટે પૂરતો અવકાશ આપીને લેખકે એક માસમાં હિંદી ભાષા

શીખવવા માટે આ પુસ્તક તૈયાર કર્યું છે. સામાન્ય ભાષાશિક્ષણના ગ્રંથોથી જુદી જ પદ્ધતિ તેમાં અંગીકારેલી છે. 'હિંદી ભાષાનું સુગમ વ્યાકરણ' (ખંડેરાવ મૂળે અને નરેંદ્ર નાયક) ગુજરાતીદ્વારા હિંદી શીખવા માટેનું એ વ્યાકરણ છે.

'બેઝિક ઈંગ્લીશ ગ્રંથમાળા' (હરિકૃષ્ણ વ્યાસ) : ૮૫૦ શબ્દોથી અંગ્રેજી ભાષા—બેઝિક ઇંગ્લિશ શીખવા માટેનાં અંગ્રેજી પુસ્તકો ઘણાં છે. આ ગ્રંથ-માળા ગુજરાતી દ્વારા સરલ રીતે અંગ્રેજી શીખવા માટે તૈયાર કરવામાં આવી છે.

વિજ્ઞાન

વિજ્ઞાનની સંખ્યાબંધ શાખાઓ અને પ્રશાખાઓ છે; એ બધી શાખાઓને આવરી લે તેટલું વિજ્ઞાનસાહિત્ય મુખ્યત્વે અંગ્રેજી ભાષામાં છે, પણ તેમાંથી જૂજ શાખાઓને સ્પર્શતાં ગણ્યાં-ગાંઠ્યાં પુસ્તકો જ આપણી ભાષામાં ઊતર્યાં છે. વિજ્ઞાનનાં મૌલિક પુસ્તકો જે કાંઈ છે તે મુખ્યત્વે કળા, આરોગ્ય અને ઉદ્યોગોને લગતાં છે અને બાકીનામાં કોઇક મૌલિક અને વિશેષાંશે અનુવાદિત છે. એ સાહિત્યની ઊણપ વિજ્ઞાનના અભ્યાસી લેખકોની અને તેના રસિક વાચકોની ઊણપોને આભારી છે. અભ્યાસ કે વ્યવસાયને અંગે વિજ્ઞાનની જુદીજુદી શાખાઓનો પરિચય સાધવા ઇચ્છનારાઓ તે તે શાખાઓનાં અંગ્રેજી પુસ્તકોથી ચલાવી લે છે, એ આજની વસ્તુસ્થિતિ છે.

કલાવિજ્ઞાન

લલિત કળામાં સંગીત, ચિત્ર અને અભિનયનાં થોડાંથોડાં પુસ્તકો આ પાંચ વર્ષમાં પ્રસિદ્ધ થયાં છે અને ગણ્યાં-ગાંઠ્યાં પુસ્તકો પ્રકીર્ણ લલિત કળાઓનાં છે. ગુજરાતમાં સંગીત કળાનો અભ્યાસ વધ્યો છે પરન્તુ એ વિશેનાં પુસ્તકોનો ફાલ પહેલાં કરતાં ઘટ્યો છે. ચિત્રકળા જેટલા પ્રમાણમાં ખીલી છે તેટલા પ્રમાણમાં ગ્રંથસ્થ પ્રકાશનો વધ્યાં નથી. અભિનય કળાના વિકાસનો ભોગવટો બોલપટો જ મોટે ભાગે કરી રહ્યાં છે. મુદ્રણકળામાં આપણે બીજા પ્રાંતો કરતાં પછાત નથી પણ એ કલાનું શાસ્ત્રીય જ્ઞાન તો અંગ્રેજી પુસ્તકોમાંથી જ લેવું પડે છે.

'પ્રાચીન અને અર્વાચીન ગુજરાતની ગ્રંથસ્થ ચિત્રકલા' (બચુભાઇ રાવત) માં પ્રાચીન કાળની ચિત્રલિપિથી માંડીને આધુનિક છાપેલાં પુસ્તકોમાં વપરાતાં શોભનચિત્રો તથા કળાચિત્રો આદિના પ્રકાર અને વૈવિધ્યનું દર્શન યોગ્ય પૃથક્કરણ અને આકૃતિઓદ્વારા કરાવ્યું છે.

'રંગલહરી' (કનુ દેસાઈ) : એ રંગ અને રેખામાં ઉતારેલાં આઠ જલરંગી ચિત્રોનો સંગ્રહ છે. ચિત્રોમાં સાંગોપાંગ-ગુજરાતી જીવન તેમણે ઉતાર્યું છે અને તેના સુકુમાર ભાવોને વ્યક્ત કર્યા છે.

'ચિત્રસાધના' (રસિકલાલ પરીખ)માં ચિત્રકારનો સંક્ષિપ્ત જીવન-પરિચય આપ્યો છે બલકે એક ઊગતા ચિત્રકારના સ્વાશ્રયીપણા તથા ખંતનો મહિમા દાખવવામાં આવ્યો છે અને તેમની ૩૪ કલાકૃતિઓ આપેલી છે, જેમાં વૂડકટ, સ્કેચો, સાદાં-તથા રંગીન ચિત્રોનો સમાવેશ થાય છે.

'રાગમંજૂષા' (કુમાર શ્રી મંગળાસિંહજી)માં આઠ રાગરાગિણીઓનાં રંગીન ચિત્રો આપવામાં આવેલાં છે. રાજપૂત કાળની ચિત્રકલામાં ઊતરેલાં આવાં ચિત્રોમાં આ ચિત્રકારે કેટલોક ફેરફાર કર્યો છે તે વિશિષ્ટ અભ્યાસ તથા ઊંડી દૃષ્ટિથી કરેલો જણાય છે. ચિત્રોને સમજવા માટે વર્ણન પણ સાથે જોડયું છે.

'મુદ્રણકલા' (છગનલાલ કા. મોદી) : છાપવાના કામમાં પણ બીબાં, શાહી, કાગળ, વગેરેની યોગ્ય મેળવણીમાં જે કલા-કારીગરીને સ્થાન રહેલું છે તેનો ખ્યાલ આ પુસ્તક સંક્ષેપમાં આપે છે.

'સંગીતની પ્રાથમિક માહિતી' (સ્વ. નારાયણ ખરે) દ્વારા પ્રશ્નોત્તરરૂપે સ્વરસપ્તક, માત્રા, રાગ ઇત્યાદિ વિશેના પાઠો વડે શાસ્ત્રીય સંગીતના શિક્ષણની ભૂમિકા લેખકે તૈયાર કરી છે. 'અભિનવ સંગીત' (મૂળસુખલાલ દીવાન)માં પ્રાથમિક સંગીતશિક્ષણ ઉપરાંત ભાતખંડેની પદ્ધતિ અનુસાર રાગોનાં તથા રાસોનાં સ્વરાંકન આપેલાં છે. 'સંગીત લહરી' (ગોકુલદાસ રાયચુરા અને શંકરલાલ કાકર) : એ શ્રી રાયચુરાએ લખેલાં કેટલાંક ગીતો તથા તેમનું સ્વરાંકન છે.

'ઝમુકિયાં' (અનિલ ભટ્ટ) : સિનેમાના ઉદ્યોગની માહિતી આપનારું આ પુસ્તક છે. તેમાં વાર્તાલેખનથી માંડીને ફિલ્મ-દેખાડવા સુધીના જુદા-જુદા તબક્કા સુધી લેખકની દૃષ્ટિ ફરી વળી છે. 'એક્ટિંગના હુનરનું વહેવારુ શિક્ષણ' (ફીરોજશાહ મહેતા) : અભિનય સંબંધી વાચકોને વહેવારુ જ્ઞાન આપવા માટે આ પુસ્તક લખાયું છે. દૃષ્ટિ એમેચ્યુઅરની છે.

'શિલ્પરત્નાકર' (નર્મદાશંકર મૂળજી સોમપુરા): લેખક ભારતીય શિલ્પ-સ્થાપત્યના ચુનંદા અભ્યાસી છે. તેમની દેખરેખ હેઠળ એ વિદ્યાનુસાર અનેક ધર્મમંદિરો બંધાયાં હોઇને તેમણે એ કલાને સજીવ રાખવામાં સારો હિસ્સો આપ્યો છે. લેખકે ગ્રંથરચના પાછળ ૧૨ વર્ષ ગાળ્યાં છે અને તે વિશેના અનેક પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ કરીને તથા સામગ્રી એકઠી કરીને આ-

કૃતિઓ તથા છાયાચિત્રો સાથે આ ગ્રંથ તૈયાર કર્યો છે. મૂળ શ્લોકો, તેનો અનુવાદ, પારિભાષિક કોશ વગેરેમાં પૂરતી શુદ્ધિ જળવી છે.

'ગૃહવિધાન' (વીરેંદ્રરાય મહેતા) : આ ગ્રંથના કર્તા પણ એક જાણીતા સ્થપતિ છે અને મકાનોના રેખાંકનથી માંડીને તે બાંધવા સુધીનાં બધાં કાર્યોમાં નિષ્ણાત છે. તેમનું આ પુસ્તક લોકોને આરોગ્ય તથા ઉપયોગિતાની દૃષ્ટિએ ગૃહવિધાનનો–ઘર બાંધવાનો સરસ ખ્યાલ આપનારું છે. ગૃહવિધાનની વિચારણામાં આપણી સંસ્કૃતિ, આચારવિચાર ઇત્યાદિનો જરૂરી ખ્યાલ રાખવામાં આવ્યો છે.

'લઘુલિપિ' (હરિકૃષ્ણ વ્યાસ) : 'ગુજરાતી શૉર્ટ હૅન્ડ'નાં સંશોધનોમાં અનુભવને આધારે વધુ વહેવારુ બનેલી આ લિપિ છે, અને તે પાછળ યોજકે ખૂબ પરિશ્રમ લીધો છે એમ જણાઈ આવે છે.

'પતંગપુરાણ અથવા કનકવાની કથની' (પ્રો. હીરાલાલ કાપડિયા) : પતંગ ઉડાડવાની કલાનો ઇતિહાસ અને પતંગ બનાવવા, ઉડાડવાની રીતો, તેના લાભાલાભ,–વગેરે વિશેની પુષ્કળ માહિતી આ પુસ્તકમાં સંશોધનદ્વારા સંગ્રહેલી છે. પતંગની લૌકિક પરિભાષા પણ આપી છે.

આરોગ્યવિજ્ઞાન

આરોગ્યવિજ્ઞાનનું આપણું સાહિત્ય વધ્યું છે અને વધતું જાય છે. પહેલાં એ સાહિત્ય વૈદ્યકશાસ્ત્રના અને તેના ઉપચારના ગ્રંથોમાં જ સમાઈ જતું હતું, તેને બદલે હવે નૈસર્ગિક આરોગ્યપ્રાપ્તિ માટેના ઉપચારોનાં નાનાં–મોટાં પુસ્તકો ઇતર ભાષાઓના સાહિત્યમાંથી ઊતરી રહ્યાં છે અને તેના અનુભવો પણ મૌલિક પુસ્તકોમાં સંગ્રહાવા લાગ્યા છે. તે ઉપરાંત ખોરાક, ખોરાકીના પદાર્થો, કપડાં, વ્યાયામ, સાર્વજનિક આરોગ્ય ઇત્યાદિ વિશે વિચારણા અને જનતાની દોરવણી કરનારાં પુસ્તકો વધવા લાગ્યાં છે તેમ જ તેનો વિચાર તથા પ્રચાર પણ ઠીક થવા લાગ્યો છે.

'માનવ દેહમંદિર' (દેસાઈભાઈ પટેલ) : શરીરરચનાની શાસ્ત્રીય માહિતી આપનારું આ પુસ્તક સરલ અને રસિક શૈલીએ લખાયેલું છે. અભ્યાસીઓ અને સામાન્ય વાચકો માટે દેહરચનાનાં પ્રાથમિક તત્ત્વોનું જ્ઞાન તે પૂરું પાડે છે. 'શરીરરચનાનું રહસ્ય' (ધનવંત ઓઝા)માં શરીરનાં અંગોની ક્રિયાઓ અને પોષણ તથા આરોગ્ય સાથેનો તેમનો સંબંધ સરલતાથી સમજાય તેવી શૈલીએ આપ્યાં છે. એ વિષયના અંગ્રેજી ગ્રંથોને આધારે પુસ્તક લખાયું છે અને શારીરવિજ્ઞાનની પ્રાથમિક માહિતી તે સારી રીતે પૂરી પાડે છે.

'અખંડ યૌવન' અથવા 'આરોગ્યમય જીવનકળા' (ડૉ. રવિશંકર અંજારિયા) : એ ડૉ. જૅકસનના 'ધ ઑડી ન્યુટ્રિકુલ' નામના પુસ્તકનો અનુવાદ છે. દેહના આરોગ્યની સાધના માટેની જીવનકળા તેનું લક્ષ્ય છે.

'માનવીનું આરોગ્ય' (નાથાભાઈ પટેલ) : શારીરિક આરોગ્યરક્ષક વિષયોની વિસ્તૃત ચર્ચા ઉપરાંત માનસિક આરોગ્ય સાથે શારીરિક આરોગ્યનો સંબંધ અને માનસિક આરોગ્ય માટે મનોબળ કેળવવાનાં સાધન-સૂચન તેમાં આપેલાં છે.

'ગામડાનું આરોગ્ય કેમ સુધરે ?' (કેશવલાલ ચ. પટેલ) : આદર્શ ગામડાની કલ્પના કરીને વર્તમાન ગામડાના લોકજીવનને આરોગ્યદૃષ્ટિએ જોઈને સુધારણાના માર્ગોનું તેમાં સૂચન કર્યું છે.

'દાયકે દસ વર્ષ' (ડાહ્યાલાલ જની) : હિંદીઓનું આયુષ દુનિયાના દેશોના માનવજીવનની સરાસરીએ તદ્દન ઓછું છે અને ઉત્તરોત્તર તે ઓછું થતું જાય છે, એમ દર્શાવીને આયુષની સરાસરી વધે તે માટે સામાજિક આરોગ્ય સુધારવાના અને આયુષ વધારવાના ઉપાયો તેમાં દર્શાવ્યા છે.

'બ્રહ્મચર્ય મીમાંસા' (ડૉ. જટાશંકર નાન્દી) : ધર્મ તથા વિજ્ઞાન બેઉની દૃષ્ટિએ બ્રહ્મચર્યપાલનનું મહત્ત્વ તથા તેની હાનિથી થતા ગેરલાભોનું તેમાં નિદર્શન કરવામાં આવ્યું છે. એ જ લેખકનું બીજું પુસ્તક 'સો વર્ષ જીવવાની કળા' છે. તેમાં નિસર્ગોપચારની દૃષ્ટિએ તેમ જ આંતર તથા બાહ્ય નીરોગિતાનો પુરસ્કાર કરીને દીર્ઘાયુષી બનવાની કળા બતાવી છે. દીર્ઘ શ્વાસોચ્છ્વાસથી માંડીને વ્યાયામ અને હિત-મિત આહાર, સર્વ પ્રકારની અતિશયતાનો ત્યાગ, સંયમ ઇત્યાદિને દીર્ઘાયુષી બનવાનાં ઉપકરણો બતાવ્યાં છે. લુઇ કૉર્નેરો નામના ઇટાલિયનની આત્મકથા તેનો એક ભાગ રોકે છે.

'આપણો આહાર' (કાન્તિલાલ પંડ્યા) : આહારશાસ્ત્રના પ્રશ્ન પર શાસ્ત્રીય ચર્ચા કરીને અને આપણા આહારની તાત્ત્વિકતા તથા ઊણપો દર્શાવીને તેમાં આહાર વિશે ઉપયોગી માહિતી આપવામાં આવી છે.

'પ્રજાજીવનની દૃષ્ટિએ દૂધ અને ઘી' (ડૉ. હરિપ્રસાદ દેસાઈ) : પ્રજાજીવન માટે દૂધની અત્યાવશ્યકતા તેમાં સમજાવેલી છે અને ચોખ્ખા દૂધની વપરાશ વધારવાનાં સૂચનો કરેલાં છે. 'દૂધ' (ડૉ. નરસિંહ મૂળજીભાઈ) : એ પુસ્તકમાં દૂધ એક સંપૂર્ણ ખોરાક તરીકે કેટલું તાત્ત્વિક છે તેનો આરોગ્યવિજ્ઞાનની દૃષ્ટિએ ખ્યાલ આપેલો છે.

'દક્ષિણી રાંધણકળા' (સ્ત્રીશક્તિ કાર્યાલય) માં દક્ષિણીઓના ખોરાકના કેટલાક પદાર્થો તૈયાર કરવાની રીતો સૂચવી છે.

'સ્ત્રીઓનો પહેરવેશ' (ઇંદિરા કાપડિયા) માં વર્તમાન ગુજરાતના સ્થળભેદે કરીને સ્ત્રીઓના બદલાતા પોશાકની માહિતી આપવામાં આવી છે.

'ઉપવાસ કેમ અને ક્યારે' (હરજીવન સોમૈયા) : જુદાંજુદાં દર્દો નિવારવાના ઉપચાર તરીકે ઉપવાસનો ઉપયોગ કરવાના પ્રયોગો તથા તેની અસરનું દર્શન કરાવવાને અંગ્રેજી અને દેશી ભાષાનાં પુસ્તકોને આધારે આ પુસ્તક લખાયું છે અને લેખકે પોતાના અનુભવોનો પણ તેમાં ઉમેરો કર્યો છે. ઉપવાસદ્વારા આરોગ્ય પ્રાપ્ત કરવાની વિશિષ્ટ ઉપચારપદ્ધતિ અને તેના ઇતિહાસની જરૂરી સમજ પણ આ પુસ્તક આપે છે.

'દર્દો, દવાઓ અને દાક્તરો' (રમણલાલ એન્જીનિયર)માં દર્દો મટાડવાને દવાઓ કરતાં કુદરતી ચિકિત્સા વધુ અસરકારક છે એ વાતનું સમર્થન કરવામાં આવ્યું છે અને નિસર્ગોપચારનું ઊંચું મૂલ્ય આંકી બતાવ્યું છે. નિસર્ગોપચારના પુરસ્કારને લગતાં એ જ લેખકનાં બીજાં નાનાં પુસ્તકો જનતામાં પ્રચારને યોગ્ય છે તેનાં નામો નીચે મુજબ છેઃ 'શરદી અને સળેખમ', 'નિસર્ગોપચાર અને જલોપચાર', 'કલેજાના રોગો', 'લાંબું ચાલો અને લાંબું જીવો', 'વેક્સીનેશન અને સેનીટેશન', 'નિસર્ગોપચાર : વિચાર અને વ્યવહાર' તથા 'નિસર્ગોપચાર સર્વસંગ્રહ' એ નામો હેઠળ લેખકે એ વિભાગોમાં ખોરાક, દર્દ, શરીરશાસ્ત્ર અને કુદરતી ઉપચારોને લગતા લેખોના સંગ્રહ કરેલા છે.

'વ્યાયામ જ્ઞાનકોશ–ખંડ ૧' (દત્તાત્રેય ચિંતામણ મજમુદાર) : વેદકાળથી માંડીને આજસુધીનો વ્યાયામનો ઇતિહાસ, દેશીવિદેશી રમતો અને સામાન્ય જીવનમાં આવતા વ્યાયામ યોગ્ય ગરબાનૃત્યાદિ પ્રસંગો સુધીની માહિતી પુષ્કળ ચિત્રો સાથે આ પુસ્તકમાં આપી છે. મરાઠીમાંથી તેનું ગુજરાતી ભાષાંતર કરવામાં આવ્યું છે અને પુસ્તક ખૂબ જ માહિતી તથા વહેવારુ ઉપયોગિતાથી ભરપૂર છે.

'ભારતીય કવાયત' (પ્રો. માણિકરાવ)માં સંઘવ્યાયામની તાલીમ માટે કવાયતની દેશી પરિભાષા સમજૂતી સાથે યોજવામાં આવી છે.

'પ્રાચીન ભારતની દંતવિદ્યા' (ડો. કેખુશરુ જીવ્રમ) : દંતવિદ્યા તક્ષશિલા વિદ્યાપીઠમાં શીખવાતી હતી અને આજે તેનો ધ્વંસ થયો છે તે વિશેનો ઇતિહાસ આ પુસ્તકમાં આપ્યો છે. એ જ લેખકનું બીજું પુસ્તક 'મોઢાનો બગીચો' દાંતના આરોગ્ય માટે દાંતની રચના તથા માવજત વિશેની માહિતીથી ભરેલું છે. તેમનું ત્રીજું પુસ્તક 'જીંદગીનો આનંદ' છે તેમાં પ્રાચીન સમયમાં દાંત માટેના વિચિત્ર રિવાજો દર્શાવ્યા છે અને દાંતની બનાવટ, જતન તથા બોપણ વિશેની માહિતી આપી છે. 'દાંતની સંભાળ' (ડો.

કેખુશરુ જીલા તથા રણછોડભાઈ પટેલ) દાંતની માવજત માટેની વહેવારુ સલાહ આપે છે.

'સાનમાં સમજાવું–ભાગ ૧' (ડાહ્યાલાલ જાની) : સ્ત્રીઓનું સામાન્ય આરોગ્ય બગડતું જાય છે અને અવગણના પામ્યા કરે છે તે કારણે તેમનાં દર્દો અને ચિંતાઓમાંથી તેમને મુક્ત કરવાની દૃષ્ટિએ કેટલાક ઉપાયોનું અને માહિતીનું દર્શન તેમાં કરાવેલું છે.

'બાળકોની માવજત' (ડૉ. રઘુનાથ કદમ)માં બાલચિકિત્સા તથા બાલઉછેરની માહિતી આપી છે.

'કાયાકલ્પ વિજ્ઞાન' (વૈદ્ય રવિશંકર ત્રિવેદી) : આયુર્વેદિક ચિકિત્સાપદ્ધતિને અનુસરીને, શરીરનાં સત્ત્વો કે જે વૃદ્ધાવસ્થાને કારણે ઘટ્યાં હોય, તેને નવેસરથી સર્જવાનું શિક્ષણ તથા ઉપચારોનું દર્શન આ પુસ્તક આપે છે.

'પુત્રદા અને પારણું' (વૈદ્ય જાદવજી નરભેરામ) : નવોઢાનું પ્રથમ માતૃત્વ એ આ પુસ્તકનો વિષય છે. સ્ત્રીના શારીરિક આરોગ્યને જીવનનાં બીજાં પાસાંઓને સ્પર્શતા રહીને તેમાં છણેલું છે એટલે પુસ્તક આરોગ્યવિજ્ઞાનનું હોવા છતાં વાચનક્ષમ બન્યું છે. પતિના મિત્ર તરીકે અને પત્નીના ભાઈ તરીકે લેખક દરેક વિષયની ચર્ચા સાથે દોરવણી આપે છે.

'વૈદ્યોનું વાર્ષિક' (સં. પ્રતાપકુમાર વૈદ્ય): એ આરોગ્ય તથા આયુર્વેદસંબંધી જ્ઞાનપ્રચુર નિબંધોનો સંગ્રહ છે, અને નિબંધો જુદાજુદા નિષ્ણાતોને હસ્તે લખાયેલા છે. ઘણા લેખો પરંપરાને દૂર રાખીને નવીન દૃષ્ટિપૂર્વક લખાયેલા છે.

જાતીય વિજ્ઞાન

આ પૂર્વેનાં પાંચ વર્ષમાં જાતીય વિજ્ઞાનને નામે જાતીય જીવનની તરેહવાર બાબતો ચર્ચનારાં પુસ્તકો સારી પેઠે પ્રસિદ્ધ થયાં હતાં; આ પાંચ વર્ષમાં એવાં પુસ્તકો થોડાં પ્રસિદ્ધ થયાં છે, તેનું કારણ કદાચ એ પણ હોય કે એવાં પુસ્તકો મોટે ભાગે વૈજ્ઞાનિક અને સાચે માર્ગે દોરવનારાં હોવાને બદલે રોમાંચક તથા કુતૂહલપોષક વાચન પૂરું પાડનારાં ઊતરતી કોટિનાં પુસ્તકો હતાં અને તે સાચી રીતે આરોગ્યપ્રદ નહોતાં, એમ જનતા સમજી ગઈ છે; અને તેથી તેનો મળતું ઉત્તેજન ઘટ્યું હોવાને કારણે એવાં વધુ પ્રકાશનો અટક્યાં હોવાં જોઈએ. આ પાંચ વર્ષમાં એ પ્રકારનાં પુસ્તકો થોડાં છે.

'વાત્સ્યાયન કામસૂત્ર' (શ્રી વાસિષ્ઠ શાસ્ત્રી) : કામવિજ્ઞાનનાં એ સંસ્કૃત પુસ્તકનો આ ગુજરાતી અનુવાદ છે. 'તે પુસ્તક સામાન્ય પ્રચાર માટે નથી

પણ વિદ્વાનો, ડૉકટરો, વૈદ્યો તથા અભ્યાસીઓ માટે ધર્મ, અર્થ અને કામ-શાસ્ત્રના અભ્યાસનું બાનગી પુસ્તક છે' એમ પ્રકાશક કહે છે! અધિકારી–અનધિકારી સૌ તેને કુતૂહલપૂર્વક વાંચે અને વિપથગામી બને એવો સંભવ આવાં પ્રાચીન શાસ્ત્રીય પુસ્તકોથી વિશેષ ઉત્પન્ન થાય છે. અધિકારી અભ્યાસીઓ માટે તો એ ગ્રંથ મૂળ સંસ્કૃતમાં જ રહ્યા કરે તે વધારે ઠીક છે.

'પ્રેમોપચાર અને આસનો' (જયંતીલાલ દેશી) : જાતીય વિજ્ઞાનનું એક સ્થૂળ પ્રકરણ આ પુસ્તકમાં ચર્ચવામાં આવ્યું છે અને એ વિષય પરના અનેક ગ્રંથોમાંથી તારવણી કરીને તે તૈયાર કરવામાં આવેલું છે. લેખનમાં યોગ્ય મર્યાદા જાળવી છે. લગ્નપૂર્વે અને પછી ઉપયોગી નીવડે એવાં તત્ત્વો તેમાં રહેલાં છે.

'પરણ્યા પહેલાં' (વૈદ્ય મોહનલાલ ધામી) : એ પુસ્તક કુમારો માટે હિતકારક માહિતી આપે છે અને શ્રી. હરભાઇ ત્રિવેદીએ તેને કુમારો માટેના ઉપયોગી વાચન તરીકે પ્રમાણપત્ર આપ્યું છે. પત્રોની શૈલીએ તે લખાયું છે. પત્રોની શૈલીએ લખાયેલું બીજું પુસ્તક 'નવદંપતીને' (વૈદ્ય જાદવજી નરભેરામ) છે, જેમાંના બે ખંડમાં લગ્નપૂર્વેની તૈયારી માટે કન્યાને તેનો ભાઈ અને વરને તેની ભાભી યોગ્ય ભાષામાં કેટલીક માહિતી, સૂચન અને શિખામણ આપે છે.

'લગ્નપ્રપંચ' (નરસિંહભાઇ ઇ. પટેલ) : 'પુરુષે પોતાની કામલોલુપતાને તૃપ્ત કરવા માટે લગ્નને નામે સ્ત્રી પ્રત્યે કેવો પ્રપંચ રચ્યો છે, પરિણામે લગ્નની સુંદર ભાવનાના કેવા રીતે ભાગીને ભુક્કા કરી નાંખ્યા છે અને તેથી સ્ત્રીનો પોતાનો ને સમસ્ત સમાજનો કેવો ભયંકર વિનિપાત કરી મૂકયો છે' તેની ચર્ચા આ પુસ્તકમાં કરીને લગ્નસંસ્થાના પ્રારંભકાળથી માંડીને આજે દેશમાં તથા પરદેશમાં તેની થયેલી સ્થિતિ સુધીનો ઇતિ-હાસ આ ગ્રંથમાં આપવામાં આવ્યો છે અને લગ્નના આખા પ્રશ્નની ચર્ચા જુદાજુદા દૃષ્ટિકોણથી કરી છે.

'જાતીય રોગો' ('સત્યકામ')માં જાતીય કુટેવોની માહિતી અને તે અટકાવવાના માર્ગો પ્રશ્નોત્તરરૂપે આપવામાં આવ્યા છે. તેમાંની સમજ ઘણે અંશે જાતીય અજ્ઞાનનું નિવારણ કરી શકે તેવી છે. કુટેવોનો વંશવેલો કેવો વિનાશક નીવડે છે તેનો ખ્યાલ તેમાં આપેલા પત્રોદ્વારા મળે છે. કુટેવથી છૂટવાના નૈસર્ગિક ઉપચારો પણ દર્શાવ્યા છે. ભ્રષ્ટાચારનાં વર્ણનો આપવાની શૈલી ઇષ્ટ જણાતી નથી.

અર્થવિજ્ઞાન

આ શાખામાં આવે તેવાં માત્ર ત્રણ પુસ્તકો આ પાંચ વર્ષમાં પ્રસિદ્ધ થયાં છે. એ શાસ્ત્રના અભ્યાસમાં રાષ્ટ્રીય દૃષ્ટિ પ્રવેશી છે અને પાશ્ચાત્ય અર્થશાસ્ત્રીઓના શાસ્ત્રીય સિદ્ધાંતો હિંદ જેવા રાષ્ટ્રને માટે પૂર્ણતઃ ઉપયોગી થઈ પડે તેમ નથી એ વિચાર વિકાસ પામી રહ્યો છે એમ એ વિશેની ચર્ચાનાં પુસ્તકો પરથી ફલિત થાય છે.

'ભારતીય અર્થશાસ્ત્ર' (ચીમનલાલ ડોકટર): વર્તમાન દૃષ્ટિપૂર્વક અને હિંદને અનુકૂળ આર્થિક વિચારસરણીના નિદર્શનપૂર્વક આ ગ્રંથ લખાયો છે અને વિષયનિરૂપણ ઐતિહાસિક તથા માર્ગદર્શક બને તેવું છે. ખેડૂત, મજૂર, વેપારી, બૅંકો, ઇત્યાદિ વર્તમાન અર્થશાસ્ત્રનાં અંગોની વિચારણા તેમાં કરેલી છે.

'આપણા આર્થિક પ્રશ્ન' (છગનલાલ જોષી)માં હિંદના આર્થિક પ્રશ્નોની છણાવટ વહેવારુ દૃષ્ટિએ કરવામાં આવી છે.

'વધારાના નફા ઉપર કર' (વૃંદાવનદાસ જે. શાહ): નફા પરના કરના કાયદાની ગૂંચવણને ઉકેલવા માટેની સમજૂતી આ પુસ્તકમાં આપેલી છે.

'વ્યાપારી નામું' (રવિશંકર મહેતા તથા દલપતરામ દવે): નામું, હૂંડી, વ્યાજ, વગેરે વેપારીને ઉપયોગી બાબતોના સર્વસંગ્રહ જેવું આ પુસ્તક છે.

ઉદ્યોગ

જુદાજુદા ઉદ્યોગોને લગતાં શાસ્ત્રીય અને વહેવારુ માહિતીવાળાં પ્રકાશનોમાં ખેતીના ઉદ્યોગને લગતાં પુસ્તકો વધારે છે અને તેથી ઊતરતું પ્રમાણ પ્રકીર્ણ હુન્નરઉદ્યોગનાં તથા ખાદી જેવા રાષ્ટ્રીય ઉદ્યોગનાં પુસ્તકોનું છે. ખેતી જેવા દેશવ્યાપી ઉદ્યોગનાં પુસ્તકો ઓછાં છે, કારણકે ખેડૂતો મોટે ભાગે અભણ છે અને ખેતીમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ હજી આવી નથી. ફળ અને શાકભાજીના ઉદ્યોગમાં એ દૃષ્ટિ આવતી જાય છે તેવું સૂચન ખેતી માટેનાં પુસ્તકોમાં સૌથી વધારે પુસ્તકો એ વિશેનાં છે તે ઉપરથી થાય છે.

'ખેતીનાં મૂળ તત્ત્વો: જમીન, પાણી અને ઓજાર' (માર્તંડ પંડ્યા): એ ખેતીના ઉદ્યોગ અંગેની પ્રાથમિક માહિતીવાળું પુસ્તક છે અને લેખક ખેતીવાડી વિષયના એક ગ્રેજ્યુએટ છે. 'ખાતરોની માહિતી' (સોમાભાઈ કી. પટેલ): એ ખેતીના પ્રાણરૂપ સાદાં અને રાસાયનિક ખાતરો સંબંધી સારી પેઠે માહિતી આપનારું પુસ્તક છે.

'ફળબાગ સર્જન' (ભાનુપ્રસાદ દેસાઈ)માં ફળાઉ વૃક્ષોના ઉછેર અને માવજત સંબંધી લેખકે અનુભવપૂર્વક એકઠી કરેલી માહિતી આપવામાં

આવી છે. 'લીંબુ અને તેની જાતનાં ફળોનો ઉદ્યોગ' (ભગવતીલાલ ગજ્જર): એ જેવાં ફળોની ખેતી ઉપરાંત તેના રસ વગેરેની જાળવણી કરીને તેનો ઉદ્યોગ ચલાવવા માટેની ઉપયોગી સૂચનાઓનું પુસ્તક છે. 'શાકભાજીની વાડી' (સોમાભાઈ મા. પટેલ)માં શાકભાજીની ખેતી, સાચવણી, વેચાણ વગેરેની માહિતી ઉપરાંત જુદાંજુદાં શાકભાજીનાં આરોગ્યદર્શક મૂલ્યો બતાવ્યાં છે.

'ગુલાબ' (નરીમાન ગોળાવાળા)માં એ પુષ્પનો રસિક ઇતિહાસ આપવામાં આવ્યો છે.

'પ્લાયવુડ' (રવિશંકર પંડ્યા) : એ પ્લાયવુડની બનાવટ અને તેના જુદા-જુદા પ્રકારો વિશેની માહિતી સામાન્ય માણસો તેમજ ધંધાદારીઓ માટે આપવામાં આવી છે.

'ખાદી વિદ્યાપ્રવેશિકા' (નવજીવન કાર્યાલય) : પીંજણ–કાંતણથી માંડીને ખાદીની ઉત્પત્તિ સુધીનું શિક્ષણ આ પુસ્તકમાં આપેલું છે. કાંતનાર–વણનારની મુશ્કેલીઓનો ઉકેલ, ખાદીગણિત તથા કાંતણ–પીંજણના યંત્રવિજ્ઞાન ઇત્યાદિનો પણ તેમાં સમાવેશ કરેલો છે.

'હુન્નર ઉદ્યોગ અને વ્યાપાર' (ડુંગરશી ધરમશી સંપટ તથા ગટુલાલ સી. ચોકસી) : હિંદના જૂના ગૃહઉદ્યોગોની વર્તમાન સ્થિતિ અને નવા–જૂના ગૃહઉદ્યોગો વિકસાવવાની પ્રેરણા આપનારા વિજ્ઞાનવિષયક લેખોનો સંગ્રહ આ પુસ્તકના પહેલા ભાગમાં છે; બીજા ભાગમાં જુદીજુદી વસ્તુઓની બનાવટો તથા તે વસ્તુઓનો વેપાર ખીલવવાની કળાઓ દર્શાવી છે.

'રાષ્ટ્રીય ઉદ્યોગો' (મૃદુલ) : આજની રાષ્ટ્રીય બેકારીનો પ્રશ્ન છંડીને આ પુસ્તકમાં લેખકે સ્વદેશીની સાધનાના એક કાર્યક્રમ તરીકે કેટલાક રાષ્ટ્રીય ઉદ્યોગો કેમ હાથ ધરી શકાય તેની વીગતો આપી છે. વસ્તુતઃ મોટા કે વિશાળ ઉદ્યોગોને બદલે નાના-મોટા હુન્નરો શીખવનાર એ પુસ્તક છે અને લેખકની દૃષ્ટિ પ્રામાણિક ઉત્પાદનની, સ્વદેશીની અને વેપારમાં નીતિમયતાની છે.

'નફાકારક હુન્નરો' (મૂળજી કાનજી ચાવડા) : આ પુસ્તકના છેલ્લા ૨–૩ ભાગોમાં કેટલાક હુન્નરોની વીગતવાર માહિતી આપી છે જે હુન્નરો આડધંધા તરીકે ઉપયોગી થઈ શકે. પુસ્તકની વિશિષ્ટતા એ છે કે તેમાંના હુન્નરો તથા નુસ્ખાઓ તે તે હુન્નરના નિષ્ણાતો અને અનુભવીઓને હાથે લખાવીને આપવામાં આવ્યા છે.

પ્રકીર્ણ

આ વિભાગમાં વિજ્ઞાનની પ્રકીર્ણ શાખાઓ જેવી કે મનોવિજ્ઞાન, જીવવિજ્ઞાન, માનવશાસ્ત્ર, ઇત્યાદિને લગતાં પુસ્તકો લીધાં છે.

'જીવવિજ્ઞાન' (ડૉ. માધવજી બી. મરુજર) : અભ્યાસીઓ અને સામાન્ય વાચકો સમજી શકે તેવી શૈલીએ આ ગ્રંથ સંખ્યાબંધ આકૃતિઓ સાથે તૈયાર કર્યો છે. વિજ્ઞાનના પારિભાષિક શબ્દો પરભાષાના બિલકુલ જ વાપરવા ન પડે એ સ્થિતિ હજી આપણે ત્યાં આવી નથી, છતાં બની શક્યા તેટલા એવા શબ્દો લેખકે ગુજરાતી ભાષાના વાપર્યા છે. તદ્દિદોએ આ ગ્રંથને એક મહત્ત્વના ગુજરાતી પ્રકાશન તરીકે માન્ય રાખ્યો છે.

'જંતુશાસ્ત્રપ્રવેશિકા' (ડૉ. બાલકૃષ્ણ અમરજી) : લેખક આયુર્વેદ અને એલોપથીના વિદ્વાન છે તથા જંતુશાસ્ત્રના સારા અભ્યાસી છે. એ શાસ્ત્રના પોતાના અભ્યાસનું ફળ તેમણે સંક્ષેપમાં આ પુસ્તકદ્વારા આપ્યું છે.

'માનસશાસ્ત્ર' (નવલરામ ત્રિવેદી): વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ઉપયોગી થાય તેવાં માનસશાસ્ત્ર વિશેનાં વ્યાખ્યાનોનો એમાં સંગ્રહ કરેલો છે.

'માનવજીવનનો ઉષઃકાળ' (અશોક હર્ષ) : પૃથ્વી વાયુરૂપ હતી તે આજની સ્થિતિએ સવા અબજ વર્ષે પહોંચી છે એમ વિજ્ઞાનવેત્તાઓ માને છે, તેમાં જીવસૃષ્ટિ કરોડો વર્ષે થઈ અને માનવસૃષ્ટિ ત્યારપછી થઈ: વૈજ્ઞાનિકોની એ ગણત્રી તથા સંશોધનોદ્વારા આ પુસ્તકમાં માનવજીવન કેવી રીતે ઉત્પન્ન થયું તથા ઉત્તરોત્તર વિકસતું ગયું તે અંગ્રેજી ગ્રંથોને આધારે સંક્ષેપમાં પણ રસદાયક રીતે આપ્યું છે. જરૂરી ચિત્રો પણ આપ્યાં છે.
'માનવીનું ઘર' (ચંદ્રભાઈ ભટ્ટ)માં માનવસંસ્કૃતિ કેવી રીતે વિકાસ પામતી ગઈ અને માનવીની વેલ પૃથ્વીપટ પર પથરાતી ગઈ તેનો કુતૂહલ જગાવે તેવો ઇતિહાસ આપ્યો છે. જગતના સ્વરૂપને ઓળખવા માનવીએ રચેલાં શાસ્ત્રોનો પણ તેમાં પરિચય કરાવ્યો છે.

'મનુષ્ય વાણીની ઉત્પત્તિ અને વિકાસ' (વિજયરાય વૈદ્ય) માં વાણીની ઉત્પત્તિ તથા વિકાસ વિશેના નિબંધો છે, જેમાં વેદોમાં દર્શાવેલા વાણી-સામર્થ્યથી માંડીને જુદાજુદા દેશોમાં સાહિત્યરચના થઈ ત્યાંસુધીના વાણી-વિકાસનું નિરૂપણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ કરેલું છે.

'વિશ્વદર્શન' (છોટાલાલ કામદાર) : સૂર્યમંડળથી માંડીને અનેક માહિતીનાં ક્ષેત્રો, ઇતિહાસ, ભૂગોળ, જાણીતા પુરુષો, વૈજ્ઞાનિક શોધો ઇત્યાદિ સંબંધી એક જ્ઞાનચક્ર જેવો આ આકરગ્રંથ બન્યો છે. જાણવાજોગ ઘણી વસ્તુઓની માહિતી તેમાંથી મળે છે. અંગ્રેજીમાં આવા ગ્રંથો વિષયવાર જુદાજુદા હોય છે, આમાં એનો સર્વસંગ્રહ છે.

'વનસ્પતિ સૃષ્ટિ' (ગોકુલદાસ બી. પાંચડાઇ)માં જગતની બધી વનસ્પતિનું વર્ગવાર વર્ણન અને તેનો આર્થિક તથા ઔષધીય પરિચય આપેલો

છે. લેખકને પોતાના ગુરુ સ્વ. જયકૃષ્ણ ઈંદ્રજી પાસેથી જે પ્રેરણા મળેલી તે આ મોટા ગ્રંથ પાછળના પરિશ્રમને સાર્થક બનાવી શકી છે. વનસ્પતિ-ઓના અભ્યાસ અને સંશોધન પાછળ લેખકે ઉઠાવેલી જહેમતનો ખ્યાલ તેમના આત્મકથનમાંથી પ્રાપ્ત થાય છે.

બાલ–વાઙ્મય

બાળકો, કિશોરો અને કુમારો માટેનાં પાઠ્ય પુસ્તકો સિવાયનું ઇતર વાચન 'દક્ષિણામૂર્તિ ભવન'નાં પ્રકાશનોની પ્રેરણાથી ગુજરાતમાં ઠીક ફૂલ્યું-ફાલ્યું છે હાલમાં આવા વાઙ્મય માટેની આર્થિક ગ્રંથમાળાઓ ચાલી રહી છે, અને આ વિભાગ હેઠળનાં નાનાં-મોટાં પુસ્તકો ઉપરથી કહી શકાય તેમ છે કે તેમાંની કેટલીકે તો પ્રેરક સંસ્થા કરતાં પણ કેટલાક પ્રમાણમાં સરસાઈ કરી બતાવી છે. દુર્ભાગ્યે 'દક્ષિણામૂર્તિ' સંસ્થા બંધ થઈ છે. તેનાં જૂનાં પ્રકાશનો ચાલુ રહ્યાં છે, તોપણ નવાં પ્રકાશનો અટકી ગયાં છે અને વિદ્યાર્થીઓ સાથેના ગાઢ સંપર્કમાંથી ઉત્પન્ન થયેલી બાલવાઙ્મય માટેની દૃષ્ટિની ઊણપ બીજી સંસ્થાઓના બાલવાઙ્મયમાં જણાયા વિના રહેતી નથી. સામાન્ય રીતે એ વાઙ્મયના કેટલાક લેખકો એમ માને છે કે બાલરોચક વિષયો પર કવિતા, નાટિકા કે કથા લખીને મોટા અક્ષરે પ્રસિદ્ધ કરી હોય તો તે બાલવાઙ્મય બની જાય! ભાષાની સરળતા અને બાલ-બોધક શૈલી એ બેઉની ઊણપ મોટા પ્રમાણમાં દેખાતી હોઈને લેખકોની આ સામાન્ય માન્યતા ટીકાને પાત્ર બને છે. બાલશિક્ષણ અને બાળકોના સંપર્કવાળા શિક્ષકો એ દિશામાં સારુ કાર્ય કરી શકે પરંતુ થોડા લેખકો-માં જ વાઙ્મય માટેની મૌલિક દૃષ્ટિ જણાય છે અને જેમનાં લખાણોમાં એ દૃષ્ટિ છે તેઓ લોકપ્રિય પણ નીવડ્યા છે.

આ પાંચ વર્ષોમાં બાળકો માટેની કવિતા બહુ જ થોડી લખાઈ છે અને અને તેમાંય થોડી કવિતા સાચી બાલકવિતા છે. જાણીતા કવિઓની ત્રણ-ચાર કૃતિઓને બાદ કરીએ તો આપણા ઘણ ખરા જાણીતા કવિઓ આ ક્ષેત્રની ઉપેક્ષા કરતા જણાયા વિના નહિ રહે. બાળનાટકોની પણ એ જ સ્થિતિ છે. બાળકો માટેની ગ્રંથમાળાઓ વિવિધતાને માટે થોડાં નાનાં નાટકો કે સંવાદો આપે છે એટલું જ. આ વિભાગમાં 'ચાલો ભજવીએ'ના હિસ્સો કાંઈક વિશેષ લેખાય.

બાળકો માટેનું કથાવાઙ્મય ભરપટ્ટે પ્રસિદ્ધ થયે જાય છે અને વાઙ્મય

બૃહત્ કથાઓ અથવાતો બાળકો માટેની નવલ-કથાઓ થોડી જ છે, પરન્તુ ચરિત્રકથાઓ અને બોધ તથા વિનોદની કથાઓ સારી પેઠે પ્રસિદ્ધ થઇ છે. એકવાર પરીકથાને જ બાળકો માટેની કથા લેખવામાં આવતી તે માન્યતા હવે દૂર થઈ છે. અને જોકે પરી-કથાઓ પણ પ્રસિદ્ધ થતી રહે છે, તોપણ સાહસકથાઓ, પ્રવાસકથાઓ, ચરિત્રકથાઓ, પ્રાણીકથાઓ ઇત્યાદિના વૈવિધ્યથી આ વાઙ્મયવિભાગ સમૃદ્ધિવંત બન્યો છે.

સામાન્ય જ્ઞાન અને વિજ્ઞાનની પુસ્તિકાઓ પ્રમાણમાં ઠીક મળી છે. પ્રકૃતિસૌંદર્ય, જગતની નવાઇઓ, પશુજીવન, પક્ષિજીવન, માનવજીવન, બગોળા, યંત્ર, વિમાન, હુન્નર ઇત્યાદિને સ્પર્શતી અનેક બાબતો આ પુસ્તિ-કાઓમાં ઊતરી છે. જ્ઞાન કરતાં કુતૂહલને વધારે ઉશ્કેરતું વાઙ્મય વાચ-કોમાં જ્ઞાનની તરસ માત્ર ઉત્પન્ન કરી શકે. પરન્તુ આ વાઙ્મયમાં હજી તો પહેલાં પગલાં જ મંડાયાં લેખાય. કેવળ સામાન્ય જ્ઞાન અને વિજ્ઞાનની બાળ-ગ્રંથમાળા જો સરસ રીતે પ્રસિદ્ધ થાય તો કથા-વિનોદ જેટલી જ તે લોકપ્રિય નીવડી શકે તેમ છે.

બાળકો માટેની ગ્રંથમાળાઓમાં એકલી ચરિત્રકથાઓ 'કિશોર ચરિત્ર-માળા'માં અને 'ફોરમ' ગ્રંથાવલીમાં હોય છે. 'વિદ્યાર્થી વાચનમાળા'માં ચરિત્રકથાઓ તથા સ્થાનવર્ણનોનું મિશ્રણ છે. બાકીની બધી ગ્રંથમાળાઓ કવિતા, નાટક, વાર્તા, ચરિત્ર, પ્રવાસ, વિનોદ, વિજ્ઞાન ઇત્યાદિના વૈવિધ્યથી યુક્ત છે. ચિત્રો, મુદ્રણ અને રંગરૂપમાં બધી બાલગ્રંથાવલીઓ આગળ ને આગળ વધી રહી છે; તેમાં 'બાલવિનોદમાળા' અને 'અશોક બાલ પુસ્તક-માળા'એ સૌથી વિશેષ આકર્ષણ જમાવ્યું છે.

બાલ, કિશોર અને કુમાર એ ત્રણે વયના વાચકો માટેના વાઙ્મયને આ બાલવાઙ્મયના વિભાગમાં સમાવ્યું છે. 'સયાજી બાલ જ્ઞાનમાળા'નાં પુસ્તકો નાનાં હોવા છતાં એ બધાં ય બાળકો કે કુમારો માટે નહિ પણ મોટી વયનાં માટે લખાયેલાં નાનાં પુસ્તકો હોય એમ જણાવાથી તે ગ્રંથ-માળાનાં પુસ્તકો તથા બીજાં પણ કોઇકોઇ પુસ્તકોને બાલવાઙ્મયને બદલે સામાન્ય સાહિત્યવિભાગમાં લેવાનું સુઘટિત માન્યું છે. ગ્રંથમાળાઓની બહારની છૂટક પ્રસિદ્ધ થયેલી બાળકો માટેની પુસ્તિકાઓને પણ બને તેટલા પ્રમાણમાં આ નોંધમાં સમાવી છે, છતાં અનવધાનયોગ છે કે કોઇકોઇ દૃષ્ટિની બહાર રહી જવા પામી હોય.

કવિતા

'રંગ રંગ વાદળિયાં' (સુંદરમ્ : અરુણ પુસ્તકમાળા) બાલહૃદયને ઉત્સાહ આપે તેવાં બાલકલ્પનાસૂચ્યાં ગીતોનો સંગ્રહ. 'નગીના વાડી' (રમણિક અરાલવાળા : અશોક બાલ પુસ્તકમાળા) બાળકોને રુચે તેવા વિષયો પર બાલભોગ્ય શૈલીનાં ૧૬ ગીતોનો સંગ્રહ. 'મોમાભાઈ ભાવસારનાં કાવ્યો' વિશેષ ગેય તત્ત્વવાળાં બાળગીતો. 'ફુલદાની' (ચંદ્રકાન્ત મં. ઓઝા) કિશોર વયના વિદ્યાર્થીઓ માટે કૂચગીતો, ભાવગીતો અને ઊર્મિગીતો. એ જ લેખકનું 'મંગળ ગરબાવળી' લોકગીતોના ઢાળવાળા ગરબાઓ. 'ગુંજન' (ધૈર્યચંદ્ર બુદ્ધ) પ્રયત્નપૂર્વક યોજેલાં સરલ ગીતો. 'ગુંજારવ' (ત્રિભુવન વ્યાસ) બાલગીતો. 'છીપલાં' (મોહન હક્કર) બાલગીતો. 'ચાલો ગાઈએ' (મૂળાસુખલાલ દીવાન) સંગીત દૃષ્ટિએ યોજેલાં બાળગીતો. 'કિલકિલાટ' ન્યૂ એરા સ્કૂલનાં બાલ-ગીતો. 'તલસાંકળી' (જયંત શંકર જોષી) સોળ બાલગીતો. 'સંગીત પ્રવેશપોથી' (રતિલાલ અધ્વર્યુ) સ્વરાંકન સાથે બાળકોનાં સરલ ભાવગીતો. 'ગીત-કથાઓ' (અશોક બાલપુસ્તકમાળા : ચંદ્રકાન્ત મં. ઓઝા). 'પદ્યકથાઓ' (બાલજીવન કાર્યાલય).

નાટક

'રૂપાની ગાય' (રમણલાલ સોની) કિશોરોએ ભજવવાયોગ્ય સ્ત્રીપાત્રો વિનાની નાની નાટિકાઓનો સંગ્રહ. 'પન્નાકુમારી' (ભાસ્કરરાવ કર્ણિક તથા જ્યોત્સ્નાના હાકોર)માં બે નાટિકાઓ છે : 'પન્નાકુમારી' અને 'મનરંજન'.

'ચાલો ભજવીએ' (ગાંડીવ) ભાગ ૧૧ (હરિપ્રસાદ વ્યાસ) અને ભાગ ૧૨ (ભાનુપ્રસાદ વ્યાસ) બાળકો, કિશોરો અને કુમારો ભજવી શકે તેવી નાની નાટિકાઓના લોકપ્રિય નીવડેલા સંગ્રહો છે.

'આપણે ભજવીએ' (આપણી બાલગ્રંથમાળા-ભરૂચ) માં ભજવવા યોગ્ય નાની નાટિકાઓ આપી છે.

'સુંદર સંવાદો' (અશોક બાલ પુસ્તકમાળા : ચંદ્રકાન્ત ઓઝા).

'ચાર સુંદર સંવાદો' (ગૂર્જર બાલગ્રંથાવલિ).

બૃહત્ કથાઓ

'પોપટની વાર્તા' (શાંતિલાલ સારાભાઈ ઓઝા) : એ 'કાદંબરી' પરથી સરસ શૈલીમાં ઉતારેલી કથા છે અને વિદ્યાર્થીઓ રસપૂર્વક તેનો ઉપયોગ કરી શકે તેમ છે.

'વીર શાલિવાહન' (જીવરામ જોશી : ગાંડીવ બાલોદ્યાનમાલા) : એ નામના ઇતિહાસપ્રસિદ્ધ રાજાની આ ઐતિહાસિક નવલકથા છે અને વિદ્યાર્થીઓ

માટે સુગમ્ય રીતે લખાઈ છે. આવી બીજી સળંગ બૃહત્ કથાઓ મોટે ભાગે 'ગાંડીવ' ની 'કુમારમાળા'માં પ્રસિદ્ધ થઇ છે અને તે વિશેષાંશે સાહસ-કથાઓ છે તથા અનુવાદિત છેઃ 'આફ્રિકે મર્દો' (બાલકૃષ્ણ જોષી), 'મોતના પંજામાં' (બાલકૃષ્ણ જોષી), 'ચીણગારી' (ભાનુપ્રસાદ વ્યાસ), 'લલ્લુ' (શ્રીરામ) 'સંકટની શોધમાં' (ભીમભાઇ દેશાઇ), 'માયાવી દેશ' (ભાનુપ્રસાદ વ્યાસ), 'ટૉમી અને બીજી વાતો'(ગજાનન ભટ્ટ), 'શિકારિકા–ભાગ-૩'(બાલકૃષ્ણ જોષી).

'બાલવિનોદ ગ્રંથાવલિ' (ભેલાડ)માં પ્રસિદ્ધ થયેલી ત્રણ બૃહત્ કથાઓ વિનોદપ્રચુર અને સચિત્ર છેઃ 'હાથીનું નાક', 'સંગીતશાસ્ત્રી' અને 'ચિત્ર-લેખા' (નાગરદાસ પટેલ).

'અરુણ પુસ્તકમાળા'માં 'ભરદરિયે' (હરજીવન સૌમૈયા) અને 'જંબુની ડાળે' (ઇંદ્ર વસાવડા) એ બે સાહસકથાઓ પ્રસિદ્ધ થઈ છે.

'બાળકોનું રામાયણ' (રમણલાલ ના. શાહ : બાલજીવન કાર્યાલય) બે ભાગમાં સરલ રામાયણકથા છે.

ચરિત્રકથાઓ

'ચરોતર એજ્યુકેશન સોસાયટી' તરફથી પ્રસિદ્ધ થતી 'કિશોર ચરિત્ર-માળા'ના ગુચ્છોમાં નાની ચરિત્રકથાઓ હોય છે. એના ત્રીજા ગુચ્છમાં નીચેનાં ચરિત્રો શ્રી. રસૂલભાઈ ન. વહોરાએ લખેલાં આપવામાં આવ્યાં છેઃ 'રાજા રામમોહનરાય', 'ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર', 'મહાદેવ ગોવિંદ રાનડે', 'સર ફિરોજશાહ મહેતા', 'સર સુરેન્દ્રનાથ બેનરજી', 'લોકમાન્ય ટિળક', 'સ્વામી શ્રદ્ધાનંદ', 'સર જગદીશચંદ્ર બોઝ', 'પંડિત મોતીલાલ નેહરુ', 'લાલા લજપતરાય', 'ગોપાલ કૃષ્ણ ગોખલે', 'દેશબંધુ દાસ'. એ ઉપરાંત એ સંસ્થાની 'બાલ સાહિત્યમાળા'માં 'વીર વિઠ્ઠલભાઇ' અને 'મોતીભાઇ અમીન' એ બે ચરિત્રકથાઓ પ્રસિદ્ધ થઇ છે. તે પૂર્વેના બે ગુચ્છોમાં પરદેશના અને ગુજરાતના બાર–બાર મહાન પુરુષોની ચરિત્રકથાઓ અપાઈ હતી.

'વર્તમાન યુગના વિધાયકો' (શારદાપ્રસાદ વર્મા): એ 'અમર મહા-જનો'ની શ્રેણીમાં વિદ્યાર્થીઓને માટે પ્રસિદ્ધ કરવામાં આવેલું નાની ચરિત્ર-કથાઓનું પુસ્તક છે. માદામ કયુરી, પાશ્ચર, માર્કોની, લિસ્ટર, રેનોલ્ડ રોસ, પ્રે. વિલ્સન, વીલ્બરફોર્સ, કેકસ્ટન અને સ્ટીવન્સનનાં સંક્ષિપ્ત ચરિત્રો તેમાં આપ્યાં છે. એ જ ગ્રંથકારની 'ફોરમ'ની ૧૦–૧૧–૧૨ લહરીઓમાં પણ નાની ચરિત્રકથાઓ વાર્તાલાપની શૈલીએ આપી છેઃ 'સમાજસેવકો', 'વિસ-રાતી સ્મૃતિઓ' અને 'જીવનપ્રસંગો'.

શ્રી. ધૂમકેતુની 'સસ્તી સાહિત્યવાટિકા'માં કુમારોપયોગી બે ચરિત્ર-કથાઓ પ્રસિદ્ધ થઈ છે : 'નરકેસરી નેપોલિયન' અને 'પરશુરામ'.

'શ્રી રામાનુજાચાર્ય' (પ્રો. પ્રતાપરાય મોદી) અને 'લવ-કુશ' (શ્રીમતી મજમુદાર) : એ બે ચરિત્રકથાઓ સયાજી બાલ જ્ઞાનમાળામાં પ્રસિદ્ધ થઈ છે.

'બાળકોના વિવેકાનંદ' (પ્રફુલ્લ પ્રા. ઠાકોર) : સ્વામી વિવેકાનંદના સત્યેન્દ્રનાથ મજમુદારે લખેલા ચરિત્રનો બાલભોગ્ય શૈલીએ કરેલો અનુવાદ છે.

'લોકનાયકો' (કશનજી મણિભાઈ દેસાઈ)માં બાળકો માટે વિવેકાનંદ, જગદીશ બોઝ, ગોખલે, ટિળક, રાનડે, બંકિમ, જવાહર, ટાગોર વગેરેનાં જીવનચરિત્રો છે. 'રાજમાતા રૂપસુંદરી' (ચંદ્રભાઈ ભટ્ટ), 'શંકરાચાર્ય' (હર-જીવન સોમૈયા), 'વીર જવાહરલાલ' (લાભુબહેન મહેતા), 'સાચી વાતો' (આપણી બાલગ્રંથમાળા-ભરૂચ)માં મોતીભાઈ અમીન, ગીજુભાઈ અને ત્રણ મહારાષ્ટ્રીયોની જીવનકથાઓ છે. 'તુલસીદાસ' (ગૂર્જર બાલગ્રંથાવલિ : કીર્તિદાબહેન દીવાનજી).

'અશોક બાલપુરતકમાલા' (મં. નાગરદાસ પટેલ)માંની બાલબોધક ચરિત્રકથાઓની નામાવલિ નીચે મુજબ છે:—રાજભોજ (રમણલાલ નાના-લાલ શાહ), સમ્રાટ સિકંદર (નાગરદાસ પટેલ), મીરાંબાઈ (નાગરદાસ પટેલ), ક્ષેમરાજ (માધવરાવ કર્ણિક), રાણા પ્રતાપ (નાગરદાસ પટેલ), લેનિન (કપિલા ઠાકોર), નરસૈંયો (નાગરદાસ પટેલ), ગલો ગાંધી (રતિ-લાલ વિઠ્ઠલદાસ દલાલ).

'વિદ્યાર્થી વાચનમાળા' (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)ની નાની પુસ્તિકા-ઓની એકંદરે ૧૦ શ્રેણીમાં ૨૦૦ પુસ્તિકાઓ બહાર પડી છે. આ પાંચ વર્ષમાં તેની પાંચ શ્રેણીની ૧૦૦ પુસ્તિકાઓ જુદાજુદા લેખકોને હાથે લખાઈ-ને પ્રસિદ્ધ થઈ છે જેમાંની મોટા ભાગની ચરિત્રકથાઓ છે અને બીજી ભૂગોળ તથા સ્થળવર્ણનની છે. તેમાંની ચરિત્રકથાઓની નામાવલિ નીચે મુજબ છે: (શ્રેણી ૬) મહાદેવી સીતા, નાગાર્જુન, કર્મદેવી, વીર વનરાજ, હૈદર-અલી, મહાકવિ પ્રેમાનંદ, સર ટી. માધવરાવ, જામ રણજીત, ઝંડુ ભટ્ટજી, શિલ્પી કરમારકર, કવિ દલપતરામ, કમલાદેવી ચટ્ટોપાધ્યાય, વીર લધાભા. (૭) શ્રી ઋષભદેવ, ગોરક્ષનાથ, વીર કુણાલ, અકબરશાહ, મહામંત્રી મુંજાલ, કવિ દયારામ, જયકૃષ્ણ ઇંદ્રજી, શ્રી. સયાજીરાવ ગાયકવાડ, મહાવીરપ્રસાદ દ્વિવેદી, મહાકવિ નાનાલાલ, આચાર્ય ગિદવાની, અબદુલ ગફારખાન, સોરઠી સંતો. (૮) ગુરુ દત્તાત્રય, ઉદયન-વત્સરાજ, મહાત્મા આનંદઘન, વસ્તુપાલ-તેજપાલ, શામળ ભટ્ટ, કવિ નર્મદ, વીર સાવરકર, જમશેદજી ટાટા, કવિ

કલાપી, પ્રો. સી. વી. રામન, શાહ સોદાગર જમાલ, શ્રી રાજગોપાલાચાર્ય, શ્રીમતી કસ્તુરબા. (૯) શ્રી જ્ઞાનદેવ, શ્રી સિદ્ધસેન દિવાકર, ઉપા૦ યશોવિજયજી, વીર બાલાજી, નાના ફડનવીસ, શ્રી દ્વિજેન્દ્રલાલ રૉય, રાજા રામમોહનરાય, શ્રી અમૃતલાલ હક્કર, પં. વિષ્ણુ દિગંબર, શ્રી રામાનંદ ચેટરજી, ભગવાનલાલ ઇંદ્રજી, શ્રી પ્રફુલ્લચંદ્ર રૉય, મૌ. અબુલકલામ આઝાદ, (૧૦) શ્રી એકનાથ, હજરત મહમ્મદ પયગમ્બર, અશો જરથુસ્ત્ર, અહલ્યાબાઈ, શ્રી અવનીંદ્રનાથ, શ્રી રમેશચંદ્ર દત્ત, શ્રી ગૌરીશંકર ઓઝા, શ્રી કૃષ્ણમૂર્તિ, સંતકવિ પદિયાર, ચિત્રકાર રવિવર્મા, ડૉ. આન્સારી, હિંદના અદ્‌ભુત યોગીઓ.

બોધ-વિનોદની કથાઓ

'અરુણ પુસ્તકમાળા'–'હજી મને સાંભરે છે' (ગીજુભાઇ) બાળવયનાં સંભારણાં, 'નાનાં છોકરાં', 'આપણાં ભાંડુઓ' સર્વ પ્રેમો અને વર્ગોનું ઐક્ય પોષતી વાર્તાઓ, 'કલગી' (સોમાભાઈ ભાવસાર) ટૂંકી વાર્તાઓ, 'સૌની વાતો' (૧–૨) જુદાજુદા લેખકોની બાલવાર્તાઓનો સંગ્રહ, 'જંગલમાં મંગલ' (૧–૨) (હરજીવન સોમૈયા) પ્રાણીકથાઓ, 'કેસુડાં' (ગુલાબસિંહ બારોટ) બાલવાર્તાઓ, 'તુલસીનાં પાન' (લાભુબહેન મહેતા) બાલવાર્તાઓ, 'એનું નામ નરેન્દ્રકુમાર' (લાભુબહેન મહેતા) બાલકથા.

'ગૂર્જર બાલગ્રંથાવલિ'–'ચાંદની' (મોંઘીબેન), 'શિકારકથાઓ' (જીવરામ જોષી), 'રમકડાં' (પ્રિયવદન બક્ષી), 'કાળિયાર અને બીજી પ્રાણિકથાઓ' (મનુભાઇ જોધાણી) નવ જંગલી પ્રાણીઓની રોમાંચક સાહસકથાઓ, 'શરદબાબુની બાળવાતો' (રમણલાલ સોની).

'બાલ વિનોદમાલા'–'અલકા' 'મેનાવતી' (બેઉ પરીકથાઓ), 'બેલવાળો', 'કાગમંત્રી' (પ્રાણીકથાઓ), 'ધરતીમાતા', 'ગોરિયો' (પ્રાણીકથા), 'બાપનાં વેણ', 'દુલારી' (સુમતિ ના. પટેલ), 'સોનાનાં પગલાં', 'વહેતિયો', 'લંકાની લાડી', 'કનૈયો', 'રાજહંસ', 'ધનિયો' (આમાંની એક સિવાયની બધી પુસ્તિકાઓના લેખક શ્રી નાગરદાસ પટેલ છે).

'અશોક બાલ પુસ્તકમાળા'–'ચિત્તાનો શિકાર' (જીવરામ જોષી) સાહસકથા, 'મકનિયો' (ભાનુશંકર પંડ્યા) પ્રાણિકથા, 'ફૂલગજરી' (ઉમિયાશંકર પડ્યા) મનુષ્ય, પશુ, પક્ષી વિશે બાલપાઠો, 'નાની મોટી વાતો' (રમણલાલ ના. શાહ), 'અમારી વાર્તાઓ ખંડ ૧ થી ૬' (નાગરદાસ પટેલ તથા સુમતિ ના. પટેલ), 'હાસ્યતરંગ ખંડ ૧–૨–૩' (નાગરદાસ પટેલ) રમૂજી ટુચકાઓ, 'ગલુડિયાં' (કેશવલાલ લ. શાહ), 'નીરુની નોંધપોથી' (રમણ-

લાલ શાહ) સામાજિક શબ્દચિત્રો, 'ચિત્રરેખા' (નાગરદાસ પટેલ), 'સાગરની રાણી' (સોમાભાઈ પટેલ), કુદરતના જ્ઞાનની કથાઓ, 'ત્રણ ઠગ' (શિવપ્રસાદ ત્રિવેદી), 'લાલાનો ભેળ' (નાગરદાસ પટેલ).

'ગાંડીવ બાલોદ્યાનમાળા'ના બોધવિનોદના કથાવાઙ્મયમાંથી સૌથી વધારે મહત્ત્વનો ભાગ 'બકોર પટેલ' ના ૨૦ ભાગો રોકે છે. પ્રાણીપાત્રોના ઓઠા નીચે વાસ્તવ જીવનના પ્રસંગો તથા હકીકતોને તેમાં રમૂજી રીતે ઉતારવામાં આવે છે. વહેવાર-કુશળતાપૂર્વક જીવનના કેટલાક કોયડાઓનો ઉકેલ તે બાલવાચકો સમીપે રમૂજી રીતે કરે છે. કથા સચિત્ર છે અને બધા ભાગો શ્રી. હરિપ્રસાદ વ્યાસે લખેલા છે. 'ચુંચુંની ચતુરાઈ' (જીવરામ જોષી) એ પ્રાણીપાત્રોમાં લખાયેલી બાલવાર્તા છે.

'દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય વાટિકા'–'બાલ જોડકણાં', 'પરીની વીંટી', 'ગિરીશભાઈની વાર્તાઓ', 'બંગાળની લોકકથાઓ', 'ટારઝન'.

'બોલીઓ મત' અને 'ચોખવટથી વાત કરજો' (દિનેશ હાકોર): એ મૂર્ખાઓના પરાક્રમોની ગંમત આપે તેવી કથાઓ છે.

'ત્રણ ઠગ' (ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી) સોળ બાળવાર્તાઓનો સંગ્રહ. 'અભયકુમારની વાર્તાઓ' (વિ. હ. અભયકુમાર): બાળકોને કહેવામાં આવતી કેટલીક પ્રચલિત વાતોને પોતાની શૈલીએ લખીને લેખકે આપી છે.

'શેક્સપિયરનાં કથાનકો' (રમણલાલ શાહ) : એ સુપ્રસિદ્ધ નાટ્યલેખકનાં નાટ્યવસ્તુઓને વિદ્યાર્થીઓ સમજી શકે તેવી સરલ શૈલીએ રજૂ કર્યાં છે. આ ઉપરાંત તેમના 'બાલજીવન' કાર્યાલય તરફથી પ્રસિદ્ધ થયેલાં મુખ્યત્વે કથાનાં પુસ્તકો નીચે મુજબ છે: 'રાજાજીનો ખજાનો', 'વરુનું સંગીત', 'દૂધવાળી', 'વાંદરાનો ન્યાય', 'બિલ્લીરાણી', 'વાઘ ભગત', 'અબુ-નવાજ', 'વિકરાળ વન' (સૌ. કીર્તિદા દીવાનજી), 'પોચાનાં પરાક્રમો', 'મૂર્ખમંડળ', 'ભોળીઆ રાજા', 'અટકચાળા વાંદરા', 'સહેલી વાતો', 'રસમય કહાણીઓ', 'ચાલાક ચોર', 'હસતાં બાલ', 'વાઘણની ખોડમાં', 'કિશોર વાર્તાવલિ', 'પન્નાકુમારી' (મા. ભા. કર્ણિક).

'ભાઈ બહેન', 'બાલચિત્રો', 'નાનપણની વાતો': એ ત્રણે ભરૂચની 'આપણી બાલગ્રંથમાળા'નાં પ્રકાશનો છે.

'સુંદર બાલવાતો' મુંબઈની ન્યૂ એરા સ્કૂલ તરફથી (સુંદર સાહિત્ય પ્રકાશન મંદિર) પ્રસિદ્ધ થઈ છે.

ભૂગોળ–પ્રવાસ

'કુમારોની પ્રવાસકથા' (ધીરજલાલ ટો. શાહ) રેલ્વે અને પગપાળા પ્રવાસ-

ની સાહસમિશ્રિત કથા. 'પ્રવાસપત્રો' (રામનારાયણ ના. પાઠક : અરુણ પુસ્તકમાળા) રેલ્વેમુસાફરીનું મનોરંજક વર્ણન. 'મુંબઈ' (બાલ વિનોદમાળા : નાગરદાસ પટેલ) 'પ્રવાસકથાઓ' અને 'ગરવી ગૂજરાત' (અશોક બાલ પુસ્તકમાળા : નાગરદાસ પટેલ), 'પંચગનીના પત્રો' (સ્વ. ચમનલાલ વૈષ્ણવ: અરુણ પુ. મા.).

'વિદ્યાર્થી વાચનમાળા'ની પુસ્તિકાઓ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)– (શ્રેણી ૬) સૌંદર્યધામ કાશ્મીર, નૈનિતાલ, ગિરનાર, દ્વારકા, પાટનગર દિલ્હી, મ્હૈસૂર, તાજમહાલ. (૭) નેપાળ, મહાબળેશ્વર, અમરનાથ, બદ્રિકેદારનાથ, કલકત્તા, પાટણ, અનુપમ ઇલુરા. (૮) દ્વાદશલિંગ, ઉટાકામંડ, જગન્નાથપુરી, કાશી, જયપુર, હૈદ્રાબાદ, કાવેરીના જલધોધ. (૯) શિલોંગ, પાવાગઢ, રામેશ્વર, તારંગા, મુંબઈ, આગ્રા, અજંતાની ગુફાઓ. (૧૦) આબુ, શત્રુંજય, ગોમટેશ્વર, અમદાવાદ, લખનૌ, વડોદરા, ગીરનાં જંગલો.

સામાન્ય જ્ઞાન

'કોયડા સંગ્રહ' (ધીરજલાલ ટો. શાહ) ગણિતની ગમ્મત. 'ઋતુના રંગો' અને 'સૌંદર્યની દૃષ્ટિએ' (દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય વાટિકા) : એ બેઉ વર્ણનાત્મક સુન્દર શબ્દચિત્રો છે. 'આતશબાજી' (ગાંડીવ બાલોદ્યાનમાળા) : વાર્તા, કવિતા, કોયડા, રમૂજના બાલોપયોગી લેખો.

'અશોક બાલપુસ્તકમાળા'ની પુસ્તિકાઓ–'કાગળનાં કીમિયા', (પ્રિયવદન બક્ષી), 'રંભાનું રસોઈઘર–ખંડ ૩'–(સુમતિ નાગરદાસ પટેલ), 'ચોપગાંની દુનિયાં ખંડ ૧–૨' (રમણલાલ નાનાલાલ, શાહ) જુદાંજુદાં પ્રાણીઓએ રજૂ કરેલી આત્મકથાઓ, 'વિજ્ઞાનવિહાર ખંડ ૩–૪–૫' (નવલકાંત ભાવસાર), 'દગાબાજ દુશ્મન' (ચંદ્રભાઈ ભટ્ટ) 'ઉધઈનું જીવન' 'પત્રપેટી' (રમણલાલ શાહ), 'કુતૂહલ–ખંડ–૨' (પદ્મકાન્ત શાહ), 'વડવાઓ' ખંડ ૧–૨ (હિંમતલાલ મર્થક) વૃક્ષ-વનસ્પતિની વાતો, 'કોણ, કેમ અને શું ?' (પુરુષોત્તમ હ. પટેલ), 'નવી નવાઈઓ' (રમણલાલ શાહ), 'છેતરાતી નજર ખંડ ૧–૨' (નાગરદાસ પટેલ), 'આપણી મહાસભા' ખંડ ૧–૨ (નાગરદાસ પટેલ).

'આપણો બાલગ્રંથમાળા' (ભરૂચ)ની પુસ્તિકાઓ:–'કેમ અને શા માટે ?', 'શું શીખ્યા ?', 'હિંદી રાષ્ટ્રીય મહાસભા'.

'ગૂર્જર બાલગ્રંથાવલિ' ની પુસ્તિકાઓ:—'ચાલો ગામડામાં' (સોમાભાઈ ભાવસાર), 'સુમનસૌરભ' (રસૂલભાઈ વહોરા)

'ધૂમકેતુ'ની પ્રૌઢશિક્ષણમાળા:—નાની પોથી, પહેલી ચોપડી, બીજી ચોપડી, ત્રીજી ચોપડી.

'બાળપોથી : બહેરા વિદ્યાર્થીઓ માટે' (બહેરા-મૂગાની શાળા: અમદાવાદ).

વિજ્ઞાન

'દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય માળા'માં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોઃ—'વિજ્ઞાનના દ્રષ્ટાઓ' ભાગ ૧–૨ માં સમર્થ વૈજ્ઞાનિકોની પ્રેરક જીવનરેખાઓ સાથે તેમના સંશોધનોનો પરિચય બાલબોધક શૈલીએ આપ્યો છે. 'વિજ્ઞાનની રમતો': એ બાળવિદ્યાર્થીઓમાં વિજ્ઞાનની દૃષ્ટિ ખીલવવાના આશયથી લખાયેલી છે. એનાં અનુવાદક શ્રી. મોંઘીબેન છે. 'તારા અને ગ્રહો' (ભગનભાઈ પટેલ) બાળકોને ખગોળની પ્રાથમિક સમજ આપે છે.

'માણસ' (હિંમતલાલ ચુ. શાહ) : એ બાળકોને માનવશાસ્ત્રની પ્રાથમિક સમજ આપે છે.

'આલમની અજાયબીઓ' (ધીરજલાલ ટો. શાહ): એ દુનિયાની વૈજ્ઞાનિક અને પ્રાકૃતિક નવાઇઓની માહિતી આપે છે.

'કેમ અને કયારે' (અરુણ પુ. મા. : કુંવરસી સંપટ) વિમાનનો ઇતિહાસ, 'ઊડો આકાશમાં' (આપણી બાલગ્રંથમાળા–ભરૂચ): એ બલૂન, ઝેપેલીન અને અને વિમાનની શોધનું વર્ણન આપે છે. 'વિમાનની વાતો' (ગુર્જર બાળ ગ્રંથાવલિ : નવલકાન્ત નેમચંદ ભાવસાર) એરોપ્લેનની રચના વિશેની માહિતી.

'આપણાં પક્ષીઓ' (નરેંદ્ર બધેકા)માં કેટલાંક સામાન્ય પક્ષીઓનો બાલરોચક શૈલીએ પરિચય આપવામાં આવ્યો છે. 'પક્ષીમિત્રો' (ભગનભાઈ પટેલ: ગૂર્જર બાળગ્રંથાવલિ)માં પણ સામાન્ય પક્ષીઓ વિશેની માહિતી છે.

'પૈડું' (કિરતન લટકારી)માં પૈડાની કાલ્પનિક અને ઐતિહાસિક વિકાસકથા વિદ્યાર્થીઓને રસ પડે તેવી રીતે આપી છે.

'પતંગ પોથી' (ગાંડીવ બાલોદ્યાન માળા) પતંગ બનાવવાની અને ઉડાડવાની કળા વિશે સંક્ષિપ્ત સમજૂતી આપતા પાઠો; એ જ ગ્રંથમાળાના પુસ્તક 'હુન્નરિકા' (બાબુલાલ મા. શાહ)માં બાળકો ઘેર બનાવી શકે તેવા નાના હુન્નરો તથા નુસ્ખાઓ સંગ્રહેલા છે.

'ભવ્ય જગત' (ગૂર્જર બાલ ગ્રંથાવલી : રમણલાલ નાનાલાલ શાહ) જગતની ભવ્ય રચનાની વૈજ્ઞાનિક માહિતી.

'રેડિયો'(બાલવિનોદમાળાઃ નાગરદાસ પટેલ)રેડિયોની સંવાદરૂપે માહિતી.

'વિજ્ઞાનવિહાર ખંડ ૩–૪–૫' (નવલકાંત ભાવસાર) અને 'કુતૂહલ ખંડ ૨' (પદ્મકાન્ત શાહ) લોકમાં પ્રચલિત અને નિત્ય જોવામાં આવતી યંત્રરચનાઓ, પ્રસંગો, કાર્યો વિશેની વૈજ્ઞાનિક માહિતી સરલ રીતે આપે છે. 'અશોક બાલ પુસ્તકમાળા'નાં એ પ્રકાશનો છે.

પાંચ વર્ષના સાહિત્ય પર દૃષ્ટિપાતની
વિષયસૂચિ

પાંચ વર્ષનો કાળ પૃષ્ઠ ૧

કવિતા ૨

નવીન પેઢી : કવિતાસંગ્રહો–૪, મુક્તકસંગ્રહો–૧૦, ભાષાંતરો–૧૦

મધ્યમ પેઢી : કવિતાસંગ્રહો–૧૧, ભાષાંતરો–૧૪, કટાક્ષકાવ્યો–૧૪, મુક્તક સંગ્રહો–૧૫, સંપાદિત કાવ્યસંગ્રહો–૧૫, ભક્તિનાં કાવ્યોના સંગ્રહો–૧૫, રાસસંગ્રહો–૧૬

જૂની પેઢી : ૧૭

નાટક ૧૮

નાટકો : ૧૯, અનુવાદો–૨૧, નાટિકાઓ–૨૧

નવલિકા ૨૪

અનુવાદિત નવલિકાઓ–૩૩, **હાસ્ય-કથાઓ**–૩૫

નવલકથા ૩૬

ઐતિહાસિક : ૩૭, **સાંસારિક :** લગ્ન, પ્રેમ અને દાંપત્ય–૪૫, જીવનના પ્રશ્નો–૪૯, **સામાજિક :** ૫૩, **મનોરંજક :** ૫૭, **હાસ્યરસિક :** ૫૭ **અનુવાદિત :** અંગ્રેજી પરથી, બંગાળી : શરદબાબુ–૬૦, બંગાળી : બંકિમબાબુ–૬૧, બંગાળી : ઇતર લેખકો–૬૨, હિંદી–૬૨, મરાઠી–૬૩, ઉર્દૂ–૬૩, સંસ્કૃત–૬૩

નિબંધો તથા લેખો ૬૪

મૌલિક : સામાન્ય–૬૫, વિનોદાત્મક : ૬૯, **અનુવાદિત :** ૭૦ **સંપાદિત :** ૭૨

સાહિત્યવિવેચન ૭૩

જીવનચરિત્ર ૮૧

સ્વદેશ : ૮૧, **વિદેશ :** ૮૬

ધર્મ અને તત્ત્વજ્ઞાન ૮૮

સામાન્ય ધર્મ : ૮૮, **વેદાંત :** ૯૦, **જૈન :** ૯૨

ઇતિહાસ અને રાજતંત્ર ૯૩

ગુજરાત : ૯૩, **હિંદુસ્તાન :** ૯૫, સમાજ–૯૮, રાજતંત્ર–૯૯, **પરદેશ :** ૯૯

પ્રવાસ અને ભૂગોળ ૧૦૧

કોશ–વ્યાકરણ ૧૦૩

કોશગ્રંથો : ૧૦૩, **વ્યાકરણાદિના ગ્રંથો :** ૧૦૪

વિજ્ઞાન ૧૦૫

કલાવિજ્ઞાન : ૧૦૫, **આરોગ્યવિજ્ઞાન :** ૧૦૭, **જાતીય વિજ્ઞાન :** ૧૧૦, **અર્થવિજ્ઞાન :** ૧૧૨ **ઉદ્યોગ :** ૧૧૨, **પ્રકીર્ણ :** ૧૧૩.

બાલવાઙ્મય ૧૧૫

કવિતા : ૧૧૭, **નાટક :** ૧૧૭, **બૃહત્ કથાઓ :** ૧૧૭, **ચરિત્રકથાઓ :** ૧૧૮, **બોધ વિનોદની કથાઓ :** ૧૨૦ **ભૂગોળ–પ્રવાસ :** ૧૨૧, **સામાન્ય જ્ઞાન :** ૧૨૨, **વિજ્ઞાન :** ૧૨૩.

ગુજરાતી શબ્દોની વ્યવહારુ જોડણી

[ગુજરાત વિદ્યાપીઠના નિયમોનું વિવરણ]

કેશવરામ કા. શાસ્ત્રી

પ્રાસ્તાવિક

કવિ નર્મદાશંકરના સમયથી ગુજરાતી ભાષામાં શબ્દોની જોડણી વ્યવસ્થિત કરવાના પ્રયત્નો શરૂ થયેલા અને અનેક વિદ્વાનોના પ્રયત્નો પછી લગભગ આઠ દાયકે મ. ગાંધીજીના આશ્રમ નીચે ગુજરાત વિદ્યાપીઠ તરફથી જોડણીના **વ્યવહારુ નિયમો** અને **શબ્દાવલી** પ્રસિદ્ધ થયાં. છેલ્લાં દસ વર્ષમાં આ શબ્દાવલીનાં નાનાં મોટાં ચાર પાંચ સંસ્કરણ થઈ ગયાં છે; તે દરમિયાન નિયમોમાં પણ સુધારાવધારા થયા છે. " જોડણી માટે ખિસ્સાકોશ "ની નવી આવૃત્તિમાં આપણને છેલ્લામાં છેલ્લું એ સુધારાવધારાવાળું સ્વરૂપ મળે છે. અહીં મુખ્યત્વે તો એ નિયમોનું ટૂંકું વિવરણ આપવાનો જ પ્રયત્ન છે; પરંતુ સુધારાનાં દ્વાર કાયમને માટે બંધ રાખવામાં નથી આવ્યાં તે સત્યને આધારે કેટલાંક આવશ્યક સૂચન અને સુધારાનો નિર્દેશ કરવાનો પણ પ્રયત્ન કરવામાં આવશે. " શાસ્ત્રોચ્ચાર-પરિશુદ્ધ જોડણી "ના મારા થોડાં વર્ષો ઉપર પ્રસિદ્ધ થયેલા નિયમોના ભોગે મારા તરફથી સ્વલ્પ જ અપવાદે ગુજરાત વિદ્યાપીઠની જોડણીના નિયમોનો સર્વથા સમાદર કરવામાં આવ્યો છે, એ મુખ્યત્વે બારમા ગુજરાતી સાહિત્ય સંમેલનના પ્રમુખપદેથી મ. ગાંધીજીએ " આથી જોડણીમાં સુધારાનાં દ્વાર બંધ થતાં નથી " એ શબ્દો ઉચ્ચાર્યા હતા, તે આશ્વાસનથી, અને જોડણીકોશની નવી નવી આવૃત્તિઓમાં નિયમોમાં તેમ જ છૂટક શબ્દોની જોડણીમાં હરવખતે સુધારા કરવામાં આવ્યા છે તે સહૃદય વૃત્તિના દર્શન થી. હું જે સુધારા સૂચવવા ચાહું છું, તે મારા નિયમોની તદ્દન ઉપેક્ષા કરી, છેલ્લાં આઠ વર્ષમાં " ભાષાશાસ્ત્ર "ના અધ્યયન-અધ્યાપનને લીધે આ વિષયને અનેક રીતે જોવાજાણવાનો જે લાભ મળ્યો, તેના જ ફલરૂપે બતાવવા માગું છું. મારા જૂના મતનો હું તેમાં લેશ પણ આગ્રહી નથી તે કોઈ પણ સજ્જન જોઈ શકશે.

લિપિમાં દેશનાં સ્વાભાવિક બધાં જ ઉચ્ચારણો જાળવી રાખતા સંકેતોનો અભાવ હોવાથી, વળી પ્રાંતિક ઉચ્ચારણોમાં એકનો એક શબ્દ

અનેક રીતે વ્યક્ત થતો હોવાથી, અને ગુજરાતી ભાષાશાસ્ત્રનો પ્રાંતીય બોલીઓના વિવરણ સાથેનો એક પણ ગ્રંથ નહિ હોવાથી ગુજરાતી શબ્દોની આખરી જોડણી નક્કી કરવાનું અત્યાર સુધી બની શકયું નથી; એટલે જ વ્યવહારુ જોડણી-નિયમોની આવશ્યકતા સ્વીકારાઈ છે. એમાં થોડા અપવાદે શુદ્ધિની નજીકમાં નજીક જવાનો સત્પ્રયત્ન છે, અને તેથી જ એ સત્પ્રયત્ન સમાદરણીય છે. સુધારાવધારા પણ શુદ્ધિની વધુ અને વધુ નજીક લઈ જવાને માટે જ ગુજરાત વિદ્યાપીઠ તરફથી અવારનવાર આપવામાં આવે છે; અને તેથી જ દેશના કોઈપણ ભાગમાં જે ઉચ્ચારણ કદી પણ જાણીતું ન હોય તેવું કવચિત્ જોડણીમાં પેસી ગયું હોય તો તે સર્વથા ત્યાજ્ય બને છે.

નિયમો

૧. તત્સમ શબ્દો

[સંસ્કૃત તત્સમ શબ્દો]

૧. સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કરવી. ઉદા૦ મતિ; ગુરુ; વિદ્યાર્થિની.

૨. ભાષામાં તત્સમ તથા તદ્ભવ બંને રૂપો પ્રચલિત હોય તો બંને સ્વીકારવાં. ઉદા૦ કઠિન-કઠણ; રાત્રિ-રાત; દશ-દસ; કાલ-કાળ; નહિ-નહીં; હૃદય-આળેહૃળ; કર્ણ-કરસ.

૩. જે વ્યંજનાંત તત્સમ શબ્દો ગુજરાતી પ્રત્યયો લેતા હોય તેમને અકારાન્ત ગણીને લખવા. ઉદા૦ વિદ્વાન, જગત, પરિષદ.

આ નિયમ અંગ્રેજી, ફારસી, આરબી વગેરે ભાષાના શબ્દોને પણ લાગુ પડે છે.

૪. પશ્ચાત્, કિંચિત્, અર્થાત્, કવચિત્, એવા શબ્દો એકલા આવે અથવા બીજા સંસ્કૃત શબ્દોની સાથે સમાસમાં આવે ત્યારે વ્યંજનાન્ત લખવા. ઉદા૦ કિંચિત્કર, પશ્ચાત્તાપ.

આવાં અવ્યયો પછી જ્યારે 'જ' આવે ત્યારે તેમને વ્યંજનાન્ત ન લખવાં. ઉદા૦ કવચિત જ.

આ ચાર નિયમોમાં સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી કેવી રીતે કરવી તેનો નિર્ણય આપવામાં આવ્યો છે. આમાંનો માત્ર બીજો નિયમ જોડણીનો નિયમ નથી. એ તો માત્ર એવું એક વિધાન નોંધરૂપે જ કરે છે કે પ્રચલિત ભાષામાં મૂળની ભાષામાંથી અવિકૃતરૂપે સ્વીકારાયેલા શબ્દોની સાથોસાથ

વિકૃત સ્વરૂપે પણ તેના તે શબ્દો રૂઢ થઈ ગયેલા હોય તેનો પણ સ્વીકાર કરવો. અને ઉદાહરણોથી એ વાત સ્પષ્ટ કરવામાં આવી છે. અને તેથી જ સ્પષ્ટ થાય છે કે શિષ્ટ બોલીમાં ન સ્વીકારાયેલાં 'સુખ'નું 'સખ', 'દુઃખ'નું 'દખ', વગેરે રૂપોનો અસ્વીકાર કરવાનો છે. પણ આ વસ્તુ, લખનારની શક્તિ અને રૂચિ ઉપર આધાર રાખે છે. પ્રયોગમાં કયું કયું રૂપ: તત્સમ કે તદ્‌ભવ સ્વીકારવું તે લખનારની મુનસફીનો વિષય છે. બાકી રહે છે ૧ અને ૩–૪ એ નિયમો. આ નિયમોની સમજૂતી વધુ જરૂરની છે. નિયમોથી કેટલીક વસ્તુ સંદિગ્ધ રહે છે.

એમ તો ૧ લો નિયમ ચોખવટ કરી આપે છે કે "સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કરવી." અને ખરેખર મોટા ભાગના સ્વરાંત શબ્દોમાં આવી કોઈ ખાસ મુશ્કેલી નથી; (ખાસ કરીને હ્રસ્વ-દીર્ઘ 'ઈ' અંતે હોય તેવા શબ્દોનો જ પ્રશ્ન જરા વિકટ છે; પણ તેનું નિરાકરણ શબ્દકોશ આપી દે છે. એમાંથી સંસ્કૃતમાં જે રૂઢ હોય તે 'ઇ' સ્વીકારી લેવી. જોડણીકોશમાં "શતાબ્દી" જેવો શબ્દ હ્રસ્વ 'ઇ' થી છપાયો છે, તેવી ભૂલો સુધારી લેવી.) પણ સંસ્કૃતમાં જે વ્યંજનાંત શબ્દો છે અને સ્વરાંતમાં પણ તેનું વિભક્તિ રૂપ જુદું થાય છે તેવા શબ્દોના વિષયમાં ચોખવટ જરૂરી બને છે. ૩ જા નિયમમાં વ્યંજનાંત વિશે કાંઈક ચોખવટ કરવામાં પણ આવી છે; પણ તે કાંઈક અપૂર્ણ છે. ખરી સ્થિતિ એ છે કે **સંસ્કૃત શબ્દોની પ્રથમા વિભક્તિનાં એકવચનનાં રૂપો, વિભક્તિનો પ્રત્યય જો કાંઈ તેમાં હોય તો તેનો લોપ થયો હોય તેવા સ્વરૂપમાં સ્વીકારવાનાં છે.** સંસ્કૃત તૃ, અન્, ઇન્, વિન્, વસ્, વત્, મત્, અને સ્ છેડાવાળા શબ્દોનાં પ્રથમા વિભક્તિના એકવચનમાં નેતા, કર્તા, માતા, પિતા, આત્મા, બ્રહ્મા, નામ, વિદ્યાર્થી, હસ્તી, યશસ્વી, મનસ્વી, વિદુષી, ભગવતી, શ્રીમતી, અને સ્ના લોપે ચંદ્રમા, યશ, મન, એવાં સ્વરાંત રૂપો વપરાય છે તે આપણે તત્સમ તરીકે સ્વીકારવાનાં છે. વ્યંજનાંત બનતાં વિદ્વાન્, ભગવાન્, શ્રીમાન્ અને બાકીના વ્યંજનાંત બીજા બધા શબ્દો—મરુત્, જગત્, વાક્, પરિષદ્, સંસદ્, ધનુષ્, આશિષ્, આયુષ્, અકરમાત્, એ બધા શબ્દો એકલા વપરાય ત્યારે અંત્ય વ્યંજનમાં 'અ' ઉમેરી જોડણી કરવાની છે; મરુત, જગત, વાક, પરિષદ, સંસદ, ધનુષ, આશિષ, આયુષ, અકરમાત એ રીતે. "આયુષ" ઉપરાંત, 'આયુ' અને "વપુષ"ને બદલે તો "વપુ" સ્વીકાર્ય થયો છે, તે લક્ષ્યમાં રાખવું.

વસ્તુસ્થિતિએ ૧ લા અને ૩ જા નિયમથી એ સ્પષ્ટ થાય છે કે સંસ્કૃત તત્સમ શબ્દો ગુજરાતીમાં નામ તરીકે કે વિશેષણ તરીકે જે કોઈ પણ સ્વીકારાયેલા છે તે સ્વરાંત હોય કે વ્યંજનાંત હોય તે સ્વરાંત તરીકે સ્વીકારવાના છે. સુદિ, વદિ જેવાં સ્વરાંત અવ્યયો પણ ગુજરાતીમાં વપરાય છે ત્યાં તે શુદ્ધ સ્વરૂપમાં જ આવે. તેનું તદ્ભવ રૂપ સ્વીકારવાની ઇચ્છા હોય ત્યાં 'સુદ' 'વદ' એમ લખી શકાય. બેશક પ્રચલિત ઉચ્ચારણમાં લઘુપ્રયત્ન યકાર સાથે 'સુદ્ય' 'વદ્ય' એવાં રૂપ વ્યાપક છે, પણ નીચે ૧૨ મા નિયમમાં સર્વસામાન્ય વિધાન કરવામાં આવ્યું છે કે "૧૨. કેટલાક શબ્દોના ઉચ્ચારમાં ગુજરાતના કેટલાક ભાગમાં મચ્છુતિ થાય છે × × × પણ તે લખવામાં દર્શાવવાની જરૂર નથી." એટલે પ્રચલિત વ્યવહારુ જોડણીમાં લઘુપ્રયત્ન યકાર સ્વીકારવામાં નથી આવ્યો.

પ્રશ્ન રહે છે કેટલાંક વ્યંજનાંત અવ્યયો ગુજરાતીમાં વપરાય છે તેનો. 'પશ્ચાત્,' 'કિંચિત્,' 'અર્થાત્,' 'કવચિત્,' એવા શબ્દો એકલા આવે ત્યારે શું કરવું? ['અકસ્માત્' સંસ્કૃત પ્રમાણે અવ્યય (પંચમી વિભક્તિનું રૂપ) છે, પણ ગુજરાતીમાં તે નામ તરીકે પણ સ્વીકારાઈ ગયેલો છે, એટલે નામ હોય ત્યારે 'અકસ્માત' એવી સ્વરાંત જોડણી સ્વીકારવામાં આવી છે. અવ્યય તરીકે તો 'અકસ્માત્' છે.] પ્રશ્ન ઉપરનાં જેવાં અવ્યયો એકલાં આવે ત્યારેનો છે. ૪ થા નિયમમાં એ વિશે સૂચન છે કે એને વ્યંજનાંત લખવાં, માત્ર 'જ' અવ્યય ઉમેરાય ત્યારે જ તેને સ્વરાંત લખવાં; જેમ કે કવચિત જ.[1] ઉચ્ચારણ જ અહીં અ નું ઉમેરણ કરી લે છે: "અકસ્માત જ મારું આવવું થયું" વગેરે.

[સંસ્કૃત સિવાયની ભાષાના તત્સમ શબ્દો]

૫. આરબી, ફારસી તથા અંગ્રેજી ભાષાના શબ્દો લખતાં તે તે ભાષાના વિશિષ્ટ ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો ન વાપરવાં. દા.ત. ખિદમત, વિઝિટ, નજર.

---

૧. "જ" અને "ય" એ અવ્યય જ્યારે પણ કોઈ શબ્દની પછી આવે છે ત્યારે "જ-ય"માંનો અકાર લઘુપ્રયત્ન હોવાને કારણે પૂર્વ સ્વર ઉપર ભાર આવે છે; પરિણામે લઘુપ્રયત્ન અકારવાળા શબ્દોનો તે અ પૂર્ણપ્રયત્ન બને છે. "રામ," પણ "રામ જ." આ સ્વરભાર એટલો પ્રબળ છે કે પૂર્વના હ્રસ્વ ઇ-ઉ પણ દીર્ઘ ઉચ્ચારાય છે. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ એ ત્યાં દીર્ઘ બને છે. પણ લેખનમાં એ હ્રસ્વ રખાય છે, તેમાં સરળતા એ જ પ્રધાન કારણ છે. સરળતા ખાતર કેટલોક ભોગ ઉચ્ચારણોનો આપવો પડે છે. બેશક ભાષાશાસ્ત્રની ચર્ચામાં એ સ્વાભાવિક ઉચ્ચારણો નોંધવાં અનિવાર્ય જ બને છે.

૬. એ તથા ઓ ના સાંકડા તથા પહોળા ઉચ્ચારની ભિન્નતા દર્શાવવા ચિહ્નો વાપરવાં નહિ. પરંતુ અંગ્રેજી શબ્દોના એઓના ઉચ્ચારમાં ભ્રાંતિ ન થાય માટે, તે દર્શાવવા ઊંધી માત્રાનો ઉપયોગ કરવો. ઉદા૦ કૉફી, ઑગસ્ટ, કૉલમ.

અરબી, ફારસી અને અંગ્રેજી ભાષાના શબ્દોની ગુજરાતીમાં પ્રમાણુમાં ઠીકઠીક આયાત થઈ છે. મૂળ શબ્દોમાં વિકાર થયે આવેલાં શબ્દસ્વરૂપોની જોડણીનો પ્રશ્ન વિકટ નથી; કેમકે આપણે ત્યાં જે રીતે ઉચ્ચારણ થતું હોય તે રીતે તદ્‌ભવ શબ્દોના નિયમોને અનુસરી તેની જોડણી સંસ્કૃત તદ્‌ભવની જેમ કરવાની હોય છે. પણ મુશ્કેલી શુદ્ધ શબ્દો પૂરતી છે. સંસ્કૃત ભાષાનાં બધાં જ ઉચ્ચારણો ગુજરાતીને જાણીતાં અને વારસામાં મળેલાં હોઈ મુશ્કેલી નથી; જ્યારે આ ભાષાઓનાં કેટલાંક ઉચ્ચારણો ગુજરાતીને તદ્દન અપરિચિત, તો કેટલાંક પ્રાંતીય ઉચ્ચારણોને મળતાં છે, તે શિષ્ટ જોડણીમાં સ્થાન પામી શકયાં નથી; અને સ્વલ્પ અપવાદે પામી શકવાની સ્થિતિમાંએ નથી. આવાં ઉચ્ચારણોને ખ્યાલમાં રાખી ગુજરાતીમાં નજીકનું નજીક ઉચ્ચારણ હોય તે સ્વીકારવામાં આવે છે. અરબી, ફારસીનાં અ઼ ક઼ ખ઼ ગ઼ ज़ વગેરેને માટે આપણે ત્યાં સાદા અ ક ખ ગ ઝ થી ચલાવી લઈએ છિયે; તે જ રીતે અંગ્રેજી ફ઼ ઁ ज़ વગેરેને માટે સાદા ફ વ ઝ થી ચલાવી લઈએ છિયે. માત્ર વિવૃત એ–ઓ સૂચવતા શબ્દો આપણે ગુજરાતીમાં લઈએ ત્યારે તે બતાવવાની જરૂર સ્વીકારાઈ છે અને તે ઊંધી માત્રાથી. આ ઉચ્ચારણ તળપદા ગુજરાતી શબ્દોમાં પણ જાણીતું છે, પણ તે સમગ્ર ગુજરાતમાં સર્વત્ર વ્યાપક નહિ હોવાથી ગુજરાતી જોડણીમાં સ્વીકારાયું નથી; પણ પરિચિત હોવાને કારણે અંગ્રેજી શબ્દો પૂરતું સ્વીકારવામાં આવે છે તે ખાસ અયુકત નથી. (જો કે મને પાકો ભય છે કે આમજનતા એને સમઝવામાં મુશ્કેલી અનુભવશે જ.)

અરબી, ફારસી, અંગ્રેજી ઉપરાંત ઉર્દૂ, પોર્ચુગીઝ, ફ્રેંચ વગેરે શબ્દોની જોડણીમાં સ્વરના વિષયમાં તો મુશ્કેલી નથી. જે પ્રમાણે સ્વરનાં તે તે ભાષામાં ઉચ્ચારણો થાય છે તે પ્રમાણે આપણે અપનાવી લઈ જોડણી કરી શકિયે છિયે, પણ મુશ્કેલી શબ્દોના મધ્યમાં આવતા જોડાક્ષરો અને અંત્ય વ્યંજનના વિષયમાં ઊભી થાય છે. સંસ્કૃત તત્સમ શબ્દોના વિષયમાં ૩ જે નિયમ આપી વ્યંજનાંત શબ્દોમાં અ ઉમેરી તેવા સં. વ્યંજનાંત શબ્દોની જોડણી સ્વીકારી લેવામાં આવી છે તે જ પ્રમાણે આ વિદેશી

શબ્દોમાં પણ અંતે અકાર ઉમેરી જોડણી કરી શકાય છે; અને તે જ પ્રમાણે આજે થાય છે. પરંતુ શબ્દના મધ્યમાં આવતા જોડાક્ષરોના વિષયમાં કેટલીક અગવડ છે તે વિશે સમઝૂતી જરૂરી બને છે. ઉપરના ૫ મા નિયમમાં એ વિશે કાંઈ પણ સૂચન નથી. આ વિષયમાં નીચેની ચોખવટ ઉપયોગી થઈ પડશે.

અકબર, અખબાર, અફલાતૂન, અબલક, અરજી, અશરફી, આબકારી, આબરૂ; આસમાન, ઇલકાબ, કસરત, કારકુન, કુદરત, ખુશબો, ખિદમત, ગિરદી, ચકમક, ચરબી, જાનવર, તકરાર, તદબીર, તસવીર, તોહમત, દરજી, દરદી, દિલગીર, પરહેજ, ફારસી, બાદશાહ, બિલકુલ, દુરબીન, વર્ડઝવર્થ, શેકસપીયર (જેવા અંગ્રેજી સમાસાંત શબ્દોમાંનો પૂર્વશબ્દ વ્યંજનાંત હોય છે ત્યાં)—આ શબ્દોમાં કાળા છાપેલા અક્ષરો મૂળે અકાર વિનાના છે તેમાં 'અ' ઉમેરી જોડણી કરવી પડે છે. અહીં સર્વત્ર અંત્ય વ્યંજનમાંનો અ ઉમેરી લેવામાં આવ્યો જ છે, જે વિશે ઉપર સૂચન આવી જાય છે; ઉપરાંત વધુ કાળા છાપેલા વ્યંજનોમાં પણ 'અ' ઉમેરી જોડણી કરી લેવામાં આવી છે.

અંગ્રેજી શબ્દોમાં અંત્ય જો 'ઈ' કે 'ઉ' હોય છે તો તે ગુજરાતીમાં દીર્ઘ જ લખાય છે; યુનિવર્સિટી, સોસાયટી, ફિલોસોફી વગેરે. અંગ્રેજી ચોક્કસ ઉચ્ચારણોને કારણે શબ્દ વચ્ચેના 'ઇ–ઉ' માં જોડાક્ષર પૂર્વે 'ઇ–ઉ' હ્રસ્વ જ હોય છે. એ વસ્તુ ખ્યાલમાં રાખી ing –ઇંગ અંતે હોય છે તે શબ્દોમાં 'ઇ' હ્રસ્વ છે. વિઝિટ, મિનિટ, તેમ જ વિજ્ઞાનના સંખ્યાબંધ શબ્દો વ્યંજનાંત છે તેની પૂર્વેનો આ 'ઇ' અસ્વરિત હોય તો હ્રસ્વ જ સ્વાભાવિક છે. અહીં કેરોસિન, મેડિસિન, વિટામિન વગેરે સંખ્યાબંધ શબ્દો લક્ષ્ય કરવા; જ્યારે સ્વરિત 'ઇ'વાળા કિનીન, બોબીન, કવોરેન્ટીન વગેરે જાણવા.

[તત્સમ શબ્દોમાં અનુસ્વારનું ઉચ્ચારણ]

૭. અનુસ્વારના ભિન્ન ભિન્ન ઉચ્ચારો દર્શાવવા, ચિહ્નો વાપરવાં નહિ.

નોંધ—શક્ય હોય ત્યાં અનુસ્વારના વિકલ્પમાં અનુનાસિકો વાપરી શકાય. દા.ત. અંત, અન્ત; દંડ, દણ્ડ; સાંત, સાન્ત; બૅંક, બૅન્ક.

આ નિયમથી તદ્ભવ શબ્દોના વિષયમાં તો ચોખવટ આપમેળે જ થઈ જાય છે કે માત્ર બિંદુથી જ આ ઉચ્ચારણો બતાવવાં. અનુસ્વારના

ભિન્ન ભિન્ન ઉચ્ચારો એ પારિભાષિક દૃષ્ટિએ કાંઈક ભ્રામક છે, એ વિશે વિચાર નીચે ૧૮–૧૯ મા નિયમોના વિવરણ વખતે થશે. અહીં તો માત્ર **અનુસ્વારનો** જ પ્રશ્ન સ્પષ્ટ હોઈ તે વિશે જ ખુલાસો આવશ્યક બને છે.

સંસ્કૃત તત્સમ શબ્દોમાં તો સંસ્કૃતના નિયમ પ્રમાણે એક જ શબ્દમાં પરસવર્ણ અનુનાસિક વ્યંજન નિત્ય થાય છે; માત્ર બે જુદા શબ્દો જોડાતાં તેવા પ્રસંગમાં જ તે વૈકલ્પિક છે. એ રીતે અન્ત, દણ્ડ, સાન્ત, એ જ સાચી જોડણી તત્સમ લેખે છે. પણ સૈકાંઓ થયાં આમાં વ્યાકરણશાસ્ત્રથી વિરુદ્ધ જઈને પણ સરળતા ખાતર અનુસ્વારનો ઉપયોગ થતો આવ્યો છે. પ્રાકૃત ભાષાઓમાં તો તેથી જ વિકલ્પ સ્વીકારાયો છે. આપણે પણ એ જ વાત ખ્યાલમાં રાખી વિકલ્પ સ્વીકારવા તૈયાર છિયે. આમાં સરલ માર્ગ આવા બધા જ સંયોગોમાં અનુસ્વાર લખવો એ છે. આજે મોટે ભાગે એ જ રીત પ્રચારમાં છે. પ્રશ્ન ઊભો થાય છે તે સંસ્કૃત સિવાયની ભાષાઓના તેવા ઉચ્ચારણવાળા શબ્દોને વિશે.

મૂર્ધન્ય વર્ણ પૂર્વે સંસ્કૃતના નિયમ પ્રમાણે અનુસ્વારને સ્થાને ણ્ થાય, નહિ કે ન્; કંઠ્ય પૂર્વે ઙ્ થાય, નહિ કે ન્. આવી સ્થિતિમાં બેન્ક, સુપરિન્ટેન્ડન્ટ, હોલેન્ડ વગેરેમાં નિયમની મુશ્કેલી ઊભી થાય છે. આ માટે સરલ માર્ગ તો એ છે કે ઉચ્ચારણમાં જરા પણ સંદેહ રહેતાં, યા સંદેહ ન હોય તોપણ અનુસ્વાર કરવો. તેથી જંગ, તુંદ, તંદુરસ્તી, તંબૂ, બાંબુ જેવા શબ્દો પણ અનુસ્વારથી જ લખાશે. અંગ્રેજી શબ્દોમાં નકાર અને મકાર સ્પષ્ટ સમઝાતા હોય ત્યાં તે લખવામાં બાધ નથી. સંદેહમાં તો સર્વત્ર અનુસ્વાર લખાય તે સરળ થશે.

૨. હ્રસ્વ તથા દીર્ઘ

[હ્રસ્વ]

૮. બહેન, વહાણ, વહાલું, પહોળું, મહાવત, શહેર, મહેરબાન, મહાવરો, મહોર જેવા શબ્દોમાં તથા કહે, રહે, પહેર, પહોંચ જેવા ધાતુઓમાં હ જુદો પાડીને લખવો.

૯. નાનું, મોટું, બીક, સામું, ઊનું, મોર (આંબાનો), મેં, મોતું (મોટને), જ્યાં, ત્યાં, ક્યારે, જ્યારે, મારું, તમારું, તારું, તેનું, અમારું, આપું, વગેરેમાં હકાર ન દર્શાવવો.

એટલે કે, હ જ્યાં દર્શાવવો ત્યાં જુદો પાડીને દર્શાવવો અને ન દર્શાવવો ત્યાં મુદ્દલ ન દર્શાવવો. હ ને આગલા અક્ષર સાથે જોડવો નહિ.

આ બેઉ નિયમો બે વિભાગ પાડી આપે છે, એનું વિવરણ એ ૬ મા નિયમ નીચેની નોંધ છે. એનો આશય સ્પષ્ટ છે કે ૮ મા નિયમમાં બતાવેલા શબ્દોમાં લઘુપ્રયત્ન 'હ' બતાવવો. અને તે એવી રીતે કે જે વ્યંજનમાં એ હોય તે વ્યંજનમાં 'અ' ઉમેરી લખવો અને હકાર મૂળ સ્વર સહિત લખવો. ૬ મા નિયમમાં કયાં ન લખવો એ બતાવવામાં આવ્યું છે. એટલે કે નહાનું, મહોટું, મહોર, મહોં, જ્યહાં, ત્યહાં, ક્યહારે, જ્યહારે, મહારું, તમહારું, તહારું, તહેનું, અમહારું, અડાવું એમ જોડણી કરવાની સ્પષ્ટ મનાઈ કરવામાં આવી છે. [જોડણીની દૃષ્ટિએ બધા જ સંયોગમાં શંકા થતાં જ "કોશ" જોઈ લેવો જરૂરી છે.]

આ પ્રશ્ન ઉચ્ચારણની દૃષ્ટિએ બહુ જટિલ છે. વસ્તુસ્થિતિએ આખો 'હ'નો પ્રશ્ન પ્રાંતીય છે. જ્યાં એનું ઉચ્ચારણ થાય છે ત્યાં પણ એ સ્વરમાં જ અંતર્ગત છે; એટલે 'વહાલું' લખવા છતાં માત્રા ચાર નહિ, પણ ત્રણ જ ઉચ્ચારણમાં છે. આમાં ૮ મો નિયમ જેમ તળ ગુજરાતનું તત્ત્વ બતાવે છે, તેમ ૬મો નિયમ તળ કાઠિયાવાડનું તત્ત્વ બતાવે છે. ગુજરાતમાં ૮મા-૬મા બંને નિયમોમાં આવતા શબ્દોમાં હકારનું લઘુપ્રયત્ન ઉચ્ચારણ છે, તો કાઠિયાવાડમાં એ બેઉ નિયમોમાંના શબ્દોમાં હકારનું લેશ પણ ઉચ્ચારણ નથી. શિષ્ટ ભાષામાં હકાર સ્વીકારાયો તો છે જ. એમાં જ્યાં છેલ્લાં ૮૦ વર્ષોમાં ૩૬ થઈ ગયો છે ત્યાં ૮ મા નિયમમાં હકાર સ્વીકારાયો છે; ૩૬ નથી થયો ત્યાં ૬ મા નિયમમાં નથી સ્વીકારાયો. જોડણીની એકવાક્યતા કરવા આ પ્રકારની જે બાંધછોડ કરવામાં આવી છે, તે ખાસ ગેરવાજબી નથી. ૬મા નિયમમાં જે અપવાદ આપવામાં આવ્યો છે તેવા શબ્દો ભાષામાં બહુ જ જૂજ છે એટલે યાદ રાખવા મુશ્કેલ નથી.[૧] શંકામાં "કોશ" જોઈ લેવો.

---

૧. જોડણીના આરંભથી માંડી અત્યારસુધીમાં હકારને જોડણીમાં વ્યક્ત કરવાની અનેક રીતો બતાવાઈ છે. સ્વ. કવિ નર્મદાશંકરે પ્રથમ અર્ધા વ્યંજન કે સ્વર જ માત્ર હોય તો 'અ' અર્ધો લખી સ્વર સાથે 'હ' લખવાનો ઉપાય બતાવી; પછીથી 'હ'ને સ્થાને તે તે વ્યંજન કે સ્વર નીચે નુક્તો કરવા સૂચવેલું. સ્વ. નવલરામ પંડયાએ સ્વર પછી વર્ણલોપદર્શક ચિહ્ન ' (apostrophe) લખવા નિર્દેશેલું. પછી 'હ'ને રાખવા તરફ વલણ થયું. સ્વ. ગોવર્ધનરામે નર્મદાશંકરની પ્રથમની પદ્ધતિ સ્વીકારી. એ ફરી જુનવાણી બન્યું અને સ્વ. નરસિંહરાવે પેલા અર્ધા 'અ'નો અસ્વીકાર કરી 'અહમે'ને સ્થાને 'હમે' વગેરે રીત

[હકારવાળાં ક્રિયાપદો]

૧૦. નાહ, ચાહ, સાહ, મોહ, લોહ, દોહ, ક્રોહ, સોહ એ ધાતુઓને અનિયમિત ગણી તેમનાં નીચે દર્શાવ્યા પ્રમાણે રૂપો સાધિત કરવાં:—

નાહ:—નાહું છું; નાહીએ છીએ; નહાય છે; નાહો છો; નાહ્યો,–હ્યા,–હી,–હ્યું,–હ્યાં; નાહીશ; નાહીશું; નહાશો; નહાશે; નહાત; નહાતો,–તી,–તું; નાહનાર, નાહવાનો અથવા નાવાનો; નાહેલો,–લી,–લું; નહા; નહાજે; નાહવું.

નવડા(–રા)વવું; નવાવું; નવાય; નાવણ; નાવણિયો; નવેણ; નવાણ.

ચાહ:—ચાહું છું; ચાહીએ છીએ; ચાહે છે; ચાહો છો; ચાહ્યો;–હ્યા,–હી,–હ્યું,–હ્યાં; ચાહીશ; ચાહીશું; ચાહશે; ચાહશો; ચહાત; ચહાતો,–તી,–તું; ચાહનાર; ચાહવાનો; ચાહેલો,–લી,–લું; ચાહ; ચાહજે; ચાહવું.

ચહવડા(–રા)વવું; ચહવાવું; ચહવાય એ રૂપો શક્ય અને વ્યાકરણદૃષ્ટિએ પ્રામાણિક લાગે છે, પણ આવા પ્રયોગો પ્રચલિત નથી.

સ્વીકારી. આ બધામાં બાંધછોડની નીતિએ છેવટ "જોડણીકોશ" આવ્યો અને ૮ મા–૯ મા નિયમ પ્રમાણે અમુક શબ્દોમાં 'હ' લખવો અને તે ૮ મા નિયમમાં બતાવ્યા પ્રમાણે, અને અમુક શબ્દોમાં ન જ લખવો, ૯ મા નિયમમાં બતાવ્યા પ્રમાણે. આમાં લિપિની મુશ્કેલીનો પ્રશ્ન પણ મૂંઝવતો બતાવાયો છે. તે વિશે શ્રી. કાકાસાહેબે "જોડણીકોશ"ની પ્રસ્તાવનામાં નિર્દેશ કર્યો પણ છે. હકાર સ્પષ્ટ બતાવવા પૂર્વના વ્યંજનો અર્ધા જ આપવા પડે. હવે જેમાં કાનો છે તેવા વ્યંજનો તો અર્ધા મળે જ છે; પણ 'જ' સિવાયના કાના વિનાના ક, ટ, ડ, દ, ર એ વ્યંજનો ખોડા મૂકવા જોઈએ, તો જ સાચી રીતે તે યોજાય. અને તેમ છતાં આ બધાં સ્થાનોમાં એ લઘુપ્રયત્ન હકાર છે, એ તો સમજાય જ નહિ. આનો સરળ ઉપાય એક જ છે. હકારનું એ લઘુપ્રયત્ન કે સ્વરિત ઉચ્ચારણ બતાવવા સંસ્કૃત ભાષામાં વિસર્ગ બતાવવાને વપરાતું [:] ઉપર નીચે બિંદુવાળું ચિહ્ન સ્વીકારી લેવામાં આવે તો આ આખો પ્રશ્ન સરળ થઈ પડશે. માત્ર આપણે ત્યાં લઘુવિરામ (કૉલન)નું ચિહ્ન [:] એવું છે તે ગુજરાતીમાં છોડી દેવું જોઈશે. પૂર્વે તેના વિના ચાલ્યું હતું અને અત્યારે ચાલી પણ શકશે. તેનું સ્થાન : અલ્પવિરામ યા અર્ધરેખા લેશે. સ્વ–નવલરામવાળું વર્ણલોપચિહ્ન વર્ણનો લોપ બતાવે છે, જ્યારે આ વિસર્ગચિહ્ન તો વર્ણનું અસ્તિત્વ બતાવશે. ઉચ્ચારણ તો જાણીતું જ છે. છાપખાનાંની મુશ્કેલી પણ કાયમને માટે ટળી જશે; જેમકે બેઃન, વાઃણું, વાઃલું, પોઃળું, માઃવત, શેઃર, મેઃરબાન, માઃવરો, મોઃર, કેઃ, રેઃ, પેઃર, પોંઃચ. પદ્યબંધની દૃષ્ટિએ આની સંગતિ પણ સ્પષ્ટ છે. બાકી આવા શબ્દોમાં સ્વરિત કે લઘુપ્રયત્ન 'હ' ક્યાં ખરેખર છે તે કહેવું કાંઈક મુશ્કેલ છે. છતાં પ્રથમ શ્રુતિમાં કે પછી, તે સ્પષ્ટ છે. કાઢવું, લોઢી વગેરે જોવાથી બંને સ્થિતિ સ્પષ્ટ થઈ જશે.

સાહઃ—ચાહ પ્રમાણે.

સવડા(–રા)વવું; સવાવું; સવાય.

મોહઃ—મોહું છું; મોહીએ છીએ; મોહે છે; મોહો છો; મોહ્યો,–હ્યા,–હી,–હ્યું,–હ્યાં; મોહીશ; મોહીશું; મોહશે; મોહશો; મોહત; મોહતો,–તી,–તું; મોહનાર; મોહવાનો; મોહેલો,–લી,–લું; મોહ; મોહજે; મોહવું.

મોહડા(–રા)વવું; મોહવું; મોહાય.

લોહઃ—લોહું છું; લોહીએ છીએ; લુહે છે; લુહો છો; લોહ્યો,–હ્યા,–હી,–હ્યું,–હ્યાં; લોહીશ; લોહીશું; લોહશે; લોહશો; લોહત; લોહતો,–તી,–તું; લોહનાર; લોહવાનો અથવા લોવાનો; લોહેલો,–લી,–લું; લોહ, લોહજે; લોહવું.

લોવડા(–રા)વવું; લોવાય; લોવણિયું.

દોહઃ—દોહું છું; દોહીએ છીએ; દુહે છે; દુહો છો; દોહ્યો,–હ્યા,–હી,–હ્યું,–હ્યાં; દોહીશ; દોહીશું; દોહશે; દોહશો; દુહત અથવા દોહત; દોહતો,–તી,–તું; દોહનાર; દોહવાનો અથવા દોવાનો; દોહેલો,–લી,–લું; દોહ; દોહજે.

દોવડા(–રા)વવું; દોવાવું; દોવણ; દોણી.

કોહઃ—મોહ પ્રમાણે.

કોવડા(–રા)વવું; કોવાવું; કોવાય; કોહપણ; કોહવાણ; કોહવાટ.

સોહઃ—મોહ પ્રમાણે.

આ ૧૦ મો નિયમ નાહ, ચાહ, સાહ, મોહ, લોહ, દોહ, કોહ અને સોહ એ આઠ ક્રિયાપદોનાં રૂપો પૂરતો છે. બધાં જ રૂપો કેવી રીતે લખવાં તે આપી દીધું હોવાથી તેમાં વિશેષ સૂચન અપેક્ષિત નથી રહેતું. એક વસ્તુ આ બધાં રૂપોમાં ધ્યાનમાં રાખવી જ જોઈએ કે સર્વત્ર હકાર લઘુ-પ્રયત્ન એટલે કે સ્વરમાં અંતર્હિત રીતે જ ઉચ્ચરિત છે; બલ્કે એમ કહિયે તો ખોટું નથી કે તે તે સ્વર મહાપ્રાણિત ઉચ્ચારવામાં આવે છે. અને તેથી જ અગાઉ બતાવ્યું તે પ્રમાણે લેખનમાં ક્વચિત્ જુદો બતાવાય છતાં માત્રાની દૃષ્ટિએ હકારનું જુદું સ્થાન નથી.[૧]

---

૧. એટલે જ એ લક્ષ્યમાં લેવા જેવું છે કે 'નાહું છું' કહેવાથી એનું ઉચ્ચારણ 'નાઃઉં છું=ન્હાઉં છું' જેવું જ છે. આ ક્રિયાપદોનાં આટલાં બધાં રૂપો જુદી જુદી રીતે યાદ રાખવાં પડે તેવી સ્થિતિ છે ત્યાં આ વિસર્ગ ચિહ્નથી આખો પ્રશ્ન સરળ થઈ જાય તેમ છે. એને લીધે 'હ' વિનાનાં રૂપોઃ નાવાનો, નવડા(–રા)વું; નવાવું, નવાય, નાવણ, નાવણિયો, નવેણ, નવાણ, સવડા(–રા)-

[મૂર્ધન્યતર ઢ]

૧૧. કેટલાક ઢ ને બદલે હ અને ડ છૂટા પાડીને લખે છે. જેમકે, કહાડવું, વહાડવું. તેમ ન લખતાં કાઢ, વાઢ, કઢી, ટાઢ, અઢાર, કઢવું એમ લખવું. પરંતુ લઢવું, દાઢમ ન લખતાં લડવું, દાડમ એમ લખવું.
ચડવું, ચઢવું બંને માન્ય ગણવાં.

આ નિયમ બીજી રીતે ખૂબ સરળ છે. કાઠિયાવાડનાં ઉચ્ચારણોમાં આ મૂર્ધન્યતર ઢ ને સ્થાને શુદ્ધ મૂર્ધન્ય ઢ જ ઉચ્ચારાય છે. જ્યાં જ્યાં કાઠિયાવાડમાં શુદ્ધ મૂર્ધન્ય ઢ છે ત્યાં તે જોડણીમાં પણ ઢ જ બતાવવો. કાઢ, વાઢ, કઢી, ટાઢ, અઢાર, કઢવું, લોઢું, મોઢું, લઢણ (લઢવું ક્રિયા-પદ=ટેવ પડવી), ઢેઢ, દોઢ, અઢી, રઢ, દાઢ વગેરેમાં ઢ જ લખવો. જ્યાં નથી એટલે કે મૂર્ધન્યતર ડ જ ઉચ્ચરિત થાય છે કાઠિયાવાડમાં, ત્યાં સર્વત્ર ડ જ લખવો. એને લીધે આપોઆપ 'ચઢવું' જોડણી નિરર્થક થઈ પડશે. કાઠિયાવાડમાં સર્વત્ર 'ચડવું' જ ઉચ્ચરિત થાય છે મૂર્ધન્યતર 'ડ' થી. એ રીતે 'રાઢ' નહિ, પણ 'રાડ'; શેરડીનો 'વાઢ' નહિ, પણ 'વાડ' વગેરે.

[યશ્રુતિ]

૧૨. કેટલાક શબ્દોના ઉચ્ચારમાં ગુજરાતના કેટલાક ભાગમાં યશ્રુતિ થાય છે. ઉદા૦ જાત્ય, આંખ્ય, લાવ્ય, લ્યો, દ્યો, ઇ૦. પણ તે લખવામાં દર્શાવવાની જરૂર નથી. જાત, આંખ, લાવ, લો, દો એમ જ લખવું.

નારી જાતિના બધા જ અકારાંત શબ્દો અને આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનનાં રૂપોમાં મૂળમાં હ્રસ્વ ઇ પ્રત્યય પડ્યો છે, જેની અબાધિત છાયા સમગ્ર દેશમાં પ્રાયઃ સર્વત્ર વ્યાપક છે; ગુજરાતના કેટલાક જ ભાગમાં એ યશ્રુતિ છે એ કહેવું બરોબર નથી. જેવી સ્થિતિ આ ય ની છે તેવી જ કર્મણિ ભૂત કૃદંતના યું—યો—યી પ્રત્યયની પણ છે. જ્યાં આ લઘુ-પ્રયત્ન યકાર નથી ત્યાં "ગયો"નું 'ગો', 'કર્યો'નું 'કરો' જેવાં જ ઉચ્ચારણ છે. ઉપરના અંત્ય લઘુપ્રયત્ન યકારને અને 'લ્યો—દ્યો' અને

વવું, સવાવું, સવાય, લોવાનો, લોવડા(–રા)વવું, લોવાય, લોવણિયું, દોવાનો, દોવડા(–રા)વવું, દોવાવું, દોવણ, દોણી, કોવડા(–રા)વવું, કોવાવું, કોવાય, એ વગેરેમાં અમાત્રિક વિસર્ગ આવી જતાં તેવાં સંદિગ્ધ રૂપોની લેખનમાં જરૂર નહિ રહે.

'લ્યે', 'દ્યે', 'જજ્યા'માંના યકારને દૂર કરવામાં માત્ર લેખનસાલ્ય એ જ મુખ્ય કારણ કહેવું વાજબી છે. અને એ જ કારણે એ સ્વાભાવિક ઉચ્ચારણ જોડણીમાંથી કાયમને માટે લુપ્ત થયું છે.[૧]

૩. તદ્ભવ શબ્દો

[અલ્પપ્રાણ + મહાપ્રાણ]

૧૩. અલ્પપ્રાણ અને મહાપ્રાણ સંયુક્ત હોય એવા તદ્ભવ શબ્દોમાં મહાપ્રાણનું દ્વિત્વ કરવું. ઉદા૦ ચોખ્ખું, ચિઠ્ઠી, પથ્થર, ઝબ્બો, ઓધ્ધો, સુધ્ધાં, સબ્બર. પણ ચ્ તથા છનો યોગ હોય તો ચ્છ લખવું, છ્છ નહિ. ઉદા૦ અચ્છેર, પચ્છમ, અચ્છું.

"જોડણીકોશ"માં જોદ્ધો-યોદ્ધો લખાયેલ છે, તે આ રીતે જોધ્ધો-યોધ્ધો લખાવાં જોઇયે.

આ નિયમ માત્ર સરળતા ખાતર જ છે. સંસ્કૃત પ્રાકૃત ભાષાઓમાં આ નિયમ વૈકલ્પિક છે. અને અલ્પપ્રાણ+મહાપ્રાણ એ રીતે જોડણી એ બેય ભાષાઓમાં વધુ સંમાનિત થયેલી છે. એનું જ ગુજરાતીમાં અનુસરણ હોવાથી નિયમના આરંભમાં " અલ્પપ્રાણ અને મહાપ્રાણ સંયુક્ત હોય એવા તદ્ભવ શબ્દોમાં " એમ કહેવું જ પડ્યું છે. આ નિયમની ખાસ તેથી ઉપયુક્તતા નથી લાગતી.

[યશ્રુતિની ભ્રાંતિ]

૧૪. કેટલાક શબ્દોમાં (ઉદા૦ પારણું, બારણું, શેરડી, દોરડું, ખાંડણી, દળણું, ચાળણી, શેલડી) ર, ડ, ળ, લ ને બદલે ય ઉચ્ચાર થાય છે; ત્યાં મૂળ રૂપ જ લખવું.

આ નિયમમાં " ય ઉચ્ચાર થાય છે" એમ કહેવા કરતાં " ઝડપથી બોલાતાં ઉચ્ચારણમાં યશ્રુતિની ભ્રાંતિ છે " એમ કહેવું વધુ યોગ્ય છે.

"જોડણીકોશ"માં ઘણા શબ્દોમાં વિકલ્પ છે; ખાસ કરીને 'ર' —વાળા શબ્દોમાં. આ બધે ઠેકાણે 'ર' રાખીને યા 'ર' ઉડાડીને જોડણી થઇ છે. ઉતરડવું,—ઉત(તે)ડવું, આસરડવું—આસડવું વગેરે. આ શબ્દોમાં 'ર' સચવાઈ રહે એ વધુ વાજબી છે.

---

૧. આ ઉચ્ચારણ ભાષામાં અવિચ્છિન્ન છે અને તેથી વ્યક્ત થવું જ જોઇયે. તેથી જેમ મૂર્ધન્યતર 'ડ્-ઢ્' નુક્તાથી બતાવવા વાજબી છે, તેમ આ લઘુપ્રયત્ન યકાર પણ વ્યાપક રીતે 'ય્'ના રૂપમાં નીચે નુક્તા સાથે પ્રયોજાય તે ઇષ્ટ છે.

[સ–શ નાં ઉચ્ચારણ]

૧૫. અનાદિ શ ના ઉચ્ચારની બાબતમાં કેટલાક શબ્દોમાં પ્રાંતિક ઉચ્ચારભેદ છે. ઉદા૦ ડોશી–ડોસી; માશી–માસી; ભેંશ–ભેંસ; છાશ–છાસ; બારશ–બારસ; એંશી–એંસી. આવા શબ્દોમાં શ અને સ નો વિકલ્પ રાખવો.

૧૬. શક, શોધ, શું માં રૂઢ શ રાખવો; પણ સાકરમાં સ લખવો.

૧૭. વિશે અને વિષે એ બંને રૂપો ચાલે.

સામાન્ય રીતે પ્રાંતીય ભેદે છતાં તાલવ્ય સ્વરના યોગમાં સકારને સ્થાને શકાર ઉચ્ચારવાનું વલણ છે. એ રીતે આ શબ્દોમાં વિકલ્પે તાલવ્ય શકાર છે. છાશ, બારશ વગેરેમાં તાલવ્ય સ્વર દેખાતો નથી, પણ તેમાં લઘુપ્રયત્ન યકાર છે જ, જે નારી જાતિના ઇ પ્રત્યય ઉપરથી આવ્યો છે. તેથી જ ઉચ્ચારણમાં તાલવ્ય શને સ્થાન મળે છે. આ વિકલ્પ કાંઈક સમાદરણીય બને છે. એ રીતે વીશ—સ, અને વીશ—સ—અંતવાળા, પચીશ—સ, છવીશ—સ, ત્રીશ—સ અને ત્રીશ—સ—અંતવાળા, ચાળીશ—સ અને ચા(–તા)ળીશ—સ અંતવાળા, ઓગણપચાશ—સ, પચાશ—સ વગેરે બધામાં વિકલ્પ સ્વીકાર્ય છે. પણ શકારની પ્રાંતીયતાને કારણે આ બધા શબ્દોમાં સકાર લખવો વધુ પ્રામાણિક છે.

શક, શોધ તો તત્સમ સંસ્કૃત ધાતુઓ છે. બેશક આજે એનાં સ્વાભાવિક ઉચ્ચારણો દંત્ય સકારવાળાં જ છે. પણ તત્સમની શુદ્ધિ જાળવવાનો પ્રઘાત હોવાથી તે વિશે કાંઈ વિશેષ વિવેચન અપેક્ષિત નથી.

૧૭ મા નિયમમાં 'વિશે' અને 'વિષે' બંને રૂપ સ્વીકારવાનું વિધાન છે. પણ "વિષે" એ રૂપ ગુજરાતી ભાષામાં કદી શક્ય નથી; તેમ એ તત્સમ નથી; કેમકે તત્સમ તો 'વિષયે' છે. મધ્યકાલીન ગુજરાતીમાં 'વિખિ'—ઉચ્ચારવાળું 'વિષિ' રૂપ લખાયેલું મળવાથી અને 'વિખે'—ઉચ્ચારવાળું 'વિષે' પછી પણ પ્રયોજાયું હતું એટલે માત્ર સ્વરૂપ ઉપરથી 'વિષે' આપણે ત્યાં સ્વીકારાયેલું. પણ આજે તો કોઇ 'વિખે' ઉચ્ચાર કરતું જ નથી. એટલે જૂના 'વિખે'—ઉચ્ચારવાળા 'વિષે'ની જરૂર આપોઆપ ગઇ છે. સ્વાભાવિક રૂપ 'વિસે' ઉપરાંત તાલવ્ય એકારને કારણે 'વિશે' એવું વૈકલ્પિક રૂપ છે. એટલે જો વિકલ્પ જોઇતો જ હોય તો 'વિસે' 'વિશે' એવો જોઇયે. નવીનતા ન જ જોઇતી હોય તો 'વિશે' રૂપ સંમાનિત થવા યોગ્ય છે; 'વિષે' તો નહિ જ. આ બે રૂપોમાંથી

તેથી હવે 'વિશે' એ એક જ રૂપ સ્વીકારી લેવું વાજબી છે. આ જ રીતે 'દુભાષિયો' નહિ, પણ 'દુભાશિયો' સ્વીકાર્ય બને છે.

[સાનુનાસિક નિરનુનાસિક ઈ-ઉ]

૧૮. તદ્‌ભવ શબ્દોમાં અંત્ય ઈ તથા ઉ, સાનુસ્વાર કે નિરનુસ્વાર, એ અનુક્રમે દીર્ઘ અને હ્રસ્વ લખવાં. ઉદા૦ ઘી; છું; શું; તું; ઘણી; વીંછી; અહીં; દહીં; પિયુ; લાડુ; જુદું.

નોંધ—સામાન્ય રીતે ગુજરાતીમાં ૨ અથવા રુ લખવાનો રિવાજ નથી; ૩ વિશેષ પ્રચલિત છે. પરંતુ જ્યાં નિયમ પ્રમાણે હ્રસ્વ ૨ લખવાનું હોય ત્યાં ૨ અથવા રુ લખવું. ઉદા૦ છોકરું-છોકરું; બૈરું-બૈરું.

અપવાદ—એકાક્ષરી શબ્દોમાં નિરનુસ્વાર ઊ દીર્ઘ લખવો. ઉદા૦ નૂ, લૂ, થૂ, ભૂ, છૂ.

૧૯. અનંત્ય ઈ તથા ઊ પર આવતા અનુસ્વારનો ઉચ્ચાર પોચો થતો હોય ત્યારે ઈ કે ઊ દીર્ઘ લખવાં. ઉદા૦ ઇડું; હીંડાડ; ચૂંચવાવ, સીંચણિયું, પીંછું; લૂંટ; પૂંછડું; વરસૂંઢ; મીંચામણું.

અપવાદ—કુંવારું, કુંભાર, કુંવર, કુંવરી, સુંવાળું.

'સાનુસ્વાર' કે 'નિરનુસ્વાર' એ સંજ્ઞાથી 'સાનુનાસિક' અને 'નિરનુનાસિક' ઇ—ઉ સમજવાના છે. સ્વ. નરસિંહરાવે પણ આ ભૂલ કર્યા પછી તેમને માલૂમ પડેલું કે અનુસ્વાર અને અનુસ્વારનો કોમળ ઉચ્ચાર એ જુદી વસ્તુ છે. અનુસ્વારનો કહેવાતો કોમળ ઉચ્ચાર તે અનુનાસિક, કે કોઇ 'નાસિક્ય' કહે છે—તે છે. અનુસ્વાર એ સ્વર પછી વધી પડતું ઉચ્ચારણ છે, જ્યારે માત્રામાં કાંઈપણ વૃદ્ધિ ન કરતો નાકમાંથી બોલાતો હ્રસ્વ કે દીર્ઘ સ્વર એ સાનુનાસિક છે. એટલે ૧૮-૧૯ એ બેઉ નિયમોમાં અનુસ્વારથી સાનુનાસિક ઉચ્ચાર જ સમજવાનો છે. અને તેની જ અહીં વાત છે.[૧]

---

૧. ગુજરાતી શબ્દોના ઉચ્ચારણમાં વધુમાં વધુ મૂંઝવનારો પ્રશ્ન હ્રસ્વ કે દીર્ઘ 'ઇ-ઉ' નો છે. ક્યાં એ હ્રસ્વ ઉચ્ચારાય છે અને ક્યાં એ દીર્ઘ ઉચ્ચારાય છે એ પ્રચલિત ઉચ્ચારણો ઉપરથી સામાન્ય રીતે નક્કી કરવું વિકટ છે. ખાસ કરીને દીર્ઘ ક્યાં એ નક્કી કરવું તો ખૂબ જ મુશ્કેલ છે. અહીં ૧૮ મા નિયમમાં અંત્ય સાનુનાસિક 'ઇ-ઉ' માં ઉચ્ચારણની દૃષ્ટિએ લેશ પણ ભેદ નથી; એટલું જ નહિ 'ઈ' કે 'ઊ' પોતે સાનુનાસિક હોય કે નિરનુનાસિક હોય, તેઓના ઉચ્ચા-

૧૮મો નિયમ એ અત્યંત સ્પષ્ટ કરી આપે છે કે એકાક્ષરી કે એકથી વધુ અક્ષરવાળા શબ્દોમાં અંત્ય 'ઇ' દીર્ઘ જ લખવો, ત્યારે એકાક્ષરી શબ્દોમાં માત્ર નિરનુનાસિક 'ઉ' દીર્ઘ લખવો; તેવા શબ્દોમાં સાનુનાસિક 'ઉ' હ્રસ્વ જ લખવો. એકથી વધુ અક્ષરવાળા શબ્દોમાં અંત્ય સાનુનાસિક અને નિરનુનાસિક 'ઉ' હ્રસ્વ જ લખવો. માત્ર સરળતાના ઉદ્દેશ ઉપર

રણમાં ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ કાંઈ પણ ફેર પડતો નથી. નિયમો કરવામાં આવ્યા છે તે માત્ર લેખનમાં સરળતા લાવવા માટે વ્યવહાર પૂરતા છે; અને તેથી જ આપણી સામે એ વ્યવહારુ નિયમો પ્રમાણે અંત્ય સાનુનાસિક–નિરનુનાસિક 'ઈ' દીર્ઘ અને તેવો 'ઉ' હ્રસ્વ આવે છે; તે જ 'ઉ' જો નિરનુનાસિક હોય અને તે એકાક્ષરી શબ્દમાં હોય તો "અપવાદ"માં બતાવ્યા પ્રમાણે દીર્ઘ જ લખવાનું પ્રાપ્ત થાય છે. અનંત્ય દશામાં તો સાનુનાસિક 'ઇ–ઉ'નું સરખાપણું તેમ તેનાથી સ્વતંત્ર રીતે નિરનુનાસિક 'ઈ–ઉ'નું સરખાપણું લેખનમાં વ્યકત કરવાનું નીચે ૧૯ થી ૨૪ સુધીના નિયમોમાં વિધાન છે

સિદ્ધાંત તરીકે એક વસ્તુ અત્યંત સ્પષ્ટ છે કે ગુજરાતી ભાષાનાં ઉચ્ચારણોમાં અંત્ય 'ઇ–ઉ' નાં ઉચ્ચારણ હ્રસ્વ તરફ વધુ અને વધુ ઢળી ગયાં છે. માત્ર 'જ' અને 'ય' એ બે અવ્યયો જ એવાં છે કે કોઇ પણ હ્રસ્વ 'ઇ–ઉ' પછી આવતાં એ 'ઇ–ઉ' દીર્ઘ જ ઉચ્ચરિત થાય છે. લઘુ-પ્રયત્ન અંત્ય અકાર પણ આ બે અવ્યય પહેલાં પૂર્ણપ્રયત્ન બની જાય છે, એ પૂર્વે સૂચવાયું છે જ.

અંત્ય 'ઇ–ઉ' જેમ હાલ સામાન્ય રીતે હ્રસ્વ ઉચ્ચરિત થાય છે, પછી ભલે વ્યુત્પત્તિથી તે દીર્ઘ જ આવતા હોય (અને "શાસ્ત્રોચ્ચારપરિશુદ્ધ જોડણી"માં મને આ તરફ પક્ષપાત પણ હતો, પ્રાંતીયતાને કારણે; પછી તો છેલ્લાં આઠ વર્ષના વધુ વ્યાપક અનુભવથી તે તરફની સમર્થક બુદ્ધિ ઓસરી પણ ગઇ છે.) તે રીતે અનંત્ય 'ઇ–ઉ' અસ્વરિત દશામાં હ્રસ્વ ઉચ્ચરિત થાય છે. આને જ કારણે ૧૯ મા નિયમમાં અનંત્ય 'ઇ–ઉ' સાનુનાસિક હોય ત્યારે દીર્ઘ કહ્યા છે તે અસ્વરિત દશામાં હ્રસ્વ છે કે જેવા નિરનુનાસિક તે 'ઇ–ઉ' હ્રસ્વ છે. "અપવાદ"માં કુંવારું, કુંભાર, કુંવર, કુંવરી, સુંવાળું આપવામાં આવ્યા છે, એ સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપે છે. એ રીતે જોતાં "હીંડાડ"માં 'હીં' દીર્ઘ નહિ, પણ હ્રસ્વ જ છે. "રિસામણું" અને "સીંચણિયું" કે "મીંચામણું"માંના આદિ શ્રુતિમાંના નિરનુનાસિક કે સાનુનાસિક 'ઇ'માં કાંઇ પણ તફાવત નથી; તે જ રીતે "ઉતરડ" અને "મૂંઝવણ"માંના નિરનુનાસિક કે સાનુનાસિક 'ઉ'માં પણ. અને ત્રિશ્રુતિ શબ્દોમાં "ચિતાર" "મીઠાશ" "મૂકેલું" "ઉતાર" અને "જૂઠાણું"માં આદિ શ્રુતિના ઉચ્ચારણમાં ફેર છે એમ કોણ કહી શકે તેમ છે?

રચાયેલા આ નિયમની શાસ્ત્રીયતા વિશે શંકા કરવાની નથી. જોડણીના નિયમોમાં આ '૪—ઉ' વિશેના નિયમો એ માત્ર કામચલાઉ છે, એ વાત કોઇપણ સમઝુ વિદ્વાન ભૂલી નહિ શકે; કેમકે તેમાં ઉચ્ચારણનો વિષય ઉપેક્ષિત થયો છે.

નિયમ તરીકે આ નિયમ અત્યંત સ્પષ્ટ છે, તેવો જ ૧૯મો નિયમ પણ સ્પષ્ટ છે. ૧૮મા નિયમમાં અંત્ય '૪—ઉ'—નો પ્રશ્ન પતી જાય છે, ને માત્ર અનંત્યનો જ રહે છે. તેવા અનંત્ય સાનુનાસિક '૪—ઉ' દીર્ઘ જ લખવાનું ૧૯મો નિયમ વિધાન કરે છે, અને કોઇપણ સંયોગોમાં તેમાં ફેરફાર ન કરવાનો પણ આદેશ કરે છે. અપવાદમાં જે પાંચ શબ્દો છે તે જ યાદ રાખવાથી સ્વેખનમાં આવા અનંત્ય સાનુનાસિક '૪—ઉ'નો પ્રશ્ન નિરાકૃત થઈ જાય છે. પણ એટલાથી પૂરતું નથી. "જોડણીકોશે" દીર્ઘ અને હ્રસ્વ '૪—ઉ' હોય તેવા સંખ્યાબંધ વિકલ્પો આપ્યા છે. તેવા શબ્દમાં સ્વરભાર '૪—ઉ' ઉપર ન હોય અને પછીની શ્રુતિમાં હોય છે, તેવા તે બધા જ શબ્દો હ્રસ્વ સાનુનાસિક '૪—ઉ'થી લખાય તે વાજબી છે. ઉંદર, ઉંબર, જિંગોડી, શિંગાળી વગેરે. અહીં અનુસ્વાર છે એમ બચાવ કરવો નિરર્થક છે.

[થડકાતો ૪-ઉ]

૨૦. શબ્દમાં આવતા યુક્તાક્ષરથી જ્યાં આગલા સ્વરને થડકો લાગતો હોય ત્યાં ઈ કે ઊ જે હોય તે હ્રસ્વ લખવો. અનુસ્વારનો ઉચ્ચાર અનુનાસિક જેવો થતો હોય ત્યાં યુક્તાક્ષર ગણવો. ઉદા૦ કિસ્તી, શિસ્ત, હુક્કર, જુસ્સો, ચુસ્ત, છેતરપિંડી, જિંદગી, જિંગોડી, લુંગી, દુંદ, તુંડાઇ.

નોંધ—સામાન્ય રીતે ગુજરાતીમાં જિ લખવાનો રિવાજ નથી; જી જ વિશેષ પ્રચલિત છે. પરંતુ જ્યાં નિયમ પ્રમાણે હ્રસ્વ જિ લખવાનું હોય ત્યાં જિ લખવું. ઉદા૦ જિંદગી; જિતાડવું; જિવાડવું.

જોડાક્ષરની પૂર્વનો થડકાતો સ્વર હ્રસ્વ લખવો. થડકાતો સ્વર ન હોય તો તે અસલ જે સ્વરૂપમાં હોય તેમ લખવો. 'કર્યો, રકુર્યું' આ શબ્દોમાં ભૂતકાળનો ય લાગે છે, જોડાક્ષર પણ બને છે, પણ પૂર્વના સ્વરમાં કાંઈ પણ થડકારો નથી, તેથી "કર" ને 'યો' લાગતાં છતાં 'ક'માં અકાર લઘુ જ છે. તેજ રીતે 'રકુર'માં ઉકાર લઘુ જ છે.

આ નિયમ અત્યંત સ્પષ્ટ છે, પણ તે તદ્‌ભવ પૂરતો જ છે, એ ન ભુલાવું જોઇયે. સંસ્કૃત તત્સમ શબ્દોમાં જોડાક્ષરમાંના પૂર્વનો ૪—ઉર્

દીર્ઘ જ સામાન્ય રીતે હોય છે. કીર્તિ, પૂર્ણ, ચૂર્ણ, વીર્ય વગેરે. સંસ્કૃત સિવાયની ભાષાઓમાંથી આવેલા શબ્દોમાં હ્રસ્વ લખવાનું જ વલણ છે; જેમકે ડિગ્રી, ઉર્દૂ વગેરે.

નોંધમાં 'જિ' વિશે જ છે. ત્રણમાંનું પહેલું ઉદાહરણ તત્સમ શુદ્ધ શબ્દ છે; બીજું—ત્રીજું ઉદાહરણ ૨૪મા નિયમ પ્રમાણે છે.

[દ્વિશ્રુતિવાળા શબ્દોમાં અન્ત્ય ઇ-ઉ]

૨૧. જ્યાં વ્યુત્પત્તિને આધારે જુદી જોડણી ન થતી હોય 'જેમ કે, ઉદવું, ડિલ, જુદું) તેવા બે અક્ષરના શબ્દોમાં ઉપાંત્ય ઈ તથા ઊ દીર્ઘ લખવાં. ઉદા૦ ચૂક, થૂઈ, તૂત, ઝૂલો, ઝીણું, જીનો.

અપવાદ—સુધી, દુખ, જુઓ.

નોંધ—મુકાવું, ભુલાવું, મિચાવું, એવાં કર્મણિ રૂપોમાં હ્રસ્વ થાય છે. જુઓ નિયમ ૨૪ મો

વ્યુત્પત્તિને આધારે ઉપાંત્ય ઇ-ઉ માં હ્રસ્વતા જ મળતી હોય તે સિવાયનાં સ્થાનોમાં પ્રાયઃ વ્યુત્પત્તિથી જ આ 'ઇ-ઉ' દીર્ઘ મળે છે; એટલે આ નિયમ માત્ર વ્યુત્પત્તિને જ વશવર્તી રખાયો છે; તેથી માત્ર વ્યવહારદશાનો છે.[1] આપણને સ્વરિત કે અસ્વરિત અન્ત્ય 'ઇ-ઉ' ઉચ્ચારણની રીતે પ્રાયઃ હ્રસ્વ મળે છે, એ અનુભવનો જ માત્ર વિષય છે.

[ત્રણ શ્રુતિવાળા શબ્દોમાં ઇ-ઉ]

૨૨. જ્યાં વ્યુત્પત્તિને આધારે જુદી જોડણી ન થતી હોય (જેમ કે, ઉપર, ચુગલ, કુરતું, મુગટ, અંગુર) તેવા બેથી વધારે અક્ષરના શબ્દોમાં ઇ કે ઉ પછી

---

૧. એક સરખું માપ ધરાવનારા શબ્દોમાં ઉચ્ચારણની દૃષ્ટિએ ભેદ મળી શકે નહિ. દા. ત. 'સુધી', 'ઝૂલો', 'ઝીણું',માં ઇ કે ઉમાં ઉચ્ચારણની દૃષ્ટિએ કાંઇપણ ભેદ નથી. આ આખો પ્રશ્ન સ્વરભારના તત્ત્વને આભારી છે. ગુજરાતી ભાષામાં સ્વરભાર જે અંત્ય સ્વર ઉપર જતો હોય તો અસ્વરિત સ્વરો દીર્ઘ રહેવાની સ્થિતિમાં નથી હોતા. ઉપરના ત્રણે શબ્દોમાં સ્વરભાર કઇ શ્રુતિમાં છે? સ્પષ્ટ છે કે અંત્ય સ્વર ઉપર જ પડે છે. એટલે ઉચ્ચારણની દૃષ્ટિએ ઉપાંત્ય સ્વર હ્રસ્વ જ આવી રહે છે.

આ પછીના નિયમોમાં એ તત્ત્વ ઓછેવત્તે અંશે સ્વીકારવામાં આવ્યું જ છે. મુકા-વું, ભુલા-વું, મિચા-વું એ ત્રણ શ્રુતિવાળા શબ્દોમાં એ જ તત્ત્વને લીધે આદિ શ્રુતિ હ્રસ્વ મળે છે.

લઘુ અક્ષર આવે તો તે દીર્ઘ લખવાં, અને ગુરુ અક્ષર આવે તો તે હ્રસ્વ લખવાં. ઉદા૦ ખુશાલ, નીકળ, મૂલવ, વિમાસ, મંજૂર, ખેડૂત, દુકાળ, સુતાર, તડૂક, કિનારો, ભુલાવ, મિચાવ, તડુકાવ.

અપવાદ ૧—વિશેષણ પરથી થતાં નામો તેમ જ નામ પરથી બનતાં ભાવવાચક નામોમાં મૂળ શબ્દની જોડણી કાયમ રાખવી. ઉદા૦ ગરીબ—ગરીબાઈ; વકીલ—વકીલાત; ચીકણું—ચીકણાઈ, ચીકાશ; મીઠું—મીઠાશ, મીઠાણ; જૂઠું—જૂઠાણું; પીળું—પીળાશ; ઝીણું—ઝીણવટ.

નોંધ—વેધિ–વેધિત્વ, અભિમાની–અભિમાનિત્વ, એવા શબ્દો તત્સમ સંસ્કૃત હોઇ ફેરફાર કરવામાં આવે છે.

અપવાદ ૨—કેટલાક શબ્દો બોલતાં ઉપાંત્ય અક્ષર ઉપર ભાર આવે છે ત્યાં ઇ કે ઉ જો હોય તે દીર્ઘ કરવાં. ઉદા૦ ગોટીલો, દાગીનો, અરડૂસો, દંતૂડી વગેરે.

નોંધ—જેમાં આ જાતનો ભાર નથી આવતો એવા શબ્દો : ટહુકો, ફઉડી, મહુડું.

નિયમમાં બેથી વધારે અક્ષરોથી ત્રણ અક્ષરો—શ્રુતિઓ સમઝવાની છે; કેમકે ચાર અક્ષરવાળી માટે રૂઢમો નિયમ છે જ. અહીં ઉદાહરણમાં "તડુકાવ" ચાર અક્ષરનો અપાયો છે, એ નિયમમાં રહેલા વ્યાપક તત્ત્વને આભારી છે. આ નિયમથી જે કાંઈ સમઝાય છે, તે એ જ છે કે બે દીર્ઘ સ્વરો લાગલગાટ શ્રુતિમાં આવી શકતા નથી. તે જ પ્રમાણે ઉદાહરણો બરોબર અપાયાં છે. "તડુકાવ" માં તેથી આપણે "તડુકા—" અંગ પૂરતું લક્ષ્ય આપવાનું રહે છે.

અહીં "તડુકાવ" માં ઉકાર સ્પષ્ટ હ્રસ્વ નિર્ણીત થયા પછી નીચે ૨૪મા નિયમની નોંધમાં "તડૂકાવ(વું), તડૂકા(વું)" નોંધાયાં છે, તે પ્રમાદ જણાય છે.

આ નિયમમાં સ્વરભારનું તત્ત્વ એકંદરે નિયામક છે. જે શબ્દોને છેડે લઘુપ્રયત્ન અકાર છે, તે શબ્દોમાં અમુક રીતે ઉપાંત્ય શ્રુતિ ઉપર ભાર પડે છે. ખુશાલ, વિમાસ, દુકાળ, સુતાર, કિનારો, ભુલાવ, મિચાવ એ એનાં આસ્વાદ ઉદાહરણો છે. ત્યારે 'નીકળ', 'મૂલવ' માં સ્વરભાર ક્યાં છે? ઉચ્ચારણ જોતાં ઉપાંત્ય અકાર ઉપર છે. અને તેથી કરી આદિ શ્રુતિના ઇ—ઉ અસ્વરિત બનતાં દીર્ઘ ટકી શકતા નથી. અને તેથી જ નિકળ, મુલવ, ઉતર, નિપજ, ઉપજ જેવાં ક્રિયાપદોમાં જોડણીમાં પૂર્વે હ્રસ્વ સ્વર સ્વીકારાયેલો. આજે તો બે દીર્ઘ શ્રુતિ સાથે ન આવે, તેમ બે હ્રસ્વ પણ,

એવી માન્યતાથી આ શબ્દોમાં આદિ શ્રુતિમાં ઇ–ઉ દીર્ઘ માત્ર વ્યવહાર-પૂરતા જ સ્વીકારાયા છે. એ જ રીતે **અપવાદ ૧માં** સાધિત નામ અને વિશેષણોમાં જોડણી ન ફેરવવાનું વિધાન કરવામાં આવ્યું છે.[૧]

અપવાદમાં આપેલાં ઉદાહરણોમાં 'ઝીણું' ઉપરથી "ઝીણવટ" આપવામાં આવ્યું છે, જ્યાં આદિ શ્રુતિનો 'ઇ' દીર્ઘ જ રાખવામાં આવ્યો છે. ઉચ્ચારણમાં શી સ્થિતિ છે તે અહીં બતાવવા પ્રયોજન નથી, કેમકે માત્ર વ્યવહાર જ અહીં લક્ષ્ય છે. અહીં તેથી જ પ્રશ્ન ઊભો થાય છે કે "જોડણીકોશ" માં "જનું" ઉપરથી "જુનવટ" અપાયું છે તે વાજબી કે આ? "–વટ" પ્રત્યય બેયમાં જુદો તો નથી જ. "ઝીણું+વટ" અને "જૂનું +વટ" તે આપણને જુદાં રૂપ આપી શકે ખરાં? એટલે મને લાગે છે કે

૧. અહીં પણ સ્વાભાવિક ઉચ્ચારણ એટલે કે સ્વરભારના સિદ્ધ તત્ત્વને ઉથામવામાં આવ્યું છે. આપેલાં ઉદાહરણોમાં ક્યાંય પણ 'ઈ–ઉ'માં દીર્ઘ ઉચ્ચારણ રહ્યું નથી. વસ્તુસ્થિતિએ ૧૪મા નિયમમાં આ અપવાદ ૧નો પણ સ્વાભાવિક સમાવેશ છે, અને સ્વરભાર પૂર્વની શ્રુતિમાં તે 'ઇ–ઉ' આવી જતા હોવાથી સ્વાભાવિક રીતે જ હ્રસ્વ સ્વરૂપમાં જ એ ઉચ્ચરિત છે. અહીં એ પણ લક્ષ્યમાં લેવા જેવું છે કે બે શ્રુતિવાળા શબ્દોમાં, અગાઉ બતાવ્યું તેમ, સ્વરભાર છેડે હોય તો ઉપાંત્ય 'ઇ–ઉ' હ્રસ્વ ઉચ્ચરિત થાય છે, તેના ઉપરથી પાછા ઘડાતાં તે હ્રસ્વના હ્રસ્વ જ રહે છે. ત્રણ શ્રુતિવાળા શબ્દોમાં તો, ચાર શ્રુતિવાળા શબ્દોની જેમ જ દ્વિતીય શ્રુતિ ઉપર સ્વરભાર હોય કે પ્રથમ શ્રુતિના તે ઈ–ઉ ઉપર સ્વરભાર હોય, એ દીર્ઘ ઉચ્ચારી શકાતા નથી. તેથી પણ આ સાધિત સ્વરૂપમાં ઈ–ઉ ની હ્રસ્વતા જ રહે છે.

ખરી રીતે સ્વરભારને કારણે પૂર્વનો ઈ–ઉ જ માત્ર નહિ, ગમે તે સ્વર આવ્યો હોય તે હ્રસ્વ થઈ જાય છે. જેમકે ચારવું–ચરાવવું, મારવું–મરાવવું, પાડવું –પડાવવું, દેખવું–દેખાડવું, પેસવું–પૅસાડવું, બેસવું–બૅસાડવું, બોલવું–બોલાવવું, બોદવું–બોદાવવું; પ્રેરકને બાજૂએ મૂકતાં કર્મણિરૂપમાં પામવું–પમાવું, વાળવું–વળાવું, ચારવું–ચરાવું; એ પ્રમાણે વિશેષણો વગેરે ઉપરથી સાધિત શબ્દો રાતું –રતાશ, ખાટું–ખટાશ, વગેરે પણ લક્ષ્યમાં લેવા જેવા છે. ("કાળાશ" જેવા કોઈક જ અપવાદ ગમે તે કારણે રહી ગયા છે.)

આમાં સ્વરભારનું તત્ત્વ કેટલું પ્રબળ છે તે સમજાય છે. હિંદીમાં દેખ–દિખાના, બોલ–બુલાના, બેઠ–બિઠાના, ખોદ–ખુદવાના એવાં સ્પષ્ટ ઉદાહરણો છે. આપણે ત્યાં હ્રસ્વ 'એ–ઓ' હોવાને કારણે 'એ–ઓ' રહ્યા છે, પણ તે હ્રસ્વ જ, આ તદ્દન ઉચ્ચારણશાસ્ત્રનો વિષય છે. સરખાવો વળી "ઘોડાર" જેવા શબ્દો, જ્યાં "ઓ" હ્રસ્વ છે.

"અપવાદ ૧" માં મુકાયેલ આ "ઝીણુવટ" શબ્દને દૂર કરવો જોઇયે, જે જોડણીની દૃષ્ટિએ "ઝિણુવટ" થઈ રહેશે. ૨૪મા નિયમમાં ક્રિયાપદો ઉપરથી આવેલા શિખામણ, ભુલામણી, ઉઠમણું વગેરે જેવી જ આની સ્થિતિ છે.

નોંધમાં આપેલા "વેધ્રિત્વ—અભિમાનિત્વ" વગેરે તત્સમ જ હોઈ તેના 'ઈ' નો પ્રશ્ન આવશ્યક નથી જ.

અપવાદ ૨જો વ્યવહારપૂરતો જ મને લાગે છે. ખરી રીતે ઉપાંત્ય શ્રુતિ ઉપર ભાર ઉચ્ચારણમાં નથી; અપવાદ ૨ જા જેવી જ એની સ્થિતિ છે. "મધુરું" અને "અધૂરું" ના ઉચ્ચારણમાં જો ફેર હોય તો આમાં હોઈ શકે.

[ચાર શ્રુતિ અને તેથી વધુ શ્રુતિવાળા શબ્દોમાં ઇ-ઉ]

૨૩. ચાર અથવા તેથી વધારે અક્ષરના શબ્દોમાં આદિ ઇ કે ઉ હ્રસ્વ લખવાં. ઉદા૦ ભિજલસ, હિલચાલ, કિલકિલાટ, ખિસકોલી, ટિપણિયો, ઠિઠિયારો, ટિચકારી.

વિકલ્પ—ગુજરાત–ગૂજરાત

નોંધ ૧—આ જાતનો શબ્દ સમાસ હોય તો સમાસના અંગભૂત શબ્દોની જોડણી કાયમ રાખવી. ઉદા૦ ભૂલથાપ; બીજવર; હીણકમાઉ; પ્રાણીવિદ્યા, સ્વામીદ્રોહ, મીઠાબોલું,

નોંધ ૨—કૂદાકૂદ, ઘૂમાઘૂમ, ભુલભુલામણી, એવા દ્વિર્ભાવથી થતા શબ્દોમાં દ્વિર્ભાવ પામતા પદની જોડણી જ કાયમ રાખવી.

'ઇ-ઉ' ને લગતા નિયમોમાં સ્વાભાવિકતાની નજીકનાં નજીક આવતો જો કોઇ નિયમ હોય તો આ છે. લાંબા શબ્દોમાં સ્વરિત કે અસ્વરિત ઇ-ઉ દીર્ઘ ઉચ્ચારી શકાતા નથી; અને એથી જ વ્યુત્પત્તિથી એક મતે આવતો "ગૂજરાત" શબ્દ વિકલ્પે સ્વીકારાયો છે. મને લાગે છે કે ઉચ્ચારણની દૃષ્ટિએ અને એ શબ્દની ઐતિહાસિક દૃષ્ટિએ સંસ્કૃતેતર મૂળ "ગુર્જ્જાત" ઉપરથી "ગુજરાત" એવી વ્યુત્પત્તિ વધુ સ્વાભાવિક હોવાથી એ શબ્દ અત્યારે ઉચ્ચારણમાં છે તેવી જ રીતે **"ગુજરાત"** તરીકે જ માત્ર સ્વીકારાય એ વધુ વાજબી છે; એટલે "ગૂજરાત" એ વિકલ્પ છોડી દેવો જોઈયે.

નોંધ ૧લી સમાસાંત શબ્દને માટે છે. તે વિશે કાંઇ વિશેષ સ્પષ્ટતા અપેક્ષિત નથી. માત્ર તત્સમ હોઈ 'પ્રાણિવિદ્યા, સ્વામિદ્રોહ' જોઇયે.

નોંધ ૨જી માત્ર વ્યવહારપૂરતી છે. ઉચ્ચારણથી આદિ શ્રુતિમાં દીર્ઘતાની કોઇ સંભવિતતા નથી.

[સાધિત શબ્દોમાં ઇ-ઉ]

૨૪. પ્રાથમિક શબ્દો પરથી ઘડાતા શબ્દોમાં તથા ધાતુનાં પ્રેરક અને કર્મણિ પ્રયોગનાં રૂપોમાં પ્રાથમિક શબ્દ અથવા ધાતુની મૂળ જોડણી કાયમ ન રાખતાં ઉપર કલમ ૨૦, ૨૧, ૨૨, ૨૩, પ્રમાણે જોડણી કરવી. ઉદા૦ ભૂલ–ભુલામણી; શીખ–શિખાઉ, શિખામણ; નીકળ–નિકાલ; ઊઠ–ઉઠાવું, ઉઠાડ, ઉઠાવ, ઉઠમણું; મૂક–મુકાણ, મુકાવું, મુકાવવું; ચૂંથવું, ચૂંથાવું, ચૂંથાવવું; કિંગલાણ, કિંગલાવું, કિંગલાવવું.

નોંધ—ધાતુના અક્ષરો ગણવામાં તેના સામાન્ય કૃદંતનું રૂપ નહિ, પણ મૂળ રૂપ લેવું. જેમ કે, ઊથલ(વું); મૂલવ(વું); ઉથલાવ(વું), તડકક(વું), તડકાવ(વું), તડકા(વું).

અપવાદ ૧—કર્મણિ રૂપોને નિયમ ૨૧માં અપવાદ ગણી હ્રસ્વ કરવાં. જેમકે, મિચા(વું), મુકા(વું), ભુલા(વું).

અપવાદ ૨—ક્રિયાપદનાં કૃદંત રૂપોમાં મૂળ જોડણી જ કાયમ રાખવી. જેમકે, ભૂલનાર, ભૂલેલું; ભુલાવનાર; ભુલાયેલું; મૂકનાર, મૂકેલું; મુકાયેલું, મુકાવનાર; મુકાવડાવેલું.

આ નિયમનો મુદ્દો બહુ સ્વાભાવિક છે. સ્વરભારના નિયમ પ્રમાણે સ્વાભાવિક ઇ–ઉની હ્રસ્વતા આમાં અભિપ્રેત છે, એટલે જ "ધાતુની મૂળ જોડણી કાયમ ન રાખતાં" એ શબ્દો નિયમમાં અપાયા છે. આ નિયમોમાં ૧૯મી કલમ સાનુનાસિક 'ઇ–ઉ' ને દીર્ઘ રાખનારી જણાવવામાં આવી નથી, એટલે નિયમથી તો તેવા 'ઇ–ઉ'ની હ્રસ્વતા આવી જાય છે; પણ જ્યારે ઉદાહરણો જોઇયે છિયે, ત્યારે જ માલૂમ પડે છે કે "ધાતુની મૂળ જોડણી કાયમ ન રાખતાં" ને બદલે "કાયમ રાખતાં" એવો વિકલ્પ પણ ઇષ્ટ રહ્યો છે. ચૂંથવું, ચૂંથાવું, ચૂંથાવવું વગેરેમાં 'ઊ' અવિકૃત રાખ્યો છે ૧૯મા નિયમ પ્રમાણે તે.[૧]

---

૧. વસ્તુસ્થિતિએ સાનુનાસિક હોય કે નિરનુનાસિક હોય 'ઇ–ઉ'ની એક જ દશા છે, તેવું અગાઉ બતાવાયું છે. નિરનુનાસિકમાં ફેર થાય અને સાનુનાસિકમાં ફેર ન થાય, એ અસ્વાભાવિક હોવાથી સ્વ. નરસિંહરાવભાઈએ નિરનુનાસિક કે સાનુનાસિક કોઇપણ દીર્ઘ 'ઈ–ઊ' સાધિત શબ્દોમાં ન જ ફેરવવા મત આપેલો;

આ નિયમ પ્રમાણે સાધિત ક્રિયાપદોમાં બે દીર્ઘ સ્વર સાથે ન આવે; આ નિયમનું પાલન મોટે ભાગે બરાબર થયું છે. જીવવું–જિવાવું, જિવાડવું વગેરે. છતાં દીપવું–દીપાવવું, પૂજવું–પૂજાવવું–પૂજાવવું જેવી ભૂલો પણ મળે છે; જે અસાવધપણું લાગે છે. તત્સમતાની દલીલ તેઓ માટે નકામી છે; કેમકે 'જીવવું'થી તે બેઉની સમાન સ્થિતિ જ છે.

ઉદાહરણમાં 'નીકળ' ઉપરથી 'નિકાલ' બતાવ્યું છે, તે વાજબી નથી. એક ગુજરાતી શુદ્ધ શબ્દ છે. બીજો સ્વતંત્ર હિંદી તત્સમ છે. આવી ઝીણી વાતો સમઝવી અનિવાર્ય છે.

"નોંધ" માંનું સૂચન નિયમની સ્પષ્ટતા માટે છે; જ્યારે "અપવાદ ૧" એ ખરી રીતે અપવાદ નથી; એ ૨૧મા નિયમથી પ્રાપ્ત દશા સામે સૂચન માત્ર છે, જે ૨૪મા નિયમથી "જોડણી કાયમ ન" રાખવાની વાતમાં એકરૂપ થઈ જાય છે;

"નોંધ" માંના "તડૂકા(વું), તડૂકાવ(વું)," માં ઉકાર ૨૨મા નિયમ પ્રમાણે હ્રસ્વ જોઈયે તેવું સૂચન ઉપર થઇ ગયું છે.

"અપવાદ ૨જો" માત્ર વ્યવહારુ છે.[૧]

[ઈ-ઉ વિશે કેટલીક પ્રકીર્ણતા]

૨૫. શબ્દના બંધારણમાં ઈ પછી સ્વર આવતો હોય તો તે ઈને હ્રસ્વ કરી સ્વરની પહેલાં ય ઉમેરીને લખવું. ઉદા૦ દરિયો, કડિયો, ધોતિયું, માળિયું, કાઠિયાવાડ, પિયર, મહિયર, દિયર, સહિયર, પિયુ.

ગુજરાતી સાહિત્યપરિષદ ભંડોળ કમિટીની જોડણીમાં પણ આ જ સ્થિતિ હતી; જ્યારે ગુજ૦ વર્ના૦ સોસાયટીના ખાચા ખરડામાં આવા બધા સંયોગોમાં વિકલ્પ સૂચવવામાં આવ્યો હતો. સરળતા ન ફેરવવામાં છે. ફેરવવા હોય તો **ઉચ્ચારણ પ્રમાણે એ બધા અસ્વરિત હોવાથી કોઇપણ સ્વરભારવાળી શ્રુતિ પહેલાંની શ્રુતિમાંના 'ઈ-ઉ' હ્રસ્વ જ સ્વીકારાવા જોઇયે.** તત્સમ શબ્દો ઉપરથી થતા ગુજરાતી સાધિત શબ્દોમાં પણ આ જ નિયમ સ્વીકારવો જોઇયે.

૧. "અપવાદ ૨ જો" પ્રમાણે ધાતુ ઉપરથી બનતાં કૃદંતોમાં જોડણીમાં ઈ-ઉ દીર્ઘ હોય તેમાં ફેરફાર ન કરવાનું સૂચન છે, તે અસ્વાભાવિક છે. કૃદંત –પ્રત્યયમાં સ્વરભાર હોય તો તે પૂર્વશ્રુતિમાંના ઇ–ઉની હ્રસ્વતા જ માગી લે છે, "મુકેયો", "મુકેલું". જેમ; "મૂકેયો", "મૂકેલું" માં ઊ દીર્ઘ રહી શકતો જ નથી.

સ્વરભાર જેવા ભાષાના નિયામક તત્ત્વના અભ્યાસને અભાવે જોડણીમાં કેટલીક અસ્વાભાવિકતા પેસી ગઇ છે, તે આવા પ્રસંગોથી વધુ સારી રીતે સમઝાશે.

અપવાદ—પીયો; તથા જુઓ પછીનો નિયમ.

વિકલ્પ—પિયળ–પીયળ.

૨૬. વિભક્તિ કે વચનના પ્રત્યયો લગાડતાં કે સમાસ બનાવતાં શબ્દની મૂળ જોડણી કાયમ રાખવી. ઉદા૦ નદી–નદીઓ, નદીમાં ઇ૦. સ્ત્રી–સ્ત્રીઓ, સ્ત્રીને ઇ૦. ખૂબી–ખૂબીઓ. બારીબારણાં.

૨૭. ક્ર. કરીએ, છીએ, ખાઈએ, ધોઈએ, સૂઈએ, જોઈએ, હોઈએ, મારીએ એવાં ક્રિયાપદનાં રૂપો બતાવ્યા પ્રમાણે લખવાં. પણ થયેલું, ગયેલું, સચવાયેલું એવાં રૂપો દર્શાવ્યા મુજબ લખવાં.

આ ત્રણ નિયમો "ઇ+સ્વર" વિશે મુખ્યત્વે છે. માત્ર ૨૭ ક્રમાં દ્વિતીય ભૂતકૃદંતો વિશે લખ્યું છે, એ માત્ર લઘુપ્રયત્ન યકાર પૂરતો એકદેશ જ આપે છે. આ આખો પ્રશ્ન યકારના લઘુપ્રયત્ન ઉચ્ચાર સાથે સંબંધ ધરાવે છે. ૨૫મા નિયમમાં આપેલા શબ્દોમાં એ લઘુપ્રયત્ન યકાર ઉચ્ચરિત થાય છે, અને સ્વરભાર અંત્ય શ્રુતિ ઉપર હોવાને કારણે પૂર્વ શ્રુતિમાંની 'ઇ' હ્રસ્વ જ ઉચ્ચરિત થાય છે. અને અત્યંત સ્વાભાવિક રીતે ઓ, નિયમથી કાયમને માટે ગુજરાતી ભાષામાં સ્થાપિત થઇ જાય છે. "પીયો (=ચેપડો)" અપવાદમાં અપાયો છે, એ ખાસ મહત્ત્વનો નથી; તેમ જ વિકલ્પ "પિયળ–પીયળ" આપ્યો છે, તે પણ મહત્ત્વનો નથી. આપણે વ્યવહારપૂરતો "પીયો" સ્વીકારિયે અને "પિયળ–પીયળ" માંથી -'પિયળ" ને કાયમ માટે સ્વીકારી લઇયે. પણ મહત્ત્વનો અપવાદ તો ૨૬મો નિયમ છે. સ્વ. નવલરામ પંડ્યાએ સ્વરથી શરૂ થતો પ્રત્યય લાગતાં અંત્ય 'ઇ' ને હ્રસ્વ કરવાનો નિયમ ઉચ્ચારની સ્વાભાવિકતાને કારણે સ્વીકારેલો. "નદીઓ" કોઈ ઉચ્ચારતું નથી; એ "નદ્યો" ઉચ્ચારાય છે. છતાં સરળતા ખાતર આ અપવાદ સ્વીકારવામાં આવ્યો છે.[૧]

---

૧. આની ખરી કસોટી તો ત્રણ શ્રુતિવાળા દીર્ઘ ઇકારાંત શબ્દોને 'ઓ' પ્રત્યય લાગે છે, ત્યારે સમજાય છે. દા. ત. ચોપડી શબ્દ લો. ચોપડી+ઓ= ચોપડિયો. મૂળ ચોપડી શબ્દમાં 'પ'માં અકાર લઘુપ્રયત્ન છે. 'ઓ' પ્રત્યય લાગતાં એ પૂર્ણપ્રયત્ન બને છે; એટલે કે 'ડી' પરનો સ્વરભાર ખસી 'પ' અને 'યો'માં વહેંચાઇ જાય છે. આ ક્રિયા વ્યંજનાદિ પ્રત્યયમાં નથી થતી, એ સમજવા જેવું છે; જેમકે ચોપડી+માં=ચોપડીમાં, આમાં 'પ'માંનો અકાર લઘુપ્રયત્ન જ છે. આવી ઝીણી વાતો સમજવાનો પ્રયત્ન થાય તો જ જોડણીના નિયમો બહુ સ્વાભાવિક બની રહે.

૨૭ ક તરીકે નોંધાયેલો નિયમ પણ અપવાદ જ છે. પણ એ અપવાદ તદ્દન વિચિત્ર જાતનો છે. ૨૬મા નિયમમાં તો 'ઓ' પ્રત્યય છે અને તે પૂર્વેના 'ઇ' ને હ્રસ્વ કરવો કે નહિ, તે ચર્ચાનો વિષય હોય છે; જ્યારે અહીં તો અસ્વાભાવિક 'ઈ એ' એવો પ્રત્યય માની લેવામાં આવ્યો છે. એવો પ્રત્યય શક્ય જ નથી. મધ્યકાલીન ગુજરાતીમાં કર્મણિરૂપ ઉપરથી આવેલાં કરીઇ, બોલીઇ એવાં રૂપો પરથી ઇ નો ઍ થયે, વસ્તુસ્થિતિએ વચ્ચેની ઈ ઉપરથી સ્વરભાર ખસી ઍ ઉપર જતાં લઘુપ્રયત્ન યકારવાળું રૂપ કરિયે, બોલિયે આવ્યું; અશુદ્ધ લખાણોમાં કરીએ બોલીએ એવાં પણ રૂપો લખાયેલાં. હોપ વાંચનમાળાએ એ આંધળિયાં કરી સ્વીકાર્યાં અને પછી તો વ્યુત્પત્તિ કે ઉચ્ચારણ કોઈના પણ આધાર વિનાનો "ઈ એ" પ્રત્યય જ જાણે કે છે, એમ સ્વીકારવામાં આવ્યું. ૨૫મા નિયમમાં પ્રાપ્ત સંસ્કૃત ઈય પ્રત્યય જેવી જ આ સ્થિતિ છે. એમાંનો ઈ જેમ હ્રસ્વ બની ગુજરાતીમાં ઇયું–ઈ–ઇયો તરીકે આવ્યો તેમ જ પેલો મધ્ય–ગુજરાતીનો ઈઇ પ્રત્યય ઇયે તરીકે ગુજરાતીમાં અબાધિત રીતે વ્યુત્પત્તિ અને ઉચ્ચારની એકતાથી વારસામાં મળ્યો છે. એટલે **વર્તમાનકાળ ૧લા પુરુષ બહુવચનનાં રૂપો કરિયે છિયે, ખાઇયે, ધોઇયે, સૂઇયે, જોઇયે, હોઇયે, મારિયે** એવાં જ સ્વીકારવાં જોઇયે. હિંદીમાં આ પ્રકારનાં કર્મણિરૂપો છે તે સરખાવો.

વહેલામાં વહેલી તકે આ અસ્વાભાવિક રૂપનો ત્યાગ કરી નિરપવાદ રીતે, જરાપણ પ્રાંતીયતાના ગંધ વિનાનો '**ઇયે**' પ્રત્યય આ રૂપોમાં સ્વીકારવાની હું ભલામણ કરું છું. ૨૫મા નિયમને અનુસરી લેશ પણ અપવાદ વિના ગુજરાતી બોલતી સમગ્ર પ્રજાના કંઠમાં આ જ રૂપ સ્વાભાવિક છે.

[૨૭] ख. જુવો, ધુવો નહિ, પણ જુઓ, ધુઓ લખવું. તેમ જ ખોવું, રોવું, જેવા ઓકારાંત ધાતુઓમાં ખુઓ, રુઓ લખવું, અને જુએ છે, ધુએ છે, ખુએ છે, રુએ છે, જોયેલું, જોતું, ખોયેલું, ખોતું, ધોયેલું, ધોતું વગેરે રૂપો દર્શાવ્યા મુજબ લખવાં.

ग. સૂવું, પીવું જેવાં ક્રિયાપદોમાં સૂએ છે, સૂઓ, સૂતું, સૂતેલ, સૂનાર, અને પીએ છે, પીઓ, પીતું, પીધેલ પીનાર એ પ્રમાણે લખવું.

૨૫મા નિયમમાં જે વાતનું વિધાન છે એનું જ મળતું આ ख–ग નિયમનું વિધાન છે, પણ તેનાથી ઊલટું, એટલો તફાવત છે. 'ઇ' પછી યશ્રુતિ બતાવવી આવશ્યક માનવામાં આવી છે, તેથી ઊલટું અહીં 'ઉ' પછી સ્વાભાવિક આવતી વશ્રુતિનો અવરોધ કરવામાં આવ્યો છે. એટલે આ નિયમ માત્ર વ્યવહારપૂરતો જ છે, ઉચ્ચારણથી વિરુદ્ધ છે.

૨૭ ક-ખ માં દ્વિતીય ભૂતકૃદંતમાં સ્વરાંત ધાતુઓ પછી "એલું"-નું "યેલું" થાય છે, તે બતાવવાનું વાજબી વિધાન થયું છે. આ સાથે એટલું ખ્યાલમાં રાખવું કે ઉચ્ચારણની દૃષ્ટિએ આ 'યે' હ્રસ્વ છે. સૂરત બાજૂ "જોયલું" ને નજીકનું ઉચ્ચારણ છે.

ગમાં બતાવ્યા પ્રમાણે રૂપો પણ વ્યવહારપૂરતાં જ છે; એને પણ ઉચ્ચારણ સાથે સંબંધ નથી.

[કેટલીક પ્રકીર્ણ સૂચના]

૨૮. પૈસો, ચૌદું, પૈદું, રવૈયો એમ લખવું. પણ પાઈ, પાઉંડ, ઊઠઈ, સઈ એવા શબ્દો દર્શાવ્યા પ્રમાણે લખવા.

"અઈ," "અઉ"નું ઉચ્ચારણ 'ઐ', 'ઔ' જેવું થાય છે જ, એટલે પૈસો, ચૌદું વગેરે બરોબર છે. "પાઇ, પાઉંડ" માંટે પ્રશ્ન નથી; પ્રશ્ન ફરી ઊઠઈ, સઈ, ઊઘઇ, અને થઈ, જઈ, લઈ, દઈ જેવાં સંબંધક ભૂત કૃદંતનો રહે. આમાં સ્વરભાર ઉપાંત્ય 'અ' ઉપર હોવાથી દીર્ઘ 'ઇ' ઉચ્ચારી શકાતી નથી. પણ વ્યવહાર પૂરતો 'ઇ' દીર્ઘ રાખ્યો છે; એટલે વ્યવહારપૂરતી આવી જોડણી કરવી, એવું સમાધાન છે.

આવી જ સ્થિતિ ઉપાંત્ય સ્વર ઉપર ભાર છે તેવા ઇકારાંત શબ્દો-જોઈ, સમાઈ, સૂઈ, વગેરે સંબંધક ભૂત કૃદંતો, કોઈ, કાંઈ, જમાઈ જેવા શબ્દો, અને 'આઇ' અંતવાળાં ભાવવાચક નામોનો છે. ઉચ્ચારણથી 'ઇ' હ્રસ્વ જ આવે છે. માત્ર વ્યવહારપૂરતો જ દીર્ઘ 'ઇ' સ્વીકારાઈ છે.

['જ' કે 'ઝ']

૨૯. સજ્જ, જિંદગી, સમજ એમાં જ; તથા ગોઝારું, મોઝારમાં ઝ; અને સાંજ-ઝ, મજ-ઝા, એમ લખવું.

સજ્જ, જિંદગી જેવા વિદેશી શબ્દોનો પ્રશ્ન જરૂરી નથી. ખરો પ્રશ્ન તો તદ્‌ભવ ગુજરાતી શબ્દો વિશેનો છે. આ શબ્દોમાં 'જ' છે કે 'ઝ' એનો નિર્ણય ઉચ્ચારણ તો આપે જ છે. "સહમજ" એવી જૂની એકદેશી જોડણીને ધ્યાનમાં લેતાં માલૂમ પડશે કે શબ્દમાં ક્યાંક મહા-પ્રાણ ઉચ્ચારણ છે. પણ એ શા માટે છે? મૂળમાં 'ધ્ય' ઉપરથી 'જ્ઝ' થઈ એ શબ્દો ગુજરાતી ઉચ્ચારણમાં આવ્યા છે; એટલે વસ્તુસ્થિતિએ 'જ' નો વિચાર જ આવશ્યક નથી. સમઝ, મોઝાર, સાંઝ, સૂઝ, બૂઝ, વાંઝણી, એ સૌ શબ્દોમાં 'ઝ' જ છે. અહીં વ્યુત્પત્તિ અને ઉચ્ચારણ બંને એક જ વસ્તુ આપે છે.

[કેટલાક વિકલ્પો]

૩૦. આમલી-આંબલી, લીમડો-લીંબડો, વૂમડું-વૂંબડું, કામળી-કાંબળી, ડામવું-ડાંભવું, પૂમડું-પૂંભડું, ચાંલ્લો-ચાંદલો, સાલ્લો-સાડલો એ બંને રૂપો ચાલે.

૩૧. કહેવડાવવું–કહેવરાવવું, ગવડાવવું–ગવરાવવું, ઉડાડવું–ઉરાડવું, બેસાડવું–બેસારવું, જેવાં પ્રેરક રૂપોમાં ૩ અને ૨ નો વિકલ્પ રાખવો.

૩૦ મા નિયમમાંના વિકલ્પો સ્વીકાર્ય છે. બંને રૂપો વ્યાપક થઈ ચૂકયાં છે.

૩૧ મા નિયમમાં દ્વિત્વપ્રેરક રૂપોમાં તેમ જ થોડાં સાદાં "આડ" પ્રત્યયવાળાં પ્રેરક રૂપોમાં વિકલ્પ છે, તે સ્વીકાર્ય જ છે.

[ઈ–ઉ વિશે શેષ પ્રકીર્ણતા]

૩૨. કવિતામાં નિયમાનુસાર જોડણી વાપરી હ્રસ્વ દીર્ઘ બતાવનારાં ચિહ્નો વાપરવાં.

ખરી રીતે આ જોડણીનો કોઇ નિયમ નથી. કવિતામાં યથેચ્છ જોડણી કરનારને અટકાવવા પૂરતું આ નિયમન છે. ગદ્ય કરતાં પદ્ય એ મુખપાઠમાં વધુ આવે છે, અને તેથી ઉચ્ચરિત શબ્દોમાં હ્રસ્વ દીર્ઘ યથાસ્થાને આવે એ આવશ્યક છે. ન લાવી શકનારને માટે ચિહ્નોનો ઉપયોગ આવશ્યક બને છે, જે પણ પ્રયોજકની કાચી હથોટી સૂચવે.

અહીં નમૂના તરીકે 'કરીએ, નદીઓ, મીંચાવવું' વગેરેને લક્ષ્ય કરિયે. ઉચ્ચારણમાં તે 'કરિયે, નદિયો, મિંચાવવું' છે, અને સિદ્ધહસ્ત કવિ તે જ પ્રમાણે પ્રયોગ કરવાનો. તેને માટે 'કરીંએ, નદીંઓ, મીંચાવવું' તેવી ઉચ્ચારણ વિરુદ્ધ જોડણી કરવાથી કેવું વિચિત્ર વલણ અખત્યાર કરવું પડે છે!

'કરીંએ શું આવે? ઝડપ સહ પાણી પ્રવહતાં,
નદીંઓ વીંઝાતી ગગન સહ વાતે વળગતાં."

આમાં 'કરીંએ, નદીંઓ; વીંઝાતી' માં અનંત્ય "ઇ"નું દીર્ઘ ઉચ્ચારણ કાનને સારું લાગે છે ખરું?

આ જ વસ્તુ જોડણીને વધુ સ્વાભાવિક કરવાનું નિમંત્રણ એટલું જ નહિ, નિયંત્રણ પણ માગી લે છે. માત્ર વ્યવહાર રોચક થઈ શકતો નથી.

૩૩. જે શબ્દોની જોડણી કે ઉચ્ચારને વિષે એકરૂપતા ચાલતી હોય તે શબ્દોની, ઉપરના કોઈ નિયમો અનુસાર જુદી જોડણી થતી હોય છતાં, પ્રચલિત જોડણી કાયમ રાખવી. ઉદા૦ મુજ, તુજ, ટુકડો, ટુચકો, મુજબ, પૂજારી, મુદત, કુમળું, કુસકી, ગુટકો, કુલડી.

માત્ર "મુજ–તુજ" અને "પૂજારી" શબ્દ સિવાય બાકીના આ બધા શબ્દોમાં ઉચ્ચારણ પ્રમાણે સ્વરભાર અંત્ય સ્વર ઉપર હોવાને કારણે જ આદિ શ્રુતિમાં "ઉ" હ્રસ્વ જ છે. આમ થવાનું સાચું કારણ શોધી પૂર્વે થયેલાં વ્યવહારુ નિયમોમાંનાં વિધાનોને સ્વાભાવિકતા તરફ લાવવાનો પ્રયત્ન આવશ્યક બને છે.

ઉપસંહાર

જોડણીમાં સુધારાનાં દ્વાર હજી બંધ થયાં નથી, થઈ કે હોઈ પણ ન શકે; કેમકે ગુજરાતી ભાષાને હજી શાસ્ત્રીય વ્યાકરણ મળ્યું નથી. શાસ્ત્રીય વ્યાકરણ મળ્યા પછી જ આખરી નિર્ણય મેળવી શકાશે. અને જોડણીનો જટિલ વિષય નક્કી કરનારા ભાષા અને ભાષાશાસ્ત્રના અંતરમાં ઊતરેલા માણસો જોઈયે. કહેવાની જરૂર નથી કે નિર્ણય લાવનારો એવો વિદ્વાન, કે વિદ્વાનો ન હોય ત્યાંસુધી આ વિષય આખરી શુદ્ધ અને સ્વાભાવિક રૂપ ન પામી શકે.

ગુજરાત વિદ્યાપીઠના નિયમોમાંના જે જે સ્વાભાવિકતાની વધુ નિકટ છે યા સ્વાભાવિક છે તે બતાવવાની ઉપર એક પણ તક જતી કરવામાં આવી નથી. જે નિયમોનાં વિધાન મને અસ્વાભાવિક જણાયાં છે, તે પણ, સૂચવવાની ફરજ સમઝી આપ્યાં છે. આ વિષય ભાષાશાસ્ત્રીઓનો છે અને એઓ જ આ વાતને સમઝી શકશે. ગુજરાત વિદ્યાપીઠ જેવી જવાબદાર સંસ્થા એ જવાબદારી સમઝે જ છે અને તેથી દર આવૃત્તિએ કાંઈ અને કાંઈ સુધારા સ્વીકાર્યા છે, જે વસ્તુસ્થિતિએ ઉચ્ચારણની સ્વાભાવિકતા તરફ વધુ અને વધુ આવતા જાય છે. એ માર્ગદર્શક પ્રયત્નોના ઋણ નીચે જ વધુ સુધારા સૂચવવાનો આ નમ્ર પ્રયત્ન મારા તરફથી થયો છે. આ સત્ય સ્વીકારતાં હું ગૌરવ લઉં છું.

શબ્દસૂચી વાપરનારને સૂચના

૧. ગુજરાતી ભાષાની વ્યવહારુ જોડણીમાં શબ્દને અંતે આવતી 'ઇ' દીર્ઘ છે, અને નિરનુનાસિક એકાક્ષરી શબ્દો સિવાયનો તેવો અંત્ય 'ઉ' હ્રસ્વ છે. એટલે બહુ જ જરૂરી જણાયા છે તે સિવાયના શબ્દો આપવામાં આવ્યા નથી.

૨. સંસ્કૃત તત્સમ શબ્દોમાંના 'લ' નો ગુજરાતમાં 'ળ' બોલાય છે. એ ઉચ્ચારણભેદ જ માત્ર હોઇ એવા શબ્દો તત્સમ ગણ્યા છે.

૩. સંસ્કૃત, અરબી, ફારસી, અંગ્રેજી, તુર્કી વગેરે ભાષાના તત્સમ શબ્દો સામે કૌંસમાં ટૂંકાક્ષરે તે તે ભાષાનો આદ્યાક્ષર આપવામાં આવ્યો છે. તે તે ઉપરથી ઊતરી આવેલા શબ્દો સામે કાંઇ પણ સૂચવ્યું નથી. માત્ર થોડા જરૂરી અરબી ફારસી શબ્દો પાસે નજીકનું મૂળ બતાવવા શુદ્ધ તત્સમ શબ્દો સૂચવ્યા છે.

૪. વિકલ્પાક્ષર બતાવવા નાના કૌંસમાં, અને સમાસના ઉત્તર અંગમાં આવતો જુદો શબ્દ બતાવવા અર્ધી રેખા–સાથે અક્ષર, કે તે શબ્દ આપવામાં આવ્યો છે; તેમ શબ્દાક્ષરોમાં કાંઇક ઉમેરણથી નવા શબ્દો તે જ અર્થના કે અન્ય અર્થના બનતા હોય તેવા ઉમેરવાના અક્ષરો મીડાં ૦ થી બતાવવામાં આવ્યા છે.

૫. નિયમોનું ચુસ્ત રીતે પાલન કરતાં બિનજરૂરી વિકલ્પો જતા કર્યા છે.

આપણા નિત્યના શબ્દોની જોડણી

અ		
અકડાઈ	અજીઠું, -ઠવાડ૦	અણુ (સં.)
અકરાંતિયું	અજ્જુ	અણુ(-ણો)ને
અકસીર (અ.)	અટ્ટલું	અતિ (સં.)
અકિંચન (સં.)	અઠવાડિક	અતિથિ ,,
અકીક (અ.)	અઠવાડિયું	અતિરિક્ત ,,
અક્ષૌ(-ક્ષો)હિણી (સં.)	અઠિંગણ	અતિ(-તી)રેક ,,
અખણિયારું	અઠિંગવું	અતિશય ,,
અખતરો	અઠિંગુ	અતિ(-તી)સાર ,,
અખત્યાર	અઠ્ઠા(-ઠા)ઈ	અતીત ,,
અખિયાણું	અઠ્ઠા(-ઠા)ણુ	અતીંદ્રિય ,,
અખિલ (સં.)	અઠ્ઠા(-ઠા)વન	અત્તરી,-રિયું,-રિયો
અગણિત	અઠ્ઠા(-ઠ્ય)વીસ(-શ)	અત્યુક્તિ (સં.)
અગમબૂધિયું (-બુદ્ધિ)	અ(-ઇ)ઠ્ઠો(-ઠ્યો)તેર	અથેતિ ,,
અગસ્તિ(-સ્ત્ય) (સં.)	અઠ્યાસી(-શી)	અદાવતિયું
અગાઉ	અડતાળીસ(-શ)	અદ્દીઠ(-ઠું)
અગાસી(-શી)	અડદિયો	અદેખું
અગિયાર	અડ(-ર)ધિયું	અદ્ભુત (સં.)
અગિયારસ(-શ)	અડપદિયાળી	અદ્યાપિ ,,
અગિયારસિ(-શિ)યું	અડ(-લ)ફાઉ	અધાધું(-ધૂ)ધ(-ધી)
અગિયારા	અડબાઉ	અધાધૂમ
અગિયારી	અડાણિયું	અધિક (સં.)
અગ્રિમ (સં.)	અડાબીડ	અધિયારી
અધરણિયાત	અડિયલ	અધિયારું
અચિંતું(-ત્યું)	અડાયું,અડિયું	અધિવેશન (સં.)
અચિંત્ય (સં.)	અડીખમ	અધીન ,,
અચ્છું	અડી(-ડી)ટ	અધીર(સં.),-રું, -રાઇ
અચ્છેર,-રિયું,-રિયો	અડૂકદડૂક(-કિયું)	અધુસારવું
અચ્યુત (સં.)	અઢાર	અધૂકડું
અછૂત	અઢી	અધૂરું(-રિયું)
અજમાયશ	અણકોટ	અધ્ધર,૦પધ્ધર
અજમાવિયું	અણી	અધ્યાપિકા (સં.)
અજમિલ (સં.)	અણિમા (સં.)	અધ્યારુ
અજયબ, -બી	અણિયાળું	અધ્વર્યુ (સં.)
		અનસૂયા ,,

અનામિક, –કા (સં.)
અનાવિલ ,,
અનિવાર્ય ,,
અનુકૂલ(–ળ) ,,
અનુકમણી(–ણિકા) ,,
અનુપમ ,,
અનુયાયિની,અનુયાયી,,
અનુષ્ટુપ(–બ,–ભ) ,,
અનુસ્વાર ,,
અપજસિ(–શિ)યું
અપરાધિની (સં.)
અપલખણુ
અપશુકન,–નિયું,–નિયાળ
અપીલ (અં.)
અપૂજ
અપેક્ષિત (સં.)
અફઘાન
અફઘાનિસ્તાન
અફલાતૂન (ગ્રીક)
અફીણ,–ણિયું,–ણી
અબરક (અ.)
અબીલ
અબોધ (સં.)
અબૂઝ
અભાગિયું,–ણુ
અભિજ્ઞ (સં.)
અભિધાન ,,
અભિલાષ,–ષા,–ષી ,,
અભિષેક ,,
અભિહિત ,,
અભીપ્સિત ,,
અભીષ્ટ ,,
અભ્યુત્થાન ,,
અભ્યુદય ,,
અભ્રક (અબરક) ,,
અમાનુષ,–ષી ,,

અમારું (સર્વ૦)
અમીન (અ.)
અમીર(અ.),રી,–રાઇ, –રાત
અમુક(સં.),૦ તમુક
અમુ(–મૂ)અવું
અમૂ(–મો)લખ, અમૂલું
અમે(–મો) (સર્વ૦)
અમેરિકા (અં.)
અરધિયું
અરડૂસી(–શી),–સો
અરવિંદ (સં.)
અરિ ,,
અરિષ્ટ ,,
અરિહંત
અરીઠી,–ઠો
અરીસો
અરુણ, અરુણિત (સં.)
અરુણું
અરુંધતી (સં.)
અરુંપરું
અર્ચનીય, અર્ચિત (સં.)
અર્જ(–રજ) (અ.)
અર્જુન (સં.)
અર્થાત્ ,,
અર્પિત ,,
અર્વાચીન ,,
અલકાઉ
અલબત(–ત્ત,–ત્તાં)
અલમારી
અલાહિ(–ચ)દું (અ.)
અલૂણું
અલેલટપ્પુ
અહ્વોકિત (સં.)
અહ્વાયો (ઓળાયો)
અવગુણી,–ણિયું

અવતરણિકા (સં.)
અવધિ ,,
અવધૂત ,,
અવનતિ ,,
અવલંબિત ,,
અવલિપ્ત ,,
અવલોકિત ,,
અવશિષ્ટ ,,
અવશ્યંભાવિ(–વી) ,,
અવસ્થિત,–તિ ,,
અવાજ
અવાડો,અવેડો (હવાડો)
અવાળુ (દાંતનું)
અવિધવા (સં.)
અવેજ,–જી
અશરફી (અ.)
અશોળિયો
અશ્રુ (સં.)
અશ્લીલ ,,
અશ્લેષા ,,
અશ્વ ,,
અશ્વત્થ ,,
અશ્વત્થામા ,,
અશ્વિની ,,
અસાડ, (આષાઢ,સં.)
અસીલ
અસુર (રાક્ષસ)
અસૂર(–રું)(મોહું)
અસૂયા
અસ્તરો, અસ્ત્રો
અસ્તુ (સં.)
અસ્થિ ,,
અસ્મિતા ,,
અહર્નિશ ,,
અહમ્ ,,
અહમહમિકા ,,

અહાલેક
અહીર (આહીર)
અહીં(ત્યાં)
અહેવાલ, હેવાલ
અહેસાન, –શાન
અળસી(–શી)
અળસિ(–શિ)યું (તેલ)
અળસિયું (કીડો)
અળાઇ
અંકિત (સં.)
અંકુર, –રિત ,,
અંકુશ ,,
અંગાંગિભાવ ,,
અંગિરા(–રસ) ,,
અંગીઠી(–ઠું)
અંગુલ, અંગુલી (સં.)
અંગુષ્ઠ ,,
અંગૂછો
અંગૂઠિયું, અંગૂઠી
અંગૂઠો
અંગ્રેજ,–જી
અંગ્રૂર (દ્રાક્ષ) (ફા.)
અંજલિ(–ળિ) (સં.)
અંજીર (ફા.)
અંજુમન ,,
અંતરિ(–રી)ક્ષ (સં.)
અંતરિયાળ
અંતર્ગત (સં.)
અંતર્ગોલ(–ળ) ,,
અંતર્યામી ,,
અંતર્ધાન ,,
અંતર્હિત ,,
અંતશ્ચક્ષુ ,,
અંતઃપુર ,,
અંતઃપ્રવેશ ,,
અંતઃસ્ફૂર્તિ ,,

અંતિમ (સં.)
અંતિયું
અંત્યેષ્ટિ (સં.)
અંદાજ (ફા.)
અંદેશ(–શો) ,,
અંધારિયું
અંબરીષ (સં.)
અંબુજ ,,
અંશ ,,
અંશાંશિભાવ ,,
અંસ (ખભો) ,,

આ

આઇત(–આત)વાર
આઉ (પશુનું થાન)
આકરું
આકર્ષિત (સં.)
આકસ્મિક ,,
આકળું (અધીરું)
આકાંક્ષિત (સં.)
આકીન (શ્રદ્ધા)
આકુલ (–ળ) (સં.)
આકુંચન ,,
આકુંચિત ,,
આકૃતિ ,,
આકૃષ્ટ ,,
આક્રંદ,–દિત ,,
આખ્યાયિકા ,,
આગરુ (એક રોગ)
આગળો,–ળિયો
આગંતુક (સં.)
આગામી ,,
આગિયો
આગુ(–ગ)વો
આચરકૂચર
આચરણીય (સં.)
આચ્છાદિત ,,

આજન્મ
આજીજી
આજીવિકા (સં.)
આજુ(–જૂ) બાજુ(–જૂ)
આજૂકું (આજનું)
આજ્ઞાંકિત (સં.)
આજ્ઞાદ,–દી
આટલાંટિક (અં.)
આટાલૂણ
આડતિયો
આડત્રીસ(–શ)
આડફેટું(–ટિયું)
આડિયું
આડીવાડી
આડોડિયો
આતશ,–સ (ફા.)
આતિથ્ય (સં.)
આતુર ,,
આત્મિક ,,
આત્મીય ,,
આત્યંતિક ,,
આથડિયાં
આદરણીય (સં.)
આદા(–ધા)શીશી
આદ્રિ (સં.)
આદિત્ય ,,
આદિમ ,,
આદિષ્ટ ,,
આદીશ્વર ,,
આધિ (મનની પીડા),,
આધિક્ય ,,
આધિદૈવિક ,,
આધિપત્ય ,,
આધિભૌતિક ,,
આધુનિક ,,
આધ્યાત્મિક ,,

આનંદિત (સં.)
આનુપૂર્વી ,,
આનુવંશિક ,,
આનુષંગિક ,,
આપત્તિ ,,
આપખુદી
આપમતીલું,–તિયું
આપવીતી
આફતાબ (ફા.)
આફરડું, આફૈડું
આફરીન (ફા.)
આ(–હા)ફૂસ
આફ્રિકા (અં.)
આફ્રિદી
આબરૂ (ફા.)
આબેહૂબ
આબ્દિક (સં.)
આભીર,–રી ,,
આભૂષણ ,,
આમચૂર
આમળિયું
આમંત્રિત (સં.)
આમળિયું
આમિલ (અ.) (એક કોમ)
આમિષ (સં.)
આમીન (હિબ્રુ)
આમુખ (સં.)
આમેજ
આયનો
આયુ,–ષ (સં.)
આયુધ ,,
આયુર્વેદિક ,,
આયુષ્માન ,,
આરજ્ઞ
આરજૂ (ફા.) (ઇચ્છા)
આરાસુર
આરિયાં
આરિયું (ચીભડું)
આરૂઢ (સં.)
આર્ત,–ર્તિ ,,
આર્થિક ,,
આર્ષ ,,
આલબમ (અં.)
આલંકારિક
આલિમ (અ.) (વિદ્વાન)
આલિ(–લે)શાન (અ.)
આલિંગન (સં.)
આલિંગવું
આલૂ (ફા.) (મેવો)
આ(બ્હ)લેક
આવરદા
આવિર્ભાવ (સં.)
આવિષ્કાર ,,
આવૃત્ત,–ત્તિ ,,
આશય ,,
આશરાગતિયું
આશાવરી (રાગ)
આશિષ (સં.)
આશીર્વચન,–ર્વાદ ,,
આશુતોષ ,,
આશ્રમી ,,
આશ્રિત ,,
આશ્વિન ,,
આષાઢ ,,
આસક્તિ ,,
આસનિયું
આસરડવું
આસાએશ
આસિસ્ટંટ (અં.)
આસીરિયા ,,
આસુર,–રી (સં.)
આસૂંદરો
આસો
આસોપાલવ
આસ્તિક (સં.)
આસ્થિક ,,
આહીર,ડી,–રાણી
આહુતિ (હોમ) (સં.)
આહ્નિક ,,
આહ્લાદિત ,,
આહ્વાન ,,
આળવીતરું
આળસુ
આંગળિયું,–યાત
આંગિક ,,
આંજણિયો (ઝાડ)
આંટિયાળું
આંટીઘૂંટિયાળું
આંટીઘૂંટી
આંતરસી(–સે)વો
આંતરિક (સં.)
આંદોલિત ,,
આંધળિયું,–યાં
આંબલિયો
આંબાવાડિયું
આંસુ

ઇ

ઇકબાલ (અ.)
ઇકરાર ,,
ઇ(–એ)કોત(–તે)રો
ઇ(–એ)કોતેર
ઇક્ષ્વાકુ (સં.)
ઇખલાસ (અ.)
ઇચ્છવું
ઇચ્છા, ઇચ્છિત (સં.)
ઇચ્છુ (૦ક) ,,
ઇજન
ઇજનેર,–રી

ઇન્કમ્બંટ (અં.)
ઇન્ડર ,,
ઇન્ડોરો ,,
ઇન્જંક્ત ,,
ઇન્ડરાયલ
ઇટાલિયન (અં.)
ઇટ્ટા(–ટ્ટી)
ઇડરિયો
ઇડા (સં.)
ઇતબાર,–રી (અ.)
ઇતર (સં.)
ઇતરાજ,–જી (અ.)
ઇતિશ્રી (સં.)
ઇતિહાસ ,,
ઇત્યાદિ (૦ક) ,,
ઇદંતૃતીયમ્ ,,
ઇનામ,–મી (અ.)
ઇનાયત (અ.)
ઇન્કમ ટૅક્સ (અં.)
ઇન્કાર,–રિયત (અ.)
ઇન્કિલાબ (અ.)
ઇન્શાઅલ્લાહ ,,
ઇન્સાન, (૦નિયત) (અ.)
ઇન્સાફ,–ફી ,,
ઇન્સ્પેક્ટર (અં.)
ઇન્સ્પેક્શન (અં.)
ઇબારત (અ.)
ઇમલો ,,
ઇમામ ,,
ઇમારત,–તી ,,
ઇમ્તિહાન ,,
ઇયત્તા (સં.)
ઇયળ
ઇરાક (અ.)
ઇરાદો (ફા.)
ઇલકાબ (અ.)
ઇલમ,–મી (અ.)
ઇલાકો (અ.),–ખો
ઇલાજ,–જી (અ.)
ઇલાયચી,–ચો
ઇલાહી (અ.)
ઇલેક્ટ્રિક (અં.)
ઇશક,–કિયું,–કી
ઇશારો,–રત (અ)
ઇશ્ક,–શ્કી ,,
ઇશ્યૂ (અં.)
ઇષ્ટ (સં.)
ઇસમ
ઇસ્કામત
ઇસ્કોતરો,–રિયો
ઇસ્ક્રૂ (સ્ક્રૂ)
ઇસ્ટાપડી
ઇસ્તરી, ઇસ્ત્રી
ઇસ્તંબૂલ (તુર્કી)
ઇસ્પિતાલ
ઇસ્લામ,–મી (અ.)
ઇહ,૦લોક (સં)
ઇંગ્લિશ (અં.)
ઇ–(અં)મેજ–જી
ઇંગ્લૅંડ (અં.)
ઇંચ (અં.),–ચિયું
ઇંતેજામ (અ.)
ઇંતેજાર,–રી ,,
ઇંદિરા (સં.)
ઇંદીવર ,,
ઇંદુ ,,
ઇંદ્ર ,,
ઇંદ્રજિત ,,
ઇંદ્રાણી ,,
ઇંદ્રાણું
ઇંદ્રિય (સં.), ઇંદ્રી
ઇંધન (સં.)

ઈ

ઈક્ષણ (સં.)
ઈક્ષા ,,
ઈક્ષિત ,,
ઈજ્જત (અ.)
ઈતરાવું
ઈથર (અં.)
ઈદ, ૦ગાહ (અ.)
ઈપ્સિત (સં.)
ઈમાન, ૦દારી (અ.)
ઈરાન,–ની (ફા.)
ઈશ (સં.)
ઈશાન,–ની ,,
ઈશિતા,–ત્વ ,,
ઈશુ(–સુ),૦ખ્રિસ્ત
ઈશ્વર,–રી (સં.)
ઈર્ષ્યા (સં.), ૦ળુ
ઈસ
ઈસવી, ઇસ્વી (અ.)
ઈસાઈ ,,
ઈસ્ટર (અં.)
ઈંઠ, ઇંટાળો
ઈંડું, ઈંડાળ
ઈંઢાણી
ઈંધણ(–ણું)

ઉ

ઉકરડી,–ડો
ઉકરાંટો
ઉકલાવવું
ઉકળાટ(–ટો)
ઉકળાવવું
ઉકાળવું
ઉકાળો
ઉકાંટો
ઉકેરો
ઉકેલ

ઉકેલવું, ઉકેલાવું,–વવું
ઉક્ત,–ક્તિ (સં.)
ઉખડામણ
ઉખડાવવું
ઉખરાંટો
ઉખળિયો
ઉખાણું,–ણો
ઉખેડ, ઉખેડાવું,–વવું
ઉખેળવું, ઉખેળાવું,–વવું
ઉગટણું (–ણું)
ઉગમ,૦ણ,૦ણું
ઉગાડવું,
ઉગામવું
ઉગાર,૦વું
ઉગારો
ઉગાવો
ઉગ્ર (સં.)
ઉઘડાવવું
ઉઘરાઈ,–ત,–રાણી,–ણું
ઉઘરાવવું
ઉઘલાવવું
ઉઘાડ,૦વું
ઉઘાડું
ઉચકામણ,–ણી
ઉચકાવવું
ઉચરાવવું
ઉચલા(–ળા)–વવું
ઉચાટ,–ટિયું
ઉચાપત
ઉચારવું
ઉચાળવું
ઉચાળો
ઉચિત (સં.)
ઉચે-(–ધે)ડવું,--ડાવવું,
--ડાવું
ઉચ્ચ (સં.)
ઉચ્ચરવું
ઉચ્ચરિત (સં.)
ઉચ્ચાટન ,,
ઉચ્ચાર (સં.), ૦વું
ઉચ્ચાલન (સં.)
ઉચ્ચીકરણ ,,
ઉચ્ચૈઃશ્રવા ,,
ઉચ્છ (–છ) ગ,–ગી
ઉચ્છિન્ન (સં.)
ઉચ્છિષ્ટ ,,
ઉચ્છૃંખલ ,,(–ળ)
ઉચ્છેદ (સં.) ઉચ્છેદિયું
ઉચ્છ્વસિત (સં.)
ઉચ્છ્વાસ ,,
ઉછરંગ,–ગી
ઉછળામણી,–વવું
ઉછામણી,–ળવું
ઉછાળો
ઉછાંછળું
ઉછીનું,–નું
ઉછેદવું
ઉછેદિયું
ઉછેર,૦વું
ઉજમ(–વ),૦ણી,૦ણું
ઉજમાળું
ઉજવાવવું
ઉજળિયાત
ઉજાગરો
ઉજાડ,૦વું
ઉજાડિયું
ઉજાણી
ઉજાસ(–શ)
ઉજાસવું
ઉજાળવું
ઉજેરવું
ઉજેસ(–શ)
ઉજ્જડ, ઊજડ
ઉજ્જન, ઉજ્જેન
ઉજ્જયિની (સં.)
ઉજ્જ્વલ(–ળ),–લિત ,,
ઉઝરડવું
ઉઝરડો
ઉટકંટો
ઉટકાઈ,–મણ
ઉટકાવવું
ઉટપટં(–ટાં)ગ
ઉટં(–ટાં)ગ,ઉટંગી
ઉટાંટિયું,–યો
ઉઠમણું
ઉઠાઉ,૦ગીર
ઉઠાડવું
ઉઠાવ,૦વું
ઉઠાવડા(–રા)વવું
ઉઠાંતરી
ઉડાઉ
ઉડા(–રા)ડવું
ઉડામ(–વ)ણી
ઉડાવડા(–રા)વવું
ઉડાવવું,ઉડાવું
ઉડ્ડયન, (સં.)
ઉઢા(–ઢે)ણી,–ણું
ઉતરડ,૦વું
ઉતરડિયું
ઉતરણ,–ણી
ઉતરાણ
ઉતરાવવું
ઉતાપ,–પો,
ઉતારણ,–ણી
ઉતારત
ઉતારવું
ઉતાવ,–રો
ઉતાવળ,–ળિયું,–ળું

ઉત્કટ (સં.)
ઉત્કર્ષ, ૦ક ,,
ઉત્કલ,–લી ,,
ઉત્કંઠ,–ઠા ,,
ઉત્કંઠિત ,,
ઉત્કંપ ,,
ઉત્કીર્ણ ,,
ઉત્કૃષ્ટ ,,
ઉત્ક્રમ,૦ણ ,,
ઉત્તમ ,,
ઉત્તર,–રીય ,,
ઉત્તાન,૦પાદ ,,
ઉત્તીર્ણ ,,
ઉત્તુંગ ,,
ઉત્તેજક,–ન,–વું
ઉત્તેજિત (સં.)
ઉત્થાન, ઉત્થાનિકા ,,
ઉત્થાપક,–ન,–ના ,,
ઉત્થાપવું
ઉત્પતવું (સં.)
ઉત્પત્તિ ,,
ઉત્પથ ,,
ઉત્પન્ન ,,
ઉત્પાત ,,
ઉત્પાતી (સં.),–તિયું
ઉત્પાદક,–ન (સં.)
ઉત્પાદિત, ઉત્પાદ્ય ,,
ઉત્પ્રેક્ષા,–ક્ષિત ,,
ઉત્સર્ગ,–ર્જન ,,
ઉત્સર્પણ ,,
ઉત્સવ ,,
ઉત્સંગ ,,
ઉત્સાહ ,,
ઉત્સાહિત ,,
ઉત્સાહી,–હિની ,,
ઉત્સુક ,,

ઉથડક
ઉથલાવવું
ઉથાપવું
ઉથામવું
ઉથામો
ઉદ, ૦ક (સં.)
ઉદધિ ,,
ઉદર(–ધ)માત
ઉદર(–ધ)માતું,–તિયું
ઉદય,–યી (સં.)
ઉદર ,,
ઉદરંભરિ,૦તા,–ભરી પું. ,,
ઉદ (–ધ)રાવો
ઉદાત્ત (સં.)
ઉદાર ,,
ઉદાસ,–સી
ઉદાસીન (સં.)
ઉદાહરણ ,,
ઉદાહૃત ,,
ઉદિત ,,
ઉદીચ્ય ,,
ઉદુંબર ,,
ઉદ્ઘાટન,–ટિત ,,
ઉદંડ ,,
ઉદામ ,,
ઉદિષ્ટ ,,
ઉદીપક,–ન,–ના ,,
ઉદીપિત, ઉદીપ્ત ,,
ઉદ્દેશ,–શ્ય ,,
ઉદ્ધત,–તિ ,,
ઉદ્ધરણ (સં.),–વું
ઉદ્ધવ (સં.)
ઉદ્ધાર,૦ક,૦ણ(સં.),૦વું
ઉદ્ધૃત (સં.)
ઉદ્ભવવું,–ભાવવું

ઉદ્ભાવિત (સં.)
ઉદ્ભિજ્જ ,,
ઉદ્યત ,,
ઉદ્યમ,–મી ,,
ઉદ્યાન ,,
ઉદ્યાપન ,,
ઉદ્યુક્ત ,,
ઉદ્યોગ,–ગી ,,
ઉદ્યોત ,,
ઉદ્રેક ,,
ઉદ્વિગ્ન, ઉદ્વેગ ,,
ઉધડ(–ર)કવું
ઉધડિયું
ઉધમાત,–તી,–તિયું
ઉધરસ
ઉધરાવવું
ઉધરાવો
ઉધાન
ઉધામો
ઉધાર(–રું),–રિયો,–રવું
ઉધારિયો
ઉધારું,–રો
ઉધેરવું
ઉધોર
ઉધ્ધડ, ઊધડ
ઉનવાવવું,–વાવું
ઉનામણું,–ણિયું
ઉનારવું
ઉનાવું
ઉનાળું,–ળો
ઉનેવાળ
ઉન્નત,–તિ (સં.)
ઉન્મત્ત ,,
સ્વ. કીલાભાઈ ધનશ્યામ ભટ્ટનો જન્મ સંવત ૧૯૨૫માં થયો હતો. તેમના પિતાનું નામ ધનશ્યામ રાજારામ ભટ્ટ અને માતાનું નામ મહાકોર. તે ન્યાતે રાયકવાળ બ્રાહ્મણ હતા. તેમનું મૂળ વતન દસક્રોઈ તાલુકાનું ભુવાલડી ગામ. વતનના ગામડામાં પ્રાથમિક કેળવણી લઈને અને માધ્યમિક કેળવણી અમદાવાદની હાઈસ્કૂલમાં લઈને તેમણે મેટ્રીકની પરીક્ષા પસાર કરી હતી, પરન્તુ ત્યારપછી સંસ્કૃત અને અંગ્રેજીનો સારી પેઠે અભ્યાસ કર્યો હતો. મુંબઇની પોલીસ કોર્ટમાં તે ઇન્ટરપ્રીટર તરીકે નોકરી કરતા હતા.

સાહિત્યના અભ્યાસ ઉપર તેમને પુષ્કળ પ્રીતિ હતી અને તેથી સંસ્કૃતનો જે વિશાળ અભ્યાસ તેમણે કરેલો તેના ફળરૂપે તેમણે 'પાર્વતી પરિણય', 'વિક્રમોર્વશી' અને 'મેઘદૂત' એ ત્રણ સંસ્કૃત સાહિત્ય-ગ્રંથોના કરેલા અનુવાદ સુપ્રસિદ્ધ છે. તે ઉપરાંત સામયિકોમાં તે છૂટક કવિતાઓ લખતા, જેનો સંગ્રહ પ્રસિદ્ધ થયો નથી.

તેમનાં પત્નીનું નામ સરસ્વતી. તે ભરુચ જીલ્લાના આમોદ ગામનાં હતાં. સ્વ. કીલાભાઈને એક પુત્રી મનોરમા અને એક પુત્ર નામે હરીશ છે જે બી. એ., એલ. એલ. બી. થયા છે. સ્વ. કીલાભાઈનું અવસાન અમદાવાદમાં ૧૯૧૪ના ઓગસ્ટ માસમાં થયું હતું.

કૃષ્ણરાવ ભોળાનાથ દિવેટીઆ

સ્વ૦ કૃષ્ણરાવનો જન્મ અમદાવાદમાં રા. બ. ભોળાનાથ સારાભાઇને ત્યાં, વડનગરા નાગર ગૃહસ્થ જ્ઞાતિમાં ઇ. સ. ૧૮૩૬ના ડિસેમ્બરની ચોથી તારીખે થયો હતો. પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં અને પ્રીવિયસ સુધીનું શિક્ષણ મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં લઈ તેઓ વિલાયત જઈને બૅરિસ્ટર થયા હતા અને એમના સમયમાં મુંબઈ-અમદાવાદમાં અનુભવી બૅરિસ્ટર ગણાતા હતા. સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ વગેરે કાયદામાં તેમના સહ-અનુયાયી હતા. એ ઉપરાંત કુટુંબની જાગીરોની વ્યવસ્થા તથા રા. બ. ભોળાનાથ સારાભાઈથી ચેઢીનો વહીવટ એ એમના મુખ્ય વ્યવસાય હતા.

અમદાવાદની નાગરી જ્ઞાતિમાંથી વિલાયત જનાર એ પહેલા જ હોવાથી એમને ૭ વર્ષ જ્ઞાતિ બહાર રહેવું પડેલું. અમદાવાદની સંસાર-સુધારા હીલચાલમાં એમનું કુટુંબ અગ્રણી હતું અને કૃષ્ણરાવ એ પ્રવૃત્તિમાં મદ્યનિષેધ વગેરે હીલચાલોમાં તેમજ એમના પિતાની સ્થાપેલી અમદાવાદની પ્રાર્થનાસમાજમાં આગળ પડતો ભાગ લેતા.

બંગાળી અને મરાઠી ભાષાના તેઓ સારા વિદ્વાન હતા, અને બ્રહ્મો સમાજના મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર તથા કેશવચન્દ્ર સેનની અને તુકારામ બ્રહ્માનંદ આદિ ભક્તોની કૃતિઓ તેમને ખૂબ પ્રિય હતી. રોમેશચંદ્ર દત્ત, પ્રતાપચન્દ્ર મજુમદાર, સત્યેન્દ્રનાથ ઠાકુર, ડૉ. ભાંડારકર આદિના નિકટ પરિચયમાં તેઓ હતા.

સંગીતમાં તેઓ નિષ્ણાત હતા અને સંગીત ઉપરનો એમનો કાબૂ એક સંગીતાચાર્ય જેવો હતો. એટલે જ એમની કૃતિઓમાં કવિત્વની સાથે સંગીતની ધીમી પણ સંવાદમય લહરી જણાયા કરતી. ગુજરાતમાં બંગાળી ઢબથી ગીતોના ઢાળ ઉતારનાર તેઓ પ્રથમ હતા. પ્રાર્થનાસમાજ માટે તેમના પિતાની રચેલી "પ્રાર્થનામાળા" ના બીજા ભાગના અધૂરા રહેલા અંકો કર્તાના અવસાન પછી પૂરા કરવામાં તેમના વડીલ બંધુ નરસિંહરાવની સાથે તેમનો પણ મોટો ફાળો હતો એ બહુ ઓછા જાણે છે. પહેલી સાહિત્યપરિષદમાં 'રંગભૂમિ' ઉપર એમણે નિબંધ વાંચેલો. તે ઉપરાંત જ્ઞાનસુધા, બુદ્ધિપ્રકાશ આદિ માસિકોમાં એમના લેખો અવારનવાર આવતા.

એમનું લગ્ન સુરતમાં સૌ. પ્રિયંવદા સાથે થયું હતું. એમના બે પુત્રોમાંથી એક વિપિનવિહારી સ્વર્ગસ્થ થયા છે. બીજા શ્રી. સુધાકર વ્યાપારી લાઇનમાં છે. પુત્રી સૌ. પ્રતિમા એ સ્વ. આચાર્ય આનંદશંકર ધ્રુવનાં પુત્રવધૂ થાય.

મુંબઈમાં ૨૦મી સપ્ટેમ્બર ૧૯૨૧ ના રોજ એમનું અવસાન થયું. એમના ગ્રંથોની નામાવલિ નીચે મુજબ છે:

સરદાર રા. બા. ભોળાનાથ સારાભાઈનું ચરિત્ર	ઈ. ૧૮૮૮
મુકુલમર્દન (નવલકથા)	ઇ. ૧૮૯૫
વિરાજમોહન (બંગાળી પરથી ભાષાંતર)	
ભ્રાન્તિસંહાર (નાટક)	ઈ. ૧૮૯૯

કેખુશરો નવરોજજી કાબરાજી

સ્વ. કેખુશરો કાબરાજીનો જન્મ તા. ૨૧–૮–૧૮૪૨ના રોજ મુંબઈમાં થયો હતો. તેમના બાપદાદા અસલ સુરતના વતની હતા. તેમના પિતાનું નામ નવરોજજી અને માતાનું નામ મેહેરબાઈ હતું. તેઓ કોમે પારસી હતા.

અગીઆર વર્ષની વયે ગુજરાતી અભ્યાસ પૂરો કરીને તેમણે અંગ્રેજી અભ્યાસ શરુ કરેલો, પરન્તુ સોળમે વર્ષે તેમણે અંગ્રેજી અભ્યાસ છોડી દીધેલો. તેમના પિતાની જીંદગી છાપખાનાના કામમાં ગએલી, જે ધંધાનો વારસો તેમને મળ્યો હતો. જુવાનીમાં તે "પારસી મિત્ર" ના તંત્રી થએલા. પાછળથી તેમણે ૧૮૫૯ થી મોટાં પત્રોમાં મદદનીશ તંત્રી તરીકે કામ કરવા માંડેલું. સને ૧૮૬૨–૬૩ માં સ્વ. સોરાબજી બંગાળીના પરિચયથી તે "રાસ્ત ગોફ્તાર" સાથે જોડાયા અને સ્વ. કરસનદાસ મૂળજીના સહવાસમાં આવ્યા. તેમની ભલામણથી તે "રાસ્ત ગોફ્તાર"ના મદદનીશ તંત્રી રૂ. ૫૦ ના પગારથી થએલા. કરસનદાસ મૂળજી ઈંગ્લાંડ ગયા, ત્યારે એ પત્રના મુખ્ય તંત્રી તે બનેલા. "રાસ્ત ગોફ્તાર" માંના તેમના લેખોથી એ પત્રને સારી પ્રતિષ્ઠા મળી હતી. ખાસ કરીને તેમના લેખો પારસી કુટુંબોમાં હોંશભેર વંચાતા.

સ્વ. કેખુશરોએ પોતે ઉંચી કેળવણી લીધી નહોતી પણ કેળવણીના તે ચુસ્ત હિમાયતી હતા. અંગ્રેજોની કેળવણીને ઉત્તેજન આપવાને તેમણે "સર દિનશાહ પિટિટ જિમ્નેસ્ટિક ઈન્સ્ટીટ્યુશન"ના ઉપરી તરીકેનું કામ માથે લીધું હતું. મુંબઈની મ્યુનિસિપલ કોર્પોરેશનના તે સભ્ય હતા. સને ૧૯૦૦ માં તેમને ઈંગ્લાંડમાં "બ્રિટિશ ઇન્સ્ટીટ્યુટ ઓફ જર્નેલિસ્ટ્સ"ના સભાસદ થવાનું માન મળેલું. ૧૮૮૬ માં તેમને ઈરાનના શાહે એક ચાંદ એનાયત કર્યો હતો. સંસારસુધારાનાં કામોમાં તે અગ્રેસર ભાગ લેતા.

સ્વ. કેખુશરો એક સારા નવલકથાકાર અને નાટ્યલેખક પણ હતા. અંગ્રેજીમાંથી હિંદુ અને પારસી સંસાર ઉપર ઉતારેલી તેમની કેટલીક નવલ-કથાઓ તે કાળે સારી પેઠે લોકપ્રિય નીવડી હતી. તેમણે લખેલાં નાટકોમાંનાં થોડાં "શાહનામા" ઉપરથી લખાયલાં તે પણ લોકપ્રિય નીવડ્યાં હતાં. પરદેશી પુસ્તકોમાંથી અનુકરણરૂપે લખાતાં પુસ્તકોમાં પણ તેમની સજાવટ અને મિલાવટ એવી હતી કે તેમાં પરદેશીપણાની ગંધ ભાગ્યે જ આવે. તેમનું એક નાટક "નંદબત્રીસી" તેમણે પોતાના મિત્ર સ્વ. રણછોડભાઈ ઉદયરામને અર્પણ કર્યું હતું.

તેમની કૃતિઓની યાદી નીચે મુજબ છે:

નવલકથાઓ—ચાલીસ હજારનો ચાનજી, દુખીયારી બચ્ચુ, ગુલી બરીબ, મીઠી મીઠી, ભોક્ષો દોક્ષો, ભીખો ભરભરિયો.

નાટકો—જમશેદ, નિંદાખાનું, ભોલી જાન, વિનાશકાળે વિપરીત બુદ્ધિ, બેજાન અને મનીજેહ, નંદબત્રીસી.

સ્ત્રીઓ માટેનું પહેલુંજ પત્ર "સ્ત્રીબોધ" તેમણે સ્થાપ્યું હતું, જે ૨૫-૪-૧૯૦૪ ને રોજ તેમનું અવસાન થયા પછી તેમનાં પુત્રી શીરીનબાઈ કાબરાજી ચલાવતાં હતાં. થોડા સમય પહેલાં તેમનું પણ અવસાન થયું છે.

કેશવજી વિશ્વનાથ ત્રિવેદી

સ્વ. કેશવજી વિશ્વનાથ ત્રિવેદીનો જન્મ સં. ૧૯૧૫ના વૈશાખ સુદ ૪ ને રોજ ધ્રોળ (કાઠિયાવાડ)માં થયો હતો. તેમના પિતાનું નામ વિશ્વનાથ જૂઠાભાઈ ત્રિવેદી અને માતાનું નામ માનકુંવર હતું. જ્ઞાતે તે શ્રીમાળી બ્રાહ્મણ હતા. સ્વ. વૈદ્યરાજ જટાશંકર લીલાધરના તે માસીઆઇ ભાઇ હતા.

સાત વર્ષની ઉંમરે ધ્રોળની ગામઠી શાળામાં તેમણે અભ્યાસ શરુ કરેલો અને સંવત ૧૯૨૪માં સરકારી શાળા ઊઘડતાં તેમાં દાખલ થઇને મુજરાતી ચાર ધોરણનો અભ્યાસ કર્યો, પરન્તુ કુટુંબના નિર્વાહનો જેમના પર આધાર હતો તે તેમના પિતાના કાકાનું અવસાન થતાં તેમના પર એ બોજો આવી પડ્યો અને અભ્યાસ છોડવો પડ્યો. એક સોનીને ત્યાં ટૂંક પગારે નોકરી શરુ કરી. ચાર વર્ષ વીતી ગયાં પણ ભણ્યા વિના આગળ વધી શકાશે નહિ એવો અનુભવ થતાં તેમણે ફરીથી નિશાળે બેસી ભણવા માંડ્યું, અને અંગ્રેજી બે ધોરણ સુધી અભ્યાસ કર્યો. રૂ. ૫ ના પગારથી તેમને આસિ. શિક્ષકની નોકરી મળી, પછી સરપદડ મહાલમાં મુખ્ય શિક્ષક થયા. ટ્રેઈન્ડ શિક્ષક થવાની સલાહ મળતાં તેમણે તે માટેની પ્રાવેશિક પરીક્ષાનો અભ્યાસ શરુ કર્યો અને ઇ. સ. ૧૮૭૮માં તે પરીક્ષા પાસ કરીને રાજકોટની ટ્રેનિંગ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. તે વખતે કૉલેજના પ્રિન્સીપાલ સ્વ. નવલરામ લક્ષ્મીરામ હતા. ૧૮૮૦માં ટ્રેઈન્ડ શિક્ષક થઇને તે કાઠિયાવાડ પ્રાંતના સરકારી કેળવણી ખાતાની નોકરીમાં જોડાયા. સને ૧૮૯૨માં એ નોકરી છોડી ત્યારથી તેમણે ગ્રંથલેખનનું જ કાર્ય કર્યું હતું અને એ જ તેમના નિર્વાહ માટેનો મુખ્ય વ્યવસાય હતો.

તેમનું પહેલું પુસ્તક "સતીમંડળ અને સ્ત્રીપુરૂષોનો ધર્મ-ભાગ પહેલો" સને ૧૮૯૨માં બહાર પડેલું. એ પુસ્તકની નવ આવૃત્તિઓ થઈ છે. 'સતી-મંડળ ભાગ ૨' ની પાંચ આવૃત્તિઓ થઈ છે. બીજાં પુસ્તકોમાં 'ચરિત્ર ચંદ્રિકા' (ચાર આવૃત્તિ) અને 'શ્રીમાળ પુરાણ' એ મુખ્ય છે. 'સતીમંડળ ભાગ ૧'ની બે હિંદી આવૃત્તિઓ પણ થઇ છે. સ્વર્ગસ્થે પોતાની જ્ઞાતિનું "શ્રીમાળી શુભેચ્છક" માસિક પત્ર કેટલોક સમય ચલાવ્યું હતું. તેમનું અવસાન અમદાવાદમાં તા. ૭-૮-૩૪ ને રોજ થયું હતું.

તેમનું પ્રથમ લગ્ન જામનગરમાં શિવકુંવર સાથે અને બીજું લગ્ન મીઠીબાઇ સાથે થયું હતું. તેમના મોટા પુત્ર શ્રી. ભોગીલાલ અમદાવાદની સેંટ્રલ બેંકની શાખામાં આસી. એકાઉન્ટન્ટ છે અને બીજા પુત્ર શ્રી. અનંતરાય નાગપુરમાં સેલ્સમેન તરીકે કામ કરે છે. તે ઉપરાંત તેમની એક પુત્રી વિધવા છે.

ગજેન્દ્રરાય ગુલાબરાય બુચ

સ્વ. ગજેન્દ્રરાય ગુલાબરાય બુચ ગોંડળના વતની હતા. તેમનો જન્મ સં. ૧૯૫૮ના ભાદરવા સુદ ૧૩ ને રોજ તેમના મોસાળ વસાવડમાં થયો હતો. તેમના પિતાનું નામ ગુલાબરાય દુલેરાય બુચ અને માતાનું નામ વાલી બહેન હતું. જ્ઞાતે તે વડનગરા નાગર હતા.

તેમના પિતા જસદણમાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ હતા તેથી તેમની પ્રાથમિક કેળવણી જસદણમાં પૂરી થએલી. તેમની માધ્યમિક કેળવણી ગોંડળની સંગ્રામજી હાઇસ્કૂલમાં તથા ત્યાંની ગીરાસીયા કૉલેજમાં પૂરી થઈ હતી. અભ્યાસમાં તે ખૂબ તેજસ્વી હતા. હાઇસ્કૂલમાં તેમને દરમાસે સ્કૉલ-રશીપ મળતી અને મેટ્રીકની પરીક્ષા તેમણે ૧૯૧૯ માં યુનિવર્સિટીમાં આઠમા નંબરે પસાર કરેલી. ત્યારપછી ઉંચી કેળવણી તેમણે જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં લીધી હતી. ૧૯૨૩માં બી. એ. માં સંસ્કૃત ઓનર્સ સાથે તે પહેલા વર્ગમાં પહેલે નંબરે પસાર થયા હતા, અને તેથી તેમને ભાઉ દાજી પ્રાઇઝ મળ્યું હતું તથા ધીરજલાલ મથુરાદાસ સ્કૉલરશીપ મળી હતી. ૧૯૨૩ થી ૧૯૨૫ સુધી તે બહાઉદ્દીન કૉલેજના ફેલો હતા. ૧૯૨૫ માં તેમણે એમ. એ. ની પરીક્ષા પસાર કરીને વેદાંતમાં પહેલા આવવા માટે 'સુરત ગોકુળજી ઝાલા વેદાંત પ્રાઇઝ' મેળવ્યું હતું.

૧૯૨૫ થી ૧૯૨૭ ના નવેમ્બરની ૧૩મી તારીખે ટાઇફોઇડની બિમારીથી તેમનું અવસાન થયું ત્યાંસુધી તે સુરતની કૉલેજમાં અંગ્રેજીના પ્રોફેસર હતા. અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃત એ ત્રણે ભાષાનું તેમનું વાચન વિશાળ હતું. બહાઉદ્દીન કૉલેજના સંસ્કૃતના માજી પ્રોફેસર સ્વ. મહાદેવ મલ્હાર જોષીની તેમના જીવન ઉપર વિશેષ અસર હતી.

અંગ્રેજીમાં શેક્સપિયર, હ્યુમા, ઈમરસન, સંસ્કૃતમાં કાલિદાસ, અને ગુજરાતીમાં મુનશી, નાનાલાલ તથા કાન્ત એ તેમના પ્રિય લેખકો હતા. તેમની એક જ કૃતિ "ગજેન્દ્ર મૌક્તિકો" તેમના અવસાન પછી શ્રી. રમણલાલ યાજ્ઞિકની લખેલી પ્રસ્તાવના સાથે પ્રસિદ્ધ થઇ છે. એ પુસ્તકમાં તેમનાં કાવ્યો, નિબંધો, પત્રો વગેરેનો સંગ્રહ છે.

તેમનું લગ્ન તા. ૨૧-૪-૧૯૨૦ ના રોજ વસાવડમાં કંચનલક્ષ્મી નૃસિંહપ્રસાદ દેસાઈ વેરે થએલું. તેમનો એક પુત્ર ભાઈ અનિલકુમાર અને પુત્રી સૌ. સરલાલક્ષ્મી વિદ્યમાન છે.

પંડિત ગટુલાલજી

ભારતમાર્તંડ પંડિત ગટુલાલજી મૂળ કોટાના વતની હતા. તૈલંગી બ્રાહ્મણ ઘનશ્યામ ભટ્ટજીને ત્યાં જૂનાગઢમાં તા. ૮-૨-૧૮૦૧ ના રોજ તેમનો જન્મ થયો હતો. મોટપણે શીઘ્રકવિ તરીકેનું બિરુદ પામનાર એ બાળકે પાંચ વર્ષની વયે જ 'થાળી પાળી ઘંટી બંટી તથૈવ ખાંડણિયું' એવી કવિતા રચી હતી! સાતમે વર્ષે તો તેમણે 'અમર કોષ' કંઠસ્થ કર્યો હતો. આવા પ્રતિભાશાળી બાળકની આંખો નવમે વર્ષે શીતળાના ઉપદ્રવથી ગઈ, પરંતુ તેનાં પ્રજ્ઞાચક્ષુ ખુલી ગયાં. પિતા પાસેથી સંસ્કૃત ભાષાનાં સર્વ અંગો ભણી લઇને ૧૪ વર્ષની અંદર તો તેમણે યમુનાલહરી, રુક્મિણી ચંપૂ, વેદાન્ત ચિંતામણિ, ભારતશક્તિ વગેરે ગ્રંથો લખ્યા અને સરિત્સિદ્ધાન્તમાર્તંડ નામક પ્રૌઢ વાદગ્રંથમાં છપાયલા લક્ષ્મણગિરિના ૩૨ શ્લોકોનું ખંડન કર્યું. જોધપુરના મહારાણા સમક્ષ પંડિતોની સભામાં 'કંસવધ' કાવ્ય શીઘ્ર કવિતાના પ્રયોગરૂપે રચી તેમણે પ્રથમ પંક્તિના શીઘ્રકવિ તરીકેનું બિરુદ મેળવ્યું. સંસ્કૃત અને વ્રજ ભાષા ઉપરાંત ગુજરાતીમાં પણ તે કવિતા રચતા જેનો સંગ્રહ 'સુભાષિત લહરી' નામથી પ્રસિદ્ધ થયો છે. શીઘ્રકવિ ઉપરાંત તે અદ્ભુત વ્યાખ્યાતા અને શતાવધાની પણ હતા. ૧૮ વર્ષની વયે તેમણે કાશીના પંડિતો પાસેથી ૧૦૦ જુદી જુદી બાબતોનાં અવધાનો

કરીને એ પદવી મેળવી હતી. સંગીતમાં પણ તે સરસ જ્ઞાતા હોવા ઉપરાંત મૃદંગ બજાવવામાં કુશળ હતા. ૧૮૮૭ માં ભારત ધર્મમહામંડળમાં વૈદિક ધર્મ ઉપર સંસ્કૃતમાં અપાયલા એમના વ્યાખ્યાને મોટા મોટા પંડિતોને પણ મુગ્ધ કર્યા હતા, અને 'ભારતમાર્તણ્ડ'નું પદ તેમને આપવામાં આવ્યું હતું. તેમની કૃતિઓની નામાવલિઃ–સુભાષિતલહરી (ગુજરાતી), યમુનાલહરી (સં), ઋક્મિણીચંપૂ (સં.), વેદાન્ત ચિંતામણિ (સં.), કંસવધ (સં.), કૃષ્ણાભિસાર કાવ્ય (સં.).

પંડિતજી મળતાવડા, શાંત, નિરભિમાની તથા સાદા હતા. તેમની પહેલી સ્ત્રીનું નામ પાર્વતી હતું. તેના મૃત્યુ પછી તેમણે ઋક્માવતી નામની એક સતી–સાધ્વી કન્યા સાથે લગ્ન કરેલું. ઇ. સ. ૧૯૯૮માં તે ભાવનગર ગએલા તે વખતે તેમને પાંચ-સાત માસની એક પુત્રી હતી અને તેમનાં પત્ની બિમાર હતાં. તે વખતે પંડિતજીની પ્રકૃતિ એકાએક બિમાર થઈ આવી અને તે હરિનામ જપતાં મૃત્યુ પામ્યા. તેમનાં પત્ની તે જ ક્ષણથી મૌન ધારણ કરીને બીજે દિવસે સૂર્યાસ્તકાળે મૃત્યુ પામ્યાં હતાં.

ગણપતરામ અનુપરામ ત્રવાડી

સ્વ. ગણપતરામ અનુપરામ ત્રવાડીનો જન્મ તેમના વતન આમોદમાં સં. ૧૯૦૫ના કાર્તિક વદ ૬ (તા. ૧૬–૧૧–૪૮)ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ અનુપરામ હરિરામ ત્રવાડી અને માતાનું નામ ગલાલબા હતું. તેઓ ન્યાતે અમદાવાદી ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ જ્ઞાતિન હતા. તેમના પિતામહ હરિરામ ત્રવાડી આમોદના ઠાકોરના કારભારી હતા અને પિતા પણ ઠાકોર ગુલાબસિંહજીના કારભારી હતા. પાછળથી તેમણે સુરતમાં વસવાટ કરેલો. ગણપતરામ ત્રવાડીનાં પ્રથમ પત્ની ઋક્મિણી મીયાંગામ નજીક આવેલા એક ગામડાનાં હતાં. પહેલું લગ્ન સં. ૧૯૨૫માં અને બીજું લગ્ન સં. ૧૯૪૬માં થએલું. તેમને કાંઈ સંતાનો નહોતાં.

તેમણે પ્રાથમિક કેળવણી આમોદમાં તથા સુરતમાં અને માધ્યમિક કેળવણી સુરતમાં લીધી હતી. સને ૧૮૬૫માં તેમણે મેટ્રીકની પરીક્ષા પસાર કરી હતી. તેમનો અભ્યાસ તેજસ્વી હતો. કૉલેજમાં જઈને ઉંચી કેળવણી લેવાનો એમને અત્યંત ઉમંગ હતો; તે માટે તેમણે કેટલોક તરફડાટ પણ કરેલો, પરન્તુ અનુકૂળ સંયોગોને અભાવે તે કૉલેજમાં જઈ શક્યા નહિ.

મેટ્રિક પાસ કરીને તે સુરતની મિશન હાઈસ્કૂલમાં નોકરીમાં જોડાયા. ત્યાં ૬ માસ નોકરી કરીને સુરતની ગોપીપુરાની બ્રાંચ સ્કૂલમાં, પછી જે. જે. એંગ્લોવર્નાક્યુલર સ્કૂલમાં અને પછી સોરાબજી હાઈસ્કૂલમાં પણ તેમણે શિક્ષકની નોકરી કરી હતી. પછી રાંદેરમાં અને કતારગામમાં તે અંગ્રેજી સ્કૂલમાં હેડમાસ્તર થયા હતા. એ વખતે તેમણે કૉલેજમાં અભ્યાસ માટે જવા રાજીનામું પણ આપેલું પણ શ્રી. નંદશંકર તુલજાશંકરની સલાહથી રાજીનામું પાછું ખેંચી લીધું અને અંકલેશ્વરની અંગ્રેજી શાળાના હેડમાસ્તર તરીકે થએલી બદલી સ્વીકારી લીધી. ત્યારપછી તે ખેડાની અને બીજી બેત્રણ શાળાઓમાં બદલાયા હતા અને ૧૮૭૩-૭૪માં સુરતની સર જે. જે. બેરોનેટ પારસી પંચાયત સ્કૂલના હેડમાસ્તર થયા હતા. ત્યારપછી સને ૧૮૭૬ થી ૧૮૮૩ સુધી તે કાઠિયાવાડના હાલાર પ્રાંતના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર તરીકે ગયા હતા અને ૧૮૮૩ થી ૧૮૯૦ સુધી સોરઠ પ્રાંતના ડે. એજ્યુ. ઇન્સ. તરીકે તેમણે કામ કર્યું હતું. ત્યારબાદ ત્રણ વર્ષ સુધી ભાવનગરના તે વખતના યુવરાજ શ્રી. ભાવસિંહજીના ટ્યુટર તરીકે સંતોષકારક કામ કર્યું હતું અને ૧૮૯૩ થી ૧૮૯૬ સુધી તે પાછા સોરઠના ડે. એજ્યુ. ઇન્સ. તરીકે ગયા હતા. ૧૮૯૬ થી ૧૮૯૯ સુધી તે રાજકોટની મેલ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સીપાલ તરીકે નીમાયા હતા જ્યાં પણ તેમની કામગીરીની ઉપરી અધિકારીઓએ પ્રશંસા કરી હતી. ૧૮૯૯માં તે જૂનાગઢ રાજ્યના કેળવણી ખાતાના ઉપરી અધિકારી તરીકે રૂા. ૨૫૦ના પગારથી ગયા હતા અને ત્યાં બે વર્ષ નોકરી કર્યા બાદ ૧૯૦૧માં ૫૩ વર્ષની વયે એકંદર ૩૬ વર્ષની નોકરી કરીને નિવૃત્ત થઈ સુરત આવ્યા હતા. બે વર્ષની ચડતા પગારની રજા બાદ ૧૯૦૩ થી તે પેનશન પર ઊતર્યા હતા.

બીલખાવાળા શ્રી. નથુરામ શર્માને તેમણે ગુરુપદે સ્થાપ્યા હતા અને તેમના ઉપદેશ તથા ગ્રન્થોની શ્રી. ગણપતરામ ઉપર વિશિષ્ટ અસર હતી. આદીચ્ય બ્રાહ્મણ જ્ઞાતિ પ્રતિ તેમનો ખૂબ સેવાભાવ હતો. સં. ૧૯૬૯માં તેમણે ભા. ઔ. બ્રહ્મસભાજનું દશમું સંમેલન સુરતમાં પોતાને ખર્ચે નોતર્યું હતું. તેમણે આશરે ૫૦ હજારની સખાવતો કરી હતી, જેમાંનો એક સારો ભાગ જ્ઞાતિસેવા નિમિત્તે હતો. સુરતની સંસ્કૃત પાઠશાળાને, ઔદીચ્ય બ્રહ્મસભાજને, જ્ઞાતિના વિદ્યાર્થીઓને સ્કૉલરશીપ આપવાને, ન્યાતના ઓચ્છવ માટે, એમ નાની મોટી રકમો તેમણે જ્ઞાતિસેવા માટે આપી હતી. તે ઉપરાંત સુરતની મ્યુ. કન્યાશાળા માટે મકાન, ફ્રી લાયબ્રેરી માટેનું મકાન તથા નિભાવની રકમ, સુરત કૉલેજનો લેકચર હૉલ, અને જાહેર

વ્યાખ્યાન તથા જ્ઞાતિની વાડી માટે ઉપયોગમાં આવે એવું મકાન, એવી રીતે તેમણે અકંદરે રૂા. ૩૫૦૦૦નું દાન કર્યું હતું. સંવત ૧૯૭૫ના જેઠ સુદી ૧૪ ને રોજ (તા. ૧૨-૬-૧૯૧૯) ૭૦ વર્ષની વયે સુરતમાં તેમનું અવસાન થયું હતું.

ગુજરાતી સાહિત્યમાં તેમનાં ૪ અનુવાદિત પુસ્તકોનો ફાળો છે જે સુંદર છે. તેમનો પહેલો ગ્રંથ 'મીઠીમીઠી વાતો' જે મિસ એજવર્થના 'પેરન્ટ્સ એસિસ્ટંટ'ના અનુવાદરૂપ છે તે ૧૮૮૫માં બહાર પડ્યો હતો. સ્માઇલ્સના 'સેલ્ફ હેલ્પ'નું ભાષાંતર 'જાતમહેનત' નામથી ૧૮૮૬માં અને 'ફ્રેરેક્ટર'નું ભાષાંતર 'સદ્‌વર્તન' નામથી ૧૮૯૬માં ગુ. વ. સોસાયટી તરફથી બહાર પડ્યું હતું. 'દરિયાપારના દેશોની વાતો' અથવા 'યૂરપ ખંડનું વર્ણન' (Across the sea or Europe described) એ પુસ્તક ૧૮૯૨ માં બહાર પડ્યું હતું.

ગણેશજી જેઠાભાઈ દુબળ

સ્વ. ગણેશજી જેઠાભાઈ દુબળનો જન્મ તેમના વતનના ગામ લીંબડીમાં સંવત ૧૯૦૬ના પોષ સુદ ૩ (તા. ૧૨-૧-૧૮૫૩)માં થયો હતો. તેમના પિતાનું નામ જેઠાભાઇ ડાહ્યાભાઈ દુબળ અને માતાનું નામ શામળા હતું. જ્ઞાતે તે બ્રહ્મક્ષત્રિય હતા.

તેમણે પ્રાથમિક અને થોડી માધ્યમિક કેળવણી લીંબડીમાં લીધી હતી. તેમની સ્થિતિ સાધારણ હતી એટલે થોડી અંગ્રેજી કેળવણી લઇને તુરત શિક્ષક તરીકેની નોકરી લીધી હતી અને પછી કાયદાનો અભ્યાસ કરી વકીલાતનો વ્યવસાય કર્યો હતો. ગીતા અને રામાયણ એ એમનાં પ્રિય પુસ્તકો હતાં. સ્વ. ગૌરીશંકર ઓઝા ભાવનગરના દિવાનપદે હતા તેમની તેમના જીવન ઉપર મુખ્ય અસર વતી.

વકીલાતનો વ્યવસાય કરતાં અને તે છોડ્યા પછી તેમણે ઉદ્યોગોનાં કારખાનાંઓ સ્થાપવાની શરુઆત કરી હતી. લીંબડીમાં જીનિંગ ફેક્ટરી, પ્રેસ અને છાપખાનું તેમણે પ્રથમ શરુ કર્યાં હતાં. એક વખત તેમનું 'જસવંતસિંહ પ્રિંટિંગ પ્રેસ' કાઠિયાવાડનાં સારાં છાપખાનાંઓમાંનું એક ગણાતું. ઉત્તર વયમાં તેમણે તેની સાથે ટાઇપ ફાઉંડરી પણ જોડી હતી. તેમના પ્રેસમાં કેટલાંક માસિક પત્રો છપાતાં જેમાંનાં કેટલાંકનું સંચાલન તે કરતા. કેટલોક વખત 'બ્રહ્મક્ષત્રિય શુભેચ્છક' માસિક તેમણે ચલાવેલું

પોતાની ન્યાતના ગરીબ વિદ્યાર્થીઓને તે સ્કોલરશીપો આપતા. તેમની જાહેર સેવાઓના બદલામાં ૧૯૧૧માં તેમને સરકારે 'કોરોનેશન મેડલ' અને ૧૯૧૫માં 'રાવસાહેબ'નો ખીતાબ પણ આપેલો. લીંબડીની મ્યુ.ના ચેરમેન તરીકે તેમણે ઘણાં વર્ષો સુધી કામ કર્યું હતું.

સાહિત્યમાં તેમનો ફાળો મુખ્યત્વે "કૌતુકમાળા અને બોધવચન" પૂરતો છે. એ પુસ્તક એ કાળે ખૂબ લોકપ્રિય થયેલું અને તેની સંખ્યાબંધ આવૃત્તિઓ થઈ હતી. એ પુસ્તકનું અંગ્રેજી ભાષાંતર 'Indian Folklore' નામથી અને તેનું હિંદી ભાષાંતર પણ તેમણે પાછળથી બહાર પાડેલાં. કેટલાંક કાયદાનાં ગુજરાતી પુસ્તકો તેમણે લખેલાં જેમાં 'લિમિટેશન લૉ' અને 'કાઠિયાવાડ લૉ રિપૉર્ટ્સ' મુખ્ય છે.

તેમનું લગ્ન લીંબડીમાં થયેલું. તેમનાં પત્નીનું નામ માણેકબાઈ. તેમને ચાર પુત્રો અને એક પુત્રી હતાં. સ્વ. મૂળજી યરોડા રેફરમેટરી સ્કૂલના સુપરિન્ટેન્ડન્ટ હતા. શ્રી. દયારામ લીંબડીમાં મ્યુ. ચેરમેન છે. શ્રી. જગજીવનદાસ લીંબડીમાં પોતાના ઉદ્યોગોની વ્યવસ્થા સંભાળે છે. સ્વ. ભૂદરદાસ એક સારા લેખક હતા. તેમણે કેટલીક નવલકથાઓ લખી હતી. તેમનું છેલ્લું પુસ્તક 'ઉમ્મર ખય્યામની રુબાઇયાત'ના કાવ્યાનુવાદનું છે.

ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર

સ્વ. ગોપાળજી દેલવાડાકરનો જન્મ તા. ૧-૬-૧૮૬૯ ને રોજ કાઠિયાવાડના દેલવાડા ગામમાં થયો હતો. ન્યાતે તે ઔદીચ્ય બ્રાહ્મણ હતા. તેમનાં માતુશ્રીનું નામ વ્હાલીબાઈ હતું, જે તેમને ૬ દિવસના મૂકીને મૃત્યુ પામ્યાં હતાં. દેલવાડામાં ગુજરાતી સાત ધોરણનો અભ્યાસ કરીને ૧૬ વર્ષની વયે તે મુંબઈ ગયા હતા. મુંબઈમાં વાચ્છાગાંધીને ત્યાં નામું લખવાની નોકરીમાં જોડાયા હતા, તે સાથે તેમણે ખાનગી રીતે અંગ્રેજી અભ્યાસ કરવા માંડ્યો હતો.

કવિતા અને નાટકો લખવાના રસને કારણે પછીથી તે મી. નાનાભાઈ રુસ્તમજી રાણીનાની 'આલ્ફ્રેડ નાટક મંડળી'માં નાટક લખવા માટે રહ્યા હતા. ત્યારબાદ તેમણે 'સ્વદેશી નાટક મંડળી', 'વિક્ટોરિયા ગુજરાતી નાટક મંડળી'ને માટે પણ કેટલાંક નાટકો લખ્યાં હતાં. તે અરસામાં અને તે પછી તેમણે કેટલાંક વાર્તાનાં પુસ્તકો તથા કિંડરગાર્ટન શિક્ષણપદ્ધતિનાં પુસ્તકો લખી પ્રસિદ્ધ કર્યાં હતાં. એ શિક્ષણપદ્ધતિનાં પુસ્તકો તૈયાર કરવામાં ગુજરાતીઓમાં તે પહેલા હતા, અને તેમનાં પુસ્તકો બાળકેળવણી

માટે તે અરસામાં સારી પેઠે લોકપ્રિય નીવડ્યાં હતાં. નાનપણથી સંગીતનો તેમને શોખ હતો તેથી આગળ જતાં શાળામાં સંગીતશિક્ષક તરીકે પણ તેમણે કામ કર્યું હતું. તેમની કવિતાશક્તિ તથા લેખનકાર્ય માટે તેમને સાત ચંદ્રકો મળ્યા હતા; બાલીવાલા નાટક કંપની, વાંકાનેર નાટક કંપની, દેશી નાટક સમાજ, જૂનાગઢ સ્ટેટ, ભાવનગર સ્ટેટ, વડોદરા સ્ટેટ, અને ૧૯૧૧ માં ભરાયલા દિલ્હી દરબાર તરફના એ ચાંદો હતા.

મહુંમ ગર્ભશ્રીમંત હતા. તેમના દાદા મેઘજી ગોવિંદજી એક શ્રીમંત શરાફ હતા અને વહાણો રાખી રંગુન તથા આફ્રિકા સુધીનો વેપાર ખેડતા. સ્વ. ગોપાળજીને સાત સ્ત્રીઓ થઇ હતી, તેમાંથી ચોથી સ્ત્રી કમલા ઉર્ફે કુસુમબાઇની કન્યા મધુમતીનું લગ્ન શ્રી. ગોપાળજીની હયાતી પછી બાલુભાઈ શ્યામજી પુરોહિત બી. એ. સાથે થયાં હતાં. તેમનાં છેલ્લાં પત્ની ઓતમ હાલમાં વિદ્યમાન છે. તા. ૧૭-૨-૩૫ ને રોજ સ્વ. દેલવાડાકરનું ૬૬ વર્ષની વયે મુંબઇમાં અવસાન થયું હતું. મૃત્યુસમયે તેમણે આઠેક હજાર રૂપિયાનું દાન પોતાની જ્ઞાતિને કર્યું હતું, જેમાં બોર્ડિંગ માટે જમીનનો અને પોતાના એક મકાનનો સમાવેશ થાય છે. તેના ટ્રસ્ટીઓ તરીકે શ્રી. જયાપ્રસાદ પુરુષોત્તમરાય ઝાલા અને શ્રી. કે. કે. જોશી કામ કરે છે.

સ્વ. દેલવાડાકરે ૨૨ નવલકથાઓ, ૧૩ નાટકો, ૯ ચિત્રપટ માટેની કથાઓ, અને કિંડરગાર્ટન ગ્રંથમાળાની વીસેક પુસ્તિકાઓ લખી પ્રસિદ્ધ કરી હતી. તેમની કૃતિઓની યાદી નીચે આપી છે :

નવલકથાઓ:—નીલમ અને માણેક ૮ ભાગ, નીલમમાણેક સંતતિ ૪ ભાગ, ચંદ્રકળા, નિરંજની અથવા વરઘેલી વનિતા, મધુરી અથવા પ્રેમઘેલી પ્રમદા, મંદારિકા, બેરીસ્ટરની બૈરી, બ્રીફલેસ બેરીસ્ટર, શાન્તિપ્રિયા, લાલન વણઝારી, બહાદુર કલ્લો ૨ ભાગ, નંદકિશોર, નવલગંગા ૨ ભાગ, વિક્રમ રાજાનો સંભ્રમ ૨ ભાગ, સ્ત્રીઓની મહત્તા, સહચરી, પૃથુકુમાર, મહિલાસમાજ, કુસુમ વાઘેલી.

નાટકો—રાજા શ્રીયાળ, વસંતમાધવ, રમણસુંદરી, મદનવસંત, મનોહરી રંભા, નીલમ-માણેક, તારાસુંદરી, મધુર બાળા, ચંદ્રકળા, મનહર મેના, પુંડલીક, રાજભક્તિ, યોગમાયા.

ચિત્રપટ કથાઓ—પિત્રોદ્ધાર, ઇંદ્રકુમારી, દેવી ટોડી, લાલન વણઝારી, જનકવિદેહી, કાશ્મીરા, દિલફરોશ, નીલમ-માણેક, કુસુમ વાઘેલી.

બાળગ્રંથાવલી—કિંડરગાર્ટન શિક્ષણપદ્ધતિનાં મૂળતત્ત્વો, કિંડરગાર્ટન

૪ ભાગ, બાળકસરત, શિશુશિક્ષણ, બાળકહાણીઓ, બાળબાગ ૨ ભાગ, કિંડરગાર્ટન પાઠમાળા, બાળશિક્ષણ ભરાવળી, સંગીત સતીમંડળ, સંગીત રાજમંડળ, બાળખેલ, બાળકોની રંગભૂમિ, બાળજ્ઞાન, બાળગીત, કિંડરગાર્ટન પદાર્થપાઠ, વાંચનમાળા–મૂળ ભાગ, પહેલી ચોપડી, બાળશિક્ષણ ૩ ભાગ.

ગંગાશંકર મણિશંકર વૈષ્ણવ

સ્વ. ગંગાશંકરનો જન્મ ધ્રાંગધ્રામાં તા. ૧૫–૬–૧૮૭૬ ને રોજ થએલો. તેમનું મૂળ વતન રાજકોટ. તેમના પિતાનું નામ મણિશંકર દયાળજી વૈષ્ણવ અને માતાનું નામ ડાહીબ્હેન. તે ન્યાતે વડનગરા નાગર ગૃહસ્થ હતા. તેમણે પ્રાથમિક તથા માધ્યમિક કેળવણી રાજકોટમાં લઈને ઉંચી કેળવણી વડોદરા કૉલેજમાં લીધી હતી. નાની વયમાં પિતૃગૃહ છોડવું પડ્યું હોવાથી તે અભ્યાસમાં અને વ્યવસાયમાં આપબળે આગળ વધ્યા હતા. બાયોલોજી અને કેમિસ્ટ્રી તેમના પ્રિય વિષયો હતા, અને સાહિત્ય તથા સંગીતનો તેમને રસ હતો. જીવનભર શિક્ષણનો વ્યવસાય તેમણે કર્યો હતો. તેમના જીવન ઉપર સ્વ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીની પ્રબળ અસર હતી.

તેમનું લગ્ન સને ૧૮૯૪માં રાજકોટમાં સૌભાગ્યગૌરી સાથે થયું હતું. તેમને ત્રણ પુત્રીઓ અને એક પુત્ર છે. શ્રી. ગંગાશંકર સુરતમાં તા. ૧૦–૬–૧૯૧૭ ના રોજ અવસાન પામ્યા હતા.

૧૮૯૬ માં (૧) 'બાળસ્વભાવ' નામનું તેમનું પહેલું પુસ્તક બહાર પડ્યું હતું. ત્યારબાદ તેમનાં પ્રસિદ્ધ થએલાં પુસ્તકોની નામાવલિ નીચે મુજબ છે: (૨) બાળવાર્તા, (૩) પદાર્થપાઠ, (૪) જ્ઞાનપ્રદીપ, (૫) ગુજરાતી વ્યાકરણ, (૬) English Essays, (૭) બાયોલોજી તથા કેમિસ્ટ્રી, (૮) ગૃહવ્યવસ્થા.

છોટાલાલ ચંદ્રશંકર શાસ્ત્રી

સ્વ. છોટાલાલ ચંદ્રશંકર શાસ્ત્રીનો જન્મ ઈ. સ. ૧૮૬૮માં થયો હતો. તે ન્યાતે સામવેદી શ્રીમાળી બ્રાહ્મણ હતા. પ્રાથમિક કેળવણી લીધા બાદ માધ્યમિક કેળવણીમાં તેમણે વડોદરાની કૉલેજમાં પ્રીવિયસ સુધી અભ્યાસ કર્યો હતો. સંસ્કૃત ભાષાનું જ્ઞાન તેમણે વિશેષાંશે પોતાના પિતા પાસેથી મેળવ્યું હતું.

અભ્યાસ છોડ્યા પછી તેમણે મુંબઈમાં ગોકળદાસ તેજપાળ હાઇસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી લીધી હતી. ત્યારપછી તેમને સ્વ. ઈચ્છારામ સૂર્યરામ દેસાઇએ પોતાના મુદ્રણાલયમાં શાસ્ત્રી તરીકે અને પ્રૂફ સંશોધનકાર તરીકે રાખ્યા હતા. અહીં તેમને કાર્યને અંગે ધાર્મિક ગ્રંથોના અભ્યાસ તથા સંશોધન માટેની સારી તક મળી હતી.

સંસ્કૃતમાંથી તેમણે અનેક ગ્રંથો અનુવાદિત કર્યા હતા. અથર્વવેદ, સામવેદ અને યજુર્વેદનું ભાષાંતર તેમણે પૂરું કર્યું હતું અને ઋગ્વેદનું ભાષાંતર અધૂરું રહ્યું હતું. તે વેદાંતી ઉપરાંત કર્મકાંડી અને શાસ્ત્રી પણ હતા. સાદું જીવન તથા ઉચ્ચ વિચારો તેમણે જીવનમાં ઉતાર્યાં હતાં.

તેમણે લખેલાં અને પ્રસિદ્ધ થએલાં પુસ્તકોમાંનાં મુખ્ય નીચે મુજબ છેઃ "બ્રહ્મસૂત્ર-શાંકર ભાષ્ય", "આત્મપુરાણ", "એકાદશોપનિષદ્", "તત્ત્વાનુસંધાન", "પતિવ્રતા સ્ત્રીઓ", "વિવાહકૌમુદી", "મહાશિવપુરાણ", "વિચારસાગર", "કૂટસ્થાદેશ", "સપ્તશતી", "આદિત્યહૃદય", ઇત્યાદિ. તેમનાં પુસ્તકો મુખ્યત્વે સંસ્કૃત આદિમાંથી કરવામાં આવેલાં ભાષાંતરરૂપ છે.

તા. ૨૭-૮-૪૨ ના રોજ મુંબઈમાં તેમનું અવસાન થયું હતું. તેમના એકના એક પુત્ર શ્રી. ચુનીલાલ તથા તેમનો પરિવાર વિદ્યમાન છે.

જગજીવન કાલિદાસ પાઠક

સ્વ૦ જગજીવન કાલિદાસ પાઠકનો જન્મ તેમના વતન ભોળાદમાં સં. ૧૯૨૮ (ઈ. સ. ૧૮૭૨) ના વૈશાખ સુદ ૫ ના રોજ થએલો. તેમના પિતાનું નામ કાલિદાસ રાઘવજી પાઠક અને માતાનું નામ ગોદાવરીબાઈ. ન્યાતે તે પ્રશ્નોરા બ્રાહ્મણ હતા.

તેમણે ભોળાદમાં પ્રાથમિક કેળવણી ગુજરાતી સાત ધોરણ સુધી લીધી હતી. ત્યારપછી રાજકોટની ટ્રેનિંગ કોલેજમાં અભ્યાસ કરી તે સીનિયર થયા હતા. તેમને રાજકોટ રાજ્યની સ્કોલરશિપ મળતી હતી. અભ્યાસ બાદ તેમણે કેળવણીખાતાની નોકરી લીધી હતી. પહેલાં તે પોરબંદરના મહારાણાના ટચૂટર હતા અને પછી મુખ્ય તાલુકાસ્કૂલના હેડમાસ્તર થયા હતા.

હિંદી, બંગાળી સાહિત્ય અને કાઠિયાવાડી લોકસાહિત્ય તેમના અભ્યાસના પ્રિય વિષયો હતા. પયગમ્બરોના જીવનમાં તેમને સારી પેઠે રસ હતો તેને પરિણામે તેમણે 'મુસ્લીમ મહાત્માઓ' પુસ્તક લખેલું. સંસ્કૃત નાટકોના

અભ્યાસથી તેમણે કેટલાંક નાટકો લખેલાં તેમાંનું 'રામાયણ' તખ્તા પર પણ સફળતા મેળવી શક્યું હતું. ઇતિહાસસંશોધનના રસના પરિણામરૂપે તેમણે જેઠવાઓના ઇતિહાસનું સંશોધન કરીને "મકરધ્વજવંશી મહીપમાલા" પુસ્તક બહાર પાડયું હતું. ખેતીવાડી અને તુલનાત્મક ધર્મનો પણ તેમને ઠીક અભ્યાસ હતો.

તેમનું પહેલું લગ્ન વારણા (ભાલ)માં સ્વ. ઉમયા સાથે સં. ૧૯૫૮ માં થએલું, જેમનાથી થએલા પુત્ર તે શ્રી. શાન્તિલાલ પાઠક. બીજું લગ્ન સં. ૧૯૭૨માં પાલીતાણામાં વિજયાબહેન સાથે થએલું તેમનાથી તેમને ૪ પુત્રો અને ૨ પુત્રીઓ થયાં હતાં: ચિત્તરંજન, જનકરાય, પ્રભાશંકર, હરિકૃષ્ણ; અનસૂયા અને ચંપા.

સંવત ૧૯૮૮ ના આષાઢ સુદી ૯ ને રોજ પોરબંદર હાઇસ્કૂલમાં કેળવણીનો સમારંભ હતો તેમાં ભાષણ કરતાં હૃદય બંધ પડવાથી તેમનું અવસાન થયું હતું.

તેમની કૃતિઓની નામાવલિ નીચે મુજબ:

(૧) ધ્રુવાભ્યુદય, (૨) વિજ્ઞાનશતક, (૩–૪) ઉપનિષદોનો ઉપદેશ ભાગ ૧–૨ (૫) નૌકાડૂબી (બંગાળીમાંથી ભાષાંતર), (૬) લાવણ્યલતા અને કામાંધ કામિની, (૭) રાણી વ્રજસુંદરી, (૮) રાયચંપક (ઐતિહાસિક નવલકથા), (૯–૧૦) વ્યવહાર નીતિદર્પણ ભાગ ૧–૨, (૧૧) બંકીમ નિબંધમાળા (બંગાળીમાંથી અનુવાદ), (૧૨) મકરધ્વજવંશી મહીપમાળા, (૧૩) બાળકોનો આનંદ, (૧૪) મુસ્લીમ મહાત્માઓ.

કેટલાંક શાળોપયોગી પુસ્તકો પણ તેમણે લખેલાં, જેવાં કે સંસ્થાન પોરબંદરની સંક્ષિપ્ત ભૂગોળ, ઐતિહાસિક ચરિત્રમાળા ૩ ભાગ, પદાર્થપાઠ ૩ ભાગ, ઇત્યાદિ. તે ઉપરાંત લોકગીતો, રાસો, દુહાઓ ઇત્યાદિ તેમણે સંશોધેલાં તે અને તેમણે પોતે લખેલાં છંદોબદ્ધ અને ગેય કાવ્યોનો સંગ્રહ અપ્રસિદ્ધ રહ્યો છે.

જહાંગીરજી નસરવાનજી પટેલ–"ગુલફામ"

પારસી સાહિત્ય જગતમાં 'ગુલફામ'ના તખલ્લુસથી જાણીતા લગભગ પોણોસો જેટલાં પુસ્તકો (નાટકો અને નવલો)ના લખનાર અને એટલો જ એકધારો ફાળો પારસી પત્રકારત્વમાં આપનાર સ્વ. જહાંગીરજી નસરવાનજી પટેલ મુંબઇના એક વિખ્યાત કુટુંબના નબીરા હતા. જેમના નામ પરથી મુંબઇમાં

સી. પી. ટૅંક (કાવસજી પટેલ ટૅંક) ના મહોલ્લાનું તથા કોટમાં કાવસજી પટેલ સ્ટ્રીટનું નામ પડેલું તે કાવસજી રુસ્તમજી પટેલ એમના પ્રપિતામહ થાય. એ કાવસજી પટેલે કોળીઓની સરદારી લઈને મુંબઇને જંજીરાના સીદીઓના હુમલામાંથી બચાવેલું.

જહાંગીરજીનો જન્મ ઈ. સ. ૧૮૬૧ ના જુલાઇની ૧૪મી તારીખે મુંબઈમાં થએલો. એમના પિતાનું નામ નસરવાનજી જહાંગીર પટેલ.

પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ તેમણે મુંબઇમાં જ લીધેલું અને કોટની અંગ્રેજી સ્કૂલમાંથી ચારેક ધોરણ અંગ્રેજી ભણી અભ્યાસ છોડી દીધેલો. પણ લેખન-વાચન અને ખાસ કરીને નાટકનો નાદ એમને નાનપણથી જ લાગેલો. છેક ૧૫ વર્ષની ઊગતી વયથી એમણે લખવા માંડેલું અને 'ગુલ અફશાન', 'ગપસપ', 'જ્ઞાનવર્ધક', 'ઢોંગસોંગ', 'કુરસદ', 'મધુર વચન', 'માસિક મજાહ', 'લક્ષ્મી', આદિ અનેક પત્રોમાં તે લખતા. શાળામાં એક નાટકમાં 'ગુલફામ'નું પાત્ર પોતે ભજવેલું એ જ 'તખલ્લુસ' થી લખવું શરુ કરેલું જે જીવનસુધી એમણે ચાલુ રાખ્યું.

'મુંબઈ સમાચાર' અને 'અખબારે સોદાગર'માં પત્રકાર તરીકે એમણે જીવનની શરુઆત કરી અને જીવનભર એમનો વ્યવસાય એ જ રહ્યો. ઈ. સ. ૧૯૦૩ થી તે 'જામે જમશેદ' પત્રમાં જોડાએલા તે છેક ઈ. સ. ૧૯૩૫ માં કામકાજ છોડ્યું ત્યાંસુધી તેના તંત્રીમંડળમાં રહેલા. ઈ. સ. ૧૯૩૬ ના ઑગસ્ટની ૨૪મી તારીખે મુંબઇમાં એમનું અવસાન થયું. એમનાં પત્ની પીરોજા તે પીરોજશા દીનશાજી મુકાદમ (બુકસેલર)નાં બહેન થતાં હતાં.

એમની પહેલી નવલકથા 'સોનારગઢ' ઈ. સ. ૧૮૭૬માં પ્રકટ થએલી; ત્યારપછી "ખંડેરાવ ગાયકવાડ અથવા તાત્યાની જાગીર કોણની ?" એ ઈ. સ. ૧૮૯૦ માં, "બાનુ અને સજીવન થએલો આશક" ૧૮૯૭ માં અને "રૂશ્ની ની આગાહી" તથા "રજપુતાંણી અને લક્ષ્મી" ૧૯૦૦ માં પ્રકટ થઈ હતી. એમનાં પુસ્તકોની મળી તેટલી યાદી આ નીચે આપી છે :

નવલકથાઓ:—સોનારગઢ, દુબાશનો વારસ, રંગેલું લાછણ, શાપુરનું કિસ્મત, પાંડુરંગ હરિ, સરોવરની સુંદરી, મહેલ્લુજી અને સુના વહુ, ઓ ધન તું ક્યાં છે ?, દિલસોઝ દોસ્ત, નવલ નાણાવટી, કાળો નાગ, એક ઝેરનો કટોરો, જરની જંજાળ, બેજન મનીજેહ, કજિયાનું કાળમુખ, મહોબતી બજાર, ગુલદસ્તે રમૂજ, જબરદસ્તીનાં લગન, ગાંડા પટેલ, એ કહાનજી કોણ ? મોટે ઘરનાં બાઈસાહેબ, ઉઠાવગીર, હમીદા યાને તકદીરનો

તોર, આલી માસીનાં ઓચરિયાં, પ્રતાપી લક્ષ્મી–પ્રતાપ, સૂરજ પૂજનારી પ્રજા યાને અદેખી હમશીર, જેક ટ્રેવર્સ, ખુદાએ બનાવી જોડી, ખેંચુકોટક, તફરમચી ત્રગડી, મૂર્તિની આંખનો હીરો, તલ્લેરમાતી વીંટી, જગધર પુજારી, હૈદ્રાબાદનો હજામ, મારી બચગીના દહાડા, નરગીસ, હરીફનું કાવતું, રાજ-માતાની સેવા, ઘેલ્લો ગણેશ, પવિત્ર તાવીઝ, દરિયાની ડાકણ, હકદારનો હક યાને જુલ્મી જાફર, ફિતૂરી દિલાવર, જફાકાર, સ્વપનાંની તાસીર, ચશ્મ ચોર, જંગલમાં મંગલ.

નાટકોઃ—આંધળે બહેરું, ચંડાળ ચોકડી, કાંટાનું કટેસર, જોહાકી દોર, મરતાન મનીજેહ, જેન્ટલમેન ક્રોફર, કડકા બાલુસ, ધણિયાણીનો ધાક, ગરબડ ગોટો, પાતાળ પાણી, મધરાતનો પરોણો, ખુટ્ટા ખુબખ, ધસેલ્લો ધાંખરો, ટોપ્સીટર્વી, ફાંકડો ફિતુરી, ભમતો ભૂત, ચટાપટી, બહેન કે બલા, હાંડા મારતર, ઓ મારો માટી, ચાનજી ચક્કર, ધરનો ગવર્નર, ધનધન ધોરી, સુખલ્લો જમાસ, કુંવારું માળ, વાજતો ધુધરો, ખૂબીનું ખોળિયું, લફંગો લવજી.

જાફરઅલી મિસ્ત્રી (અસીર)

સ્વ. જાફરઅલી મિસ્ત્રીનો જન્મ તા. ૧૧–૧–૧૯૦૫ ના રોજ થએલ્લો. તેમના પિતાનું નામ ગુલામહુસેન. તે ઇસ્નાઅસરી ખોજા કોમના ગૃહસ્થ હતા.

સાહિત્યના અપાર શોખને લીધે તેમણે શાળાનો અભ્યાસ છોડી દીધેલ્લો. ઇ. સ. ૧૯૨૦ માં સોળ વર્ષની વયે તેમણે પોતાની કોમ માટે "ચૌદમી સદી" માસિક શરુ કરેલું અને સને ૧૯૨૧ માં "મદ્દાહ સીરીઝ" નામની ગ્રંથમાળા શરુ કરેલી જેમાં ત્રણ પુસ્તકો આપેલાં. ૧૯૨૭માં તેમણે "મુસ્લીમ લિટરેચર" ગ્રંથમાળા શરુ કરી હતી. તેમનો ધાર્મિક અભ્યાસ સારો હતો. તા. ૫–૨–૧૯૨૯ ને દિવસે મુંબઇમાં તેમનું ૨૪ વર્ષની નાની વયે અવસાન થયું હતું. તેમના સ્મરણાર્થે મુંબઇમાં તેમનાં અપ્રકટ પુસ્તકો પ્રસિદ્ધ કરવા માટે 'અસીર સાહિત્ય કાર્યાલય'ની સ્થાપના થઇ છે.

તેમનાં પુસ્તકોની નામાવલિ નીચે મુજબ છેઃ—

(૧) કુરકાનની ફિલ્લોસોફી, (૨) જગતનો માર્ગદર્શક, (૩) ઉભવી દરબારના ભેદભરમો, (૪) હરમ અથવા પરદો, (૧૯૨૭), (૫) તવહીદની ફિલ્લોસોફી, (૬) જિહાદ, (૭) હઝરત મોહમ્મદ, (૧૯૨૭), (૮) પ્રેમનું પરિણામ.

જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ

ગણિતના અધ્યાપક તરીકે ગુજરાતમાં વિખ્યાત પ્રો. સ્વામીનારાયણનો જન્મ સં. ૧૯૪૦ ના ભાદરવા સુદ આઠમ ને શુક્રવાર, તા. ૨૮ મી ઑગસ્ટ ૧૮૮૪ના રોજ અમદાવાદમાં કડવા પાટીદાર જ્ઞાતિના એક ઉચ્ચ ધનિક કુટુંબમાં થયો હતો. 'બળવા' વખતે તેમના દાદા હરિવલ્લભદાસે મશરુના વેપારમાં ખૂબ કમાણી કરેલી. તેમના પિતાનું નામ ચીમનલાલ અને માતાનું નામ મહાકોર.

પિતાનો વેપાર પણ ધમધોકાર ચાલતો હોવાથી તેમનું બાળપણ બહુ સુખમાં ગયું અને અભ્યાસમાં પણ તેમણે કુશાગ્ર બુદ્ધિને લીધે આગળ રહી સ્કોલરશિપો અને ઈનામો લીધેલાં. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં લઈ ઇ.સ. ૧૮૯૯માં મૅટ્રિક થઈને તે ગુજરાત કૉલેજમાં દાખલ થયા ત્યારે આખી કૉલેજમાં સૌથી નાના કૉલેજિયન તે હતા. સંસ્કૃત અને ગણિતમાં તેજસ્વી હોવાથી તે તે વિષયના પ્રો. આનંદશંકર અને દારુવાળાના તે પ્રિય શિષ્ય હતા. એમની મુરાદ તો આઈ. સી. એસ. માટે જવાની હતી, પણ પિતાને એકાએક વેપારમાં ખોટ આવી અને એમના અભ્યાસ કાળમાં જ તે ઇ. સ. ૧૮૯૮ માં ગુજરી ગયા એટલે તે બર ન આવી. ઈ. સ. ૧૯૦૦ માં ગુજરાત કૉલેજમાંથી પ્રીવિયસમાં પહેલા વર્ગમાં આવી, બૅરોડોલ સ્કોલરશિપ મેળવીને તે મુંબઈ એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગયા, અને ત્યાંથી ૧૯૦૩ માં વડોદરા કૉલેજમાં જઈ બી. એ. થઈને ૧૯૦૪માં ત્યાંના ફેલો થયા.

૧૯૦૫ માં એમ. એ. ના અભ્યાસ માટે તે પૂના ફર્ગ્યુસન કૉલેજમાં ગયા, પણ મંદવાડને લીધે અભ્યાસ છોડી પાછા આવવું પડયું. એક વર્ષ માંદગી ભોગવી ૧૯૦૬ માં તે અમદાવાદની સરકારી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે રહ્યા, પણ ત્રણ જ માસમાં દાદાભાઈ જયંતીમાં ભાગ લેવાથી રાજીનામું આપ્યું, એક ખાનગી ગુજરાત હાઈસ્કૂલમાં શિક્ષક થયા, 'સ્વદેશી મિત્રમંડળ' સ્થાપી અમદાવાદની પહેલી રાષ્ટ્રીય ચળવળમાં અગ્રણી કાર્ય કર્યું, 'ઉદ્બોધન' નામનું માસિક ચલાવ્યું અને ૧૯૦૭ માં સૂરતની મહા-સભામાં જઈ આવી નોકરી છોડી ફરી એમ. એ. નો અભ્યાસ આદર્યો. ૧૯૦૮ માં ચાંદોદના જાણીતા ગંગનાથ ભારતીય સર્વવિદ્યાલયમાં તે શિક્ષક તરીકે રહ્યા, પૂનામાં સિનિયર રેંગલર સર પરાંજપે પાસે ગણિતના અભ્યાસ માટે જઈ આવ્યા અને એમ. એ. માં પહેલા વર્ગમાં પહેલે નંબરે પસાર થયા.

તરત જ ૧૯૦૬ માં ગુજરાત કૉલેજમાં ગણિતના અધ્યાપક તરીકે તેમની નિમણુક થઈ. ત્યાં ૧૨ વર્ષ સુધી ખ્યાતિ મેળવ્યા બાદ ૧૯૨૧ માં અસહકાર આવતાં તે નોકરી છોડી દીધી. ત્યાં તો એમને માટે પ્રિન્સિપાલ થવાની તક હતી, પણ અભ્યાસકાળથી જ અરવિંદ ઘોષ, લોકમાન્ય તિલક આદિની પ્રબળ અસર જીવન પર પડેલી, એટલે દેશપ્રેમને પહેલો ગણી તે નોકરી તેમણે જતી કરી અને ગુજરાત વિદ્યાપીઠમાં ગણિતાધ્યાપક બન્યા. તે પછીથી તે ૧૯૩૩ સુધી તેમણે જુદા જુદા રાજકીય ક્ષેત્રના તબક્કાઓમાં કાર્ય કર્યું: ૧૯૨૩ માં વિઠ્ઠલભાઈ પટેલ સાથે સ્વરાજ પાર્ટીમાં જોડાઈ મુંબઈ ધારા-સભામાં ગયા, ૧૯૨૭ થી ૧૯૩૦ સુધી વિધોટીને કામે ગામડાંઓમાં રખડ્યા, ૧૯૩૦ માં દાંડીકૂચ થતાં ધારાસભામાંથી રાજીનામું આપ્યું અને જેલમાં ગયા, ૧૯૩૧ માં છૂટ્યા પછી મંદવાડ આવ્યો.

૧૯૩૩ માં બોચાસણના સ્વામીનારાયણ પંથના સંત યજ્ઞપુરુષદાસજીનો સમાગમ થતાં તેમનું જીવન ધર્મ તરફ ઢળી ગયું. છેલ્લાં ચાર વર્ષ તેઓ અમદાવાદની લાલભાઈ દલપતભાઈ કૉલેજમાં ગણિતના અધ્યાપક અને મુંબઈ યુનિવર્સિટીમાં એમ. એ. અને એમ. એસ. સી. ના પરીક્ષક હતા.

ગણિત અને સંસ્કૃત એમના પ્રિય વિષયો, અને ગણિતની પેઠે સંસ્કૃત ઉપર પણ એમનો એટલો કાબૂ હતો કે ચાહે ત્યારે શીઘ્ર કાવ્ય પણ રચી શકતા. '**प्रताप चरितम्**' નામનું ૧૯૧૪ માં લખેલું એમનું સંસ્કૃત નાટક હજી અપ્રકટ છે. જીવનનાં છેલ્લાં વર્ષોમાં સ્વામીનારાયણ સંપ્રદાયના મહાન આચાર્યનું જીવન '**अक्षर पुरुषोत्तम चरित्र**' નામે સંસ્કૃતમાં શરુ કરેલું જેના ૧૬૦૦૦ શ્લોકો લખાએલા પડ્યા છે.

ઈ. સ. ૧૯૦૧ માં એમનું પ્રથમ લગ્ન શંકરલક્ષ્મી સાથે અમદાવાદમાં થએલું જેનાથી એક પુત્ર છે. ૧૯૧૭ માં બીજું લગ્ન ડાહીગૌરી સાથે થયું જેનાથી ચાર પુત્રો અને બે પુત્રીઓ હયાત છે.

ઈ. સ. ૧૯૪૧ના જૂનની ૨૪મી તારીખે અમદાવાદમાં એમનું અવસાન થયું. એમના ગ્રંથોની યાદી:—

"મહારાણા પ્રતાપસિંહ" (નાટક) ઈ. સ. ૧૯૧૫
"પરાક્રમી પૌરવ" (નાટક) ઈ. સ. ૧૯૨૦

જેહાંગીર બહેરામજી મરઝબાન

"જામે જમશેદ" નામના જાણીતા પારસી દૈનિક પત્રને નામચીન બનાવીને તે દ્વારા એ કોમની સેવા કરનાર અને પારસી પત્રકારત્વમાં નામના મેળવનાર સ્વ. જેહાંગીરજી મરઝબાન મૂળ સુરતના વતની ગરીબ પારસી માબાપના ફરજંદ હતા. તા. ૨-૯-૧૮૪૮ ને રોજ તેમનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ બહેરામજી ફરદુનજી મરઝબાન હતું.

ઇ. સ. ૧૮૬૭ માં મુંબઇમાં મેટ્રિક થઇને તેમણે એલ્ફીન્સ્ટન કૉલેજમાં થોડો અભ્યાસ કરેલો. પછી તે પત્રકારત્વના વ્યવસાયમાં પડ્યા હતા જેમાં "બોમ્બે ગેઝેટ" વાળા મી. ગીઅરીએ એમના જીવન ઉપર પ્રબળ અસર કરી હતી. ગરીબીમાંથી આપબળે આગળ વધીને તે મહાન થયા હતા અને પારસી કોમની ગરીબીના નિવારણ માટે પોતાના પત્ર દ્વારા તથા જાતમહેનતથી તેમણે લાખો રૂપિયા એકઠા કરીને તે કાર્ય પાછળ ખર્ચ્યા હતા. સરકારે તેમને સી. આઇ. ઇ. નો ખીતાબ આપ્યો હતો.

તેમની કલમમાં જેવી સરલતા હતી તેવાં રમૂજ અને કટાક્ષ પણ હતાં. તેમનાં ઘણાં પુસ્તકોમાં તેમની કલમની એ વિશેષતા જોવા મળે છે. તેમણે આખા હિંદનો અને યુરોપ-અમેરિકાનો પ્રવાસ કર્યો હતો અને પ્રવાસોનાં પુસ્તકો પણ લખી પ્રસિદ્ધ કર્યાં હતાં. તે એક સારા નવલકથાકાર પણ હતા, જેમાં તેમની પારસી ભાષા મુખ્યત્વે એ કોમના વાચકોને સારી પેઠે રસ ઉપજાવતી, કારણકે તેમની ઘણીખરી નવલકથાઓમાં મુખ્યત્વે પારસી સંસારનું આલેખન થયું છે. તેમનું અવસાન તા. ૫-૧૨-૨૮ ના રોજ મુંબઇમાં થયું હતું.

તેમનાં પુસ્તકોની નામાવલિ નીચે મુજબ છે:

"તારાબાઇ" (મેડોઝ ટેલરની 'તારા' નો તરજૂમો) ૧૮૮૬, "મુંબઇથી કેશ્મીર" ૧૮૮૬, "ભુલ ભુલામણી" (હેનરીવુડની "વિધિન ધી મેઇઝ"નો તરજૂમો) ૧૮૯૦, "અકલના સમુદ્દર" (ડિકન્સ 'પિકવિક પેપર્સ') ૧૮૯૦, "ટોચકા સંગ્રહ" ૧૮૯૦, "શીરીન મડમ" ૧૮૯૦, "વેલાતી વેહવાર" (વેલાતનું ગળ્યું દારતાન) ૧૯૧૫, "ચોર્યા માર" ૧૯૨૦, "મુશ્કેલ આસાન" ૧૯૧૭, "તબ્બેસમ" (ઘુમાની 'કાઉન્ટ ઓફ મોંટીક્રીસ્ટો' બે ભાગમાં), "કૌતક સંગ્રહ" ૧૮૮૪, "ચંડાળ ચોકડી" ('પિકવિક પેપર્સ') ૧૮૮૮, "કર ને જો", "ખુશ દર્પણ", "શીયાની શીરીન", "આદાની સુંઠ", "ઓ મારી બહેન" (બે

ભાગ), " રમુજી ફકરા સંગ્રહ ", " જલુ ગોરાણી ", " નીમકહરામ ", " ઘેરના ઘેલા અને બાહેરના ડાહ્યા ", " ભક્ષો કે ભુંડો ", " ધણી કે ઢોર અને જાફરનો બાપ ", " પંચ કથા ", " માકી ચવીત્રી ", " પારકી આશ સદા નિરાશ ", " સુના માય વઢકણી " (ચાંદન ચલકતી), " કમબખ્ત કોણ ?", "તોફાની બારકસ", "મોદીખાનેથી મારસેલ્સ", "ગોરું વિલાયત".

મહુંમનાં પુત્રી જરબાનુ "મટલાંની મેહરા" એ તખલ્લુસથી વર્તમાન પત્રોમાં કટાક્ષમય લેખો લખતાં. તેમના મોટા પુત્ર પીરોજશા બહેરામજી મરઝબાન "પીજમ" પણ એક સારા લેખક હતા. નાના પુત્ર જાલ મરઝબાન ૧૯૨૬ ના મે માસમાં મીસીસ ફરાકાને જુહુના દરિયામાં ડૂબતાં બચાવવા જતાં પોતે ડૂબી મરણ પામ્યા હતા.

ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ

' મારે મહાન (great) નથી થવું; સારા-ભલા (good) થવાય તો ઘણું છે' એવું નમ્ર ને મર્યાદિત જીવનસૂત્ર નજર આગળ રાખીને ખંત ઉદ્યોગ અને ચીવટથી ગુજરાતના પત્રકારત્વમાં તથા સાહિત્યમાં મૂગું કામ કરી જનાર, 'નિર્ગુણ'ના તખલ્લુસથી લખનાર અને અમદાવાદની 'બંધુ-સમાજ'ના એક માત્ર આ-નાગર સભ્ય શ્રી. ડાહ્યાભાઈનો જન્મ મૂળ વડનગરની લેઉઆ કણબી જ્ઞાતિના શ્રી. લક્ષ્મણભાઈ જીવાભાઈ પટેલને ત્યાં, ઈ. સ. ૧૮૭૪ના અરસામાં, ઘણું કરીને અમદાવાદમાં થયો હતો. કેળવણી પણ એમણે અમદાવાદમાં જ લીધી અને યુનિવર્સિટીની સ્કૂલ ફાઈનલ પરીક્ષા પસાર કરીને વકીલાત માટે કાયદાનો અભ્યાસ શરુ કર્યો, પણ સંજોગવશાત્ તે પડતો મૂકીને પોતાના પ્રિય વ્યવસાય પત્રકારત્વ અને સાહિત્યલેખનમાં તે જોડાયા અને અવસાનપર્યંત એમાં જ રત રહ્યા.

બહુ અભ્યાસ ન કરી શકવા છતાં તીવ્ર જ્ઞાનપિપાસાને લીધે એમણે જીવનપર્યંત વિદ્યાવ્યાસંગ રાખ્યો હતો અને સ્વ. નરસિંહરાવ દીવેટિયાના નિકટ પરિચયમાં હોવાથી એમની છાપ ડાહ્યાભાઈના જીવન પર ઠીક પડી હતી. ઉપરાંત ફ્રેન્ચ રેવોલ્યૂશનના વાચનને પરિણામે તેના નેતાઓની તેમ જ ડિકન્સ, ઘુમા, બેકન અને એમર્સનના વાચનની એમના મન પર સારી અસર હતી.

લગભગ આખી જિંદગી એમણે પત્રકારત્વમાં જ પસાર કરી હતી. થોડાંક વરસ ગુજરાત વર્નાકયુલર સોસાયટીના આસિ. સેક્રેટરી તરીકે પણ

એમણે કામ કરેલું. 'સુન્દરી સુબોધ', આર્યવત્સલ', 'વાર્તાવારિધિ–સરસ્વતી' ના તંત્રીમંડળમાં તેઓ હતા. ઇ. સ. ૧૯૦૩ થી ૧૯૧૭ સુધી 'ગુજરાતી પંચ' સાપ્તાહિકના એ ઉપતંત્રી હતા. ચરોતર એજ્યુકેશન સોસાયટી તરફથી શ્રી. મોતીભાઈ અમીને બાળકો માટેનું સચિત્ર પત્ર 'બાલમિત્ર' કાઢવાની યોજના કરી એમના હાથમાં મૂકયું અને ડાહ્યાભાઇએ એનાં શરુનાં વર્ષોમાં તેની ખીલવણી કરી. જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં તે 'કચ્છકેસરી' પત્રના ઉપતંત્રી હતા. ઈ. સ. ૧૯૦૨માં અમદાવાદમાં મળેલી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસમાં) 'પ્રજાબંધુ'ના પ્રતિનિધિ તરીકે પણ એમણે કામ કરેલું.

અમદાવાદમાં એક કાળે સમાજ અને સાહિત્ય માટે ઊંચા પ્રકારનું કામ કરનાર 'બંધુસમાજ'ના સંપર્કમાં તેઓ છેક ૧૮૮૯ થી આવેલા અને છેવટસુધી તેના સભ્ય હતા. અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તથા સાહિત્ય પરિષદના સંસ્થાપક સભ્યોમાં તથા તેના સહમંત્રીઓમાં પણ ડાહ્યાભાઇ હતા, અને પહેલી સાહિત્ય પરિષદના પ્રદર્શનને સફળ બનાવવાનો યશ–ઘણે અંશે–એમને હતો. અમદાવાદના પત્રકારમંડળના તે ઉત્સાહી સભ્ય હતા, અને અવસાન પૂર્વે થોડાંક વર્ષ એમણે પૈસા ફંડ તથા રાત્રિ-શાળાઓને અંગે પણ સારું કામ કર્યું હતું.

આ ઉપરાંત સામાજિક ક્ષેત્રમાં પોતાની જ્ઞાતિ અને ગામની સેવા પણ એમણે ઓછી નથી કરી. વડનગરની સઘળી પ્રવૃત્તિના તો તેઓ પિતા અને નેતા હતા. ત્યાંની લાયબ્રેરી અને બોર્ડિંગ એમના જ પરિશ્રમનું ફળ છે. વડનગરા કણબી હિતવર્ધક સભાના તેઓ સ્થાપક અને ઘણાં વર્ષો સુધી તેના પ્રમુખ હતા. ત્યાંની બેડૂત સભામાં પણ એમની સેવાઓ મહત્ત્વની હતી. એક વખત તો એમને વડનગરની મ્યૂનિસિપાલિટીના ઉપપ્રમુખ નીમવાની પણ માંગણી થએલી.

ઘણાં વરસ સુધી અનારોગ્ય પ્રકૃતિ રહેવા છતાં દિનચર્યા અને આહારવિહારમાં ખૂબ ચોક્કસ રહી તે તબિયત જાળવી રાખતા. એમનું સંસારજીવન પણ સામાન્ય હતું. એમનું પ્રથમ લગ્ન બાલ્યકાળમાં થએલું. તેઓ ત્રણ વખત પરણ્યા હતા અને ત્રીજી વખતનાં એમનાં પત્ની સંતોક બહેનથી એમને બે સંતાન થયાં હતાં: પુત્ર નિરંજન અને પુત્રી ચન્દ્રિકા. ઈ. સ. ૧૯૨૬ ના ડિસેમ્બરની ૨૨મી તારીખે 'કચ્છકેસરી' પત્રની ઓફિસમાં કામ કરતાં કરતાં જ એમના પર પક્ષાઘાતનો હુમલો થયો અને એમનું બાવન વર્ષની વયે અવસાન થયું. તે પછી થોડાં વર્ષે એમનો પુત્ર નિરંજન પણ અવસાન પામ્યો.

રસભરી વાર્તાઓ અને ઉત્કર્ષક નિબંધો લખવા માટે ડાહ્યાભાઈ જાણીતા હતા. એમનું પ્રથમ પુસ્તક 'ચંદ્રાનના અથવા સુવાસિની' બહાર પડયું હતું. એમનાં લખાણો મોટે ભાગે સૂચિત તથા અનુવાદિત હતાં, પણ એમની શૈલી સરળ, સંસ્કારી ને સચોટ હતી.

એમના ગ્રંથો અને લખાણો :
ચન્દ્રાનના, સુવાસિની અને બીજી ટૂંકી વાર્તાઓ (સૂચિત).
હૃદય–તરંગ (કાવ્યો–ગીતો).
વડનગરા કણબીની ઉત્પત્તિ.
સંસારમાં સ્ત્રીની પદવી (અનુવાદિત).
વડોદરા રાજ્યની સ્ત્રી કવિઓ (સાહિત્ય પરિષદમાં નિબંધ).
ટૂંકી વાર્તા (અનુવાદિત).
સામાજિક સેવાના સન્માર્ગો (અનુવાદિત)
આગળ ધસો (અનુવાદિત)

ત્રિભુવન પ્રેમશંકર ત્રિવેદી

'ભરત કવિ'ના નામથી ગુજરાતી સાહિત્યમાં જાણીતા આ કવિનો જન્મ શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિમાં ભાવનગર તાબે મહુવા ગામમાં સં. ૧૯૨૧ ના આસો સુદિ ૩ ને શનિવાર, તા. ૨૩મી સપ્ટેમ્બર ૧૮૬૫ ના રોજ થયો હતો. એમના પિતાનું નામ પ્રેમશંકર ભાણજી ત્રિવેદી અને માતાનું નામ અમૃત બહેન ધનેશ્વર ઓઝા.

મહુવામાં જ અંગ્રેજી ૧લા ધોરણ સુધીની પ્રાથમિક કેળવણી લઈ તેમણે અભ્યાસ મૂકી દીધો. ફરી ચારપાંચ વર્ષે અભ્યાસની વૃત્તિ થતાં ઘેર અભ્યાસ કરી ગુજરાતી પાંચમા ધોરણની પરીક્ષા આપી પાસ થયા; પણ બાળપણથી જ કાવ્યનાં શ્રવણ, વાચન અને આધ્યાત્મિક જ્ઞાન માટેની પિપાસા એવી હતી કે જીવનભર બીજો કોઈ વ્યવસાય ન કરતાં તેની પાછળ જ એ રત રહ્યા હતા. એમનાં માતા અમૃતબા જૂનાં મૌખિક કાવ્યોના ભંડાર રૂપ હતાં અને ઘણું સારું ગાતાં. તેની તેમજ મહુવા કાશીવિશ્વનાથ મઠના સાહિત્યવિલાસી મહન્ત રામવનજી ધર્મવનજીના સંસર્ગની કવિના જીવન અને કવન ઉપર ઊંડી અસર થઈ. એ ઉપરાંત નરસિંહ મહેતો, રવિદાસ આદિ ભક્ત કવિઓ, 'પ્રવીણસાગર'નો વિખ્યાત ગ્રંથ અને કવિ નર્મદાશંકરનાં કાવ્યોની પણ એમના પર પ્રબળ છાપ પડી.

એમનું લગ્ન બે વખત થએલું: સંવત ૧૯૩૦ માં દીવાળીબાઈ સાથે અને સંવત ૧૯૪૫ માં ભાગીરથીબાઈ સાથે. બંને લગ્ન ભાવનગરમાં થયાં હતાં. સંતાનોમાં સૌ. અનસૂયાબહેન અને સૌ. હીરાલક્ષ્મીબહેન એ બે પુત્રીઓમાંથી બીજાં હાલ હયાત છે.

૨૪ વર્ષની વયે અમરેલીમાં એમને સ્વ. હરિલાલ હર્ષદરાય ધ્રુવની મુલાકાત થઈ. તેમણે વડોદરાના દીવાન મણિભાઈ જશભાઈ ઉપર ભલામણ-પત્ર લખી આપ્યો અને કવિએ સંભળાવેલી કવિતાઓથી ખુશ થઈ દીવાન સાહેબે તેમને કોઈ સારા લેખક પાસે આગળ અભ્યાસ તથા માર્ગદર્શન મેળવવા ભલામણ કરી, તેમજ માસિક સાડાબાર રૂપિયાની સ્કોલરશિપ બાંધી આપી. સ્વ. હરિલાલ ધ્રુવની ભલામણથી કવિ 'જટિલ' (જીવનરામ લક્ષ્મી-રામ દવે) પાસે ભાવનગરમાં જઈને કવિ રહ્યા. છએક માસ વીત્યે હરિલાલ ધ્રુવે તેમને ૪૦ રૂપિયાના દરમાયાથી વડોદરા રાજ્યમાં જૂના શિલાલેખોની નકલ કરવા માટે રોક્યા, પણ ટૂંક સમયમાં એ કામથી કંટાળી તે છોડી દઈને ફરી તે 'જટિલ' પાસે સાવરકુંડલા જવા નીકળ્યા. માર્ગમાં લાઠીમાં પોતાના સ્નેહી અંબાશંકર શુકલને ત્યાં ઊતરતાં તેમની ભલામણથી કલા-પીની મુલાકાત થઈ અને તે પછી કલાપી સાથેનો સંબંધ ગાઢ થતો ગયો.

ઇ. સ. ૧૮૯૫માં કલાપીએ ગાદીએ આવતાં જ કવિને વર્ષાસન બાંધી આપ્યું તથા તેમની ભલામણથી ભાવનગરના મહારાજા ભાવસિંહજીએ, વડિયાના દરબાર કલાપીમિત્ર બાવાવાળાએ તથા કલાપીના જમાઈ રાજકોટ ઠાકોર સાહેબ લાખાજીરાજે પણ તેમને વર્ષાસનો બાંધી આપ્યાં જે તેમના જીવનપર્યંત ચાલુ હતાં.

આ દરમ્યાન, સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત) કૉલેજમાં અભ્યાસ કરતા તે પોતાના મોટા ભાઈ માધવજી રત્નજી ભટ્ટ (પ્રો. હરિલાલ ભટ્ટના પિતા) પાસે મહુવામાં વેકેશન ગાળવા આવતા તેમનો પણ કવિને પરિચય થયો, અને પાછળથી ભાવનગરમાં તે એટલો ઘાડો થયો કે કલાપીનું અવસાન થતાં કવિને જે આઘાત લાગેલો તેમાં એ 'કાન્ત'ની મૈત્રીએ જ એમને સાચું આશ્વાસન આપ્યું. આ ઉપરાંત રાજકોટ ઠાકોર સાહેબે વર્ષાસન બાંધી આપ્યા પછી કવિને વારંવાર ત્યાં જવાનું થતાં કવિ નાનાલાલ તથા બલ-વંતરાય ઠાકોર સાથે પણ એમને એવો જ પરિચય બંધાયો, જે એમના જીવનપર્યંત કાયમ રહ્યો હતો. સંવત ૧૯૭૯ ના આષાઢ સુદી ૧૫ ને શુક્રવાર તા. ૨૭ મી જુલાઇ ૧૯૨૩ના રોજ રાજકોટ મુકામે એમનું અવસાન થયું.

એમના જીવનવિષયક વિશેષ માહિતી સ્વ. 'કલાપી'એ ભાવનગરના મહારાજા ઉપર એમનો પરિચય આપતો એક પત્ર લખેલો છે તેમાં મળે છે. એક આદર્શપત્ર તરીકે ગણાતો એ પત્ર 'કલાપીના પત્રો'માં છે.

એમનું પહેલું કાવ્યપુસ્તક 'વિભાવરી સ્વપ્ન' ઈ. સ. ૧૮૯૪ માં બહાર પડયું. તે પછી ઈ. સ. ૧૮૯૫ માં 'મિત્રનો વિરહ', ઈ. સ. ૧૯૦૧ માં 'સ્વરૂપ પુષ્પાંજલિ' અને ઈ. સ. ૧૯૧૩ માં એમને વિશેષ ખ્યાત કરનાર 'કલાપી વિરહ' બહાર પડયું.

ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર

ગુજરાતના સુપ્રસિદ્ધ રસાયનશાસ્ત્રી સ્વ. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરનો જન્મ સુરતની સુતાર જ્ઞાતિમાં અગ્રેસર લેખાતા ગજ્જર કુટુમ્બમાં ઈ. સ. ૧૮૬૩ના ઑગસ્ટ માસમાં થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ પૂરો કરીને તે ૧૬ વર્ષની વયે મેટ્રિક પાસ થયા હતા અને મુંબઈની એલ્ફીન્સ્ટન કૉલેજમાંથી રસાયનશાસ્ત્રના પ્રશ્નપત્રમાં ૩૦૦ માંથી ૨૨૫ માર્ક મેળવી બી. એસ. સી. ની પરીક્ષામાં પહેલા વર્ગમાં પાસ થઈ કૉલેજના ફેલો નીમાયા હતા. એ દરમિયાન એમ. એ. થઈને કાયદાનો પણ થોડો અભ્યાસ તેમણે કર્યો હતો. તેમનું ધ્યેય હિંદમાં લોકહિતાર્થે વિજ્ઞાનનો અને ખાસ કરીને રસાયનશાસ્ત્રનો વિકાસ કરવાનું હોવાથી તેમણે આગળ અભ્યાસ મૂકી દીધો હતો, અને કરાંચીની સિંધ કૉલેજમાં રૂ. ૩૦૦ ના પગારથી પ્રાધ્યાપક તરીકેની નીમણૂક જતી કરીને શ્રી. સયાજીરાવ ગાયકવાડને આશ્રયે રાસાયનિક ઉદ્યોગો ખીલવવાની તક મળે તેમ હોવાથી વડોદરા કૉલેજમાં રસાયનશાસ્ત્રના પ્રાધ્યાપકની રૂ. ૨૦૦ ની નોકરી તેમણે સ્વીકારી હતી.

વડોદરા રાજ્યમાં તેમણે રાજ્યના રંગાટી ઉદ્યોગનો અહેવાલ તૈયાર કર્યો, તેના અમલ માટે છાપકામ ને રંગાટી કામની પ્રયોગશાળા કાઢી અને મોટા પાયા પર હુન્નર ઉદ્યોગની સંસ્થાની યોજના ઘડી કાઢી, જે પરથી શ્રી. ગાયકવાડે ઈ. સ. ૧૮૯૦ ના જૂન માસમાં 'કલાભવન'ની સ્થાપના કરી. પ્રો. ગજ્જર એ સંસ્થાના આચાર્ય નીમાયા અને ૧૮૯૬ સુધી તે સંસ્થાને આગળ વધારવાને તેમણે પુષ્કળ શ્રમ ઉઠાવ્યો. એ ઉપરાંત રંગાટની વિદ્યામાં પારંગત થવા માટે તે જર્મન ભાષા શીખ્યા અને એ જ્ઞાનના બળે 'રંગરહસ્ય' નામનું ત્રૈમાસિક પત્ર પણ કાઢવા માંડયું. કલાભવન વિકાસ પામી ઉદ્યોગ-ધંધાની એક વિદ્યાપીઠ બને એ હેતુ બર લાવવા તે રાત

દિવસ પ્રવૃત્તિશીલ રહેતા; પણ બીજાં ખાતાંઓની ડખલને લીધે એ સ્વમાની પ્રાધ્યાપકે સને ૧૮૯૬માં કળાભવન છોડયું.

વડોદરાથી મુંબઈ આવીને તે વિલ્સન કૉલેજમાં કેમિસ્ટ્રીના પ્રોફેસર નીમાયા. ત્યાં 'યુનિવર્સિટી રિફૉર્મ'ની ચળવળ કરીને રસાયનશાસ્ત્રનો જુદો અભ્યાસવિષય બનાવ્યો જેને પરિણામે એ શાસ્ત્રના નિષ્ણાત સ્નાતકો યુનિવર્સિટીમાંથી નીકળવા લાગ્યા. એવામાં મુંબઈમાં મરકી ફાટી નીકળી તેના ઉપચાર માટે પ્રો. ગજ્જરે 'આયોડિન ટરક્લોરાઈડ' નામની દવાની શોધ કરી, અને પરદેશી કંપનીઓએ એ દવાના પેટન્ટ માટે મોટી કીંમત આપવા છતાં તેમણે પોતે પેટન્ટ લીધું નહિ, કોઇને વેચ્યું નહિ અને જનતા માટે તેની બનાવટ ખુલ્લી રાખી. ૧૮૯૮ માં મુંબઈમાં મહારાણી વિક્ટોરિયાના બાવલાનું મુખ કોઇએ સજ્જડ કાળા રંગે રંગેલું, તે ડાઘ ભલભલાથી પણ ન નીકળ્યા, તે પ્રો. ગજ્જરે કાઢી નાંખીને સૌને છક્ક કરી નાંખેલા.

દેશમાં વિજ્ઞાનશાસ્ત્રીઓ તૈયાર કરવાની જરૂર લાગવાથી તેમણે ૧૮૯૯ માં 'ટેકનો-કેમિકલ લેબોરેટરી' નામની સ્વતંત્ર પ્રયોગશાળા મુંબઈમાં ઊભી કરી. પોતાની અંગત આવક આ પ્રયોગશાળામાં નાંખીને તેમણે તેને સમૃદ્ધ કરી. યુનિવર્સિટી અને મેડિકલ કૉલેજ પોતાના વિદ્યાર્થીઓને ત્યાં જ કામ કરવા મોકલતાં એવી એની ખ્યાતિ હતી. તે પછી ઝાંખાં પડી ગએલાં ખરાં મોતીને ધોવાનો નુસખો તેમણે શોધી કાઢ્યો. આથી દુનિયાભરના રસાયનશાસ્ત્રીઓ હેરત પામી ગયા. એ ધંધામાં તે લાખો રૂપિયા કમાયા, જે તેમણે રસાયનશાસ્ત્રના પ્રચાર માટે વાપર્યા. ૧૯૦૨ પછી તેમની જ પ્રેરણા, યોજના અને અવિશ્રાંત શ્રમથી વડોદરાનું 'એલેંબિક કેમિકલ વર્ક્સ' સ્થાપવામાં આવેલું.

૧૯૦૨ની સાલમાં શ્રી. ગોવર્ધનરામ ત્રિપાઠી સાથે તેમણે સુવ્યવસ્થિત સમાજ, કારખાનાં અને વૈજ્ઞાનિક પરબ રૂપી શાળાઓવાળા એક આદર્શ સંસ્થાન 'કલ્યાણગ્રામ' નામની યોજના ઘડેલી, પણ પાછળથી આર્થિક સ્થિતિ નબળી થતાં એમની એ મુરાદ બર ન આવી. ૧૯૧૦ માં તેમનાં પત્ની કાશીબહેન ગુજરી ગયાં, આંતરિક જીવન ક્લેશમય તથા દુઃખી બની ગયું અને અશાન્ત ચિત્તને લીધે તેમને અનિદ્રાનું દર્દ લાગુ પડેલું. પ્રો. ગજ્જરના અંતિમ દિવસો ખૂબ કરુણ, એકાકી અને આર્થિક સંકડામણવાળા નીવડ્યા હતા. ૧૯૨૦ના જુલાઈ માસની ૧૬ મી તારીખે એમણે સ્વર્ગવાસ કર્યો.

(ડૉ.) ત્રિભુવનદાસ મોતીચંદ શાહ

ગુજરાતી ભાષામાં વૈદકશાસ્ત્ર ઉપર સૌથી મોટો પ્રમાણભૂત અને અદ્વિતીય એવો "શારીર અને વૈદકશાસ્ત્ર" નામનો હજાર પાનાંનો ગ્રંથ લખી બહાર પાડનાર અને ગઈ સદીની છેલ્લી પચ્ચીશીમાં એક પ્રતિભાશાળી અને નિષ્ણાત દાક્તર તરીકે સમસ્ત ગુજરાત–કાઠિયાવાડમાં નામના કાઢનાર ડૉ. ત્રિભુવનદાસનો જન્મ ઈ. સ. ૧૮૪૯માં (વિ. સં. ૧૯૦૫માં) જૂનાગઢની દશાશ્રીમાળી વણિક કોમમાં ગરીબ માતાપિતાને ત્યાં થયો હતો. એમના પિતાનું નામ શાહ મોતીચંદ પાનાચંદ.

પ્રાથમિક શિક્ષણ જૂનાગઢમાં લઈ તે માધ્યમિકની શરુઆત કરતા હતા ત્યાં માતાપિતાનું સુખ ઊગતી વયમાં જ ગુમાવી બેઠા, એટલે રાજકોટમાં માસા–માસીની હૂંફે ઊછરી મૅટ્રિક સુધી ત્યાંની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો અને ત્યાંથી મુંબઈ ગ્રાન્ટ મેડિકલ કૉલેજમાં જઈ ત્યાં ઈ. સ. ૧૮૭૨માં એલ. એમ. ની ઉપાધિ પ્રાપ્ત કરી. તીવ્ર બુદ્ધિના હોવાથી આખા અભ્યાસ-કાળમાં તે મોખરે જ રહ્યા હતા અને અધ્યાપકોનો ચાહ મેળવ્યો હતો. મેડિકલ કૉલેજમાં પણ તેમણે ઈનામો અને સ્કૉલરશિપ મેળવ્યાં હતાં.

પાસ થઈને કેવળીમાહિમમાં, વઢવાણ કૅમ્પમાં અને પછી અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં આસિસ્ટન્ટ સર્જન તરીકે તેમણે કામ કર્યું. ત્યાંથી તેમની નોકરી જૂનાગઢ સ્ટેટે સરકાર પાસેથી ઉછીની લીધી અને તે પછી મૃત્યુ પર્યંત તેઓ ત્યાં જ ચીફ મેડિકલ ઑફિસર તરીકે હતા. એમની વૈદકીય કારકીર્દિ જૂનાગઢમાં જ પ્રકાશી અને તેને કળશ ચડ્યો. આખા કાઠિયા-વાડમાં તે વખતના વૈદકીય ક્ષેત્રમાં એ પ્રથમ પંક્તિના ને અનુભવી દાક્તર ગણાતા; કાઠિયાવાડના રાજરજવાડાં ને શ્રીમંતો એમની સલાહ લેતાં; સમાજના છેક છેલ્લા થર સુધી તેમના કૌશલની નામના હતી, અને એ જમાનામાં જ્યારે કાઠિયાવાડના કોઈ પણ રાજ્યના દવાખાનામાં દોઢ બે ડઝનથી વધુ 'ઈનડોર' દરદીઓ ન હતાં એ સમયે જૂનાગઢની હૉસ્પિતાલ સેંકડો દરદીઓથી ભરચક રહેતી. આંખનાં કામ અને પથરીના ઑપરેશનમાં તેઓ એક્કા ગણાતા, અને એ વખતે કાઠિયાવાડના બહારવટિયાઓએ નાક કાપવાનો ત્રાસ શરુ કરેલો હોઈ તે સમાં કરીને Rhinoplastic Operation દ્વારા એમણે સેંકડો સ્ત્રીપુરુષોને બદસીકલ જીવનથી બચાવી લીધાં હતાં. એ કાર્યમાં તેમની કીર્તિ ઠેઠ યુરોપ સુધી પહોંચી હતી અને એમ કહેવાય છે કે એમનાં જેટલાં નાક સમાં કરવાનું કામ એ સમયે

દુનિયાભરમાં કોઈ સર્જને કર્યાનું નોંધાયું નથી. એમનાં જ્ઞાન અને અનુભવને લીધે તે જીવ્યા ત્યાંસુધી મુંબઈ યુનિવર્સિટીમાં એલ. એમ. એન્ડ એસ. ની છેલ્લી પરીક્ષામાં પરીક્ષક તરીકે નીમાતા.

રાજકારણમાં પોતે પડ્યા ન હતા, છતાં જૂનાગઢના રાજ્યધુરાવાહકો એમની સલાહ લેતા; આટલી પ્રતિષ્ઠાવાળું સતત ઉદ્યોગશીલ જીવન હોવા છતાં તે સામાજિક કાર્યો માટે પણ વખત કાઢતા. જૂનાગઢના ગિરનાર પર્વત પરનાં છેકસુધીનાં પગથિયાંનું બાંધકામ એ એમના જ શ્રમ ને લાગવગનું પરિણામ છે. રાજ્ય પાસેથી તેમ જ લૉટરી કઢાવીને લાખો રૂપિયા ઊભા કરી તેમણે મહામહેનતે એ કામ પાર પાડ્યું.

એમનું લગ્ન ધોરાજીમાં ઈ. સ. ૧૮૭૪ (સં. ૧૯૨૫)માં શ્રી. પાનકુંવર સાથે થયું હતું. એમને ચાર પુત્રો અને ત્રણ પુત્રીઓ છે, જે સર્વે કેળવાએલાં અને સંસ્કારી છે. જૂનાગઢમાં વૈદકીય પ્રેકટીસ ઉપરાંત રૂના ધંધામાં પડી એમણે જીનિંગ અને પ્રેસિંગ કારખાનાં કાઢેલાં તેમ જ શરાફી પેઢી પણ ચલાવેલી. ઈ. સ. ૧૯૦૩ના સપ્ટેમ્બરની ત્રીજી તારીખે જૂનાગઢમાં હૃદયના દુખાવાને લીધે એમનું અવસાન થયું.

એમનો ગ્રંથ 'શારીર અને વૈદકશાસ્ત્ર' વૈદકના અભ્યાસીઓમાં તેમ જ જનતામાં સર્વત્ર લોકપ્રિય થયો છે. એના પઠનપાઠનથી અનેક વૈદ્યો પોતાનો ધંધો ખીલવી શકેલા. એમના અવસાનસુધીમાં એની ચાર આવૃત્તિઓ થઈ ગએલી અને પાંચમી તૈયાર થતી હતી, તેમ જ તેનો મરાઠી અનુવાદ પણ થયો હતો.

એમનાં પુસ્તકો: "શારીર અને વૈદકશાસ્ત્ર" અને "માને શિખામણ."

રા. સા. દલપતરામ પ્રાણજીવન ખખ્ખર

રા. સા. દલપતરામ ખખ્ખર જ્ઞાતે બ્રહ્મક્ષત્રિય હતા. સં. ૧૮૬૨ના કારતક સુદ ૧૧ (તા. ૧-૧૧-૧૮૩૫) ને દિવસે દીવ સંસ્થાનમાં તેમનો જન્મ થયો હતો. એમના પિતાનું નામ પ્રાણજીવન પૂર્ણાનંદ ખખ્ખર અને માતાનું નામ ધનકુંવર હતું.

એમનાં ત્રણ લગ્ન થયાં હતાં. પ્રથમ લગ્ન સુરતમાં ડાહીબાઈ સાથે, બે વર્ષમાં તેમનું અવસાન થવાથી બીજું લગ્ન મુંબઈમાં ચંદ્રભાગા સાથે અને તેમનું થોડા વખતમાં અવસાન થવાથી ત્રીજું લગ્ન ભાવનગરમાં ૧૯૧૬ માં દેવકોરબાઈ સાથે થયું હતું.

માતાનું અવસાન તેમની બાલ્ય વયે થવાથી તે પોતાનાં માતામહી પૂતળીબાઇ પાસે ઊછરી મોટા થયા હતા. દમણની શાળામાં તેમણે પ્રાથમિક અભ્યાસ કર્યો હતો, અને ફ્રીરંગી ભાષાનું શિક્ષણ પણ લીધું હતું. બાર વર્ષની વયે મુંબઇ આવી સને ૧૮૫૧ માં તેમણે એલ્ફીન્સ્ટન ઇન્સ્ટીટ્યૂટમાં અભ્યાસ કર્યો હતો અને સ્કૉલરશીપો તથા ઇનામો મેળવ્યાં હતાં. ૧૮૫૯માં એ જ ઇન્સ્ટીટ્યૂટમાં તે શિક્ષક નીમાયા હતા. સં. ૧૯૧૬માં તેમના પિતાનું અવસાન થયું. તે અરસામાં શેરના વેપારમાં તે ઠીક કમાયા હતા, ઘર પણ ખરીદ્યું હતું, પરન્તુ પાછળથી મોટી ખોટ આવતાં ઘર વેચી નાંખવું પડયું હતું. સને ૧૮૬૪માં તેમણે 'શાકુંતલ' નાટક લખી પ્રસિદ્ધ કર્યું જેમાં તે થોડું કમાયા હતા.

મુંબઇમાં સને ૧૮૫૧ માં બુદ્ધિવર્ધક સભા સ્થપાઇ તેના પ્રારંભકાળથી તે તેમાં રસ લેતા. તેમાં તે નિબંધો વાંચતા અને ભાષણો કરતા. ૧૮૬૨માં તે એ સભાના મંત્રી અને 'બુદ્ધિવર્ધક' ના તંત્રી થયા હતા. ૧૮૬૮ સુધી તેમણે એ પત્ર ચલાવ્યું હતું. ૧૮૭૧ માં તેમણે સિવિલિયનો માટે એક ટેક્સ્ટ બૂક લખી હતી.

૧૮૬૦ માં તે ગો. તે. સરકારી સ્કૂલના હેડમાસ્તર નીમાયા હતા. ૧૮૬૮ માં તે રાજકોટના ઠાકોર બાવાજીરાજના શિક્ષક તરીકે રાજકોટ ગયા હતા. ૧૮૭૧ માં તે કચ્છના એજ્યુ. ઇન્સ. અને હાઇસ્કૂલના હેડમાસ્તર તરીકે ભૂજ ગયા. તે વખતે કચ્છમાં માત્ર ૧૨ શાળાઓ હતી તે વધારીને તેમણે ૧૨૧ શાળાઓ ઉઘાડી, અને તે માટે શિક્ષકોને રાજકોટ ટ્રે. કૉલેજમાં મોકલી સારા શિક્ષકો તૈયાર કર્યા. પાછળથી તે મહારાવ સર પ્રાગમલજીના કુમાર ખેંગારજીના શિક્ષક નીમાયા હતા. કચ્છના કેળવણીખાતાની નોકરી દરમ્યાન તેમણે કચ્છની ભૂગોળવિદ્યા, નકશા વગેરે તૈયાર કર્યાં અને જૂના લેખો, પાળિયા વગેરે પ્રાચીન વસ્તુઓની ખૂબ શોધખોળ કરી. એ સંશોધન તેમને 'કચ્છની આર્કીઓલૉજી' તૈયાર કરવામાં ખૂબ મદદગાર બન્યું. ડૉ. બર્જેસ અને સર કેમ્પબેલની સૂચનાથી તેમણે એ વિષેનું પુસ્તક માત્ર ૩૫ દિવસમાં રાત-દિવસ શ્રમ લઇને લખી મોકલી આપ્યું હતું. આ ઉત્તમ સેવા માટે સરકારે તેમનો આભાર માન્યો હતો. "લાખા ફુલાણી" વિષેનો તેમનો એક લેખ, જુના સીક્કાઓ વગેરે ડૉ. બર્જેસને ખૂબ ઉપયોગી થઈ પડયાં હતાં. સને ૧૮૮૬માં તે તબિયતને કારણે કચ્છની નોકરીમાંથી નિવૃત્ત થયા, અને જનતાએ તેમને જંગી સભા ભરી માનપત્ર આપ્યું. રાણી વિક્ટોરિયાની જ્યુબિલી પ્રસંગે તેમને સરકાર તરફથી રાવ સાહેબનો ખિતાબ મળ્યો હતો.

નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ સાહિત્યસેવા ચાલુ રાખી ઇન્ડીઅન એન્ટીક્વરી, ટાઇમ્સ, ગુજરાતી, તથા માસિક પત્રોમાં તે લેખો લખતા. શાળાઓમાં પરીક્ષા લેવાનું કામ અને ગો. તે. ચેરીટી ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સને ૧૮૮૮ થી તે કામ કરતા. સરકારે તેમને એ અરસામાં જે. પી. બનાવ્યા હતા. તા. ૧૪–૧૧–૧૯૦૨ ના રોજ ૭૦ વર્ષની વયે તાવની બિમારીમાં તેમનું અવસાન થયું હતું. તેમના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી. મગનલાલ ખખ્ખરે રૂ. ૨૬૦૦૦ નું ફંડ સ્થાપ્યું છે જેના વ્યાજમાંથી ન્યાતના છોકરાઓને કેળવણી માટે સ્કોલરશીપો આપવામાં આવે છે.

સ્વ૦ દલપતરામ પોતાની પાછળ બે સંતાનો મૂકી ગયા છે: શ્રી. મગનલાલ ખખ્ખર અને શ્રી. તુલજાગૌરી. શ્રી. મગનલાલને રા. સા. તથા જે. પી. નો ઇલિકાબ મળ્યો છે. તે પણ એક લેખક અને ગ્રંથકાર છે.

સ્વ૦ દલપતરામનાં પુસ્તકોની યાદી નીચે મુજબ છે:

'શાકુન્તલ નાટક', 'કચ્છની આર્કીઓલોજી' (અંગ્રેજી), 'કચ્છની ભૂગોળ વિદ્યા', કચ્છનો નકશો, ભૂજનો નકશો, 'શેઠ હરજીવનદાસ માધવદાસનું જીવનચરિત્ર'.

દામોદર ખુશાલદાસ બોટાદકર

સ્વ૦ દામોદર ખુશાલદાસ બોટાદકરનો જન્મ તેમના વતન બોટાદમાં તા. ૨૭ મી નવેમ્બર ૧૮૭૦ ના રોજ થયો હતો. ન્યાતે તે મોઢ વણિક હતા. પાંચ વર્ષની વયે તેમના પિતાજીનું અવસાન થયું હતું. કેળવણીમાં તેમણે ગુજરાતી છ ધોરણ જેટલો અભ્યાસ સ્વ. દેવશંકર વેકુંઠજી ભટ્ટ પાસે કર્યો હતો. ગરીબ સ્થિતિને કારણે તેર વર્ષની વયે જ તેમને શિક્ષકનો વ્યવસાય લેવો પડ્યો હતો. સને ૧૮૯૩ માં તે મુંબઈ ગયા હતા, અને "પુષ્ટિમાર્ગ પ્રકાશ" નામના વૈષ્ણવ સંપ્રદાયના એક માસિક પત્રનું તંત્ર હાથમાં લીધું હતું. અહીં તેમને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવાની તક મળી હતી. સંસ્કૃત અને ગુજરાતી કાવ્યસાહિત્ય એ એમનો પ્રિય વિષય બન્યો હતો. સને ૧૯૦૭ માં તે વતનમાં પાછા ફર્યા હતા કારણકે મુંબઈનાં હવા-પાણી તેમને અનુકૂળ બન્યાં નહોતાં. ત્યારથી તેમણે ભાવનગર રાજ્યના કેળવણીખાતામાં નોકરી લીધી હતી, અને અવસાન થતાંસુધી જુદે જુદે સ્થળે મદદનીશ શિક્ષક તથા મુખ્ય શિક્ષક તરીકે ટૂંકા પગારમાં નોકરી કરી હતી.

તેમની પહેલી કવિતા 'પ્રેમ અને સત્કાર' સને ૧૮૯૬ માં છપાઇને 'ચંદ્ર' તથા 'કાવ્યમાધુર્ય'માં પ્રકટ થઈ હતી. તેમણે લખેલા કવિતાસંગ્રહો "કલ્લોલિની" (૧૯૧૨), "સ્રોતસ્વિની" (૧૯૧૮), "નિર્ઝરિણી" (૧૯૨૧), "રાસતરંગિણી" (૧૯૨૩) અને "શૈવલિની" (૧૯૨૫) એ પ્રમાણે છે. "રાસતરંગિણી" ખૂબ જ લોકપ્રિય થવાથી ગુજરાતે તેમનો સારો સત્કાર કર્યો હતો. તે ઉપરાંત તેમણે "લાલસિંહ સાવિત્રી" એ નામનું એક નાટક (૧૯૧૯) પણ લખેલું. "મોઢમહોદય" નામના જ્ઞાતિપત્રનું તંત્ર તેમણે પાંચેક વર્ષ સુધી સંભાળેલું.

ઇ. સ. ૧૯૦૩માં ૩૩ વર્ષની વયે તેમનું લગ્ન થયું હતું. તા. ૭-૯-૧૯૨૪ ને રોજ ૫૪ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. અવસાન સમયે તેમની સ્થિતિ ગરીબ જ રહી હતી. તેમની કવિતાસેવાની કદર કરીને ભાવનગર રાજ્યે તેમના કુટુંબને નાનું પેન્શન બાંધી આપ્યું છે.

દુર્લભ શ્યામ ધ્રુવ

સ્વ૦ દુર્લભજી શ્યામજી ધ્રુવનો જન્મ સંવત ૧૯૧૭ના ભાદરવા સુદી ૧૨ ને રોજ રાજકોટમાં થયો હતો. તે જ્ઞાતે દશા સોરઠિયા વણિક હતા. તેમનાં માતુશ્રીનું નામ માનબાઈ હતું. તેમના પૂર્વજો જામનગરમાં જામ શ્રી રાવળની સાથે કચ્છમાંથી આવેલા. તેમના પિતાજી વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયી હતા અને ભક્તિનાં કાવ્યોના અભ્યાસી હોવા ઉપરાંત નવાં પદો રચી જાણતા. એ વારસો શ્રી. દુર્લભજીને મળેલો.

શ્રી. દુર્લભજીભાઇનું પ્રાથમિક શિક્ષણ રાજકોટમાં થએલું. તેર વર્ષની વયે અભ્યાસકાળ દરમિયાન જ તેમને કવિતા રચવાનો છંદ લાગેલો. અભ્યાસ આગળ વધે તે પહેલાં તેમના ઉપર કુટુંબનિર્વાહનો ભાર પડ્યો હતો. તેમની કવિતારચના અને લેખનકાર્યના પહેલા ફળ રૂપે 'સુશ્લોચના સતી આખ્યાન' તેમણે પોતાની ૧૭ વર્ષની વયે પ્રસિદ્ધ કરેલું.

૨૩ વર્ષની વયે તે મુંબઈ આવ્યા અને સૌથી પહેલાં 'મુંબઈ સમાચાર'માં પ્રૂફરીડરની નોકરીમાં જોડાયા. સ્વ. નારાયણ હેમચંદ્રનાં પુસ્તકોની ક્લિષ્ટ ગુજરાતી ભાષા તેમને હાથે કેટલાક પ્રમાણમાં સુધરેલી. માતાના મૃત્યુથી તે પાછા જામનગરમાં આવ્યા અને ત્યાં 'આર્ય પ્રબોધ નાટકમંડળી' સ્થાપી, જેને માટે તેમણે કેટલાંક દૃશ્ય નાટકો લખ્યાં. સં. ૧૯૪૩માં શ્રી. ઝંડુ ભટ્ટજીનો તેમને મેળાપ થયો અને તેમની સલાહથી તેમણે વૈદ્યકનો અભ્યાસ આરંભ્યો અને આગળ જતાં તેમણે 'રસેશ વૈદ્યવિજ્ઞાન' નામનું

દ્વિમાસિક શરુ કર્યું. ઝંડુભટ્ટજીના ભાઈ મણિશંકરભાઇએ અમદાવાદમાં રસશાળા સ્થાપી ત્યાં પાંચેક વર્ષ રહીને તેમણે વૈદ્યકનો અભ્યાસ વધાર્યો, અને મુંબઈ આવી આયુર્વેદિક ઔષધાલય સ્થાપ્યું. એ જ અરસામાં મૂળજી આશારામની નાટક મંડળીમાં કવિ તરીકે કેટલોક વખત કામ કરેલું, પરન્તુ સ્થિર નિવાસ તો મુંબઈમાં જ કર્યો અને વૈદ્યકનો ધંધો સફળતાથી ચલાવ્યો.

કવિતા અને નાટકના લેખનકાર્યમાં તેમનો પોતાના વૈદ્યક વ્યવસાય જેટલો જ રસ હતો, આ રસને વશ રહીને તેમણે નાનાં મોટાં પચાસેક પુસ્તકો લખીને પ્રસિદ્ધ કર્યા છે. તેમની કવિતા દલપતશૈલીની હતી. ગુજરાતી ઉપરાંત હિંદીમાં પણ તેમણે છંદો કુંડળિયા વગેરે લખ્યાં છે. તેમનાં મુખ્ય ગણી શકાય તેવાં અને પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોનાં નામ નીચે આપ્યાં છે. તેમનું અપ્રકટ લખાણ પણ ઘણું છે.

(૧) સુબોધના સતી આખ્યાન. (૨) બાલોપદેશ. (૩) ભક્તિબોધ. (૪) સુધર્મ દર્પણ. (૫) વિદ્યા ગુણ વર્ણન. (૬) સુરમોહન શૃંગારમોહના (સંગીત નાટક). (૭) અનાર્ય સ્ત્રીનાં લક્ષણ. (૮) ગોપીચંદ નાટક. (૯) મૃચ્છકટિક નાટકસાર. (૧૦) રસચંદ્ર-રતિપ્રિયા (નાટક). (૧૧) પ્રમીલા-રાણી. (૧૨) ગોમહિમા. (૧૩) ઉપદેશી સંગીતમાળા. (૧૪) વિજળી વિલાપ. (૧૫) નેમનાથ-રાજેમતી ચરિત્ર. (૧૬) શિક્ષક અથવા સંસાર-સાગરનો રસ્તો દેખાડનારો દીવો. (૧૭) વચનસિદ્ધિ અથવા સત્યનું બળ. (૧૮) ગોરક્ષા શતક. (૧૯) ગોરક્ષા પ્રબોધ. (૨૦) કેફ નિષેધક (ગુ. વ. સો. નો ઇનામી કવિતા નિબંધ.) (૨૧) વિવેકબુદ્ધિ વાણીઓ. (૨૨) પવિત્ર મનની પ્રેમકુંવર. (૨૩) બ્રહ્મચર્ય મહિમા. (૨૪) સન્માર્ગ મહિમા. (૨૫) આચારદર્શન. (૨૬) પાપી પિતાને પનારે પડેલી પ્રેમકોર. (૨૭) દુર્લભ દ્રવ્ય (ભજનો). (૨૮) શ્યામસુંદર. (૨૯) અહિંસાનું અલૌકિક બળ. (૩૦) હિંદી બ્રહ્મચર્ય બાવની. (૩૧) પ્રભુ અને હું. (૩૨) નવનિધનો સંસાર (વાર્તા). (૩૩) કન્યાવિક્રય. (૩૪) સર્વાર્થસિદ્ધિ. આમાંનાં ઘણાંખરાં પુસ્તકો પદ્યમાં છે અને થોડાં જ ગદ્યમાં છે.

તેમનું અવસાન મુંબઈમાં ઈ. સ. ૧૯૩૪ માં થયું હતું. તેમને બે પુત્રો હતા, મોટા રતિલાલ અને નાના જીવણલાલ. રતિલાલ ભિષગ્વરની પદવી મેળવી પિતાનો વ્યવસાય કરતા, તેમનું ઈ.સ. ૧૯૩૫ માં અવસાન થયું. નાના પુત્ર જીવણલાલ ડૉક્ટર હતા જેમનું ૧૯૩૬ માં અવસાન થયું. ડૉ. જીવણલાલના પુત્ર શ્રી. નટવરલાલ આજે મુંબઈમાં વ્યવસાય કરે છે.

દેવશંકર વૈકુંઠજી ભટ્ટ

માત્ર થોડાં પાઠ્ય પુસ્તકોના કે 'ગુજરાત શાળાપત્ર' અથવા 'ગુજરાતી'ના દીવાળીના અંકોમાંના શિક્ષણવિષયક લેખોના લેખક તરીકે નહિ પણ ખાસ તો કાઠિયાવાડમાં એક ચારિત્ર્યશીલ આદર્શ શિક્ષક તરીકે જાણીતા દેવશંકરભાઇનો જન્મ પ્રશ્નોરા બ્રાહ્મણ જ્ઞાતિમાં પચ્છેગામમાં સંવત ૧૯૧૪ ના માહ સુદ પાંચમ (વસંત પંચમી) ને રોજ થયો હતો. એમના પિતાનું નામ વૈકુંઠજી ગંગારામ ભટ્ટ અને માતાનું નામ જીવીબા નાનાભાઈ ભટ્ટ.

તળ પચ્છેગામની ગુજરાતી શાળામાં પ્રાથમિક અભ્યાસ કરી તે ભાવનગરની તાલુકા શાળામાં અને ત્યારબાદ રાજકોટ અને અમદાવાદની ટ્રેનિંગ કૉલેજોમાં આગળ અભ્યાસ કરવા ગયા. ત્યાં સ્વ. નવલરામભાઈ, સ્વ. રા. સા. મહીપતરામભાઈ અને સ્વ. દિ. બ. રણછોડભાઈ ઉદયરામના સંસર્ગમાં તેઓ આવતાં એ વિદ્વાનોની અસર એમના જીવન ઉપર ઉંડી થઈ અને એમને પગલે પોતે પણ જીવનભર શિક્ષણ અને સાહિત્યના વ્યવસાયમાં રહ્યા.

ઇતિહાસ, ભૂગોળ, પિંગળ અને ગણિત એ એમના અભ્યાસના પ્રિય વિષયો હતા. ઇતિહાસ સંબંધે સંશોધન અને 'ગુજરાતી' સામાહિકમાં તેમ જ સાહિત્યપરિષદ સંમેલનોમાં નિબંધો તથા લેખોનું લેખન એ એમની પ્રવૃત્તિ હતી. સ્વ. કવિ દામોદર ખુશાલદાસ બોટાદકર જેવા એમના ગઈ પેઢીના અનેક શિષ્યોના જીવન પર એમનાં શિક્ષણ અને સૌજન્યશીલ ચારિત્ર્યની ઊંડી છાપ હતી.

અમદાવાદ જિલ્લામાં ભોળાદ ગામે સં. ૧૯૨૯ માં એમનું લગ્ન થયું. એમનાં પત્નીનું નામ પાર્વતીબા. એમના મોટા પુત્ર સંતોષરામ ભાવનગર રાજ્યમાં ડૉક્ટર છે અને બીજા પુત્ર ઉદયશંકર એ જ સ્ટેટની રેલવેમાં નોકરી કરે છે. ઈ. સ. ૧૯૨૨ ના ઑગસ્ટની ૨૨ મી એ એમનું અવસાન થયું.

શ્રી. મુનિકુમાર મણિશંકર ભટ્ટે સંપાદિત કરેલા એમના લખેલા 'શિહોરની હકીકત' નામક પુસ્તકના પ્રવેશકમાં, 'છાત્રાલય' માસિકના ૧૯૩૭ ના એપ્રિલ અંકમાં તેમ જ એમના વિષે 'ગુજરાતી' પત્રે લખેલી અવસાન નોંધમાં એમના જીવન વિષયક હકીકતો આપેલી છે.

એમનાં પુસ્તકો :

ભાવનગરની ભૂગોળ	(પાઠ્ય પુસ્તક)	ઈ. સ. ૧૯૧૧
ભાવનગરનો ઇતિહાસ	,,	ઈ. સ. ૧૯૧૧
શિહોરની હકીકત		ઈ. સ. ૧૯૧૫
ભાગ્ય મહોદય (નાટક)		

દોલતરામ કૃપારામ પંડ્યા

સ્વ. દોલતરામ કૃપારામ પંડ્યાનો જન્મ સં. ૧૯૧૨ ના ફાગણ સુદ ૨ (ઈ. સ. ૧૮૫૬)માં થએલો. તેમનું વતન નડીયાદ હતું. તેમના પિતાનું નામ કૃપારામ અંબાદત્ત પંડ્યા અને માતાનું નામ હરિલક્ષ્મી હતું. ન્યાતે તે વડનગરા નાગર બ્રાહ્મણ હતા. તેમનાં પત્ની આરતલક્ષ્મી નડીયાદનાં હતાં. તેમને કાંઈ સંતાન નહોતાં.

તેમણે પ્રાથમિક તથા માધ્યમિક કેળવણી અનુક્રમે નડીયાદની પ્રાથમિક શાળામાં અને ત્યાંની ગવર્મેન્ટ હાઈસ્કૂલમાં લીધી હતી. ઉચ્ચ કેળવણી લેવા માટે તે મુંબઈની એલ્ફીન્સ્ટન કૉલેજમાં દાખલ થયા હતા. તે કૉલેજમાંથી તે બી. એ. ના બીજા વર્ષમાં ઉઠી ગયા હતા કારણકે તે અરસામાં પિતાનું અવસાન થવાથી તેમના શિરે કુટુંબનો ભાર પડ્યો હતો.

નાની વયમાં કુટુંબનો ભાર માથે પડ્યા છતાં આપબળે તે સારી રીતે આગળ વધ્યા હતા. શરુઆતમાં થોડાં વર્ષ તેમણે વકીલાતનો વ્યવસાય કર્યો હતો. શ્રી. માધવતીર્થ સાથે તેમણે એક વાર શાસ્ત્રાર્થનો વિવાદ કરેલો. વડતાલના સ્વામીનારાયણ સંપ્રદાયના તમોગુણી આચાર્ય સામે તેમણે બંડ ઉઠાવ્યું હતું અને છેવટે તેને પદભ્રષ્ટ કરાવી નવા આચાર્યની નીમણુક કરાવી હતી. ત્યારપછી તે લુણાવાડા રાજ્યના દિવાન નીમાયા હતા. ત્યાં ૧૩ વર્ષ સુધી તેમણે નોકરી કરીને યશસ્વી કારકીર્દી સાથે જીવન પૂરું કર્યું હતું. સંવત ૧૯૭૨ ના કાર્તિક વદી ૮ (તા. ૩૦-૧૧-૧૯૧૫) ને રોજ તેમનું અવસાન નડીયાદમાં થયું હતું.

ઇતિહાસ, ફીલસુફી અને સાહિત્ય એ તેમના અભ્યાસના પ્રિય વિષયો હતા. ભાગવત અને ગિબ્બન તથા ઇરસ્કીલસનાં પુસ્તકો તેમનાં પ્રિય પુસ્તકો હતાં. સ્વર્ગસ્થ મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીને તે પોતાના સાહિત્યગુરુ માનતા. તેમની સંસ્કૃતપ્રચુર લેખનશૈલીનો વારસો જાણે સ્વ. દોલતરામ પંડ્યાને મળ્યો હોય એમ તેમની કૃતિઓ ઉપરથી જણાઈ આવે છે. તેમનું પ્રથમ પુસ્તક " કુસુમાવલિ " જે કાદંબરીની શૈલીની સળંગ કથા છે તે સને ૧૮૮૯ માં બહાર પડ્યું હતું. ત્યારપછીનાં તેમનાં પુસ્તકો " ઇંદ્રજિત વધ " (કાવ્ય), " સુમનગુચ્છ " (કવિતાસંગ્રહ) અને " અમરસત્ર નાટક " હતાં. છેલ્લું પુસ્તક ૧૯૦૨ માં બહાર પડેલું. તે ઉપરાંત તેમણે કેટલાક અંગ્રેજી અને ગુજરાતી લેખો લખેલા જેનો સંગ્રહ પ્રસિદ્ધિ પામ્યો નથી.

નથુરામ સુંદરજી શુકલ

સ્વ. કવિ નથુરામ સુંદરજી શુકલ વાંકાનેરના ઔદીચ્ય બ્રાહ્મણ હતા. તેમનો જન્મ વાંકાનેરમાં સંવત ૧૯૧૮ માં થએલો. તેમનાં માતુશ્રીનું નામ આણંદીબાઈ.

તેમણે પ્રાથમિક કેળવણી ગ્રામઠી શાળામાં લીધેલી. નાની વયમાં અને ગરીબ સ્થિતિમાં તે વૈદિક કર્મ શીખીને શુકલવૃત્તિનું કામકાજ કરતા અને કુટુંબનિર્વાહ ચલાવતા. ભૂજમાં લખપતની પાઠશાળામાં તેમણે કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. વ્રજ અને સંસ્કૃતનો અભ્યાસ પાછળથી કર્યો હતો. વ્રજભાષાના અભ્યાસ માટે મર્હુમ ક્રાંગક્રાનરેશે તેમને કાશી મોકલ્યા હતા જ્યાં તે રસ, અલંકાર અને નાયકાભેદ આદિ શીખ્યા. સંસ્કૃત અભ્યાસ તેમણે ભાવનગરમાં સ્વ. પ્રાણજીવન મોરારજી પાસે કર્યો હતો. વરલના ઠાકોર શ્રી. હરિસિંહજીએ તેમને અભ્યાસ માટે મદદ કરી હતી. તેમની કાવ્યશાસ્ત્રમાં નિપુણતા અને કવિતારચના પરથી તેમને દેશી રાજાઓ તરફથી સારું ઉત્તેજન મળતું થયું હતું. ભાવનગર પોરબંદર તથા વાંકાનેરના રાજવીઓએ તેમને રાજકવિ તરીકે નીમીને સારી પેઠે ઉત્તેજન આપ્યું હતું.

તેમણે સાહિત્યનાં બધાં અંગોનો વ્રજમાંથી અને સંસ્કૃતમાંથી અભ્યાસ કર્યો હતો. તે શૃંગારરસપ્રધાન કવિ લેખાતા. તેમણે સંખ્યાબંધ નાટકો લખેલાં. તેમાં તેમની શૃંગારપ્રિયતા ચમકતી. તેમનાં લખેલાં નાટકો મુંબઈ ગુજરાતી નાટક કંપની, વાંકાનેર વિદ્યાવર્ધક કંપની, વાંકાનેર સત્યબોધ કંપની, પાલીતાણા ભક્તિવર્ધક નાટક કંપની, વાંકાનેર નૃસિંહ નૌતમ નાટક મંડળી વગેરેએ ભજવેલાં.

તેમનાં લખેલાં પુસ્તકોની યાદી :—

કાવ્યગ્રંથો—ઋતુવર્ણન (૧૮૮૮), શૃંગારસરોજ (૧૯૦૦), કૃષ્ણબાળલીલા સંગ્રહ (૧૯૦૭), કાવ્યશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર (૧૯૧૧), કાવ્યસંગ્રહ (૧૯૧૬), વિવેકવિજય (૧૯૧૫), ઝાલાવંશવારિધિ (૧૯૧૬), પ્રતાપપ્રતિજ્ઞા નાટક (૧૯૦૫), તપ્તયશ ત્રિવેણિકા, તપ્તવિરહ ભાવની, ભાવ આશીર્વચન કાવ્ય, અમર કાવ્યકલાપ, ભાવસુયશ વાટિકા, ઝંડૂ વિરહ, ત્રિભુવનવિરહ શતક, ભાવવિરહ ભાવની.

નાટકો—કુમુદચંદ્ર, કામલતા સ્વયંવર, હલામણ જેઠવો, હરિશ્ચંદ્ર, રાજયોગી, લાલખાંની લુચ્ચાઈ, સતી સરોજિની, માધવ કામકંદલા, ગુમાન-

સિંહ, ભક્તકુટુંબ, કબીરવિજય, તુકારામ, નટી નટવર, ભક્તિવિજય, નાગર ભક્ત, બિલ્વમંગળ અથવા સુરદાસ, શહેનશાહ અકબર, યોગકન્યા.

કવિ નથુરામે બે લગ્ન કરેલાં. એક લુણસરમાં બાઈ રળિયાત સાથે અને બીજું વાલાસણમાં સં. ૧૯૫૬ માં બાઈ ગોદાવરી સાથે. પ્રથમ લગ્નથી તેમને બે પુત્રીઓ થએલી, ઉમયા અને કમળા. બીજી પત્નીથી તેમને પુત્ર થએલો જેનું નામ ઉત્તમરામ છે. કવિએ આ બે લગ્ન ઉપરાંત એક ત્રીજું પ્રેમલગ્ન ભાવનગરમાં પાર્વતીબાઈ નામનાં એક સધવા બાઈ સાથે કરેલું. આ માટે તેમને ન્યાતબહાર મૂકવામાં આવ્યા હતા. પાછળથી તેમને ન્યાતમાં લેવામાં આવ્યા હતા. આ પ્રેમલગ્નની એ સફળતા હતી કે સપત્નીનાં ત્રણે બાળકોને પાર્વતીબાઇએ પાછળથી પોતાની કૂંખમાં લઈને ઊછેરેલાં. કવિ નથુરામ સંવત ૧૮૭૬ માં વાંકાનેરમાં ૬૧ વર્ષની વયે અવસાન પામ્યા હતા.

નલિનકાન્ત નરસિંહરાવ દિવેટિયા

અમદાવાદમાં વડનગરા નાગર ગૃહસ્થ જ્ઞાતિમાં સદ્‌ગત સાક્ષરવર્ય નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાને ત્યાં ઇ. સ. ૧૮૮૮ના ઑગસ્ટની ૨૫ મી તારીખે એમનો જન્મ થયો હતો. એમનાં માતાનું નામ સૌ. સુશીલા.

પ્રાથમિક શિક્ષણ અમદાવાદમાં અને માધ્યમિક મુંબઈમાં લઈ તેઓએ મુંબઈમાં વિક્ટોરિયા જ્યુબિલી ટેકનિકલ ઈન્સ્ટીટ્યૂટમાં ઇલેકટ્રિકલ એન્જીનીઅરિંગનો અભ્યાસ કર્યો હતો; પણ વિદ્વાન પિતાના વિદ્યાવ્યાસંગી વાતાવરણથી એમનું માનસ સાહિત્યસેવી બન્યું હતું.

એ આશાસ્પદ યુવાનની એક જ કૃતિ "નૂરજહાં" ગુજરાતી સાહિત્યને મળી–ન મળી ત્યાં ૨૭ વર્ષની ભરજુવાન વયે મુંબઈમાં ઇ. સ. ૧૯૨૫ ના માર્ચ માસની બીજી તારીખે એમનું અવસાન થયું. તેઓ અપરિણીત જ હતા.

નારાયણ મોરેશ્વર ખરે

દક્ષિણના સતારા જિલ્લાના તાસગાંવ નામના ગામમાં એમનો જન્મ થએલો. મૂળ એ કોંકણના રત્નાગિરિ જિલ્લાના ગુહાગર ગામના કોંકણસ્થ બ્રાહ્મણ. એમના પિતાનું નામ મોરેશ્વર નાગેશ ખરે અને માતાનું નામ સરસ્વતી હતું. એમનું લગ્ન કરાડ ગામે ઇ. સ. ૧૯૦૬ માં થએલું.

વીટેં નામના ગામડામાં પ્રાથમિક કેળવણી લઈ મીરજ હાઈસ્કૂલમાં એમણે મૅટ્રિક સુધીનો અભ્યાસ કર્યો. મીરજના મહારાજા તરફથી એમને સ્કૉલરશિપ મળતી. સંગીત તરફનું એમનું વલણ જોઈ મહારાજાએ એમને સંગીત શીખવાનો જ આગ્રહ કર્યો, અને મૅટ્રિકની પરીક્ષાનું ફૉર્મ ભરેલું હોવા છતાં મહારાજાના મોકલ્યા તે સંગીત શીખવા ગયા અને પરીક્ષા આપી શક્યા નહિ. પરંતુ સંગીતના અભ્યાસમાં તેમણે એટલું પ્રાવીણ્ય મેળવ્યું કે એમના ગુરુ પંડિત વિષ્ણુ દિગંબર પળુસ્કરના એ પ્રીતિપાત્ર બન્યા; અને મહાત્માજીએ આશ્રમને માટે જ્યારે કોઈ શીલવંત કુશળ સંગીતજ્ઞની માગણી કરી ત્યારે પંડિતજીએ મહાત્માજીને એમની ભેટ કરી.

સંગીત પ્રત્યેનો અનુરાગ અને સ્વદેશભક્તિની લગની એ બંનેનો આશ્રમમાં આવ્યા બાદ એમનામાં જે સુયોગ થયો તેને લીધે દેશમાં છેક આમજનતાના નીચલા થર સુધી સંગીતપ્રચાર કરવાની તમન્ના જાગી. અમદાવાદમાં પ્રથમ અખિલ હિંદ સંગીત પરિષદ ભરવામાં, કે 'લોકસંગીત' જેવાં પુસ્તકોનું સંપાદન કરવામાં એમની એ લગની જ પ્રેરક બળરૂપ હતી. સંગીત ઉપરાંત સંસ્કૃત અને ગણિત પણ એમના પ્રિય વિષયો હતા, અને આશ્રમની શાળામાં એના અધ્યાપન કાર્યમાં તેઓ સહાય પણ કરતા. એમના કલાભક્ત, દેશભક્ત અને સાધુચરિત જીવન પર પંડિત વિષ્ણુ દિગંબર, પૂ. ગાંધીજી અને તુલસીકૃત રામાયણની પ્રબળ અસરો પડેલી એથી જ એમનું જીવન ઘડાએલું.

ઈ. સ. ૧૯૩૮ની ૬ ઠ્ઠી ફેબ્રુઆરીએ હરિપુરા કૉંગ્રેસ વખતે એ પૂર્વ તૈયારીઓ માટે ત્યાં ગએલા અને ત્યાં જ આશરે ૫૦ વર્ષની વયે એમનું અકાળે અવસાન થયું. એમનો પુત્ર રામચંદ્ર અને પુત્રી બહેન મથુરા બંને અમદાવાદમાં સંગીતના અધ્યાપનકાર્યમાં જ પ્રવૃત્ત છે. એમનાં પુસ્તકોઃ "આશ્રમ-ભજનાવલિ" (સંપાદિત), "લોકસંગીત."

ઠક્કુર નારાયણ વિસનજી

સ્વ. ઠક્કુર નારાયણ વિસનજીનો જન્મ સને ૧૮૮૪માં થએલો. તેમના પિતા ઠક્કુર વિસનજી ચત્રભુજ વેપારી હતા, અને તેમના વડવાઓ અરીણના સરકારી ઈજારદાર હતા. ન્યાતે તે કચ્છી લોહાણા હતા અને મુંબઈમાં રહેતા હતા, પાછળથી તેમણે સંન્યાસ લઈ જગન્નાથપુરીમાં નિવાસ કર્યો હતો. ઠક્કુર નારાયણની માતાનું નામ લાછબાઈ હતું. નિશાળમાં ભણીને તો ઠક્કુર નારાયણે થોડો ગુજરાતી અભ્યાસ જ કર્યો હતો પરન્તુ અંગ્રેજી અને સંસ્કૃતનો

અભ્યાસ તેમણે ખાનગી રીતે કર્યો હતો. પુસ્તકવાચનનો અત્યંત શોખ હોવાથી તેમણે સંખ્યાબંધ પુસ્તકો વસાવ્યાં હતાં, ખૂબ વાચન કર્યું હતું, તેમજ લેખનવ્યવસાય પણ સને ૧૯૩૮માં તેમનું મૃત્યુ થયું ત્યાંસુધી ચલાવ્યો હતો.

નાટક કંપનીઓમાં તેમણે નાની વયે એક્ટર તરીકે કામ કરેલું, અને એ જ વખતથી તેમણે વાચન-લેખનમાં રચ્યાપચ્યા રહેવા માંડયું હતું. લેખનવ્યવસાય હસ્તગત થયા પછી નાટક કંપનીઓમાં કામ કરવાનું તેમણે લગભગ છોડી દીધું હતું. મરાઠી, હિંદી, ઉર્દૂ અને બંગાળી ભાષાનું જ્ઞાન પણ તેમણે રફતેરફતે મેળવ્યું હતું અને એ ભાષાઓનાં કેટલાંક પુસ્તકોનો અનુવાદ પણ કર્યો હતો. ઉર્દૂ જબ્બાન ઉપર તેમનો સારી પેઠે કાબૂ હતો, તે ઉર્દૂ નાટક કંપનીઓમાં કામ કરવાને લીધે હતો. લેખનવ્યવસાયમાં તેમને 'ગુજરાતી'ના તંત્રી સ્વ. ઇચ્છારામ દેસાઇએ સારો ટેકો આપ્યો હતો. 'ગુજરાતી'ના ઐતિહાસિક નવલકથાનાં ભેટ પુસ્તકો તથા ચાલુ સાંસારિક વાર્તાઓના લેખનથી તેમની કલમે સારી પેઠે પ્રસિદ્ધિ મેળવી હતી. તેમની કલમનો એક મોટો વાચક વર્ગ પણ તેથી જ ઊભો થવા પામ્યો હતો. તે કાળે લેખનવ્યવસાય ઉપર નિર્વાહ કરનારા ગણ્યાગાંઠ્યા ગુજરાતી લેખકોમાંના મુખ્ય ઠક્કુર નારાયણ હતા.

'ગુજરાતી' કાર્યાલયની ઊતરતી કળા થતાં અને સાહિત્યનિર્માણમાં નવીનતર દૃષ્ટિનું આગમન થતાં તેમની કલમનું આકર્ષણ જનતામાં ઓછું થવા પામ્યું, ત્યારે તેમણે 'હિંદુ ગૌરવ ગ્રંથમાળા' બહાર પાડીને હિંદુત્વને લગતાં પુસ્તકો બહાર પાડ્યાં હતાં. તે ઉપરાંત તેમણે લોહાણા કોમનું એક સાપ્તાહિક પત્ર હાથમાં લીધું હતું અને લોહાણા કોમના નામાંકિત પુરુષોનાં જીવનચરિત્રો એકત્ર કરી એક મોટો ગ્રંથ તૈયાર કરવાનું કામ આરંભ્યું હતું. એ કામ છેવટે અધૂરું જ રહેવા પામ્યું હતું. એક જ રાતમાં હૃદય બંધ પડવાની બિમારીને લીધે તેમનું અવસાન મુંબઇમાં થયું હતું. તેમની પહેલી સદ્‌ગત પત્નીનું નામ ગંગાબાઈ હતું, અને બીજી પત્નીનું નામ રાધાબાઈ હતું.

તેમનાં બહાર પડેલાં પુસ્તકોની સંખ્યા સો ઉપરાંતની છે. તે ઉપરાંત પચીસેક અપ્રસિદ્ધ પુસ્તકો 'ગુજરાતી' કાર્યાલય પાસે છે. સામયિકોમાં બહાર પડેલી પણ ગ્રંથારૂઢ નહિ થએલી તેમની કૃતિઓ પણ પચીસેક હોવાનો સંભવ છે. ઐતિહાસિક નવલકથા, સાંસારિક નવલકથા, ટૂંકી વાર્તા, કવિતા, નાટક, ધર્મ અને તત્ત્વજ્ઞાન, દાંપત્ય વિજ્ઞાન, ઇત્યાદિ અનેક પ્રકા-

રનાં તેમણે લખેલાં અને અનુવાદ કરેલાં પુસ્તકો બહાર પડ્યાં છે. મહત્ત્વનાં અને માહિતી ભળી શકી તેવાં પુસ્તકોની નામાવલિ નીચે ઉતારી છે.

ઐતિહાસિક નવલકથાઓ—આનંદાશ્રમ (બંકીમકૃત આનંદમઠનો અનુવાદ), ચંદ્રશેખર અથવા બંગાળાની ડગમગતી નવ્વાબી, શાહજહાંના છેલ્લા દિવસો અથવા માધવી કંકણ, પ્લાસીનું યુદ્ધ, હલદીઘાટનું યુદ્ધ, પદ્મિની અથવા ભસ્મીભૂત ચિત્તોડ, કલેઆમ, ભદ્રકાળી અથવા પાવાગઢનો પ્રલય, જગન્નાથની મૂર્તિ, વિશ્વરંગ (બાકી ઐતિહાસિક વાર્તાઓ), ૨૫૦૦ વર્ષ પૂર્વેનું હિંદુસ્તાન, ચક્રવર્તી બાપ્પા રાવળ, ચાણુક્યનંદિની અથવા ચચ્ચ અને સુંહધી, હમ્મીરહઠ અથવા રણથંભોરનો ઘેરો, અનંગભદ્રા અથવા વલ્લભીપુરનો વિનાશ, બેગમ બાઝાર—૩ ખંડ, બાદશાહ બાબર, ચક્રવર્તી હમ્મીર અથવા ચિત્તોડનો પુનરુદ્ધાર, નાદિરનો દોરદમામ, કચ્છનો કાર્તિકેય, યૌવનચક્ર—બે ખંડ, ભયંકર ભદ્ર—ત્રણ ખંડ, મહારાષ્ટ્રીય ઉષઃકાળ, અનારકલી, મહારાણી મયણલ્લા, પરાધીન ગુજરાત, નાનાસાહેબ, મુરીદે શયતાન, સિતમગર સુલ્તાન, કચ્છનો કેસરી, ગુરુ ગોવિંદસિંહ, વીર વૈરાગી અથવા બંદાબહાદુર, જયંતી અથવા સંતાલવિદ્રોહ, રત્નદેવી.

સામાજિક નવલકથાઓ—આજકાલનો સુધારો કે રમણીય ભયંકરતા, વિલાયતી વિલાસમાં ફેશનબાર્ઈ ખલાસ, ચુડેલનો વાંસો અથવા એક નટીની આત્મકથા—બે ખંડ, મુગ્ધા મીનાક્ષી, સંસાર સમરચ્યા, મારી ભયંકર સંસારયાત્રા, આજકાલનું હિંદુસ્તાન—૪ ભાગ, કુસુમ કંટક અથવા રમણી કે રાક્ષસી, વીસમી સદીની વસંતસેના—બે ભાગ, બાળવિધવા કલ્યાણી.

ઇતિહાસ ધર્મ, અને તત્ત્વજ્ઞાન—મૃગશીર્ષ અને વેદોમાં આર્યોનો ઉત્તરધ્રુવનિવાસ, જ્ઞાનેશ્વરી ગીતા, અમૃતાનુભવ, વિવેકાનંદ વિચારમાળા—પાંચ ભાગ, અમરલાલ ચરિત્ર, અરવિંદ વિચારમાળા—બે ખંડ, નારાયણ ગદ્યગંગા, બાંવઢા એટલે રઘુવંશી, ધર્મભ્રષ્ટોનું શુદ્ધીકરણ, દંપતીશાસ્ત્ર, હિંદુ સંગઠન, સૌભાગ્ય રાત્રિ, હિરણ્યગર્ભ હિંદુ.

લોકકથાઓ—ભારત લોકકથા—ભાગ ૧ થી ૧૦.

કવિતા—કાવ્યકુસુમાકર.

નાટકો—માલવકેતુ, કૃષ્ણભક્ત બોડાણો, સંસાર પારિજાત.

અપ્રસિદ્ધ સંપૂર્ણ નાટકોના પ્રસિદ્ધ થએલા ઑપેરા—પરશુરામ, વસુંધરા, બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર, ચાલુ જમાનો, દગાબાજ દુનિયા, દેવી દમયંતી, દેવી દ્રૌપદી, દેવી ભદ્રકાલી, સાધુ કે શયતાન, માયા મોહિની, અનંગ પદ્મા, ગર્વખંડન.

નારાયણશંકર દેવશંકર વૈદ્યશાસ્ત્રી

એકલા ગુજરાતમાં જ નહિ પણ ક્રમશઃ દેશભરમાં વિદ્વાન વૈદ્ય-શાસ્ત્રી તરીકે પ્રતિષ્ઠા સ્થાપનાર અમદાવાદના આ વૈદ્યશાસ્ત્રીનો જન્મ રાયકવાળ બ્રાહ્મણ જ્ઞાતિમાં, અમદાવાદના સ્વામિનારાયણ મંદિરના શાસ્ત્રી સેવકરામ જેમણે 'સત્સંગ જીવન' નામના પુસ્તક ઉપર સંસ્કૃત ટીકા લખી છે એવા પ્રસિદ્ધ પ્રપિતામહના કુટુંબમાં, સંવત ૧૯૩૦ ના ભાદરવા સુદ પાંચમના રોજ, ચરોતરમાં આણંદ પાસે આવેલા જોર ગામે થયો હતો. એમના પિતા દેવશંકર શાસ્ત્રી પણ વિદ્વાન્‌સંગી અને પ્રાચીન શાસ્ત્રોના અભ્યાસી હતા. એમની માતાનું નામ દુર્ગાબાઈ.

ગુજરાતી ત્રણ ચોપડીનો અભ્યાસ અમદાવાદમાં કરીને તે વડોદરામાં રાજકીય સંસ્કૃત પાઠશાળામાં વ્યાકરણ સાહિત્ય અને ધર્મશાસ્ત્રના અભ્યાસ માટે ગયા. ઘરની સ્થિતિ ઘણી સાધારણ હોવાથી ત્યાં ભિક્ષાન્નદેહિ કરીને જ નિર્વાહ ચલાવતા અને ભણતા; પણ બુદ્ધિ તેજસ્વી હોવાથી અભ્યાસમાં ઉત્તમ નંબરે પાસ થતા ગયા અને વડોદરા રાજ્ય તરફથી તેમને શ્રાવણ માસ દક્ષિણા મળતી ગઈ. ત્યાં ત્રણે શાસ્ત્રોનો અભ્યાસ પૂરો કરી તે વ્યાકરણના અભ્યાસ માટે કાશી ગયા, અને ત્યાંની ઉત્તમ પરીક્ષા પસાર કરી અમદાવાદ આવ્યા; બાદ સં. ૧૯૪૬માં ચરોતરના પ્રસિદ્ધ પુરાણી અને સમર્થ વૈદ્ય રાજારામ બાપુજીનાં મોટાં પુત્રી જીવકોર જોડે એમનું લગ્ન થયું. લગ્ન બાદ ફરી એમણે જયપુર રાજકીય આયુર્વેદ પાઠશાળામાં વૈદકનો અભ્યાસ શરુ કર્યો અને તે સંપૂર્ણ કરી અમદાવાદમાં આવીને 'આયુર્વેદ ચિકિત્સાલય' નામનું દવાખાનું સ્થાપ્યું, તે સાથે જ આયુર્વેદ પાઠશાળા પણ સ્થાપી. ક્રિયા અને કુશળતા બંને હોવાથી દવાખાનાની પ્રવૃત્તિ વધતી ગઈ અને અમદાવાદના તે લોકપ્રિય વૈદ્ય થઈ ગયા.

પણ ધંધા ઉપરાંત વિદ્વાન્‌સંગ અને વૈદ્યસમાજની ઉન્નતિ એ બે પ્રિય પ્રવૃત્તિઓ એમણે જીવનભર ચાલુ રાખી. ૧૯૧૧ માં અમદાવાદમાં સ્થપાઈને બંધ પડેલી સ્થાનિક વૈદ્યસભાને પુનર્જીવિત કરી તેના મંત્રી, પ્રધાન અને માનદ પ્રમુખ પોતે થયા; ગુજરાત પ્રાંતના વૈદ્યોનું સંગઠન કરી ઈ. સ. ૧૯૨૫માં તેનું પહેલું સંમેલન અમદાવાદમાં ભર્યું. મુંબઈમાં ભરાએલા તેના બીજા સંમેલનના અધ્યક્ષસ્થાનેથી આપેલા મનનીય વ્યાખ્યાનના ઊંડા જ્ઞાનથી તેમણે એવી છાપ પાડી કે ત્યાંની પ્રભુરામ આયુર્વેદિક કૉલેજે એમને પ્રાણાચાર્યની ઉપાધિ એનાયત કરી. કરાંચીમાં ભરાએલા ઑલ ઇંડિયા વૈદ્ય-સંમેલનમાં 'સ્વસ્થ-સંભાષા' પરિષદના તેમજ ૧૯૩૧માં

મ્હૈસુરમાં ઑલ ઇંડિયા વૈદ્ય-સંમેલનના 'રસાયણ-સંભાષા' પરિષદના પ્રમુખ તરીકે તે ચુંટાયા; અને સીલોનમાં ભરાએલા ઑલ ઇંડિયા વૈદ્યસંમેલનમાં ત્રિદોષના નિબંધ માટે તેમને સુવર્ણપદક મળ્યો. પાટણની તથા મુંબઈની પ્રભુરામ આયુર્વેદિક કૉલેજે તેમજ નિખિલ ભારત આયુર્વેદ વિદ્યાપીઠે તેમને પરીક્ષક તરીકે નીમેલા. ૧૯૩૫માં તેમણે ઑલ ઇંડિયા વૈદ્યસંમેલનને અમદાવાદમાં આમંત્રી તેનો રૌપ્યમહોત્સવ પણ દબદબાથી ઊજવ્યો. સને ૧૯૩૬ માં પં. મદનમોહન માલવીયજીએ કાશીમાં આમંત્રેલા ઑલ ઇંડિયા વૈદ્ય-સંમેલનના પ્રમુખ તરીકે તે સર્વાનુમતે ચુંટાયા, ને એમની કીર્તિને કળશ ચડ્યો.

ઈ. સ. ૧૯૩૭ ના સપ્ટેમ્બરની ૨૩મી તારીખે અમદાવાદમાં એમનું અવસાન થયું. એમને ચાર પુત્રો છે, જેમાંના મોટા વૈદ્યરત્ન માધવપ્રસાદ ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ વૈદ્યસંમેલનના ૧૯૪૧ના વર્ષના પ્રમુખ અને મ્યુનિસિપલ આયુર્વેદિક દવાખાનાના મેડિકલ ઑફિસર છે. બીજા નટવર-પ્રસાદ, ત્રીજા જયંતીલાલ અને ચોથા ઇન્દ્રવદન અભ્યાસ કરે છે. એમના જીવનવિષયક વિશેષ માહિતી 'વૈદ્યસભા રજતજયંતી ગ્રંથ' તેમજ 'ઑલ ઇંડિયા આયુર્વેદ મહામંડળ રજતગ્રંથ'માંથી મળે છે.

ઈ. સ. ૧૯૧૮માં એમનું પ્રથમ પુસ્તક 'પ્લેગ સુદર્શનચક્ર' બહાર પડ્યું. એમની કૃતિઓની યાદી નીચે મુજબ :

પ્લેગ સુદર્શનચક્ર, જ્વરચિકિત્સા, ક્ષયચિકિત્સા, અનુભૂત ચિકિત્સા, આક્ષેપક જ્વર, પંચભૂત, ત્રિદોષ.

પીરોઝશા જહાંગીર મરઝબાન (પીજમ)

મર્હુમ પીરોઝશા જહાંગીર મરઝબાન (પીજમ) પારસી દૈનિક પત્ર "જમે જમશેદ" વાળા મર્હુમ જહાંગીરજી બહેરામજી મરઝબાનના પુત્ર. તેમનાં માતાનું નામ જાયજીબાઇ હતું. તેમનો જન્મ તા. ૬-૫-૧૮૭૬ ને રોજ થયો હતો.

મુંબઈની ન્યુ હાઇસ્કૂલમાં તેમણે મેટ્રિક પસાર કરેલી અને ત્યારપછી કૉલેજમાં ઉંચી કેળવણી લઇ સને ૧૮૯૯ માં એમ. એ. પાસ થએલા. અંગ્રેજી સાહિત્ય પ્રતિ તેમનો ખાસ રસ હતો. પિતાના જીવનકાળ દરમ્યાન તેમણે "જમે જમશેદ"ના તંત્રી તરીકેનો ભાર ઉપાડ્યો હતો અને પિતાએ શરુ કરેલાં બધાં કાર્યોને સારી પેઠે આગળ વધાર્યાં હતાં. મ્યુનિસિપલ કૉર્પોરેટર તરીકે તેમણે મુંબઈ શહેરની અને કોમના એક આગેવાન તરીકે

પારસી કોમની સારી સેવાઓ બજાવી હતી. સરકારે તેમની સેવાઓ માટે તેમને સી. આઇ. ઇ. નો ખીતાબ આપ્યો હતો.

પિતાની સરલ કલમ અને રમૂજી શૈલીનો વારસો તેમને મળ્યો હતો. "જમે જમશેદ" દૈનિક ઉપરાંત "ગપસપ" નામનું રમૂજી પખવાડિક પત્ર તેમણે ચલાવ્યું હતું જે તેના હળવા વાચન માટે લોકપ્રિય બન્યું હતું. તેમણે કેટલીક નવલકથાઓ તેમજ નાટકો લખ્યાં હતાં. તા. ૧૧-૪-૧૯૩૩ નાં રોજ મુંબઇમાં તેમનું અવસાન થયું હતું.

મર્હુમનાં પત્નીનું નામ બાઇ રતનબાઇ. તેમના મોટા પુત્ર શ્રી. અરદેશર મરઝબાન હાલમાં "જમે"ના તંત્રી તરીકે અને બીજા પુત્ર રુસ્તમ મરઝબાન તેના વ્યવસ્થાપક તરીકે કામ કરે છે.

મર્હુમે લખેલાં પુસ્તકોની યાદી નીચે મુજબ છે :

"માઝનદરાન", "નસીબની લીલી", "જીવ પર જોરાવરી", "કોચીનો સાહુકાર", "ઘડી ચપકો", "ખેમાન સંગ્રહ", "વારેસે નાકબૂલ", "મોહબ્બત કે મુસીબત", "હેન્ડસમ બ્લેગાર્ડ" (નોવેલ અને નાટક), "અંગ્રીમેન્યુસ સાથ એગ્રીમેન્ટ", "માસીનો માકો" (નાટક), "કુકીબાઇ સાસુનું કનફેસાઉ", "અફલાતુન" (નાટક), "બાઇતાં પર કોઇનું", "દેવનું ડોકું", "મબ્બર મોહરો" (નાટક), "મેડમ ટીચકુ" (નાટક), "ધી સ્લેવ્ઝ ઓફ ડ્રામા", "ધી કોર્સ ઓફ ધમરન્સ", અને "ધ શી ઓનલી ન્યુ". છેલ્લાં ત્રણ પ્રીલ્મ માટેનાં નાટકો છે.

પીંગળશી પાતાભાઈ નરેલા

ભાવનગર રાજ્યના આ રાજ્યકવિનો જન્મ સંવત ૧૯૧૨ના આસો સુદ ૧૧ને દિવસે, ચારણ જ્ઞાતિમાં, ભાવનગરની જૂની રાજધાની સિહોરમાં થયો હતો. એમના પિતાશ્રી પાતાભાઈ મૂળુભાઈ પણ ભાવનગરના રાજ્યકવિ હતા. એમનાં માતાનું નામ શ્રી આઈબા. એમનું લગ્ન ભાવનગર તાબે તળાજા મહાલમાં સેવાળીઆ મુકામે શ્રી મૂળીબા સાથે સંવત ૧૯૩૮માં થએલું. એમને હરદાનભાઈ અને જોગીદાનભાઇ એમ બે પુત્રો તથા બે પુત્રીઓ છે. મોટા પુત્ર આજે ભાવનગર રાજ્યના રાજ્યકવિ છે.

પ્રાથમિક કેળવણી એમણે સિહોરની શાળામાં મહારાજા તખ્તસિંહજી-ની સાથે જ લીધેલી. ત્યારબાદ પોતે સંસ્કૃત, વ્રજભાષા, હિંદી, ચારણી વગેરે ભાષાઓનો ઘેર આપમેળે અભ્યાસ કરી એમાં પારંગત થયા. રામાયણ, મહાભારત, અવતાર ચરિત્ર અને ગીતા એ એમના નિત્યરટણના ગ્રંથોએ

એમના જીવનઘડતરમાં મોટો ફાળો આપ્યો હતો. એ ઉપરાંત સ્વામી ભરતરામજીએ એમના જીવન પર સારી અસર કરેલી. ભાવનગરના ત્રણે મહારાજા–શ્રી. તખ્તસિંહજી, ભાવસિંહજી તથા કૃષ્ણકુમારસિંહજી, ત્રણે દિવાનો શ્રી. સામળદાસ, શ્રી. વિઠ્ઠલભાઈ અને સર પ્રભાશંકર, તેમજ કર્નલ જોરાવરસિંહજી અને ગોહેલ હરિસિંહજીની પણ એમના જીવન પર અસર પડી હતી.

કાવ્યશાસ્ત્ર, પિંગળશાસ્ત્ર, રસશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, જ્યોતિષ તેમજ ખગોળશાસ્ત્ર એ એમના અભ્યાસના પ્રિય વિષયો હતા અને કાવ્યશાસ્ત્રની પ્રાચીન પ્રણાલિ પર તેમજ ચારણી છંદે એમણે ઘણા ગ્રંથો રચ્યા છે. એ ઉપરાંત તેઓ જૂની ચારણી છંદના સમર્થ વાર્તાકાર હતા.

રાજ્યમાં તેમનું સારું માન હતું અને પોતાની જ્ઞાતિની પણ એમણે સારી સેવા બજાવી છે. ભાવનગર તાબાનાં ચારણોનાં બધાં ગામોને તેમણે વારસાહક અપાવ્યો, અને ૧૯૩૫માં ભાવનગરમાં 'શ્રી. કૃષ્ણકુમારસિંહજી ચારણી વિદ્યાલય'ની સ્થાપના કરી. તેની કદર તરીકે કચ્છ–કાઠિયાવાડ અને ગુજરાતની સમગ્ર ચારણ જ્ઞાતિએ તેમને માનપત્ર આપેલું. ૧૯૮૮માં ભાવનગર યુવરાજશ્રીના જન્મપ્રસંગે મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ એમને શેઢાવદર ગામ વંશપરંપરા બક્ષિશ કર્યું. સંવત ૧૯૯૫ના ફાગણ સુદ ૧૪ ને શનિવાર તા. ૪થી માર્ચ ૧૯૩૯ના રોજ ભાવનગરમાં એમનું અવસાન થયું. એમના અવસાન બાદ શ્રી. ઝવેરચંદ મેઘાણીએ તા. ૧૦–૩–૩૯ના 'ફુલછાબ' તથા તા. ૯–૩–૩૯માં 'જન્મભૂમિ'માં લખેલા અંજલિલેખો તથા 'શારદા'માં શ્રી. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યાએ લખેલા લેખોમાં એમના જીવનવિષયક માહિતી પ્રકટ થઈ છે. એમના ગ્રંથોઃ—

તખ્તપ્રકાશ, ભાવભૂષણ (અલંકાર ગ્રંથ), કૃષ્ણકુમાર કાવ્ય, શ્રી. સત્યનારાયણની સંગીતમાં કથા, હરિરસ (ટીકા સહિત), સુજાત ચરિત્ર સતી મણિ (નવલ), ઇસર આખ્યાન, સુબોધમાળા, પિંગળ કાવ્ય ભાગ ૧–૨, કૃષ્ણ બાળલીલા, ચિત્ત ચેતાવની, પિંગળ વીરપૂજા.

પુરુષોત્તમ વિશ્રામ માવજી

પ્રાચીન ઈતિહાસના અભ્યાસી, પ્રાચીન ઐતિહાસિક અને કલાત્મક સામગ્રીમાં આપણા ઈલાકાનો અજોડ તથા સમૃદ્ધ સંગ્રહ એકઠો કરનાર અને સાહિત્ય તેમજ કલાપ્રચાર માટે સક્રિય પ્રયત્નો કરનાર આ ગર્ભશ્રીમંત ગૃહસ્થનો જન્મ ઈ. સ. ૧૮૭૯ના નવેમ્બરની ૧૧ મી તારીખે, સંવત

૧૯૩૫ના આશ્વિન વદ ૧૨ના રોજ કાઠિયાવાડમાં દ્વારકા પાસે આવેલા વરવાળા ગામમાં તેમના વતનમાં ભાટિયા જ્ઞાતિમાં થયો હતો. એમના પિતાનું નામ વિશ્રામ ભાવજી અને એમની અટક સંપટ, પરંતુ એઓ મથાળે દર્શાવેલા પિતા તથા દાદાના સંયુક્ત નામ સાથે જ ઓળખાતા. એમનાં માતાનું નામ માણેકબાઈ.

માધ્યમિક શિક્ષણમાં મેટ્રિક પસાર કરીને એમણે ઘેર મિ. જેમ્સ મેકડોનલ્ડ નામના અંગ્રેજ પાસે અભ્યાસ કર્યો અને એ અભ્યાસને પરિણામે જ એમનામાં ઇતિહાસ–અન્વેષણ, કલાપ્રેમ અને પ્રાચીન વસ્તુ-સંગ્રહનો શોખ પ્રકટ્યાં. એમના જીવન પર મુખ્ય અસર પણ એ મિ. મેકડોનલ્ડની, અને એ ઉપરાંત સ્વ. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી તથા સ્વ. સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસીની પડેલી. એ ત્રણેના ગાઢ પરિ-ચયમાં તે હતા, અને એ ઉપરાંત પણ પોતાના સંસ્કારી સ્વભાવ અને ઇતિહાસના અભ્યાસને કારણે તેઓ ઘણા રાજામહારાજાઓ, દેશપરદેશના વિદ્વાનો અને રાષ્ટ્રપ્રેમી રાજકીય આગેવાનોના સંસર્ગમાં આવેલા.

એમનું પ્રથમ લગ્ન મુંબઇમાં સંવત ૧૯૫૨માં થએલું; દ્વિતીય લગ્ન લાનોલીમાં સંવત ૧૯૬૨માં થયું, એ એમનાં પત્નીનું નામ શ્રી. પ્રેમ-કુંવરબાઈ છે. એમને હંસરાજ નામના એક યુવાન પુત્ર હયાત છે, જેમણે બી. કોમ. તથા એલ. એલ. બી.ની પદવી પ્રાપ્ત કરી છે.

એમનો મુખ્ય વ્યવસાય તો વ્યાપાર અને ઉદ્યોગ, અને ઉદ્યોગોમાં મુખ્યત્વે મીલો સંબંધીનો. એ ઉપરાંત આજે બીજી ચાલતી દ્વારકાની પ્રચંડ અને વિખ્યાત સીમેન્ટ ફેક્ટરીના મૂળ સ્થાપક અને સંયોજક પણ તેઓ જ હતા, અને પરદેશો સાથે પણ વ્યાપારનું વિશાળ ક્ષેત્ર એમણે યોજ્યું હતું.

ઇતિહાસ, રાજકારણ, સાહિત્ય, કલા, પુરાવસ્તુ (antiquities) અને શિલ્પસ્થાપત્ય એ એમના અભ્યાસના પ્રિય વિષયો હતા, પરંતુ તેમાંયે ઇતિહાસ અને કલા એમને વિશેષ પ્રિય હતાં, અને એ વિષેનું ઊંડું જ્ઞાન એમણે સંપાદન કર્યું હતું. મુંબઈની રોયલ એશિયાટિક સોસાયટી નામના વિખ્યાત વિદ્વન્મંડળના તેઓ એક અગ્રણી સભ્ય હતા. મહારાષ્ટ્રના ઇતિહાસના તેઓ અચ્છા અભ્યાસી ગણાતા અને પ્રાચીન ઇતિહાસ–અન્વેષણ તથા તેની સામગ્રીના સંગ્રહ પાછળ એમણે કરેલો દ્રવ્યવ્યય બીજા સંસ્કારી શ્રીમંતોને અનુકરણીય બને તેવો છે. ઐતિહાસિક અને કલાત્મક સામગ્રીનો એમનો સંગ્રહ કોઈ પણ એક વ્યક્તિની માલિકીના સંગ્રહ તરીકે અજોડ

કહી શકાય તેવો હતો. એ જોવાને આપણા દેશના તેમજ યુરોપ–અમેરિકાના અનેક ઇતિહાસ–કલાપ્રેમી વિદ્વાનો આવતા. એમના એ અણમોલ સંગ્રહસ્થાનનો એક મહત્ત્વનો ભાગ મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં છે, અને બીજો એમના પુત્ર પાસે છે.

એ જ કલાપ્રેમે એમની પાસે કઢાવેલું મુંબઈનું જાણીતું 'લક્ષ્મી આર્ટ પ્રિન્ટિંગ પ્રેસ' તથા તેનાં કલામય પ્રકાશનો તો જનતામાં બહુ ઊંડે સુધી એમનું નામ પ્રસારી ગયાં છે. આ ઇલાકામાં સચિત્ર સાહિત્યપ્રકાશનનો જ્યારે કેવળ અભાવ હતો એ કાળમાં 'સુવર્ણમાળા' નામનું સામયિક ચિત્ર-પ્રકાશન પ્રકટ કરવાનો અને તે પછી સુંદર ચિત્રોવાળાં સુશોભિત પુસ્તકો પ્રથમ બહાર પાડવાનો જશ પણ એમને વર્યો છે.

અમદાવાદની છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમથી યોજાએલા કલાપ્રદર્શનને અધ્યક્ષસ્થાનેથી એમણે આ દેશની તળપદી કળાઓના અભ્યાસ અને સમુદ્ધાર વિષે મનનીય ભાષણ આપ્યું હતું; અને મુંબઈની બીજી સાહિત્ય પરિષદના સત્કાર-પ્રમુખ તરીકે પણ તેમણે વિદ્વત્તાભરેલો લેખ વાંચ્યો હતો. ત્રીજી સાહિત્ય પરિષદમાંનો 'ઐતિહાસિક સાહિત્યનું સ્વરૂપ' નામનો નિબંધ પણ મનનીય છે.

આ ઉપરાંત દક્ષિણ હિંદના પ્રસિદ્ધ શાસ્ત્રીજી શ્રી. ટી. સુબારાયા અનેકલ પાસેથી એમણે આપણાં જૂનાં વિજ્ઞાનનાં શાસ્ત્રોના પણ ઉતારા કરાવ્યા હતા.

પોતાની ભાટિયા જ્ઞાતિની ઉન્નતિ માટે પણ એમણે સતત પ્રયત્નો કર્યા હતા, અને જ્ઞાતિની સેવામાં તેમના તંત્રીપદ નીચે 'ભટ્ટી હિતેચ્છુ' માસિક નીકળતું. અનેક ઊગતા કલાકારો તથા સાહિત્યકારોને આર્થિક તેમજ બીજી સહાય કરીને તેમણે પોતાના ધનનો સાર્થ વ્યય કર્યો હતો. સાહિત્ય તેમજ કળાનાં ક્ષેત્રોમાં તથા બીજાં ક્ષેત્રોપયોગી કાર્યોમાં આપેલી આ સેવાની કદરશનાસીમાં વડોદરા રાજ્ય તરફથી તેમને 'રાજ્યરત્ન'નો ઇલ્કાબ આપવામાં આવ્યો હતો.

સંવત ૧૯૮૫ ના જ્યેષ્ઠ વદિ ૧૧, તા. ૩ જી જુલાઈ ૧૯૨૯ના રોજ મુંબઈમાં એમનું અવસાન થયું. એમનો પ્રથમ ગ્રંથ ઈ. સ. ૧૮૯૮ માં–સંવત ૧૮૫૪ માં પ્રસિદ્ધ થયો. એમના ગ્રંથોની સમગ્ર યાદી નીચે મુજબ છે:

(૧)	રજપુતાનાનાં દેશી રાજ્યો	વિ. સં. ૧૯૫૪
(૨)	રણવીરસિંહ	,, ૧૯૫૬
(૩)	પ્રબોધ ભારત, ૧–૨	,, ૧૯૫૭

(૪) સુરસાગરની સુંદરી વિ. સં. ૧૯૬૦
(૫) શિવાજીનો વાઘનખ ,, ૧૯૬૨
(૬) માનવ ધર્મમાલા ,, ૧૯૬૨
(૭) સંધ્યા યાને મરાઠા રાજ્યનો સૂર્યાસ્ત ,, ૧૯૬૫
(૮) રણયજ્ઞ યાને પચીસ વર્ષનું યુદ્ધ ,, ૧૯૭૫
(૯) નીતિવચન ,, ૧૯૭૮
(૧૦) વજ્રાઘાત યાને વિજયનગરનો વિનાશકાળ ,, ૧૯૭૯
(૧૧) ચાર સંન્યાસી
(૧૨) વતનપત્રે, નિવાડપત્રે (મરાઠી)
(૧૪) ફેક્રિયત્સ અને યાદીઝ —
(૧૫) નેટિવ ઍડમિનિસ્ટ્રેટિવ જીનીઅસ ઑફ નાઈટીન્થ સેન્ચુરી (અંગ્રેજી)
(૧૬) વૉટ લિટરેચર ડૂ વી વૉન્ટ ,,
(૧૭) શિવાજીનું સ્વરાજ્ય
(૧૮) ધી ઈન્ડિયન સ્ટ્રે થૉટ્સ સીરીઝ ૧, ૨, ૩ ,,

પૃથુલાલ હરિકૃષ્ણ શુક્લ

સ્વ. પૃથુલાલ હરિકૃષ્ણ શુક્લનો જન્મ તા. ૧૯-૯-૧૮૯૫ને રોજ થએલો. તે મૂળ નડિયાદના વતની હતા, અને બાજ ખેડાવાળ જ્ઞાતિના હતા. તેમના પિતાનું નામ હરિકૃષ્ણ મોતીલાલ શુક્લ અને માતાનું નામ પ્રસન્નબા. તેમણે લગ્ન કર્યું નહોતું.

તેમના દાદા નડિયાદના સ્ટેશનમાસ્તર હતા તેથી તેમનું વતન નડિયાદ થએલું. તેમના પિતા હરિકૃષ્ણ સુરત જીલ્લામાં પોસ્ટ માસ્તર હતા એટલે તેમના પિતા સાથે બાલ્યાવસ્થા સુરત જીલ્લામાં તેમણે ગાળી હતી. પ્રાથમિક કેળવણી તેમણે ચીખલી અને મણુદેવીમાં લીધી હતી. માધ્યમિક કેળવણી પણ એ જ જીલ્લાનાં જુદાં જુદાં ગામોમાં અંગ્રેજી ૬ ધોરણ સુધી લીધી હતી. પંદરથી અઢારમા વર્ષ સુધી તે સુરત જીલ્લામાં રહેલા. એ વખતે પિતાનું અવસાન થતાં તે નોકરી માટે એક વર્ષ સુધી મદ્રાસ, કલકત્તા, રંગુન, રામેશ્વર વગેરે રથળે ફર્યા અને ત્યાંથી તેમને સુરત તેડી લાવવામાં આવ્યા. ત્યાંથી ૨૧મા વર્ષે તે નડિયાદ આવ્યા.

નડિયાદમાં થોડો વખત તેમણે અંત્યજશાળામાં કામ કર્યું. સને ૧૯૧૮ના અરસામાં તેમણે છોટાલાલ પરીખ અને શંકરલાલ શુક્લની સાથે

મળીને 'ભારત' પત્ર તથા પ્રેસની પ્રવૃત્તિ ઉપાડી. એ પત્રના પ્રથમ તંત્રી પૃથુલાલ શુક્લ હતા. ત્યારપછી તે ગાંધીજી પાસે સત્યાગ્રહાશ્રમમાં આવીને રહ્યા અને એક વર્ષ પછી ત્યાંથી છૂટા થઇ પાછા નડિયાદ ગયા. ત્યાંથી મુંબાઈ જઇને ૧૯૨૬માં કોઇ સ્ટીમરના વાયરલેસ વિભાગમાં તેમણે કામ કર્યું. છેવટે ૧૯૨૮માં તે 'સાંજ વર્તમાન' પત્રની ઑફીસમાં જોડાયા. તા. ૧૫-૧૧-૧૯૩૧ ને રોજ સાંતાક્રુઝમાં ન્યુમોનિયાની બિમારીથી તેમનું અવસાન થયું.

તેમની મુખ્ય કૃતિઓ "કુલપાંદડી" (૧૯૨૪) અને "આરામગાહ" (૧૯૨૮) છે. તેમની કલમ પ્રતિ શ્રી કવિ નાનાલાલે 'કુલપાંદડી'ની પ્રસ્તાવનામાં અનન્ય પ્રેમ દર્શાવ્યો છે. તેમનાં કેટલાંક લખાણો હજી અપ્રકટ અવસ્થામાં છે. રવીન્દ્રનાથ અને ટોલસ્ટોયનાં લખાણોએ તેમના જીવન અને લેખન ઉપર અસર નીપજાવી હતી.

બહેચરલાલ ત્રિકમજી પટેલ (વિહારી)

બહુ પ્રકાશમાં નહિ આવેલા, પણ ઊંચી મેધા ધરાવનાર અને 'વિહારી' નામથી કાઠિયાવાડમાં જાણીતા આ કવિનો જન્મ ભાવનગર રાજ્યના સિહોર ગામમાં પાટીદાર જ્ઞાતિમાં સં. ૧૯૨૨ના ચૈત્ર સુદ ૬ તા. ૨૨ મી માર્ચ ૧૮૬૬ના રોજ થયો હતો. એમના પિતાનું નામ ત્રિકમજી પુરુષોત્તમ અને માતાનું નામ ગંગાબાઈ.

ગુજરાતી સાત ધોરણ સિહોરમાં અને અંગ્રેજી છ ધોરણ ભાવનગરમાં કરી રાજકોટ અને અમદાવાદની ટ્રેનિંગ કોલેજોમાં એમણે અધ્યાપનનું શિક્ષણ લીધું અને અંતિમ પરીક્ષામાં ૮૦ ટકા ગુણ લઈ પહેલા વર્ષમાં પહેલે નંબરે આવ્યા. તરત તે કેળવણી ખાતામાં જોડાયા અને જીવનભર એ જ વ્યવસાયમાં, તાલુકા શાળાના હેડમાસ્તર અને ગોંડલ અધ્યાપન મંદિરના આચાર્ય તરીકે રહ્યા.

સંવત ૧૯૪૧ માં શ્રી મણિબાઈ સાથે એમનું લગ્ન થયું. એમને ત્રણ પુત્રો છે; ત્રણેય ગ્રેજ્યુએટ છે. મોટા પુત્ર શ્રી ચંદુલાલ પટેલ ગોંડલ રાજ્યના વિદ્યાઅધિકારી અને વચેટ પુત્ર જયન્તીલાલ તથા નાના ધીમતલાલ વકીલાત કરે છે.

એમના પિતા વ્યવહારકુશળ, વાચનના શોખીન અને વેદાંતજ્ઞાની હતા, અને એમણે બાળપણથી જ એમનામાં સારા વિદ્યાસંસ્કાર તથા ઉચ્ચ જીવનબીજ રોપ્યાં હતાં. તે પછી અભ્યાસકાળ દરમ્યાન કુમાર વયે સાક્ષર

વિવેચક શ્રી નવલરામભાઈ, પિંગળકાર રણછોડભાઈ ઉદયરામ, કેશવ હર્ષદ ધ્રુવ અને ડાહ્યાભાઈ દેરાસરી જેવા ગુરુઓના ઊંચા સંસ્કાર એમણે ઝીલ્યા હતા. તે ઉપરાંત સ્વયંશિક્ષણમાં કવિ નર્મદની પ્રેમશૌર્યભીની સંસ્કારિતા, ધ્યાનારામ સૂર્યરામ દેસાઇ કૃત 'હિંદ અને બ્રિટાનિયા', ગોવર્ધનરામ કૃત 'સરસ્વતીચંદ્ર' અને મણિલાલ નભુભાઈ કૃત 'ગુલાબસિંહ' આદિની અસર જીવન પર અદ્‌ભુત થઈ, અને જીવનમય સાહિત્યની ભૂમિકા બંધાઈ. સંસ્કૃતના તે સારા જ્ઞાતા હોઈ મહાભારત, ભાગવત, બ્રહ્મસૂત્ર, ગીતા આદિનો પણ એમણે સૂક્ષ્મ અભ્યાસ કર્યો હતો અને ગુરુ શ્રી પ્રકાશાનંદજી મહારાજ તથા અન્ય સંન્યાસીઓ ને સંતો સાથેની આધ્યાત્મિક ચર્ચા વગેરેથી એમની પ્રતિભા પોષાઈને પુષ્ટ બની હતી.

એમની કૃતિઓમાં સંસ્કૃત ગુજરાતી કાવ્યો ઉપરાંત કેટલાક ભાષ્ય-ગ્રંથો પણ છે. સાહિત્ય ઉપરાંત વેદાંત એમનો પ્રિય વિષય હતો. એમની પ્રથમ કૃતિ 'વીરસિંહ અને પ્રેમરાય' નામનું સળંગ લાંબું કાવ્ય સં. ૧૯૪૩ માં ૨૧ વર્ષની વયે પ્રસિદ્ધ થયું. પણ એમનું જાણીતું કાવ્ય તે 'વીરસૂ' અને એમને ખ્યાતિ મળી તે એમણે મેઘદૂતના રચેલા સમશ્લોકી ભાષાંતરથી. એ ઉપરાંત એમના 'આત્મોન્નતિ' નામના કાવ્યસંગ્રહમાં એમની વિવિધ કૃતિઓ સંગ્રહાએલી છે.

એમનું જીવન અનેકવિધ હતું અને એમની તીવ્ર બુદ્ધિશક્તિ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં ચમકી ઊઠી હતી. સંસ્કૃત ઉપરાંત ગણિત એમનો પ્રિય વિષય હોઈ તે સારા ગણિતશાસ્ત્રી અને વ્યાપારી નામામાં નિષ્ણાત હતા, અષ્ટાવધાન કરી શકતા, હસ્તાક્ષરપરીક્ષામાં પણ તે નિષ્ણાત લેખાતા અને જ્યોતિષી તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા,—એવા કે પોતાના અવસાનની તિથિ, વાર, સમય એમણે ૨૦ વર્ષ પૂર્વે ભાખી રાખ્યાં હતાં, અને તે જ મુજબ સં. ૧૯૯૩ ના કાર્તિક વદિ ૪, તા. ૨૨ મી નવેમ્બર ૧૯૩૭ ના રોજ સંધ્યાસમયે એ ગોંડલમાં અવસાન પામ્યા.

અખંડ ખાદીધારી અને દેશની ઊંડી દાઝ ધરાવનાર એ કવિનાં રાષ્ટ્રભક્તિનાં કાવ્યો અને દુહા જાણીતાં છે. સાહિત્યસેવક, કેળવણીકાર ઉપરાંત રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિને લીધે એમની અન્ય પ્રવૃત્તિઓ જ્ઞાતિ અને દેશહિતનાં કાર્યોની પણ હતી.

એમની કૃતિઓની વર્ષવાર યાદી નીચે મુજબ છે :

૧. વીરસિંહ અને પ્રેમરાય ૧૯૪૩ (૧૮૮૭)

૨.	પંચદશી ભાષાંતર	૧૯૪૯	(૧૮૯૩)
૩.	ભાગવત પુષ્પાંજલિ	૧૯૫૧	(૧૮૯૫)
૪.	મહિમ્નસ્તોત્ર ભાષાંતર	૧૯૫૫	(૧૮૯૯)
૫.	જયશંકર સ્તોત્ર ભાષાંતર	૧૯૫૫	(૧૮૯૯)
૬.	વીરસૂ	૧૯૬૩	(૧૯૦૭)
૭.	મેઘદૂત ભાષાંતર	૧૯૬૪	(૧૯૦૮)
૮.	રાજ્યોત્સવ	૧૯૬૫	(૧૯૦૯)
૯.	બ્રહ્મસૂત્ર ભાષાંતર	૧૯૬૬	(૧૯૧૦)
૧૦.	પ્રેમલક્ષણા ભક્તિ	૧૯૬૮	(૧૯૧૨)
૧૧.	આત્મોન્નતિ	૧૯૭૧	(૧૯૧૫)
૧૨.	ગીતાવૃત્તવિહારી ભાષાંતર	૧૯૭૪	(૧૯૧૮)
૧૩.	રાષ્ટ્રગીત	૧૯૭૭	(૧૯૨૧)
૧૪.	ઉપનિષદ ભાષાંતર	૧૯૮૧	(૧૯૨૫)
૧૫.	સંગીત ગીતા પુષ્પાંજલિ	૧૯૮૪	(૧૯૨૮)
૧૬.	ગીતા પંચામૃત	૧૯૮૪	(૧૯૨૮)
૧૭.	ગીતા પુષ્પાંજલિ	૧૯૮૪	(૧૯૨૮)
૧૮.	વૃત્તવિહારિણી ગીતા (સંસ્કૃત)	૧૯૮૬	(૧૯૩૦)
૧૯.	શિવસપ્તકમ્ (સંસ્કૃત)	૧૯૮૮	(૧૯૩૨)
૨૦.	શ્રીકૃષ્ણશરણમ્ (સંસ્કૃત)	૧૯૮૮	(૧૯૩૨)
૨૧.	ગીતાભુવનમ્ (સંસ્કૃત)	૧૯૮૯	(૧૯૩૩)
૨૨.	સૌવર્ણસૌંદર્ય	૧૯૯૦	(૧૯૩૪)
૨૩.	ઉત્તરરામચરિત (ભાષાંતર)	૧૯૯૧	(૧૯૩૫)
૨૪.	શાકુંતલ (ભાષાંતર)	૧૯૯૧	(૧૯૩૫)
૨૫.	વિહારી આર્યાવર્ત યાત્રા	૧૯૯૨	(૧૯૩૬)

બહેરામજી મલબારી

સ્વ. બહેરામજી મલબારીનો જન્મ ઈ. સ. ૧૮૫૩ માં વડોદરામાં થયો હતો. કુટુંબમાં ખટરાગને કારણે તેમનાં માતા વડોદરેથી સુરતમાં આવી વસ્યાં હતાં ત્યારે બહેરામજી બે વર્ષની વયના હતા. સુરતમાં બહેરામજી કુસંગમાં પડી ગયા. બાર વર્ષની વયે માતાનું મૃત્યુ થતાં તેમની આંખો ઊઘડી ગઈ અને તેમણે બધાં દુર્વ્યસનોનો ત્યાગ કર્યો. જ્ઞાન મેળવવાની ઝંખના થતાં સુરતની મિશન સ્કૂલમાં તે દાખલ થયા. ત્યાં તેમણે મેટ્રિક

સુધી અભ્યાસ કર્યો પરન્તુ ગણિતમાં નાપાસ થવાથી આગળ અભ્યાસ મુલ્તવી રાખવો પડ્યો.

તેમનું વલણ સાહિત્ય તરફ વિશેષ હતું. શેક્સપિયર, મિલ્ટન, વર્ડ્ઝવર્થ, સ્પેન્સર આદિ કવિઓનો તેમણે ખૂબ અભ્યાસ કર્યો. પોતે કવિ હતા અને અંગ્રેજી સાહિત્યના અભ્યાસ પછી તે અંગ્રેજી-ગુજરાતી બેઉ ભાષામાં કવિતાઓ રચવા લાગ્યા. ડૉ. વિલ્સને તેમની શક્તિ જોઈને સર કાવસજી જહાંગીરને ભલામણ કરી 'ટાઇમ્સ ઑફ ઇંડિયા'ના તે વખતના તંત્રી મિ. માર્ટિન વૂડના હાથ નીચે નોકરીમાં રખાવ્યા. સામાજિક અને રાજકીય સુધારણા વિષેના તેમના લેખો શિક્ષિત વર્ગમાં હોંશભેર વંચાતા હતા. ઈ. સ. ૧૮૭૫ માં મિત્રોની સહાયથી તેમણે 'ઇંડિયન સ્પેક્ટેટર' નામનું અંગ્રેજી સામાહિક શરુ કર્યું હતું. ઈ. સ. ૧૮૭૮ માં મિ. માર્ટિન વૂડ 'ટાઇમ્સ ઑફ ઇંડિયા' માંથી છૂટા થતાં તેમની મદદથી 'ગુજરાત અને ગુજરાતી' નામનું બીજું પત્ર તેમણે શરુ કરેલું. ૧૮૮૩ માં દાદાભાઈ નવરોજીના આશ્રય હેઠળ 'વૉઇસ ઑફ ઇંડિયા' પત્ર શરુ થયું તેના મુખ્ય લેખક તરીકે પહેલેથી શ્રી. મલબારી રહ્યા હતા. સ્ત્રી-શિક્ષણ, વિધવાવિવાહનો પ્રચાર અને સેવાસદનની સ્થાપના એ બધું કેટલેક અંશે એમના શ્રમને આભારી છે. તેમની ગુજરાતી કવિતાઓ સાદી, સરલ અને બોધક હતી.

ઇંગ્લાંડની મુસાફરી તેમણે ત્રણ વખત કરેલી. 'ઇંડિયન આર્ય ઑન ઇંગ્લીશ લાઇફ' નામનું તેમનું પુસ્તક ઇંગ્લાંડની લોકસ્થિતિના દર્શનને આધારે તેમણે લખેલું જે ખૂબ વખણાયેલું. છેલ્લે તેમણે 'ઇસ્ટ ઍન્ડ વેસ્ટ' નામનું પ્રખ્યાત માસિક પત્ર શરુ કરેલું પરંતુ તેની લાંબી કારકીર્દી તે જોઈ શક્યા નહિ અને તા. ૧૧-૭-૧૯૧૨ ના રોજ સીમલામાં અવસાન પામ્યા.

જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી

સ્વ૦ શ્રીમદ્ બુદ્ધિસાગરજી જૈન મુનિ સાંસારિક સ્થિતિમાં ગુજરાતના વીજાપુરના પાટીદાર (કૂર્મક્ષત્રિય) હતા. તેમનું નામ બહેચરદાસ હતું, પિતાનું નામ પટેલ શિવરામ હતું અને માતાનું નામ અંબાબાઇ હતું. તેમનો જન્મ સં. ૧૯૩૦ના મહા સુદી ૧૪ને રોજ થએલો. તેમણે પ્રાથમિક કેળવણી વીજાપુર, મહેસાણા અને આબૂમાં લીધી હતી. નાની વયથી તે

સંતસમાગમના રસિયા હતા. અવધૂત રવિસાગરજીનાં દર્શન થયા પછી તેમને સંતસમાગમ વધુ પ્રિય થયો હતો અને સંસાર પ્રતિ ઉદાસીનતા તથા ત્યાગ. ધર્મ પ્રતિ પ્રેમ જાગ્યો હતો. શ્રી રવિસાગરજીના શિષ્ય શ્રી. સુખસાગરજી મહારાજ પાસે તેમણે ૧૯૫૭ના માગશર માસમાં જૈન સાધુત્વની દીક્ષા લીધી હતી. પ્રથમ ચાતુર્માસ તેમણે સુરતમાં કરેલું અને પુસ્તકલેખનનો પ્રારંભ પણ ત્યાં જ કરેલો. તેમનું પ્રથમ પુસ્તક હતું: "જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો."

દીક્ષા પછી અધ્યયન, વિદ્વાનો–સંતો–શીલસુકૃતોનો સમાગમ અને ચર્ચા વગેરેમાં તે ખૂબ આગળ વધવા લાગ્યા હતા. સુપ્રસિદ્ધ મુસ્લીમ સંત કાજી અનવરમીયાં તેમના સમકાલીન હતા. વેદ, ગીતા, કુરાન, કલ્પસૂત્ર, જૈનાગમો વગેરેના જ્ઞાનનો સુંદર સમન્વય તેઓ કરતા અને પોતાનાં જાહેર વ્યાખ્યાનોમાં તે ઉતારતા. સંવત ૧૯૭૦માં તેમને આચાર્ય પદવી આપવામાં આવી હતી.

શ્રી. બુદ્ધિસાગરજી તત્ત્વજ્ઞાન અને યોગના પરમ અભ્યાસી હતા. નદીતટ કે સાગરકાંઠો, જંગલ, કોતર કે ગુહાઓમાં નિવાસ તેમને પ્રિય હતો. તેમની યોગ–ધ્યાનપ્રિયતા તેમની ગ્રંથરચનાઓમાં અને ઉપદેશોમાં પ્રતીત થતી. ૨૪ વર્ષ સુધી સાધુદશા પાળીને સં. ૧૯૮૧ના જેઠ વદ ૩ને રોજ તે કાળધર્મને પામ્યા હતા.

તેમની પ્રેરણાથી સં. ૧૯૬૪માં અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ સ્થપાયું હતું. તેમની જન્મભૂમિમાં એક વિશાળ જ્ઞાનમંદિર તેમની પ્રેરણાથી બંધાયું હતું જેમાં છાપેલા અને હસ્તલિખિત મૂલ્યવાન પુસ્તકોનો સંગ્રહ વિદ્યમાન છે. તે એક સારા કવિ પણ હતા અને અત્યંત સરલતાથી કવિતા-રચના કરી શકતા હતા. તેમણે સો ઉપરાંત નાનામોટા ગ્રંથો લખ્યા તથા પ્રસિદ્ધ કરાવ્યા હતા. સં. ૧૯૮૧માં જ્યારે તેમને લાગતું હતું કે હવે પૃથ્વી પરથી પ્રસ્થાન કરવાનો તેમનો સમય નજીક આવે છે તે વર્ષમાં તેમણે એકી સાથે ૨૭ પુસ્તકોનું પ્રકાશન આરંભ્યું હતું. તે પોતાની જન્મ-ભૂમિમાં જ સ્વર્ગવાસ પામ્યા હતા. સંખ્યાબંધ ગ્રંથો પ્રસિદ્ધ થવા છતાં તેમનું પુષ્કળ લખાણ હજી અપ્રસિદ્ધ રહ્યું છે.

તેમણે રચેલાં ગુજરાતી તથા સંસ્કૃત પુસ્તકોની સંખ્યા મોટી છે, જેમાંથી મહત્ત્વનાં ગુજરાતી પુસ્તકોની નામાવલિ અત્ર આપી છે:

કાવ્યગ્રંથો—ભજનસંગ્રહ ભાગ ૧ થી ૧૧ (આશરે ૩૫૦૦ પૃષ્ઠ), અધ્યાત્મ ભજનસંગ્રહ, પૂજાસંગ્રહ, ભાગ ૧–૨, ગહુંલી સંગ્રહ ભાગ ૧–૨,

ગુરુગીત ગહુંલીસંગ્રહ, સાબરમતી ગુણ શિક્ષણકાવ્ય, દેવવંદન સ્તુતિ–સ્તવન સંગ્રહ, કક્કાવલિ સુબોધ, ભારત સહકાર શિક્ષણ કાવ્ય, મિત્ર મૈત્રી.

ગદ્ય ગ્રંથો—કર્મયોગ (મૂલ સંસ્કૃત સાથે), પરમાત્મદર્શન, પરમાત્મજ્યોતિ, પત્રસદુપદેશ ભાગ ૧-૨-૩, બૃહત્ વીજાપુર વૃત્તાંત, બૃહત્ વચનામૃત, ગુરુબોધ, શોકવિનાશક, શ્રી. રવિસાગરજી મહારાજનું ચરિત્ર, સંત્ય સ્વરૂપ, ચિંતામણિ, અધ્યાત્મશાન્તિ, ગચ્છમત પ્રબંધ, શ્રીમદ્ યશોવિજયજી નિબંધ, સુખસાગર ગીતા, તપગચ્છ પટાવલિ, પ્રતિજ્ઞાપાલન, આત્મતત્ત્વદર્શન, જૈનોપનિષદ્, શિષ્યોપનિષદ્, તત્ત્વવિચાર, ષટ્દ્રવ્યવિચાર, આત્મપ્રકાશ, જૈન-ખ્રિસ્તી ધર્મનો મુકાબલો અને સંવાદ, તત્ત્વબિંદુ, લાલા લજપતરાય અને જૈન ધર્મ, અનુભવ પચ્ચીશી, તત્ત્વજ્ઞાન દીપિકા, કન્યાવિક્રય દોષ તથા બાળલગ્ન નિબંધ, આત્મશક્તિ પ્રકાશ, યોગદીપક, ધાર્મિક ગદ્યસંગ્રહ.

વિવેચન ગ્રંથો—આનંદઘન પદસંગ્રહ, આત્મદર્શન, સમાધિશતક, ગુણાનુરાગ કુલક, શ્રાવકધર્મ સ્વરૂપ ભાગ ૧-૨, આત્મશિક્ષા ભાવનાપ્રકાશ, ઇશાવાસ્યોપનિષદ્ ભાવાર્થ.

સંપાદિત ગ્રંથો—શ્રીમદ્ દેવચંદ્ર ભાગ ૧-૨, જૈન રસમાળા, જૈન ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભાગ ૧-૨, મુદ્રિત જૈન શ્વે. ગ્રંથ નામાવલિ, જૈન સ્યાદ્વાદ મુક્તાવલિ, કર્મપ્રકૃતિ.

મુખ્ય સંસ્કૃત ગ્રંથો—સુદર્શનાબોધ, આત્મપ્રદીપ, પ્રેમગીતા, શુદ્ધોપયોગ.

શ્રી. બુદ્ધિસાગરજીએ આરંભેલી અધ્યાત્મજ્ઞાન પ્રસારક ગ્રંથમાળામાં ઉપર જણાવ્યાં તે ઉપરાંત બીજાં મળીને આશરે ૧૨૫ પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે.

કવિ બુલાખીરામ ચકુભાઈ

કવિ બુલાખીરામનો જન્મ સંવત ૧૯૦૮ માં આસો વદ ૧૦ ને રોજ અમદાવાદમાં થયો હતો. તેમના પિતા ચકુભાઈ મંગળજી દવે ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણની ન્યાતમાં સુપ્રસિદ્ધ હતા. તે સ્વ. ભોળાનાથ સારાભાઇને ત્યાં ગુમાસ્તી કરતા. બુલાખીરામે ગુજરાતી ૬ ધોરણ અને અંગ્રેજી ત્રણ ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. નાની વયથી-નિશાળના અભ્યાસ દરમ્યાન પણ દોહરા છપ્પા લખવાનો અને 'ચોકીપ્રબંધ' 'નાગપ્રબંધ' જેવાં ચિત્રકાવ્યો રચવાનો તેમને નાદ હતો. 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ,' 'નામ તેહનો નાશ' એવાં કહેવતોને દોહરા કે છંદમાં ગૂંથી લઈ ને કવિતાઓ

લખવાનો તેમને ખૂબ શોખ હતો, અને સામાન્ય કહેવતો એમ કવિતામાં ગુંથાવાથી શ્રોતાઓ ઉપર ચમત્કારિક અસર થતી. પાછળથી કવિ દલપતરામનો સમાગમ થવાથી તેમની પાસે રહી તેમણે કવિતારચનામાં સારી કુશળતા મેળવી હતી. કવિ ભુલાખીરામ કવિ દલપતરામના અગ્ર શિષ્યોમાંના એક લેખાતા અને જાહેર સભાઓમાં તેમની કવિતાઓ સાંભળવા માટે લોકો ખૂબ એકત્ર થતા. તેમની કવિતા માટે તે વખતના સ્મોલકૉઝ કૉર્ટ જજ શ્રી. ગોપાળરાવ હરિએ સુંદર પ્રમાણપત્ર આપ્યું હતું.

કવિ ભુલાખીરામના ત્રણ કવિતાગ્રંથો પ્રસિદ્ધ થયા હતાઃ (૧) જ્ઞાનદર્શક કાવ્ય, (સં. ૧૯૨૫), (૨) કાવ્ય કૌસ્તુભ ભાગ ૧, (૩) કાવ્ય કૌસ્તુભ ભાગ (૨) (સં. ૧૯૯૧). તેમની કવિતાઓ મુખ્યત્વે ઉપદેશાત્મક, કટાક્ષાત્મક, સંસારસુધારા માટેના ઉદ્બોધનાત્મક અને વર્ણનાત્મક હતી. કવિ દલપતરામ અને શ્રી. ગોપાળરાવ હરિ દેશમુખ ઉપરાંત દી. બા. અંબાલાલ સાકરલાલ, શ્રી. ભોળાનાથ સારાભાઈ, રા. સા. મહીપતરામ, કવિ સવિતાનારાયણ, દી. બા. મણીભાઈ જશભાઈ, રા. બા. હરગોવિંદદાસ કાંટાવાળા, શ્રી. છોટાલાલ નરભેરામ, શ્રી. નવલરામ લક્ષ્મીરામ, વડોદરાનરેશ શ્રી. સયાજીરાવ વગેરે તેમના સમકાલીન વિદ્વાનોએ તેમની કવિતાને તે કાળે વખાણેલી અને ઈનામ-અકરામ દ્વારા તેમની કદર કહેલી.

કવિ ભુલાખીરામનું પ્રથમ લગ્ન તેમની ૧૧ વર્ષની વયે અને બીજું લગ્ન સં. ૧૯૩૦ માં ૨૨ વર્ષની વયે વ્યાસ હરિભાઈ લલ્લુભાઈનાં પુત્રી વીજકોર સાથે થએલું. વડોદરા રાજ્યની ન્યાયખાતાની અને રેવન્યુખાતાની નોકરીમાં તે નવસારી, કઠોર અને મહુવા તાલુકામાં રહેલા હતા. તેમણે હિંદનાં સૃષ્ટિસૌંદર્યનાં કેટલાંક સ્થળો, પહાડો, વગેરેનો પ્રવાસ કર્યો હતો. પોતાની ઔદિચ્ય જ્ઞાતિમાં સુધારા કરાવવાને તેમણે એક સભા સ્થાપેલી અને તે માટે પણ કેટલીક કવિતાઓ લખેલી. સં. ૧૯૪૨ માં માત્ર ચોત્રીસ વર્ષની વયે અમદાવાદમાં તેમનું અવસાન થયું હતું.

ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી

ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીનો જન્મ તા. ૭-૧૧-૧૮૩૯ ના રોજ જૂનાગઢમાં થયો હતો. તે ન્યાતે પ્રશ્નોરા હતા. તેમણે માત્ર પ્રાથમિક શિક્ષણ જ શાળામાં બેસીને લીધું હતું, પરન્તુ શાસ્ત્રપારંગત પિતા તથા ભાઈ પાસે સંસ્કૃતનો અભ્યાસ કરેલો તે એમને ભાવિ જીવનકાર્યમાં ખૂબ ઉપયોગી નીવડ્યો હતો.

ગિરનાર જતાં આવતાં તેની તળેટીમાં પડેલા અશોકના શિલાલેખો ઉકેલવાની તેમને પ્રેરણા થઈ અને જેમ્સ પ્રિન્સેપે છપાવેલા બ્રાહ્મી લિપિના મૂળાક્ષરોની કાગળ ઉપર નકલ ઉતારી લઈ તેની મદદથી એ લેખો તેમણે ઉકેલવા માંડ્યા. કાઠિયાવાડના પોલીટીકલ એજંટ કર્નલ લેંગ અને મુંબઈના પુરાવિદ ડો. ભાઉ દાજીના પ્રોત્સાહનથી પોતે કરેલા શિલાલેખોના ઉકેલ લઈ તે ઈ. સ. ૧૮૬૧ માં મુંબઈ ગયા, જ્યાંની રૉયલ એશિયાટિક સોસાયટીમાં એમણે કરેલો ઉકેલ માન્ય થયો. એ નાના પંડિત જેવો દુર્લભ સહકારી મળી આવવાથી ડો. ભાઉ દાજીએ તેમને ૧૯૬૨ માં મુંબઇમાં બોલાવી લીધા.

એ જ વર્ષમાં અજંતા જઈને પોતાના બધા અંગ્રેજ પુરોગામીઓના કરતાં ગુફાના લેખોની વધુ શુદ્ધ નકલો તે ઉતારી લાવ્યા અને ૧૮૬૩ માં નાસિક, કાર્લા, ભાજા, જુન્નર, નાનાઘાટ વગેરેની ગુફાઓના લેખો ઉકેલી જેસલમેરના જૈન ભંડારોના દુર્મિલ ગ્રંથોની નકલો કરવા તે ગયા. ત્યાં સતત ભેજમાં કામ કરવાથી તે ટાઈફોઈડની બિમારીનો ભોગ થઈ પડ્યા. બાદ ડો. ભાઉ દાજીએ તેમને બંગાળ, ઉત્તર હિંદ અને વાયવ્ય પ્રાંતમાં પડેલી અઢળક પુરાસામગ્રી તપાસવા મોકલ્યા. નાગપુર, જબલપુર, અલાહાબાદ, બનારસ, ભિટ્ટા, મથુરા, દિલ્હી આદિ સ્થળે ખૂબ રખડીને તે ૧૮૬૮ માં પ્રાચીન સિક્કાઓ તથા લેખસામગ્રી મેળવી લાવ્યા. નાણાંને અભાવે તે બરાબર પ્રવાસ કરી શકયા નહિ એમ જોઈને ડો. ભાઉ દાજીએ તેમને રાજ્યના એક અમલદાર તરીકે માસિક રૂા. ૨૦૦ ના પગારથી રખાવ્યા અને વધુ મુસાફરીની સગવડ કરાવી આપી. ૧૮૭૧ થી ૧૮૭૪ સુધીમાં તેમણે આખા હિંદનાં બધાં મુખ્ય શહેરો જોઈ લીધાં અને છેક નેપાળ સુધી ઘૂમી આવ્યા. તે માત્ર શુષ્ક પુરાવિદ નહિ પણ પુરાજ્ઞાનપિપાસુ હોઈ સફર દરમિયાન પુરાતત્ત્વ ઉપરાંત પ્રાંતે પ્રાંતના રીતરીવાજ, ભાષા, પહેરવેશ, ધર્મ વગેરેનું જ્ઞાન મેળવતા અને તેની નોંધ રાખતા.

૧૮૭૪ માં ડો. ભાઉ દાજી અવસાન પામ્યા, પણ ભગવાનલાલભાઈએ પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી. મળેલી સામગ્રી ઉપરથી ઇતિહાસ નિર્માણ કરવાની એમની શક્તિ અજબ હતી. અસંભવિત મનાતી ક્ષત્રપોની વંશાવલિ માત્ર સિક્કાઓને જ ઉકેલીને એમણે સળંગ ગોઠવી આપી હતી. ખારવેલના અઘરા મનાતા લેખો થોડા વખતમાં ઉકેલીને એમણે જે નિર્ણયો આપ્યા હતા તેમાં હજીસુધી કોઈ કશો ફેરફાર દર્શાવી શકયું નથી. પરદેશમાં પણ તેમની કીર્તિ પ્રસરી હતી. ડો. બર્જેસ, પીટર્સન અને કોંડગ્ટન

જેવા તેમના મિત્રો હતા. ડૉ. બુહ્લર તેમના ગુજરાતી લેખોનું અંગ્રેજી કરતા હતા.

૧૮૭૭ માં મુંબઈની રૉયલ એશિયાટિક સોસાયટીએ એમને માનદ સભ્ય બનાવ્યા હતા. ૧૮૮૨ માં મુંબઈ યુનિવર્સિટીએ ફેલો નીમીને તેમને સન્માન્યા હતા. ૧૮૮૩ માં લેગની રૉયલ ઈન્સ્ટીટ્યુટે તેમને ફોરીન મેમ્બર બનાવ્યા હતા. ૧૮૮૪ માં લંડન યુનિવર્સિટીએ તેમને ડૉક્ટર ઑફ લિટરેચરની પદવી આપી હતી. ડૉ. ભગવાનલાલ ૧૮૮૮ માં અવસાન પામ્યા હતા.

શિલાલેખોમાંથી ઇતિહાસ તારવી કાઢીને નિર્જીવ પત્થરોને સજીવન કરી બતાવનાર એ વિરલ પ્રતિભાધારી વિદ્વાનની શતાબ્દી ગુજરાતે ૧૯૩૯ માં ઉજવી હતી. ૧૯૪૩ માં મુંબઈ યુનિવર્સિટીમાં તેમની પ્રતિમા વડોદરાનરેશને હસ્તે ખુલ્લી મુકાઈ હતી. તેમના મૃત્યુ પછી ૫૫ વર્ષે પણ તેમની સેવાનું સ્મારક થયું તે એ સેવાની મૂલ્યવત્તાનું નિદર્શક બને છે. પુરાતત્ત્વવિષયક લેખો તેમનો મૂલ્યવાન સાહિત્યવારસો છે.

પોતાની પાસેના જૂના લેખો, સિક્કાઓ તથા બીજી કેટલીક મૂલ્યવાન વસ્તુઓ તેમણે મુંબઈની એશિયાટિક સોસાયટીને, બ્રિટિશ મ્યુઝિયમને અને મુંબઈની નેટીવ જનરલ લાયબ્રેરીને સોંપી દીધેલાં છે. તેમના વંશમાં હાલ કોઈ પણ નથી.

કવિ ભવાનીશંકર નરસિંહરામ

સ્વ. કવિ ભવાનીશંકર નરસિંહરામ ત્રિવેદીનો જન્મ તા. ૬-૬-૧૮૪૮ ને રોજ તેમના વતન લીંબડીમાં થયો હતો. તેમના પિતાનું નામ નરસિંહરામ મીઠારામ ત્રિવેદી અને માતાનું નામ દેવકુંવર હતું. તે સામવેદી શ્રીમાળી બ્રાહ્મણ હતા. લીંબડીમાં તેમણે કશુ ભટની ગામઠી નિશાળમાં ગુજરાતી અભ્યાસ કરેલો અને બ્રિટિશ અમલ સ્થાયી થયા પછી અંગ્રેજી એ ધોરણ સુધી અભ્યાસ કરેલો. સાહિત્યોપાસના અને કાવ્યો તથા નાટક-નવલકથાનું આદિનું લેખન એ જ તેમના વ્યવસાયો હતા.

તેમના જીવન ઉપર પ્રબળ અસર જાણીતા સંસારસુધારક સ્વ. કરસનદાસ મૂળજીની થઈ હતી. સ્વ. કરસનદાસ લીંબડીના એડમિનિસ્ટ્રેટર તરીકે સને ૧૮૬૭ ની સાલમાં ગએલા અને ૧૮૭૧ ની સાલમાં અવસાન પામ્યા ત્યારસુધી કવિનો એમની સાથે ગાઢ સંપર્ક રહેલો. એમના સંપર્કને પરિણામે કવિએ સંસારસુધારાના વિષય પર કલમ ચલાવવા માંડેલી. તેમની કવિતા દલપતશૈલીની હતી.

સને ૧૮૮૨માં કવિએ "ગુજરાત માસિક પત્ર", ૧૮૮૩ માં "ત્રિમાસિક ટીકાકાર", ૧૮૮૮ માં "કાઠિયાવાડી" સામાહિક અને ૧૯૦૦ માં "વિદ્યાવિનોદ" માસિક શરુ કરીને ચલાવેલાં. 'કાઠિયાવાડી' સામાહિકમાં જાણીતા પારસી કવિ દાદીબા એદલજી તારાપોર કવિના સાથી હતા. આ ઉપરાંત વર્ષો સુધી 'સાંજ વર્તમાન', 'રાસ્ત-ગોફતાર', 'અખબારે સોદાગર', 'સમશેર બહાદુર' વગેરે પત્રોમાં તે લેખો લખતા. સને ૧૯૧૩માં સર ચીનુભાઈ માધવલાલના પ્રમુખપદે કવિના સત્કારનો સમારંભ અમદાવાદમાં થયો હતો, અને ગુ. વ. સોસાયટીએ કવિને કેટલાક ગ્રંથો ભેટ આપ્યા હતા. સ્વ. મહીપતરામ નીલકંઠ, રા. બા. ભોળાનાથ સારાભાઈ, રા. બા. લાલશંકર, દી. બા. અંબાલાલ, સ્વ. હરગોવિંદદાસ કાંટાવાળા, સ્વ. કેખુશરો કાબરાજી, સ્વ. જહાંગીર મરઝબાન, સ્વ. મેરામજી મલબારી, સ્વ. શાપુરજી બંગાલી એ બધા કવિના પ્રશંસકો અને ઉત્તેજકો હતા.

કવિનું અવસાન તા. ૩-૫-૧૯૨૧ માં લીંબડીમાં થયું હતું. તેમણે લખેલાં કાવ્ય, નાટક, નિબંધ, કથા ઇત્યાદિ ગ્રંથોની નામાવલિ નીચે પ્રમાણે છેઃ

(૧) કૃષ્ણવિરહ (કરસનદાસ મૂળજીના સ્વર્ગવાસ નિમિત્તે લખેલાં કાવ્યો), (૨) વિધવાવિલાપ, (૩) કાવ્યરંગ, (૪) સ્ત્રીબોધ, (૫) દેશી કારીગરીને ઉત્તેજન ભાગ ૧-૨, (૬) ભવાનીકાવ્યસુધા ભાગ ૧-૨, (૭) સંપવિજય, (૮) હિંદુસ્તાનના વાજબી હક્ક, (૯) ગૌરીશંકર ઓઝાનું ચરિત્ર, (૧૦) અનંતજી અમરચંદનું જીવનચરિત્ર, (૧૧) આશકરણ સ્વામીનું જીવનચરિત્ર, (૧૨) હેમચંદ્ર સૂરિનો મુકદ્દમો (કવિતા), (૧૩) સૌરાષ્ટ્ર-પ્રકાશ, (૧૪) બાવદીન વિજય, (૧૫) ગુજરાતી જૂનાં ગીતો, (૧૬) ગુજરાતી ગીતાવલિ, (૧૭) કમલાકુમારી, (૧૮) કુંવારી કન્યા, (૧૯) સોરઠી સોમનાથ, (૨૦) મીઠા જળની માછલી કે ધીરજનું ફળ ધન, (૨૧) સરદારગઢનો સરદાર, (૨૨) મણીપુરનો મહારાજા, (૨૩) દ્વન્દ્વ યુદ્ધ, (૨૪) સુદામા ચરિત્ર-પંચાંકી નાટક, (૨૫) જશવંતવિયોગ, (૨૬) કરકસર અને ઉદારતા.

કવિ ભવાનીશંકરનું લગ્ન તેમની એકત્રીશ વર્ષની વયે સાયલામાં અચરતગૌરી સાથે થએલું. તેમને બે પુત્રીઓ અને ત્રણ પુત્રો હતા જેમાંનાં નાનાં પુત્રી સવિતાગૌરી, મોટા પુત્ર શ્રી. પ્રાણુલાલ અને નાના પુત્ર શ્રી. દયાશંકર વિદ્યમાન છે. શ્રી. દયાશંકર પત્રકારનો તથા ગ્રંથકારનો વ્યવસાય કરે છે. કેટલીક બંગાળી નવલકથાઓના અનુવાદો તેમણે કરેલા છે. 'મુંબઈ સમાચાર' સામાહિકના તે સહતંત્રી છે.

ભાઈશંકર નાનાભાઈ ભટ્ટ

સ્વ. ભાઈશંકર નાનાભાઈ ભટ્ટ (સોલીસીટર) નો જન્મ સંવત ૧૯૦૧ ના શ્રાવણ સુદી ૧૧ ના રોજ અમદાવાદ જીલ્લાના તેમના વતન ભુવાલડી ગામે થયો હતો. તેમના પિતાનું નામ નાનાભાઈ રાજારામ ભટ્ટ હતું. તેમનાં માતુશ્રીનું નામ કૃષ્ણાબાઈ હતું. જ્ઞાતે તે રાયકવાળ બ્રાહ્મણ હતા. તેમનું લગ્ન સાણંદમાં મહાનંદ ભટ્ટનાં પુત્રી રેવાબાઈ સાથે થયું હતું. તેમને કાંઈ સંતાન થયાં નહોતાં.

ભુવાલડીમાં પ્રાથમિક કેળવણી લેવાની સાથે તેમણે થોડું સંસ્કૃત ભાષાનું જ્ઞાન પણ મેળવ્યું હતું. ત્યારપછી અમદાવાદમાં તે માધ્યમિક કેળવણી લેવા આવ્યા હતા અને મધુકરી કરીને તથા ટ્યુશન કરીને ચાર-પાંચ ધોરણ જેટલું અંગ્રેજી જ્ઞાન સંપાદન કર્યું હતું. ત્યારપછી તે શેઠ દલપતભાઈની મુંબઈની પેઢીમાં નોકરી કરવા ગયા હતા. હિસાબી કામના સારા જાણકાર હોવાથી તેમને ત્યારપછી સુરતની બેન્કમાં નોકરી મળી હતી. ત્યાંથી તે પાછા મુંબઈમાં મેસર્સ જફરસન અને પેન સોલીસીટરોની પેઢીમાં મેનેજિંગ ક્લાર્ક તરીકે આવ્યા હતા. સાહેબના ઉત્તેજનથી તેમણે અભ્યાસ કરીને હાઇકોર્ટ વકીલની પરીક્ષા પસાર કરી હતી અને તેમાંથી આગળ વધીને તે સને ૧૮૭૫-૭૬ માં સોલીસીટર થયા હતા. આ બધો ખાનગી અભ્યાસ તથા પરિશ્રમનો પ્રતાપ હતો. લોકમાન્ય તિલક સામેના સરકારના કેસમાં બચાવ પક્ષ તરફથી લડવા કોઈ તૈયાર નહોતું, ત્યારે તે માટે ભાઈશંકરભાઈ તૈયાર થયા હતા. ધંધામાં તેમણે પુષ્કળ દ્રવ્ય સંપાદન કર્યું હતું. મેળવેલા ધનનો સદુપયોગ પણ તેમણે અનેક લોકોપયોગી સંસ્થાઓને મોટાં દાનો આપીને કર્યો હતો. સોલીસીટરના ધંધામાંથી નિવૃત્ત થઈને તે કેટલોક વખત અમદાવાદમાં રહ્યા હતા, જ્યાં તેમણે અમદાવાદ મ્યુ. ના પ્રમુખ તરીકે અને ગુ. વ. સોસાયટીના પ્રમુખ તરીકે થોડો-થોડો વખત કામ કર્યું હતું. તા. ૬ઠ્ઠી મે ૧૯૨૦ને રોજ મહાબળેશ્વર-માં તેમનું અવસાન થયું હતું.

ધર્માદા અને વિદ્યાવૃદ્ધિનાં કાર્યોમાં તેમણે પુષ્કળ ધનનો વ્યય કર્યો હતો. પિતાને નામે તેમણે રાયપુરમાં 'નાનાભાઈ ગુજરાતી શાળા'નું વિશાળ મકાન બંધાવી આપ્યું છે. 'અમદાવાદ સંસ્કૃત પાઠશાળા'ને એક મકાન અર્પણ કર્યું છે. માતાને નામે અમદાવાદમાં સ્મશાનભૂમિમાં લાય-બ્રેરી અર્પણ કરી છે. તે ઉપરાંત જમાલપુરમાં સપ્તર્ષિનો આરો અને સ્મશાનની પડાળીઓ તેમણે બંધાવી આપી છે. પત્નીને નામે અમદાવાદ

રેલ્વે સ્ટેશન સામે ' રેવાબાઈ ધર્મશાળા ' બંધાવીને તે જીલ્લા બ્રોકલ બોર્ડને અર્પણ કરી છે. પત્નીને નામે કાશીમાં તેમણે એક વિશાળ ધર્મશાળા બંધાવી છે અને દ્વારકા બેટમાં નાની ધર્મશાળા બંધાવી છે. ' રેવાબાઈ ડિસ્પેન્સરી ' (રાયપુર), પાલડી મ્યુ. ડિસ્પેન્સરી તથા લાયબ્રેરી, 'ભાઈ-શંકર નાનાભાઈ લાયબ્રેરી ' (રાયપુર) અને જમાલપુરમાં મ્યુ. બાગ, એ બધાં તેમનાં જ દાનોનાં ફળરૂપ છે. આ ઉપરાંત તે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ વગેરે દ્વારા આર્થિક મદદ કરતા, અને ગુ. વ. સોસાયટીને વિદ્યાર્થીઓને ઈનામ તથા સ્કોલરશીપ આપવા માટે મોટી રકમ ટ્રસ્ટ તરીકે સોંપી છે. વિશેષમાં મુંબઈમાં પણ તેમણે કેટલાંક દાનો કર્યાં છે.

વ્યવસાયની સાથે સાથે તેમનો સાહિત્યરસ પણ વાચન તથા લેખન દ્વારા વહેતો. તેમણે પૂર્વાવસ્થામાં કેટલાક છૂટા નિબંધો લખેલા અને વ્યવહાર તથા નીતિના શ્લોકોનાં સમશ્લોકી ભાષાંતર કરેલાં. તેમનાં પ્રસિદ્ધ થએલાં પુસ્તકો નીચે મુજબ છે :

(૧) કામનાથ ને રૂપસુંદરી (નાટક), (૨) સંસાર દુઃખદર્શન (નાટક), (૩) રંભા–રતિલાલ ત્રોટક (અલંકારપ્રધાન), (૪) વ્યવહાર મયૂખ-ભાષાંતર, (૫) શિવલક્ષ્મી ને દીપચંદ શાહ (સુધારક લગ્નવિશિષ્ટ વાર્તા), (૬) મારા અનુભવની નોંધ (નોંધપોથીની તારવણી).

આ ઉપરાંત " મહાભારત "નું સાદ્યંત ભાષાંતર પ્રસિદ્ધ કરવા માટે તથા "સ્વદેશવત્સલ" માસિક પત્ર ચલાવવા માટે તેમણે સ્વ. મણિશંકર મહાનંદને સારી પેઠે સહાય કરેલી.

ભોગીલાલ ત્રિકમલાલ વકીલ

સ્વ. ભોગીલાલ ત્રિકમલાલ વકીલનો જન્મ ખેડા જીલ્લામાં આવેલા તેમના વતન આસોદરમાં સં. ૧૯૧૦ ના માગશર વદ ૦)) ને દિને થયો હતો. તે સાઠોદરા નાગર ગૃહસ્થ હતા. તેમના પિતાનું નામ ત્રિકમલાલ ઉજમરામ અને માતાનું નામ કાશીબા હતું.

તેમણે મેટ્રીક સુધીનું શિક્ષણ અમદાવાદની મિશન હાઈસ્કૂલમાં લીધું હતું. પાલનપુર એજન્સીના વકીલની તથા વડોદરા રાજ્યની પ્રાંતન્યાયા-ધીશીઓના વકીલની પરીક્ષાઓ પસાર કરીને તેમણે સનદો મેળવી હતી. વકીલ તરીકે વડોદરા રાજ્યની સારી સેવા બજાવ્યા બદલ મર્હુમ મહારાજા સયાજીરાવે તેમને વરિષ્ઠ ન્યાયાધીશના વકીલ તરીકેની સનદ ઉપરાંત રૂા. ૩૦૦ ઇનામ આપ્યું હતું. વૈદકનો ધંધો તે પરમાર્થ માટે કરતા અને અ.

ભા. આયુર્વેદ મહામંડળ તરફથી તેમણે પહેલા અધિવેશનમાં જ "ચિકિત્સક ચૂડામણિ"ની પદવી પ્રાપ્ત કરી હતી. 'આર્યભિષક્'ના કર્તા શંકર દાજી શાસ્ત્રીપદે અને સુરતના વૈદ્ય તિલકચંદ તારાચંદ તેમના પરમ મિત્રો હતા. નિસર્ગોપચાર–'નેચરોપથી'નો તેમણે ઊંડો અભ્યાસ કર્યો હતો, અને એ તેમના અભ્યાસનો પ્રિય વિષય હતો.

સ્વ. પ્રો. મણિલાલ નભુભાઈ દ્વિવેદીની તેમણે વૈદ્યકીય સારવાર કરેલી તેના બદલામાં તેમણે ભોગીલાલભાઈને પ્રાણવિનિમય (મેસ્મેરિઝમ) વિદ્યા શીખવી હતી અને ત્યારબાદ એ વિદ્યામાં પારંગત થઈને ઘણા વિધેયોને વિશ્વદૃષ્ટિમાં આણી જનતાને ઉપકારક થાય એ માર્ગે દોર્યા હતા.

ડો. એસંટનાં 'થીઓસોફી' વિષેનાં પુસ્તકો, શ્રેયઃસાધક અધિકારી વર્ગનાં પુસ્તકો, રમાઈલ્સનાં 'જાતમહેનત', 'સહવર્તન' અને 'કરકસર' વગેરે પુસ્તકો, વૉશિંગ્ટન તથા એકનનાં જીવનચરિત્રો અને એડોલ્ફ જુસ્ટનું 'રિટર્ન ટુ નેચર' એ પુસ્તકો તેમનાં જીવનભર પ્રિય પુસ્તકો રહ્યાં હતાં.

"ધન્વંતરી" નામનું વૈદ્યક વિદ્યાનું માસિક પત્ર તેમણે કાઢેલું તેના તંત્રી તરીકે ઈ. સ. ૧૯૦૮ થી ૧૯૨૨ સુધી તેમણે સતત કામ કર્યું હતું. તેમનું પહેલું પુસ્તક ઈ. સ. ૧૮૯૮ માં "દૈવી અદ્‌ભુત ચમત્કાર અને બાળારતવન" બહાર પડ્યું હતું. ત્યારપછી તેમણે લખેલાં નીચેનાં પુસ્તકો બહાર પડ્યાં હતાં: "અનંત જીવન શી રીતે પ્રાપ્ત કરવું?" (૧૯૧૪), "હું રોગી છું કે નીરોગી?" (લુઈ કુન્હેનો અનુવાદ) (૧૯૧૬), "ચિકિત્સાસાગર" (૧૯૨૫), "આર્ય રસાયણશાસ્ત્ર" (૧૯૨૨).

તેમનાં પત્ની શિવલક્ષ્મીથી તેમને બે પુત્રો તથા બે પુત્રીઓ થયાં હતાં. મોટા પુત્ર ડો. મંજુલાલ (એમ. સી. પી. એસ.; એમ. સી. એસ. સી.) ૧૯૦૮ માં પ્લેગથી ગુજરી ગયા હતા. નાના પુત્ર ડો. મહાદેવપ્રસાદ (એમ. ડી., એન. ડી.) વિદ્યમાન છે.

મગનલાલ વખતચંદ શેઠ

સ્વ. મગનલાલ વખતચંદનો જન્મ ઇ. સ. ૧૮૩૦ માં અમદાવાદમાં મારુ વીસાશ્રીમાળી જૈન જ્ઞાતિમાંના શેઠ કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું પૂરું નામ વખતચંદ ઉર્ફે ઘેલાભાઇ પાનાચંદ હતું. તેમનાં પત્નીનું નામ રતનબહેન હતું, જે ખેરાળુ તાલુકાના ઉમતા ગામનાં હતાં. તે સરકારી અંગ્રેજી સ્કૂલમાં ભણતા હતા તે વખતે જ તેમણે લેખન–વાચનનો શોખ

કેળવ્યો હતો, અને તેને પરિણામે તેમણે ગુ. વ. સોસાયટી માટે "હોળી" ઉપર નિબંધ લખ્યો હતો જે સોસાયટીએ ઈ. સ. ૧૮૫૦ માં શિલાછાપમાં છપાવી પ્રસિદ્ધ કર્યો હતો. તેમણે મેટ્રિકની પરીક્ષા પસાર કરી હતી. તેમની સાથે તે વર્ષમાં એ પરીક્ષા પસાર કરનાર માત્ર બે જ વિદ્યાર્થીઓ અમદાવાદના હતા.

સને ૧૮૫૧ ની સાલમાં અમદાવાદના હરકુંવર શેઠાણીએ કાઢેલા સોરઠના જૈન સંઘમાં, તેમજ તે અગાઉના બીજા સંઘોમાં પણ તે ગએલા, એ સંઘનું વર્ણન તેમણે ત્યારપછી લખેલું હતું. જૈનાચાર્ય શ્રી વીરવિજયજી પોતે પૂર્વાશ્રમમાં કેશવ ભટ્ટ હતા, ત્યારથી માંડીને તે અવસાન પામ્યા ત્યાર-સુધીનું જીવનચરિત્ર પણ તેમણે કેટલીક શોધખોળ કરીને લખેલું હતું. એમાંથી વિક્રમની ૧૯ મી સદીના પૂર્વાર્ધના જૈન જીવનનો કેટલોક પરિચય મળે છે. મરાઠાઓના રજત્વના છેવટના ભાગનો, અંગ્રેજી સમયની શરૂઆ-તનો તથા અમદાવાદનો ઇતિહાસ તેમણે લખેલો હતો. એ જૂનો ઇતિહાસ-ગ્રંથ 'ગૂજરાતનું પાટનગર' એ ગ્રંથ લખવામાં શ્રી. રત્નમણિરાવને કેટલેક અંશે આધારરૂપ બનવા પામ્યો હતો. આ ઉપરાંત સ્વ. મગનલાલે બીજાં પણ બે ત્રણ નાનાં પુસ્તકો લખ્યાં હતાં.

તેમણે સને ૧૮૬૪ માં સ્થપાયલી રોયલ બેંકની અમદાવાદની શાખાના એજંટ તરીકે બે વર્ષ સુધી કામ કર્યું હતું. અમદાવાદની મ્યુનિ-સિપાલીટીના કમિશનર તરીકે પણ તેમણે સેવા બજાવી હતી. સને ૧૮૬૮ ના માર્ચની તા. ૧૧ મીએ માત્ર ૩૮ વર્ષની વયે તે અવસાન પામ્યા હતા, પરન્તુ એટલા સમયમાં પણ તેમણે જે કાંઈ લેખનકાર્ય કર્યું હતું તે તે કાળની દૃષ્ટિએ વિરલ પ્રકારનું હતું. તે પોતાની પાછળ વિધવા પત્ની, બે પુત્રીઓ મોતી બહેન તથા સમરથ બહેન અને છ વર્ષની વયનો પુત્ર મૂકી અવસાન પામ્યા હતા. એ પુત્ર તે સ્વ. અચરતલાલ ઉર્ફે બાલાભાઈ શેઠ. તેમના પુત્ર શ્રી. નેમીકુમાર કેટલેક શ્રમ લઈને સંશોધન કરી સ્વ. મગન-લાલના જીવનની આટલી માહિતી પૂરી પાડી શક્યા છે.

તેમનાં પુસ્તકો નીચે મુજબ છેઃ (૧) હોળી વિષે નિબંધ, (૨) અમદાવાદનો ઇતિહાસ, (૩) જૈનાચાર્ય શ્રી વીરવિજયજીનું જીવનચરિત્ર.

મણિશંકર ગોવિંદજી વૈદ્યશાસ્ત્રી

એમનો જન્મ જામનગરમાં ગિરનારા બ્રાહ્મણ જ્ઞાતિમાં સં. ૧૯૧૫ના શ્રાવણ સુદ બીજના દિવસે થયો હતો. એમના પિતાનું નામ ગોવિંદજી સવજી જોશી અને માતાનું નામ ઝવેરબાઈ હતું.

જામનગરમાં તેમણે મેટ્રિક સુધી અભ્યાસ કર્યો હતો; એ દરમ્યાન એમના મોટા ભાઈ કાલિદાસ ગોવિંદજી તથા વૈદ્યરત્ન ઝંડુ ભટ્ટજીના સહવાસથી પડેલી અસરને લીધે એમણે વૈદકનો વ્યવસાય ગ્રહણ કર્યો અને એક પાઈની પણ મૂડી વિના જીવનની શરુઆત કરવા છતાં બુદ્ધિ અને સ્વાશ્રય વડે જામનગરની જાણીતી 'આતંકનિગ્રહ ઔષધાલય' નામની સંસ્થા જમાવી. પરન્તુ આમ મુખ્ય વ્યવસાય વૈદકનો હોવા છતાં એમના અભ્યાસના પ્રિય વિષયો અધ્યાત્મવિદ્યા અને ફિલ્સૂફી હતાં અને લેખન પર એમને પ્રીતિ હતી. એમનું ગીતાનું ભાષાંતર લોકપ્રિય છે.

જામનગર, લાલપુર અને લુણાવાડા એમ ત્રણ સ્થળે ત્રણ વખત એમનાં લગ્ન થએલાં અને એ ત્રણ પત્નીનાં નામ અનુક્રમે સુંદરબાઈ, મોતીબાઈ અને ચંચળબાઈ હતાં. એમના ચાર પુત્રોમાં મોટા મોતીલાલ ગ્રેજ્યુએટ થઈ પિતાની હયાતીમાં અવસાન પામ્યા; બીજા શંકરલાલ પણ ગ્રેજ્યુએટ થઈ પિતાના મરણ બાદ ઔષધાલય ચલાવતા તેમ જ એક નાટક કંપની પણ કાઢેલી, પરંતુ તેમનો ૧૯૯૪માં સ્વર્ગવાસ થયો; ત્રીજા પુત્ર ગુલાબરાય ફોટો આર્ટિસ્ટ છે અને ચોથા ત્રંબકલાલ ગ્રેજ્યુએટ છે, જે બંને આજે ઔષધાલય સંભાળે છે.

એમનાં પુસ્તકોની યાદી :

મુક્તા (મૌલિક નવલકથા), રામ અને રાવણ, પાંડવ અને કૌરવ, પાંડવાશ્વમેધ, સંક્ષિપ્ત કાદંબરી, ચિકિત્સાબ્ધિ (વૈદક–મૌલિક), આર્યાનાર્ય–ઔષધ (વૈદક મૌલિક), મણિ મનુસ્મૃતિ (સટીક ભાષાંતર), શ્રીમદ્ ભગવદ્-ગીતા (સટીક ભાષાંતર).

મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)

સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટનો જન્મ સં. ૧૯૨૪ ના કાર્તિક વદ ૮ ના રોજ કાઠિયાવાડમાં લાઠી નજીક આવેલા તેમના વતન ચાવંડ ગામમાં થયેલો. જ્ઞાતે તેઓ પ્રશ્નોરા નાગર હતા. તેમના પિતાનું નામ રત્નજી મુકુંદજી ભટ્ટ અને માતાનું નામ મોતીબાઈ. તેઓ ચાર ભાઈઓ હતા.

સૌથી મોટા સ્વ. ગૌરીશંકર એક કુશળ વૈદ્ય અને હરિકથાકાર હતા. બીજા સ્વ. માધવજી (પ્રો. હરિલાલ ભટ્ટના પિતા) ગુજરાતી શિક્ષક હતા. ત્રીજા હરજીવનભાઈ અને ચોથા–સૌથી નાના મણિશંકરભાઈ. તેમને બે બહેનો હતી : દયાબહેન અને પ્રાણીબહેન.

તેમના કુટુંબની સ્થિતિ સાધારણ હતી. મણિશંકરભાઈની બાલ્ય વયમાં જ તેમના પિતા અવસાન પામ્યા હતા. તેમણે પ્રાથમિક કેળવણી માંગરોળમાં, મોરબી તથા રાજકોટમાં અને માધ્યમિક કેળવણી ગોંડળ તથા રાજકોટમાં લીધી હતી. રાજકોટની હાઈસ્કૂલમાં તેમના સહાધ્યાયીઓ સ્વ. પ્રભાશંકર પટ્ટણી અને મહાત્મા મોહનદાસ ગાંધી હતા. ઉંચી કેળવણી તેમણે મુંબઈની એલ્ફીન્સ્ટન કૉલેજમાં લીધી હતી. લૉજીક અને મૉરલ ફીલોસોફીનો વિષય લઈ ઈ. સ. ૧૮૮૮ની સાલમાં તે બી. એ. માં બીજા વર્ગમાં પાસ થયા હતા. જ્ઞાતિમાં એ પહેલા જ ગ્રેજ્યુએટ હોવાથી તેમને માનપત્ર આપવામાં આવ્યું હતું. કૉલેજના પ્રિન્સીપાલ વર્ડ્ઝવર્થ તથા ફીલોસોફીના પ્રોફેસર મેકમિલન એ બેઉનો મણિશંકરભાઈ ઉપર પક્ષપાત હતો.

મણિશંકરભાઈનું પ્રથમ લગ્ન તેમની ચૌદ–પંદર વર્ષની વયે કુંડલાના વૈદ્ય જટાશંકરની પુત્રી નર્મદાકુંવર સાથે થયું હતું. એ બાઈ અત્યંત સુશીલ અને રૂપવાન હતાં. સં. ૧૯૪૭ માં ભરયુવાવસ્થામાં તેમનું અવસાન થવાથી મણિશંકરભાઈના હૃદય ઉપર ખૂબ આઘાત થયો હતો. તે સમયની તેમની વિહ્વળતા બેહદ હતી. સ્વ. નર્મદાકુંવરના અવસાનથી થયેલો હૃદયાઘાત તેમની કેટલીક કવિતામાં અનેક સ્વરૂપે ઊતર્યો છે. મણિશંકરભાઈનું બીજી વખતનું લગ્ન જામનગરમાં શંકરલાલ જેઠાભાઈનાં પુત્રી બાઈ નર્મદા સાથે ખંભાળિયામાં થયું હતું. તેમનાથી મણિશંકરભાઈને પાંચ સંતાનો–ત્રણ પુત્રો અને બે પુત્રીઓ થયાં હતાં : મુનિકુમાર, જયન્તકુમાર, સ્વ. સૌ. હૃદયલક્ષ્મી, સ્વ. અજીતકુમાર અને સૌ. ડોલરકલી. સૌ. નર્મદા પણ સંવત ૧૯૭૪ માં મૃત્યુ પામ્યાં હતાં.

મણિશંકરભાઈ બી. એ. માં પાસ થયા પછી તુરત ૧૮૮૯ માં સુરતની સરકારી હાઈસ્કૂલમાં આસિસ્ટંટ તરીકે નીમાયા હતા. બીજે વર્ષે ૧૮૯૦ માં તે વડોદરાના કલાભવનમાં સાહિત્યશાસ્ત્રના અધ્યાપક તથા ટ્રેનિંગ કૉલેજના હેડમાસ્તર નીમાયા હતા. રાજકુમાર જયસિંહરાવના શિક્ષક તરીકે પણ તે કામ કરતા. વડોદરા રાજ્યની નોકરી આઠ વર્ષ કર્યા પછી

તે તેમાંથી છૂટા થયા હતા. "શિક્ષણનો ઇતિહાસ" પુસ્તક તેમણે વડોદરા રાજ્યની નોકરી દરમિયાન લખેલું.

તા. ૧-૧૨-૬૮ થી તે ભાવનગરના કેળવણી ખાતામાં જોડાયા, તે પચીસ વર્ષ સુધી રહ્યા. ભાવનગરમાંના તેમના જીવનકાળમાં અનેક રીતે તેમની કસોટી થાય તેવા બનાવો બન્યા. ભાવનગરમાં આવ્યા પૂર્વે ખ્રિસ્તી ધર્મ તરફ તેમના હૃદયનું આકર્ષણ થયું હતું. ભાવનગરમાં તેમણે એ ધર્મના સાહિત્યનો અભ્યાસ વધાર્યો અને સને ૧૯૦૦ માં તેમણે ખ્રિસ્તી ધર્મ જાહેર રીતે સ્વીકાર્યો. જ્ઞાતિજનો અને સ્નેહી જનો તરફથી તે માટે તેમના ઉપર ફીટકારનો વરસાદ વરસ્યો. અનેક વર્તમાનપત્રોએ તેમની સામે તરેહવાર આક્ષેપો કર્યા. સ્વભાવ અત્યંત કોમળ હોવાથી તેઓ નિંદા સહન કરી શક્યા નહિ અને અંતઃકરણથી જે સત્ય માનતા તેનો સ્વીકાર નિભાવી શક્યા નહિ. બાપ્તીઝમ લીધા પછી ભાવનગર રાજ્યની નોકરી પણ તેમણે છોડી દીધી હતી, તે તેમણે ૬ માસ પછી પાછી લીધી અને તે ખ્રિસ્તી ધર્મ છોડી આર્ય થયા, જોકે અંતઃકરણથી તે ખ્રિસ્તી જ રહ્યા હતા. તેમણે વેદ, ગીતા, કુરાન વગેરે ધાર્મિક પુસ્તકો ધ્યાનથી વિચાર્યા હતા, પરંતુ એ બધાંમાંથી પણ ખ્રિસ્તી ધર્મને અનુકૂળ જણાતી વાતો જ તેમના મગજમાં ચિતરાઈ જતી અને શાશ્વત અસર એ સિવાય બીજી કશાની રહેતી નહિ. ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યા અગાઉ તેમણે સ્વીડનબોર્ગ સંબંધે ઘણું વાંચ્યું હતું, એ વાચનની છાપ એમના મગજ ઉપર હમેશાં રહી હતી. મણિશંકર-ભાઈના મોટા ભાઈ ગૌરીશંકરે આવાં બધાં પુસ્તકો પોતાની પાસે રાખી લીધાં હતાં અને મણિશંકરભાઈને તે પાછાં ન આપવાં એવો નિર્ણય કર્યો હતો. એ પુસ્તકો વિના મણિશંકરભાઈ અસહાય જેવા બની ગયા. તેવામાં મોટા ભાઈનો પત્ર આવ્યો કે બધાં પુસ્તકો રેલ્વે પાર્સલથી રવાના કરી દીધાં છે, તે જાણતાં મણિશંકરભાઈને ઘણો હર્ષ થયો અને પુસ્તકો આવ્યા પછી એકેએક પુસ્તક પોતાના હાથે સાફ કરી, એક નવું કબાટ તે જ દિવસે ખરીદી તેમાં ગોઠવતાં ગોઠવતાં તે ખરેખર રોયા.

મણિશંકરભાઈના વિદ્વાન મિત્રોમાં શ્રી. બળવંતરાય ક. ઠાકોર, સ્વ. કલાપી, કવિ શ્રી નાનાલાલ અને સ્વ. અમૃતલાલ પઢિયાર મુખ્ય હતા. કલાપી સાથેનો એમનો વિશુદ્ધ સ્નેહ માત્ર ચારેક વર્ષ રહ્યો અને કલાપીના અવસાનથી તે પૂરો થયો. કલાપી ઉપર મણિશંકરભાઇના વ્યક્તિત્વની એવી અસાધારણ છાપ પડી હતી કે કલાપીનું હૃદય તેમની પાસે અજબ રીતે ખુલી ગયું હતું.

તેમણે ગદ્યમાં અનેક પુસ્તકો લખેલાં અને પદ્યમાં તેમની વિશિષ્ટતા-ભરી શૈલી આજે 'કાન્ત શૈલી'ને નામે ઓળખાવા લાગી છે. 'પૂર્વાલાપ'માં તેમનાં બધાં સારાં કાવ્યો સંગ્રહાયાં છે. ભાવનગરનરેશ સંગીતના પ્રેમી હતા અને નવી નવી તર્જો જોડતા, તે માટેની કવિતાઓ તે મણિશંકરભાઈ પાસે રચાવતા; પણ એ રીતે લખાયલી કવિતાઓ કૃત્રિમ હોઈ સાધારણ બનતી. યુરોપીય મહાયુદ્ધ પ્રસંગે ભાવનગર રાજ્ય તરફથી 'બ્રિટિશ અને હિંદી વિક્રમ' નામનું સાપ્તાહિક પત્ર પ્રચારાર્થે પ્રસિદ્ધ કરવામાં આવતું તેના તંત્રી મણિશંકરભાઈને બનાવવામાં આવ્યા હતા.

સને ૧૯૨૩ માં તેમની ભાવનગર રાજ્યની ૨૫ વર્ષની નોકરી પૂરી થતી હતી અને પછી પેન્શન પર નિવૃત્ત થવાનો તેમનો ઇરાદો હતો, પરન્તુ જુન માસમાં તે કાશ્મીરને પ્રવાસે ગયા અને રાવળપીંડી સ્ટેશનની નજીક તા. ૧૬-૬-૧૯૨૩ ને રોજ તેમનો દેહ પડી ગયો.

તેમનું પ્રથમ પુસ્તક 'ગુલબાસનું ફૂલ' સને ૧૮૮૩ માં બહાર પડેલું. ત્યારપછીનાં તેમનાં બધાં પુસ્તકોની યાદી નીચે મુજબ છે: (૧) શિક્ષણનો ઇતિહાસ (૧૮૯૫), (૨) ઇજીપ્ત, (૩) પ્રેસીડન્ટ લીંકન (૧૮૯૭), (૪) એક દેવીનો આત્મવૃત્તાંત (વિલ્હેલ્મ મીસ્ટરમાંથી-૧૮૯૭), (૫) લગ્નસ્નેહ (સ્વીડનબોર્ગ : ૧૮૯૯), (૬) સ્વર્ગ અને નરક (સ્વીડનબોર્ગ : ૧૯૦૦), (૭) 'સિદ્ધાંતસાર'નું અવલોકન, (૮) કલાપીનો કેકારવ (સંપાદન : ૧૯૦૩), (૯) માલા અને મુદ્રિકા (સંપાદન : ૧૯૦૩), (૧૦) હમીરજી ગોહેલ (સંપાદન : ૧૯૦૩), (૧૧) સ્વર્ગીય સિદ્ધાંત (સ્વીડનબોર્ગ), (૧૨) બે નાટકો, (૧૩) એરીસ્ટોટલનું નીતિશાસ્ત્ર, (૧૪) દુઃખી સંસાર, (૧૫) પ્લેટોકૃત ફીડ્રસ, (૧૬) પૂર્વાલાપ.

મધુવચરામ બળવચરામ હેરા

સ્વ. મધુવચરામનો જન્મ વડનગરા નાગર જ્ઞાતિમાં સં. ૧૯૦૪ના શ્રાવણ વદ ૦)) ને દિને થયો હતો. તેમના પિતાનું નામ બળવચરામ નંદવચરામ હેરા અને તેમનાં માતાનું નામ પદ્માગૌરી હતું. મધુવચરામનું લગ્ન તેમની સાત વર્ષની વયે કરુણાગૌરી સાથે થયું હતું.

મધુવચરામના પિતા તેમના વતન સુરતમાં વકીલાત કરતા. તેમને સાહિત્યનો એટલો શોખ હતો કે તેમણે અનેક પુસ્તકો હાથે લખીને ઘરમાં સંગ્રહ કર્યો હતો.

મધુવચરામે પ્રાથમિક શિક્ષણ ગોપીપુરામાં ભાઇમહેતાની શાળામાં

લીધું હતું. પછી અંગ્રેજી શાળામાં અભ્યાસ કરી સને ૧૮૬૩માં મેટ્રીક્યુલેશનની પરીક્ષા એમણે પસાર કરી હતી. ૧૮૬૪માં એ બીલીમોરાની અંગ્રેજી સ્કૂલમાં સોળ વરસની નાની વયે હેડમાસ્તર નીમાયા હતા. પછી સુરતની હાઈસ્કૂલમાં તેમની શિક્ષક તરીકે નીમણુક થઈ હતી. ૧૮૬૯માં વકીલની અને ૧૮૭૩માં હાઈકોર્ટ પ્લીડર તથા સબજજની પરીક્ષા પસાર કરી એમણે વકીલાત કરવા માંડી હતી.

સને ૧૮૭૫માં એ ધોળકામાં કામચલાઉ સબજજ નીમાયા હતા. ત્યારપછી કપડવણજ, બોરસદ, અંકલેશ્વર, વલસાડ, ભરૂચ વગેરે સ્થળે જઈ આવ્યા બાદ ૧૮૯૦માં એ સુરતમાં સબજજ તરીકે નીમાયા હતા, અને ૧૯૦૩માં નિવૃત્ત થયા ત્યાંસુધી સુરતમાં જ રહ્યા હતા. માત્ર વચ્ચે ત્રણ વરસ બેડા જવું પડયું હતું. સુરતમાં હતા તે દરમિયાન તેમણે સ્મોલકોઝ કોર્ટના જજ તરીકે પણ થોડો વખત કામ કર્યું હતું. ન્યાયખાતામાંની તેમની ૨૮ વર્ષની કારકીર્દીમાં સરકારે તેમની બાહોશીની વખતોવખત કદર કરી હતી. કોન્ટ્રેકટ અને એવીડન્સના એકટના તરજૂમામાં રહેલી ભૂલોનું નિવેદન કરવાનું સરકારે તેમને સોંપ્યું હતું. તે નિવેદન એમણે એટલું સરસ કર્યું હતું કે તેની રૂએ એ કાયદાઓનો ફરીથી તરજૂમો કરવામાં આવ્યો હતો. કાઠિયાવાડમાં વકીલોની પરીક્ષા લેવા માટે બે વિદ્વાન મુનસફોની માંગણી થઈ હતી ત્યારે પણ તેમની પસંદગી થઈ હતી.

૧૮૭૭ માં જામનગરના ચીફ જસ્ટીસ તરીકે અને વડોદરા રાજ્યના જ્યુડિશિયલ કમિશનર તરીકે મોટા પગારે તેમની નોકરીની માંગણી થઈ હતી પણ તેમણે તે સ્વીકારી નહોતી. નોકરીની મુદત પૂરી થતાં તે લંબાવવાનો સુરતના જજ મી. હાર્વેએ આગ્રહ કર્યો હતો પણ તેમણે તે માન્ય રાખ્યો નહોતો અને પેન્શન પર નિવૃત્ત થયા હતા.

સ્વભાવે તે પરોપકારી અને દયાળુ હતા. ૧૮૭૭ માં કપડવણજમાં દુકાળ પડયો ત્યારે તેમણે પ્રજાનું સંકટ નિવારવા અથાગ શ્રમ લીધો હતો. ૧૮૮૯ માં સુરતની મોટી આગમાં ગરીબોને તથા ખુલ્લી મદદ ન લઈ શકે એવાં આબરુદાર કુટુંબોને જાહેર તેમજ બાનગી રીતે નાણાં પહોંચાડવાનો ખૂબ યત્ન કર્યો હતો. ૧૮૯૮ માં સુરતમાં ભરાયલા પ્રદર્શનને તેમણે સફળ બનાવ્યું હતું અને તેની આવકનો બાકી રહેલો મોટો ભાગ પારેખ હુન્નરશાળાને અપાવ્યો હતો. તે જ વર્ષે એ થીસોસાફીકલ સોસાયટીમાં જોડાયા ત્યારથી એ મંડળની અનેકવિધ સેવાઓ તેમણે કરી હતી. બાર વરસ સુધી સુરત સનાતન ધર્મસભાના પ્રમુખ તરીકે એમણે કામ કર્યું હતું. યોગસાધના નામના ગુપ્તમંડળના પણ એ પ્રમુખ હતા.

મધુવચરામના જીવન પર બે વ્યક્તિઓની પ્રબળ અસર થઈ હતી. એમના સોળમા વરસે ૧૮૬૪માં એમને કવિ નર્મદનો પરિચય થયો હતો. તે પછી તે વારંવાર નર્મદ તેમજ નવલરામને મળતા. કવિ નર્મદની અસર તેમના પર લગભગ ત્રીસ વરસ સુધી રહી. ૧૮૯૯ માં ૪૬ મે વર્ષે તેમને વિદુષી બેસંટનો સમાગમ થયો, તેની અસર પણ ૩૦ વર્ષ સુધી એટલે મૃત્યુ સુધી રહી. આથી એમનું સાહિત્યજીવન બે અવસ્થામાં વહેંચાઈ જાય છે.

નર્મદની અસર તળેની પૂર્વાવસ્થામાં તેમણે અનેકવિધ સાહિત્ય બહાર પાડયું હતું. ૧૮૮૦ માં "રત્નાવલિ" નાટકનું ભાષાંતર કર્યું હતું. "ઇલિયડ"ના ત્રણ સર્ગનો અનુવાદ કરેલો તે પ્રસિદ્ધ થયો નથી. એમનાં માલિક પુસ્તકોમાં ૧૮૮૦ માં "નૃસિંહ નાટક" ગદ્યપદ્યાત્મક પાંચ અંકમાં એમણે રચ્યું હતું તે પ્રસિદ્ધ થયું હતું. ૧૮૮૫ માં "આશિરવાદ" નાટક લખ્યું હતું. ૧૮૮૮ માં "સુવાસિકા" નામનું ઇંદ્રવજ્રાના ૩૪૪ શ્લોકોનું કાવ્ય બહાર પાડયું હતું. "જ્યુબિલી તરંગિણી" નામનું કાવ્ય પણ એ જ અરસામાં પ્રસિદ્ધ કર્યું હતું. મેવાડના વીર ચંદ્રોજીની કથા તે "ચંદ્રાખ્યાન" તેર અધ્યાયમાં દરેક અધ્યાયમાં જુદું-જુદું વૃત્ત યોજીને લખી હતી, તે હ. હ. ધ્રુવના 'ચંદ્ર'માં છપાવા માંડી હતી. એ કથાના પાછલા ભાગો ખોવાઈ ગયા હતા તે જડી આવતાં તે ૧૯૧૫માં પુસ્તકાકારે બહાર પડી હતી. સાહિત્યપ્રવૃત્તિના જ એક અંગરૂપે થોડું પત્રકારત્વ પણ તેમણે અંગીકાર્યું હતું. "ગુજરાત મિત્ર"ના અધિપતિ તરીકે તેમણે છએક માસ કામ કર્યું હતું. "વિદ્યાવિલાસ" નામનું માસિક પણ તેમણે કાઢયું હતું.

એમનાં મૌલિક પુસ્તકોમાં નીચેનાં છપાઈ પ્રસિદ્ધ થયાં છે. "શ્રીકૃષ્ણ-દર્શન" (૧૯૧૩), "શ્રી રામાયણ રસબિંદુ" (૧૯૧૩), "મહેશ્વર મહિમા" (૧૯૧૪), "મનુષ્યજાતિનો ક્રમવિકાસ" (૧૯૧૫). ઉપરાંત તેમણે ભગવદ્ગીતા, ઉત્તરગીતા, સનત્સુજાત, કઠોપનિષદ્, અને ઇશાવાસ્યોપનિષદ્નાં ભાષાંતરો કર્યા હતાં.

આ સિવાય "હૃદયવિનોદ" (ભાગ ૧-૨-૩), "ધર્મનીતિબોધિની" (ભાગ ૧-૨-૩), "નીતિરત્નમાળા" "જગદંબાના ગરબા", "જગદ્ગુરુનું અભિગમન", "માર્ગપ્રકાશિકા" (Light on the Path નો અનુવાદ), વગેરે નાનાં પુસ્તકો એમણે લખ્યાં હતાં. ૧૯૧૫માં સુરતમાં મળેલી સાહિત્યપરિષદના સન્માનકારિણી સભાના પ્રમુખ તરીકે તેમની વરણી થઈ હતી.

મધુવચરામનું અવસાન તા. ૨૮–૧૨–૧૯૨૪ના રોજ થયું હતું. વૃદ્ધાવસ્થામાં એમના જ્યેષ્ઠપુત્ર ઇંદ્રવદનરાય જે વડોદરામાં ઈંડિયન આસિસ્ટંટ ટુ ધિ રેસિડન્ટ હતા તેમનું ૪૨ વર્ષની વયે અકાળ અવસાન થવાથી તેમના હૃદય પર સખ્ત આઘાત થયો હતો, તેમજ આંખે પણ અપંગ થયા હતા; છતાં ઈશ્વર પર શ્રદ્ધા રાખી એમણે મરણપર્યંત પોતાના વિશાળ કુટુંબની તથા જ્ઞાતિની સેવા કરી હતી.

સંતતિમાં તેમના બીજા બે પુત્રો શ્રી. દીનસુખરામ અને શ્રી. ધીરસુખરામ (ગીનુભાઈ) અવસ્થાને લઈને સાતાક્રૂઝમાં નિવૃત્ત જીવન ગાળે છે. એમનાં એક પુત્રી શ્રી. કનુબહેન આજે ૭૦ વર્ષની વયે પણ ધાર્મિક સામાજિક વિષયો પરત્વે જાહેર જીવનમાં રસ લે છે.

મહમદઅલી ભોજાણી (આજિઝ)

સ્વ. મહમદઅલી ભોજાણીનો જન્મ ઈ. સ. ૧૯૦૨માં તેમના વતન તળાજા ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ દામજી. તે શિયા ઈસ્નાઅશરી ખોજા કોમના ગૃહસ્થ હતા. પ્રાથમિક કેળવણી તળાજામાં લઈને મુંબઈમાં તેમણે અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. ઉર્દૂ, ફારસી, અંગ્રેજી, મરાઠી અને ગુજરાતીનું તેમનું જ્ઞાન સારું હતું.

તેમણે મોટે ભાગે જુદે જુદે સ્થળે શિક્ષક તરીકેનો અને પછી પત્રકાર તરીકેનો વ્યવસાય કર્યો હતો. ગાઝી મુસ્તફા કમાલ પાશા સ્કૂલ, ખોજા ખાનમહમદ હબીબ એ. વી. સ્કૂલ, પંચગનીની હિંદુ તેમજ મુસ્લીમ હાઈસ્કૂલો, એ બધે સ્થળે શિક્ષક તરીકેની નોકરી કરીને "ચૌદમી સદી" માસિક પત્રના કાર્યાલયમાં અને પછી "બે ઘડી મોજ" ના સહતંત્રી તરીકે તેમણે કામ કર્યું હતું. વચ્ચે થોડો સમય "રમતા રામ" ના તંત્રી પણ તે થયા હતા. ૧૯૩૨માં રાંદેર ખાતે મુસ્લીમ ગુજરાત સાહિત્યમંડળના કવિસંમેલનના તે પ્રમુખ હતા. તા ૧૪–૧૦–૩૪ના રોજ મુંબઈમાં તેમનું અવસાન થયું હતું. તેમનાં પત્નીનું નામ શેરબાનુ. તેમની એક પુત્રી હયાત છે.

તેમનાં લખેલાં પુસ્તકોની નામાવલિ: (૧) રજવાડાના રંગ, (૨) માતૃભૂમિ, (૩) પચ્ચીસી, (૪) નૂરે સુખન (ઉર્દૂ કવિઓનાં કાવ્યો ગુજરાતી અનુવાદ સાથે).

માધવરાવ બાબારાવ દીવેટિયા

અમદાવાદમાં વડનગરા નાગર ગૃહસ્થ જ્ઞાતિમાં, ઈ. સ. ૧૮૭૮ ના ડિસેમ્બરની ૨૦ મી તારીખે સરદાર ભોળાનાથ સારાભાઈ દિવેટિયાના જ્યેષ્ઠ પુત્ર બાબારાવ ભોળાનાથને ત્યાં એમનો જન્મ થયો. એમનાં માતાનું નામ પ્રસન્નલક્ષ્મી. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અમદાવાદની સરકારી શાળાઓમાં લઈ ગુજરાત કૉલેજમાં પ્રીવિયસ સુધી અભ્યાસ કર્યો બાદ એમણે સરકારી રજિસ્ટ્રેશન ખાતામાં સબરજીસ્ટ્રારની નોકરી લીધી અને જીવનભર એકનિષ્ઠાથી બજાવી.

વાચનનો શોખ અભ્યાસકાળથી જ હોવાથી જીવનઘડતરમાં તેની સારી અસર થઈ અને ગુજરાતીમાં ગોવર્ધનરામ તથા નરસિંહરાવ અને અંગ્રેજીમાં વિક્ટર હ્યુગો આદિ લેખકોએ ખૂબ છાપ પાડી. મૂળથી જ સત્ય-પૂજક અને દયાવૃત્તિવાળા હોઈ શુદ્ધ ધાર્મિક જીવનનો આગ્રહ પહેલેથી જ ધરાવેલો અને તેથી બીજા વાચનની સાથોસાથ ધાર્મિક પુસ્તકો એમના અભ્યાસનો મુખ્ય વિષય બનતાં ગયાં, જેની છાપ એમનાં લખાણોમાં સ્પષ્ટ છે. સ્વામી રામતીર્થ, રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદના તે ખાસ ઉપાસક હતા.

ઈ. સ. ૧૯૦૪માં શ્રીમતી તારામતી જોડે એમનું પ્રથમ લગ્ન થયું; બીજું લગ્ન પેટલાદમાં ૧૯૧૩માં શ્રીમતી સુશીલાબ્હેન જોડે થયું, જેનાથી એમને બે પુત્રો તથા એક પુત્રી છે. બંને પુત્રો ગ્રેજ્યુએટ છે. મોટા રાજકોટ એજન્સીમાં અને નાના અમદાવાદની ટ્યુટોરિયલ હાઈસ્કૂલમાં શિક્ષક છે. ધોળકામાં ઈ. સ. ૧૯૨૬ની ૨૯ મી મેના રોજ એમનું અવસાન થયું.

એમનું પહેલું પુસ્તક 'જ્યોતિપુંજ' નામની નવલકથા ઈ. સ. ૧૯૦૯માં 'ગુજરાતી પંચ'ની ભેટ તરીકે તે બહાર પડી. બીજી નવલકથા 'શ્વેતભાનુ' એ જ પત્રની ભેટ તરીકે ઈ. સ. ૧૯૧૨માં બહાર પડી. ત્યારપછી એમનું લખાણ ધાર્મિક સાહિત્ય તરફ જ વળ્યું. એમના ગ્રંથોની યાદીઃ

જ્યોતિપુંજ (નવલકથા) ઈ. સ. ૧૯૦૯.
શ્વેતભાનુ ,, ઈ. સ. ૧૯૧૨.
સ્વામી રામતીર્થ (ભાગ ૫) એમના સદુપદેશ, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયની વિવિધ ગ્રંથમાળામાં (અનુવાદ) ઈ. સ. ૧૯૧૨.
સહજાનંદ સુબોધિની (સહજાનંદ સ્વામીનું જીવનચરિત્ર તથા વચનામૃત) ઈ. સ. ૧૯૧૬

મૂલચંદ્ર તુલસીદાસ તેલીવાલા

સ્વ. મૂલચંદ્ર તુલસીદાસ તેલીવાલાનો જન્મ ભરૂચમાં તા. ૨૩-૬-૧૮૮૭ ના રોજ (સં. ૧૯૪૩ ના આસો સુદ ૭) થયો હતો. તેમના પિતાનું નામ તુલસીદાસ લાલભાઈ તેલીવાલા. ન્યાતે તે વીશા મોઢ અડાલજા હતા. તેમનો ફનો વેપાર મુંબઈમાં ચાલતો હતો અને ભરૂચ, પાલેજ વગેરે સ્થળે તેમની શાખાપેઢીઓ હતી.

શ્રી. મૂલચંદ્રે સને ૧૯૦૫ માં મેટ્રીકની પરીક્ષા પસાર કરી હતી અને ત્યારબાદ ઉંચી કેળવણી લેવાને તે મુંબઈની વિલસન કૉલેજમાં દાખલ થયા હતા. ૧૯૦૯ માં તે વેદાંતનો વિષય લઈને બી. એ. માં પાસ થયા હતા. ગ્રેજ્યુએટ થયા પછી તે એલ્ફીન્સ્ટન હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા હતા. ત્યાંથી તેમની પસંદગી રૂ. ૫૦ ની શિષ્યવૃત્તિ સાથે ટ્રેનિંગ કૉલેજ માટે થઈ હતી. આ તકનો લાભ લઈને તેમણે કાયદાનો અભ્યાસ કર્યો અને ૧૯૧૪ માં તેમણે એલ. એલ. બી.ની પરીક્ષા પસાર કરી.

વકીલ તરીકે તેમણે હાઇકોર્ટની સનદ મેળવીને ઓપેન્ચેટ સાઇડમાં પ્રેક્ટીસ કરી હતી. પરંતુ એ વ્યવસાય કરતાંય વિશેષ રસનો તેમનો વિષય વૈષ્ણવ ધર્મના ગ્રંથોનું સંશોધન, સંપાદન અને પ્રકાશન એ હતું. પુષ્ટિ સંપ્રદાયના તે એક ચુસ્ત વૈષ્ણવ હતા. બાલપણથી જ એ ધર્મના સંસ્કાર તેમનામાં પડ્યા હતા. વિદ્યાર્થી અવસ્થામાં 'પુષ્ટિભક્તિસુધા' માસિક-માં તે ધર્મવિષયક લેખો લખતા. શ્રી. મગનલાલ ગણપતરામ શાસ્ત્રીને એ માસિક ચલાવવામાં શ્રી. તેલીવાલા સારી પેઠે સહાયક બનતા. વૈષ્ણવોની સભામાં તે 'અણુભાષ્ય' અને 'નિબંધ'નું વાચન પણ જરૂર પડ્યે કરતા. ૧૯૧૫ નું 'સુજ્ઞ ગોકુલજી ઝાલા વેદાંત પ્રાઈઝ' તેમને "બ્રહ્મસૂત્રોના કર્તાનો મત શંકરાચાર્ય કેટલે સુધી સાચી રીતે રજુ કરે છે" એ વિષે અંગ્રેજીમાં વિદ્વત્તાપૂર્ણ નિબંધ લખવા માટે મળ્યું હતું.

શ્રી. તેલીવાલાની સાહિત્યસેવા મુખ્યત્વે પુષ્ટિ સંપ્રદાયનાં દુષ્પ્રાપ્ય પુસ્તકોની પ્રાચીન હસ્તલિખિત પ્રતો મેળવી, સંશોધી, પાઠાંતરનો નિર્ણય કરી, તેને શુદ્ધ રીતે પ્રકાશિત કરવામાં તથા તેનાં ટીકા-ટીપ્પણી વગેરે દ્વારા વૈષ્ણવોમાં ધર્મબોધનો પ્રચાર કરવામાં સમાયલી છે.

એ રીતે સેવાફલ, નિરોધલક્ષણ, સંન્યાસનિર્ણય, જલભેદ, પંચપદ્યાનિ, ભક્તિવર્ધિની, તૈત્તિરીયોપનિષદ્ ભાષ્ય, સિદ્ધાંતરહસ્ય, પુષ્ટિપ્રવાહમર્યાદા ભેદ, સિદ્ધાંતમુક્તાવલી, પત્રાવલંબન એ વગેરે પ્રકરણગ્રંથો મૂળ સંસ્કૃત

ટીકા ટિપ્પણ સાથે છપાવ્યા બાદ, શ્રી વલ્લભાચાર્યની ભાગવત ઉપરની સુબોધિની ટીકાના દશમ સ્કન્ધના ભાગો છેલ્લેથી શરુ કરી સંસ્કૃત ટિપ્પણો સહિત છપાવવા માંડચા હતા. એ ઉત્તરાર્ધના અધ્યાયો છપાયા હતા, તે દરમિયાન દશમ સ્કંધ-સુબોધિની ઉપરની શ્રી વિઠ્ઠલનાથજીની ટિપ્પણી એના જ હસ્તાક્ષરની જૂની હાથપ્રત ઉપરથી મેળવી છપાવી હતી. પણ એમના જીવનનું મહત્ત્વનું કાર્ય તે માત્ર વૈષ્ણુવ સંપ્રદાયને જ ઉપયોગી થાય એટલેથી ન અટકતાં વેદાંતના અભ્યાસીઓને પણ સર્વત્ર ઉપયોગી થાય તે, વલ્લભાચાર્યના અણુભાષ્ય ઉપર ગો. શ્રી પુરુષોત્તમજીનો પ્રકાશ અને તે ઉપર છેલ્લા સૈકામાં લખાયેલી નાથદ્વારાના ગો. શ્રી. ગોપેશ્વરજીની રશ્મિ નામક ટીકાના સંપાદનનું જટિલ કાર્ય આરંભ્યું તે હતું. તેમના જીવનકાળમાં છેલ્લા અધ્યાયથી થોડા ભાગો બહાર પડચા પછી છેક આ વર્ષે તેમના મિત્ર અને સહકાર્યકર્તા શ્રી. ધીરજલાલ સાંકળિયાએ એ કાર્ય ૧૫ ભાગમાં પ્રસિદ્ધ કર્યું છે. વેદાંતની બધી શાખાઓના તુલનાત્મક જ્ઞાનનો આ અત્યંત મહત્ત્વનો ગ્રંથ ગ્રંથકર્તાની હાથની નકલની મદદથી સંપાદિત થયો છે. આ ગ્રંથ સમજવાને ઉપયોગી શ્રી. પુરુષોત્તમજીની "વેદાંતાધિકરણ માલા," શૃંગાર રસમંડન, રસાબ્ધિ કાવ્ય વગેરે બીજા પણ મહત્ત્વના ગ્રંથો તેમણે સંપાદિત કર્યા છે. એમણે "વેણુનાદ" નામનું સાંપ્રદાયિક માસિક પણ બે વર્ષ ચલાવ્યું હતું. વૈષ્ણુવ પરિષદના તેઓ એક કાર્યકર હતા. એમના મૃત્યુ પછી તેની પ્રવૃત્તિ બંધ જેવી જ થઈ ગઈ છે.

એ સંપ્રદાયમા તેમની આ સેવાનું મૂલ્ય ઘણું ઉંચું અંકાયું હતું અને તે કાર્યમાં તેમને પ્રેમભાવથી સહાય કરનારાઓ સહેજે મળી આવતા હતા. કેટલાંક પુસ્તકોની હસ્તપ્રતો મેળવવાને તેમણે અનેક સ્થળોએ પ્રવાસ કરીને વૈષ્ણુવ ગ્રંથભંડારો તથા ઈતર પ્રાચીન ગ્રંથોના જાહેર તથા ખાનગી સંગ્રહો ઢૂંઢી કાઢચા હતા. વૈષ્ણુવ સંપ્રદાય માટે જ એક ખાસ સાહિત્ય-સંશોધન સંસ્થાની કેટલી અગત્ય છે તેની પ્રતીતિ વૈષ્ણુવધર્મ પરિષદને શ્રી. તેલીવાલાના પ્રયત્નોનાં ફળો જોયા પછી ઉપજી હતી. તેમનું અવસાન ૨૬-૬-૧૯૨૭ ના રોજ મુંબઈમાં થયું હતું.

શ્રી. તેલીવાલાનું પ્રથમ લગ્ન સને ૧૯૧૧-૧૨ માં ઉજ્જનમાં અને બીજું લગ્ન ૧૯૨૦ માં દશા મોઢ જ્ઞાતિમાં સુરતમાં થયું હતું. તેમનાં બીજાં પત્ની કાન્તા મૂલચંદ્ર તેલીવાલા વિદ્યમાન છે. તેમના બે પુત્રોનાં નામો શ્રી. ચંદ્રગોવિંદ બી. એ. એલ. એલ. બી. થયા છે, બીજા પુત્ર શ્રી. વ્રજેન્દ્ર સાયન્સ કોલેજમાં અભ્યાસ કરે છે.

રતિપતિરામ ઉદ્યમરામ પંડ્યા

સંસ્કૃત સાહિત્યનાં વિરલ રત્નોને, ઘરોઘરની સ્ત્રીઓ તથા ઊગતી પ્રજા પણ તેનો ઉપભોગ કરી શકે તેવી સાદી સરળ ને સુંદર ગુજરાતીમાં ઉતારવાના કોડ ધરીને એ દિશામાં હજુ એકેક પુસ્તકનું પગરણ કરે છે ત્યાં એ કોડ મનમાં જ શમાવીને ૩૪ વર્ષનું ટૂંકું આયુષ્ય ભોગવી કાળનો કોળિયો થઈ જનાર આ આશાસ્પદ લેખકનો જન્મ નડિયાદમાં વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં સંવત ૧૯૪૯ ના આસો સુદી ત્રીજને દિવસે થયો હતો. એમના પિતાનું નામ ઉદ્યમરામ ગુલાબરામ પંડ્યા અને માતાનું નામ અમૃતલક્ષ્મી. પ્રાથમિક અને માધ્યમિક કેળવણી નડિયાદમાં જ લઈ તેમણે અમદાવાદની ગુજરાત કૉલેજમાં બી. એ. સુધી અભ્યાસ કર્યો હતો.

શરુઆતમાં અમદાવાદમાં સરકારી શાળામાં શિક્ષક તરીકે કામ કર્યા બાદ તેઓ મુંબઈ એલ્ફિન્સ્ટન સ્કૂલમાં બદલાયા હતા; પણ ત્યાંનું પાણી લાગવાથી એ નોકરી છોડી વડોદરા રાજ્યની પ્રાથમિક શાળાઓના ઇન્સ્પેક્ટરની નોકરી લીધી હતી, જ્યાં જીવનના અંતકાળ સુધી તેઓ હતા. ત્યાં થોડો વખત ચીમનાબાઈ બાળસંરક્ષણ સંસ્થાના મંત્રી તરીકે પણ કામ કરેલું.

વિદ્યાવ્યાસંગ ઊગતી વયથી જ હતો અને સંસ્કૃત તથા ગુજરાતી એમના પ્રિય વિષયો હતા. સ્વામિનારાયણ સંપ્રદાયની ધાર્મિક ભાવનાની પ્રબળ અસરથી રંગાએલા એમના જીવન પર ગીતા અને 'સરસ્વતીચન્દ્ર' એ બે ગ્રંથોની મુખ્ય છાપ પડી હતી. તે ઉપરાંત પ્રાચીન કવિઓની કૃતિઓનો રસાસ્વાદ પણ બહુ પ્રિય હતો. ગુજરાતનાં મોટા ભાગનાં માસિકોમાં લેખોથી શરુ કરેલું લેખનકાર્ય ગ્રંથલેખનમાં પરિણમ્યું અને 'સમાલોચક'માં કટકે કટકે આવતું 'રત્નાવલી'. નાટકનું વખણાએલું ભાષાંતર ઈ. સ. ૧૯૨૧માં પુસ્તકરૂપે પ્રકટ થયું એ એમનું પહેલું પ્રકાશન. ત્યારપછી એમણે મહાભારત અને રામાયણને સરળ ભાષામાં ઢુંકાવીને લખ્યાં અને તેનાં ખાસ શાળોપયોગી રૂપો પણ બહાર પાડ્યાં. એ ઉપરાંત 'ઉત્તરરામ ચરિત' અને 'ચર્યાત્મક મહાભારત' તૈયાર કર્યાં; એવામાં સં. ૧૯૮૪ના માગશર સુદ ૬ તા. ૩૦મી નવેમ્બર ૧૯૨૭ના રોજ વડોદરામાં ટાઇફોઇડથી એમનું અચાનક અવસાન થયું; અને પુરાણોના સમૂહમાંથી સુવર્ણ તારવવાના, ટોડના રાજસ્થાનમાંથી હીરા વીણવાના, ઉત્તરરામને સરળ ભવ્યતાથી લોકભોગ્ય કરવાના એમના મનોરથો મનમાં જ રહી ગયા. એમના જીવનવિષયક માહિતી એ અરસાનાં 'શારદા' 'સ્ત્રીબોધ' વગેરે માસિકોમાં

અને 'બાલમિત્ર'ના ૧૯૨૮ના જાન્યુઆરી અંકમાં ડૉ. રમણલાલ ક યાજ્ઞિકે લખેલા લેખમાં વીગતે પ્રકટ થઈ છે.

તેમનું લગ્ન સં. ૧૯૬૯માં નડિયાદમાં શ્રી કૃષ્ણશંકર હીરાશંકર પંડ્યાન પુત્રી શ્રી ચિત્સુખવિદ્યા જોડે થએલું. એમને ત્રણ સંતાનો છે : એક પુ અને બે પુત્રીઓ. સૌથી મોટી પુત્રી મંદાકિની અને સૌથી નાની પુનિતા વચેટ બાળક પુત્ર મકરંદ હાલ ઈન્ટરમાં અભ્યાસ કરે છે.

પ્રાચીન ભાવનાઓના પાયા પર નવાં તત્ત્વો ઝીલ્લેલું ઉન્નત જીવન રચવાના અભિલાષોવાળા એ યુવાન સ્વભાવે સત્યપ્રિય અને તેજ હોવાથી અન્યાયની સામે થતાં ડરતા નહિ અને ઘણી વાર કડવું બોલી નાંખતા. પણ એમનું નિખાલસ અંતઃકરણ કોમળ અને ભાવનાશીલ હતું અને જે ધગશથી સાહિત્યસેવા કરી એ જ ઉત્સાહથી એમણે નડિયાદમાં જ્ઞાતિસેવા પણ કરી હતી.

એમના ગ્રંથોની યાદી નીચે મુજબ :

રત્નાવલી (હર્ષના નાટકનું ભાષાંતર) (૧૯૨૧), વિજયધ્વજ (જેમ્સ ઍલન કૃત 'લાઈફ ટ્રાયમ્ફન્ટ' ઉપરથી સુધારાવધારા સાથે) (૧૯૨૧), સંક્ષિપ્ત મહાભારત (૧૯૨૫), સંક્ષિપ્ત રામાયણ (૧૯૨૮), શાળોપયોગી લઘુ મહાભારત (૧૯૨૬), શાળોપયોગી લઘુ રામાયણ (૧૯૨૭), નાણું (સયાજી સાહિત્યમાળા) (૧૯૨૬).

દિવાન રણછોડજી અમરજી

દિવાન રણછોડજી અમરજી જૂનાગઢના ઇતિહાસપ્રસિદ્ધ દિવાન અમરજી કુંવરજીના પુત્ર હતા. તેમની મૂળ અટક નાણાવટી હતી, અને ન્યાતે વડનગરા નાગર હતા. સં. ૧૮૨૪ના આસો સુદ ૧૦ને રોજ કાઠિયાવાડમાં માંગરોળ ખાતે તેમનો જન્મ થયો હતો. તેમનાં માતુશ્રીનું નામ ખુશાલબાઈ હતું અને પત્નીનું નામ ચોથીબાઈ હતું. તેમને બે પુત્રીઓ હતી. (૧) રૂપકુંવર જે સંતાનરહિત હતાં અને (૨) સૂરજકુંવર જેમને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ હતાં. તેમના વંશજો આજે જૂનાગઢમાં વસે છે. મૂળે દિવાન રણછોડજી માંગરોળના વતની હતા પરન્તુ પાછળથી જૂનાગઢમાં આવીને વસ્યા હતા અને જૂનાગઢ રાજ્યના એક મુત્સદ્દી તેમજ લશ્કરી અમલદાર તરીકે તેમણે કામ કર્યું હતું. તેમનું અવસાન ૭૩ વર્ષની વયે જૂનાગઢમાં થયું હતું.

દિવાન રણછોડજી ગુજરાતી, ફારસી અને વ્રજ ભાષાનું સરસ જ્ઞાન ધરાવતા હતા અને થોડું સંસ્કૃત પણ જાણુતા હતા. વ્રજ ભાષામાં તેમણે "શિવરહસ્ય"નામે સુંદર ગ્રંથ લખ્યો હતો, અને ફારસી ભાષામાં "તવારીખે સોરઠ" નામનો ઇતિહાસનો ગ્રંથ લખ્યો હતો જેનું અંગ્રેજી ભાષાંતર ડો. જેમ્સ બરજેસે કરી પ્રસિદ્ધ કર્યું હતું અને તેનું ગુજરાતી ભાષાંતર "સોરઠી તવારીખ" એ નામથી ઈ. સ. ૧૮૯૧માં શ્રી જાદવરાય લીલાધરદાસે વઢવાણકેમ્પમાં પોતાના છાપખાનામાં છાપી પ્રસિદ્ધ કર્યું હતું. "શિવરહસ્ય"નો એક ભાગ જે વ્રજ ભાષામાં કવિતાબદ્ધ છે તે પણ શ્રી. જાદવરાય લીલાધરદાસે ઈ. સ. ૧૮૯૧માં પ્રસિદ્ધ કર્યો હતો. તેનો બીજો ભાગ છપાઈ પ્રસિદ્ધ થયો નથી. આખા શિવરહસ્યની એક હસ્તલિખિત પ્રત દિવાનજીએ સ્થાપેલા જૂનાગઢના 'બુઢેશ્વર'ના મંદિરમાં છે. એક ત્રીજો "શિવમાહાત્મ્ય રત્નાકર" નામનો ગ્રંથ સ્વ. દિવાન લક્ષ્મીશંકર શંભુપ્રસાદની વિધવા બાઈ જમનાકુંવરે જૂનાગઢના સરકારી છાપખાનામાં છપાવી ઈ. સ. ૧૮૯૨માં પ્રસિદ્ધ કર્યો હતો. તે ઉપરાંત તેમનાં પ્રસિદ્ધ થએલાં બીજાં નાનાં મોટાં પુસ્તકો નીચે મુજબ છે, જેમાંનાં કેટલાક 'શિવરહસ્ય'માં તથા 'શિવમાહાત્મ્ય રત્નાકર'માં પણ સમાવિષ્ટ થાય છે.

(૧) ચંડીપાઠના ગરબા-ગુજરાતી. (૨) શિવરાત્રીમાહાત્મ્ય (વ્રજભાષા), (૩) સૂતકનિર્ણય (ગુ. ગદ્ય), (૪) શંખચૂડ આખ્યાન (વ્ર.) (૫) દક્ષ યજ્ઞભંગ (વ્ર.) (૬) કાળખંજ આખ્યાન (વ્ર.), (૭) ઈશ્વરવિવાહ (ગુ. વ્ર.) (૮) જાલંધર આખ્યાન (વ્ર.), (૯) અંધકાસુર આખ્યાન (વ્ર.), (૧૦) ભસ્માંગદ આખ્યાન (વ્ર.), (૧૧) સોમવાર માહાત્મ્ય (ગુ.), (૧૨) બુઢેશ્વર બાવની (વ્ર.), (૧૩) બ્રાહ્મણની ચોરાસી ન્યાત (વ્ર.), (૧૪) ત્રિપુરાસુર આખ્યાન (વ્ર.), (૧૫) મોહિની છળ (વ્ર.), (૧૬) કામદહન આખ્યાન (વ્ર.).

તેમના અપ્રસિદ્ધ ગ્રંથો નીચે મુજબ છે:

(૧) દ્રવ્યશુદ્ધિ, (૨) શ્રાદ્ધનિર્ણય, (૩) કુવલયાનંદ (વ્ર.), (૪) વિહારી સતસઈ (ફારસી, સંસ્કૃત, વ્રજ મિશ્રિત), (૫) ઉત્સવમાલિકા (વ્ર. ગુ.) (૬) નાગરવિવાહ, (૭) શિવસાગર કીર્તન, (૮) વિશ્વનાથ ઉપરના કાગળ (વ્ર. ગુ.) (૯) રૂકાતે ગુનાગુન, (૧૦) ભક્તમાળ (વ્ર.).

રૂપશંકર ઉદયશંકર ઓઝા (સંચિત્)

સ્વ. રૂપશંકર ઉદયશંકર ઓઝાનો જન્મ સં. ૧૯૨૨ના શ્રાવણ સુદ ૭ ને રોજ કાઠિયાવાડના વસાવડ ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ

ઉદયશંકર જીવણલાલ ઓઝા અને માતુશ્રીનું નામ ગિરિજાબા હતું. તે ગોંડળના વતની વડનગરા નાગર હતા. તેમના પિતા દરબારી પોલીસ ખાતામાં નોકર હતા, તે નોકરી જુવાનીમાં જ છોડીને સાધુ-સંન્યાસીઓના સંગમાં તીર્થસ્થળોમાં તે ફરતા હતા, અને ગૃહસ્થધર્મમાંથી નિવૃત્ત થતાં કુટુંબનિર્વાહની જવાબદારી રૂપશંકરભાઈ ઉપર પંદર વર્ષની નાની વયમાં જ પડી હતી.

તેમણે અંગ્રેજી ચાર ધોરણ સુધી જ અભ્યાસ કર્યો હતો, પરંતુ પાછળથી તેમણે અંગ્રેજી અભ્યાસ ખૂબ કર્યો હતો અને તેને પરિણામે અંગ્રેજીમાં તે છૂટથી વાતચીત કે ચર્ચા કરી શકતા અને સાહિત્યનાં અંગ્રેજી પુસ્તકો વાંચીને સમજી શકતા. ગોંડળમાં અભ્યાસ કરવાની સાથે એકાદ વર્ષ તેમણે ત્યાંની ખેતી અને એન્જીનિયરિંગની શાળામાં એકાદ વર્ષ અભ્યાસ કર્યો હતો જે પાછળથી તેમને જીવનમાં બહુ ઉપયોગી નીવડ્યો હતો.

સોળ વર્ષની વયે તે જૂનાગઢના દરબારી છાપાખાનામાં ૧૫ કોરી એટલે પોણાચાર રૂપિયાના માસિક પગારથી નોકરીમાં જોડાયા હતા. એ સમયે તેમણે 'મહોબતવિરહ' નામનું એક કાવ્ય લખ્યું અને છપાવ્યું, તેથી જૂનાગઢના વજીરનું ધ્યાન તેમના તરફ ખેંચાયું અને તે કૃપાને પરિણામે તેમનો પગાર વધીને ૧૦ રૂપિયાનો થયો. આ ઉત્તેજનથી તેમણે 'સુમતિપ્રકાશ' નામનું એક મંડળ સ્થાપ્યું જેમાં ધર્મ-નીતિના વિષયોની ચર્ચા થતી. તે ઉપરાંત તેમણે 'જ્ઞાનદીપક' નામનું એક માસિક પત્ર પણ શરુ કર્યું. એ જ અરસામાં તેમણે 'રાણકદેવી રા'ખેંગાર'નું નાટક (સને ૧૮૮૪) લખ્યું અને કેટલાક મિત્રોની મદદથી ભજવ્યું. આથી સગાંઓ અને ન્યાતીલાઓમાં કોલાહલ જાગ્યો કે નાગરનો છોકરો નાટકમાં વેશ ભજવે? પાછળથી તેમણે એ નાટક દ્વારકાની એક નાટક કંપનીને આપી દીધું.

શ્રી. ગિરધરલાલ માધવરાયે જુવાન રૂપશંકરની શક્તિઓ નિરખીને તેમને કાઠી રજવાડાઓ તરફ ખેંચ્યા. હડાળાના દરબાર શ્રી વાજસુરવાળા અને લાઠીના ઠાકોર શ્રી સુરસિંહજી (કલાપી)ની સાથે હિંદની મુસાફરીએ તે ગયા અને એ ગાઢ પરિચયે તેમને એ બેઉ રાજવીઓના મિત્ર બનાવ્યા. સુરસિંહજી લાઠીની ગાદીએ બેઠા પછી રૂપશંકરભાઈ લાઠીમાં રહેતા. 'કલાપીના સાહિત્ય દરબાર'ના તે સંચાલક બન્યા. સાહિત્યસંબંધ સિવાય લાઠીમાં નોકરી કરવાની તેમની ઇચ્છા નહોતી, છતાં સંયોગવશાત્ એમને

ડેપ્યુટી કારભારી અને મુખ્ય કારભારી તરીકે કામ કરવું પડતું હતું. રજવાડી ખટપટને લીધે તેમને લાઠી છોડી હડાળામાં વસવું પડ્યું હતું છતાં કલાપી અને સંચિતનો સંબંધ એકસરખો ગાઢ રહ્યો હતો. કલાપીએ જ હડાળે જઈને સંચિત્ પાસે હડાળાનું વ્રજસુરેશ્વરનું શિવાલય સ્થાપન કરાવ્યું હતું.

કલાપીના અવસાન પછી સંચિતે કલાપીના સાહિત્યને પ્રકાશિત કરવાનો પ્રારંભ કર્યો હતો. તેમણે પહેલાં 'કલાપીના સંવાદો' પ્રસિદ્ધ કર્યાં. પછી 'કેકારવ'ના સંપાદનમાં કાન્તને સારી પેઠે મદદ કરી. 'કલાપીનું સાક્ષરજીવન' લખીને તેમણે પ્રસિદ્ધ કર્યું. 'કલાપી ગ્રંથાવલિ' ની એક વિસ્તૃત યોજના તેમણે ઘડી હતી, અને તે માટે મુંબઈમાં કાર્યાલય પણ ખોલ્યું હતું, પણ તે યોજના થોડાં પ્રકાશનો બાદ અધૂરી રહી. કલાપીના જીવનસંબંધી તેમનું છેલ્લું લખાણ 'કલાપીની પત્રધારા'નો ઉપોદ્ઘાત હતો.

હડાળાના નિવાસ દરમિયાન તે ખેતી, અભ્યાસ અને થિઓસોફીનાં પુસ્તકોના વાચન પાછળ દત્તચિત્ત રહેતા. દસેક વર્ષ તેમણે ત્યાં શાંતિમાં ગાળ્યાં. પછી દરબાર વાજસુરવાળા પોરબંદર ગયા એટલે તેમની સાથે સંચિત્ પણ ત્યાં ગયા. પોરબંદરની સીમેંટ કંપનીના અસ્તિત્વમાં તેમનો અગ્રગણ્ય હિસ્સો હતો. દુષ્કાલનિવારણના કાર્યને અંગે તે મુંબઈ ગયા હતા, એવામાં પોરબંદરનો રાજ્યકાર્યભાર બદલાયો એટલે તેમણે કુટુંબને ભાવનગર રાખી પોતે મુંબઈમાં રહેણાક કરી, ત્યાં વેપારમાં પડ્યા અને વેપાર ઠીક ચાલતો હતો, પરન્તુ મોરબીના યુવરાજ પાલીતાણા રહેતા હતા તેમની તબિયત નાદુરસ્ત હોવાથી, તેમણે રૂપશંકરને પોતાની પાસે બોલાવી રાખ્યા એટલે પાછળ મુંબઈનો વેપાર જેમને સોંપ્યો હતો તેમણે ખરાબી કરી નાખી. સંચિત્ નિર્ધન થઇ ગયા પણ તે હિંમત હાર્યા નહિ. ખેતીનાં ઓજારો ઉછીનાં લઇને તેનો પ્રચાર કરવાનું કાર્ય તેમણે કાઠિયાવાડમાં શરુ કર્યું. ખેતીનાં સુધારેલાં ઓજારો વેચવાં અને ફેલાવવાં, તે સાથે ટ્યુબવેલો તથા બોરિંગ કરવાનું કામ તેમણે ઉપાડ્યું અને તેમાં તેમને સારી સફળતા મળી, તે પૈસેટકે સુખી થયા. સને ૧૯૨૫ માં ત્યાંના મહારાજાની અંગત મમતાના આકર્ષણથી તે મોરબી જઇને રહ્યા. તા. ૧૩–૧–૧૯૩૨ ને રોજ તે મોરબીમાં જ અવસાન પામ્યા.

સંચિત્નું લગ્ન મહુવામાં થયું હતું. તેમનાં પત્નીનું નામ હરિઇચ્છા. તેમનાથી તેમને ચાર પુત્રો અને ચાર પુત્રીઓ થયાં હતાં. પુત્રો શ્રી. મન-

હરરામ, શ્રી. ચંદ્રકાન્ત, શ્રી. સૂર્યકાન્ત અને શ્રી. ધીમંતરામ એ બધા ગ્રેજ્યુએટ છે અને જુદે જુદે સ્થળે ધંધો નોકરી કરે છે. મૃત્યુસમયે સંચિત્ પુત્ર–પૌત્રાદિનો ચાળીસેક માણસોનો પરિવાર મૂકી ગયા હતા.

તેમણે વર્તમાનપત્રોમાં જુદા જુદા વિષયો પર અનેક લેખો લખેલા પરન્તુ તેનો કોઈ સંગ્રહ બહાર પડ્યો નથી. તેમનાં લખેલાં મુખ્ય પુસ્તકોની યાદી નીચે મુજબ છેઃ રાણકદેવી–રા'ખેંગાર નાટક (૧૮૮૪), મહોબત વિરહ, કલાપીના સંવાદો (સંપાદન), કાશ્મીરનો પ્રવાસ (સંપાદન), કલાપીનું સાક્ષરજીવન (૧૯૧૦), સંગીત લીલાવતી નાટક, ઉદય પ્રકાશ નાટક, સંચિતનાં કાવ્યો.

આ ઉપરાંત તેમના લખેલા કેટલાક સંવાદો અપ્રસિદ્ધ છે.

વલીમોહમ્મદ મોમીન

સ્વ. વલીમોહમ્મદ મોમીનનો જન્મ ઈ. સ. ૧૮૮૨માં અમદાવાદમાં થયો હતો. તેમના પિતાનું નામ છગનભાઈ. તે શિયા ઈસ્નાઅશરી પંથી મોમના કોમના હતા. તેમણે અમદાવાદમાં પ્રાથમિક તથા માધ્યમિક કેળવણી લઈ ને મેટ્રિકસુધી અભ્યાસ કર્યો હતો. તે ઉપરાંત ફારસી, અરબી અને ઉર્દૂનો અભ્યાસ પણ તેમણે સારી પેઠે કર્યો હતો.

ઈ. સ. ૧૯૦૨ માં તેમણે "સિરાજ" નામનું દૈનિક પત્ર શરુ કર્યું હતું. તે બંધ થતાં "રાહે નજાત" માસિકમાં તે જોડાયા હતા. ૧૯૦૪ માં "અલ હિલાલ" નામનું ગુજરાતી માસિક પત્ર શરુ કર્યું હતું. ૧૯૦૫ માં માંગરોળનાં સાહેબઝાદીના શિક્ષક તરીકે અને ૧૯૧૧ માં માણાવદરના ખાનશ્રી ફતેહદીનખાનના પ્રાઈવેટ સેક્રેટરી તરીકે તે જોડાયા હતા. તે ગુજરાતી ઉપરાંત અંગ્રેજી અને ઉર્દૂમાં પણ સારું લખી શકતા. લખનૌના શિયા આલિમોએ એમના ધાર્મિક લેખો બદલ "મુઈને ઈસ્લામ" નો ખિતાબ આપ્યો હતો. સને ૧૯૪૧ ના જુલાઈ માસમાં માણાવદરમાં તેમનું અવસાન થયું હતું. તેમને બે પુત્રો અને એક પુત્રી છે. એક પુત્ર એલ. એલ. બી. હોઈ અમદાવાદમાં વકીલાત કરે છે.

તેમનાં લખેલાં પુસ્તકોની નામાવલિ: (૧) હ. મુહમ્મદ સા. નું જીવનચરિત્ર, (૨) મીસ્કીટનું ઈસ્લામ, (૩) અરબાનુસા ભાગ ૧–૨, (૪) વિશ્વધર્મ ઈસ્લામ, (૫) જાગતો નવાબ, (૬) અલ ઈસ્લામ, (૭) સોમનાથની મૂર્તિ, (૮) ઈસ્લામનો અર્થ, (૯) હદીસે હલીલાં (અંગ્રેજી), (૧૦) સફરનામા (ઉર્દૂ), (૧૧) તાલીમે બગરખીને મિટ્ટી ખરાબ કર દી.

વલ્લભદાસ પોપટભાઈ શેઠ

સ્વ. વલ્લભદાસ પોપટભાઈ શેઠનો જન્મ તેમના વતન મહુવા (કાઠિયાવાડ)માં સં. ૧૯૧૫ માં થયો હતો. તેમના પિતાનું નામ પોપટભાઈ મૂળજીભાઈ શેઠ અને માતાનું નામ પ્રેમબા હતું. ન્યાતે તે દશાશ્રીમાળી વણિક હતા. મહુવામાં ગુજરાતી સાત ધોરણ તથા અંગ્રેજી ચાર ધોરણ સુધી તેમણે અભ્યાસ કર્યો હતો. વ્યવસાયની શરુઆત તેમણે વ્યાપારથી કરેલી, પછી થોડો વખત વકીલાતનો વ્યવસાય લીધેલો અને ઉત્તરાવસ્થામાં ભાવનગર રાજ્યના વસુલાતી ખાતામાં નોકરી સ્વીકારી ડેપ્યુટી વહીવટદારના ઓહદા સુધી તે પહોંચ્યા હતા. કાવ્ય તથા તત્ત્વજ્ઞાનનો તેમને ખૂબ રસ હતો. તુલસીકૃત રામાયણ એ તેમનું પ્રિય પુસ્તક હતું. સં. ૧૯૭૩ માં મહુવામાં તેમનું અવસાન થયું હતું. તેમણે લખેલાં પુસ્તકોમાંનાં મુખ્ય આટલાં છે: (૧) સુબોધચિંતામણિ, (૨) દૃષ્ટાંતચિંતામણિ, (૩) સૌરાષ્ટ્ર-ચિંતામણિ, (૪) માહેશ્વરવિરહ. તે ઉપરાંત તત્ત્વજ્ઞાન તથા કાવ્યનાં થોડાં અપ્રકટ પુસ્તકો તેમના પુત્ર શ્રી. રમણિકલાલ વલ્લભદાસ શેઠ પાસે છે.

પ્રથમ પત્ની માનકુંવરથી તેમને એક પુત્ર અને બીજાં પત્ની મણિબહેનથી ત્રણ પુત્ર તથા સાત પુત્રીઓ થયેલાં જેમાંના બે પુત્રો અને પાંચ પુત્રીઓ વિદ્યમાન છે.

વાઘજી આશારામ ઓઝા

સ્વ. વાઘજી આશારામ ઓઝાનો જન્મ સં. ૧૯૦૬ માં મોરબીમાં સામવેદી શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. એમના પિતાનું નામ આશારામ જાદવજી ઓઝા તથા માતાનું નામ અંબાબાઈ હતું.

તેમના મોટા ભાઈ ઈશ્વરભાઈ હતા તે ગોંડળ સ્ટેટમાં નોકરી કરતા હતા અને સંવત ૧૯૪૪ માં ગુજરી ગયા હતા. નાના ભાઈ મૂળજીભાઈ જે વાઘજીભાઈની પછી 'મોરબી આર્ય સુબોધ નાટક મંડળી' ચલાવતા હતા તે સં. ૧૯૭૭ માં ગુજરી ગયા હતા. એ સિવાય તેમને બે બહેનો હતી. તેમના પિતા ધોરાજીમાં નોકરી કરતા હતા, ત્યાં તેમની પ્રાથમિક કેળવણી શરુ થઈ હતી. તેમની ૧૨ વર્ષની વય થતાં તેમના પિતાજી ગુજરી ગયા હતા. પછી તેમણે મોટા ભાઈ પાસે રહી અભ્યાસ આગળ વધાર્યો હતો. ગોંડળ દરબાર તરફથી તેમને સ્કોલરશીપ મળતી. અંગ્રેજી ચાર ધોરણ ગોંડળમાં ભણી તે વધુ અભ્યાસ માટે રાજકોટની હાઈસ્કૂલમાં દાખલ થયા

હતા અને ત્યાં રહી મેટ્રિકની પરીક્ષા પસાર કરી હતી. કુટુંબની ગરીબ સ્થિતિને કારણે તે કોલેજનો અભ્યાસ કરી શકયા નહિ અને મોરબીની અંગ્રેજી શાળામાં શિક્ષક તરીકે જોડાયા. તંદુરસ્તી સારી નહિ રહેવાથી તે નોકરી તેમણે છોડી અને દસ વર્ષની નોકરીને હિસાબે પેન્શન મેળવ્યું.

વાઘજીભાઈની શુદ્ધ રહેણી-કરણીથી આકર્ષાઈ ને મોરબીના મહુર્મ ઠાકોર સર વાઘજીએ તેમને હેમુભાના શિક્ષક તરીકે નીમ્યા. એ વર્ષ પછી નાટક મંડળીના કામને અંગે તેમણે એ નોકરી છોડી અને પોતાની જગ્યાએ મોટા ભાઈના પુત્ર મહાદેવભાઈની ગોઠવણ કરાવી.

વાઘજીભાઈ એ પોતાના નાના ભાઈ મૂળજી આશારામ ઓઝા, હરિશંકર માધવજી ભટ્ટ, જટાશંકર શિવશંકર પંડ્યા, ગોવિંદજી પ્રાણજીવન ભટ્ટ, કલ્યાણજી બેચર રાવળ અને ધનેશ્વર વિશ્વનાથ રાવળની સાથે રહી ભાગીદારીમાં સંવત ૧૯૩૫ ના અરસામાં " મોરબી આર્ય સુબોધ નાટક મંડળી" સ્થાપી હતી. મોરબીમાં શેઠની વખારમાં નાટક ભજવવાનું શરુ કર્યું અને પ્રજા તરફથી પ્રોત્સાહન મળતું ગયું. તે સમયે તરગાળા ભવાઈ રમતા અને રામલીલા થતી, પણ આ નાટકો બીભત્સતાથી દૂર રહીને પ્રજાને ઉપદેશ આપતા, તેથી લોકોને તેમાં રસ પડવા લાગ્યો. વાઘજીભાઈના બાળમિત્ર શેઠ વનેચંદ પોપટભાઈ એ તેમને આર્થિક મદદ કરી અને પછી કંપની કાઠિયાવાડનાં મોટાં શહેરોમાં જઈ ખેલો ભજવવા લાગી. નાટકો ઉપદેશાત્મક હોવાને કારણે તેને સારો આવકાર મળ્યો. વાઘજીભાઈ એ 'સીતા-સ્વયંવર,' 'ઓખાહરણ', 'કેસરી પરમાર' નાટકો રચી આપ્યાં અને તેમની દેખરેખ નીચે તે ભજવાયાં. ભાગીદારો ઉમંગી હતા. નાટકો રચાયા પછી પાત્રોની પસંદગી થતી અને તેને અનુરૂપ જ કામ સોંપાતું. આથી કંપનીએ થોડા સમયમાં સારી કીર્તિ સંપાદન કરી. નાટકનો ધંધો મોરબી આર્ય સુબોધ નાટક મંડળીનાં નાટકોને કારણે ઉપદેશકનો પવિત્ર ધંધો લેખાવા લાગ્યો. કંપનીના બધા ભાગીદારો શ્રીમન્ નૃસિંહાચાર્યજીના શિષ્યો હતા અને સારા આચારવિચારવાળા હતા તેની છાપ પણ પ્રજા ઉપર પડતી.

વાઘજીભાઈ એ નાનપણમાં વાઘજીકૃત 'ઈશ્વરમહિમા' નામનું એક પુસ્તક કવિતામાં લખ્યું હતું. તે ઉપરાંત તેમણે નીચે જણાવેલાં નાટકો નાટક મંડળી માટે લખી આપ્યાં હતાં. તે બધાં ભજવાયાં હતાં તથા તેમાંનાં કેટલાંક પૂરેપૂરાં પ્રસિદ્ધ થયાં હતાં.

(૧) સીતાસ્વયંવર (સં. ૧૯૩૪), (૨) દ્રૌપદીસ્વયંવર, (૩) રાવણ-વધ, (૪) ઓખાહરણ (સં. ૧૯૩૬), (૫) ચિત્રસેન ગંધર્વ, (૬) પૃથુરાજ

રાઠોડ (સં. ૧૯૩૭), (૭) કેદારસિંહ પરમાર, (૮) ભર્તૃહરિ, (૯) ચાંપરાજ હાડો (સં. ૧૯૪૦), (૧૦) રાજસિંહ (વીરબાળા), (૧૧) સતી રાણુકદેવી, (૧૨) જગદેવ પરમાર, (૧૩) ત્રિયારાજ, (૧૪) ત્રિવિક્રમ (સં. ૧૯૪૮), (૧૫) ચંદ્રહાસ, (૧૬) વિબુધવિજય.

વાઘજીભાઈનું ધર્મ સંબંધી જ્ઞાન ઉંચા પ્રકારનું હતું. સ્વામી આત્મારામજી અને અચ્યુતાનંદજી સાથે તેમને પરિચય થએલો અને તે તેમને ગુરુ તરીકે માનતા. તેમણે હિંદનાં મુખ્ય તીર્થસ્થાનોની યાત્રા કરીને અનેક સાધુ મહાત્માઓનો પરિચય કર્યો હતો. શ્રીમન્ નૃસિંહાચાર્યજીનો સમાગમ પણ તેમણે સારી પેઠે સેવ્યો હતો. મોરબી કંપનીમાં રોજ ૨૫-૩૦ સાધુ જમાડવાનો રીવાજ હતો તેમજ ધર્માદા કાર્યમાં અનેક વખત તે નાટકની ઊપજ આપતા.

પહેલાં તેમને લગ્ન કરવાની ઇચ્છા જ નહોતી એટલે નાના મૂળજીભાઇને તેમણે પહેલાં પરણાવ્યા. પણ પાછળથી ભાઇના તથા મિત્રોના આગ્રહથી તેમણે ૩૮ વર્ષની ઉંમરે કુઆ (તા. ધાનેરા) ના રહીશ હેતા ત્રવાડીની પુત્રી કંકુબાઇ સાથે લગ્ન કર્યું હતું.

તેમનું અવસાન વઢવાણ શહેરમાં ૪૬ વર્ષની વયે સંવત ૧૯૫૨ ના પોષ વદ ૧૩ ને રોજ થયું હતું. તે પોતાની પાછળ વિધવા અને બે પુત્રીઓ મૂકી ગયા હતા. હાલ તેમાંનું કોઈ હયાત નથી. તેમને પુત્ર નહોતો તેમજ તેમના નાના ભાઈ મૂળજીભાઇને પણ પુત્ર નહોતો. આજે તેમના મોટા ભાઈ ઇશ્વરભાઇનો પૌત્ર ભાઈ અમૃતલાલ વિદ્યમાન છે, અને સ્વ. મૂળજીભાઈનાં વિધવા વિદ્યમાન છે.

શ્રી વિજયકેસર સૂરિ

સ્વ. આચાર્યશ્રી વિજયકેસર સૂરિ શ્વેતામ્બર મૂ. પૂ. સંપ્રદાયના સાધુવર્ય હતા. તેમનો જન્મ પાળીયાદ ગામમાં વિ. સંવત ૧૯૩૩ માં થયો હતો. તેમનું સંસારનું નામ કેશવજી હતું, પિતાનું નામ માધવજી હતું અને માતાનું નામ લક્ષ્મીબાઈ હતું. તે જ્ઞાતે વીશાશ્રીમાળી જૈન હતા. માતાપિતાના અવસાન પછી સંવત ૧૯૫૦ માં કેશવજીભાઇએ વડોદરામાં આચાર્યશ્રી વિજયકમળસૂરિની પાસે સત્તર વર્ષની વયે જૈન સાધુત્વ અંગીકાર કર્યું હતું. ઉત્તરોત્તર ગણી પદવી, પન્યાસ પદવી અને સં. ૧૯૮૩ માં આચાર્ય પદવી સુધી ચડીને શ્રી. વિજયકેસર સૂરિ સં. ૧૯૮૬ માં સ્વર્ગવાસી થયા હતા. અવસાનસમયે તેમનો શિષ્ય-શિષ્યાપરિવાર ૧૧૦ સાધુ-

સાધ્વીઓનો હતો. તેમના હસ્તે કેટલીક પાઠશાળાઓ અને હુન્નરશાળાઓ સ્થપાઈ હતી.

શ્રી. વિજયકેસર સૂરિએ સંસારી જીવનમાં શાળાએ બેસીને માત્ર ૬ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો અને પિતા વેપારી હોવાથી વેપારનો જ વ્યવસાય તેમની સામે ઊભો હતો; પરન્તુ દીક્ષા લેવાની સ્ફુરણા થઈ ત્યારથી તેમનું ચિત્ત જુદા જ અભ્યાસ તરફ વળી ગયું હતું. યોગ અને તત્ત્વજ્ઞાનમાં તેમનો રસ વધવા લાગ્યો હતો. પોતે યોગના સારા અભ્યાસી અને યોગવિશારદ પણ હતા. જૈન સાધુ તરીકે તેમણે બીજી ધાર્મિક પ્રવૃત્તિઓ કરવા ઉપરાંત જે સાહિત્યસેવા કરી હતી તે મુખ્યત્વે યોગ અને તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોની રચનાની જ હતી. સંસ્કૃત અને અર્ધમાગધી ભાષાના તે સારા જ્ઞાતા હતા. તેમણે લખેલાં પુસ્તકોમાંથી મહત્ત્વનાં નામો નીચે મુજબ છેઃ

દશવૈકાલિક સૂત્રનું ભાષાંતર	(સં. ૧૯૬૦)
પ્રબોધચિંતામણિ	(સં. ૧૯૬૨)
મલયસુંદરી ચરિત્ર	(સં. ૧૯૬૪)
યોગશાસ્ત્ર	(સં. ૧૯૬૩)
સુદર્શના ચરિત્ર	(સં. ૧૯૬૬)
ગૃહસ્થધર્મ	(સં. ૧૯૭૦)
નીતિમય જીવન	(સં. ૧૯૭૦)
ધ્યાનદીપિકા	(સં. ૧૯૭૧)
શાંતિનો માર્ગ	(સં. ૧૯૭૬)
આત્મજ્ઞાનપ્રવેશિકા	(સં. ૧૯૭૭)
આત્મવિશુદ્ધિ	(સં. ૧૯૮૧)
મહાવીર તત્ત્વપ્રકાશ	(સં. ૧૯૮૨)
આનંદ અને પ્રભુ મહાવીર	(સં. ૧૯૮૩)
આત્માનો વિકાસ અથવા મહામોહપરાજય	(સં. ૧૯૮૫)

વિનાયક નંદશંકર મહેતા

જીવનભરની રાજપ્રકરણી કારકીર્દીમાં પણ સાહિત્ય અને સંસ્કાર-પ્રેમને સદા જાગ્રત રાખનાર અને ઉત્તર ભારતમાં વિદ્વાન ગુજરાતી રાજપુરુષ તરીકે જાણીતા વિનાયકભાઇનો જન્મ, ગુજરાતી પ્રથમ ગદ્યનવલ 'કરણઘેલા' ના કર્તા રાવબહાદુર નંદશંકર તુલજાશંકર મહેતાને ત્યાં,

સુરતની વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં, ઈ. સ. ૧૮૮૩ ના જૂનની ૩ જી તારીખે માંડવી (કચ્છ) મુકામે થયો હતો. એમનાં માતાનું નામ નંદગૌરી.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વડોદરા તેમજ સુરત બંને સ્થળે લીધા બાદ ઉચ્ચ શિક્ષણ તેમણે મુંબઈમાં અને ત્યારપછી કેમ્બ્રિજમાં તથા લંડનમાં લીધું. એમનું સમગ્ર વિદ્યાર્થીજીવન ઉજ્જ્વલ હતું. યુનિવર્સિટીનાં પરિણામોમાં તેમનું નામ હમેશાં મોખરે રહેતું, અને જેમ્સ ટેલર પ્રાઈઝ, નારાયણ વાસુદેવ પ્રાઈઝ, ધીરજલાલ મથુરાદાસ સ્કૉલરશિપ, એલિસ સ્કૉલરશિપ, અને કૅાન્ડન ક્લબ મેડલ આદિ ઈનામો, શિષ્યવૃત્તિઓ ને ચન્દ્રક તેમણે મેળવ્યાં હતાં. બી. એ. ની પરીક્ષામાં પહેલા વર્ગમાં આવી તેઓ આઈ. સી. એસ. થવા ઈંગ્લંડ ગયા અને ત્યાંની પહેલી જ હરીફાઈમાં ઉત્તીર્ણ થયા. ગુજરાતી હિન્દુઓમાં તેઓ સૌથી પહેલા સિવિલિયન હતા.

ઈ. સ. ૧૯૦૬ માં વિલાયતથી આવ્યા કે તરત સંયુક્ત પ્રાંતો (યુ. પી.) માં અલાહાબાદમાં તેમની નિમણુક થઈ અને એ સિવિલ સર્વિસમાં ઉત્તરોત્તર ઉત્કર્ષ સાધી તેઓ અલાહાબાદ,લખનૌ, કાશી વગેરે મોટાં સ્થળોના કમિશનરના પદે પહોંચેલા. સૌથી પહેલા હિંદી ડિરેક્ટર ઑફ ઈન્ડસ્ટ્રીઝ પણ તેઓ જ થએલા. વચ્ચે કાશ્મીરમાં ૧૯૩૨ થી ૩૫ સુધી મહેસુલી પ્રધાન તરીકે અને ૧૯૩૭–૩૮ માં એક વર્ષ બિકાનેરના મુખ્ય પ્રધાન તરીકે કામગીરી બજાવી તેઓ યુ. પી. માં બોર્ડ ઑફ રેવન્યુના સિનિયર મેમ્બર થયા હતા. સરકારી નોકર છતાં જવલંત રાષ્ટ્રપ્રેમને લીધે તેઓએ કૉંગ્રેસ સરકારના અમલ દરમ્યાન તે વખતના પ્રધાનમંડળની ખૂબ પ્રીતિ અને વિશ્વાસ સંપાદન કરેલાં.

એમનું લગ્ન શ્રી. ઈરાવતી મહેતા સાથે ઈ. સ. ૧૯૦૭ માં સુરતમાં થએલું. એમને એક પુત્ર–કુમારિલ મહેતા બૅરિસ્ટર-એટ-લૉ અને ચાર પુત્રીઓ સૌ. પૂર્ણિમા, સૌ. પ્રેમલતા, સૌ. નન્દિની અને સૌ. અમરગંગા છે.

વિદ્વાન પિતાના પુત્ર હોવાથી જન્મથી જ સંસ્કારપ્રચૂર વાતાવરણમાં તે ઊછરેલા અને સાહિત્યરસ ગળથૂથીમાં જ પીધેલો. સંસ્કૃત સાહિત્યના તેઓ સારા અભ્યાસી હતા, અને ઉર્દૂ પણ તેઓ બહુ જ સરસ બોલી–લખી જાણતા. જર્મન ભાષા અને સાહિત્ય ઉપર પણ તેમને ખૂબ ભાવ હતો. કાશી બાજુએ તો તેમની એક પંડિત તરીકે જ ખ્યાતિ હતી. એ ઉપરાંત અર્થશાસ્ત્ર, ઇતિહાસ, ગ્રામસુધાર અને સહાયકારી ક્ષેણુદેણુ જેવા એમના રાજકીય કર્તવ્યક્ષેત્રના વિષયોમાં પણ એમનો ઊંડો અભ્યાસ હતો. પોતાના પ્રવૃત્તિમય જીવનને લીધે ગુજરાતી સાહિત્યને તેઓ બહુ આપી શક્યા નહિ,

પણ એમણે લખેલું એમના પિતાનું ચરિત્ર "નંદશંકર જીવનચિત્ર" આને ગુજરાતી ચરિત્રગ્રંથોમાં અનોખું સ્થાન ધરાવે છે. એ પછી 'કો જાગરી' નામનું એક નાનું નાટક પણ એમણે લખેલું છે. આ ઉપરાંત અંગ્રેજી દૈનિક તેમજ સામયિક પત્રોમાં સાહિત્ય, પુરાતત્ત્વ, રાજકારણ, ગ્રામોદ્ધાર આદિ વિવિધ વિષયો પર છૂટક લેખો તેઓ લખ્યા જ કરતા.

જે અલાહાબાદમાં એમણે સરકારી નોકરીનો પ્રારંભ કર્યો ત્યાં જ ઈ. સ. ૧૯૪૦ ના જાન્યુઆરીની ૨૮ મી તારીખે અચાનક કામ કરતાં કરતાં હૃદય બંધ પડવાથી એમનું અવસાન થયું.

એમની કૃતિઓ : "નંદશંકર જીવનચિત્ર" (ઈ. સ. ૧૯૨૨), "કો જાગરી" (નાટક), "ગ્રામોદ્ધાર."

વિશ્વનાથ સદારામ પાઠક

સ્વ. વિશ્વનાથ સદારામ પાઠકનો જન્મ ઈ. સ. ૧૮૫૫ માં ધોળકા તાલુકામાં આવેલા ભોળાદમાં થયો હતો. તેમના પિતાનું નામ સદારામ કાશીરામ પાઠક અને માતાનું નામ કરસનબા. તે પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ હતા.

નાનપણમાં માતાનું અવસાન થવાથી તે ભાવનગરમાં પોતાના મોસાળમાં ઊછર્યા હતા. તેમના પિતા સદારામ પાઠક નિઃસ્પૃહી અને સાદું જીવન ગાળનારા હતા. તે નમાયાં બાળકોને બે–ચાર વરસ ઊછેરી, મોસાળ મોકલીને યાત્રાએ ચાલ્યા ગયા હતા અને ગોકુળ–મથુરામાં તેમણે દેહ છોડ્યો હતો.

વિશ્વનાથ પાઠકે પ્રાથમિક કેળવણી ભાવનગરમાં લીધી હતી. થોડું સંસ્કૃત અને થોડું અંગ્રેજી પણ તે શીખ્યા હતા. ૧૭ વર્ષની વયે રાજકોટની ટ્રેનિંગ કોલેજમાં દાખલ થઈ બે વરસ ત્યાં અભ્યાસ કરી સીથા (કાઠિયાવાડ) માં તેમણે મહેતાજીની નોકરી લીધી હતી. બે વરસ ત્યાં નોકરી કરીને અમદાવાદની ટ્રેનિંગ કોલેજમાં એક વર્ષ ભણી તે સીનિયર થયા હતા અને સીથાથી રાજકોટના તાલુકા સ્કુલ માસ્તર તરીકે તેમની બદલી થઈ હતી. ત્યાં ઉપરી સાથે અણબનાવ થવાને કારણે ગાંકના કુંવરના ટ્યૂટર તરીકે ગયા હતા. ત્યાં તેમણે થાણદારની પરીક્ષા પાસ કરી પરન્તુ થાણદારી ન સ્વીકારતાં રાજકોટ સદર સ્કૂલના માસ્તરનું પદ સ્વીકાર્યું. ત્યાંથી તેમની બદલી રાજકોટ ટ્રેનિંગ સ્કૂલમાં થઈ જ્યાં તે ઘણાં વરસ રહ્યા. આ સમયમાં તેમને વેદાંતનો અભ્યાસ કરવાની અને 'પંચદશી' નું ભાષાંતર કરવાની

તક મળી હતી. ત્યાંથી તે ખંભાળિયા, ગોંડળ અને જેતપુરમાં કેટલાંક વર્ષ શાળાની નોકરી કરીને ૧૯૦૬ માં ભાવનગરમાં આવ્યા. તેમનો અને તેમના કેટલાક મિત્રોનો વિચાર ભાવનગરમાં એક આદર્શ શિક્ષણસંસ્થા શરુ કરવાનો હતો જેમાં સદ્‌ગત પ્રભાશંકર પટ્ટણીએ મદદ કરવાનું સ્વીકાર્યાથી ૧૯૦૭ માં તેમણે મુંબઈ ઇલાકાની જુદા જુદા પ્રકારની સરકારી તથા ખાનગી શાળાઓની તથા અનેક કેળવણીકારોની મુલાકાત લીધી અને તેમના અભિપ્રાયો લખી લીધા. આ પ્રયત્નોને પરિણામે ભાવનગરમાં શ્રી દક્ષિણામૂર્તિ ભવન સ્થપાયું. આ અભિપ્રાયોની ફાઇલનો થોડો ભાગ મળી આવ્યો છે. આ કામ માટે તેમણે બે વર્ષની રજા લીધેલી. રજાનો બાકીનો ભાગ તેમણે રાજકોટમાં ગાળીને 'ભગવદ્‌ગીતા' ના ભાષાંતરનો ગ્રંથ લખ્યો. એ ગ્રંથમાં તેમણે શ્લોકોના ગુજરાતી અર્થ અને શાંકર ભાષ્યના અનુવાદ ઉપરાંત બીજા પચીસેક ગ્રંથોનો રહસ્યાર્થ પણ તારવી ઊમેર્યો છે. આ કામ પૂરું કરીને તે જેતપુરમાં ગયા અને દરબાર વાજસુરવાળા પોરબંદરના એડમિનિસ્ટ્રેટર નીમાતાં તેમણે તેમને પોરબંદરના ડે. એજ્યુ. ઇન્સ્પેક્ટર નીમ્યા. ત્યાંથી ૧૯૧૬ માં તે નિવૃત્ત થયા.

નિવૃત્ત થયા પછી તેમણે વેદાન્તનું વાચનમનન ચાલુ રાખેલું. તે ઉપરાંત તેમણે ગુજરાતી લઘુલિપિના પ્રયોગ પાછળ પુષ્કળ શ્રમ લીધેલો. નાનપણથી તેમણે દુર્લભ સંસ્કૃત ગ્રંથો લખી લેવા માંડેલા, જેમાંનો એક 'બટુક ભાસ્કર' ગ્રંથ હતો. તેમને ચિત્રો કાઢવાનો પણ શોખ હતો. દક્ષિણની મુસાફરીમાં તેમણે ત્યાંની વનસ્પતિનાં વર્ણનોમાં તેનાં પાંદડાંના સુરેખ આકારો કાઢ્યા હતા. તેમને યોગનો સારો અભ્યાસ હતો. પહેલાં તે હઠયોગ કરતા, પણ પાછળથી માત્ર ધ્યાનમાં જ બેસતા. તેમને કવિતા રચવાનો શોખ હતો. ધીમે તાલબદ્ધ રીતે તે સ્વરચિત પદો ગાતા પણ ખરા. ગુરુભક્તિનાં અને યોગાનુભવનાં તેમનાં કેટલાંક પદો 'અહિચ્છત્ર કાવ્ય-કલાપ' માં સંગ્રહાયાં છે. ઈ. સ. ૧૯૧૮ માં તેમણે સંન્યાસ લીધો હતો અને ચાણોદ કાશી વગેરે સ્થળે રહ્યા હતા. ૧૯૨૩ માં તે દિલ્હી ગએલા ત્યાં તેમનો દેહ પડ્યો.

વિશ્વનાથ પાઠકનું લગ્ન આશરે ૩૦ વર્ષની વયે ગાણોલ (તા. ધોળકા) માં થએલું. તેમનાં પત્નીનું નામ આદિતબાઈ. તેમને પાંચ સંતાનો થયાં હતાં તેમાંનાં સવિતા બહેન ૧૮ વર્ષની વયે અવસાન પામેલાં. બાકીના ચાર પુત્રો વિદ્યમાન છે. શ્રી. રામનારાયણ પાઠક અધ્યાપક અને લેખક, શ્રી. ગજાનન પાઠક સ્થપતિ અને કલાવિવેચક, શ્રી. નાનુભાઇ પાઠક

સિવિલ ગાર્મેન્ટ કટર અને એ વિષયના લેખક, અને શ્રી. પ્રાણજીવન પાઠક મિલમાં સ્પિનગ ખાતાના મુખ્ય અને લેખક.

તેમનાં લખેલાં પુસ્તકો નીચે મુજબ છે :

"પંચદશી" (શ્રી. વિદ્યારણ્યસ્વામીપ્રણીત મૂળ શ્લોક સહિતનું ગુજરાતી ભાષાંતર, શ્રી. રામકૃષ્ણ પંડિતની ટીકાને અનુસરીને) ૧૮૯૫, "નચિકેતા કુસુમગુચ્છ" (કાઠકોપનિષદ્‌ની ગુજરાતી આખ્યાયિકા) ૧૯૦૮, પુષ્પદંત-વિરચિત "મહિમ્ન સ્તોત્ર" નું ગુજરાતી સમશ્લોકી ભાષાંતર (મૂળ, પદ, પદાર્થ અને વિવેચન સાથે) ૧૯૦૮, "શ્રીમદ્ ભગવદ્‌ગીતા" (શાંકર ભાષ્ય અને અનેક ટીકાકારોના આશય સાથે) ૧૯૦૯.

શંકરલાલ મગનલાલ પંડ્યા (મણિકાન્ત)

સ્વ. શંકરલાલ મગનલાલ પંડ્યાનો જન્મ સં. ૧૯૪૦માં તેમના વતન હળધરવાસમાં થયો હતો. તે ઔદીચ્ય ટોળકિયા બ્રાહ્મણ હતા. તેમની માતાનું નામ ઇચ્છાબા હતું. તેમણે માત્ર ગુજરાતી અભ્યાસ કર્યો હતો અને શરુઆતમાં વડોદરા રાજ્યનાં ગામડાંમાં શિક્ષકની નોકરી કરી હતી. પછી તેમનું લગ્ન આંત્રોલીના શ્રી. પ્રજારામ શિવરામ વ્યાસનાં પુત્રી મણિબહેન સાથે થયું હતું. ત્યારપછી તે શિક્ષકની નોકરી છોડી મુંબઈ ગયા હતા અને મંચેરજી વાડીલાલની કંપનીમાં નોકરીમાં રહ્યા હતા. મૃત્યુપર્યંત તે એ જ નોકરીમાં રહ્યા હતા. હરસના દર્દથી ૧૯૮૩માં તે હળધરવાસમાં જ મૃત્યુ પામ્યા હતા.

તેમણે નીચેનાં પુસ્તકો લખ્યાં હતાં: (૧) મણિકાન્ત કાવ્યમાળા, (૨) પાપી પિતા, (૩) ગઝલમાં ગીતા, (૪) સંગીત સુબોધબિંદુ, (૫) સંગીત મંગલમય, (૬) નિર્ભાગી નિર્મળા, (૭) ગુજરાત સ્તોત્ર, (૮) બ્રહ્મ-હત્યા, (૯) જ્ઞાનપ્રવાહ.

તેઓ સરલ અને લોકપ્રિય કવિતા લખતા અને તેમની કવિતાના તે જ ગુણોને લીધે "મણિકાન્ત કાવ્યમાળા" અને "નિર્ભાગી નિર્મળા" એ બે પુસ્તકો ખૂબ જ લોકપ્રિય થયાં હતાં. અનેક યુવકો "નિર્ભાગી નિર્મળા"ના સંખ્યાબંધ છંદો મોઢેએ કરી રાખતા એવો પણ એમની લોકપ્રિય કવિતાનો એક સમય હતો. સને ૧૯૩૫ સુધીમાં તેમની "મણિકાન્ત કાવ્યમાળા"ની ૧૩ આવૃત્તિઓની મળી આશરે ૩૦ હજાર પ્રતો અને "નિર્ભાગી નિર્મળા"ની ૫૩ હજાર પ્રતો પ્રસિદ્ધ થઈ હતી. તેમની કવિતાની બીજી પુસ્તિકાઓ આ બે પુસ્તકો જેટલી લોકપ્રિય નીવડેલી નહિ.

આ પુસ્તકોમાંથી તેમને જે દ્રવ્ય પ્રાપ્ત થયું હતું તેનો તેમણે પોતાના મૃત્યુ પૂર્વે જ સદુપયોગ કરી જણ્યો હતો. "પ્રેમધર્મ મણિકાન્ત ફ્રી પુસ્તકાલય" એ નામે તેમણે મકાન સાથેનું એક સારું પુસ્તકાલય પોતાના વતન હળધરવાસની પ્રજાને ભેટ કર્યું હતું. એ ઉપરાંત પ્રેમધર્મ અંગ્રેજી શાળા, પ્રેમધર્મ ગૌશાળા, પ્રેમધર્મ કુમાર આશ્રમ વગેરે સંસ્થાઓ તેમણે સ્થાપી હતી. પોતાનાં પુસ્તકોની આવકમાંથી તે આ સંસ્થાઓનું પોષણ કરતા. આશરે વીસેક હજાર રૂપિયા તેમણે પોતાનાં પુસ્તકોની આવકમાંથી પોતાના વતનને જુદી જુદી સંસ્થાઓ દ્વારા દાનમાં આપ્યા હતા.

સત્યેન્દ્રરાવ ભીમરાવ દીવેટિયા

એમનો જન્મ અમદાવાદમાં, વડનગરા નાગર ગૃહસ્થ જ્ઞાતિમાં સરદાર રા. બ. ભોળાનાથ સારાભાઈના પુત્ર ભીમરાવને ત્યાં ઈ. સ. ૧૮૭૫માં –સં. ૧૯૩૧ની ચૈત્રી પૂર્ણિમાએ થયો હતો. એમનાં માતાનું નામ ચતુરલક્ષ્મી.

પ્રાથમિક શિક્ષણ અમદાવાદ તથા વડોદરામાં અને માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં લઈ વડોદરા કોલેજ તથા ગુજરાત કોલેજમાં અભ્યાસ કરી તે ગ્રેજ્યુએટ થયા હતા. ગુજરાત કોલેજમાં તે દક્ષિણા ફેલો હતા.

એમનું પ્રથમ લગ્ન સુરતમાં ઈ. સ. ૧૮૯૫માં સૌ. મનુબહેન સાથે થએલું અને બીજું ઇ. સ. ૧૯૦૭માં શ્રી. અનસૂયા બહેન સાથે સુરતમાં થએલું. સ્વ. મનુબહેનનાં સંતાનોમાં એક મૃત પુત્રી તથા એક પુત્ર શ્રીનિવાસ. ગં. સ્વ. અનસૂયાનાં સંતાનોમાં બે પુત્રીઓ યશોધરા અને પ્રતિભા, તથા એક પુત્ર પૂના એન્જીનીઅરિંગ કોલેજમાંથી પ્રથમ વર્ગમાં પ્રથમ આવી હાલ મુંબઈમાં એન્જીનીઅર છે.

ગ્રેજ્યુએટ થયા બાદ તે શરુઆતમાં બ્રિટિશ સરકારની અને પાછળથી વડોદરા રાજ્યની નોકરીમાં હતા, જ્યાં તે નાયબ સુબાની પદવી સુધી પહોંચેલા. એમનું અવસાન પણ એ રાજ્યની નોકરીમાં, મહેસાણામાં સં. ૧૯૮૧ના ફાલ્ગુન વદી ૧, તા. ૨૩મી માર્ચ ૧૯૨૫ના રોજ થએલું.

એમની સાહિત્યપ્રવૃત્તિ બહુ શાન્ત હતી. એમના પિતા સ્વ. ભીમરાવનાં ત્રણ વિખ્યાત પુસ્તકો 'પૃથ્વીરાજ રાસા' (કાવ્ય), 'દેવળદેવી' (નાટક) તથા 'કુસુમાંજલિ' (કાવ્યસંગ્રહ)નું સંપાદન એમણે જ કરેલું. એ ઉપરાંત એમણે પોતે નીચેના ગ્રંથો લખ્યા છેઃ "ઊર્મિમાળા," "સરોવરની સુંદરી" (લેડી ઓફ ધ લેઇક), "આત્મસંયમનું રાજ્ય."

સૂર્યરામ સોમેશ્વર દેવાશ્રયી

સ્વ. સૂર્યરામ દેવાશ્રયી લુણાવાડાના વીસનગરા નાગર ગૃહસ્થ હતા. તેમના પિતાનું નામ સોમેશ્વર કીરપાશંકર દેવાશ્રયી અને માતાનું નામ કાશીબા.

તેમણે પ્રાથમિક અને માધ્યમિક કેળવણી ધોરણ પાંચમા સુધી લુણાવાડામાં લીધી હતી; ત્યારપછી અમદાવાદની આર. સી. હાઇસ્કૂલમાં અભ્યાસ કરી મેટ્રિક, સ્કૂલ ફાઇનલ અને ફર્સ્ટ ગ્રેડ પબ્લીક સર્વિસની પરીક્ષા પસાર કરી હતી.

પ્રારંભથી તેમણે શિક્ષણનો જ વ્યવસાય કર્યો હતો. વાડાસીનોર, લુણાવાડા તથા દેવગઢ બારીયાની અંગ્રેજી મિડલ સ્કૂલમાં શિક્ષક તથા હેડ માસ્તર તરીકે રહીને પછી તે ખેડાના તથા અમદાવાદના આસી. ડે. એજ્યુ. ઇન્સ્પેક્ટર ૧૯૧૬ થી ૧૯૨૨ સુધી હતા. ગ્રંથલેખન એ તેમનો ગૌણ વ્યવસાય હતો. ઐતિહાસિક તથા ધાર્મિક અંગ્રેજી મરાઠી ગ્રંથોના અનુવાદ તે કરતા. અધ્યાત્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો તેમનો અભ્યાસ સારો હતો. તે ધર્માનુરાગી, વૈરાગ્ય વૃત્તિવાન અને સર્વાત્મભાવયુક્ત જીવન ગાળતા. આદ્ય શંકરાચાર્યના જીવન તથા શ્રીમન્નૃસિંહાચાર્યના ગ્રંથો ઉપર તેમનો ખૂબ પ્રેમ હતો. જસ્ટીસ મહાદેવ ગોવિંદ રાનડે, સર ભાલચંદ્ર અને સ્વ. નર્મદાશંકર દેવશંકર મહેતાની તેમના જીવન પર વિશિષ્ટ અસર હતી. તા. ૬-૪-૧૯૨૨માં લુણાવાડા ખાતે તેમનું અવસાન થયું હતું.

તેમનાં પ્રથમ પત્નીનું નામ દુર્ગા હતું. તે મૃત્યુ પામતાં તેમણે બીજું લગ્ન કપડવંજમાં શિવગંગા વેરે કર્યું હતું. તેમના મોટા પુત્ર રવિશંકર મૃત્યુ પામ્યા છે. બીજા ત્રણ પુત્રો શિવશંકર, ઇંદુશંકર અને કનુભાઇ વિદ્યમાન છે.

તેમનાં પુસ્તકોની નામાવલિઃ (૧) ના. જસ્ટીસ મહાદેવ ગોવિંદ રાનડેનું જીવનચરિત્ર, (૨) સરદેસાઇકૃત હિંદુસ્તાનનો ઇતિહાસ-મુસલમાની રિયાસત, (૩) મિરાતે સિકંદરીનો ગુજરાતી અનુવાદ, (૪) Divine Revealionary Proclamation.

સોરાબજી શાપુરજી બંગાલી

સોરાબજી શાપુરજી બંગાલીનો જન્મ ઈ. સ. ૧૮૩૧ના ફેબ્રુઆરી માસમાં મુંબઇમાં થયો હતો. તેમના જન્મ પછી બીજે વરસે તેમના પિતાનું અવસાન થયું હતું. ૧૮૪૬માં એલ્ફીસ્ટન ઇન્સ્ટીટ્યૂટમાં શિક્ષણ મેળવી પંદર વર્ષની વયે ટેનર નામની યુરોપિયન પેઢીમાં અને પછી ગ્રેહામ કંપનીના દલાલના એસીસ્ટંટ તરીકે તે રોકાયા હતા. ૧૮૬૩માં વધુ વ્યાપારી

માહિતી મેળવવાને તેમને ઈંગ્લાંડ મોકલવામાં આવ્યા હતા. ઈંગ્લાંડથી પાછા ફરી વરજીવનદાસ માધવદાસની કંપનીમાં ભાગીદારી કરી કંપનીની પ્રતિષ્ઠા એમણે વધારી. સરકારે તેમને જે. પી. નો ઈલકાબ આપ્યો હતો. ૧૮૬૪માં તેમણે મુંબઇનો મ્યુનીસીપલ કારભાર સુધારવાની સૂચનાઓ કરી હતી જેનો પાછળથી ગવર્નરે અમલ કર્યો હતો. ૧૮૬૫માં તે એમ. એલ. સી. થયા હતા. ૧૮૯૩માં ૬૩ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું હતું.

સ્વ. બંગાલી એકલા વેપારી નહોતા પરન્તુ ગુજરાતી પત્રકારત્વના આધારસ્થંભ હતા. 'જગતમિત્ર' નામનું એક માસિક-પત્ર તેમણે શરુ કરેલું અને 'મુંબઈ સમાચાર' તથા 'રાસ્ત ગોફ્તાર'ના પણ તે સહાયક અને અંગભૂત હતા. સામાજિક સુધારાના તે હિમાયતી હતા. જ્ઞાનપ્રચારક મંડળી અને બોમ્બે એસોસિએશન વગેરે સંસ્થાઓ તેમના પરિશ્રમથી ઊભી થએલી. રૂ. ૬૬૦૦૦ને ખર્ચે તેમણે મુંબઈમાં ફોર્ટમાં એક કન્યાશાળા બંધાવી આપી હતી.

હરિલાલ માધવજી ભટ્ટ

સ્વ. હરિલાલ માધવજી ભટ્ટ મૂળ ચાવંડ (કાઠિયાવાડ)ના વતની પ્રશ્નોરા બ્રાહ્મણ હતા. તેમના પિતા માધવજી રત્નજી ભટ્ટ તે સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટના ભાઈ. તેમનાં માતુશ્રીનું નામ નર્મદા હતું.

તેમણે પ્રાથમિક કેળવણી મહુવામાં, માધ્યમિક કેળવણી વડોદરામાં અને ઉચી કેળવણી પૂનાની ડેક્કન કોલેજમાં લઈ એમ. એ. ની પરીક્ષા પસાર કરી હતી. જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાં તે તત્ત્વજ્ઞાનના પ્રોફેસર હતા. તેમનો અભ્યાસનો પ્રિય વિષય જ પ્રીલસુપ્રી હતો. પ્રો. સેલ્બીની તેમના જીવન ઉપર વિશિષ્ટ અસર હતી. 'ગુજરાતી વાચનમાળા' વિષેની તેમની ચર્ચા એક વખત 'ગુજરાતી' પત્રમાં કેળવણી વિષયના રસિકોમાં રસપૂર્વક વંચાતી હતી. ૧૯૨૮ના મે માસમાં જૂનાગઢમાં તેમનું અવસાન થયું હતું.

તેમણે બે લગ્નો કર્યાં હતાં. બીજા લગ્નનાં પત્ની ચંદ્રપ્રભાથી તેમને ચાર પુત્રીઓ થઈ હતીઃ મેના, દીવાળી, સરલા અને સુલોચના.

તેમની સાહિત્યકૃતિઓની નામાવલિ નીચે મુજબઃ (૧) પ્લુટાર્કનાં જીવનચરિતો (શ્રી બ. ક. ઠાકોર સાથે), (૨) આશ્રમહરિણી (મરાઠી પરથી અનુવાદ), (૩) હિંદનું રાજ્યબંધારણ.

હરિશંકર માધવજી ભટ્ટ

સ્વ. હરશંકર માધવજી ભટ્ટ મોરબીના વતની હતા. જ્ઞાતિએ સિદ્ધપુર સંપ્રદાયના ઉદીચ્ય સહસ્ર બ્રાહ્મણ હતા. તેમનો જન્મ મોરબીમાં સં. ૧૯૨૨ ના જેઠ સુદ ૫ ને રોજ થએલો. પિતાનું નામ માધવજી દેવકૃષ્ણ ભટ્ટ અને માતાનું નામ રૂપબાઈ હતું. પિતાનો ધંધો વૈદ્યક તથા કર્મકાંડનો હતો. તેમની સાત વર્ષની વયે પિતાનો સ્વર્ગવાસ થવાથી તે મોસાળમાં માતા તથા મામા રુધનાથ રતનજી જોષીની દેખરેખ નીચે ઊછર્યા હતા, ને સાત બહેનોના એક ભાઇ હતા. માતાનો સ્વર્ગવાસ સં. ૧૯૬૧ માં થયો હતો.

તેમણે પ્રાથમિક કેળવણી ગામઠી નિશાળમાં લીધી હતી, પરન્તુ પાછળથી ગુજરાતી, અંગ્રેજી તથા કાવ્યો-નાટકોનો અભ્યાસ આગળ વધાર્યો હતો. મોરબી આર્ય સુબોધ નાટક મંડળીના તે એક ભાગીદાર હતા. કંપનીના ભાગીદાર તરીકે બહુધા તે વ્યવસ્થાનું બહારનું કામકાજ કરતા. નાટકોમાં હાસ્ય રસના પાત્ર તરીકેનું કામ પણ તે સારું કરી જાણુતા. 'ત્રિવિક્રમ' માં શોભાગચંદ, 'ભર્તૃહરિ' માં વિદૂષક, 'અંબરીષ' માં ધંટાકરણ વગેરેનો ભાગ તે ભજવતા.

મોરબી નાટક મંડળીમાંથી ભાગ વહેંચી લઇને જ્યારે ભાગીદારો છૂટા થયા અને મૂળજીભાઇ એ મંડળીના એકલા માલેક થયા ત્યારે તેમણે મંડળીમાં નોકરી સ્વીકારી હતી. સને ૧૯૧૩ માં આંખે મોતીઓ આવવાથી તે મોરબીમાં-વતનમાં આવી રહ્યા હતા. મૂળજીભાઈ સ્વર્ગસ્થ થયા પછી સને ૧૯૨૦-૨૧ માં કંપની તરફથી તેમને સલાહકાર તરીકે બોલાવવામાં આવ્યા હતા, પણ તેમની સલાહ પ્રમાણે વર્તન કરવામાં આવ્યું નહિ, તેથી તે પાછા વતનમાં આવીને રહ્યા.

તેમની કૃતિઓમાંની મુખ્ય નીચે મુજબ છે:-"ભક્તરાજ અંબરીષ" (નાટક) ૧૯૦૭, "કંસવધ" (નાટક) ૧૯૦૯. એઉ નાટકો મોરબી આર્ય સુબોધ નાટક મંડળીએ ભજવ્યાં હતાં, જેમાંનું પહેલું સંપૂર્ણ આકારે પ્રસિદ્ધ થયું છે. "કુબેરનાથ શતાવળી" (આધ્યાત્મિક જ્ઞાનના દોહરા) ૧૯૨૧, "લગ્નાદિ પ્રસંગનાં કાઠિયાવાડી લોકગીતો" (ગીતસંગ્રહ) ૧૯૨૧, "લખધીર યશ ઇંદુ પ્રકાશ" (રાજગીતો) ૧૯૨૪; તેમણે મોરબી રાજ્યનો ઇતિહાસ લખવા માંડેલો તે અધૂરો રહ્યો હતો, જે પાછળથી પૂરો કરી તેમના પુત્ર શ્રી. જીવનલાલે "શ્રી લખધીરયુગ" એ નામે ઇ. સ. ૧૯૩૯ માં પ્રસિદ્ધ કર્યો છે.

તેમને આયુર્વેદનું પણ ઠીક જ્ઞાન હતું. ઉત્તર જીવનમાં તે ઔષધો બનાવીને દર્દીઓનો આશીર્વાદ લેતા. તેમના પુત્ર શ્રી. જીવનલાલ પણ એક સારા વૈદ્ય છે.

તેમનું લગ્ન વાંકાનેરમાં બાઈ ઊજમ સાથે સં. ૧૯૪૭ માં થએલું. તેમને સંતતિ નહિ ઊછરતી હોવાથી બીજું લગ્ન કેરાળા (તા. વાંકાનેર) માં બાઈ રંભા સાથે સં. ૧૯૫૮ માં થયું હતું. પોતાની પાછળ તે એક વિધવા, ચાર પુત્રો, એક પુત્રી અને પુત્ર-પુત્રીનો પરિવાર મૂકી તા. ૨૮-૯-૧૯૨૮ ના રોજ ૬૩ વર્ષની વયે મોરબીમાં સ્વર્ગવાસી થયા હતા.

હાજીમહમ્મદ અલારખિયા શિવજી

ગુજરાતી સાહિત્યમાં સચિત્ર પત્રકારત્વનો નવો યુગ શરુ કરનાર અને ઊંચી કલાદૃષ્ટિથી વિવિધ રસવૃત્તિઓનું પોષક સાહિત્ય આપવાની પહેલ કરનાર, 'વીસમી સદી' માસિકના તંત્રી હાજીમહમ્મદ અલારખિયા શિવજીનો જન્મ ઈ. સ. ૧૮૭૭ ના જાન્યુઆરીની ૧૩મી તારીખે મુંબઈમાં એક ગર્ભશ્રીમંત કુટુંબમાં થયો હતો. જ્ઞાતિએ તેઓ ઈસ્નાઅશરી ખોજા (મુસ્લિમ) હતા. એમના પિતાનું નામ અલારખિયા શિવજી, અને માતાનું નામ રહેમતબાઈ.

એમના વડવાઓ મૂળ કચ્છ-ભૂજના વતની, જ્યાંથી એમના પ્રપિતામહ માણેક મુસાણી વેપાર અર્થે મુંબઈ આવેલા. ત્યાં તેમનો સારો ઉત્કર્ષ થયો અને તેમના પુત્ર શિવજી માણેક તથા પૌત્ર અલારખિયા શિવજીએ પણ વડવાના ધંધાને જેમ આપી સારી લક્ષ્મી પ્રાપ્ત કરી.

હાજીમહમ્મદને પિતાના વેપાર સાથે એમનો સાહિત્યપ્રેમ પણ વારસામાં મળ્યો હતો. નાનપણમાં જોકે એ અભ્યાસ તો મૅટ્રિક્યુલેશન સુધી જ કરી શકયા હતા, પરંતુ જ્ઞાનની જિજ્ઞાસા અને સ્વાધ્યાય તથા સતત સાહિત્યસંપર્કથી તેઓ ફારસી, મરાઠી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓ પર સારો કાબૂ મેળવી શકયા હતા.

૧૮૯૫ થી તેમણે એ ભાષાઓનો અભ્યાસ કરવાની સાથે સાથે ગુજરાતી માસિકોમાં લેખો લખવા શરુ કરેલા. હિંદી સાહિત્યમાં તુલસીદાસ, કબીર, ગંગ આદિ કવિઓનાં કાવ્યો અને વિશેષે કરીને 'પ્રવીણસાગર'નો ગ્રંથ એમને પ્રિય હતો; અંગ્રેજી ભાષામાં પત્રકારત્વ એમનો પ્રિય વિષય હતો અને વિલિયમ સ્ટેડનું 'રિવ્યૂ ઑફ રિવ્યૂઝ' એમના સતત વાચનનું પત્ર હતું; અને ફારસી સાહિત્યમાં મશહૂર ફિલ્સૂફ ઉમર ખય્યામ એમનો

પ્રિયતમ કવિ હતો. એમના જીવન ઉપર વિલિયમ સ્ટેડ અને ઉમર ખય્યામની છાપ ખૂબ હતી. ઉમર ખય્યામની રુબાઈઆતોની, વિશિષ્ટ શૈલીમાં ચિત્રો તથા સુશોભનો સાથેની વિવિધ ઢબની રૂપસુંદર આવૃત્તિઓ અનેક અંગ્રેજ પ્રકાશકોએ બહાર પાડી છે તે બધી જ વીણીવીણીને ભેગી કરવાનો એમનો નાદ હતો અને પોતાના સંગ્રહમાંની એવી ૧૨૭ આવૃત્તિઓ ઉપરાંત ૧૨૮મી ગુજરાતી આવૃત્તિ સુંદર રૂપમાં પ્રકટ કરવાની એમની તમન્ના હતી. એ રુબાઈઆતોનો એમણે જાતે ગુજરાતી અનુવાદ કરેલો, અને બબલખ ખર્ચે એનાં ચિત્રો તથા શોભનો તૈયાર કરાવેલાં; પરંતુ એમના અવસાને એ બધું છિન્નભિન્ન કરી નાંખ્યું.

એમનું પહેલું લગ્ન ઈ. સ. ૧૮૯૬માં શ્રીમતી લાબાઈ સાથે મુંબઈમાં થએલું. સાહિત્યરસિક પિતાના પુત્રને એ પત્ની પણ સાહિત્યરસિક મળી હતી. તે ઉર્દૂ કાવ્યોનાં રસિયાં હતાં અને તેના અનુવાદો પણ કરી શકતાં. એમના અવસાન બાદ એમનું બીજું લગ્ન ઈ. સ. ૧૯૧૦ માં શ્રીમતી ખૈરુન્નિસાબાઈ સાથે મુંબઈમાં થએલું.

પિતાએ વારસામાં આપેલો વેપાર અબ્દુલ્લા અલારખિયાની કંપનીના નામથી જાપાન સાથે ચાલતો હતો. પણ સાહિત્ય અને કલા તરફનું એમનું વલણ એટલું જોરશીલું હતું કે ધીરેધીરે વેપાર એમણે ભાગીદારો ઉપર છોડ્યો અને પોતે સાહિત્યસંપર્કમાં જ રત રહેવા માંડ્યું.

૧૮૯૮માં એમણે એક મિત્રના નાના ભાઈના અકાળ અવસાન પર 'સ્નેહી વિરહ પંચદશી' નામે પુસ્તક હિંદીમાં પ્રકટ કર્યું. ત્યારબાદ એમના પ્રિય અંગ્રેજ લેખક એડવિન આર્નોલ્ડની કૃતિનો અનુવાદ 'ઇમાનનાં મોતી' નામથી ૧૯૦૧માં પ્રકટ કર્યો. ચિત્રમય સાહિત્ય પ્રકટ કરવાની એમની ભાવિ કારકીર્દિના અંકુર આ જ કાળથી પ્રકટ થવા માંડ્યા હતા. જે પ્રકાશન તે કરતા તે શ્રેષ્ઠ ઢબનું અને ઊંચી કલાવૃત્તિથી કરતા. ૧૯૧૦માં તેમણે 'ગુલશન' નામનું સચિત્ર માસિક શરુ કર્યું, પણ તે એક વર્ષ પછી બંધ કરવું પડ્યું. ૧૯૦૩ માં લૉર્ડ કર્ઝનના દરબાર વખતે કર્ઝન સંબંધે સોએક જેટલા સચિત્ર લેખો છપાવેલા. ૧૯૦૪માં 'મહેરુન્નિસા' નાટક એમણે લખેલું. સચિત્ર પત્ર કાઢવાનો વિચાર આ બધો વખત મનમાં પોષણ પામ્યા જ કરતો હતો અને તે ઉદ્દેશથી અનેકવિધ સામગ્રી તેઓ એકઠી કર્યે જતા હતા.

અંતે ઈ. સ. ૧૯૧૪માં સર ફાઝલભાઈનો ટેકો મળ્યો અને 'વીસમી સદી' નામથી એક ઉત્તમ પંક્તિનું સચિત્ર માસિક, પશ્ચિમનાં છાપાંઓની

હરોળમાં ઊભું રહે તેવી ઢબે કાઢવાની તૈયારીઓ કરી. એના પૂઠા ઉપરનું ચિત્ર વિલાયતમાં છપાવવાની યોજના હતી, પણ અકસ્માત પહેલું મહાયુદ્ધ ફાટી નીકળ્યું, છાપસામગ્રીના ભાવ ચડી ગયા અને એ વિચાર દ્વિધામાં પડ્યો.

પરંતુ આખરે હાજીમહમ્મદની અંતરની આકાંક્ષાએ જોર કરીને વિજય મેળવ્યો. અનેક સ્નેહીઓ તથા મિત્રોની ના છતાં એમણે એ ખર્ચાળ પ્રકાશનનું સાહસ ઉપાડ્યું. મહાયુદ્ધના બરોબર વચગાળાના કાળમાં, ઈ. સ. ૧૯૧૬ના એપ્રિલમાં 'વીસમી સદી'નો પહેલો અંક બહાર પડ્યો. ચુનંદા લેખકો અને ચિત્રકારોની નવી જ વાનીઓ, અવનવીન ઢબથી, સુંદર શોભનો સાથે, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ છાપકામની સજાવટ દ્વારા મુગ્ધ કરે તેવાં રૂપ રંગ અને ભભકથી તેના ઉત્તરોત્તર અંકમાં બહાર પડવા લાગી. ગુજરાતી સાહિત્યપ્રકાશનના ઇતિહાસમાં નવો જ યુગ શરુ થયો.

પાંચ વરસના એ માસિકના પ્રકાશનકાળમાં એની પાછળ હાજીમહમ્મદે પોતાની સર્વતોમુખી શક્તિઓ બતાવી. ઊંચા અભ્યાસીથી માંડીને અદના વેપારી સુધી સાને રસ પમાડી શકે એવા વિવિધ વિસ્તારવાળી સામગ્રીઓ ચૂંટીચૂંટીને પસંદ કરવી; ઉચિત વસ્તુ માટે ઉચિત લેખક કે ચિત્રકાર શોધી, તેને જરૂરી સામગ્રી પૂરી પાડી, તેના મહેનતાણા માટે તેને પ્રસન્ન કરીને મનધારી વસ્તુ મેળવવી; પછી તેને કલાના રંગે રંગવા માટે અસંખ્યાત સાધનો ઉથલાવી ચિત્રો, શોભનો, ફોટોગ્રાફી આદિ વીણવાં કે નવાં તૈયાર કરાવવાં; અવનવીન રૂપરંગે તેની સજાવટ કરવી; વિવિધ પ્રકારોથી શૈલીમય છાપકામ કરાવવું; જાહેરખબરો સુદ્ધાં નવીન ઢબથી લખવી અને ગોઠવવી: આવાં અનેકવિધ ક્ષેત્રોનાં પૃથક્ પૃથક્ પાસાંઓ પર હાજીમહમ્મદની બુદ્ધિશક્તિ, રસવૃત્તિ અને કલાદૃષ્ટિએ પોતાનો પરિચય આપી દીધો. પાંચ વરસનો 'વીસમી સદી'ના પ્રકાશનનો એ કાળ ગુજરાતી સાહિત્યમાં અપૂર્વ હતો.

પરંતુ મોંઘાં સાધનસામગ્રી પર સવાર થઈને દર મહીને બહાર પડતા એ અંકો પાછળ હાજીમહમ્મદનું જીવન એ છેડેથી બળતી મીણબત્તીની માફક ફના થતું ગયું. એક બાજુ, વેપાર ઉપરથી બધું ધ્યાન ઉઠાવી જ લીધું હતું અને એ આવક અટકી ગઈ હતી, તેમાં વળી 'વીસમી સદી' આવકને બદલે ખર્ચ, ખોટ અને દેવાના ખાડામાં ઉતારી રહ્યું હતું; છતાં કોઈ પણ રીતે આ મહેનત ઊગી આવે અને સારો દહાડો દેખાય એ આશાના તાંતણે જીવન ખેંચતા તે વિવિધ યોજનાઓ ઘડ્યે જતા હતા.

બીજી બાજુ આ નાના ક્ષેત્ર પાછળ ક્વેવી પડતી હદ ઉપરાંતની ઝહેમત તથા એ સાહસને ટકાવી રાખવા પાછળની સતત ચિંતાથી શરીર ઘસાતું જતું હતું, તેની સંભાળ કે માવજત કરવાનું આર્થિક કે બીજા ટેકાથી શક્ય રહ્યું ન હતું.

અંતે શરીર તૂટી ગયું અને થોડા દિવસના તાવ પછી એ જ સ્થિતિમાં ઈ. સ. ૧૯૨૧ના જાન્યુઆરીની ૨૨મી તારીખે ધનુર્વાની બિમારીથી મુંબઈમાં એમનું અવસાન થયું. 'વીસમી સદી' જેમ એમનું કીર્તિદા બન્યું તેમ જીવનનો અંત આણનાર નિમિત્ત પણ તે જ બન્યું. એમની એ આખી પ્રવૃત્તિના સાક્ષીઓ અને એમના અંતકાળના પત્રો સ્પષ્ટ કરે છે કે સચિત્ર પત્રકારત્વ દ્વારા સાહિત્ય અને કલાનો સંપર્ક જન સામાન્યને પહોંચાડવાના પોતાના એ નાદ પાછળ એમણે તન, મન અને ધનની ફનાગીરી કરી હતી.

એમની પહેલી પત્નીથી ત્રણ અને બીજી પત્નીથી એક પુત્ર થઈને, તે ચારે હયાત છે. મોટા પુત્ર શ્રી. ગુલામહુસેને પાછળથી 'વીસમી સદી'ને સામાહિકના રૂપમાં થોડો વખત ચલાવ્યું હતું, અને આજે તે કામળ, મશીનરી વગેરેનો વેપાર કરે છે. બીજા પુત્ર શ્રી. ફરખશીઅર મિલમૅનેજર છે; ત્રીજા શ્રી. રહેમતુલ્લા મુંબઈમાં આર. શિવજીના નામથી જાણીતા ફોટોગ્રાફર છે, અને ચોથા શ્રી. હબીબ સાત વર્ષથી જાપાનમાં વેપારમાં પડચા છે.

એમની પાછળ એમના પરમ મિત્ર શ્રી. રવિશંકર રાવળે પ્રકટ કરેલા 'હાજીમહમ્મદ સ્મારક ગ્રંથ'માં એમના વિષેની પુષ્કળ સચિત્ર માહિતી તથા બીજું સાહિત્ય સંધરાયું છે.

'ગુલશન' અને 'વીસમી સદી' માસિકોનાં સંપાદન તથા ઘણા છૂટક લેખો ઉપરાંત એમણે લખેલા તથા અનુવાદિત કરેલા ગ્રંથોની યાદી નીચે મુજબ છે :

'સ્નેહી વિરહ પંચદશી', 'ઈમાનનાં મોતી', 'રશીદા', 'મોગલ સમયની પ્રેમકથાઓ', 'સુશીલા', 'શીશમહેલ', 'સેવાસદન'. એમનું 'ઉમર ખય્યામની રુબાઈયાત' નું પુસ્તક હજી અપ્રકટ છે.

હીરાલાલ વ્રજભૂખણુદાસ ઑઝ

પૂર્વ તેમજ પશ્ચિમની ફિલસૂફીઓના ઊંડા અભ્યાસી, સમર્થ પંડિત અને વેદાન્તવિદ્ એવા આ વિદ્વાન ગુજરાતીનો જન્મ પેટલાદમાં, વીશા લાડ વણિક કોમમાં, ઇ. સ. ૧૮૬૭ માં થયો હતો. એમના પિતાનું નામ તો નરોત્તમદાસ હતું, પણ ફોઇને ત્યાં દત્તક થવાથી એમના પિતાના નામને બદલે એમના કુવાનું નામ વ્રજભૂખણુદાસ લખાતું. એમનાં માતાનું નામ ગંગાબાઇ.

પ્રાથમિક શિક્ષણ પેટલાદમાં લઈ તે વધુ અભ્યાસ માટે મુંબઈ ગયા અને ત્યાં એલ્ફિન્સ્ટન હાઇસ્કૂલમાંથી મેટ્રિક અને એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી. એ. થયા. ત્યારબાદ એમ. એ. નો અભ્યાસ કર્યો, પણ એમ. એ. ની પરીક્ષામાં બેઠા ત્યારે તત્ત્વજ્ઞાનના સંસ્કૃતના પરીક્ષક સાથે એક પ્રશ્નપત્રમાં કોઈ સિદ્ધાન્તની બાબતમાં પરીક્ષાના હૉલમાં જ તકરાર થવાથી એ પરીક્ષા આપ્યા વિના જ હૉલ છોડીને ચાલી નીકળ્યા. ડિગ્રી માટે એમને મોહ ન હતો, અને પોતે ગર્ભશ્રીમંત કુટુંબના હોઇ કમાવાની ચિંતા નહોતી; વિદ્યાનો શોખ એટલો બધો હતો કે બી. એ. પાસ થયા પછી અગિયાર વર્ષ સુધી રોજ તેઓ પ્રિન્સિપાલની અનુમતિ લઈને એલ્ફિન્સ્ટન તેમજ ડેક્કન કૉલેજમાં બી. એ., તથા એમ. એ. ના વર્ગમાં ફીલસૂફી અને ઇતિહાસનાં વ્યાખ્યાનો સાંભળવા જતા. પ્રિ. કોવર્ન્ટન અને પ્રિ. શાર્પના એ પ્રિય વિદ્યાર્થી હતા. શાંકર વેદાંત એમનો અભ્યાસનો મુખ્ય અને પ્રિય વિષય હતો, અને તેનો અભ્યાસ એમનો એટલો ઊંડો હતો કે પ્રિ. શાર્પને પણ ઘણી વાર એ વિષયમાં ગૂંચ પડતી ત્યારે એમનો મત પૂછતા. આખું શાંકર ભાષ્ય એમને કંઠે હતું. એ ઉપરાંત પંચદશી, અદ્વૈતસિદ્ધિ, ચિત્સુખી આદિ વેદાન્તના આકર ગ્રંથોનો એમણે સારો અભ્યાસ કર્યો હતો. અંગ્રેજી તેમજ સંસ્કૃત તત્ત્વજ્ઞાનના એ સમર્થ પંડિત હતા તેમજ રસાલંકાર આદિ સાહિત્યશાસ્ત્રનું પણ એમનું જ્ઞાન તલસ્પર્શી હતું. આ બધું જ્ઞાન એમણે એકલા વાચનથી નહિ, પણ તે સાથે પ્રાચીન શૈલી મુજબ વિદ્વાન સંન્યાસીઓ અને પંડિતો પાસે લગભગ દસ વર્ષ સુધી બેસી ગુરુમુખ અભ્યાસ કરીને મેળવ્યું હતું. ભારતમાર્તંડ પં. ગટુલાલજી ઉપર એમને ખૂબ પ્રેમ હતો અને એમના નામસ્મરણમાં પોતે કાઢેલા 'પં. ગટુલાલ હરિહર પુસ્તકાલય'માં દસેક હજાર રૂપિયાની કિંમતનાં બહુમૂલ્ય ગ્રંથો એકઠા

કર્યાં હતા, જે આખું પુસ્તકાલય એમણે પોતાના વતન પેટલાદની સાર્વજનિક લાયબ્રેરીને બક્ષિશ કરી દીધું છે.

નોકરી ન કરવાની એમની પ્રતિજ્ઞા હતી, પણ થોડો વખત મુંબઈમાં સખારામ મંછારામવાળા શેઠ ચુનીલાલને ત્યાં સેક્રેટરી તરીકે એમણે કામ કર્યું હતું. ત્યારબાદ વડોદરામાં સયાજી હાઇસ્કૂલ નીકળી ત્યારે ૧૯૦૮ માં તેના પ્રિન્સિપાલ તરીકે પોતાના પેટલાદના મિત્રોના અત્યાગ્રહથી આવ્યા અને અવસાનપર્યંત તે સ્થળે રહ્યા. વચ્ચે ૧૯૧૭-૧૮ ના અમદાવાદ અને નવસારીમાં હેડમાસ્તર તરીકે જઈ આવ્યા હતા. તેઓ નિપુણ શિક્ષક અને અદ્‌ભુત વક્તા હતા.

ઈ. સ. ૧૮૯૨માં પેટલાદમાં માણેકબહેન સાથે એમનું લગ્ન થએલું. એમને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ થયાં છે. એ સૌમાંથી હાલ એક પુત્ર ક્રાંતિલાલ ૩૦ વર્ષની વયના છે અને ગાયકવાડ રેલવેમાં નોકરી કરે છે. ઈ. સ. ૧૯૩૦ના મે માસની ૩૦મી તારીખે પેટલાદમાં એમનું અવસાન થયું. ત્યારપછી 'પ્રસ્થાન' માસિકમાં, 'ગુજરાતી' સાપ્તાહિકમાં, તેમજ 'મુંબઈ સમાચાર' દૈનિકમાં એમના જીવનવિષયક ત્રણેક વિસ્તૃત લેખો છપાયા છે.

એમના સ્મરણમાં ઈ. સ. ૧૯૩૫માં એમના શિષ્ય શ્રી નાનાલાલ શાહ એમ. એ. એ વડોદરામાં 'એચ. વી. પ્રોફ મેમોરિયલ હાઇસ્કૂલ' કાઢી છે. સદ્‌ગતે પોતાના ઘરમાં પોતાના વાચન અને અભ્યાસ માટે સંઘરેલાં અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃતનાં લગભગ બેત્રણ હજારની કિંમતનાં પુસ્તકોનો જે સંગ્રહ કરેલો તે તેમના પુત્રોએ મજકૂર હાઇસ્કૂલને ભેટ કર્યો છે.

Wildon Carr ના "Problem of Truth" ઉપરથી 'સત્યાર્થ મીમાંસા' નામે એમણે સ્વતંત્ર અનુવાદ કરેલો છે એ એમનો એક માત્ર ગ્રન્થ છે. પરન્તુ એમણે વેદાન્ત, ધર્મ અને તત્ત્વજ્ઞાન ઉપર છૂટક લેખો સંખ્યાબંધ લખ્યા છે. 'ગુજરાતી' પત્રના પ્રત્યેક દીવાળી અંકમાં તેમનો એક અભ્યાસપૂર્ણ લેખ નિયમિત આવતો. આ ઉપરાંત 'નવલ-ગ્રન્થાવલિ,' 'ગીતગોવિંદ,' 'સંસ્કૃત સાહિત્યકથાઓ-૧' વગેરે પુસ્તકોની પ્રસ્તાવનાઓ એમણે લખેલી છે.

વિદ્યમાન ગ્રંથકારો

સૈયદ અબુઝફર બીન સૈયદ હકીમ અબુલબીબ નદવી

મૂળ તેઓ બિહાર પ્રાંતના દસના ગામના વતની છે, અને પટણા જિલ્લામાં બિહારશરીફ પાસેના એ દસના ગામમાં, સૈયદ કોમમાં ઈ. સ. ૧૮૮૯ માં, હીજરી તા. ૩ ઝિલ્હજ્જ ૧૩૦૭ ના રોજ એમનો જન્મ થયેલો. એમના પિતાનું નામ સૈયદ હકીમ અબુલબીબ બિન સૈયદ હકીમ અબુલહસન.

ઉર્દૂ, ફારસી અને અરબીની પ્રાથમિક કેળવણી દસનામાં લઈ તેઓ આગળ અભ્યાસ માટે લખનૌ ગયા અને ત્યાં દારૂલ ઉલમ નદવતુલ (નદવા અરબી કોલેજ)માં શરુઆતથી તે છેવટ સુધીનો સાંગોપાંગ અભ્યાસ કરી 'નદવી' થયા,– જે અરબીમાં બી. એ. કે સ્નાતકની ડિગ્રી ગણાય છે. નાનપણમાં રમત ઉપર ખૂબ લક્ષ રહેતું, પણ એક હરીફાઈને પ્રસંગે કસમ ખાધા કે એમાં જો પોતે હારે તો ફરી કદી રમતમાં ન ઊતરે. તેઓ કહે છે 'સદ્‌ભાગ્યે તે દિવસે હું હારી ગયો અને પછી ફિલ્સૂફી અને ઇતિહાસના અભ્યાસ પર મારું ધ્યાન લગાડ્યું.' ત્યારથી બધી પરીક્ષાઓમાં એ પ્રથમ જ રહેતા આવ્યા છે. અલ્લામા શિબ્લી નૂમાની અને સૈયદ સુલેમાન નદવીના સત્સંગની તથા તેમની કિતાબોની પોતાના જીવન પર ઊંડી અસર પડેલી તેઓ જણાવે છે. એમના જીવનવિષયક વિશેષ માહિતી એમનાં 'સફરનામ–એ–બર્મા' તથા 'તારીખે ગુજરાત (ભા. ૨)' વગેરે એમના ગ્રંથોમાંથી મળે છે. એમનાં લગ્ન દસના તેમ જ સૂરજગઢ (મુંઘેર) માં ત્રણ વખત થએલાં, જેમાંનાં છેલ્લાં પત્ની હયાત છે અને એમને બે નાની દીકરીઓ છે.

'નદવી' થયા પછી એમણે શિક્ષણનો વ્યવસાય સ્વીકાર્યો છે અને મુલતાન, અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠ, બંગાળનું શાંતિનિકેતન વગેરેની કોલેજોમાં ઉર્દૂ, ફારસી અને અરબીનું અધ્યાપન કર્યું છે. આજે તેઓ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી ચાલતા અનુસ્નાતક (પોસ્ટ–ગ્રેજ્યુએટ) વર્ગોમાં એમ. એ. કલાસને ઉર્દૂ તથા અરબીનું શિક્ષણ આપવાનું તેમ જ ગુજરાતના ઇતિહાસના સંશોધનનું કાર્ય કરે છે. એમના ગ્રંથોની સાલવાર યાદી :

સફરનામ–એ–બર્મા (૧૯૨૪), બર્મી બોલચાલ (૧૯૨૪), મુખ્તસર તારીખે ગુજરાત (બાળકો માટે) ૧૯૨૭, બાતિમ–એ–ઉમરાતે અહમદી (પરિશિષ્ટ)નો ઉર્દૂ તરજૂમો ૧૯૩૩, તઝકીર–એ અકદસ ૧૯૩૩, મુખ્તસર તારીખે હિન્દ (વિદ્યાર્થીઓ માટે) ઉર્દૂમાં ૧૯૩૬, તોહફતુલ મજલિસ ૧૯૩૯, તારીખે મુઝફફરશાહીનો ઉર્દૂ તરજૂમો-ઉપોદ્‌ઘાત સાથે ૧૯૪૨.

આ ઉપરાંત ગુજરાત તથા સિંધના ઇતિહાસના, ઉમર ખય્યામની રૂબાઇયતના તથા અમુક ધર્મવિષયક નાટક ગ્રંથો અપ્રકટ છે.

અબ્દુલ સત્તારખાન પઠાણ (ભક્ત સત્તારશાહ)

ભક્ત સત્તારશાહ ઉર્ફે અબ્દુલ સત્તારખાન પઠાણના પૂર્વજો મૂળે અફઘાનિસ્તાનની સરહદના વતનીઓ. એમના પિતાનું નામ બેરત ગુલખાન, અને માતાનું નામ નનીબીબી ઉર્ફે જાનબેગમ. તેમનો જન્મ સંવત ૧૯૪૮ (ઈ. સ. ૧૮૯૨) માં નાંદોદમાં થએલો. તે ન્યાતે યુસુફજઈ પઠાણ લેખાય છે.

નાંદોદમાં તેમણે ચાર ધોરણ સુધી ગુજરાતી પ્રાથમિક કેળવણી લીધેલી અને ઉર્દૂનો અભ્યાસ પણ કરેલો. તે ત્રણ માસના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયેલું એટલે માતાએ ઉછેરી તેમને મોટા કરેલા. ચુસ્ત વિચારવાળા પઠાણ સગાંઓએ તેમને અંગ્રેજી જેવી 'કાફરી' જબાનની કેળવણી લેવા દીધી નહિ, રાજપીપળાના મહારાજા છત્રસિંહજીના નાના ભાઇ દિગ્વિજયસિંહજીના પ્રેમપાત્ર સાથી થવાથી અને રાજવંશી મોજો માણવાની લતમાં પડી જવાથી પણ તે વધુ ભણી શકયા નહિ. ૧૯૦૮માં સોળ વર્ષની ઉમરે તેમણે દેશી નાટક સમાજમાં 'વીણાવેલી' નાટકમાં કઠિયારાનો ભાગ ભજવીને છએક માસ સુધી રંગભૂમિની જિંદગી જોઈ લીધી.

સત્તારશાહ સરસ ગાતા, એટલે નાટકનો તખ્તો છોડીને તેમના મીઠા ગાને તેમને ભજનો તરફ ખેંચ્યા. સત્તારશાહ ભક્ત બન્યા અને ભજનિકોના અખાડાઓ તરફ દોરાવા લાગ્યા. આજે ભક્ત સત્તારશાહનો અભ્યાસનો વિષય સુફી તત્ત્વજ્ઞાન અને મુખ્ય વ્યવસાય ભજનોપદેશ, સમાજસેવા તથા સત્સંત બની રહ્યો છે. મર્હુમ કાજી અનવરમીયાંની તેમના જીવન પર અસર છે અને 'અનવર કાવ્ય' તેમનું પ્રિય પુસ્તક છે. તેમનું એક પુસ્તક 'સત્તાર ભજનામૃત' છે જેમાં તેમનાં રચેલાં ભજનો સંગ્રહેલાં છે. પહેલાં તે સંવત ૧૯૭૯માં બહાર પડેલું, હાલમાં તેની ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ છે.

તેમનું લગ્ન અમીના બેગમ વેરે સને ૧૯૨૦ માં અંકલેશ્વરમાં થયેલું. તેમને ત્રણ પુત્રો તથા બે પુત્રીઓ છે.

અમૃતલાલ નાનકેશ્વર ભટ્ટ

શ્રી. અમૃતલાલ ભટ્ટ જ્ઞાતે કપડવણજના મોઢ બ્રાહ્મણ છે. તેમનો જન્મ તા. ૩–૧૦–૧૮૭૯ના રોજ કપડવણજમાં થએલો. પિતાનું નામ નાનકેશ્વર પુરુષોત્તમ ભટ્ટ અને માતાનું નામ સૂરજબહેન. કપડવણજના ભટ્ટ કુટુંબને ઝાણુઆ સ્ટેટ તરફથી જાગીર મળે છે તેમાં તેમનું કુટુંબ ભાગીદાર છે.

તેમણે પ્રાથમિક કેળવણી લેવાની શરુઆત ઝાણુઆ સ્ટેટના રાણાપુર ગામમાં કરેલી અને પછી કપડવણજની ગામઠી નિશાળમાં અભ્યાસ કરેલો. અંગ્રેજી શિક્ષણ કપડવણજમાં પાંચમા ધોરણ સુધી લઈને આગળ અભ્યાસ અમદાવાદની સરકારી હાઇસ્કૂલમાં કરી ૧૮૯૫માં મૅટ્રિકની પરીક્ષા પસાર કરેલી. ત્યારપછી તેમણે હાઇકૉર્ટ પ્લીડરની પરીક્ષા માટેનો અભ્યાસ શરુ કરી ૧૯૦૨માં એ પરીક્ષા પાસ કરી હતી. એકાદ વર્ષ અમદાવાદમાં વકીલાતનો વ્યવસાય કરીને પછી તેમણે ઉમરેઠમાં પ્રેક્ટીસ શરુ કરેલી, જ્યાં પાંચ વર્ષમાં જ તે વકીલોની આગલી હરોળમાં આવી ગયા હતા. સને ૧૯૩૪માં ડાકોરમાં રણછોડરાયજીના મંદિરમાં રિસીવરની જગ્યાએ તે રૂ. ૩૦૦ના પગારથી નીમાયા હતા, તે જ જગ્યાએ હાલમાં પણ તે મેનેજર તરીકે કામ કરે છે. તેમનું લગ્ન સોમેશ્વર ગિરધરભાઈ પુરાણીની દીકરી રેવાબહેન સાથે થએલું.

વિદ્યાર્થી અવસ્થામાં જ તેમને કવિતાઓ લખવાનો શોખ હતો. ૧૮૯૯માં તેમણે એક કાવ્ય લખેલું તે છેક ૧૯૨૮ માં પ્રસિદ્ધ થયું હતું. કવિ તરીકે પ્રસિદ્ધ થવાની વૃત્તિ ઉપર તેમણે સારી પેઠે સંયમ દાખવ્યો છે, અને તેથી જ તેમની પ્રસિદ્ધ થએલી કૃતિઓ કરતાં અપ્રસિદ્ધ કૃતિઓનો સંગ્રહ મોટો છે.

તેમનાં પ્રસિદ્ધ થયેલાં કાવ્યોમાં પ્રકૃતિવર્ણન કરતાં વિચારપ્રધાન અને ચિંતનપ્રધાન કાવ્યો વધારે છે. 'ડ્રેમેટિક મોનોલોગ' (નાયકની સ્વગત ઉક્તિરૂપે આખું કાવ્ય) ગુજરાતીમાં તે સારી રીતે ઉતારી શકયા છે તે "સીતા" અને "કૃષ્ણકુમારી" એ બે કૃતિઓ ઉપરથી જણાય છે. તે ધર્મશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન તથા સાહિત્યના સારા અભ્યાસી છે. બ્રાઉનિંગ અને શેલી, કાલિદાસ તથા દયારામ તેમના પ્રિય કવિઓ છે. તત્ત્વજ્ઞાનમાં શંકરાચાર્ય તથા શોપનહોઅરે તેમના ઉપર અસર નીપજવી છે. તેમનાં પ્રસિદ્ધ થએલાં પુસ્તકોની નામાવલિ નીચે મુજબ છે :

(૧) પુણ્યોમા અને બીજાં કાવ્યો (૧૯૨૮), (૨) સીતા (૧૯૨૮), (૩) કૃષ્ણકુમારી (૧૯૨૮), (૪) રાસ પંચાધ્યાયી (ભાષાન્તર) ૧૯૩૮.

ઈશ્વરલાલ મૂ. વીમાવાળા

શ્રી. ઈશ્વરલાલ મૂળચંદ વીમાવાળાનો જન્મ ઈ. સ. ૧૮૯૭ માં થયો હતો. તેમનાં માતાનું નામ વિજ્યાલક્ષ્મી હતું. તેમના પિતાના અવસાન-સમયે તેમની વય ૧૦ વર્ષની હતી. પ્રાથમિક કેળવણી તેમણે મુંબઈમાં અને પછી સુરતમાં લીધેલી. મેટ્રીક સુધી માધ્યમિક કેળવણી લીધા પછી વિલ્સન કૉલેજમાં ઇંટર સુધી અભ્યાસ કર્યો હતો, તે અરસામાં માતાનું મરણ થવાથી અભ્યાસ છોડી દેવો પડ્યો હતો. તેમના મોટા ભાઈ શ્રી. ચંપકલાલ ઝવેરાતના ધંધામાં પડેલા છે અને નાના ભાઈ શ્રી. નટવરલાલ સાહિત્યપ્રકાશનના વ્યવસાયમાં છે.

થોડો વખત નડીયાદમાં અને પછી મુંબઈમાં શેઠ જમનાલાલ બજાજની પેઢીમાં નોકરી કરીને ૧૯૨૦માં નવજીવન ઑફીસમાં તેમને સ્વામી આનંદે બોલાવેલા. ૧૯૨૧માં તેમણે સુરતમાં ગાંડીવ સાહિત્ય મંદિરની સ્થાપના કરેલી, જે પાછળથી તેમના નાના ભાઈ નટવરલાલે સંભાળેલું.

માધ્યમિક શાળામાં અભ્યાસ ચાલતો હતો તે વખતથી જ તેમને વાચન-લેખનનો શોખ હતો. કવિ ભાસના સંસ્કૃત નાટક પરથી લખેલું પુસ્તક 'પાંડવગુપ્ત નિવાસ' સૌથી પહેલાં તેમણે ૧૯૨૦માં પ્રસિદ્ધ કરેલું.

સાહિત્યના શોખની સાથે તેમને યંત્રકામમાં પણ રસ હતો. ૧૯૨૧ માં તેમણે ગાંડીવ રેંટીઓ શોધી કાઢેલો અને ૧૯૩૦ માં એ રેંટીઓ ગાંધીજીને મોકલેલો જેમાં કેટલાક સુધારા કરીને ગાંધીજીએ 'યરોડા ચક્ર' નામનો રેંટીઓ બહાર પાડેલો.

'ગાંડીવ' સાહિત્યમંદિરે કેટલુંક બંગાળાનું ક્રાન્તિકારી સાહિત્ય ગુજરાતીમાં બહાર પાડેલું તેથી પોલીસે કાર્યાલયનો કબજો લીધો હતો, અને તેમને કપડાંભેર બહાર કાઢ્યા હતા. ૧૯૩૧માં તેમણે 'સ્ત્રીશક્તિ' સામાયિક શરુ કર્યું, જે આજે ચાલી રહેલું છે. તે ઉપરાંત સુરતના વાચકોને ઉપયોગી બને તેવું 'દેશબંધુ' નામનું નાનું સામાયિક પણ તે પ્રસિદ્ધ કરે છે.

'ગાંડીવ' બાલસાહિત્યમાળામાં તેમણે લખેલી પુસ્તિકાઓ 'બાળ-વિહાર', 'સોનાકુમારી', 'કોલસા કાકા', 'રેલ પાટા' વગેરે છે. 'બ્રહ્માંડનો ભેદ' નામની સાહસકથામાળા પણ તેમણે લખી છે. તેમના સંપાદન હેઠળની 'સ્ત્રીશક્તિ ગ્રંથમાળા'માં આશરે ૭૫ નાનાંમોટાં પુસ્તકો બહાર પડ્યાં છે. તેમનાં પત્ની કાન્તાગૌરી 'સ્ત્રીશક્તિ' સામાયિકનાં સહતંત્રી તરીકે તેમને કાર્યમાં સહાય કરે છે.

કરસનદાસ નરસિંહ માણેક

શ્રી. કરસનદાસ માણેકનો જન્મ સં. ૧૯૫૮ ના કારતક વદ ૨ ને દિને કરાચીમાં થએલો. તેમના પિતાનું નામ નરસિંહ ડાહ્યાભાઈ અને માતાનું નામ જીવીબાઈ. તેમનું મૂળ વતન જામનગર તાબાનું હડીઆણા ગામ, અને જ્ઞાત લોહાણા. ઈ. સ. ૧૯૧૨ માં તેમનું લગ્ન સૌ. ધનલક્ષ્મી વેરે થએલું, જેમનું અવસાન થતાં બીજું લગ્ન સૌ. રાધાબાઈ વેરે કરાચીમાં થએલું. તેમને બે સંતાનો છે, એક પુત્ર અને એક પુત્રી.

શ્રી. કરસનદાસે પ્રાથમિક કેળવણી કરાચીની એક ખાનગી શાળામાં લીધેલી, માધ્યમિક કેળવણી લાંની મિશનસ્કૂલમાં લીધેલી અને ઉચ્ચ કેળવણી કરાચીની ડી. જે. સિંધ કૉલેજમાં લઈને અંગ્રેજી તથા સંસ્કૃત સાથે બી. એ. ની પરીક્ષા પસાર કરેલી. વચ્ચે ૧૯૨૧ માં અસહકારની ચળવળને પરિણામે તેમણે કૉલેજ છોડેલી અને ગુજરાત વિદ્યાપીઠમાં બે વર્ષ અભ્યાસ કરેલો.

કૉલેજ છોડ્યા પછી તેમણે શિક્ષણનો વ્યવસાય શરુ કરેલો અને કરાચીની બે જુદી જુદી હાઈસ્કૂલોમાં પ્રિન્સીપાલ તરીકે બારેક વર્ષ સુધી નોકરી કરેલી. ત્યારપછી તેમણે પત્રકારત્વની દિશા પકડી છે અને 'જન્મભૂમિ' કાર્યાલયમાં તેમણે પોતાનું સ્થાન જમાવ્યું છે. રાષ્ટ્રીય માનસને લીધે સત્યાગ્રહની ચળવળના વખતમાં તેમને બે વાર કારાગૃહવાસ વેઠવો પડ્યો છે : ૧૯૩૦માં આઠ માસ અને ૧૯૩૨ માં સવાબે વરસ.

સાહિત્ય અને માનસશાસ્ત્ર એ એમના અભ્યાસના પ્રિય વિષયો છે. કાકા કાલેલકરની તેમના જીવન ઉપર વિશિષ્ટ અસર છે. બાઈબલ, સરસ્વતીચંદ્ર અને શાહનો રસાલો (સિંધી) એ એમનાં પ્રિય પુસ્તકો છે.

તેમની પ્રથમ સાહિત્યકૃતિ તે રવીંદ્રનાથ ટાગોરના બંગાળી નાટક 'મુક્તધારા'નો અનુવાદ, જેની પ્રસ્તાવના શ્રી. રામનારાયણ વિ. પાઠકે લખી છે. ૧૯૨૪ માં તેમનાં 'બે બાળનાટકો' પ્રસિદ્ધ થયાં જે ટાગોરના 'મુકુટ' તથા 'શારદોત્સવ' નો અનુવાદ છે.

નવીન પેઢીના કવિતાલેખકોમાં શ્રી. માણેકનું સ્થાન મોખરે છે. ૧૯૩૪ માં 'બાબનાં પોયણાં' નામક તેમનું ખંડકાવ્ય પ્રસિદ્ધ થયેલું અને ૧૯૩૫ માં 'આલબેલ' નામનો કાવ્યસંગ્રહ પ્રસિદ્ધ થયો હતો. પત્રકારત્વમાં દાખલ થયા પછી તેમણે વ્યંગકાવ્યોના લેખનમાં સારી સફળતા મેળવી છે જેની વાનગી રૂપ 'વૈશંપાયનની વાણી' ૧૯૪૩ માં પ્રસિદ્ધ થઈ છે.

કુંવરજી આણંદજી શાહ

શ્રી. કુંવરજી આણંદજી શાહનો જન્મ ઘોઘા (કાઠિયાવાડ) માં વિક્રમ સંવત ૧૯૨૦ ના ફાગણ સુદ ૮ ને રોજ થયો હતો. તેમના પિતાનું નામ આણંદજી પુરુષોત્તમ શાહ અને માતાનું નામ કશળી બહેન. તે જ્ઞાતે વીશાશ્રીમાળી જૈન છે અને ભાવનગરના વતની છે.

તેમણે પ્રાથમિક કેળવણી ગુજરાતી સાત ધોરણ સુધી અને માધ્યમિક કેળવણી અંગ્રેજી ત્રણ ધોરણ સુધી લીધેલી. તેમનો પ્રથમનો વ્યવસાય કાપડના વેપારનો હતો, પણ ત્યારપછીથી અદ્યાપિપર્યંત જૈન જાહેર સંસ્થાઓનું સંચાલન ઇત્યાદિ ધાર્મિક વ્યવસાયને તેમણે અપનાવ્યો છે. ભાવનગરની જૂનામાં જૂની શ્વેતાંબરી જૈન સંસ્થા જૈનધર્મપ્રસારક સભા તથા ભાવનગરની પાંજરાપોળ એ બે મુખ્ય સંસ્થાઓ તે ચલાવે છે. એક વખત જુદી જુદી ૩૭ સંસ્થાઓના તે સેક્રેટરી હતા, પરંતુ વય વધતાં તેમણે એક પછી એક કાર્ય છોડી દીધાં છે. અત્યારે તો તે શ્રી જૈનધર્મપ્રસારક સભાના પ્રાણ-સ્વરૂપ છે. આ સભા તેમણે પોતાની સત્તર વર્ષની વયે સ્થાપેલી. વીસ વર્ષની વયે પહોંચતાં તેમણે "જૈન ધર્મપ્રકાશ" નામનું માસિક પત્ર પ્રસિદ્ધ કરવાનું શરુ કરેલું, જે આજે ૫૮ વર્ષથી નિયમિત ચાલુ છે. ઉક્ત સભાના નામથી અત્યારસુધીમાં જૈન આગમો, ગ્રંથો, પ્રકરણો, નાનાં ટ્રેક્ટો વગેરે લગભગ સાડાત્રણસો નાનાં-મોટાં પુસ્તકો તેમણે પ્રકાશિત કર્યાં છે. સં. ૧૯૪૦ થી શરુ થએલી તેમની એ પ્રકાશનપ્રવૃત્તિ અદ્યાવધિ ચાલુ જ છે.

તેમના અભ્યાસના મુખ્ય વિષયો જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન, જૈન પ્રકરણ ગ્રંથોનું પરિશીલન અને જૈન ધર્મના ચારે અનુયોગ છે. તેમના જીવન ઉપર વૃદ્ધિચંદ્રજી મહારાજ તથા જૈન આગમોની મુખ્ય અસર છે.

શ્રી. કુંવરજીભાઈનાં પત્નીનું નામ રૂપાળીબાઈ. સંવત ૧૯૪૨ માં ભાવનગરમાં તેમનું લગ્ન થએલું. શ્રી. કુંવરજીભાઈના મોટા પુત્ર શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીયા એક ઉદાત્ત દૃષ્ટિના જૈન ગ્રેજ્યુએટ છે. તે મુંબઈના જૈન યુવકસંઘના પ્રમુખ છે, જૈન યુવકપરિષદના પ્રમુખ છે અને સમાજોપયોગી સંસ્થાઓના અગ્રગણ્ય કાર્યકર છે. "પ્રબુદ્ધ જૈન" પત્ર તેમના સંચાલન હેઠળ પ્રસિદ્ધ થાય છે. શ્રી. કુંવરજીભાઇના બીજા પુત્ર શ્રી. નગીનદાસ કાપડીયા ભાવનગરના નિરંજન સ્ટુડીઓના માલીક છે.

ગિરિજાશંકર મયારામ ભટ્ટ

શ્રી. ગિરિજાશંકર મયારામ ભટ્ટ (ગિરીશ ભટ્ટ) નો જન્મ કુતિયાણામાં તા. ૧૨–૨–૧૮૯૧ ના રોજ થએલો. તેમના પિતાનું નામ મયારામ જીવાભાઈ ભટ્ટ અને માતાનું નામ ત્રિવેણી. તેમનું મૂળ વતન વળા અને ન્યાતે ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ.

તેમણે પ્રાથમિક કેળવણી કુતિયાણા, વળા અને ભાવનગરમાં તથા માધ્યમિક કેળવણી અંગ્રેજી સાત ધોરણ સુધી ભાવનગરમાં લીધી હતી. ૧૯૧૧ માં બી. જી. એન્ડ પી. રેલ્વેની નોકરીથી શરુઆત કરીને નવ વર્ષ સુધી તે જૂનાગઢમાં રહ્યા, પછી ૧૯૨૦ થી ભાવનગર દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના આજીવન સભ્ય તરીકે નવીન કેળવણીના શિક્ષક તરીકે તે કામ કરતા. ૧૯૩૯ માં એ સંસ્થા બંધ થઇ ત્યારે તે 'હોમ સ્કૂલ' માં ('ધરશાળા' માં) જોડાયા અને અત્યારે તે ત્યાં જ શિક્ષક તરીકે કામ કરે છે. દક્ષિણામૂર્તિ સંસ્થાના મુખ્ય મંત્રી તરીકે તેમણે ૨૦ વર્ષ કામ કર્યું હતું અને હાલમાં તે 'ધરશાળા' સંસ્થાના મહામંત્રી છે.

શિક્ષણશાસ્ત્ર, કાવ્ય અને સાહિત્ય એ એમના અભ્યાસના પ્રિય વિષયો છે. તેમના જીવન પર તેમના પિતાની તથા ભગવદ્ગીતાની વિશિષ્ટ અસર છે. નિષ્પાપ જીવન, પ્રભુ પર શ્રદ્ધા અને કર્મના ફળ પર વિશ્વાસ એ એમના જીવનસિદ્ધાંતો છે.

સને ૧૯૧૦ ની સાલથી તેમની સાહિત્યોપાસનાની શરુઆત થએલી. 'સુંદરી સુબોધ', 'વીસમી સદી', 'ભારત જીવન', 'ગુર્જર બ્રાહ્મણ', 'પ્રસ્થાન', 'કૌમુદી', 'નવચેતન' વગેરેમાં તે લેખો લખતા હતા, અને અત્યારે બાળકોનાં માસિક પત્રોમાં તેમજ સાપ્તાહિકોના બાળવિભાગોમાં તે નિયમિત રીતે લેખો લખે છે. શુદ્ધ જોડણી અને વ્યાકરણની ચોક્કસાઈના તે ખૂબ આગ્રહી છે. લેખન અને પઠન–પાઠનમાં તેમના જીવનનો રસ સમાઈ રહેલો છે. તેમનાં રચેલાં પુસ્તકોની નામાવલિ નીચે મુજબ :

'મહાન વિગ્રહ પછીની જર્મનીમાં કેળવણીની પ્રણાલિ' (૧૯૩૩) (શ્રી. ગજાનન ઉ. ભટ્ટના અંગ્રેજી નિબંધનો અનુવાદ), 'અખિલ ત્રિવેણી' (૧૯૩૬), 'ગંમત ગીતો' (૧૯૩૬), 'ગિરીશભાઈની વાર્તાઓ ભાગ ૧–૨' (૧૯૩૭–૩૮), 'પાંખડીઓ' (૧૯૩૮), 'વાર્તાલહરી' (૧૯૩૯), શનિની પનોતી.

તેમનું લગ્ન ૧૯૦૫ માં સંતોકબહેન વેરે થએલું. તેમને એક પુત્રી અને ત્રણ પુત્રો છે. પુત્રી ચિ. બાલાગૌરી ગ્રેજ્યુએટ છે.

ગુલાબદાસ હરજીવનદાસ બ્રોકર

મૂળ પોરબંદરના વતની પણ બે પેઢીથી મુંબઈમાં શેરદલાલી કરતા દશા શ્રીમાળી જૈન વણિક કોમના ગર્ભશ્રીમંત કુટુંબમાં ઇ. સ. ૧૯૦૯ ના સપ્ટેમ્બરની ૨૦ મી તારીખે પોરબંદરમાં એમનો જન્મ થયો. એમના પિતાનું નામ હરજીવનદાસ નેમીદાસ અને માતાનું નામ વ્રજકુંવરબાઈ. પ્રાથમિક શિક્ષણ પોરબંદરમાં લઈ મુંબઈની ભરડા ન્યૂ હાઈસ્કૂલમાંથી તે મૅટ્રિક અને એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી ૧૯૩૦ માં બી. એ. થયા. બાળપણથી જ તે અભ્યાસમાં આગળ પડતા હતા અને અંગ્રેજી ત્રીજા ધોરણથી હમેશાં પ્રથમ રહી ભરડા હાઈસ્કૂલમાં પ્રિલિમિનરીની સ્કૉલરશિપ પણ જીતેલી. ઇ. સ. ૧૯૨૭ માં સૌ. સુમનબહેન સાથે એમનું લગ્ન થયું, અને એક પુત્ર તથા બે પુત્રી એમ ત્રણ સંતાનો એમને હાલ છે.

અભ્યાસના પ્રિય વિષયોમાં સાહિત્ય ઉપરાંત રાજકારણ પણ હોવાથી તે અભ્યાસકાળથી જ તેમાં સક્રિય રસ લેતા, અને ૧૯૩૦ માં બી. એ. થયા પહેલાં જ ૧૯૨૯માં મુંબઇ પ્રાંતિક સમિતિની કારોબારી સમિતિમાં સભ્ય તરીકે ચુંટાયા હતા, જ્યાં ૧૯૩૪ સુધી તેમણે ઉત્સાહભર્યો કાર્યભાગ નોંધાવ્યો. ૧૯૩૦–૩૧ માં સમિતિની બૉયકૉટ કમિટીમાં મંત્રી તરીકે કામગીરી કરી અને ૧૯૩૨–૩૩ ની સત્યાગ્રહની લડતમાં ૧ વર્ષ ને ૪ માસ જેલવાસ મળ્યો.

અહીં જ તેમની લેખનપ્રવૃત્તિની શરુઆત થઇ. વાચનનો ખૂબ શોખ ધરાવનાર પિતા તો જોકે એમને ૧૦ વર્ષના મૂકીને ગુજરી ગએલા, પણ એમનાં એકઠાં કરેલાં પુસ્તકોના વાચને એમનામાં સાહિત્યનો રસ જગાડ્યો ને પોષ્યો હતો. જેલનિવાસ દરમ્યાન એ લેખનમાં પરિણમ્યો અને 'જૂના સંસ્કાર' નામની પહેલી વાર્તા એમણે ત્યાં લખી. 'પ્રસ્થાન'માં પ્રકટ થએલી 'લતા' (અને તેને અનુસંધાને લખાએલી 'લતા શું બોલે ?' વગેરે) વાર્તાએ એમને પ્રસિદ્ધિ અપાવી અને ઇ. સ. ૧૯૩૮માં એમનો પહેલો સંગ્રહ 'લતા અને બીજી વાતો' બહાર પડ્યો. ૧૯૪૧ માં બીજો સંગ્રહ 'વસુંધરા અને બીજી વાતો' બહાર પડ્યો.

વાર્તાઓ ઉપરાંત કાવ્ય, નિબંધ વગેરે ક્ષેત્રોમાં પણ એમણે કલમ ચલાવી છે, પણ બાહ્યાડંબર વિના મનોવ્યાપારનું સુધીર ને સ્વસ્થ પૃથક્કરણ કરતી તથા ઝીણવટભરી શુદ્ધ શબ્દપસંદગીવાળી એમની સચોટ નવ-લિકાઓએ જ એમને વધુ સફળતા અપાવી છે.

હાજી ગુલામઅલી હાજી ઇસ્માઇલ ('રહીમાની')

હાજી ગુલામઅલી હાજી ઇસ્માઇલનો જન્મ મુંબઈમાં સંવત ૧૯૨૦ માં થએલો. તેમનાં માતાનું નામ જનબાઈ. તેમનું મૂળ વતન શીહોર હતું, હાલમાં ભાવનગર છે. તે ખોજા શીઆહ ઇશનાઅશરી કોમના છે. તેમણે કેળવણી મુખ્યત્વે મુંબઈમાં લીધેલી.

તેમનું પ્રથક પુસ્તક 'નૂરે હિદાયત' સં. ૧૯૪૨માં બહાર પડેલું. તેમનું એક જાણીતું પુસ્તક 'મુસલમાનો અને ગુર્જર સાહિત્ય' છે. પંચાવન વર્ષથી તેઓ અરબી, ફારસી, ઉર્દૂમાંથી ગુજરાતી ભાષાંતર કરીને નાનાં-મોટાં પુસ્તકો પ્રસિદ્ધ કરે છે જે મુખ્યત્વે ઇસ્લામ ધર્મનાં છે. એકાવન વર્ષથી 'રાહે નજાત' નામનું માસિક પત્ર તેમના તંત્રીપણા હેઠળ પ્રસિદ્ધ થાય છે. વચમાં ૨૭ વર્ષ સુધી 'નૂરે ઇમાન' અને ૧૩ વર્ષ સુધી 'બાગે નજાત' નામનાં માસિક પત્રો પણ તે પ્રસિદ્ધ કરતા હતા. ગુજરાતી અક્ષરોમાં 'કુરાને શરીફ' ગુજરાતી તરજૂમા સાથે તેમણે બહાર પાડેલું છે તેનો બહોળો પ્રચાર થયો છે.

તેમનાં પત્નીનું નામ સકીનાબાઈ. તેમને ત્રણ પુત્રો છે જેમાંના મોટા વેપાર કરે છે અને બીજા બે પુત્રો 'રાહે નજાત'નું તંત્ર તથા વ્યવસ્થા સંભાળે છે. તે ઉપરાંત તેમને પાંચ પુત્રોઓ છે.

ગોવિંદભાઈ હરિભાઈ પટેલ

શ્રી. ગોવિંદ હ. પટેલ (ધર્મજ, તા. પેટલાદ) નો જન્મ તા. ૨૮-૮-૯૦ ના રોજ થયેલો. તેમણે માત્ર ગુજરાતી શાળામાં છ ધોરણ સુધીની કેળવણી લીધી છે. અંગ્રેજી તેમ જ સંસ્કૃત ભાષાથી તે આજ-સુધી અપરિચિત જ છે. તેમણે કેટલાંક વર્ષો સુધી ધર્મજ પુસ્તકાલયના ગ્રંથપાલ તરીકે કામ કરેલું. તે સમય દરમિયાન અને ત્યારપછીનાં વર્ષોમાં એમણે ધર્મ, સાહિત્ય તથા ચિંતનમાં વૃત્તિને પરોવી રાખી છે અને લગ્ન પણ કર્યું નથી એટલે સંસાર-વ્યવહારની ઉપાધિથી તે અલિપ્ત રહ્યા છે.

ઈ. સ. ૧૯૨૧માં એમના ભાવપ્રધાન સંવાદોનો પ્રથમ ભાગ "સંવાદ-ગુચ્છ" પ્રસિદ્ધ થયો અને કેટલાક વિદ્વાનોએ તેમાંનું હીર મૂલવીને તેની પ્રશંસા કરી. એ સાહિત્યપ્રવૃત્તિ ઈ. સ. ૧૯૨૬ સુધી ચાલી. ત્યારબાદ એક દસકા સુધી તે ચિંતનમાં-ધર્મગ્રંથોના અભ્યાસમાં ડૂબેલા રહ્યા. ૧૯૩૫માં તેમણે ૯૦૦ થી ૧૨૦૦ પંક્તિઓનાં ખંડકાવ્યો રચવા માંડ્યાં.

એમનાં ખંડકાવ્યોને ગુજરાત સાહિત્યસભાના જુદા જુદા સમીક્ષકોએ પણ મૂલ્યવાન લેખ્યાં છે.

શ્રી. ગોવિંદભાઈનાં ઘટક બળોમાં તેમની આજીવન ધર્મવૃત્તિ, ગ્રંથપાલ તરીકે તેમણે સેવેલી અભ્યાસરતિ અને તે દરમિયાન તેમણે કરેલું પ્રાચીન ધર્મગ્રંથો તથા ઇતિહાસનું વાચન, કિશોર અવસ્થામાં ભાટચારણો પાસેથી સાંભળેલી લોકવાર્તાઓ અને વિદ્વાનો તરફથી તેમને મળેલો આદર તથા ઉત્સાહ, એટલાં વાનાં ગણાવી શકાય. તેમની કૃતિઓ નીચે પ્રમાણે છે :

(૧)	સંવાદયુચ્છ–પ્રથમ પુષ્પ	ઈ. સ.	૧૯૨૧
(૨)	,, ,, –દ્વિતીય પુષ્પ	,,	૧૯૨૩
(૩)	હૃદયધ્વનિ, નાદ ૧–૨	,,	૧૯૨૩
(૪)	,, નાદ ૩–૪	,,	૧૯૨૩
(૫)	આત્મોદ્‌ગાર	,,	૧૯૨૬
(૬)	જીવંત પ્રકાશ	,,	૧૯૩૬
(૭)	તપોવન	,,	૧૯૩૭
(૮)	મદાલસા	,,	૧૯૩૯
(૯)	આપદ્‌ધર્મ	,,	૧૯૪૦

આમાંનાં પ્રથમ બેમાં સંવાદો છે; ૩, ૪, ૫ માં પદ્યમય ભાવગીતો છે; બાકીનાં ખંડકાવ્યો છે.

જગજીવનદાસ ત્રીકમજી કોઠારી

શ્રી. જગજીવનદાસ ત્રીકમજી કોઠારીનો જન્મ સંવત ૧૯૩૩ ના વૈશાખ વદ ૪ (તા. ૮–૫–૧૮૭૭) ના રોજ રાજકોટમાં થયો હતો. તેમનાં માતાનું નામ જવલબાઈ. તેમનું મૂળ વતન ગોંડળ છે અને જ્ઞાતે તે દશા શ્રીમાળી વણિક છે.

તેમણે પ્રાથમિક કેળવણી ગોંડળમાં અને માધ્યમિક કેળવણી રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં લીધી હતી. ઊંચી કેળવણી મુંબઈમાં વીલ્સન કૉલેજમાં લઈને તે સને ૧૯૦૩માં બી. એ. થયા હતા અને ૧૯૧૦ માં એલ. એલ. બી. ની ડિગ્રી તેમણે પ્રાપ્ત કરી હતી. ગોંડળ સ્ટેટમાં ૨૫ વર્ષ સુધી મુનસફ તથા ફ. ક. મેજી. તરીકે અને ટ્રેઝરી ઓફીસર તરીકે કામ કરીને પછીથી બારસરા તથા વિઠ્ઠલગઢ સ્ટેટમાં કારભારી તરીકે કામ

કર્યું હતું. ઇતિહાસ, ભૂગોળ અને સાહિત્ય એ તેમના પ્રિય વિષયો છે. 'પિકવીક પેપર્સ', 'ભદ્રંભદ્ર' અને 'વેનચરિત્ર' એ એમનાં પ્રિય પુસ્તકો છે.

સાહિત્યસૃષ્ટિમાં તો 'ઓલિયા જ્હેશી' તરીકે તે સારી પેઠે જાણીતા છે. સાહિત્યપ્રવૃત્તિ અને સંગીત એ એમના ગૌણ રસના વિષયો છે, છતાં તેમણે ખાસ કરીને હાસ્ય રસની કૃતિઓદ્વારા સાહિત્યમાં ઠીક ફાળો આપ્યો છે.

તેમની કૃતિઓની નામાવલિ નીચે મુજબ છે:

'ચંદ્રશેખર નાટક' (૧૯૧૫), 'ઓલિયા જ્હેશીનો અખાડો ભાગ ૧' (૧૯૨૬), ભાગ ૨ (૧૯૩૨), 'કોઠારી કુટુંબનો ઇતિહાસ તથા ડિરેક્ટરી' (૧૯૩૬), 'નકો નગરીઓ યાને જુની આંખે નવાં ચશ્મા' (૧૯૩૭), 'હસહસાટ' (૧૯૪૩).

તેમનું લગ્ન ૧૮૯૬માં રાજકોટમાં મણીબાઈ સાથે થએલું. તેમને ચાર પુત્રો અને પાંચ પુત્રીઓ છે. મોટાં પુત્રી ગુલાબબેને નર્સિંગ અને મિડવીફરીમાં બી. પી. એન. એ. નો ડિપ્લોમા મેળવ્યો છે.

જગજીવનદાસ દયાળજી મોદી

શ્રી. જગજીવનદાસ દયાળજી મોદીનો જન્મ સંવત ૧૯૨૮ના માગશર સુદ ૫ (તા. ૧૬ ડીસેમ્બર ૧૮૭૧)ને દિવસે ડભોઈ તાલુકામાં આવેલા કોકળીયા ગામે થયો હતો. એમનાં માતાનું નામ ડાહીબહેન. તેઓ જ્ઞાતે દશા બાજ વણિક છે. મીયાગામના ઠાકોરનું એમના વડીલોએ મોદીખાનું કરેલું એટલે મોદી અટકથી એ ઓળખાય છે. એમનું પ્રથમ લગ્ન ૨૧ વર્ષની વયે સૌ. મણિગૌરી સાથે થએલું, પરંતુ તે બાઈનું અવસાન થવાથી ૩૫ વર્ષની ઉમ્મરે એમનું બીજું લગ્ન સૌ. કમળાગૌરી નામની સુશિક્ષિત અને સંસ્કારી બાઈ સાથે થયું. દસ વર્ષના ટૂંકા સમયમાં આ બાઈનું પણ અવસાન થયું, અને ત્યારથી શ્રી. મોદી વિધુરાવસ્થા ભોગવે છે. એમને સંતિતમાં સૌ. કમળાગૌરીથી થએલા માત્ર એક પુત્ર નામે જયમોહનદાસ છે. આ ભાઈ સંસ્કારી અને સાહિત્યપ્રિય છે, ને હાલમાં વડોદરામાં એકાઉન્ટ ખાતામાં નોકરી કરે છે. એમણે બી. એ.ની પરીક્ષા પસાર કરેલી છે.

શ્રી. મોદીએ પ્રાથમિક શિક્ષણ મીયાગામમાં લીધેલું, અને ત્યારબાદ આગળનું શિક્ષણ વડોદરામાં લીધેલું. ગુજરાતી અભ્યાસ પૂરો કરી વડોદરા ટ્રેનિંગ કૉલેજમાં શિક્ષણ લઈ સીનિયર શિક્ષકની પરીક્ષા એમણે પસાર કર્યા બાદ એ વડોદરા રાજ્યમાં શિક્ષક તરીકે જોડાયા. ત્યાં ૪૫ વર્ષ સુધી

હેડ માસ્તર અને ડેપ્યુટી તરીકે કામ કરી વડોદરા ટ્રેનિંગ કૉલેજના અધ્યાપકપદેથી એ નિવૃત્ત થયા છે. અંગ્રેજીમાં મેટ્રિક સુધી ખાનગી રીતે એમણે અભ્યાસ કર્યો છે. હિંદી, મરાઠી અને બંગાળી ભાષાના પણ એ જ્ઞાતા છે.

બાલપણથી જ એમને કવિતાઓ વાંચવાનો શોખ લાગેલો. ખાસ કરીને શામળ અને દલપત શૈલીની કવિતાઓ એમને ખૂબ ગમતી. વાંચવાના શોખ ઉપરથી ક્રમેક્રમે લખવાનો શોખ પણ વિકાસ પામ્યો, અને પંદર સોળ વર્ષની ઉમ્મર થતામાં તો નાની નાની કવિતાઓ જોડવામાં એમણે શક્તિ અજમાવવા માંડી. એ પ્રારંભની કવિતાઓમાં ગરબા, ગરબીઓ, પ્રાર્થના ને વર્ણનો હતાં. નજરે પડતા સામાન્ય વિષયો ઉપર હાથ અજમાવતી વખતે અભ્યાસને માટે કેટલીક કવિતાઓ લખવાની શરુઆત પણ એમણે કરેલી. સને ૧૮૯૫માં એવી કવિતાઓ 'સામાજિક હિતબોધ' નામથી પુસ્તકરૂપે પ્રગટ થઈ છે. સને ૧૮૯૬માં 'સ્તવન ભંડાર' નામથી નાટકના રાગોમાં ગવાય એવાં રણછોડજીનાં પદોનો એમણે બીજો સંગ્રહ પ્રગટ કર્યો. ત્યારબાદ 'એક ઉત્તમ વિધવાની ઉક્તિ' અને 'ભણાવો ભાવેથી ભરતભૂમિમાં આર્ય તનયા' જેવાં ઈનામી કાવ્યો એમની કલમમાંથી ઊતર્યાં. આ સમયથી ગુજરાતનાં પ્રસિદ્ધ માસિકોમાં એમનાં કાવ્યો પ્રકટ થવા માંડ્યાં અને એ સાહિત્યસૃષ્ટિમાં વધુ પ્રકાશમાં આવ્યાં.

સાહિત્યના ક્ષેત્રમાં સ્વ. મણિશંકર ભટ્ટ (કાન્ત) અને સાક્ષર શ્રી. છગનલાલ ઠાકોરદાસ મોદી તરફથી એમને પ્રેરણા મળેલી. એ પ્રેરણા અને સાહિત્ય પ્રત્યે પોતાની કુદરતી અભિરુચિને લઈને પ્રાચીન સાહિત્યનો એમનો અભ્યાસ સરસ થયો. પરિણામે મહાકવિ પ્રેમાનંદ અને ભક્તકવિ દયારામ એમના વ્હાલા કવિઓ બન્યા. કવીશ્વર દલપતરામ માટેનો ભાવ પણ એમનામાં જણાઈ આવે છે. 'દયારામ' અને વડોદરાના કવિ 'ગિરધર' ના સંબંધમાં એમણે લખેલાં ચરિત્રો ગુજરાતી સાહિત્યના ચરિત્રવિભાગમાં માન સાથે બેસે તેવાં છે. એમણે અત્યારસુધીની જિંદગી સાહિત્યના એક અભ્યાસી તરીકે ગાળી છે અને હજુય અભ્યાસમાં મગ્ન રહેવામાં એમને આનંદ આવે છે. પ્રગટ થયેલ સાહિત્ય કરતાં એમનું અપ્રગટ સાહિત્ય હજુ મોટા પ્રમાણમાં છે. વયોવૃદ્ધ થયા છતાં હજુય એ ગુજરાતનાં ઘણાંખરાં માસિકો અને વર્તમાનપત્રોમાં લેખો તથા કવિતાઓ લખે છે.

એમની સ્વતંત્ર કૃતિઓ નીચે મુજબ છે :

દયારામ (કવિચરિત્ર), ગિરધર (કવિચરિત્ર), વડોદરાનો વૈભવ

(વર્ણન), મોટી ઉમરની હિંદુ સ્ત્રીઓની કેળવણી (નિબંધ), લાલના માંડવાનો ઇતિહાસ, રતવન મંદાર (કાવ્યસંગ્રહ), સામાજિક હિતબોધ (કાવ્યસંગ્રહ), સતી સીતા (લઘુ કથા), મેઘોપાલંભ (ખંડકાવ્ય), રમણ રસિકા (ખંડકાવ્ય), કન્યા સંગીતમાળાની કવિતાઓ, ગુજરાતના ઇતિહાસની વાતો (છગનલાલ ઠા. મોદી સાથે), મણિભાઈ વિરહ (કાવ્ય), જ્ઞાતિની ઉન્નતિ સંબંધી વિચારો (નિબંધ), સયાજી વાચનમાળા પુસ્તક ૧-૨-૩ (પ્રીન્સીપાલ નાનાલાલ ના. શાહ સાથે).

એમનાં ભાષાંતરો નીચે મુજબ છે :

સુભદ્રા (નવલકથા) (બંગાળી ઉપરથી), સિદ્ધ કરામાત અથવા સાચી વિભૂતિ (હિંદી ઉપરથી), સુલભ આરોગ્યશાસ્ત્ર (મરાઠી ઉપરથી), કરુણ વિલાસ (સંસ્કૃત ઉપરથી), વૈતાલ પંચવીસી (જૂની ગૂજરાતી ઉપરથી સંશોધન તથા ભાષાંતર), વામન પુરાણ (સંસ્કૃત ઉપરથી).

એમનાં સંશોધન કરેલાં પુસ્તકો નીચે મુજબ છે :

નંદબત્રીસી સટીક (શામળ કૃત), સુદામાચરિત્ર સટીક (પ્રેમાનંદ કૃત), પ્રહ્લાદ આખ્યાન (ગિરધર કૃત), દયારામ કાવ્યમણિમાલા (ભાગ ૩), દયારામ કાવ્યસુધા, નવલગ્રંથાવલી ભાગ ૧-૨ (હિરાલાલ ર. ઓઝ સાથે), રામાયણ (ગિરધર કૃત), પદ્યરત્નાવલી (સંપાદિત કાવ્યસંગ્રહ), ખાદ્ય-ખોરાકીના શબ્દોની કહેવતોનો સંગ્રહ.

આ ઉપરાંત વડોદરાનો વાર્તારૂપ ઇતિહાસ, સંસ્કૃત ઉપરથી લખેલું મિથ્યાજ્ઞાનખંડન નાટક, યાત્રાવર્ણન, કેટલીક કવિતાઓ, નિબંધો ઇત્યાદિ અપ્રકટ સાહિત્ય પણ છે.

જગજીવન માવજીભાઈ કપાસી

શ્રી. જગજીવન માવજીભાઈ કપાસીનો જન્મ સં. ૧૯૫૨માં સાયલામાં થએલો. તેમનાં માતુશ્રીનું નામ કેસરબાઈ. તે ન્યાતે દશા શ્રીમાળી જૈન વણિક છે. તેમનું મૂળ વતન ચુડા છે કે જ્યાં હાલમાં તે હજુર ઓફીસ સુપરિન્ટેન્ડન્ટના ઓહદા પર છે. તેમણે માધ્યમિક કેળવણી મેટ્રીક સુધી લીધેલી. ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન એ તેમના રસના ખાસ વિષયો છે. અંગ્રેજી ઉપરાંત હિંદી અને બંગાળી ભાષાનું જ્ઞાન પણ તે કેટલાક પ્રમાણમાં ધરાવે છે. તેમનું સૌથી પહેલું પુસ્તક "ગુજરાતનું ગૌરવ" એ નામની ઐતિહાસિક નવલકથા સં. ૧૯૭૫માં પ્રસિદ્ધ થએલી. ત્યારપછી તેમણે લખેલાં

બીજાં પુસ્તકોમાં મુખ્ય "મેવાડનો પુનરુદ્ધાર" અને "વીરશિરોમણિ વસ્તુપાલ ભાગ ૧-૨-૩" એ છે.

તેમનું પહેલું લગ્ન સં. ૧૯૭૪માં અને બીજું સં. ૧૯૮૫માં થયેલું. બીજાં પત્ની પણ અવસાન પામ્યાં છે. તેમનાં સંતાનોમાંના મોટા પુત્ર રમણિકલાલ એડવોકેટ છે અને મુંબઈમાં વ્યવસાય કરે છે.

જયંતકુમાર મણિશંકર ભટ્ટ

આજે શાન્ત રહેલા પણ થોડાં જ વરસ પર ગુજરાતી સામયિકોમાં પોતાની લેખિનીની ચમક વડે ગુજરાતના તરણોમાં આગળ પડતા લેખક ગણાએલા શ્રી. જયંતકુમાર, કવિ 'કાન્ત'ના બીજા પુત્ર થાય. એમનો જન્મ સંવત ૧૯૫૮ના શ્રાવણ સુદ ૧૩, તા. ૧૭ મી ઑગસ્ટ ૧૯૦૨ ના રોજ ભાવનગરમાં થયો હતો. પ્રશ્નોરા જ્ઞાતિના અને મૂળ લાઠી પાસે બાબરા-ચાવંડના, પણ પાછળથી ભાવનગરમાં આવી વસેલા એમના પિતા શ્રી. મણિશંકર રત્નજી ભટ્ટનું નામ તો ગુજરાતી સાહિત્યમાં કવિ તરીકે અંકિત છે. એમનાં માતાનું નામ સૌ નર્મદા.

પ્રાથમિક તથા માધ્યમિક કેળવણી ભાવનગરમાં, અને ઇન્ટર સુધીની ઉચ્ચ કેળવણી પણ ભાવનગર સામળદાસ કૉલેજમાં લઈ તેમણે ત્યાંની પર્સિવલ સ્કૉલરશિપ મેળવી; અને પછી મુંબઈ જઈ ત્યાંની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી તે તત્ત્વજ્ઞાન સાથે બી. એ. થયા. ત્યારબાદ ગુજરાતી અને અંગ્રેજીના વિષયોનો એમ. એ નો અભ્યાસ ઘેર કરી, વિલાયત જઈ તેમણે લંડનની યુનિવર્સિટી કૉલેજમાંથી એમ. એ., પી. એચ. ડી. ની ઉપાધિ મેળવી. આજે તેઓ મુંબઈમાં પ્રેમચંદ રાયચંદ એન્ડ સન્સ લિ.માં કામ કરે છે.

ઈ. સ. ૧૯૧૮માં અમરેલી મુકામે સૌ. મનોરમા બહેન જોડે એમનું લગ્ન થયું. આજે એમને બે પુત્રીઓ છે : રોહિણી ૬ વર્ષની અને ચિત્રા ૩ વર્ષની છે.

સ્વ. કવિ કાન્ત જેવા સમર્થ પિતાની પ્રબળ અસર તો જીવન પર પડે જ. તે ઉપરાંત ગાંધીજી, લેનિન, માર્ક્સ, બર્ટ્રાન્ડ રસેલ અને બર્નાર્ડ શૉના વિચારોની છાપે એમનું માનસ ઘડ્યું છે; પણ પુસ્તકોમાં સૌથી પ્રબળ અસર તો મહાભારતે કરી છે.

વાર્તાઓ, નાટિકાઓ, રેખાચિત્રો, નિબંધો, અવલોકન અને વિવેચન, કાવ્યો, પ્રતિકાવ્યો એમ વિવિધ ક્ષેત્રમાં એમણે કલમ ચલાવી છે. એ લખાણો મોટે ભાગે આજે સામયિકોમાં જ દટાઈલાં રહ્યાં છે, પણ એમાં એમની વિચારણાનું તેજ જણાઈ આવે છે. એ ઉપરાંત એમનું લખેલું સ્વ. ચિત્તરંજન દાસનું ચરિત્ર 'દેશબંધુ' ૧૯૨૫ માં પ્રકટ થયું છે.

જયન્તી ઘેલાભાઈ દલાલ

શ્રી. જયન્તી ઘેલાભાઇ દલાલનો જન્મ સં. ૧૯૬૬ ના કાર્તિક સુદ ૫ (તા. ૧૮–૧૧–૧૯૦૯) ના રોજ થએલો. તેમના પિતાનું નામ ઘેલાભાઈ દોલતરામ દલાલ અને માતાનું નામ માણેક બહેન વાડીલાલ. તે અમદાવાદના વીસા ઓશવાળ જૈન વણિક છે. તેમણે હજી લગ્ન કર્યું નથી.

તેમણે પ્રાથમિક કેળવણી અમદાવાદમાં, માધ્યમિક કેળવણી સુરત તથા અમદાવાદમાં અને ઊંચી કેળવણી અમદાવાદની ગુજરાત કૉલેજમાં લીધી હતી. કૉલેજમાં ઇંટરમાં તે અંગ્રેજીની પરીક્ષામાં પહેલે નંબરે આવેલા તેથી ન્યુનીયર બી. એ. ના અભ્યાસમાં તેમને સરકારી સ્કોલરશિપ મળેલી. બી. એ. ના સીનિયર વર્ગમાં સ્કોલરશિપ લઈ લેવામાં આવેલી અને રાજકીય અશાંત વાતાવરણને કારણે પાછળથી અભ્યાસ છોડી દીધો તેમજ બી. એ. ની પરીક્ષા આપી નહિ.

ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને રાજકારણ એ તેમના પ્રિય વિષયો છે. રાષ્ટ્રીય ચળવળને અંગે તેમને અનેક વાર તુરંગવાસ કરવો પડ્યો છે. 'રેખા' માસિક અને 'ગતિ' ગ્રંથમાળાના સંચાલનના તે આત્મારૂપ છે. કૉલેજ છોડતાંની સાથે એક બાજુએ રાષ્ટ્રીય સેવા અને બીજી બાજુએ સાહિત્ય-સેવામાં તેમનો રસ દીપ્તિમાન બન્યો છે. વર્તમાન રંગભૂમિના વિકાસમાં તેમનો વિશેષ રસ છે. તેમના પિતા સ્વ. ઘેલાભાઈ 'દેશી નાટક કંપની'નું સંચાલન કરતા અને તેમના જીવન ઉપર પિતાની વિશેષ અસર પડી હોવાથી રંગભૂમિ પ્રત્યેનો તેમનો રસ એ પિતાના એક વારસા સરખો જ છે.

તેમની સાહિત્યસેવાનું પહેલું ફળ 'બળવાખોર પિતાની તસ્વીર' (૧૯૩૭–૩૮) હતું, જે Portrait of a Rebel Father નો અનુવાદ છે. ત્યારપછીની તેમની કૃતિઓ: 'ઝબૂકિયાં' (૧૯૩૯), 'પગદીવાની પછીતેથી' (૧૯૪૦), 'જવનિકા, (૧૯૪૧), 'ધીમુ અને વિભા' (૧૯૪૩).

જુગતરામ ચીમનલાલ દવે

નૂતન પદ્ધતિની કેળવણી અને દેશજ સંસ્કારનાં તળપદાં તત્ત્વોનું સુયોગ્ય મિશ્રણ ધરાવતાં બાળકેળવણી, પ્રૌઢ કેળવણી, અને લોકવાચનનાં ચૌદેક જેટલાં પાઠ્ય તેમજ વાચ્ય પુસ્તકોના રચનાર અને સંપાદક હોવા છતાં એમના મુખ્ય વ્યવસાયને કારણે લોકો તો શ્રી. જુગતરામ દવેને મહાત્મા ગાંધીજીની ગ્રામપ્રવૃત્તિઓના એક રીઢા, મૂક અને ક્ષેત્રબદ્ધ સેવક તરીકે જ વધુ ઓળખે છે.

સં. ૧૯૪૭ ના ભાદરવા સુદ ૧૩ ના દિવસે (ઈ. સ. ૧૮૯૧ માં) વઢવાણ શહેરમાં ઔદીચ્ય બ્રાહ્મણ જ્ઞાતિમાં એમનો જન્મ થયો. મૂળ લખતરના વતની શ્રી. ચીમનલાલ ગણપતરામ દવે એમના પિતા અને ડાહીબાઈ એમનાં માતુશ્રી. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વઢવાણ શહેર, મુંબઈ તથા ક્રાંગક્રામાં લીધું. એવામાં મુંબઈમાં સ્વામી આનંદ અને કાકા કાલેલકરના સંસર્ગમાં અને ત્યારપછી ગાંધીજીના સંસર્ગમાં તે આવ્યા અને એમના જીવને મોટો પલટો લીધો. કૌટુંબિક કારણે અટવાએલો લગ્નનો પ્રશ્ન પડતો મૂકી ધગશપૂર્વક એમણે દેશસેવાની પ્રવૃત્તિઓમાં જ જિંદગી ઓળી દીધી. ગાંધીજીના આશ્રમમાં બાળશિક્ષણનું કામ લઈને તે બેસી ગયા. અને પછી તો ગાંધીજીની અનેકવિધ પ્રવૃત્તિઓએ એમનું જીવન વ્યાપી લીધું. ઉપરના મહાનુભાવો ઉપરાંત રવીન્દ્રનાથની ગીતાંજલિ અને ગીતાએ એમના જીવન પર ખૂબ અસર કરી, અને સાહિત્ય તથા કર્મયુગનું સુંદર સંગમસ્થાન એમનું જીવન બની ગયું. ૧૯૨૨-૨૩ માં અસહકારની લડત વેળાએ સ્વામી આનંદ સુદ્ધાં બધા જ જેલમાં ગયા ત્યારે 'નવજીવન' 'યંગ ઇંડિયા' આદિ પત્રો નવજીવન મુદ્રણાલય અને પ્રકાશનમંદિરનું સંચાલન એમણે ઝીલી લીધું; હરિપુરા મહાસભા વખતે લાખ્ખોની મેદનીની ગંદકીની સફાઈ જેવું કપરું કામ એમની મૂગી ધીરજ અને ખડતલ ખંતે સફળતાથી પાર પાડ્યું, અને આજે રાષ્ટ્રીય શિક્ષણનું પોતાનું મુખ્ય કાર્ય કરતાં કરતાં સાથોસાથ થતું રાનીપરજ વિદ્યાર્થીઓ અને લોકોમાં ગ્રામસેવાનું કાર્ય ફરી સંભાળીને સૂરત જિલ્લાના વેડછી ગામના નાના આશ્રમમાં પાછા ક્ષેત્રબદ્ધ થઈ ગયા છે. ત્યાં રહે રહે પોતાના પ્રિય વિષય "વિદ્યાર્થીઓ અને ગ્રામજનતા" નો અભ્યાસ પણ તે કરે છે, અને જે કાંઈ અવકાશ મળે તે વિદ્યાર્થીઓ અને પ્રૌઢો માટેનું સાહિત્ય સંપાદન કરવામાં ગાળે છે.

એમનાં પુસ્તકોની યાદી નીચે મુજબ:

૧ કૌશિકાખ્યાન (કાવ્ય)

૨ આંધળાનું ગાડું (નાટક)
૩ ચાલણગાડી (સ્વ. ગિજુભાઈ સાથે) પાઠ્ય પુસ્તક
૪ ચણીબોર (સંપાદિત ગીતસંગ્રહ)
૫ રાયણ ,,
૬ ગાંધીજી (શબ્દચિત્રો)
૭ બેડૂતનો શિકારી અને મધ્યમસરની ચાલ (નાટકો)
૮ ગ્રામભજન મંડળી (સંપાદિત ગીતસંગ્રહ)
૯ લોકપોથી (પ્રૌઢોનું પાઠ્ય પુસ્તક) શ્રી નરહરિ પરીખની સાથે
૧૦ ભારતસેવક ગોખલે (જીવનચરિત્ર)
૧૧ વિદ્યાપીઠ વાચનમાળા (સંપાદકોમાંના એક તરીકે)
પહેલી ચોપડી (પાઠ્ય પુસ્તક)
૧૨ ,, બીજી ,, ,,
૧૩ ,, ત્રીજી ,, ,,
૧૪ ,, ચોથી ,, ,,

જ્યોત્સ્ના શુકલ

પ્રિયમતિ શુકલના નામે આજથી પચીસ-સત્તાવીસ વર્ષ પર લેખનની શરુઆત કરીને માસિકોમાં સુંદર લેખો તથા બે મરાઠી નવલોના રોચક અનુવાદો આપનાર આ લેખિકાના જીવનનો મોટો ભાગ રાજકારણથી રંગાએલો છતાં અને આજે એ જ મુખ્ય કાર્યક્ષેત્ર રહ્યું હોવા છતાં એમની કલમ તો આ ત્રણ દસકાના ગાળા દરમ્યાન પત્રકારત્વ, દેશભક્તિનાં ગીતો અને બીજાં કાવ્યો તેમજ પ્રકીર્ણ લખાણોમાં સતત ચાલતી જ રહી છે અને ' આકાશનાં ફૂલ ' નામથી ગયે જ વર્ષે બહાર પડેલા કાવ્યસંગ્રહ દ્વારા એની પ્રતીતિ એણે આપી છે.

સંવત ૧૯૫૩ ના શ્રાવણ સુદ પાંચમે-ઈ. સ. ૧૮૯૭ ના ઑગસ્ટ માસમાં સૂરતમાં વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં વકીલ જેચરામ કેશવરામ ત્રિવેદીને ત્યાં એમનો જન્મ થયો. એમનાં માતાનું નામ તારાબૌરી. પણ એમનું જીવનઘડતર પિતાના જ સહવાસમાં અને એમને જ હાથે એક પુત્રરૂપે થયું, તે એટલેસુધી કે પિતા એમને ' પ્રિયમતિ ' કે ' જ્યોત્સ્ના ' ન કહેતાં ' કીકુભાઈ ' કહેતા અને જીવ્યા ત્યાંસુધી એ જ નામે પુત્રભાવે સંબોધતા. એમણે એમના જીવનમાં દેશસેવાની ઝંખના અને પ્રજાસેવાની ઊર્મિ નાનપણથી જ પ્રગટાવી હતી.

ઈ. સ. ૧૯૦૨ થી ૧૯૦૭ સુધી સૂરતની થીઓસોફિકલ સોસાયટી તરફથી ચાલતી સનાતન ધર્મ કન્યાશાળામાં ગુજરાતી છ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો બાદ એ જમાના પ્રમાણે એ જ વર્ષમાં ૧૦ વર્ષની ઉંમરે સૂરતમાં જ એમનું લગ્ન શ્રી. બહુસુખરામ નવનીતરામ શુકલ સાથે થયું.

લગ્ન પછી ત્રણ વર્ષે ઈ. સ. ૧૯૧૦ માં વડોદરા જવાનું થયું. ત્યાં દેશની મુક્તિ માટે ક્રોડ ધરાવતા એમના ચિત્તને ભાવતું ક્ષેત્ર હાથ લાગ્યું. બંગભંગથી આવેલી જાગૃતિના એ કાળમાં ઠેર ઠેર ક્રાન્તિની જે પ્રવૃત્તિઓ ચાલી રહી હતી તેવી પ્રવૃત્તિની વડોદરાની જાણીતી 'ગંગનાથ ભારતીય વિદ્યાલય' ની સંસ્થાના સંપર્કમાં તે આવ્યા અને ત્યાં બીજા દેશનેતાઓ સાથે કાકા સાહેબ કાલેલકર, મામા ફડકે તથા સ્વામી આનંદનો પરિચય થયો. પણ તે પછી ઉદ્દામ મનોવૃત્તિવાળાં એ બહેન ઊંડા પાણીમાં ઊતરી ગયાં અને ઘોડેસવારી, નિશાનબાજી, બોંબ બનાવટ વગેરે શીખવવાની મોટી મોટી વાતો કરનારી એક ટોળીમાં એ પડ્યાં, અને કાકાસાહેબ જેવાની સમજાવટ છતાં, ઝાંસીની રાણી જેવાં પરાક્રમો કરવાનાં સ્વપ્નાં સેવનાર એ તરુણીએ ટોળી સાથે વડોદરા છોડ્યું. પણ છ જ માસમાં તેમનો ભ્રમ ભાંગી ગયો, અને નાણાંના ગોટાળા અંગે તેના નાયકો પકડાતાં એ વેશધારી ટોળીનો અંત આવ્યો.

૧૯૧૨ થી ૨૪ સુધીનાં બાર વર્ષોમાં એમના માથે સાંસારિક આફતોના કારમા ઘા પડ્યા. ૧૯૧૨ માં પિતા, ૧૯૧૩ માં માતા અને ૧૯૧૪ માં પતિ પરલોકવાસી થયા. તે પછી એક બહેન, બે ભાઈ અને એમને સાહિત્યજીવનની પ્રેરણા આપનાર એમનો પ્રિય નાનો ભાઈ મનુ ત્રિવેદી પણ એક પછી એક અવસાન પામ્યાં. પંદર-સોળ વર્ષની મુગ્ધ વયથી ઉપરાઉપર પડવા માંડેલા આ આઘાતો અને સાંસારિક દુઃખની બીજી આફતો કોઈ પણ સામાન્ય સ્ત્રીને હતાશ કરી નાખે તેવાં હતાં. પણ ક્રાન્તિની પ્રેરણાથી પુષ્ટ બનેલા એમના ચિત્તે ધીરજથી, શાંતિથી અને ધ્યેયનિષ્ઠાને અચલ રાખીને એ બધાં સહન કર્યાં અને એ દરમ્યાન પોતાના વિકાસના માર્ગને રુંધાવા ન દેતાં ભાવી જીવનની સંગીન તૈયારી કરતાં રહ્યાં.

ઈ. સ. ૧૯૧૪ માં ૧૭ વર્ષની વયે વિધવા થતાં તે પિતાને ઘેર આવીને રહ્યાં. તે પહેલાં ૧૯૧૦-૧૨ માં મહારાષ્ટ્રીઓના સમાગમને લીધે એમણે મરાઠી ભાષાનું સારું જ્ઞાન મેળવી લીધું હતું, અને ૧૯૧૪ પછી આપમેળે અંગ્રેજી પુસ્તકો વાંચીને એ ભાષાનો પણ ખપપૂરતો અભ્યાસ કરી લીધો. ૧૯૧૩ માં 'ઇંદિરા' નામની મરાઠી નવલકથાનું ભાષાંતર એ એમનું

પહેલું પ્રકાશન. ૧૯૧૪ થી ૨૦ ના છ વર્ષના ગાળામાં પોતાની અને કુટુંબીઓની માંદગી અને મરણોની પરંપરાના પડેલા વિક્ષેપ પછી ૧૯૨૦ થી એમની સાહિત્યપ્રવૃત્તિ ફરી શરુ થઈ, અને કાવ્યો લખવા માંડ્યાં. ૧૯૨૧ માં એમને સાહિત્યજીવનમાં પ્રેરણા આપનાર બીજા મિત્ર શ્રી. બટુભાઇ ઉમરવાડિયા સાથે 'વિનોદ' માસિક કાઢ્યું, '૧૯૨૨' માં તેમની સાથે 'ચેતન'નાં સહતંત્રી થયાં અને ત્યારપછી 'સુદર્શન' સાપ્તાહિકનાં તંત્રી થયાં. ચોટદાર લેખો લખી શકે એવી કલમ એમને મળી છે, અસરકારક કાવ્યો તે લખે છે અને ધારી અસર ઉત્પન્ન કરે એવાં એ વક્તા છે.

એક વખત એની બેસંટના આદર્શો સેવનાર ને તે પછી ઝાંસીની રાણીનાં પૂજક આ બહેન ૧૯૧૯–૨૦ થી મહાત્માજી પ્રેરિત રાજકારણમાં પડ્યાં અને આજે વર્ષોથી તન, મન, ધનથી તેમાં જ રત રહ્યાં છે. સાહિત્ય, કેળવણી અને સ્ત્રીઉન્નતિનાં એમનાં કાર્યક્ષેત્ર આજે રાજકારણને પડછે પડછે જ એ સંભાળે છે. સૂરત શહેર ને જિલ્લાના રાજકારણમાં એમનું અગ્રસ્થાન છે, અને ત્યાંની શહેરસમિતિ અને જિલ્લાસમિતિ, મ્યુનિસિપલ બોર્ડ અને જિલ્લા બોર્ડ, સાહિત્યસભા અને કેળવણી મંડળ, હિંદી પ્રચાર અને સ્ત્રીસમાજ એ બધી સંસ્થાઓમાં સક્રિય અને જીવંત સતત સેવા એ જ એમનું આજનું કાર્યક્ષેત્ર છે. ગુજરાત પ્રાંતિક સમિતિ અને અખિલ હિંદ મહાસમિતિનાં તે સભ્ય છે.

એમનાં પુસ્તકોની યાદી નીચે મુજબ :

ઇંદિરા (વિષ્ણુ ધોંડદેવ કર્વેની મરાઠી નવલકથાનો અનુવાદ)
જ્યારે સૂર્યોદય થશે (ભાસ્કર વિષ્ણુ ફડકેની મરાઠી નવલનો અનુવાદ)
મુક્તિના રાસ (સ્વતંત્ર કાવ્યો) (૧૯૩૮)
આકાશનાં ફૂલ ,, (૧૯૪૧)

ઝીણાભાઈ રતનજી દેસાઈ ('સ્નેહરશ્મિ')

શ્રી. ઝીણાભાઈનો જન્મ તા. ૧૬ મી એપ્રિલ ૧૯૦૩ ને રોજ ચીખલીમાં થએલો. તેમના પિતાનું નામ રતનજી ભાણાભાઈ ભગત. 'ભગત' અટક લોકોએ તેમને આપેલી. ૧૯૧૭માં શ્રી. રતનજી ભગતનું અવસાન થયું હતું. શ્રી. ઝીણાભાઈનાં માતા કાશીબહેન વિદ્યમાન છે.

પ્રાથમિક અને માધ્યમિક કેળવણી પાંચ ધોરણ સુધી તેમણે ચીખલીમાં લીધી હતી. છઠ્ઠા ધોરણનો અભ્યાસ મુંબઈમાં કર્યો બાદ સાતમા ધોરણનો અભ્યાસ તેમણે ભરૂચની ન્યુ ઇંગ્લીશ સ્કૂલમાં કરેલો

પરંતુ મેટ્રિકની પરીક્ષા આપ્યા પહેલાં અસહકારની ચળવળમાં અભ્યાસ છોડી દીધો અને ૧૯૨૧ ના માર્ચમાં ગુજરાત વિદ્યાપીઠની 'વિનીત' ની પરીક્ષા પાસ કરી. ત્યારબાદ ૧૯૨૧–૨૨ માં મુંબઈની નેશનલ કૉલેજમાં અભ્યાસ કરીને પ્રથમા પરીક્ષા પહેલા વર્ગમાં પહેલા નંબરે પાસ કરી. ૧૯૨૨ થી ૧૯૨૬ સુધી અમદાવાદમાં ગુજરાત મહાવિદ્યાલયમાં અભ્યાસ કરી સમાજવિદ્યા વિષય સાથે ૧૯૨૬ માં તે સ્નાતક થયા. આ બધો વિદ્યાર્થીજીવનનો સમય તેમણે સ્વાશ્રયપૂર્વક સફળતાથી પસાર કર્યો હતો. સ્નાતકની પરીક્ષામાં અમદાવાદમાં તે પહેલા આવેલા તેથી અખિલ ભારતવર્ષીય વિદ્યાર્થીપરિષદનું ધનાભ તેમને મળ્યું હતું.

આ તેજસ્વી વિદ્યાર્થીને સ્નાતક થતાંની સાથે જ ગુજરાત વિદ્યાપીઠમાં ઇતિહાસ અને રાજકારણના અધ્યાપક તરીકેની નીમણૂક મળી. ત્યારપછી યુવકપ્રવૃત્તિ તેમણે હાથમાં લીધી. ૧૯૨૯માં 'નૂતન ગુજરાત' પત્રના તંત્રી તરીકે અને ૧૯૩૦માં સુરતની સત્યાગ્રહ પત્રિકાના તંત્રી તરીકે તેમણે કામ કર્યું. સુરતના વિદ્યાર્થીસંઘના તે પ્રમુખ હતા. ૧૯૩૦ માં રાષ્ટ્રીય ચળવળને અંગે તેમને નવ માસની કેદની અને દંડની સજા થઈ હતી. ૧૯૩૧માં તે સુરત શહેરસમિતિના પ્રમુખપદે અને ગુજરાત યુવકસંઘના ઉપપ્રમુખપદે સ્થપાયા હતા. ૧૯૩૨માં બે માસ સુધી તેમને સરકારે અટકાયતમાં રાખેલા, ત્યારબાદ બે વર્ષની સખ્ત કેદની સજા થએલી તથા રૂ. ૨૦૦ દંડ થએલો તે સરકારે તેમની ચોપડીઓ વગેરે હરરાજ કરીને વસૂલ કર્યો. સજા પૂરી થયા બાદ ૧૯૩૪માં તે વીલે પાર્લેની ગોકળીબાઈ હાઇસ્કૂલમાં આચાર્યપદે નિયુક્ત થયા હતા. ૧૯૩૮ના એપ્રીલથી તે અમદાવાદના શેઠ ચી. ન. વિદ્યાવિહારના આચાર્યપદે કામ કરી રહ્યા છે. બોર્ડ ઓફ સેકંડરી એજ્યુકેશનના તે સભ્ય છે. ૧૯૪૨માં તેમને પુનઃ સરકારી અટકમાં દસેક માસ માટે રહેવું પડ્યું હતું. ક્રિકેટના અને તરવાના તે શોખીન છે. નાસીક જેલમાં તે અટકાયતી કેદી હતા તે દરમિયાન તેમણે ટેનીસ રમતાં પણ શીખી લીધું હતું અને જેલમાં થએલી ટુર્નામેંટમાં જ્યુનિયર ગ્રુપની ચેમ્પીઅનશીપ મેળવી હતી.

હાઇસ્કૂલમાં અભ્યાસ કરવાના સમય દરમિયાન તેમણે કવિતા લખવાની શરુઆત કરેલી. તેમનું પહેલું પુસ્તક 'તૂટેલા તાર' ૧૯૩૪ માં બહાર પડ્યું હતું. તેમનાં બીજાં પુસ્તકો : 'માતા આસોપાલવ', 'સ્વર્ગ અને પૃથ્વી', 'અર્ઘ્ય', અને 'ગુજરાતના ઇતિહાસની કથાઓ.' તે ઉપરાંત શ્રી. ઉમાશંકર જોષી જોડે 'ગાંધી કાવ્યસંગ્રહ' અને 'સાહિત્યપલ્લવ ભાગ ૧–૨–૩'; તથા શ્રી. છગનલાલ બક્ષી જોડે 'સાહિત્ય પાઠાવલિ ભાગ ૧–૨–૩.'

તેમનું લગ્ન સને ૧૯૨૬માં થએલું. તેમનાં પત્ની શ્રીમતી વિજયા દેસાઈ જલંધર કન્યાવિદ્યાલયનાં સ્નાતિકા છે.

દૂલાભાઈ ભાયાભાઈ કાગ

શ્રી. દૂલાભાઈ ભાયાભાઈ કાગનો જન્મ સં. ૧૯૫૯ માં ભાવનગર સ્ટેટના મજાદર નામના તેમના વતનના ગામમાં થયો હતો. તેમનાં માતાનું નામ ધાનબાઈ. જ્ઞાતે તે ચારણ છે. તેમનો વંશપરંપરાનો વ્યવસાય ખેતી છે, પરન્તુ દૂલાભાઈ સાહિત્યસેવામાં અને લોકસેવામાં વધુ રસ ધરાવતા હોઈ મોટા ભાગે તેમાં જ રચ્યાપચ્યા રહે છે.

તેમણે ગુજરાતી પાંચ ધોરણ જેટલો અભ્યાસ કર્યો છે; પરન્તુ રામાયણ, મહાભારત તથા ચારણી સાહિત્ય ગ્રંથોનો તેમણે સારી પેઠે અભ્યાસ કર્યો છે. કંઠસ્થ ભજનો એકઠાં કરવામાં તેમને રસ પડે છે. સ્વામી મુક્તાનંદજી તથા મહાત્મા ગાંધીજીના જીવનમાંથી તેમણે પ્રેરણા મેળવી છે. કવિતા રચવાની પ્રેરણા મુખ્યત્વે તેમના ગુરુ મુક્તાનંદજી પાસેથી મેળવેલી.

દસ વર્ષની વયે તેમણે અડવાણે પગે ગાયો ચારવાનું વ્રત લીધેલું. બાળ વયથી તેમને ધર્મકથાઓ પર પ્રીતિ હતી. બાળ વયમાં તેમનું લગ્ન થએલું, પરન્તુ એ પત્નીનું અવસાન થયા બાદ દસ વર્ષ સુધી અપરિણીત રહીને પિતા તથા નાના ભાઈના મૃત્યુ બાદ તેમણે બીજું લગ્ન વંશરક્ષાર્થે સં. ૧૯૯૦માં કરેલું. એ બીજાં પત્ની રાજબાઈથી થએલાં બે પુત્રીઓ તથા એક પુત્ર છે.

ચારણ કોમની ઉન્નતિનાં કાર્યોમાં તે સારી પેઠે રસ લઈ રહેલા છે. ભાવનગરના ચારણોને વારસાહક્ક અપાવવામાં તેમણે આગેવાની લીધી હતી. ચારણ હિતવર્ધક સભા સ્થપાતાં તેના તે પ્રમુખ થએલા અને ચારણ વિદ્યાલયની સ્થાપનામાં તેમણે આગેવાનીભર્યો ભાગ લીધો હતો. હાલમાં તે એ બેઉ સંસ્થાઓનું સંચાલન કરે છે.

ભજનો, છંદો, દુહા ઇત્યાદિમાં તે પોતાની કવિતાને વહાવે છે. ગાંધીજીની પ્રશસ્તિનાં તેમનાં કાવ્યો ઠીક લોકપ્રિય થયાં છે. તે સારું ગાય છે અને વ્યાખ્યાનો પણ આપે છે. કંઠ, કલેણી અને કવિતાનો ત્રિવેણી-સંગમ દૂલાભાઈ કાગમાં થએલો છે.

તેમની કવિતાનું પહેલું પુસ્તક "કાગવાણી ભાગ ૧" સં. ૧૯૯૧ માં બહાર પડેલું. "કાગવાણી ભાગ ૨" ૧૯૯૪માં બહાર પડેલું. તેનો ત્રીજો ભાગ પોતે તૈયાર કરે છે.

દેવકૃષ્ણ પીતાંબર જોષી

શ્રી. દેવકૃષ્ણ પીતાંબર જોષીનો જન્મ તા. ૫–૧–૧૮૯૨ ના રોજ તેમના વતનના ગામ ગણા (ભાવનગર રાજ્ય)માં થયો હતો. તેમના પિતાનું નામ પીતાંબર નારાયણ જોષી અને માતાનું નામ પાર્વતીબા વાલજી. જ્ઞાતે તે ઔદીચ્ય બ્રાહ્મણ છે.

તેમણે સાત ધોરણ સુધી પ્રાથમિક અને અંગ્રેજી સાત ધોરણ સુધી માધ્યમિક કેળવણી લીધી છે. તેમણે રેલ્વેની નોકરીથી વ્યવસાયની શરુઆત કરેલી તેમાં સ્ટેશન માસ્તરની પદવી સુધી ચડેલા. પછી એંગ્લોપર્શિયન કંપની (ધરાન–આબાદાન)માં તે તાર માસ્તર તરીકે રહ્યા હતા; હાલમાં ભાવનગરની સરકારી તાર ઓફીસમાં તાર માસ્તર તરીકે કામ કરે છે.

તેમના પિતા પીતાંબર જોષી વિદ્યાવ્યાસંગી, હાજરજવાબી અને રમૂજી સ્વભાવના હતા. પિતા તરફથી તેમને સાહિત્યપ્રેમનો વારસો મળેલો. નાની વયમાં ભડલીમાં કાઠી કુટુંબો સાથેના વસવાટથી અને ધરાનમાં નોકરી દરમિયાન દેશ–દેશના વતનીઓ સાથેના પરિચયથી તેમનામાં ધાર્મિક સહિષ્ણુતા તથા સ્વદેશપ્રેમ ઊતરેલાં. કટાક્ષયુક્ત અને રમૂજી કવિતાઓ તેમણે ઠીક ઠીક પ્રમાણમાં લખી છે જેનું એક પુસ્તક "કટાક્ષ કાવ્યો" ૧૯૪૨માં પ્રસિદ્ધ થયું છે. તે ઉપરાંત સામયિક પત્રોમાં ઘણાં વર્ષોથી તે પ્રકીર્ણ કવિતાઓ લખે છે.

તેમનું લગ્ન સને ૧૯૧૩માં શ્રી. કાશીબાઈ વેરે નેસડા ગામે (સિહોર) થએલું; તેમનાથી તેમને ચાર પુત્રો અને બે પુત્રીઓ થયાં છે. મોટો પુત્ર સોનગઢમાં ટેલરિંગ સ્કૂલમાં શિક્ષક છે.

પ્રહ્લાદ જેઠાલાલ પારેખ

કોમળ લાગણીઝંકાર અને નવી વિચારતણુખવાળાં તેમ જ શાન્તિનિકેતનમાંના પોતાના અભ્યાસને કારણે ઊતરેલી રવીન્દ્રનાથની ગેયતાની અસરવાળાં કાવ્યો તથા ગીતોના આ નવયુવાન લેખકનો જન્મ ભાવનગરમાં પોરવાડ વણિક જ્ઞાતિમાં ઈ. સ. ૧૯૧૨ ના ઓકટોબરની ૧૨ મી તારીખે–દીવાળીને દિવસે થયો હતો. એમના પિતાનું નામ જેઠાલાલ દુર્લભજી પારેખ અને માતાનું નામ મેનાલક્ષ્મી ગોપાળજી પારેખ. એમનું લગ્ન શ્રી. રંજનબાળા જોડે થયું છે.

શરુમાં ભાવનગર ભગાના તળાવની ધૂળી નિશાળમાં અને પછી દરબારી શાળામાં પ્રાથમિક શિક્ષણ લઈ તેમણે માધ્યમિક શિક્ષણ 'દક્ષિણા-મૂર્તિ વિદ્યાર્થીભવન'માં લીધું જ્યાં એ સંસ્થાના સંચાલક શ્રી. નૃસિંહપ્રસાદ કાલિદાસ (નાનાભાઈ) ભટ્ટ અને આચાર્ય હરભાઈ ત્રિવેદીની અસર નીચે એમના સાંસ્કારિક ઘડતરનો પાયો નંખાયો, અને ત્યાં જાગેલી સાહિત્યા-ભિરુચિ તથા સાહિત્યસર્જનની શક્તિ શાંતિનિકેતનમાં તેઓ ઉચ્ચ અભ્યાસ માટે ગયા ત્યાં પરિપુષ્ટ થઈ. એ ઉપરાંત 'અજ્ઞાભીલ અથવા ગરીબનું નસીબ ગરીબ' એ પુસ્તકે પોતાના જીવન પર ઊંડી અસર કર્યાનું તેઓ નોંધે છે. શ્રી. દક્ષિણામૂર્તિના ઘડતરે અનેકોમાં પ્રગટાવેલી જીવન, સંસ્કાર અને સાહિત્યમાંની રાષ્ટ્રીય ભાવનાએ તેઓ પણ રંગાએલા છે અને ૧૯૩૦ની લડતમાં ફાળો આપી જેલવાસ પણ ભોગવી આવ્યા છે.

અભિરુચિ સાહિત્યની હોવા છતાં પોતાના અભ્યાસનો પ્રિય વિષય તો તેઓ કેળવણીને જ ગણે છે અને એમનો વ્યવસાય પણ શિક્ષકનો જ છે.

એમનાં બે પુસ્તકો બહાર પડ્યાં છે :

(૧) ગુલાબ અને શિવલી ઈ. સ. ૧૯૩૮.

(૨) બારી બહાર (કાવ્યસંગ્રહ) ઈ. સ. ૧૯૪૦.

બચુભાઈ પ્રભાશંકર શુકલ

શ્રી. બચુભાઈ પ્રભાશંકર શુકલનો જન્મ તેમના વતન વઢવાણ શહેરમાં તા. ૪ થી ઑક્ટોબર ૧૯૦૫ની સાલમાં થએલો. જ્ઞાતે તે બ્રાહ્મણ છે પરન્તુ જ્ઞાતિભેદને માનતા નથી. તેમણે એક બંગાળી ગ્રેજ્યુએટ અને કલાકાર શ્રીમતી મૈત્રીદેવી સાથે ૧૯૩૩ માં લગ્ન કરેલું. તે કટક (ઓરીસ્સા) નાં વતની છે. તેમને એક પુત્ર થએલો છે તે ચારેક વર્ષની વયનો છે.

શ્રી. બચુભાઇએ કેળવણી રખડી–રઝળીને જ લીધી છે. ચૌદ વર્ષની વયે તેમણે મેટ્રિકની પરીક્ષા પસાર કરેલી. પછી 'સાયન્સ' નો અભ્યાસ કરવા માંડેલો. પછી તે શાંતિનિકેતનમાં અભ્યાસ માટે ગયા અને 'વિશ્વભારતી' ના ગ્રેજ્યુએટ થયા. પોસ્ટગ્રેજ્યુએટ અભ્યાસમાં તે ભાષાશાસ્ત્ર શીખતા અને એકંદરે બારેક ભાષાઓનો અભ્યાસ કરેલો. પછી તે વધુ અભ્યાસ માટે જર્મની ગયા અને ત્યાં બૉન યુનિવર્સિટીમાં જોડાયા પણ ભાઇની માંદગીને કારણે અભ્યાસ છોડીને તેમને પાછા ફરવું પડ્યું.

વ્યવસાયમાં પણ તેમણે શિક્ષણને જ પસંદ કર્યું છે. શાંતિનિકેતનમાં તેમણે ત્રણ વર્ષ શિક્ષક તરીકે કામ કરેલું. હાલમાં તે વીક્ટોરિયા-કોલેજની 'પ્યુપીલ્સ ઓન રકૂલ' ના પ્રિન્સીપાલ છે. ભાષાશાસ્ત્ર, સંગીત, નાટ્યકળા, ક્રિકેટ, ટેનિસ ઇત્યાદિ અનેક વિષયોમાં તે રુચિ ધરાવે છે, પરન્તુ તેમની વિશેષ રુચિ બાળકોના શિક્ષણમાં અને ગીતો તથા નાટકોના લેખનમાં છે. કવિવર રવીંદ્રનાથ ટાગોરના જીવન તથા સાહિત્યની તેમના ઉપર વિશેષ અસર છે.

તેમની પ્રથમ સાહિત્યકૃતિ ૧૯૩૪ માં 'શુકશિક્ષા' (નાટક) બહાર પડેલી. એ નાટક કવિવર ટાગોરની 'તોતાકાહિની' નામની વાર્તા ઉપરથી લખાયલું છે. 'ભંડૂક-કુંડ', 'સ્વર્ગ અને મર્ત્ય' તથા 'દેવયાની' (સંગીત) એટલાં નાટકો તેમણે રચી પ્રસિદ્ધ કર્યાં છે. તે ઉપરાંત 'અધૂરું સ્વપ્ન' એ તેમની નવલકથા અને 'ભાષાવિજ્ઞાન-પ્રવેશિકા' (ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝ) એ તેમનું ભાષાવિજ્ઞાનવિષયક પુસ્તક પ્રસિદ્ધ થયું છે. બીજા પણ કેટલાક આનુવાદો તેમણે કરેલા છે.

ભાસ્કરરાવ ગજાનન વિદ્વાંસ

કાઠિયાવાડમાં વળા મુકામે સં. ૧૯૫૯ ના અષાડ વદ ૩ ને રોજ તેમનો જન્મ થએલો; પણ મૂળ તેઓ કોંકણના આંજર્લેના વતની ચિતપાવન બ્રાહ્મણ. એમના પિતાનું નામ ગજાનન કાશીનાથ વિદ્વાંસ અને માતાનું નામ સરસ્વતી.

પ્રાથમિક કેળવણી તથા અંગ્રેજીનાં ત્રણ ધોરણ વળામાં કરી તે ભાવનગર દક્ષિણામૂર્તિ ભવનમાં જોડાયા, એવામાં જ યુનિવર્સિટી સાથેનો સંબંધ એ સંસ્થાએ છોડ્યો એટલે ત્યાંથી વિનીતની પરીક્ષા પસાર કરી વિદ્યાપીઠમાં જોડાયા. ત્યાં પ્રથમાની પરીક્ષામાં પહેલા આવ્યા. બુદ્ધિ નાનપણથી જ તેજસ્વી હોવાથી દર વર્ષે ઈનામો લેતા, અને એક વખત વક્તૃત્વની હરીફાઈમાં પણ સ્વ. કાન્તને હાથે પહેલું ઈનામ લીધેલું. વિદ્યાપીઠમાં આગળ દોઢેક વર્ષ શિક્ષણ લીધા બાદ લડત આવી એટલે શિક્ષણ છોડ્યું; અને તે પછી શ્રી. દક્ષિણામૂર્તિ ભવનમાં શિક્ષક તરીકે જોડાયા ત્યારથી એમનો વ્યવસાય શિક્ષણનો જ રહ્યો છે. ભૂગોળ, ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને રાજકારણ એ એમના અભ્યાસના પ્રિય વિષયો છે. પોતે હજુ અવિવાહિત છે.

એમનાં પુસ્તકોની સાલવાર યાદીઃ

આપણા આર્થિક પ્રશ્નો (વાડિયા અને રાવની પુસ્તિકા ઉપરથી ૧૯૩૨), મજ્ઝિમ નિકાય (ફ્રેંકાંખીજીના મરાઠી પરથી), આર્થિક ભૂગોળ ('હૉરાબિન' અંગ્રેજી ઉપરથી ૧૯૩૫), હિંદી સંસ્કૃતિ અને અહિંસા (ફ્રેંકાંખીજીના મરાઠી પરથી ૧૯૩૭), ભારતમાં અંગ્રેજી રાજ્ય (બે ભાગ) (પં. સુંદરલાલના હિંદી પરથી ૧૯૩૯), પાસિફિક (મૌલિક) (૧૯૪૨).

મંગળજી હરજીવન ઓઝા

શ્રી. મંગળજી હરજીવન ઓઝાનો જન્મ ઈ. સ. ૧૮૭૦ માં મહુવા (તાબે ભાવનગર)માં થયો હતો. તેઓ શ્રીમાળી બ્રાહ્મણ છે. તેમના પિતાનું નામ હરજીવન મોરાર ઓઝા અને માતાનું નામ ઘેાળીબાઈ. ૧૮૮૪માં તેમનું લગ્ન સૌ. મણિબહેન વેરે થએલું. તેમને બે પુત્રો છેઃ ભાઈ જયંતીલાલ બી. એ, બી. ટી., એલ. એલ. બી. છે, અને બીજા ભાઈ ચંદ્રકાન્ત, જેમના રાસો અને ગીતોના સંગ્રહો જાણીતા છે. તેમને ત્રણ પુત્રીઓ છે : તારાબહેન, મુક્તાબહેન અને મનોરમાબહેન. ત્રણે પુત્રીઓ ફ્રીમેલ ટ્રે. કૉલેજમાં અભ્યાસ કરીને સીનિયર ટ્રેન્ડ થયાં છે. શ્રી. મનોરમાબહેન એક સારાં લેખિકા છે, જેમનું નાનું પુસ્તક 'ભાવના' બહાર પડેલું છે. આમ પિતાના કેળવણીના સંસ્કાર તેમનાં બધાં સંતાનોએ વારસામાં મેળવ્યા છે.

તેમણે મહુવા અને ગઢડામાં પ્રાથમિક કેળવણી લીધેલી અને ૧૮૮૬ માં રાજકોટની ટ્રે. કૉલેજમાં શિક્ષણ લેવાને દાખલ થયા હતા. ૧૮૮૯માં તે અમદાવાદની ટ્રેનિંગ કૉલેજમાંથી સીનિયર થયા હતા અને પહેલે નંબરે પંસાર થઈ શિક્ષણ માટેનો 'હોપ મેડલ' મેળવ્યો હતો. રાજકોટની મેલ ટ્રે. કૉલેજમાં ગુજરાતી ભાષા અને સાહિત્ય, સંસ્કૃત કાવ્ય, નાટક તથા અક્ષરગણિતના અધ્યાપક તરીકે તેમણે ૨૨ વર્ષ સુધી કામ કર્યું હતું. પછીથી ફ્રીમેલ ટ્રે. કૉલેજમાં હેડમાસ્તર અને સુપરિ. નો ઓદ્દો ભોગવ્યો હતો. રાજકોટની રાજકુમાર કૉલેજમાં તેમણે સોળ વર્ષ સુધી શાસ્ત્રી તરીકે અને વાંસદાના યુવરાજના શાસ્ત્રી તરીકે પણ કામ કર્યું હતું. ગુજરાતી સાહિત્ય, સંસ્કૃત સાહિત્ય, ધર્મશાસ્ત્ર, વેદાંત અને અક્ષરગણિત એ તેમના અભ્યાસ ને રસના વિષયો છે. કવિ દલપતરામનો અને મહામહોપાધ્યાય શંકરલાલ શાસ્ત્રીનો સહવાસ તેમણે સારી પેઠે સેવેલો. એમના સહવાસ ઉપરાંત પ્રેમાનંદ અને દલપતરામના ગ્રંથોએ તેમના પર પ્રબળ અસર નીપજાવેલી.

પ્રેમાનંદ કૃત 'સુદામાચરિત્ર' અને 'મામેરું'નું સંપાદન કરી ટીકા સાથે સૌથી પહેલાં તેમણે ઇ. સ. ૧૯૦૨માં પ્રસિદ્ધ કરેલાં. નર્મદ કૃત રામાયણ, મહાભારત અને ઇલિયડના સાર ઉપર વિસ્તૃત વિવેચન લખી એ જ વર્ષમાં બહાર પાડેલું. ત્યારપછી તેમના પ્રસિદ્ધ થએલા ગ્રંથો "શ્રી ભગવત્સ્મરણમ્" (ઇશ્વરસ્તુતિઓનો સંસ્કૃત સંગ્રહ ગુજરાતી અનુવાદ સાથે) ઈ. સ. ૧૯૧૦, "ઇશ્વર સ્તુતિઓનો ગુજરાતી પદ્યસંગ્રહ" (ઈ. સ. ૧૯૨૦) અને "નીતિ-પાઠમાળા" (ઈ. સ. ૧૯૨૭) એટલાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. ગુજરાતી અને સંસ્કૃત કાવ્યો તથા સુભાષિતોનો મોટો સંગ્રહ હજી તેમની પાસે અપ્રકટ પડ્યો છે. રાજકોટમાં આજે તે નિવૃત્તિપરાયણ જીવન ગાળી રહ્યા છે.

સર મનુભાઈ નંદશંકર મહેતા

આ સાહિત્યપ્રેમી રાજપુરુષનો જન્મ ગુજરાતની પહેલી ગદ્ય નવલ 'કરણઘેલા'ના કર્તા રાવ બહાદુર નંદશંકર તુળજાશંકર મહેતાને ત્યાં, વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં, એમના વતન સુરતમાં ઈ. સ. ૧૮૬૮ના જુલાઈની ૨૨ મી તારીખે થયો હતો. એમનાં માતાનું નામ નંદગૌરી.

પ્રાથમિક શિક્ષણ લુણાવાડામાં અને માધ્યમિક ભાવનગર તથા મુંબઈમાં લઈને મુંબઈમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી તેઓ ગ્રેજ્યુએટ થયા. એમની કૉલેજની કારકીર્દિ અત્યંત ઉજ્જ્વળ હતી. ત્યાંનું એલ્ફિન્સ્ટન પ્રાઇઝ તેમજ હોરમજી કરસેદજી દાદી પ્રાઇઝ મેળવવા ઉપરાંત તેઓ એલિસ સ્કૉલર તેમજ આનૉલ્ડ સ્કૉલર હતા, અને અર્થશાસ્ત્ર, ઇતિહાસ, તર્કશાસ્ત્ર તેમજ તત્ત્વશાસ્ત્રમાં પોતાની બુદ્ધિ દાખવી તેઓ એમ. એ., અને પછી એલ. એલ. બી. થયા. આજે પણ એમના અભ્યાસના પ્રિય વિષયો એ જ રહ્યા છે—લૉજિક, ફિલોસોફી, લૉ, હિસ્ટરી અને પોલિટિકલ ઇકૉનૉમી.

જીવનની શરુઆત તેમણે વડોદરા કૉલેજમાં પ્રોફેસર તરીકે કરી. ત્યાં સ્વ. સયાજીરાવ ગાયકવાડે એમની પ્રતિભા પરખી રાજ્યના વહીવટી તંત્રમાં ખેંચી લીધા અને ત્યાં તેઓ નાયબ દીવાન, લીગલ રીમેમ્બ્રેન્સર અને પછી મુખ્ય દીવાનના પદે ચડી લાંબો કાળ રહ્યા. ત્યારબાદ તેઓ ઉત્તરોત્તર બિકાનેરના પ્રાઈમ મિનિસ્ટર અને ગ્વાલિયરના હોમ મિનિસ્ટર તથા પોલિટિકલ મિનિસ્ટર થયા. હિંદી પ્રશ્ન વિચારવા માટેની ઇ. સ. ૧૯૩૧–૧૯૩૪ ની રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સના તેમજ ઈ. સ. ૧૯૩૩–૩૫ની લંડનની પાર્લમેન્ટ કમિટીના પણ તેઓ મેમ્બર હતા. એમની રાજપ્રકરણીય દક્ષતાને લીધે હિંદના અગ્રણી રાજપુરુષોમાં એમની ગણના થાય છે.

એમનું લગ્ન પ્રથમ ઈ. સ. ૧૮૮૭માં સ્વ. હર્ષદકુંવર સાથે સુરતમાં થયું હતું. ત્યારબાદ ઈ. સ. ૧૯૦૭માં હાલનાં અ. સૌ. લેડી ધનવંતા સાથે સુરતમાં એમનું બીજી વાર લગ્ન થયું. એમને ચાર પુત્રો—કાન્તિચન્દ્ર એમ. એ. કેન્ટાબ., ચન્દ્રહાસ બી. એ. કેન્ટાબ., આશુતોષ કુમાર તથા જગદીશ કુમાર તથા સાત પુત્રીઓ—સૌ. જયશ્રી રાયજી, સૌ. હંસા મહેતા, સૌ. પન્ના દફ્તરી, સૌ. નિવેદિતા દેસાઈ, સાં. રામદુલારી મોદી, તથા કુમારી મીનળદેવી—છે. એમના જીવનવિષયક વિશેષ માહિતી Who is Who માં તેમજ Knights and Barons માંથી મળી શકે છે.

જીવનભર રાજકારણમાં તન્મય રહેવા છતાં એમનો સાહિત્યપ્રેમ અખંડ રહ્યા કર્યો છે, અને એની શાખ સાહિત્ય તેમજ પુરતકાલય પરિષદોમાં એમણે અવારનવાર આપેલાં વ્યાખ્યાનો પૂરે છે. એમના રચેલા ગ્રન્થ: હિંદ રાજસ્થાન ઈ. સ. ૧૮૯૫, પ્રમાણશાસ્ત્ર (Evidence Law.)

ડૉ. મહાદેવપ્રસાદ ભોગીલાલ કંથારીઆ

ડૉ. મહાદેવપ્રસાદ કંથારીઆનો જન્મ સંવત ૧૯૪૨ના ભાદરવા વદી ૦)) (તા. ૨૭-૯-૧૮૮૬) ના રોજ તેમના વતન નડીઆદમાં થયો હતો. તેમના પિતાનું નામ ભોગીલાલ ત્રીકમલાલ કંથારીઆ અને માતાનું નામ શીવલક્ષ્મી દોલતરાય. જ્ઞાતે તે સાડોદરા નાગર છે.

તેમણે પ્રાથમિક કેળવણી નડીઆદમાં અને અંગ્રેજી કેળવણી મુંબઈમાં લીધી હતી. મુંબઈના વી. જે. ટેકનિકલ ઈન્સ્ટીટચુટમાં તેમણે મિકેનિકલ અને ઇલેકટ્રિકલ એન્જીનીયરિંગનો અભ્યાસ છ વર્ષ સુધી કરેલો. મુંબઈની જે. જે. સ્કૂલ ઓફ આર્ટમાં પહેલા ગ્રેડની ડ્રોઈંગની પરીક્ષા પાસ કરેલી. બોમ્બે બોઈલર ઍક્ટ એન્જીનીયર્સની પરીક્ષા બીજા વર્ગમાં પસાર કરેલી. આમ એન્જીનીયરિંગમાં નિષ્ણાત થવા છતાં તેમનું માનસિક વલણ કોઇ જુદી જ દિશામાં રસ ધરાવતું હતું. કલકત્તામાં હોમીઓપેથિક કોલેજમાં અભ્યાસ કરીને એમ. સી. એચ. સી.ની ડિગ્રી તેમણે મેળવી, અને અમેરિકામાં ન્યૂયોર્ક ખાતે અભ્યાસ કરીને અમેરિકન સ્કૂલ ઓફ નેચરોપથીની 'ડૉક્ટર ઓફ નેચરોપથી' (N. D.) અને 'ડૉક્ટર ઓફ મેડિસિન' (M. D.) ની ડિગ્રીઓ પણ મેળવી. નૈસર્ગિક ઉપચારશાસ્ત્ર એ તેમનો પ્રિય વિષય છે અને ડાક્ટર તરીકે વ્યવસાય કરતા હોવા છતાં આરોગ્ય અને નૈસર્ગિક ઉપચારો વિષે લેખનકાર્ય પણ કરતા રહે છે. ડૉ. એની

બેસન્ટ, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી અને ડૉ. બેનેડિક્ટ લુસ્ટના જીવન તથા ગ્રંથોની તેમના જીવન ઉપર વિશિષ્ટ અસર છે.

ઈ. સ. ૧૯૦૮ થી 'ધન્વંતરિ' માસિકના તે સહતંત્રી હતા અને ૧૯૨૩ થી ૧૯૩૭ સુધી તેના તે તંત્રી હતા. ગુજરાત હોમિયોપેથિક એસોસીએશન અને મુંબઈ પ્રાંતિક નેચરોપેથિક એસોસીએશનના તે પ્રમુખ છે. બેલગામમાં ભરાયલી અખિલ હિંદ નેચરોપેથિક કૉંગ્રેસના પ્રમુખ તરીકે તે ચુંટાયા હતા. અમેરિકન નેચરોપેથિક એસોસિએશનના હિંદ ખાતેના પ્રતિનિધિ તેઓ છે.

તેમનું પ્રથમ પુસ્તક ૧૯૦૯માં 'તમાકુનું દુર્વ્યસન' એ નામે પ્રસિદ્ધ થયું હતું. ત્યારપછી તેમનાં પ્રસિદ્ધ થએલાં પુસ્તકોની નામાવલિ: 'ક્ષયરોગ' (૧૯૧૧), 'Advantages of a Vegitarian Diet' (૧૯૧૨), 'આરોગ્ય સાચવવાના ઉપાયો' (૧૯૧૪), 'મનુષ્યનો કુદરતી ખોરાક' (૧૯૧૬), 'નૈસર્ગિક જીવન' ('Return to Nature' નું ભાષાંતર) (૧૯૧૭), 'ક્રોમોપથી એટલે વર્ણોપચાર વિદ્યા' (૧૯૧૯), 'બાળકનું સંરક્ષણ, સંવર્ધન અને શિક્ષણ' (૧૯૨૩), 'વિટામિન્સ અથવા આહાર મારફત આરોગ્યપ્રાપ્તિ' (૧૯૨૩), 'આરોગ્ય વિષે પ્રશ્નોત્તરમાળા' (૧૯૨૩), મારો અમેરિકાનો પ્રવાસ' (૧૯૨૩).

ડૉ. મહાદેવપ્રસાદનું લગ્ન સને ૧૯૧૬માં નડીઆદમાં શ્રી. પદ્માવતી બાપાલાલ વેરે થએલું. તેમને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ છે. મોટો પુત્ર યોગેશ ડાક્ટરી અને બીજો યજ્ઞેશ ખેતીવાડીનો અભ્યાસ કરે છે.

મુકુન્દરાય વિજયશંકર પટ્ટણી–'પારાશર્ય'

એમનો જન્મ સં. ૧૯૭૦ના મહા વદ ૨ ને ગુરુવાર તા. ૧૧ મી ફેબ્રુઆરી ૧૯૧૪ના રોજ મોરબીમાં અહિચ્છત્ર (પ્રઓરા) નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. તેઓ મૂળ કોટડા સાંગાણીના વતની. એમના પિતાનું નામ વિજયશંકર કાનજીભાઈ પટ્ટણી અને માતાનું નામ શાન્તાલક્ષ્મી ચકુભાઈ મૂળાણી.

પ્રાથમિક શિક્ષણ કોટડા સાંગાણી અને રાજકોટમાં તથા માધ્યમિક રાજકોટમાં લઈ ઉચ્ચ શિક્ષણ માટે તેઓ ભાવનગર ગયા. હજી તેઓ અભ્યાસ કરે છે. પિતાનો કાવ્યપ્રેમ એમનામાં ઊતર્યો છે અને પિતાની તથા સ્વ. પ્રભાશંકર પટ્ટણી અને ગાંધીજીની અસર એમના જીવનઘડતર

ઉપર પડી છે. તત્ત્વજ્ઞાન, શિક્ષણ, ઇતિહાસ અને કાવ્યસાહિત્ય એમના અભ્યાસના વિષયો છે.

ઈ. સ. ૧૯૩૧માં જામનગરમાં શ્રી નિર્મળાલક્ષ્મી લક્ષ્મીશંકર વૈદ્ય જોડે એમનું લગ્ન થયું. એમને બે પુત્રીઓ તથા એક પુત્ર છે.

એમની કૃતિઓ :

"અર્ચન" (કાવ્યસંગ્રહ–શ્રી પ્રબોધ સાથે સહપ્રકાશન) ૧૯૩૮

"સંસૃતિ" (કાવ્યસંગ્રહ) ૧૯૪૧

મુરલીધર રામશંકર ઠાકુર

તેઓ મૂળ ધ્રાંગ્રધ સ્ટેટના સુવેર ગામના ઔદીચ્ય બ્રાહ્મણ. એમનો જન્મ એ જ સ્ટેટના કુકડિયા ગામે, એમના મોસાળમાં સં. ૧૯૬૬ના મહા સુદ ૧૪ના રોજ થયો. એમના પિતાનું નામ રામશંકર હરિદત્ત ઠાકુર અને માતાનું નામ ગંગાબાઈ.

બે વર્ષની વયે માતાનું સુખ ગુમાવ્યું અને થોડો વખત મોસાળમાં જ ગામઠી નિશાળે પ્રાથમિક અભ્યાસ કરી મુંબઈમાં પિતા પાસે આવ્યા, ને ત્યાં આગળ અભ્યાસ ચલાવી મૅટ્રિક થયા. ઉચ્ચ શિક્ષણ માટે પિતાની અશક્તિ હોવાથી આપબળે જ કૉલેજનું શિક્ષણ લેવાનો નિર્ધાર કર્યો અને તંગી તથા હાડમારીઓ વેઠીવેઠી તે પાર ઉતાર્યું.

મૅટ્રિકમાં શ્રી 'બાદરાયણ' એમના ગુજરાતીના શિક્ષક હતા. તેમણે એમના સાહિત્ય પ્રતિના અનુરાગને પોષ્યો છે અને કૉલેજમાં જતાં સ્વ. નરસિંહરાવ દિવેટિયાના પરિચયમાં એમને મૂક્યા, જેમનાં ભમતા, શિક્ષણ અને વિદ્વત્તા ત્રણેએ પોતાના જીવનને ઘડયું અને પોષ્યું હોવાનો ઋણ-સ્વીકાર તેઓ કરે છે. બી. એ.માં તત્ત્વજ્ઞાન ને તર્ક લીધેલાં તે સ્વ. નરસિંહરાવની ઇચ્છાને વશ થઈ બદલી ગુજરાતી અને સંસ્કૃત લઈ તે એમ. એ. થયા. આજે મુંબઈ સિડનહામ કૉલેજમાં તે ગુજરાતીના અધ્યાપક છે.

ઈ. સ. ૧૯૩૯માં ખાર (મુંબાઈ)માં શ્રી સરલાબહેન જોડે એમનું લગ્ન થયું. એમનાં પુસ્તકો : "સફર અને બીજાં કાવ્યો" ('સફરનું સખ્ય' પુસ્તકમાં સહકૃતિ), "મેળો" (બાળગીતો), "ગુજરાતીનું અધ્યયન" (પ્રો. વકીલ સાથે સહકૃતિ).

મૂળજી દુર્લભજી વેદ

મૂળ ટંકારા (મોરબી) ના વતની ભાટિયા કુટુંબમાં એમનો જન્મ રાવબહાદુર દુર્લભજી ધરમસી વેદને ત્યાં ઈ. સ. ૧૯૩૭ના શ્રાવણ સુદ ૧૧, તા. ૧૬ મી ઑગસ્ટ ૧૮૮૦માં રાજકોટમાં થયો હતો. એમનાં માતાનું નામ રળિયાતબાઈ.

પ્રાથમિક શિક્ષણ મોરબીમાં, માધ્યમિક પાલણપુરમાં અને ઉચ્ચ શિક્ષણ એમણે મુંબઈ તેમ જ અમદાવાદમાં લીધું. સાહિત્ય તરફનું વલણ પહેલેથી હતું, એમાંયે ધર્મ તથા ધાર્મિક સાહિત્ય તરફ વિશેષ રુચિ હતી. જીવન પર અસર પણ ગીતા અને ભાગવત જેવા ગ્રંથોએ અને રામકૃષ્ણ પરમહંસ, કેશવચન્દ્ર સેન તથા વિવેકાનંદના વાચને કરી હતી. ઉપરાંત ગોવર્ધનરામ, રાનડે, બંગાળી કવિ સુરેન્દ્ર ભટ્ટાચાર્ય, શેક્સપીઅર, એમર્સન અને ગાંધીજીના વિચારોએ એમનું માનસ ઘડતર કર્યું છે. એમનો વ્યવસાય લેખનનો અને વ્યાખ્યાનો-પ્રવચનોનો રહ્યો છે.

એમનું પ્રથમ લગ્ન ગોંડલમાં મેનાબાઈ સાથે સં. ૧૯૫૨માં થયું, તેના એક પુત્ર હયાત છે. બીજું લગ્ન પણ ગોંડલમાં સં. ૧૯૬૭માં થયું તેના છ પુત્ર અને પાંચ પુત્રીઓ છે.

એમની પ્રથમ કૃતિ 'સ્વરૂપવિવેક' (વેદાંત) ઈ. સ. ૧૯૦૨ માં બહાર પડી. એમની કૃતિઓની સાલવાર યાદી નીચે આપીએ છીએ. એ ઉપરાંત બીજી ૩૧ કૃતિ હજી અપ્રકટ છે.

સ્વરૂપવિવેક (વેદાંત) ૧૯૦૨, First Fruits (કાવ્યો) ૧૯૦૩, જાગૃતિમાળા (સેવાગીત) ૧૯૦૬, નિજકુંજ (કાવ્યો) ૧૯૦૬, સન્નારીઓને બે બોલ ૧૯૧૦, બેનોને અક્ષરપસલી ૧૯૧૧, કુંજલીલા (કાવ્યો) ૧૯૧૨, સેવાસંગીત (ગીતો) ૧૯૧૩, લીલાવિસ્તાર (કાવ્ય) ૧૯૧૬, સ્ત્રીઓને સંદેશ ૧૯૧૭, નવાં લોકગીત ૧૯૨૮, સ્ત્રીશક્તિ (નાટક) ૧૯૨૦, આત્માના અધિકાર ભોગવતું સ્ત્રીતત્વ (પૉલ રિશાર ઉપરથી) ૧૯૨૫, અજવિલાપ (સોરઠામાં ભાષાંતર) ૧૯૨૫, શ્રી કૃષ્ણજન્મદર્શન ૧૯૨૫, યુગલગીત (સોરઠામાં ભાષાંતર), વેણુગીત (સોરઠામાં ભાષાંતર) (બંને ભાગવતમાંથી), પાંચ ભક્તોનાં હૃદયકીર્તન (ગીતો), સરસ્વતીચંદ્રનાં સમણાં-મહર્ષિ ગો. મા. ત્રિ. નો અક્ષર દેહ (કાવ્ય) ૧૯૩૦, અક્ષર નવનીત, ઈશોપનિષદ (સોરઠામાં ભાષાંતર).

મૂળશંકર હરિનંદ મૂળાણી

ગુજરાતની સર્વસામાન્ય જનતાને રસ અને સંસ્કાર આપનારાં ૪૦થી ૫૦ની વિપુલ સંખ્યામાં અને ઊંચા સાહિત્યગુણ ધરાવતાં લોકપ્રિય દૃશ્ય નાટકો આપનાર અને ગુજરાતની રંગભૂમિનું સાચું સંસ્કરણ કરનાર આ નિરાડમ્બરી અને અબોલ નાટકકાર સાહિત્યજગતમાં બહુ જાણીતા નથી, એનું મુખ્ય કારણ એ છે કે એમનો એક 'દેવકન્યા' સિવાય એક પણ નાટક છપાએલું નથી. કાઠિયાવાડમાં ચાવંડ મુકામે પ્રશ્નોરા નાગર (અહિચ્છત્ર) જ્ઞાતિમાં વિ. સં. ૧૯૨૪ ના કાર્તિક સુદ પાંચમને દિવસે મૂળ અમરેલીના વતની હરિનંદ દયારામ મૂળાણીને ત્યાં એમનો જન્મ થયો. એમનાં માતાનું માનકુંવર નથ્થુ મહેતા.

અમરેલીમાં જ અંગ્રેજી ચોથા ધોરણ સુધી અભ્યાસ કર્યો બાદ એમણે આપમેળે વાચન વગેરેથી જ શેક્સપીઅર, શેરીડન તેમજ બીજા એવા સમર્થ અંગ્રેજ લેખકોનાં નાટકો તથા નવલો સરળતાથી વાંચી સમજી શકાય તેટલું જ્ઞાન મેળવ્યું અને સાહિત્યનો પોતાનો શોખ પોષ્યો. સંસ્કૃતમાં પણ કાલિદાસ આદિનાં નાટકો સમજીને વાંચી શકાય તેટલું જ્ઞાન એ જ રીતે મેળવ્યું. સાહિત્ય ઉપરાંત પ્રાચીન તેમજ આધુનિક ફિલસૂફી તથા ધર્મનું સાહિત્ય, યોગાભ્યાસ અને આધુનિક વિજ્ઞાન એ એમના અભ્યાસના પ્રિય વિષયો. એમના જીવન પર પણ એ સમર્થ નાટકકારોના વિચારોની, પાતંજલ યોગદર્શન જેવાં પુસ્તકોની તેમજ નથુરામ શર્મા અને એની બેસંટ જેવાં ધર્મમીમાંસકોનાં લખાણોની પ્રબળ અસર પડી છે.

જીવનભર એમણે નાટકો લખવાનો જ વ્યવસાય કર્યો છે અને ગુજરાતની જાણીતી નાટક કંપનીઓને સંખ્યાબંધ લોકપ્રિય નાટકો આપ્યાં છે, જેવાં કે– 'મુંબઈ ગુજરાતી નાટક કંપની'માં રાજખીજ, કુન્દનબાળા, જયરાજ, બૅરિસ્ટર, અજબકુમારી, વીરમંડળ, વિક્રમચરિત્ર, સૌભાગ્યસુંદરી, જુગલ જુગારી, કામલતા, પ્રતાપ લક્ષ્મી, વસંતપ્રભા વગેરે; 'કાઠિયાવાડી નાટક મંડળી'માં કૃષ્ણચરિત્ર અને દેવકન્યા, 'રોયલ નાટક મંડળી'માં ભાગ્યોદય અને એક જ ભૂલ, તેમજ 'મુંબઈ સુબોધ ગુજરાતી નાટક મંડળી'માં રત્નાવલિ, વિક્રમ અને શનિ વગેરે.

કાઠિયાવાડમાં કુંડલા (સાવર) મુકામે સં. ૧૯૩૭ માં શ્રીમતી કૃષ્ણાબાઇ જોડે એમનું લગ્ન થયું. એમનાં ત્રણ બાળકોમાં સૌથી મોટાં દીકરી ધીરજ. વચલા પુત્ર હરિલાલ મૂળાણી કાનપુરના ટેક્નિકલ

ઈન્સ્ટીટ્યૂટમાં લેક્ચરર છે, અને નાના પુત્ર મણિલાલ પણ વિજ્ઞાન લઈને એમ. એસસી. થએલા છે.

ગુજરાતી રંગભૂમિનું સક્રિય ઉત્થાન લાવવામાં એમના જેટલો હિસ્સો હજુસુધી ભાગ્યે જ કોઈએ આપ્યો છે. ગુર્જર રંગભૂમિ પર કવિ મૂળશંકરનો ઉદય થયો ત્યારે ગુજરાતી નાટકોની સ્થિતિ વિચિત્ર હતી. ગુજરાતી ભાષણો, હિંદી ગાયનો અને દક્ષિણી પહેરવેશવાળાં સ્ત્રીપાત્રોથી નાટકો ભજવાતાં. ગુજરાતી નાટકોમાં શુદ્ધ ગુજરાતી ભાષા, આચારવિચાર બધું ગુજરાતી જીવનમાંથી ઉતારવાનો પ્રયત્ન કરી નાટ્યસાહિત્યની પ્રથમ દિશા બતાવવાનું કામ કવિ મૂળશંકરે કર્યું. એમની પ્રતિભાવાન કલમે લખાએલાં નાટકો, ઉર્દૂના પ્રખ્યાત લેખક મુન્શી આત્રા હસ્ર અને મરાઠી નાટકકાર ખાડિલકર અનેક વાર જોતા અને તેનું મનન વિવેચન કરતા. વાધજી આશારામ અને ડાહ્યાભાઈ ધોળશાજી એમના સમકાલિનો.

એમનું પ્રથમ નાટક 'રાજખીજ' ઈ. સ. ૧૮૮૮-૯૦ ની લગભગ લખાયું. ત્યારપછી 'કુંદબાળા', 'મૂળરાજ', 'જયરાજ' વગેરે આવ્યાં. ગુજરાતના લોકસમાજને ઘેલો કરનાર 'સૌભાગ્યસુંદરી' નાટકના અને તેમાં જાણીતા પાત્ર જયશંકર 'સુંદરી'ના સર્જક પણ એ જ. એ 'સૌભાગ્યસુંદરી' સાથેનાં 'અજબ કુમારી', 'વીરમંડળ' 'વિક્રમચરિત્ર', 'જુગલ જુગારી', 'કામલતા', 'નંદબત્રીસી', અને 'કૃષ્ણચરિત્ર' એ એમનાં મધ્યકાળનાં નાટકો. લોકરુચિને સાથે રાખવાના પ્રયત્નમાં એમાં માત્ર એમણે સરળ અને આકર્ષક વસ્તુયોજના એ બે જ તત્ત્વો સંભાળેલાં છે; જ્યારે સાહિત્યગુણોની દૃષ્ટિએ જોતાં વસ્તુવિકાસ, પાત્રવૈવિધ્ય, સ્વભાવવિકાસ, આદિ કલાની યોજના સાથે ઉચ્ચ આદર્શો અને વિચારો, રસિક તર્કવાદો, શુદ્ધ અને બળવાળી ભાષા તેમજ કાવ્યમય સાહિત્યનો ઉપયોગ એમાં ઉત્તરોત્તર ચડતો દેખાતો આવે છે. 'કૃષ્ણચરિત્ર' નાટક સુધીમાં એમનો મધ્યકાળ પસાર થઈ એમની કલા પૂર્ણ વિકાસ પામે છે. એ દરમ્યાન એમનું જીવન પણ ક્રમશઃ યોગાભ્યાસ અને તત્ત્વચિંતન તરફ વળતું જતું હોવાથી એમનાં પક્વકાળનાં નાટકો હૃદયભાવનાનાં ચિત્રો કરતાં વિચારસમૃદ્ધિથી વિશેષ ભરેલાં દેખાય છે. તેમાં 'દેવકન્યા', 'ચૈતન્યકુમાર', 'વસંતપ્રભા', 'પ્રતાપ લક્ષ્મી', 'સંગતનાં ફળ', 'ઊર્વશી', 'ભાગ્યોદય', 'એક જ ભૂલ', 'ચોરસ-સિકંદર', 'કોકિલા', 'ધર્મવીર', 'કલ્યાણરાય', 'રત્નાવલિ' અને 'વિક્રમ અને શનિ' (૧૯૨૫) ગણાવી શકાય. આ બધાં નાટકો ઉપરાંત અનેક નાટકોમાં થોડા ઘણા પ્રવેશો ને ગાયનો એમણે લખી આપ્યાં છે;

ધણુંમાં પ્રસંગવૈવિધ્ય યોજીને રસ ઉપજાવ્યો છે; ધણુંની વસ્તુસંકલના સુધારી આપી છે. 'સૂર્યકુમારી' અને 'છત્રસાલ' તેનાં ઉદાહરણ છે.

સદ્‌ગત સાક્ષરવર્ય ગોવર્ધનરામભાઈ અને રમણભાઈ જેવાઓએ એમનાં નાટકો જોઈને ઊંચા અભિપ્રાય આપેલા. સ્વ. રણજીતરામે એમનાં નાટકોમાંથી કેટલાક ભાગ પ્રસિદ્ધ કરવાની માગણી કરેલી, પણ દૈવયોગે રણજીતરામ અકાળ અવસાન પામ્યા.

એમનું એકમાત્ર પ્રકાશિત પુસ્તક 'દેવકન્યા' ઈ. સ. ૧૯૦૯ માં બહાર પડ્યું છે. બાકીનાં એમનાં રચેલાં નાટકો વિવિધ કંપનીઓએ ભજવેલાં, તેની યાદી નીચે મુજબ છે:

(૧) રાજખીજ, (૨) કુન્દબાળા, (૩) જયરાજ, (૪) મૂળરાજ સોલંકી, (૫) બેરીસ્ટર, (૬) અજબકુમારી, (૭) વીરમંડળ, (૮) વિક્રમચરિત્ર, (૯) સૌભાગ્યસુંદરી, (૧૦) જુગલ જુગારી, (૧૧) નંદબત્રીસી, (૧૨) શકુંતલા, (૧૩) કામલતા, (૧૪) શ્રી કૃષ્ણચરિત્ર, (૧૫) દેવકન્યા, (૧૬) ચૈતન્યકુમાર, (૧૭) વસંતપ્રભા, (૧૮) પ્રતાપ લક્ષ્મી, (૧૯) સંગતનાં ફળ, (૨૦) ભાગ્યોદય, (૨૧) એક જ ભૂલ, (૨૨) કોકિલા, (૨૩) પોરસ-સિકંદર, (૨૪) ધર્મવીર, (૨૫) કલ્યાણરાય, (૨૬) રત્નાવલિ, (૨૭) વિક્રમ અને શનિ, (૨૮) ઊર્વશી-પુરુરવા અથવા કનકમંજરી, (૨૯) સુદર્શન. આમાંનાં ૨૩, ૨૪, ૨૫, ૨૮ અને ૨૯ નંબરનાં નાટકો સંયોગવશાત્ ભજવાયાં નથી.

આ ઉપરાંત તેમણે બીજાં કેટલાંક નાટકો લખ્યાં છે અને લખવા માંડેલાં છતાં અધૂરાં રહ્યાં છે. તેમાંનાં થોડાંનાં નામ—ભોજપ્રતાપ, ચીન-જાપાન, સુધરેલી, શ્વેતવસના, ભોજરત્ન કાલિદાસ, ચિત્તોડની રાણી પદ્મિની, ગોરી ગુલામડી, ગનોરની રાણી, મધુ-માધવી, ઓખાહરણ, ચપલાની ચાતુરી, ઇત્યાદિ.

મોહનલાલ તુલસીદાસ મહેતા ('સોપાન')

શ્રી. મોહનલાલ મહેતાનો જન્મ તા. ૧૪-૧-૧૯૧૧ ને રોજ મોરબી તાબે ચકમપુર નામના ગામમાં થયો હતો. તેમનું મૂળ વતન મોરબી છે. તેમના પિતાનું નામ તુલસીદાસ અવિચલ મહેતા અને માતાનું નામ શિવકોર ડુંગરશી. જ્ઞાતે તે દશાશ્રીમાળી વણિક છે. સને ૧૯૩૯ માં તેમનું લગ્ન અમદાવાદમાં શ્રી. અમૃતલાલ શેઠનાં પુત્રી લાભુબહેન સાથે થયું છે. શ્રી. લાભુબહેન મહેતા એક સારાં લેખિકા છે.

તેમણે પ્રાથમિક ઉપરાંત માધ્યમિક કેળવણી માત્ર અંગ્રેજી એ ધોરણ સુધી લીધી છે, પરન્તુ શાળાની બહાર તેમણે પોતાનો અભ્યાસ વાચનદ્વારા સારી પેઠે વધાર્યો છે. આર્થિક કારણે અને અસહકારનીને ચળવળ લીધે તેમણે અગીઆર વર્ષની વયે જ શાળાનો અભ્યાસ છોડી દીધો હતો. એ પછી તેમણે જુદી જુદી વેપારી પેઢીઓમાં નોકરી કરી અને વેપાર પણ કરીને દુનિયાદારીનો અનુભવ સારી પેઠે કરી લીધો. ૧૯૩૦ થી ૧૯૩૪ સુધી સત્યાગ્રહમાં જોડાઇને ત્રણ વાર તો જેલજાત્રાઓ કરી. એ અરસામાં યુવકસંઘો અને વ્યાયામપ્રવૃત્તિમાં પણ તેમણે ભાગ લીધેલો. તેમના લેખનનો પ્રારંભ જેલનિવાસ દરમ્યાન જ થએલો.

'ભારતી સાહિત્યસંઘ'ની સ્થાપના કરીને તેમણે ઉચ્ચ કોટિના સાહિત્યનું પ્રકાશન શરુ કરેલું. તે સાથે 'ઊર્મિ' 'નવરચના' નામનાં માસિક પત્રો તે ચલાવતા. એ સંસ્થાથી છૂટા પડીને તેમણે 'જીવન સાહિત્ય-મંદિર' નામની સાહિત્યસંસ્થા મુંબઈમાં સ્થાપી છે અને તેની તરફથી 'પ્રતિમા' નામનું માસિક પત્ર શરુ કર્યું છે. તે ઉપરાંત 'પ્રવાસી' સાપ્તાહિકના તે તંત્રી છે. જનસ્વભાવનો અભ્યાસ એમનો પ્રિય વિષય છે, અને ગાંધીજીના જીવન તેમજ તેમનાં લખાણોની તેમના ઉપર વિશિષ્ટ અસર છે. તેમણે મુખ્યત્વે ટૂંકી વાર્તાઓ અને નવલકથાઓ લખી છે. તેમાં રાષ્ટ્રીયત્વ તથા જીવનસરણી સંબંધે છપાયેલી છાપ ગાંધીયુગની પ્રેરણારૂપ જણાય છે.

તેમનું પ્રથમ પુસ્તક ૧૯૩૫ માં 'અંતરની વાતો' એ નામથી પ્રસિદ્ધ થએલું. ત્યારપછીનાં તેમનાં પુસ્તકોની નામાવલિ નીચે મુજબ છે: 'સંજીવની' (૧૯૩૬), 'પ્રાયશ્ચિત્ત ભાગ ૧-૨' (૧૯૩૬-૩૭), 'અંતરની વ્યથા' (૧૯૩૭), 'ઝાંઝવાનાં જળ' (૧૯૩૭), 'લગ્ન-એક સમસ્યા' (૧૯૩૮), 'અખંડ જ્યોત' (૧૯૩૮), 'મંગલ મૂર્ત' (૧૯૩૮), 'જાગતા રહેજો ભાગ ૧-૨' (૧૯૩૯-૪૦), 'ત્રણ પગલાં' (૧૯૪૧), 'જાતીય રોગો' (૧૯૪૧), 'ફૂટેલાં સુવર્ણપાત્રો' (૧૯૪૨), 'વિદાય' (૧૯૪૪).

યુસુફ અબ્દુલગની માંડવિયા

એમનો જન્મ કાઠિયાવાડમાં એમના વતન મોરબી તાબે ટંકારા નામના ગામમાં મેમણ (મુસ્લિમ) કોમમાં ઇ. સ. ૧૯૧૦ માં થયો. એમના પિતાનું નામ અબ્દુલગની આદમભાઈ માંડવિયા અને માતાનું નામ આયશા

તૈયબ માળિયાવાળા. ઈ. સ. ૧૯૩૬ ની ૩૧ મી ડિસેમ્બરે એમનું પ્રથમ લગ્ન નૂરબાનુ ઈસ્માઇલ સાથે થયું; પરંતુ ૧૯૪૦ના મે માસમાં નૂરબાનુનું અવસાન થતાં એ વર્ષના નવેમ્બરમાં એમનું બીજું લગ્ન મોરબીના જાણીતા શહેરી શેઠ હાજી મૂસા આરબીની પુત્રી કૂરબાનુ સાથે થયું.

એમના પિતાનો ઉજ્જૈન (માળવા) ખાતે ઝવેરાતનો વેપાર હતો, એટલે ત્યાંની કૉમર્શિયલ સ્કૂલમાં એમણે ગુજરાતી અને હિન્દીનું શિક્ષણ લીધું. બુદ્ધિ તેજસ્વી હોવાથી અભ્યાસમાં પ્રથમ જ રહેતા અને પિતાની આર્થિક સ્થિતિ પણ સારી હોવાથી આગળ અભ્યાસની બધી શક્યતાઓ હતી; પરંતુ એ જ અરસામાં ખિલાફત અને અસહકારનું આંદોલન ઊપડતાં, અને પિતા તેમજ મોટા ભાઈ એ ચળવળમાં ઉત્સાહભર્યો ભાગ લેતા હતા, એટલે અંગ્રેજી ભણવું હરામ ગણી મદ્રેસાએ–ઈસ્લામિયામાં એમને દાખલ કરવામાં આવ્યા, જ્યાં એમણે ઉર્દૂ અને અરબીનું શિક્ષણ લીધું, પરંતુ એવામાં વતન પાછા ફરવાનું થતાં અભ્યાસ પડતો મૂકવો પડ્યો. પાછળથી ખાનગી અભ્યાસદ્વારા એમણે અંગ્રેજીનું જ્ઞાન મેળવ્યું જે હજી પણ ચાલુ છે.

વાચનનો શોખ નાનપણથી જ હતો; અમદાવાદના 'દીન' પત્રમાં જ્ઞાતિવિષયક ચર્ચાપત્રો લખવાના પ્રારંભથી મનોવૃત્તિ લેખન તરફ વળી અને પત્રકારત્વે એમને આકર્ષ્યાં. રાંદેરથી નીકળતા 'સાદિક' માસિકમાં એમનાં શરુનાં લખાણો છપાતાં. તે પછી તક મળતાં ૧૯૩૦માં રાણપુરથી નીકળતા 'મુસ્લિમ' અઠવાડિકના સહતંત્રી તરીકે, ૧૯૩૩ માં 'મેમણ' સાપ્તાહિક અને 'ચાંદ' માસિક જાતે કાઢીને, અને તે બંધ થતાં ૧૯૩૫માં રાજકોટના 'મેમણ બુલેટિન'ના સહતંત્રી તરીકે કામ કરતાં એમની કલમ કસાઈ અને છેલ્લી કામગીરીમાં એમનાં લખાણો લોકપ્રિય થયાં. ૧૯૩૭ના સપ્ટેમ્બરમાં એમણે રાજકોટથી 'ઇન્કિલાબ' સાપ્તાહિક પોતે શરુ કર્યું, અને ત્યારબાદ ૧૯૩૮માં બાંટવામાં કોહિનૂર પ્રિ. પ્રેસના મેનેજર તરીકે જોડાયા જે સ્થાને તેઓ હજી છે. પણ પત્રકારત્વ એમનો પ્રિય વિષય છે અને યુદ્ધની અગવડ જતાં પોતે ફરી એ શરુ કરવાની ઉમેદ ધરાવે છે.

એમના જીવન પર ઈસ્લામના પયગમ્બર મુહમ્મદ (સલ.) ની અને અલ્લામઃ મુહમ્મદ ઇકબાલ તથા મૌલાના મુહમ્મદઅલીનાં લેખન તથા ઉપદેશની પ્રબળ અસર પડી છે અને કુરઆન, મુહમ્મદ ઇકબાલનાં પુસ્તકો એમનાં પ્રેરક બળ છે. સ્વભાવે શરમાળ હોવાથી જાહેરમાં તે ભાગ્યે જ આવે છે. એમનાં પુસ્તકોની યાદી નીચે મુજબ છે :

નયનનાં નીર (નવલિકાઓ) ૧૯૩૩, અશ્રુકથાઓ ('બેગમાન કે આંસુ' પરથી) ૧૯૩૩, જ્વાળાઓ (નવલિકાઓ) ૧૯૩૭, હિન્દનું મુસ્લિમ રાજકારણ (ઉર્દૂ પરથી) ૧૯૪૦, મુસ્લિમ લીગનો ઇતિહાસ (સંપાદિત) ૧૯૪૧, પાકિસ્તાન (ઉર્દૂ ઉપરથી) ૧૯૪૧, ઇસ્લામ અને તલવાર, કાઈદે આઝમ મુહમ્મદઅલી જિન્નાહ, તન્દુરસ્તીનું શર્બતનામું.

રણછોડદાસ વૃંદાવનદાસ પટવારી

શ્રી. રણછોડદાસ વૃંદાવનદાસ પટવારીનો જન્મ સં. ૧૯૨૦ ના શ્રાવણ સુદ ૮ ના રોજ તેમના વતન ધંધુકામાં થએલો. તેમના પિતાનું નામ વૃંદાવનદાસ વલ્લભદાસ અને માતાનું નામ ગંગાબાઈ. જ્ઞાતે તે વીસા મોઢ વણિક છે.

તેમણે પ્રાથમિક કેળવણી ધંધુકામાં અને માધ્યમિક કેળવણી ભાવનગર તથા રાજકોટમાં લીધેલી. ઊંચી કેળવણી મુંબઈમાં લઈ ને સને ૧૮૮૯-૯૦ માં બી. એ., એલ. એલ. બી. ની ડિગ્રી મેળવેલી.

વકીલાતથી વ્યવસાયની શરુઆત કરીને સને ૧૯૦૧ થી ૧૯૨૬ સુધીમાં તેમણે પાલણપુર, ગોંડળ અને મોરબીમાં દીવાન તરીકે કામ કરેલું. ૧૯૨૭ થી ૧૯૩૮ સુધી દેશી રાજ્યો તરફથી મહત્ત્વના ગીરાસના કેસો ચલાવ્યા બાદ ૧૯૩૯ થી તે નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે.

ઇતિહાસ અને અર્થશાસ્ત્ર એમના અભ્યાસના પ્રિય વિષયો છે, પરન્તુ ધાર્મિક ગ્રંથોના વાચનમાં રસ હોવાથી લેખનકાર્યમાં તો તેમણે વિશેષાંશે ધાર્મિક ગ્રંથોને જ પસંદગી આપી છે. અખિલ હિંદ વલ્લભીય વૈષ્ણવ પરિષદના ઉપપ્રમુખ તરીકે તેમણે સને ૧૯૦૪ થી ૧૯૨૧ સુધી કામ કર્યું હતું.

તેમનું પ્રથમ પુસ્તક સને ૧૯૧૦ માં 'પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત ભાગ-૧' બહાર પડેલું, જેનો બીજો ભાગ ૧૯૨૦ માં અને ત્રીજો-ચોથો ભાગ ૧૯૨૩-૨૪ માં બહાર પડ્યો હતો. તેમનું 'સ્પર્શાસ્પર્શવિવેક' પુસ્તક ૧૯૩૪ માં બહાર પડ્યું હતું. તેમણે કેટલાક ધાર્મિક ગ્રંથો આર્થિક સહાય આપીને પ્રસિદ્ધ કરાવ્યા છે.

તેમનું લગ્ન ધંધુકામાં સંવત ૧૯૩૩ માં સમજુબાઈ સાથે થએલું. તેમને બે પુત્રો છે; મોટાની ઉંમર ૫૮ અને નાનાની ઉંમર ૪૪ છે.

રામનારાયણ નાગરદાસ પાઠક

શ્રી. રામનારાયણ નાગરદાસ પાઠકનો જન્મ સંવત ૧૯૬૧ ના મહા વદ ૪ ના રોજ ધોળકા તાલુકાના તેમના વતનના ગામ ભોળાદમાં થયો હતો. તેમના પિતાજીનું નામ નાગરદાસ છગનલાલ પાઠક અને માતાનું નામ સંતોકબાઈ. જ્ઞાતે તે પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ છે. ઈ. સ. ૧૯૩૬ માં તેમનું લગ્ન મુંબઈમાં સૌ. નર્મદાબાઈ સાથે થએલું. તેમને બે પુત્રીઓ છે.

ગામઠી શાળામાં સાત ગુજરાતી ધોરણ સુધી પ્રાથમિક કેળવણી લીધા બાદ તેમણે લાઠીની સંસ્કૃત પાઠશાળામાં સંસ્કૃતનો અભ્યાસ લઘુ કૌમુદી સુધી કરેલો. પછી વઢવાણની રાષ્ટ્રીય શાળામાં અંગ્રેજીને બદલે હિંદી ભાષા લઈ ને તે વિનીત થએલા.

શિક્ષણ અને લેખન એ એમના વ્યવસાયો છે. સંસ્કૃત કાવ્યસાહિત્ય અને લોકસાહિત્ય એમના પ્રિય અભ્યાસવિષયો છે. ગાંધીજી અને ચમનલાલ વૈષ્ણવની તેમના જીવન ઉપર પ્રબળ અસર છે. તેમની નવલકથાઓમાં અને નવલિકાઓ વગેરેમાં રાષ્ટ્રીય વિચારસરણીની મનોરમ સુવાસ પ્રસરેલી છે.

તેમનું પ્રથમ પુસ્તક ઈ. સ. ૧૯૨૫માં 'ભારતના ભડવીરો' લખાયલું અને ૧૯૨૮માં પ્રસિદ્ધ થએલું. ત્યારપછી તેમની જે સાહિત્યકૃતિઓ પ્રસિદ્ધ થઈ છે તેની નામાવલિ નીચે મુજબ છે:

'છેટાં રે'જો માબાપ' (૧૯૨૯), 'વેરનો વારો' (૧૯૨૯), 'પચાસ વર્ષ પછી' ૧૯૩૧), 'ચાર પ્રવાસો' (૧૯૩૪), 'કાળા પાણીને પેલે પાર' (૧૯૩૫), 'યુગાવતાર ગાંધી ભાગ ૧-૨-૩' (૧૯૩૬), 'આવતી કાલ' (૧૯૩૭), 'જગતનો તાત' (૧૯૩૮), 'રાજકોટનો સત્યાગ્રહ' (૧૯૩૯), 'પ્રવાસ પત્રો' (૧૯૩૯), 'માનવતાનાં મૂલ' (૧૯૪૧), 'ખાંડાની ધાર' (૧૯૪૧).

લક્ષ્મીનારાયણ રણછોડલાલ વ્યાસ ('સ્વપ્નસ્થ')

રાજકોટમાં ઈ. સ. ૧૯૧૩ ના નવેમ્બરની ૧૩ મી તારીખે (કાર્તિક પૂર્ણિમાએ) એમનો જન્મ થયો. તેઓ મૂળ જામનગરના પ્રશ્નોરા બ્રાહ્મણ અને એમના પિતાનું નામ રણછોડલાલ કેશવલાલ વ્યાસ. માતાનું નામ સ્વ. સૌ. રુકિમણી પાર્વતીપ્રસાદ વૈદ્ય. જામનગરના જાણીતા સંગીતવેત્તા આદિત્યરામજી એમના પ્રપિતામહ થાય.

એમનો ઉછેર અને પ્રાથમિક શિક્ષણ મોસાળમાં-રાજકોટમાં જ થયાં. ત્યાં નાના, નાની, બંને મામા, બધાં કવિતા રચતાં અને ઘરમાં કાવ્યોનાં

અંગ્રેજી પુસ્તકો હતાં; જામનગરમાં પિતાએ પણ અદ્યતન ગુજરાતી પુસ્તકો વસાવેલાં એટલે સાહિત્યસંસ્કાર બાળપણથી જ પડ્યા હતા. એ વાચનમાં બાયરન અને ગોર્કીએ ખૂબ અસર કરી. સાહિત્ય પ્રત્યે અનુરાગ હોવા છતાં ભૂગોળ અને વિજ્ઞાન એ એમના અભ્યાસના પ્રિય વિષયો છે.

ઈ. સ. ૧૯૩૬ માં સ્વ. કવિ કાન્તનાં પુત્રી ડોલર જોડે એમનું લગ્ન થયું. આજે તેઓ મુંબાઈના ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસમાં કામ કરે છે. એમનાં પુસ્તકોઃ

" અચલા " (લાંબું પ્રણયકાવ્ય) ૧૯૩૭, "વિનાશના અંશો, માયા" (બે લાંબાં કથાકાવ્યો) ૧૯૩૮, "શોધ" ('મોહન શુકલ' ને નામે લખેલી લાંબી વાર્તા) ૧૯૩૯, "અજંપાની માધુરી" (કાવ્યસંચય) ૧૯૪૧.

શંકરલાલ ગંગાશંકર શાસ્ત્રી

શ્રી. શંકરલાલ ગંગાશંકર શાસ્ત્રીનો જન્મ તા. ૨–૫–૧૯૦૨ ના રોજ ચુણેલ (તા. નડીયાદ)માં થએલો. તે ન્યાતે સાઠોદરા નાગર છે. તેમના વતનનું ગામ મલાતજ છે. તેમના પિતાનું નામ ગંગાશંકર વ્રજલાલ શાસ્ત્રી અને માતુશ્રીનું નામ રુક્ષ્મણીબા. શ્રી. શંકરલાલનું લગ્ન ઈ. સ. ૧૯૨૪ માં શ્રી. શારદાગૌરી ભાઈલાલ પંડ્યા સાથે કાસોરમાં થએલું.

શ્રી. શંકરલાલે પ્રાથમિક કેળવણી મલાતજમાં લઈને વર્ના. ફાયનલની પરીક્ષા ઊંચા નંબરે પાસ કરી ઇનામ મેળવેલું. ઈ. સ. ૧૯૧૯ માં તે સોજીત્રા હાઇસ્કૂલમાંથી મેટ્રિક થએલા. ત્યારપછી બી. એ. સુધીનો અભ્યાસ તેમણે ગુજરાત કૉલેજમાં કરેલો. બી. એ. નાં બે વર્ષમાં તેમણે સરકારી મેરિટ સ્કોલરશીપ મેળવેલી અને બી. એ. ની પરીક્ષામાં પહેલો વર્ગ મેળવ્યો હતો. ૧૯૨૫ માં તે સંસ્કૃત અને ગુજરાતી લઇને એમ. એ. થયા હતા, અને ૧૯૨૯ માં એલ. એલ. બી. થયા હતા.

ઈ. સ. ૧૯૩૨ ની સાલથી તે જુનાગઢની કૉલેજમાં અધ્યાપક છે. ઇતિહાસ અને પુરાતત્ત્વ એ તેમના રસ તથા અભ્યાસના વિષયો છે. સ્વામી વિવેકાનંદ તથા રામતીર્થનાં પુસ્તકો, દી. બા. કેશવલાલ ધ્રુવ, પ્રો. કે. વી. અભ્યંકર, અને પ્રો. ફિરોજ દાવર વગેરેનો સંપર્ક એ તેમના જીવન ઉપર ખાસ અસર કરનારા ગ્રંથો તથા વ્યક્તિઓ છે.

પ્રોપ્રાયટરી હાઇસ્કૂલમાં ચારેક વર્ષ તેમણે શિક્ષક તરીકે કાર્ય કર્યું હતું અને પછી થોડો વખત અમદાવાદમાં વકીલનો વ્યવસાય કરેલો.

જુનાગઢની કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા પછી ૧૯૩૯-૪૦ માં તેમણે જુનાગઢના યુવરાજના શિક્ષક તરીકે કામ કર્યું હતું. ૧૯૩૪ માં તેમણે સ્વ. વ્રજલાલ શાસ્ત્રીનું 'રસગંગા' સંપાદિત કરી પ્રસિદ્ધ કરેલું તે તેમનું પહેલું પ્રકાશન હતું. તેમનાં બીજાં પુસ્તકો મુખ્યત્વે કરીને વિવેચનોનાં તથા સાક્ષરોના સમભાવી જીવનચરિત્રોનાં છે. તેમનાં પુસ્તકોની નામાવલિ નીચે મુજબ છે:

(૧) રસગંગા (વ્રજલાલ શાસ્ત્રીકૃત)	ઇ. સ.	૧૯૩૪
(૨) સાહિત્યને ઓવારેથી	,,	૧૯૩૮
(૩) સાહિત્યદ્રષ્ટાને	,,	૧૯૪૧
(૪) પાનદાની (નવલિકાઓ)	,,	૧૯૪૧

'સાહિત્યને ઓવારેથી' એ પુસ્તક ૧૯૩૯-૪૦ ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને કૉમર્સ માટે પાઠ્ય પુસ્તક તરીકે મંજુર થયું હતું.

સાકરચંદ માણેકચંદ ધડિયાળી

શ્રી. સાકરચંદ માણેકચંદ ધડિયાળીનો જન્મ સુરતમાં તા. ૧૭-૧૧-૧૮૭૭ ના રોજ થયો હતો. તેમનાં માતાનું નામ ઇચ્છાબહેન હતું. અમદાવાદની વીસાશ્રીમાળી જૈન જ્ઞાતિમાં તે હતા. શ્રી. સાકરચંદના પિતામહ મોતીચંદ જયચંદ આશરે ૧૫૦ વર્ષ પૂર્વે અમદાવાદથી સુરતમાં આવી વસ્યા હતા. શ્રી. માણેકચંદ પહેલાં ઝવેરાતનું કામકાજ કરતા અને પાછળથી ધડિયાળોનો વેપાર શરુ કર્યો ત્યારથી તેમની અટક ધડિયાળી તરીકે રૂઢ પાઇ હતી.

શ્રી. સાકરચંદ ધડિયાળીએ પ્રાથમિક અને માધ્યમિક કેળવણી સુરતમાં લીધી હતી. ચૌદ વર્ષની વયે મેટ્રિકની પરીક્ષા પસાર કરીને તે મુંબઇમાં વિલ્સન કૉલેજમાં અભ્યાસ માટે દાખલ થયા હતા. બી. એ. ની પરીક્ષામાં બે વખત નાપાસ થવાથી અભ્યાસ છોડી દઇને તે દૈનિક "અખબારે સોદાગર"ના તંત્રીખાતામાં જોડાયા હતા.

જૈન શ્વે. કૉન્ફરન્સને જન્મ આપવાના યત્નોમાં જેઓએ મુખ્ય ભાગ લીધો હતો તેમાંના એક શ્રી. ધડિયાળી પણ હતા. કેટલાંક જૈન મંડળોના તે સભ્ય હતા અને કેટલાકના મંત્રી તરીકે પણ તેમણે કામ કર્યું હતું. "અખબારે સોદાગર" ઉપરાંત "મુંબઇ સમાચાર"માં, "હિંદુસ્તાન"માં અને "સાંજ વર્તમાન"માં પણ તેમણે કેટલોક વખત તાલીમ લીધી હતી. છેલ્લાં કેટલાંક વર્ષોથી 'મુંબઇ સમાચાર' પત્રમાં તે 'જૈન ચર્ચા'ના કોલમનું સંપાદન કરે છે.

તેમણે લખેલાં પુસ્તકોમાંનાં મુખ્ય નીચે મુજબ છેઃ

(૧) દુનિયાનો સૌથી પ્રાચીન ધર્મ (૧૯૦૨), (૨) મોતની ખીણ (૧૯૦૩), (૩) પારસમણિ–Will-Power (૧૯૨૦), (૪) વિજયકળા–Art of Success (૧૯૨૩), (૫) હિપ્નોટિઝમ અથવા જીવતું વશીકરણ (૧૯૨૫). છેલ્લું પુસ્તક માનસવિદ્યાઓના તેમના વિશાળ અભ્યાસના ફળરૂપ છે.

તેમનું પહેલું લગ્ન સં. ૧૯૬૨માં ચુનીલાલ છગનચંદ ઝોફનાં પુત્રી રતનબાઇ સાથે થએલું અને તેમનું અવસાન થતાં બીજું લગ્ન સં. ૧૯૬૭ માં શેઠ ડાહ્યાભાઈ કરમચંદનાં પુત્રી ગુલાબબાઇ સાથે થયું હતું. સં. ૧૯૯૫ માં બીજાં પત્ની પણ અવસાન પામ્યાં છે.

સાકરલાલ મગનલાલ કાપડિયા

શ્રી. સાકરલાલ મગનલાલ કાપડિયા (મધુકર) મૂળે પારડી (જી. સુરત) ના મોઢ વાણુક છે. તેમનાં માતાનું નામ હીરાબાઇ. તેમનો જન્મ સં. ૧૯૫૩માં થએલો. ઇ. સ. ૧૯૨૪માં તેમનું લગ્ન થએલું. પત્નીનું નામ વીરમતી. પારડીમાં પ્રાથમિક કેળવણી લીધા પછી અંગ્રેજી કેળવણી શાળામાં ભણીને તેમણે માત્ર ૩ ધોરણ સુધી જ લીધેલી; પરન્તુ ખંત અને ખાનગી અભ્યાસને જોરે તેમણે પોતાનું અંગ્રેજી જ્ઞાન એટલું વધાર્યું છે કે તાજેતરમાં તેમણે અમેરિકાના પ્રૌઢશિક્ષણપ્રચારના નિષ્ણાત મી. ડેલ કારનેગીના ગ્રંથ How to win friends and influence people એ નામના અંગ્રેજી ગ્રંથનો અનુવાદ કર્યો છે જે મેસર્સ ડી. બી. તારાપારવાળાએ પ્રસિદ્ધ કર્યો છે. એ ઉપરાંત બીજાં ઘણાં પુસ્તકો તેમણે અંગ્રેજી ભાષાના ગ્રંથોનો આધાર લઇને લખ્યાં છે.

તેમનો મુખ્ય વ્યવસાય પત્રકારિત્વ છે. છેલ્લાં ૨૦ વર્ષથી તે 'જામે જમશેદ'ના તંત્રીખાતામાં કામ કરે છે. તેમના જીવન પર વિશિષ્ટ અસર મીસીસ એસંટ અને ગાંધીજીની થઇ છે પરન્તુ તે આછી છે, ઘેરી નથી, એમ તેમનું કહેવું છે. અત્યારનું પોતાનું જીવન જડ યંત્રવત્ છે એવું તે માની–અનુભવી રહ્યા છે.

તેમનું પહેલું પુસ્તક "કમનસીબ લીલા" ઇ. સ. ૧૯૧૭માં બહાર પડેલું. ત્યારપછીનાં તેમનાં બીજાં પુસ્તકોમાં "બ્રોહીનો વેપાર" અને "ધીખતો જ્વાળામુખી" એ બે નવલકથાનાં પુસ્તકો મૌલિક છે અને બાકીનાં નવલકથાનાં પુસ્તકો અનુવાદ કે અનુકરણરૂપ છે. પુસ્તકોની નામાવલિ નીચે મુજબ:

(૧) કમનસીબ લીલા–ભાગ બે. (૨) કલંકિત કાઉન્ટેસ. (૩) સૌંદર્ય વિજય–પાંચ ભાગ. (૪) મધુર મિલન. (૫) આનંદ ઝરણાં (૬) ખુલખુલ. (૭) પ્રેમ–સમાધિ. (૮) ગોરા–બે ભાગ. (૯) લંડન રાજ્યરહસ્ય–૧૨ ભાગ. (૧૦) જીંદગી જીતવાની જડીબુટ્ટી (How to win friends and influence people). (૧૧) સ્વરાજ્યને પંથે. (૧૨) લોહીનો વેપાર. (૧૩) ધીખતો જ્વાળામુખી. (૧૪) અંધકાર પર પ્રકાશ. (૧૫) રાતની રાણી. (૧૬) બેગમ કે બલા ? (૧૭) રસમંદિર. (૧૮) કુસુમકુમારી. (૧૯) પેસે પાર (નાટક). (૨૦) ગુન્હેગાર (નાટક). (૨૧) આ તારા બાપનો દેશ.

સારાભાઈ મણિલાલ નવાબ

ગુજરાતની જૈનાશ્રિત ચિત્રકલા તથા સ્થાપત્યોના ખાસ અભ્યાસી અને તે વિષયનાં બહુમૂલ્ય પુસ્તકોના આ તરુણ સંપાદકનો જન્મ અમદાવાદ પાસેના ગોધાવી ગામમાં તેમના મોસાળમાં સં. ૧૯૬૩ના આષાઢ વદી ૫–તા. ૨૯ મી જુલાઈ ૧૯૦૭ ના રોજ થયો હતો. તેઓ અમદાવાદના વીશા શ્રીમાળી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વણિક છે. પિતા મણિલાલ ચુનીલાલ નવાબ અમદાવાદમાં વેપાર કરતા. માતા સમરથબેન તેમને ચાર વર્ષની બાળવયના મૂકીને ગુજરી ગયાં, છતાં તેઓ માને છે કે ચિત્રકળાના પ્રેમના સંસ્કાર એમનામાં માતા તરફના છે.

અમદાવાદમાં જ શેઠ બી. પી. જૈન ડી. વી. સ્કૂલમાં પ્રાથમિક તથા સામાન્ય માધ્યમિક કેળવણી લઇ તેઓ વેપારમાં જોડાયા, પણ સાંસ્કારિક વલણ જુદું–જૈનોના ધાર્મિક તેમજ ઐતિહાસિક સાહિત્યના વાચનનું અને તેની પુરાતન હસ્તપ્રતોમાંની કલા પ્રત્યેનું હતું. એવામાં ઇ. સ. ૧૯૩૧માં અમદાવાદમાં દેશવિરતિ ધર્મારાધક સમાજ તરફથી જૈન હસ્તપ્રતોનું એક મોટું પ્રદર્શન યોજવામાં આવ્યું તેના મુખ્ય કાર્યકર્તાઓમાંના એક તરીકે તે કલાકાર શ્રી. રવિશંકર રાવળના સમાગમમાં આવ્યા. શ્રી. રાવળે તેમની કલાદૃષ્ટિ અને એ વિષયની દાઝ પરખી અને સારાભાઈને એમનામાં પ્રેરણાસ્થાન સાંપડ્યું. તરત જ એમનું બધું ધ્યાન વેપારમાંથી ગુજરાતની કલાના અભ્યાસ અને સંપાદન પાછળ વળ્યું અને નિશ્ચયાત્મક ખંત તથા અખૂટ ધીરજથી મથીને તેમણે ઇ. સ. ૧૯૩૬માં "જૈન ચિત્રકલ્પદ્રુમ" નામનું પોતાનું પ્રથમ પુસ્તક રૂ. દસ હજારનો ગંજાવર ખર્ચ (જે એમણે એક પણ પાઈની મૂડી વિના માત્ર વ્યાપારી કુનેહ અને ત્રેવડ કરીને

મેળવ્યો) કરી બહાર પાડ્યું; અને ગુજરાતી પ્રકાશનોના ઇતિહાસમાં સાધનસામગ્રી અને પ્રકાશ બંનેની દૃષ્ટિએ સમૃદ્ધ એવું એ એમનું પ્રથમ જ પુસ્તક એમને કીર્તિદા બન્યું.

આ સફળતાથી પ્રેરાઈને એમણે એ જ વિષયના અભ્યાસ તથા સાહિત્યલેખન અને પ્રકાશનને પોતાનો વ્યવસાય બનાવી દીધો. જૈનાશ્રિત સ્થાપત્ય તથા કલા ઉપરાંત મંત્રશાસ્ત્રના પણ તે સારા અભ્યાસી છે; અને 'શ્રી ભૈરવ પદ્માવતી કલ્પ', 'શ્રી ઘંટાકર્ણ–માણિભદ્ર–મંત્રતંત્ર–કલ્પાદિ સંગ્રહ' આદિ જેવાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. ચિત્રકલ્પદ્રુમ જેવું જ સમૃદ્ધ એમનું બીજું પ્રકાશન, જૈનોનું કલ્પસૂત્ર (બારસાસૂત્ર) સંપાદિત કરીને સુંદર સુશોભનો તથા ચિત્રો સાથે 'ચિત્રકલ્પસૂત્ર' નામથી ઈ. સ. ૧૯૪૧ માં બહાર પાડ્યું.

સંવત ૧૯૮૨માં અમદાવાદમાં એમનું લગ્ન થએલું. એમનાં પત્નીનું નામ લીલાવતીબેન નવાબ છે. એમને એક પુત્ર અને બે પુત્રી હયાત છે. હાલ તેઓ આણંદજી કલ્યાણજીની વિખ્યાત જૈન પેઢી તરફથી ચાલતા "જૈન ડિરેકટરી"ના વિભાગનું સંચાલન કરે છે. ઉપર જણાવેલાં જૈન કલા ઉપરાંત પોતાની સંપાદિત કરેલી "જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રંથાવલિ"માં બધાં મળીને એમણે ૨૦ પુસ્તકો આજસુધીમાં પ્રકટ કર્યાં છે.

સંપાદિત પુસ્તકોઃ—જૈન ચિત્રકલ્પદ્રુમ (ઇ. સ. ૧૯૩૬), મહાપ્રાભાવિક નવસ્મરણ (ઇ. સ. ૧૯૩૮), શ્રી ઘંટાકર્ણ–માણિભદ્ર–મંત્રતંત્ર–કલ્પાદિ સંગ્રહ, ૧૧૫૧ સ્તવનમંજૂષા, શ્રી જૈન સજ્ઝાય સંગ્રહ, શ્રી જિનદર્શન ચોવીશી, શ્રી જૈન નિત્યપાઠ સંગ્રહ (ઈ. સ. ૧૯૪૧), અનુભવસિદ્ધ મંત્રબત્રીશી, આકાશ-ગામિની પાદલેપ વિધિકલ્પ, મણિકલ્પ યાને રત્નપરીક્ષા, ચિત્રકલ્પસૂત્ર (ઇ. સ. ૧૯૪૧), ભારતનાં જૈન તીર્થો અને તેનાં શિલ્પસ્થાપત્ય (ઈ. સ. ૧૯૪૨).

પ્રકાશિત પુસ્તકોઃ—જૈન સ્તોત્રસંગ્રહ ભાગ ૧ (ઇ. સ. ૧૯૩૨), જૈન સ્તોત્રસંદોહ ભાગ ૨ ઉર્ફે મંત્રાધિરાજ ચિંતામણિ, અનેકાર્થ સાહિત્ય-સંગ્રહ ભાગ ૧, શ્રી ભૈરવ પદ્માવતી કલ્પ, મહાચમત્કારિક વિશાયંત્રકલ્પ ઔર હેમકલ્પ, કામવિજેતા સ્થૂલિભદ્ર (ઇ. સ. ૧૯૪૦), મહર્ષિ મેતારજ (ઈ. સ. ૧૯૪૧), ઉપસર્ગહર યંત્ર વિધિ સહિત.

હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદી

'કાઠિયાવાડની જૂની વાતોઓ' ના બે ભાગ દ્વારા એ પ્રાંતનું લોક-સાહિત્ય સૌ પહેલું–શ્રી. મેઘાણીની પણ અગાઉ–ગ્રંથસ્થ કરીને બહાર મૂકનાર તરીકે જાણીતા થએલા અને 'ભરત કવિ' ત્રિભુવન પ્રેમશંકરના

આ નાના ભાઈ પોતે પણ એક સારા કવિ છે એ બહુ ઓછા જાણતા હશે. કાઠિયાવાડમાં મહુવા મુકામે શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિમાં સંવત ૧૯૨૮ ના આષાઢ સુદ ૨ ને રવિવાર તા. ૭ મી જુલાઈ ૧૮૭૨ ના રોજ એમનો જન્મ થયો હતો. ત્રણ ભાઇઓમાં સૌથી નાના એમને બે વર્ષની વયના મૂકીને પિતા પ્રેમશંકર ભાણજી ત્રિવેદી ગુજરી ગયા પછી તેઓ માતા અમૃતબાના હાથ નીચે જ જીવનસંસ્કાર પામ્યા; અને જૂના કવિઓની કૃતિઓ, રાસા તથા રાસનાં ભંડારરૂપ માતાનાં ગાન-અમૃતના સિંચને જ એમના વડિલ બંધુમાં તથા એમનામાં કાવ્યાભિરુચિ પ્રકટાવી. મોટપણે વડિલ બંધુની બાજુક જ મહુવા કાશીવિશ્વનાથના સાહિત્યવિલાસી મહંત રામવનજી ધર્મવનજીના સંસર્ગે એ રુચિને પોષી અને દૃઢ કરી. તે ઉપરાંત મણિલાલ નભુભાઈ, કવિ 'બાલ', કવિ 'કાન્ત', હરિલાલ ધ્રુવ, 'કલાપી', 'જટિલ', બલવંતરાય ઠાકોર અને રણજીતરામ વાવાભાઈ તથા 'વીસમી સદી' વાળા સ્વ. હાજી મહમદ અલારખિયા શિવજીના પરિચયે ઉત્તરોત્તર એમને પ્રેરણા ને પ્રોત્સાહન આપ્યાં. પુસ્તકોમાં કવિ ગેટેનું 'સોરોઝ ઑફ વર્ટર' 'ઉમર ખય્યામની રુબાઈયાતો' અને 'પ્રવીણસાગરે' એમના જીવન પર પ્રબળ અસર મૂકી છે.

મહુવામાં જ પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ કરી એ અંગ્રેજી સાતમા ધોરણ સુધી પહોંચ્યા, પણ તબિયત લથડવાને કારણે અભ્યાસ ત્યાંથી જ પડતો મૂકવો પડ્યો અને ત્યારથી ભાવનગરના કેળવણી ખાતામાં શિક્ષક તરીકે આખી કારકિર્દી ગાળી હાલ ૨૧ વર્ષથી પેન્શન ઉપર છે.

એમનું લગ્ન ભાવનગર સંસ્થાનના જસપરા ગામે સં. ૧૯૩૮ માં ગોદાવરીબેન ધનેશ્વર ઓઝા સાથે થએલું. એમના ચાર પુત્રો અને એક પુત્રી એમ પાંચ સંતાનો આજે હયાત છે.

વિદ્યાર્થી અવસ્થામાંથી જ એ કાવ્યો લખતા. ૧૯૦૨ માં ઉમર ખય્યામની રુબાઈયાતોનું તથા ગેટેના 'સોરોઝ ઑફ વર્ટર' નું ભાષાંતર કર્યું, અને ૧૯૦૭ માં 'શિવાજી અને ઝયબુન્નિસા' નામનું પુસ્તક રચીને કવિ 'કાન્ત' ના ઉપોદ્‌ઘાત સાથે બહાર પાડ્યું. એ એમનું પ્રથમ પ્રકાશન.

સ્વ. રણજીતરામ ઈ. સ. ૧૯૦૯-૧૦ ના અરસામાં સર પ્રભાશંકર પટ્ટણીના સેક્રેટરી થઈ ને ભાવનગર ગયા, ત્યાં એમના પરિચયમાં તેઓ આવ્યા. એમની કાવ્યપ્રવૃત્તિથી રણજીતરામ પ્રસન્ન થયા; પરંતુ કાઠિયાવાડના બ્રોકસાહિત્યનો પણ એમને ખૂબ પરિચય છે અને સારા પ્રમાણમાં એમણે તે એકઠું કર્યું છે એ જાણીને તો બ્રોકસાહિત્યનાં આદ્ય પુરસ્કર્તા રણજીતરામના

આનંદનો પાર ન રહ્યો. એ સંગ્રહ પોતાની સાથે મુંબઇ લઈ જઈ એમણે ફાર્બસ સાહિત્યસભા પાસે રૂા. ૫૦૦ નું પારિતોષિક તે માટે અપાવ્યું. તેમાંની કેટલીક વાર્તાઓ હાજી મહમદ શિવજીના 'વીસમી સદી'માં પ્રકટ કરાવી અને કેટલીક તો એમના મિત્ર શ્રી. જયસુખલાલ મહેતાએ 'ઈસ્ટ એન્ડ વેસ્ટ' માસિકમાં અંગ્રેજીમાં અનુવાદિત કરીને પણ પ્રગટ કરી. ઈ. સ. ૧૯૨૨ માં એમની 'કાઠિયાવાડની લોકવાર્તાઓ' નો પહેલો ભાગ શ્રી. બળવંતરાય ઠાકોરના ઉપોદ્‌ઘાત સાથે બહાર પડ્યો અને તે પરથી ફાર્બસ સભાએ એમને એના બીજા ભાગ માટે પણ રૂા. ૨૦૦નું પારિતોષિક આપ્યું.

પણ આ ગાળામાં જ એમને પ્રોત્સાહન આપનારાઓ – એમના વડિલ બંધુ કવિ ત્રિભુવન, કવિ કાન્ત, રણજીતરામ અને હાજી મહમ્મદ ઉપરાઉપરી વિદેહ થયા, અને એમનું દિલ ભાંગી ગયું. આજે શ્રી. બલવંતરાય ઠાકોર જ એમને વારંવાર પ્રોત્સાહન આપી લેખનમાં પ્રવૃત્ત રાખે છે. ઉપર ગણાવેલાં બે ભાષાંતરો ઉપરાંત કેટલાંક ખંડકાવ્યો, ઊર્મિકાવ્યો, નાટકો, તેમ જ કેટલુંક કાઠિયાવાડી લોકસાહિત્ય–એ બધું હજી એમની પાસે અપ્રકટ દશામાં પડ્યું છે.

એમના ગ્રંથોઃ

(૧)	શિવાજી અને ઝયબુન્નિસા	(ઈ. ૧૯૦૭)
(૨)	કાઠિયાવાડની જૂની વાર્તાઓ – ભાગ ૧	(ઈ. ૧૯૨૨)
(૩)	,, ,, ,, – ભાગ ૨	(ઈ. ૧૯૨૯)

હરદાન પીંગળશી નરેલા

ભાવનગરના હાલના રાજ્યકવિ હરદાનભાઈનો જન્મ ભાવનગરમાં, ચારણ જ્ઞાતિમાં, સં. ૧૯૫૮ ના શ્રાવણ વદી ૧૩ ને રવિવારના રોજ થયો હતો. એમના પિતા પીંગળશીભાઈ જાણીતા ચારણી કવિ અને ભાવનગર રાજ્યના રાજ્યકવિ હતા. એમનાં માતાનું નામ મૂળીબા. ગોંડળ તાબે ચરખડી ગામે શ્રી જલુબા સાથે સં. ૧૯૭૬ માં એમનું લગ્ન થયું. એમના મોટા પુત્ર પણ મેટ્રિક સુધી પહોંચવા ઉપરાંત કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કરે છે.

ભાવનગરમાં જ પ્રાથમિક ગુજરાતી અને છ ધોરણ સુધી અંગ્રેજીનો એમણે અભ્યાસ કર્યો, અને પિતાની પાસે સંસ્કૃત, હિંદી તથા ચારણી ભાષાઓનું અધ્યયન કર્યું. એ ઉપરાંત સંસ્કૃત વાલ્મિકી રામાયણ, પાતંજલ યોગદર્શન, ગીતા, મુક્તિશાસ્ત્ર, મહાભારત, પાંડવયશેન્દુચન્દ્રિકા (હિંદી) અને હરિરસ (ચારણી) એ ગ્રંથોના વાચને એમનું ઘડતર પુષ્ટ કર્યું. કાવ્ય-

સાહિત્ય અને તત્ત્વજ્ઞાન એ એમના નિત્ય અભ્યાસના વિષયો છે. તત્ત્વજ્ઞાનમાં શ્રી. ગોદડિયા સ્વામીના, થીઓસોફીમાં શ્રી. હરજીવન કાલિદાસ મહેતાના સંસર્ગની પોતાના જીવન પર પ્રબળ અસર પડી હોવાનું તેઓ સ્વીકારે છે. એ ઉપરાંત જે રાજ્યના પોતે રાજ્યકવિ છે તેના મહારાજા ભાવસિંહજી તથા કૃષ્ણકુમારસિંહજી અને પ્રધાન સર પ્રભાશંકરની અસરનો પણ ઋણસ્વીકાર કરે છે.

ઈ. સ. ૧૯૨૨માં એમનો પહેલો ગ્રંથ 'શ્રેયસ્' બહાર પડ્યો. એમની કૃતિઓની સંપૂર્ણ યાદી નીચે પ્રમાણે છે:

શ્રેયસ્ (૧૯૨૨), વિજ્ઞેય કાન્ત વલ્લરી (૧૯૨૫), કૃષ્ણકુમાર કાવ્યગ્રંથ (૧૯૩૧), દેવીસ્તુતિ (૧૯૩૬), હરદાન કાવ્ય ભાગ ૧ (૧૯૩૯), કૃષ્ણ મહારાજ કાવ્યગ્રંથ (૧૯૪૦), શક્તિદોહા શતક (૧૯૪૧).

હરિલાલ મૂળશંકર મૂળાણી

ગુજરાતને સંખ્યાબંધ લોકપ્રિય દૃશ્ય નાટકો આપવા માટે પંકાએલા પિતાના આ પુત્ર પણ એ જ દિશામાં-દૃશ્ય નાટકો આપનાર તેમજ જાણીતાં સામયિકોમાં વિવિધ સાહિત્યપ્રકારના અને મુખ્યત્વે વિજ્ઞાનના લેખો આપનાર તરીકે જાણીતા છે. જાણીતા નાટ્યલેખક શ્રી. મૂળશંકર મૂળાણીને ત્યાં, કાઠિયાવાડમાં અમરેલી મુકામે, પ્રશ્નોરા જ્ઞાતિમાં, ઈ. સ. ૧૮૯૧ ના સપ્ટેમ્બરની ૨૭ મી તારીખે એમનો જન્મ થયો. એમનાં માતાનું નામ કૃષ્ણા પ્રજારામ ભટ્ટ.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મુંબઈમાં લઇને ઈ. સ. ૧૯૦૬ માં ત્યાંની ન્યૂ હાઇસ્કૂલમાંથી મેટ્રિક પાસ થઈ વિલ્સન કૉલેજમાં એમણે વિજ્ઞાનનો અભ્યાસ કર્યો, બી. એસ. સી. વર્ગમાં સ્કૉલરશિપ મેળવી અને મુંબઈ યુનિવર્સિટીના પ્રથમ એમ. એસ. સી. તરીકે ૧૯૧૬ ઉત્તીર્ણ થયા. આજે તેઓ કાનપુરના હારકોર્ટ બટલર ટેક્નોલૉજિકલ ઇન્સ્ટીટ્યૂટમાં ઑર્ગેનિક ટેક્નોલૉજીમાં લેક્ચરર છે.

એમનું લગ્ન ઈ. સ. ૧૯૦૭માં કાઠિયાવાડમાં સાવરકુંડલા મુકામે થયું છે. એમનાં પત્નીનું નામ સૌ. કુન્દનલક્ષ્મી. એમને બે પુત્ર અને બે પુત્રી એમ ચાર બાળકો છે.

સાહિત્ય અને રસાયણવિજ્ઞાન એ એમના અભ્યાસના પ્રિય વિષયો છે, અને તેની પ્રતીતિ આપણને તેમનાં વિવિધ સંખ્યાબંધ લખાણોમાંથી

મળે છે. એમનો પ્રથમ ગ્રંથ 'કલા કે લક્ષ્મી' ઇ. સ. ૧૯૧૩માં બહાર પડ્યો, ત્યારથી આજસુધી એમની લેખનપ્રવૃત્તિ ચાલુ રહી છે.

એમની કૃતિઓની વર્ષવાર યાદી નીચે મુજબ છેઃ

ચૈતન્યકુમાર (નાટક) પ્રથમ ભજવાયું ૧૯૦૭-૮ (કાઠિયાવાડી નાટક મંડળી)
ભદ્રાભામિની ,, (શામળભટ્ટની વાર્તા પરથી) ૧૯૦૯ ,,
કલા કે લક્ષ્મી (Woman & the Artistનો અનુવાદ) પ્રકાશન ૧૯૧૩
સાચો સંન્યાસ (નાટક) પ્રથમ ભજવાયું ૧૯૨૦ (રૉયલ નાટક મંડળી)
વીરનારી આશા ,, ,, ૧૯૨૫ (મુંબઈ સુબોધ ,,)

હરિશ્ચન્દ્ર ભગવતીશંકર ભટ્ટ

તેઓ મૂળ સુરત જિલ્લાના ઓરપાડ ગામના મોતાળા બ્રાહ્મણ. એમનો જન્મ ઇ. સ. ૧૯૦૬ ના ડિસેમ્બરની છઠ્ઠી તારીખે અમદાવાદમાં થયો, અને બાળપણથી આજ લગીનું સમસ્ત જીવન મુંબઇમાં વીત્યું છે. એમના પિતાનું નામ ભગવતીશંકર ભવાનીશંકર ભટ્ટ અને માતાનું નામ ધીરજબહેન.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મુંબઇમાં લઇ મૅટ્રિક થયા બાદ ઉચ્ચ અભ્યાસ માટે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જવાની તૈયારી પિતાના અવસાનને લીધે પડતી મૂકી નોકરી લેવી પડેલી, છતાં અભ્યાસના અનુરાગને લીધે એ નોકરી સાથે એક વર્ષ સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસ કરેલો. ઉપરાંત હાઇસ્કૂલના શિક્ષણ દરમ્યાન સાથે સાથે જૂની ઢબ પ્રમાણે સંસ્કૃત અને વેદાધ્યયન શીખવાનો પણ પ્રયત્ન કરેલો.

કુટુંબપોષણને માટે નોકરી અર્થે અભ્યાસ છોડી દીધેલો હોવા છતાં વાચનનો નાદ એમનો એટલો તીવ્ર છે કે કાવ્ય, રાજકારણ, સંસ્કૃતિ, ઇતિહાસ, કલાવિવેચન વગેરેનાં યુરોપી સાહિત્યનાં ઘણાંખરાં પુસ્તકોથી તેઓ પરિચિત છે અને તેની અદ્યતન માહિતી તેમની પાસેથી મળી શકે. તેમાં પણ સ્લાવ સાહિત્ય અને સંસ્કૃતિ (મુખ્યત્વે પોલાંડ વિષે) નો એમનો અભ્યાસ એટલો બહોળો છે કે પોલાંડ વિષે પોતે વાંચેલાં પુસ્તકોની યાદી મુંબઇમાંના પોલાંડના એલચીને મોકલીને વિશેષ પુસ્તકોનાં નામ મેળવવા માટે એમને મળવા ગયા ત્યારે એ એલચીએ કહેલું કે પોલાંડ વિષે મારા કરતાં પણ તમે વધારે પુસ્તકો વાંચ્યાં છે! આ ઉપરાંત તે કલાના અભ્યાસી ને રસિક ભોક્તા છે અને રૂપસુંદર ગ્રંથવિધાનમાં એમને દૃષ્ટિ છે, પણ એમનો પ્રિય વિષય સંસ્કૃત અને અંગ્રેજી કાવ્યો છે.

ઇ. સ. ૧૯૧૯ માં ઓરપાડમાં શ્રી. હરવિલાસબેન ગાંડાભાઇ ભટ્ટ જોડે એમનું લગ્ન થયું. એમને એક પુત્ર અને બે પુત્રીઓ છે.

એમનાં પુસ્તકોની સાલવાર યાદી :

"જોસેફ પિલ્સુદ્સ્કી" (પોલાંડનો તારણહાર) ૧૯૩૭

"સફરનું સખ્ય" (કાવ્યો) ૧૯૪૦

"કેસૂડો અને સોનેરુ तथा को जाग्रि ?" (કાવ્યો) ૧૯૪૧

હરિહર પ્રાણશંકર ભટ્ટ

શ્રી. હરિહર ભટ્ટનો જન્મ સં. ૧૯૫૧ ના વૈશાખ સુદી ૭ (તા. ૩૦-૪-૧૮૯૫) ના રોજ કાઠિયાવાડના જાળીલા ગામે થયો હતો. તેમના પિતાનું નામ પ્રાણશંકર વિઠ્ઠલજી ભટ્ટ અને માતાનું નામ પાર્વતી માધવજી ભટ્ટ. તેમનું મૂળ વતન અમદાવાદ છે અને જ્ઞાતે આદીચ્ય બ્રાહ્મણ છે. તેમનું લગ્ન ૧૯૧૬ માં કુંડલામાં શ્રીમતી કસ્તૂરબાઇ સાથે થએલું.

કુંડલામાં પ્રાથમિક કેળવણી લીધા બાદ ભાવનગરની આલ્ફ્રેડ હાઇ-સ્કૂલમાં તેમણે માધ્યમિક કેળવણી લીધી હતી. મુંબઇની એલ્ફીન્સ્ટન કૉલેજમાં અભ્યાસ કરીને તેમણે બી. એ. ની ડિગ્રી મેળવી હતી.

શિક્ષણકાર્ય એ એમનો મુખ્ય વ્યવસાય છે અને લેખન એ ગૌણ વ્યવસાય છે. ગણિત અને ખગોળવિદ્યા એમના અભ્યાસના પ્રિય વિષયો છે. કાવ્યમાં તે સારી પેઠે રસ ધરાવે છે અને સારી કવિતા પણ લખે છે. ગાંધીજીનું જીવન અને ભગવદ્ગીતાની તેમના જીવન ઉપર વિશિષ્ટ અસર છે.

તેમની પ્રથમ કૃતિ **'गणितकी परिभाषा'** ઇ. સ. ૧૯૨૧માં પ્રસિદ્ધ થએલી. ત્યારપછી બહાર પડેલાં તેમનાં મૌલિક પુસ્તકો નીચે મુજબ છે:- 'સાયન પંચાંગ'નું પ્રથમ પ્રકાશન ૧૯૨૪ માં થએલું, તે દર વર્ષે નિયમિત રીતે બહાર પડ્યા કરે છે. 'હૃદયરંગ' (૧૯૩૪), 'ખગોળ ગણિત' ભાગ ૧ (૧૯૩૫), ભાગ ૨ (૧૯૩૬) અને ભાગ ૩ (૧૯૩૭). એ ઉપરાંત શ્રી. કિશોરીલાલ સડાના કૃત ભૂગોળનાં પુસ્તકોના તેમણે કરેલા અનુવાદો : 'આપણું ઘર : પૃથ્વી' (૧૯૩૮), 'અર્વાચીન ભૂગોળ' ભાગ ૧ (૧૯૩૯), ભાગ ૨ (૧૯૪૦), ભાગ ૩ (૧૯૪૧), ભાગ ૪ (૧૯૪૨).

હાશિમ યુસુફ ભરૂચા ('ઝાર' રાંદેરી)

'ઝાર' રાંદેરીના તખલ્લુસથી લખાએલાં પુસ્તકો–અને તેમાં પણ 'શાયરી' નામના ઉર્દુલામી કાવ્યપ્રણાલિના પિંગળની સમજણ આપતાં એ પુસ્તકોના કર્તા તરીકે ગુજરાતી જાણનારાઓને પરિચિત આ લેખક મૂળ રાંદેરના સુન્ની વહોરા કોમના છે. સુરત જિલ્લાના રાંદેર ગામમાં ઈ. સ. ૧૮૮૭ ના નવેમ્બરની પહેલી તારીખે એમનો જન્મ થયો. એમનું નામ હાશિમ યુસુફ ભરૂચા અને એમના પિતાનું નામ યુસુફ હાશિમ ભરૂચા. એમનાં માતાનું નામ મૂમિનબીબી. રાંદેરમાં જ ઇ. સ ૧૯૦૪માં રસૂલબીબી સાથે એમનું લગ્ન થયું. તેમને એક પુત્ર અને પાંચ પુત્રીઓ છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ રાંદેરમાં લઇ તેઓએ દિલ્હી જઇ ત્યાંના મદ્રેસા અમીનિયઃ અરબિયઃમાં ઉચ્ચ શિક્ષણ લીધું. હાલ તેઓ પોતાના વતનમાં 'ધી રાંદેર યૂનાની ફાર્મસી' ચલાવે છે; પરંતુ બચપણથી જ સાહિત્ય પ્રતિ વલણ હતું, તેમાં ગુલિસ્તાં, દીવાને હાફિઝ, તુહફતુલ અહરાર, વગેરે પુસ્તકોના વાચને એમને ખૂબ પ્રેરણા આપી. એ ઉપરાંત એમના ગુરુ મૌલાના અશ્રફઅલી થાનવી, ઉસ્તાદ મુફ્તી કિફાયતુલ્લાહ, મર્હૂમ અનવરશાહ વગેરેની એમના જીવન ઉપર પ્રબળ અસર પડી છે. યૂનાની વૈદાના એમના ચાલુ વ્યવસાય ઉપરાંત આજ પંચાવન વર્ષની ઉંમરે પણ તેઓની સાહિત્યપ્રવૃત્તિ હજી ચાલુ જ છે. એ ઉપરાંત સંગીતનું જ્ઞાન એમણે બચુ ઉસ્તાદ કચ્છી પાસેથી અને સૂરનું જ્ઞાન ઇંદોરવાળા મહમુદ-ખાન પાસેથી મેળવ્યું છે, અને એ શાસ્ત્રમાં ૩૫ વર્ષનો અનુભવ ધરાવે છે. આમ કાવ્ય અને સંગીત એ બંને કળાઓના શાસ્ત્રીય જ્ઞાનનો એમનામાં સમન્વય થયો છે.

એમનો પ્રથમ ગ્રંથ કરદુસ્સબીલ (અનુવાદ) ઇ. સ. ૧૯૧૩ માં બહાર પડ્યો એની આજસુધીમાં છ આવૃત્તિ થઇ ચૂકી છે. એમના ગ્રંથોની યાદી નીચે મુજબ છે :

કરદુસ્સબીલ (અનુવાદ)	હિંદુસ્થાની ભાષા (અનુવાદ)	શમ્શીરે સદાકત (મૌલિક)
મુહમ્મદ ,,	ખુત્બે એ સદારત ,,	હિન્દુ રાજ્યના હુમલા ,,
ધર્મપ્રચાર ,,	હઝરત મૂસા (અલ) ,,	આત્મા અને પુનર્જન્મ ,,
મહાત્મા અને ઇસ્લામ ,,	તિહઝીબુન્નાસ ,,	શાયરી ભાગ ૧–૨ ,,

હીરાચંદ કસ્તુરચંદ ઝવેરી

શ્રી. હીરાચંદ કસ્તુરચંદ ઝવેરીનો જન્મ સુરતમાં તા. ૭-૭-૧૯૦૧ ને દિવસે થએલો. તેઓ ધર્મે જૈન અને વ્યવસાયે ઝવેરી છે, અને વ્યવસાયને કારણે મોટે ભાગે મુંબઈમાં રહે છે. પોતાના વતન સુરતમાં તેમણે પોતાના સાહિત્યવિષયના અનુરાગને લીધે ગુજરાતી સાહિત્યમંડળની સ્થાપનામાં અગ્રગણ્ય ભાગ લઈ ને ૬ વર્ષ સુધી તેનું મંત્રીપદ લીધું હતું. એ મંડળે પાછળથી 'નર્મદ સાહિત્યસભા' નામ ધારણ કર્યું છે. એ અરસામાં તેમણે પ્રો. બેઇનનાં પુસ્તકોનું ભાષાંતર કર્યું હતું, જેમાંનાં નીચેનાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છેઃ (૧) સંસારસ્વપ્ન, (૨) મૃગજળ, (૩) જગન્મોહિની અને નટરાજ, (૪) નાગકન્યા. તે ઉપરાંત તેમણે કેટલીક ટૂંકી વાર્તાઓ અને છૂટક કાવ્યો લખ્યાં છે. "જંબૂતિલક" નામના મહાકાવ્યનો અર્ધો ભાગ તેમણે લખ્યો છે જેનો એક સર્ગ 'દેશબંધુ'ના દીવાળીના અંકમાં પ્રસિદ્ધ થયો હતો. એ કાવ્યમાં જૈન તીર્થંકર મહાવીર સ્વામીના જીવનનું આલેખન છે.

તેમનો અભ્યાસ મેટ્રિક સુધીનો છે પરન્તુ તેમણે વાચન-મનનથી પોતાના જ્ઞાનમાં ખૂબ વધારો કર્યો છે જે તેમની કૃતિઓમાં દેખાઈ આવે છે. સાહિત્યપ્રવૃત્તિમાં તેમને શ્રી. બ. ક. ઠાકોરનું પ્રોત્સાહન ઠીક મળેલું છે. સંતતિમાં તેમને બે પુત્ર અને એક પુત્રી છે.